ચોથી શ્રેણી

પુસ્તક ૪૨

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે
થી
તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૨૯, ૧૯૩૮ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક ૪૨) | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી | |
|---|---|---|---|
| | વિષય | પાના નંબર | |
| | **તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે** | | |
| | તારાંકિત પ્રશ્નો | 1 | 11 |
| | અતારાંકિત પ્રશ્નો | 12 | 97 |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | 98 | 118 |
| | બિન-સરકારી સંકલ્પ | 119 | 133 |
| | **તા.૧૭મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે** | | |
| | તારાંકિત પ્રશ્નો | 134 | 144 |
| | અતારાંકિત પ્રશ્નો | 145 | 214 |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | 215 | 227 |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | 228 | 228 |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | 229 | 240 |
| | **તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૨૯, ૧૯૩૮ શાકે** | | |
| | તારાંકિત પ્રશ્નો | 241 | 251 |
| | અતારાંકિત પ્રશ્નો | 252 | 375 |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | 376 | 408 |

ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

ગુરૂવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પંચાયતને રેતી/કવોરીની આવકમાંથી ચુકવવાની બાકી રકમ

* ૨૯૮૧૧ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતોને રેતી તથા કવોરી ફી ની કેટલી રકમ વર્ષવાર ચુકવવાની બાકી છે, અને | (૧) |

| જિલ્લો | વર્ષ | ચુકવવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૨૦૧૫ | ૨૯૨.૨૯ |
| | ૨૦૧૬ | ૫૫૩.૬૮ |
| રાજકોટ | ૨૦૧૫ | શૂન્ય |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું સરકારનું આયોજન છે? | (૨) સુરેન્દ્રનગર જિલ્લાને રૂ. ૩૮૯.૯૭ લાખની રકમ તા. ૨૦–૨–૨૦૧૭ થી ફાળવેલ છે. બાકીની રકમ મેળવણા પત્રકોની ચકાસણી પૂર્ણ થયે ચુકવવાનું આયોજન છે. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની અંદર રેતી અને કવોરીની છેલ્લા બે વર્ષની ઘણી રકમ બાકી છે. રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનું શાસન આવ્યા પછી જે વર્ષોથી આ રકમ સ્વભંડોળના બાના હેઠળ જિલ્લા પંચાયત ગ્રામ્ય વિસ્તારમાં માળખાકીય સુવિધા હેઠળ વાપરતા હતા. છેલ્લા એક વર્ષથી જિલ્લા પંચાયતમાં આ સરકાર આવ્યા પછી અગાઉ જે રકમ આપતા હતા એ સરકાર દ્વારા વાપરવા માટે આપવામાં આવતી નથી. આરોગ્ય હોય, આરસીસીના રસ્તા હોય તો આવા કામો માટે જિલ્લા પંચાયતોને વાપરવા માટે આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર એ ભાજપની સરકાર હોય કે કોંગ્રેસની સરકાર હોય, કોઇપણ પાર્ટીનું શાસન હોય, નિયમાનુસાર મળવાપાત્ર રકમ હોય એ મળે જ છે અને આપવામાં આવી છે. મારી પાસે માહિતી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૫માં રૂ.૪૩૯.૭૮ લાખ છે. અગાઉની સાથે ફાળવેલ રકમ રૂ.૪૪૦.૦૦ લાખ છે. અને રાજકોટ જિલ્લામાં ૨૦૧૪–૧૫માં રૂ.૧૧૭.૧૬ લાખની રકમ ફાળવેલ છે. અગાઉની રૂ.૨૮૧.૦૦ લાખ. એટલે આ વખતે ફાળવણી કરેલ છે. સભ્યશ્રીને જણાવવાનું કે ભૂતકાળની બાકી હોય એ કેરી ફોરવર્ડ કરીને આપેલ છે. માનનીય વિજયભાઇના આવ્યા પછી ચૂકવી દીધા છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં હાલ રેતીની કેટલી લીઝ અસ્તિત્વ ધરાવે છે અને રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રેતી ખનીજનું કેટલા મેટ્રીક ટનનું ઉત્પાદન થયેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં રેતી ખનીજ તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત બાવન લીઝ અસ્તિત્વ ધરાવે છે. રાજકોટ જિલ્લામાં રેતી ખનીજનું ૨૦૧૫ દરમિયાન ૯.૩૩ લાખ મેટ્રીક ટનનું અને ૨૦૧૬માં ૧૫.૬૦ લાખ મેટ્રીક ટનનું ઉત્પાદન થયેલ છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી સુરેન્દ્રનગર જિલ્લામાં રેતી ખનીજની જે આવક થાય છે તે અન્વયે છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે? સુરેન્દ્રનગર જિલ્લામાં રેતી ખનીજની કેટલી લીઝ અસ્તિત્વ ધરાવે છે અને કેટલા મેટ્રીક ટન રેતીનો જથ્થો ઉપલબ્ધ થયેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫માં રૂ.૪૪૦.૬૭ લાખ અને ૨૦૧૫–૧૬માં રૂ.૧૧૦૦.૮૫ લાખ. સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૪૪૩ માઇનોર ખનીજ છે. ૨૦૧૫માં ઉત્પાદન ૧,૫૬,૦૪,૦૨૦ મેટ્રીક ટન છે અને ૨૦૧૬માં ઉત્પાદન ૧,૩૫,૧૭,૭૨૧ મેટ્રીક ટન અને આવક ૨૦૧૫માં રૂ.૨૫૯૨.૯૮ લાખ અને ૨૦૧૬માં રૂ.૩૪.૮૫ લાખની થઇ છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રેતી અને ખનીજમાંથી જે કંઇ આવક થાય છે એમાંથી ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ચૂકવવાપાત્ર કેટલી રકમ થાય છે?

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં સુરેન્દ્રનગરની સરખામણીમાં ઓછી લીઝ છે એના પ્રમાણમાં ૨૦૧૪–૧૫માં ફાળવવાપાત્ર જે રકમ હતી એમાં ૧૧૭.૧૬ અને ૨૦૧૫–૧૬માં ૧૨૩.૩ લાખ.

ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં મહેકમ

* ૩૦૬૮૮ શ્રી રણજીતભાઇ ગીલીટવાલા (સુરત–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ મહેકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૪૮ |
| વર્ગ–૨ | ૬૬ |
| વર્ગ–૩ | ૬૬૪ |
| વર્ગ–૪ | ૯૩ |
| કુલ | ૮૭૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો નિચે મુજબ છે.

| વર્ગ | ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૧૬ | ૩૨ |
| વર્ગ–૨ | ૨૪ | ૪૨ |
| વર્ગ–૩ | ૨૮૬ | ૩૭૮ |
| વર્ગ–૪ | ૪૬ | ૪૭ |
| કુલ | ૩૭૨ | ૪૯૯ |

(૩) ભરતીની પ્રક્રીયા એ સતત ચાલતી પ્રક્રીયા હોઇ, વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અને વર્ગ–૩ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે જ્યારે વર્ગ–૪ની ખાલી જગ્યાઓ સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર આઉટસોર્સથી ભરવામાં આવે છે.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખાલી જગ્યાઓ છે એ ભરવા માટેનું રાજય સરકારનું શું આયોજન છે અને એ આયોજન પછી આ વિભાગની આવકમાં કોઇ ફેરફાર થશે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૧માં સીધી ભરતીથી ભરવાપાત્ર જી.પી.એસ.સી. દ્વારા ૧૫–૧૨–૧૬થી જાહેરાત આપવામાં આવી છે. બાકીની સીધી ભરતીથી ભરવાપાત્ર માગણાપત્ર રજૂ કરેલ છે. બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે. જી.એ.એસ. કેડરથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. આ વર્ગ–૧ની માહિતી હતી. વર્ગ–૨માં પણ એ જ રીતે જી.પી.એસ.સી. દ્વારા જાહેરાત દ્વારા ૧૫–૨–૧૬થી એની કાર્યવાહી ચાલુ છે. ૮ જગ્યાની ભરતી પ્રક્રિયા ચાલુ છે. ભરતીના અદ્યતન નિયમ મુજબ આખી પ્રક્રિયા ચાલુ છે અને વધારે અધિકારી/કર્મચારીઓ હોય તો એની કામગીરી ઉપર ચોકકસ અસર પડે જ છે અને આવકમાં પણ વધારો થાય એ વાત પણ એટલી સ્પષ્ટ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ એ અત્યંત મહત્વનો વિભાગ છે અને આમાં જગ્યાઓ જે રીતની ખાલી છે, માનનીય મંત્રીશ્રી કહે છે કે સતત પ્રક્રિયા છે પરંતુ સતત પ્રક્રિયા હોવા છતાં આપ જુઓ તો કલાસ–૧ માં આપની ૧૬ ભરેલી સામે ૩૨ ખાલી છે. કલાસ–૨ માં ૨૪ ભરેલી સામે ૪૨ ખાલી. સ્વાભાવિક રીતે એડવર્સ ઇફેકટ આખા એડમીનીસ્ટ્રેશન ઉપર થાય. મારે બે વસ્તુ જાણવી છે એક તો આ જગ્યાઓ આટલી મોટી સંખ્યામાં એટલે કે ૫૦ ટકા કરતા વધુ ખાલી થઇ જવાના કારણો શું? અને આપ હવે કયાં સુધીમાં આ જગ્યાઓ ભરશો? બીજું એ કહેવાનું કે વર્ગ–૪માં ૪૬ ભરેલી સામે ૪૭ ખાલી છે. વર્ગ–૪ની ભરતી કરવા માટે ખુબ બેરોજગાર યુવાનો છે જ. આઉટ સોર્સીંગ, કોન્ટ્રાકટ પદ્ધતિમાંથી સરકાર નીકળી જઇને વર્ગ–૩ અને વર્ગ–૪ એમાં વર્ગ–૩ની ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી કરે છે તો વર્ગ–૪ ભરવામાં શું તકલીફ છે? તો આ જગ્યાઓ કયાં સુધીમાં ભરાશે એ જાણવા માગુ છું?

## ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે
## તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આઉટ સોર્સીંગનો અનુભવ પ્રમાણમાં સારો છે એટલે એ અત્યારે હાલ કાઢી નાખવાનું સરકારની વિચારણામાં નથી. બાકીની જગ્યા માટે મેં માનનીય સભ્યશ્રી ગિલીટવાલાને પણ કહ્યું કે જી.પી.એસ.સી. દ્વારા અત્યારે પ્રક્રિયા ચાલુ છે, જી.એ.એસ. દ્વારા પણ ચાલુ છે, બઢતીથી પણ ચાલુ છે અને છેલ્લે ૨૦૧૨–૧૩થી ખાલી છે અને બાકીની પ્રક્રિયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે કે અમે ૬૭ હજારથી વધારે જગ્યાઓ ભરવાના છીએ એટલે આ પ્રક્રિયા એનો ભાગ છે એટલે આવતા દિવસોમાં નજીકમાં નજીક શકય એટલા વહેલા અમે આ જગ્યાઓ ભરવાના છીએ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વર્ગ–૧ થી વર્ગ ૩ની સંવર્ગની બઢતી બાબતે શું આયોજન કરેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૧ સંવર્ગમાં સીનીયર ભુસ્તર શાસ્ત્રી અને ભુસ્તર શાસ્ત્રીની જે જગ્યાઓ ખાલી છે એમાં વર્ગ–૩ સંવર્ગમાં રોયલ્ટીની જે જગ્યાઓ છે એમાં અને સીનીયર ડ્રીલરની જે જગ્યાઓ ખાલી છે એમાં મેં અગાઉ કહ્યા પ્રમાણેની આખી પ્રક્રિયા ચાલુ છે. અમે વહેલામાં વહેલી તકે એ બધી જગ્યાઓ પૂરી કરીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૪૯૯ એટલે ૬૦ ટકા થાય. આપે જે જવાબ આપ્યો એમાં મારે માત્ર ટૂંકમાં જાણવું છે કે ૪૯૯માંથી કયા વર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે એ ભરવા માગો છો? આપે સમગ્રતયા કહ્યું છે. કેટલા વર્ગના કેટલા ટકા અને કેટલા વર્ગની કેટલી જગ્યાઓ બાકી રહેશે અને તે ક્યાં સુધીમાં ભરાશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મારા અગાઉના બધા જવાબમાં મેં કહ્યું છે કે એ બધી જ પ્રક્રિયા ચાલુ છે અને જેટલું શક્ય હશે એટલી વહેલા આ પૂર્ણ કરીશું.

અધ્યક્ષશ્રી : બધુ સમુ સૂતરુ ચાલે તો મને લાગે છે કે છ મહિનામાં ભરાય એવું લાગે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એના કરતા પણ વધારે વહેલા અપેક્ષા છે.

### રાજ્યના મંત્રીમંડળના પ્રવાસ કાર્યક્રમનાં ટી.એ.ની રકમ

* ૩૨૨૭૭ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના મંત્રીમંડળના સભ્યશ્રીઓના પ્રવાસ પાછળ ટી.એ. બીલની કેટલી રકમ ચૂકવી? | તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના મંત્રીમંડળના સભ્યશ્રીઓના પ્રવાસ પાછળ ટી.એ. બીલ પેટે કુલ રૂ. ૮૧,૨૦,૧૦૬ રકમ ચૂકવવામાં આવી. |

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના મંત્રીમંડળના સભ્યશ્રીઓના પ્રવાસ પાછળ ટી.એ. બિલની કેટલી રકમ ચૂકવી એનો જવાબ આપ્યો છે. ૨૦૧૫–૧૬માં ટી.એ. ગ્રાન્ટ માટે કેટલી જોગવાઇ કરવામાં આવી અને આ રકમ કયા કયા પ્રવાસ માટે વપરાઇ? મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીમંડળના વિગતવાર ટી.એ. બિલનું પત્રક ટેબલ ઉપર મૂકવા માગો છો કે કેમ? આ પૈસા પ્રજા માટે વાપર્યા કે અંગત કારણો માટે વાપર્યા છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી એવું કહે છે કે ટી.એ. બિલ પાછળ કેટલો ખર્ચ કર્યો. તમારે જવાબમાં એવું લખવું જોઇએ કે મંત્રીશ્રીઓ વિરોધ પક્ષના નેતા સહિત જે ગાડીનું પેટ્રોલ ભરાવે છે એનો ખર્ચ જે તે મંત્રીશ્રી કરે છે એવું કોલમમાં હોવું જોઇએ. બહાર જવાબ એવો જશે કે આટલું ટી.એ. બિલ ચૂકવાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એનો જવાબ તો છે. આમાં કંઇ વાપરવાના હોતા નથી. પ્રવાસ દરમિયાન મંત્રીશ્રીઓને ટી.એ. અને દૈનિક ભથ્થુ મળતુ હોય છે. એમાં છ કલાક સુધી બહાર ગયા હોય તો કેટલા, છ થી ૧૨ કલાક, ૧૨ કલાકથી વધારે સમય માટે એમ નિયમાનુસાર સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી થયેલા નિયમો પ્રમાણે મળતું હોય છે. એમાં કોઇ મંત્રીશ્રી વાપરવા જતા નથી. એમને મળવાપાત્ર સરકારના નિયમો આધારિત સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી થયેલ રકમ છે એ મળે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. એક તો ટી.એ. બિલ ચૂકવીએ છીએ ત્યારે હવાઇ મુસાફરી પણ ટી.એ. બિલનો પાર્ટ છે. ભૂતકાળની સરકારે નિર્ણય કરેલ કે માનનીય મુખ્યમંત્રીશ્રી સહિત કોઇપણ હવાઇ મુસાફરી કરે તો એમને બિઝનેસ કલાસ નહીં પણ ઇકોનોમિક કલાસનું જ ભાડું મળે. મારે એ જાણવું છે કે અત્યારની આપની પરિસ્થિતિ શું છે? આપણે બિઝનેસ કલાસનું આપીએ છીએ કે ઇકોનોમિક કલાસનું?

અધ્યક્ષશ્રી : ઇકોનોમિક કલાસ મળે છે. એની માથાકૂટ ચાલે છે પણ કોઇ માનતું નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : બીજી બાબત, કારણ કે નિર્ણય મેં જ કરેલ કે ઇકોનોમિક કલાસમાં પ્રવાસ કરવો. હું એ જાણવા માગું છું કે ભૂતકાળમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રવાસના ખર્ચાઓ વિધાનસભામાં આપતા જ હતા અને આપના પક્ષે તો જે તે વખતે સતત એ આગ્રહ રાખ્યો હતો કે મુખ્યમંત્રીશ્રી દિલ્હી કે બીજે જવા ખાનગી વિમાન, સ્પેશિયલ વિમાનમાં નહીં પણ ફલાઇટમાં જવા જોઇએ. જો આપી શકો તેમ હોય તો છેલ્લા એક વર્ષ દરમિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીનો હવાઇ ખર્ચ કેટલો છે એ આપો તો સારું.

અધ્યક્ષશ્રી : એ નવી પરંપરા શરૂ નહીં કરો. એની મર્યાદા જળવાય તો સારું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને બિઝનેસ કલાસ છે, બાકી બધા મંત્રીશ્રીઓને ઇકોનોમિક કલાસ જ છે. આપના વખત પછી સુધારેલ હતું. માનનીય નરેન્દ્રભાઇ આવ્યા પછી બિઝનેસ કલાસ અને ઇકોનોમિક કલાસ ફરી કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી એક જ બિઝનેસ કલાસમાં હોય છે. બાકીના સવાલો આ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતા નથી.

નાનાપોંઢા અને ડુંગરા પોલીસ સ્ટેશનનું નવુ મકાન

* ૩૨૪૩૪ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં નવા શરૂ થયેલ, નાનાપોંઢા અને ડુંગરા પોલીસ સ્ટેશનના નવા મકાન કેટલા સમયમાં બનાવવામાં આવશે? | વલસાડ જિલ્લામાં નવા શરૂ થયેલ, નાનાપોંઢા આઉટપોસ્ટને અપગ્રેડ કરી પોલીસ સ્ટેશન તરીકે કાર્યરત કરવામાં આવેલ છે. જે હાલ આઉટપોસ્ટના મકાનમાં કાર્યરત છે. વર્ષ ૨૦૧૭–૧૮ની પ્રાયોરીટીમાં સમાવેશ કરી સને ૨૦૧૭–૧૮માં ઉપલબ્ધ થનાર ફંડને ધ્યાને રાખી બાંધકામ હાથ ધરવામાં આવશે.<br>ડુંગરા પોલીસ સ્ટેશનનો ૨૦૧૫–૧૬ની પ્રાયોરીટીમાં સમાવેશ કરવામાં આવેલ પરંતુ, જમીન ઓછી હોવાથી વધારે જમીન મેળવવામાં આવેલ છે. સને ૨૦૧૭–૧૮માં ઉપલબ્ધ થનાર ફંડને ધ્યાને રાખી બાંધકામ હાથ ધરવામાં આવશે. |

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે નાના પોંઢા પોલીસ સ્ટેશન તા. ૨૨–૫–૨૦૧૫ના રોજ એનું ઓપનિંગ કરવામાં આવ્યું ત્યાર બાદ હાલ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન હતું એમાં અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. પરંતુ એ ૭૩–એએ–ની જગ્યા છે અને દાનમાં લીધેલી જગ્યા છે એની પ્રોસેસ કરવાની પણ બાકી છે અને નવીન જમીન માટે સરકારે ક્યારે દરખાસ્ત કરી? કારણ કે જમીન ત્યાં ઉપલબ્ધ છે પણ આજ દિન સુધી ત્યાં પ્રોસેસ થઇ નથી. બીજી એક એવી સમસ્યા છે કે ડુંગરા પોલીસ સ્ટેશન ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારની અંદર આવેલું છે. ત્યાં ગાડીઓ ડિટેઇન કરે, એક્સિડન્ટ કે કાંઇ પણ થાય ત્યારે લાવે તો પોલીસ સ્ટેશનમાં મૂકવા માટે જગ્યા નથી એના કારણે ટ્રાફિકની સમસ્યા પણ ઉભી થાય અને ગાડી મૂકવાની પણ સમસ્યા થાય તેમ છે. તો બંન્ને પોલીસ સ્ટેશન માટે જગ્યાની માગણી ક્યારે કરી અને કેટલા સમયમાં આ નવું મકાન અમને મળશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ વલસાડ જિલ્લામાં નવું શરૂ કરાયેલું નાના પોંઢા પોલીસ સ્ટેશન હાલ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન છે તે જગ્યાએ ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, હાલ નક્કી એવું કર્યું છે કે આઉટ પોસ્ટ છે તે જગ્યાએ એ આઉટ પોસ્ટ તોડીને ત્યાં પોલીસ સ્ટેશન બનાવવા માટેની કાર્યવાહી પોલીસ આવાસ નિગમ દ્વારા કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને રાજ્ય સરકારે ચાલુ વર્ષે બિનરહેણાંકના મકાનો માટે કુલ ૫૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવેલ છે અને ૫૦ કરોડની ગ્રાન્ટમાંથી આ નવા પોલીસ સ્ટેશનના મકાન માટે ૭૦ લાખ રૂપિયા માટે અગ્રતાક્રમ આપવા માટે નક્કી કર્યુ છે. એમનો બીજો વિષય ડુંગરા પોલીસ સ્ટેશનનો છે. ડુંગરા પોલીસ સ્ટેશન ૨૦૧૬માં અગ્રતા યાદીમાં હતું. પરંતુ જે તે જિલ્લાના એસ.પી.ને એવું લાગ્યું કે આ ડુંગરા પોલીસ સ્ટેશન પોપ્યુલેશનવાળી અને બાકીની ગ્રોથની દ્રષ્ટિએ આ વધતો વિસ્તાર છે એટલા માટે ત્યાં સેમી અર્બન ટાઇપનું અર્બન પોલીસ સ્ટેશન થાય એ વધારે સારુ છે. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાના એસ.પી.ની જે રજૂઆત હતી એ રજૂઆત સાથે અમારા પોલીસ વિભાગના લોકો સંમત થયા અને એના માટે નવા ડુંગરા પોલીસ સ્ટેશન માટે ૧૧૦ લાખના ખર્ચે ડુંગરા નવું પોલીસ સ્ટેશન પણ આ વખતની અગ્રતા યાદીની અંદર લીધેલું છે અને એની ઝડપથી કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે વલસાડ તાલુકામાં પોલીસ સ્ટેશનોની સંખ્યા તથા તેની સામે ઉપલબ્ધ પોલીસ સ્ટેશનો કેટલા છે અને કેટલા પોલીસ સ્ટેશન ભાડાના મકાનમાં છે અને કેટલા મકાન ખૂટે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં પોલીસ ડિપાર્ટમેન્ટના રહેણાંકના અને બિનરહેણાંક. બિનરહેણાંક એટલે ખાસ કરીને પોલીસ સ્ટેશન હોય, આઉટ પોસ્ટના હોય, બેરેક હોય, એમની જુદી જુદી કચેરીઓ હોય આ રાજ્ય સરકારે મોટો પ્રોજેક્ટ લીધો છે અને એના માધ્યમથી ક્રમાનુસાર અને જ્યાં અગ્રતાક્રમના આધાર ઉપર આ બાંધકામો આપણે કરતા રહીએ છીએ. એમાં મારી પાસે સમગ્ર માહિતી છે કે વલસાડની અંદર કુલ ૧૪ પોલીસ સ્ટેશન છે અને એમાં ૧૩ પોલીસ સ્ટેશન માટે એટલે વલસાડમાં વલસાડ શહેર, રૂરલ, જિલ્લા પોલીસ સ્ટેશન અને ડુંગરી પોલીસ સ્ટેશન અને એ પ્રમાણે પારડી અને ડુંગરા પોલીસ સ્ટેશન અને એમાં ડુંગરા પોલીસ સ્ટેશન છે એ અત્યારે ભાડાના મકાનમાં બેસે છે.

## તારાંકિત પ્રશ્નો

ધરમપુર પોલીસ સ્ટેશન પોતાના મકાનમાં છે અને આ રીતે વાપીનું નાના પોંઢા પોલીસ સ્ટેશન છે એ જે મેં કહ્યું એમ આ આઉટ પોસ્ટના મકાનમાં બેસે છે અને એના સિવાયના કુલ ૧૪માંથી બાકીના બધાને પોતાના મકાનો ઉપલબ્ધ છે અને એક ભાડાના મકાનમાં છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું અને એક વાત કરવા માગુ છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ પોલીસ સ્ટેશન હોય કે ન્યાયની અદાલત હોય આદરણીય વિજયભાઇ અને પ્રદિપસિંહના નેતૃત્વમાં માળખાકીય સુવિધાઓ છે એમાં ખૂબ મોટો સુધારો થયો છે અને એ આપણા માટે આનંદની વાત છે અને સારા વાતાવરણમાં કામ કરી શકાય એના માટે આ જરૂરી પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે, જે માગણી હતી નાનાપોંઢા અને ડુંગરા ખાતેના પોલીસ સ્ટેશનના મકાનના કામને મંજૂરી તો આપી પરંતુ સરકાર ડુંગરા પોલીસ સ્ટેશન જે પી.એસ.આઇ. કક્ષાનું પોલીસ સ્ટેશન છે એમાંથી પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવા માગો છો કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા અને ખાસ કરીને ગૃહ વિભાગ દ્વારા પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે સંકલન કરીને રાજ્યમાં જ્યાં જ્યાં આ પ્રમાણેના પી.એસ.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનો છે એ પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવાની પી.આઇ. કક્ષાની ઘણી માગણીઓ આવે છે.

માનનીય ધારાસભ્યશ્રીએ જે કહ્યું છે તેમ આ ડુંગરા પોલીસ સ્ટેશનનો વિસ્તાર છે એ લો એન્ડ ઓર્ડરની દ્રષ્ટિએ અત્યંત સેન્સિટીવ છે. એટલા માટે કે, આ ગારમેન્ટનો આખો મોટો ઝોન અહીંયા આવેલો છે. ઉપરાંત અહીંયા આગળ મોટો ઇન્ડસ્ટ્રીયલ એરિયા આવેલો છે. અને એની આજુબાજુના જે ચીરી, ગાલા મસાલા, ડુંગરા, ભોપાલી નગર, ડુંગરી ફળિયા, ફરિયા પાર્ક અને આ બધા વિસ્તારોની અંદર જ્યારે નાની મોટી તકરારો થાય ત્યારે આ પોલીસ સ્ટેશન એ પી.આઇ.કક્ષાનું હોય તે જરૂરી છે.

બીજું, રાજ્ય સરકારની દારૂ અંગેની પ્રતિબદ્ધતા છે અને આપણે સૌ જાણીએ છીએ કે આ સન્માનનીય સભાગૃહની અંદર ભૂતકાળમાં ન હોય તેટલો કઠોરમાં કઠોર કાયદો બનાવ્યો છે. આ સેલવાસ એ આ ડુંગરા પોલીસ સ્ટેશનની બોર્ડર સાથે જોડાયેલું પોલીસ સ્ટેશન છે અને રાજ્ય સરકારની આ કટિબદ્ધતાને સાકાર કરવા માટે, મેં એમાં જોવડાવ્યું કે, ૨૦૧૪–૧૫ અને ૧૬માં પ્રોહિબીશનને લગતા ૯૩૮ જેટલા કેસો થયા હતા. એટલે આ બોર્ડર ઉપરથી દારૂ ગુજરાતની અંદર પ્રવેશે નહીં એટલા માટે પણ માનનીય ધારાસભ્યશ્રીની જે લાગણી છે, એ લાગણીના આધાર ઉપર આગામી દિવસોમાં આ ડુંગરા પોલીસ સ્ટેશનને પી.એસ.આઇ. કક્ષામાંથી પી.આઇ. કક્ષાનું કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

### રાજકોટ શહેર/જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૯૮૦૯ શ્રી ઇન્દ્રનીલભાઇ રાજ્યગુરૂ (રાજકોટ–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ શહેર અને જિલ્લામાં ચોરી, લુંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ખૂન, આપઘાત, ચેઇન સ્નેચીંગ અને વાહન ચોરીના કેટલા ગુનાઓ નોંધાયા? | |

| | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા. ૩૧/૧૨/૨૦૧૫ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ચોરી | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઇન સ્નેચીંગ | વાહન ચોરી |
| રાજકોટ શહેર | ૧૧૮ | ૩૨ | ૦૪ | ૯૯ | ૩૦ | ૩૬ | ૪૧૪ | ૪૯ | ૬૨૯ |
| રાજકોટ જિલ્લો | ૬૫ | ૧૬ | ૦૩ | ૬૮ | ૨૧ | ૨૯ | ૩૫૯ | ૦૫ | ૧૦૩ |

| | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ચોરી | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખૂન | આપઘાત | ચેઇન સ્નેચીંગ | વાહન ચોરી |
| રાજકોટ શહેર | ૧૫૮ | ૪૯ | ૦૭ | ૧૨૨ | ૪૩ | ૫૪ | ૪૭૯ | ૪૮ | ૭૨૧ |
| રાજકોટ જિલ્લો | ૬૯ | ૩૩ | ૧૧ | ૮૧ | ૨૮ | ૨૮ | ૩૪૩ | ૦૪ | ૧૧૭ |

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજકોટ માટે, અધ્યક્ષશ્રી પ્રશ્ન કાળમાં આ ટર્મમાં પહેલી વાર ઉભો થયો છું અને ખૂબ અગત્યનો પ્રશ્ન છે. રાજકોટમાં મેં માગેલા આંકડામાં (અંતરાય) સાહેબ પ્રશ્ન એટલો

અગત્યનો છે કે, એની ચર્ચા ન થાય એવું ભા.જ.પ. ઇચ્છી રહ્યો છે, *(xxx) આ પ્રશ્ન રાજકોટનો છે, અગત્યનો છે, મુખ્યમંત્રીના ગામનો છે, એની ચર્ચા થવા દો તો નિકાલ થશે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ પ્લીઝ, પ્લીઝ. વચ્ચે વચ્ચે નહીં બોલો, પ્લીઝ. મારી સામે જોઇને તમે પ્રશ્ન કરો, રાજ્યગુરુજી મારી સામે જોઇને તમે પ્રશ્ન કરો, એમની સામે ન જુઓ અને મહેરબાની કરીને પ્લીઝ. જરૂર પડશે તો બહાર કાઢવાનો વારો આવશે, મહેરબાની રાખો. પ્લીઝ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : અધ્યક્ષશ્રી, ૨૦૧૫ અને ૧૬ના આંકડા મેં માગ્યા છે. ચોરી ૧૧૮ માંથી ૧૫૮ થઇ, લૂંટ ૩૨ માંથી ૨૦૧૬માં ૪૯ થઇ, ધાડ ૪ માંથી ૭ થઇ, અપહરણ ૯૯ માંથી ૧૨૨ થયા, બળાત્કાર ૩૦ માંથી ૪૩ થયા, ખૂન ૩૬ માંથી ૫૪ થયા, આપઘાત ૪૧૪ માંથી ૪૭૯ થયા આ રેશિયો ૨૦૧૫ અને ૧૬માં. સાહેબ એક પણ વાતમાં, એક પણ ગુનામાં ઓછા નથી થયા. ખૂનમાં આટલો બધો વધારો સાહેબ રાજકોટમાં થાય. જે અમારું રાજકોટ શાંત ગણાતું એના બદલે અશાંત રાજકોટ થવા થઇ રહ્યું છે. સાહેબ, અમારી ત્યાં પ્રેકટિકલી મુશ્કેલી જે મને જાણવા મળે છે ગ્રાઉન્ડ લેવલે, કમિશ્નર પણ ત્યાં સારા મૂકો તો નીચેનો સ્ટાફ એને સહયોગ આપી અને કામ ન કરે એવી રીતના પોલિટીકલ એપોઇન્ટમેન્ટસ્ ત્યાં થાય છે અને મુખ્યમંત્રીનું ગામ છે અને ત્યાં જો આ વધતું હોય તો બાકી તમે માળખાકીય સુવિધાઓ વધી, પેલું વધ્યું અને પ્રદિપસિંહ બહુ ઊંચા અવાજે કહે તો પણ સ્થિતિ (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો પ્લીઝ, ભાષણ નહીં (અંતરાય)

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : મારો પ્રશ્ન એ છે કે આવી ગુનાખોરી વધે છે એની પાછળના કારણો જાણવા માટેનો સરકારે કોઇ પ્રયત્ન કર્યો છે કે નહીં? અને કર્યો છે તો એમાં શું કારણો આવ્યા છે? અને આમાં શું કરી શકાય એનો વિચાર કરેલો છે કે ભવિષ્યમાં ત્યાં ગુના ઘટે એવો કોઇ એમણે વિચાર કરેલો છે કે નહીં? આજે નીતિનભાઇ તો નથી. વારેઘડીયે કહેતા હોય છે કે ઇન્દ્રનીલભાઇ તો પૂછીને જતા રહે છે પણ આમાં અમારા વડિલો, હું આવ્યો તે દિવસથી જોઉં છું કે સી.એમ. આવીને જતા રહે છે, સી.એમ. આવીને જતા રહે છે એટલે હું પણ શીખી ગયો છું સાહેબ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાવ, પાંચ મિનિટ થશે એટલે બંધ કરી દઇશ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : મારો પ્રશ્ન એ છે કે સરકારે એમાં શું પ્રયોજન કર્યું છે? શેના કારણે વધે છે? શું કારણોથી બંધ થઇ શકે એનો શું વિચાર કરેલો છે એ સરકાર પાસેથી જાણવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ શહેરમાં આપણે જાણીએ છીએ તેમ દરેક જગ્યાએ વસતિમાં સતત વધારો થયો છે, એની સાથેસાથે એનું ઇન્ડસ્ટ્રીયલ પણ ઘણું ડેવલપમેન્ટ થયેલું છે (અંતરાય) ભાઇ, તમારે જયારથી મનમાં એમ થયું છે કે હું મુખ્યમંત્રી સામેનો ઉમેદવાર છું ત્યારથી તમે આ સભાગૃહની અંદર ગમે તે ભાષામાં વાત કરો છો (અંતરાય) એમને પ્રશ્નો પૂછવા હોય તો પૂછે હું બધા જવાબ આપવા તૈયાર છું. હું તમામ પ્રશ્નોના જવાબ આપવા માટે તૈયાર છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો, બેસો. પ્લીઝ. બધા જ માનનીય ધારાસભ્યશ્રીને પોતાનો પ્રશ્ન પૂછવાનો પુરતો હકક છે. પરંતુ આપણો પ્રશ્ન એ છે કે મુદ્દાસર પૂછીએ અને માનનીય મંત્રીશ્રીઓ પણ મુદ્દાસર જવાબ આપે એવી અપેક્ષા છે. પ્લીઝ, માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, મુદ્દાસર જવાબ આપવા માટે જ મેં મારી વાત શરૂ કરી. મેં કહ્યું કે ત્યાં વસતિ વધારો થયેલો છે, આટલા બધા ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ થયા છે પરંતુ દરેક વાતની અંદર સીધેસીધા મુખ્યમંત્રીશ્રીને સાંકળીને કરે તો એ અમે સાંભળવા માટે તૈયાર નથી. પોતે દારૂની પરમીટ ચલાવે છે અને મુખ્યમંત્રી જોડે વાતો કરવા માટે આવે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો, પ્લીઝ, પ્લીઝ, બાકીના મિત્રો બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : દારૂ પીવાવાળા બીજાને શું શિખામણ આપે? રાજકોટની પોલીસે ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે અને આ પ્રમાણેનું કરીને રાજકોટની પોલીસનું મોરલ તોડવા માટે પ્રયત્ન કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાર મિનિટ તમે પ્રશ્ન પૂછો તો ચાર મિનિટ તમારે સાંભળવાની તૈયારી રાખવી પડે (અંતરાય) હું એને સ્વીકારું એટલા માટે તો એલાઉ કરું છું ભાઇ, (અંતરાય) બેસો પ્લીઝ, શકિતસિંહજી, પ્લીઝ, પ્લીઝ (અંતરાય) બેસો, બેસો, (અંતરાય),

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : *(xxx) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રાજયગુરુજી પ્લીઝ, (અંતરાય) પ્લીઝ, માનનીય ઇન્દ્રનીલભાઇ, આપે જે શબ્દપ્રયોગ કર્યો છે એના માટે આપે માફી માગવી જોઇએ અથવા તો તમારે શબ્દો પાછા ખેંચવા જોઇએ. (અંતરાય) શું બોલ્યા એ તમને ખબર છે? એ શું બોલ્યા એ તમને ખબર છે? શકિતસિંહ, પ્લીઝ, બેસો. એ શું બોલ્યા એ તમને ખબર નથી. શબ્દો પાછા ખેંચવા જોઇએ. આવી રીતે ગૃહ ન ચાલે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિરુદ્ધ ગમે તેવા આક્ષેપો કયારેય સંભવ નથી. કાં તો હા પાડો, કાં તો ના પાડો એટલે મને નિર્ણય લેવાની ખબર પડે. (અંતરાય) શકિતસિંહજી, પ્લીઝ, કાં તો તમે શબ્દો પાછા ખેંચો કાં તો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દિલગીરી વ્યકત કરો, ઊભા થઇને બોલ્યા છે. મેં શબ્દો સાંભળ્યા છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : હું તમને કહું સાહેબ. હું હકીકત બોલ્યો છું. હું ઓફ ધ રેકોર્ડ કંઇ નથી બોલ્યો. હું જે બન્યું છે તે બોલ્યો છું. એની પણ માફી માગવી જરૂરી છે સાહેબ?

અધ્યક્ષશ્રી : ના, જરાય નહિ ચાલે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : આ બનેલી ઘટના છે.

અધ્યક્ષશ્રી : વધારે નહિ. છેલ્લો તમે કરેલો શબ્દપ્રયોગ (અંતરાય) તમે કહોને? મને તો ખબર છે. હું તમને ધ્યાનથી સાંભળું છું. આ મને તો ખબર છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : મેં એવું કહ્યું કે મુખ્યમંત્રી ના જે તે સમયે કાર્યાલયમાંથી..

અધ્યક્ષશ્રી : કેમ હવે ત ત મ મ.. થાય છે. બોલતા ધ્યાન નથી અપાતું?

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : હું બોલુંને.

અધ્યક્ષશ્રી : નહિ, એવી રીતે ગૃહ નહિ ચાલે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : •(×××) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એવી રીતે ગૃહ નહિ ચાલે. બેસો. પ્લીઝ શક્તિસિંહજી પ્લીઝ, પ્લીઝ બેસો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : *(×××) આમાં જો હું ખોટો હોઉં તો તે દિવસે હું માફી માગી લઇશ.

અધ્યક્ષશ્રી : વિષય માત્ર તમે બોલેલા શબ્દ પ્રયોગનો છે. એટલા માટે હું તમારા શબ્દોને કાર્યવાહીમાંથી દૂર કરું છું.

## ઝાલોદ ખાતે સિવિલ કોર્ટનું બાંધકામ

* ૩૦૭૩૧ શ્રી વિછીયાભાઇ ભુરીયા (લીમખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે નવી સિવિલ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૩,૨૨,૭૦,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) જમીન ઉપલબ્ધ થયેથી કામગીરી કરવાની આનુષંગિક પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ તાલુકાની (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, પ્લીઝ. પ્લીઝ. શાંતિ રાખો. પ્લીઝ.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ તાલુકાની કોર્ટના બાંધકામની મંજૂરી આપી તે બદલ આ રાજ્યના મુખ્યમંત્રી તથા કાયદા મંત્રીને અભિનંદન પાઠવું છું. અમારા દાહોદ જિલ્લા જેવા આદિવાસી વિસ્તારમાં જિલ્લામાં વધારાના ન્યાયાધીશોની કોર્ટ મંજૂર કરેલ છે કે કેમ? અને હાલ જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલી કોર્ટ છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અન્વયે સૌને ન્યાય માટે કાર્યરત છે. મને આનંદ એ વાતનો થાય છે કે દાહોદ જેવા દૂરના આદિવાસી જિલ્લાના તાલુકાઓની અંદર પણ ત્યાં કોર્ટની સ્થાપના કરવા માટે અને માત્ર સ્થાપના નહિ, પણ સ્થાપના કરીને એના બાંધકામ માટે પણ રાજ્ય સરકારે નિર્ણયો કર્યા છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે દાહોદ ખાતે એપેલેટની ૬, સિનિયર ડિવિઝનની ૪ અને જૂનિયર ડિવિઝનની ૩ કોર્ટ છે. ઝાલોદ ખાતે સિવિલ જજ અને જે.એમ.એફ.સી.ની દેવગઢબારિયા ખાતે, લીમખેડા ખાતે, ફતેપુરા ખાતે સિવિલ જજ અને જે.એમ.એફ.સી.ની. ધાનપુરા, ગરબાડા અને સંજેલી આ બધી જ જગ્યાએ આ પ્રમાણેની કોર્ટો કાર્યરત છે. દાહોદ જિલ્લાના તમામ તાલુકા સ્થાનો ઉપર કોર્ટો હાલ કાર્યરત છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : દાહોદ જિલ્લા ખાતે ઝાલોદમાં આ જે નવી સિવિલ કોર્ટ બાંધકામની મંજૂરી આપેલ છે તો આ સિવાયની આવી કેટલી મંજૂરી આપેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ કહ્યું તેમ ઝાલોદની અંદર ૩ કરોડ ૨૭ લાખ રૂપિયાના ખર્ચે મંજૂરી આપી છે. તેમ હાલ આ જિલ્લામાં ગરબાડા છે તેમાં હયાત સિવિલ કોર્ટના વધારાના બાંધકામ માટે ૧.૮૬ કરોડ રૂપિયા તથા દેવગઢબારીયા ખાતે હયાત સિવિલ કોર્ટના વધારાના બાંધકામ માટે ૧.૮૬ કરોડ મંજૂર કર્યા છે. ફતેપુરામાં નવી સિવિલ કોર્ટના બાંધકામ માટે ૯.૩૭ કરોડ મંજૂર કર્યા છે. આમ છેલ્લા ત્રણ વર્ષની અંદર ઝાલોદમાં ૧૬ કરોડ કરતાં વધારે રૂપિયાની મંજૂરી કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે આપવામાં આવી છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, છેલ્લા બે વર્ષથી સરકારને જમીન ન મળવાના કારણો શું છે અને જમીન ઝાલોદ તાલુકામાં ન મળતી હોય તો સ્થાનિક ધારાસભ્યશ્રી કે દાહોદ જિલ્લાના ધારાસભ્યશ્રીઓને મળીને આ જમીન મળી જાય તેવું છે તો અમારો કોન્ટેકટ કરવામાં આવે તો અમે આ જમીન અપાવીશું તેવું કરવા માગે છે?

અધ્યક્ષશ્રી : ભાઇ ચંદ્રીકાબેનનો કોન્ટેકટ કરજો જેથી તમારું કામ સરળ થશે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીની વાત સાચી છે. એટલા માટે કે અહીં અમારી પાસે ૫૪૭ ચો.મી. જમીન હતી. તે પછી નામદાર હાઇકોર્ટ દ્વારા એવું સજેશન કરવામાં આવ્યું કે કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં ફયુચર પ્લાનિંગ માટે ૧૦ હજાર ચો.મી.નો પ્લોટ હોય તો તેમાં અસરકારક રીતે બાંધકામ થઇ શકે. નામદાર હાઇકોર્ટના આર.જી. સાથે અમારી આ ચર્ચા ચાલુ છે. માનનીય ધારાસભ્યશ્રી પોતે આ પ્રમાણેની લોકોને સુવિધા પડે તે રીતે જમીન ઉપલબ્ધ કરાવવાનું તેમના ધ્યાનમાં હશે તો હું મારા વહીવટી તંત્રને કહીશ કે તેમની સાથે સંકલન કરીને ઝડપથી તે જમીનના પ્રશ્નનું નિરાકરણ લાવે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટને મંજૂર થયે બે વર્ષ થયા છે, નાણાં પણ ચૂકવાઇ ગયા છે. જમીનની વાત થઇ. માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગુ છું કે ચોકકસપણે આ જમીન કયારે ઉપલબ્ધ કરાવવા માગો છો અને કયારે તેનું બાંધકામ શરૂ કરવા માગો છો? જમીન ઉપલબ્ધ કરાવવા માટે બહેને જેમ વાત કરી આઇ.ટી.આઇ.ની સામે ઘણીબધી સરકારી જમીન પડતર પડી છે. ત્યાં જમીન મળે તેમ છે અને તે નજીકમાં જ છે તો તે જમીન મેળવવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રિકાબેન સાથે સંપર્ક કરી વહેલામાં વહેલી તકે જમીન મળે અને તે અમારામાં આવી જાય એટલે વહેલામાં વહેલી તકે કોર્ટ કરાવી દઇશું.

અધ્યક્ષશ્રી : એમાં આવવા જવાનું ન હોય ભાઇ. એમણે સામેથી કહ્યું છે કે તમે અમારો સંપર્ક કરજો અમે તમને મદદ કરીશું એટલે તમારે એમનો આભાર વ્યક્ત કરવો પડે.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ ખાતે નવી સિવિલ કોર્ટના બિલ્ડીંગના બાંધકામ માટે કઇ એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે અને ઝાલોદ ખાતે જમીનના પ્રશ્નના લીધે આ કામ અટક્યું છે તો ઝાલોદ ખાતે કઇ કઇ જમીનનો સરવે કરવામાં આવ્યો હતો? આ જમીનનું હાલનું સ્ટેટસ શું છે, તે જમીન ખરેખર મળે તેવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો જયાં કોર્ટ છે ત્યાં જ આ કરવાનો વિચાર હતો. પરંતુ હવે નામદાર હાઇકોર્ટે કહ્યું છે કે મિનિમમ આટલી જગ્યા જોઇએ એટલા માટે અમારા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા ત્યાંના રેવન્યુના અધિકારીઓ સાથે સંકલન કરીને બે જગ્યાએ જમીન જોઇ છે. તેમાંથી અમે આગળનો નિર્ણય લઇશું.

### વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ખાણ લીઝનું ચેકીંગ

* ૩૨૨૬૭ શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફ્લાઇંગ સ્કોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીગ કરવામાં આવ્યું,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફ્લાઇંગ સ્કોર્ડ, ગાંધીનગર દ્વારા નીચે મુજબની તારીખોએ દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું.

| વર્ષ | વડોદરા | છોટાઉદેપુર |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૦–૬–૧૫ | ૧–૭–૧૫ |
| | ૧૧–૬–૧૫ | ૨–૭–૧૫ |
| | ૧૨–૭–૧૫ | ૧૨–૭–૧૫ |
| ૨૦૧૬ | ૧૭–૫–૧૬<br>૧૬–૧૨–૧૬ | ૨૩–૧–૧૬,૩–૨–૧૬<br>૧૦–૫–૧૬ થી ૧૭–૫–૧૬ |
| | | ૨૦–૫–૧૬, ૨૭–૫–૧૬ |
| | | ૭–૬–૧૬, ૮–૬–૧૬ |

(૨) ઉકત ચેકીંગ દરમ્યાન ઉકત જીલ્લાવાર વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૨) મુખ્યત્વે ગેરકાયદે ખનનની જિલ્લાવાર વર્ષવાર નીચે મુજબ રકમની ખનીજ ચોરી પકડાઇ.

| | ૨૦૧૫માં ખનીજ ચોરી (રૂ. લાખમાં) | ૨૦૧૬માં ખનીજ ચોરી (રૂ. લાખમાં) |
|---|---|---|
| વડોદરા | ૧૦૪.૫૭ | ૧૮૨.૨૯ |
| છોટાઉદેપુર | ૩૩૮.૯૯ | ૧૨૫૭.૪૬ |

| | |
|---|---|
| (૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) તે અન્વયે વડોદરા જિલ્લામાં ૧૦ ઇસમોને રૂ. ૧૮૫.૨૫ લાખની દંડકીય રકમની નોટીસ આપવામાં આવેલ જે પૈકી ૬ ઇસમો પાસેથી રૂ.૪૨.૧૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ૦૧ ઇસમને રૂ. ૧૦૧.૬૧ લાખ ભરપાઇ કરવા હુકમ કરેલ છે, છોટાઉદેપુર જિલ્લામાં ૭૧ ઇસમોને રૂ. ૧૨૮૦.૫૯ લાખની દંડકીય રકમની નોટીસ આપવામાં આવેલ જે પૈકી ૧૯ ઇસમો પાસેથી રૂ.૭૪.૧૮ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ૫ ઇસમોને રૂ. ૩૧૫.૮૫ લાખ ભરપાઇ કરવા હુકમ કરી રૂ. ૧૧૩.૪૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી? | (૪) કોઇ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી નથી. |

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે આ પ્રશ્ન લઇને આવવાનું મુખ્ય કારણ એ છે કે બોડેલી અને સંખેડા તાલુકામાં બોડેલીમાં કડીલા પાણી પુરવઠા યોજના અને રાજનગરની પાણી પુરવઠા યોજનાઓ ઓરસંગ નદીમાં ચાલતી હતી. ત્યાં રેતીના માફીયાનો એટલો બધો ત્રાસ થઇ ગયો છે અને પાણી નીચા જતા રહ્યા એટલે આ યોજનાઓ બંધ પડી. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અહીં ગાંધીનગરથી ફલાઇંગ સ્કવોર્ડ તરફથી ચેકીંગ કરવામાં આવ્યું અને તેમાં ૨૦૧૫માં ૩૩૮ લાખ રૂપિયાની ચોરી પકડાઇ. અને બીજા વર્ષમાં ૨૦૧૬માં કરવામાં આવ્યું ત્યારે ૧૨૫૭ લાખની ચોરી પકડાય છે. આટલી બધી ચોરી થાય છે ત્યારે અમારે તો ત્યાં રહેવા જેવું રહ્યું જ નથી. મારે એટલું જ કહેવું છે કે આટલી બધી ખનન માફિયા દ્વારા ચોરી થતી હોય અને ગાંધીનગરનું સ્કવોડ આવીને ત્યાં આટલી બધી ચોરી પકડતું હોય અને આટલો મોટો દંડ કરવામાં આવે છે તેમ છતાં એની સામે કોઇ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવતી નથી, કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. આટલી મોટી દંડની રકમ હોવા છતાં એક પણ ઇસમ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, ૧૬ કરોડ રૂપિયાની ચોરી પકડાઇ હોય તેમ છતાં એક પણ ઇસમ સામે કેસ નથી કર્યો તો એ કેસ ન કરવાના કારણો શું? અને કેસ ન કર્યા હોય તો એ કેસ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં એમણે જે પાણી પુરવઠાની વાત કરી એટલે એ આમાં મારા વિભાગ સાથે કાંઇ સંબંધ ધરાવતી વાત નથી એટલે એનો જવાબ નથી આપતો પણ એટલું જણાવું કે, એમના કહેવા પ્રમાણે પાણીના તળ ઉંડા ગયા છે ખરેખર તો જે કોઇ જગ્યાએ રેતી કાઢવામાં આવે તો ત્યાં પાણી ભરાઇ અને પાણી ભરાઇ તો પરકોલેશન થાય એટલે બાજુમાં પાણી ઉપર આવે પણ આ અત્યારનો વિષય નથી. નિયમ એવો છે કે, ખનન–વહન કે સંગ્રહમાં કોઇ ઇસમ પકડાય છે ત્યારે એને દંડની રકમ જો ત્યાંને ત્યાં એ ભરી દેતા હોય તો પોલીસ કેસ કરવામાં આવતો નથી. જેટલી વાર પકડાય એટલી વાર એને પોલીસ કેસ કરવાની જરૂર નથી રહેતી કારણ કે, જેટલી પણ વસુલાત દંડની થાય છે એટલી દંડની વસુલાત એ ભરી દે છે એ એક જ કારણસર અને બીજું, ઉપરથી અધિકારીઓ ગયા અને આટલી ચોરી પકડાય તો નીચેના લોકો પણ થોડા સક્રીય થાય એના માટેની પણ અમે વ્યવસ્થા કરીશું અને જે ઉપરના અધિકારીઓ કામ કરે છે એવું જ કામ નીચેના અધિકારીઓ પણ કરે એવી સૂચના અમે આપીએ છીએ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ પૂછવું છે કે, આ છોટા ઉદેપુર જિલ્લો અને છોટા ઉદેપુર જિલ્લામાં ઓરસન નદી છે એમાં ૨૪૬ લિઝો ચાલે છે અને એ લિઝો કોઇ ક્યાંના સ્થાનિક માણસોની લિઝો નથી. સમગ્ર ગુજરાતના લોકો આવીને આ લિઝોની મંજૂરી લઇ અને ગેરકાયદેસર લાખો ગાડીઓ રેતીની રોજ લઇ જાય છે. હવે આ લિઝો પર ફ્લાઇંગ સ્કવોર્ડે ૧૩ વખત રેડ પાડી એ રેડમાં જે રકમ પકડાય એ ૧૫,૯૬,૪૫,૦૦૦ ની રકમ વસુલ કરવામાં આવી એમાં છોટા ઉદેપુરના લિઝ માફિયાના ૭૧ માણસો પકડાયા. હવે ૭૧ માણસો પકડાયા એની સામે ૧૨,૮૦,૫૯,૦૦૦ રૂપિયાનો જે દંડ કાયદાકીય રીતે કર્યો તે પૈકી ૧૯ ઇસમોએ ૭૪,૫૮,૦૦૦ રૂપિયા જ ખાલી ભર્યા. બીજા ૧૯ ઇસમો પાસેથી ૭૪,૧૮ લાખ વસુલ કર્યા અને ૫૨ લોકો પાસે બાકી રહ્યા અને બીજા ૫ માણસોને ૩,૧૫,૮૫,૦૦૦નો દંડ કરેલ છે એમાંથી ૧,૧૩,૪૭,૦૦૦ રૂપિયા વસુલ કર્યા અને હજુ ૪૭ લિઝ માફિયાઓ પાસેથી જે રકમ વસુલ કરવી જોઇએ એ રકમ વસુલ કરવામાં આવતી નથી અને આડેધડ રેતીનું ખનન કરવાના કારણે આજુ બાજુના જે તાલુકાઓ છે એ તાલુકાની આ બધી પીવાના પાણી માટે આવતા દિવસોમાં ઘણી મુશ્કેલીઓ પડશે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે, તા. ૫.૨.૨૦૧૭ના રોજ કુકના ગામે ૨ કરોડની રેતી અને હિટાચી મશીનો, ૧૫ ટ્રકો પકડાયા છે એટલે ગેરકાયદેસર જે રીતેનો ધંધો કરે છે તેવા લોકોની સામે કડકમાં કડક શિક્ષાત્મક પગલાં ભરવા આપ માગો છો કે કેમ?

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે કોઇ પકડાય છે એની સામે રાજય સરકાર કડકમાં કડક હાથે જ કામ લે છે અને જે વાહન પકડાયા હોય જયાં સુધી દંડની રકમ ભરે નહીં ત્યાં સુધી અમે એ વાહન પણ મુકત કરતા નથી. માનનીય મોહનસિંહભાઇએ જે આંકડા ગણાવ્યા એ બધાને નોટિસ આપી છે અને એ બધી વસુલાતની પ્રક્રિયા અત્યારે ચાલુ જ છે. કોઇપણ માફિયાનું રાજ નથી, કોઇપણ માફિયાગીરી અમે ચલાવવા માગતા પણ નથી. બહારના લોકો આવીને લઇ જાય છે એમાં એવું છે કે હરાજીની પ્રક્રિયામાં કોઇ બહારના આવ્યા હોઇ શકે છે કારણ કે એમાં સ્પર્ધાત્મક હરિફાઇ થાય છે એ ક્વોલીટીટિટીવ થાય છે. હવે જ્યારે પેસા એકટ અમલમાં આવ્યો છે ત્યારે એના ભાગરૂપે આદિવાસી વિસ્તારની અંદર અમે વ્યક્તિગત ધોરણે આપવાનું વિચારી રહ્યા છીએ પેસા એકટ અન્વયે.

શ્રી જીતેન્દ્રભાઇ ર. સુખડીઆ : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, વડોદરા જિલ્લામાં મુખ્ય અને ગૌણ ખનીજની કેટલી લીઝો આવેલી છે અને ગાંધીનગરની ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી ખાણો અને લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મને જણાવતા આનંદ થાય છે કે, ગોવામાં ભારતીય જનતા પાર્ટીને ૨૧ મત મળ્યા છે, વિશ્વાસનો મત ભા.જ.પ.ને મળી ગયેલ છે અને કોંગ્રેસને ૧૬ મત મળ્યા છે. મુખ્યમંત્રીશ્રી પારિકરની સરકારને ૨૧ અને કોંગ્રેસને ૧૬ મત મળ્યા છે. (અંતરાય) તમે તો નહિ મોકલો, અમે અમારા તરફથી એમને અભિનંદન મોકલાવીએ છીએ.

અધ્યક્ષશ્રી :બાપુ આપ તો ખૂબ સિનિયર મંત્રીશ્રી છો...

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં મુખ્ય ખનીજની કોઇ લીઝ આવેલી નથી. જ્યારે ગૌણ ખનીજની ૨૨૧ લીઝો આવેલી છે. ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા છેલ્લાં બે વરસમાં વડોદરા જિલ્લામાં અગિયાર ખાણોનું ચેકીંગ કરવામાં આવ્યું છે. અવારનવાર વિભાગ દ્વારા પણ ચેકીંગ કરવામાં આવે છે. કોઇ ફરિયાદ મળે તો પણ કરવામાં આવે છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારે એટલું જ જાણવું હતું કે, સુસકાલ ગામે ૧૨ રેતીના બ્લોકો પડેલા અને એ ૧૨ બ્લોકમાંથી જની હરાજી બે કરોડ રૂપિયા સુધીની થઇ, પરંતુ આઠ બ્લોકની હરાજી થઇ નથી. એ આઠ બ્લોકમાંથી આજે પણ રેતી કાઢવાની કામગીરી ચાલુ છે. તો એની તપાસ કરવા માગો છો કે કેમ? ચાર બ્લોકની હરાજી થઇ છે અને આઠની થઇ નથી છતાં ગેરકાયદેસર રીતે રેતી કાઢવાનું ચાલે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આની તાત્કાલિક તપાસ કરવા માટે હું જણાવું છું અને ગેરકાયદેસર થતું હશે તો તાત્કાલિક ધોરણે એને અટકાવવામાં આવશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી ધીરૂભાઇએ જે પ્રશ્ન પુછ્યો હતો એના સંદર્ભમાં હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું બે બાબત તરફ ધ્યાન દોરવા માગું છું. માનનીય સભ્યશ્રીની ચિંતા છે એ વાજબી છે. રેતી જો જતી રહે તો રેતીમાં જે પાણી રોકાય અને પરક્યુલેટ થાય તે ન થાય અને તે રીતે રેતી હોય તો જ પાણીનો ફાયદો થાય. જો રેતી જતી રહે તો પાણી પરક્યુલેટ નહિ થાય અને તરત જ નીકળી જતું હોય છે. એટલે સામાન્ય રીતે ગામડાંમાં બધે જ આ માટેનો વિરોધ આવતો હોય છે. આ એક ગવર્નમેન્ટ પ્રોપર્ટીની સીધી ચોરી અને લૂંટ થતી હોય ત્યારે આપ કહો છો કે દંડ ભરી દે છે. સાહેબ આ લોકો દંડથી ડરશે જ નહિ. કારણ કે ખૂબ ચોરી કરતા હોય અને એકાદવાર પકડાય તો દંડ તો ભરી દેશે માટે દંડની ગમે તેટલી રકમ આપ વસૂલ કરો એની સાથેસાથે કાયદામાં જોગવાઇ છે તે પ્રમાણે ગવર્નમેન્ટ પ્રોપર્ટીની ચોરી એ સિરિયસ ક્રાઇમ કોગ્નીઝેબલ ઑફેન્સ થાય એની સામે તો પોલીસ કેસ કરવાની પ્રથા આપ શરૂ કરવા માગો છો કે કેમ અને આમાં સ્થાનિક અધિકારીઓની મિલીભગત હશે, આપની સ્કવોર્ડ જાય અને પકડાય તો જિલ્લાના અધિકારીઓને આ ન દેખાતું હોય? જ્યાં આગળ સ્કવોર્ડથી પકડાય તો એ જિલ્લાના અધિકારીઓ સામે આપે શું કડક કાર્યવાહી કરી?

માનનીય મંત્રીશ્રીની જાહેરાત હતી એના માટે મારે તો એટલું જ કહેવું છે કે કોંગ્રેસયુકત ભા.જ.પ. મંડ્યું છે. અમારે ત્યાંથી લઇ ગયેલાને તમારે મુખ્યમંત્રી બનાવવા પડે છે અને તમારા લોકોવાળાને બહાર બેસવું પડે, હોર્સ ટ્રેડીંગવાળાને મંત્રીપદ આપવું પડે અને ભા.જ.પ.ના એમને એમ રહે. કોંગ્રેસયુક્ત ભા.જ.પ. થયું છે. કોંગ્રેસમુક્ત ભારત ક્યારેય નહિ થાય, આઝાદી પણ કોંગ્રેસે જ અપાવી હતી અને કોંગ્રેસ જ રહેશે આપને ગમે કે ના ગમે લોકોના દિલમાં રહેશે અને પંજાબનું પુનરાવર્તન ગુજરાતમાં આપ જોઇ શકશો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આખો દેશ જાણે છે, આખું વિશ્વ જાણે છે કે ધીમે ધીમે નરેન્દ્રભાઇનો સંકલ્પ જે ગાંધીજીએ કહ્યું હતું કે હવે કોંગ્રેસને વિખેરી નાંખો તે ગાંધીજીએ કહેલું એ એમના નેતા ગાંધી અત્યારે કરી રહ્યાં છે. અને માનનીય નરેન્દ્રભાઇએ કહ્યું છે કે હવે કોંગ્રેસ મુકત ઓન રેકોર્ડ છે, દેશ આખો જાણે છે કે હવે એમની પાસે કેટલું રહ્યું છે. (અંતરાય ) આ દેશના લોકો બહુ સમજુ છે જેટલો સમય એમણે આપ્યો હતો એટલો જ સમય અમને આપવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઇની વાત સાથે હું સંમત છું જયાં કંઇ પણ નબળાઇ હશે તો અમે કડકમાં કડક હાથે કામ લઇશું. અને પાણી પુરવઠા વિભાગ અને મારા વિભાગ સાથે સંકલન કરીને જો લોકોને તકલીફ પડતી હશે તો તેનું પણ નિરાકરણ લાવીશું.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, ૧૨ કરોડ અને ૭૨ લાખ રૂપિયા છેલ્લા બે વર્ષથી બાકી છે. એમાં આપણે પ્રશ્નમાં મેં લખ્યું હતું કે આની સામે કેટલી પોલીસ ફરિયાદ થઇ ? આ બે વર્ષથી આટલા બધા પૈસા બાકી હોય અને કોઇ પણ ઇસમ સામે પોલીસ ફરિયાદ થઇ નથી. એક સામાન્ય માણસ જો ત્યાં પકડાઇ જાય ત્યારે તેની પોલીસ ફરિયાદ થઇ જાય છે. તો આ કેટલા મોટાં માથા છે કે શું છે ? કારણ કે આ આટલા બધા પૈસા બાકી હોવા છતાં ય એક પણ ઇસમ ઉપર પોલીસ ફરિયાદ થઇ નથી તો આની સામે કડકમાં કડક કાર્યવાહી કરી અને પોલીસ ફરિયાદ દાખલ કરવા માગો છો કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ચોરી ચોરી છે માથુ નાનું મોટું કોઇ પણ હોય અમારા માટે બધા માથા સરખાં છે. અમારા માટે કોઇ મોટો કે કોઇ નાનો નથી, ચોરી ચોરી છે અને જરૂર જણાશે વસૂલાત સમયસર નહીં આવે તો અમે કાયદેસરના નિયમમાં આવે છે તે પ્રમાણે અમે ચોક્કસ પગલાં ભરીશું.

### કચ્છ જિલ્લામાં ખનિજ ચોરીની નાગરિકો દ્વારા ફરીયાદની વ્યવસ્થા

* ૩૦૩૮૨ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં નાગરિકો ખનિજ ચોરીની ફરીયાદ કોઇ પણ સમયે કરી શકે તે માટે શું વ્યવસ્થા છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં નાગરિકો ખનિજ ચોરીની ફરીયાદ કોઇ પણ સમયે કરી શકે તે માટે "Guj Mine" મોબાઇલ એપ્લીકેશન તથા ગાંધીનગર મુખ્ય કચેરી ખાતે કંટ્રોલ રૂમ કાર્યરત છે. |
| (૨) ઉક્ત વ્યવસ્થા અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખનિજ ચોરી અંગેની કેટલી ફરિયાદો મળી છે? | (૨) ઉક્ત વ્યવસ્થા અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખનિજ ચોરી અંગે "Guj Mine" મોબાઇલ એપ્લીકેશન દ્વારા ૧૦ અને કંટ્રોલ રૂમ મારફત ૧૧ ફરીયાદો મળેલ છે. |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર ખનીજની દ્રષ્ટિએ આ સરકારે પારદર્શક વહીવટ કરી, ટેકનાલોજીનો ભરપૂર ઉપયોગ કરી ગયા વર્ષે ૧૧૬ કરોડની આવકની સામે આ વર્ષે લગભગ ૧૫૦ કરોડ રૂપિયા જેટલી માતબર આવક થઇ છે એટલા માટે સરકારને હું ધન્યવાદ આપું છું. અને હું જાણવા માગુ છું માનનીય મંત્રીશ્રી પાસે કે, અત્યારે જે Gujmine નામની એપ્લીકેશન અને કન્ટ્રોલ રૂમ જે શરૂ કર્યો છે તે નહોતું ત્યારે શું વ્યવસ્થા હતી? અને આ બન્ને કન્ટ્રોલ રૂમ અને Gujmine એપ્લીકેશન શરૂ કરવાના કારણે શું ફાયદા થયા? કોઇ પણ માણસ કયા પ્રકારે એની અંદર પોતાની ફરિયાદ લખાવી શકે અને તેની પદ્ધતિ શું હોય ? તેની વિશેષતાઓ શું હોય તે જાણવા માગુ છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ Sensitive વિભાગ છે અને તેની અનેક ફરિયાદો આવવાના કારણે અલગ અલગ રીતે કોઇ પણ માણસ ફરિયાદ કરી શકે તેના માટેની આખી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. કન્ટ્રોલ રૂમ તો છે જ કોઇ પણ માણસ ફોનથી, પત્રથી કે રૂબરૂ જઇને આ આખી ફરિયાદ છે તે પોતે કરી શકે છે. છેલ્લે એક વર્ષ પહેલાં અમે સીજીએમ ગુજરાત, ગુજરત માઇન એટલે કોઇ પણ માણસ પોતાના મોબાઇલ ઉપરથી ફરિયાદ કરી શકે અને એપ્લીકેશન એપ એનો અમલ અમે કરીએ છીએ. અને ફરિયાદ સાચી છે કે ખોટી છે તે પણ જાણી શકાય કે પોતે કયાં ઉભો ઉભો ફરિયાદ કરે છે. ખરેખર ત્યાં જગ્યા ઉપર ઉભો ઉભો ફરિયાદ કરે છે તો પણ એમાં આવી જાય. ટ્રકનો ફોટો પણ આવી જાય અને ઘરે બેઠાં બેઠાં ફરિયાદ કરતો હોય તો પણ આવી જાય. આનો અમલ અમે ૨૦૧૬થી શરૂ કર્યો છે અને કન્ટ્રોલ રૂમ છેલ્લાં ૮ વર્ષથી અમે ચાલુ કર્યો છે તેના ખૂબ ફાયદા થયા છે. કોઇ પણ માણસ આની ફરિયાદ કરે છે તો તેનો અમે તાત્કાલિક અમલ કરીએ છીએ. તાત્કાલિક ધોરણે આ અપ્લીકેશન એપ આવ્યા પછી તો જેમ માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ આવકમાં પણ ખૂબ મોટા પાયા ઉપર વધારો પણ થયો છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કચ્છ જિલ્લામાં મુખ્ય અને ગૌણ ખનીજોની કેટલી લીઝ આવેલ છે તેમજ કચ્છ જિલ્લામાં ખનન, વહન અને સંગ્રહ અન્વયે કુલ કેટલા કેસ કરીને કુલ કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય ખનીજ ૨૪ છે અને ગૌણ ખનીજ ૮૩૭ છે. છેલ્લા બે વર્ષની અંદર ખનન, વહન અને સંગ્રહ અન્વયે કુલ ૫૩૦ કેસ કરીને ૩૩૩.૩૨ લાખની દંડનીય રકમની વસૂલાત પણ કરવામાં આવી છે.

શ્રી નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લો એ કાચા સોનાથી ઘરબાયેલો છે. આખા જિલ્લાની અંદર અનેક વિસ્તારોની અંદર ખનીજ સંપત્તિ આવેલ છે. ત્યારે આ ખનીજ સંપત્તિની ચોરી અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા જે Gujmine અને કંટ્રોલ રૂમની વ્યવસ્થા કરીને Latest Technologyનો ઉપયોગ કરવામાં આવ્યો છે એના માટે હું રાજ્ય સરકારને અભિનંદન આપુ છું અને આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી જે રીતે પારદર્શક અને પ્રગતિશીલ વહીવટની

ખાતરી આપીને જ્યારે મુખ્ય એજન્ડા બનાવ્યો છે ત્યારે હું પૂછવા માગુ છું કે, આ ખનન, વહન અને સંગ્રહ અન્વયે જે દંડ વસૂલ કરવામાં આવે છે. અને જે કેસો કરવામાં આવ્યા છે એમાં કેટલી પોલીસ ફરિયાદો કરવામાં આવેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ધીરૂભાઇના જવાબમાં કહ્યું હતું કે, વસૂલાત જો નોટીસથી થતી હોય તો અમે પોલીસ કેસ કરતા નથી પણ જરૂર પડે તો પોલીસ કેસ કરવાનો બાકી નથી રાખતા. છેલ્લા બે વર્ષમાં ખનન, વહન અને સંગ્રહના કુલ ૧૪,૨૭૬ કેસ કર્યા અને એમાંથી ૬૮૪૫.૩૭ લાખની વસૂલાત કરી છે. આ ઉપરાંત છેલ્લા બે વર્ષની અંદર ૨૨૮ પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. એટલે પોલીસ ફરિયાદ નથી જ કરતા એવું નથી. જ્યાં જરૂર જણાય ત્યાં પોલીસ ફરિયાદ પણ કરીએ છીએ અને કડકમાં કડક હાથે કામ લઇને કોઇપણ ઇસમ ચોરી ન કરે અને ચોરી કરતા પહેલાં સાત વાર વિચાર કરે એ પ્રકારનો દાખલો બેસાડી શકીએ એ પ્રકારની કામગીરી કરી રહ્યા છીએ.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, ગેરકાયદેસર ખનીજ અટકાવવા માટે શું પગલાં લેવામાં આવ્યા અને ડુપ્લીકેટ રોયલ્ટીના પાસો અટકાવવા માટેના પણ શું પગલાં લેવામાં આવ્યા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અનુભવના આધારે જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં રાજ્ય સરકારે આ ચોરી અટકાવવા માટેના અનેકવિધ પગલાં લીધા છે અને આમાં કોઇ એક પોસ્ટ ઊભા કરવાની જરૂર પડે તો એ ઊભા કર્યા છે. ૨૪ કલાક કંટ્રોલ રૂમ ચાલુ કરવાની જરૂર પડે તો એ પણ ચાલુ કરવામાં આવ્યા છે. માનનીય તારાચંદ ભાઇએ જે કહ્યું છે એમાં એક સુરજબારી ખાતે ૨૪ કલાક ચાલુ એવો ચેકપોસ્ટ ઊભો કરવામાં આવ્યો છે અને તેના દ્વારા કુલ ૯૯૪૯૩ વાહનો ચેક કરવામાં આવ્યા છે. એનો મતલબ એવો થયો કે ૯૯ હજાર એટલે કે એક લાખ વાહનો ચેક થાય એમાં કોઇપણ વાહન છટકી ન જાય એના માટેની પૂરી તકેદારી રાજ્ય સરકાર દ્વારા નીચેના અધિકારી દ્વારા અને ઉપરના સ્કવોર્ડ દ્વારા લેવામાં આવી રહી છે અને એમાં કુલ ૧૦૦ વાહનો પણ જપ્ત કર્યા છે. એવું નથી કે ત્યાંને ત્યાં કોઇ કેસ માંડવાળ થઇ જાય છે. જ્યાં વધારે ગંભીરતા હોય ત્યાં ગંભીરતાને ધ્યાનમાં રાખીને જ્યાં સુધી દંડનીય રકમ વસૂલ ન થયા ત્યાં સુધી વાહનને છોડવામાં આવતું નથી અને આ નિમિત્તે ૪૪.૨૪ લાખની વસૂલાત કરવામાં આવી છે અને ડુપ્લીકેટ રોયલ્ટી પાસ અટકાવવા માટે પણ સઘન પગલાં લેવાઇ રહ્યા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદા છે એટલે વિશેષ નહિ કહું પણ સિમેન્ટ કંપનીઓ પણ ત્યાં મંજૂર થયેલ બધી લીઝની બહાર ખનન કરે છે. આપણે જે આ વાત કરીએ છીએ કે App કરો છો અને App થી ફરિયાદો મળે છે. હકીકતમાં કચ્છને કુદરતે ખૂબ આપેલ છે અને મુઠ્ઠીભર માલેતુજારો એને બેફામ રીતે લૂંટે છે એની કાળજી રાખવી પડશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ભીલોડા અને મેઘરજ તાલુકામાં હેન્ડપંપ

* ૩૨૦૫૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભીલોડા અને મેઘરજ તાલુકામાં પીવાના પાણી માટે હેન્ડપંપ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા હેન્ડપંપ કાર્યાન્વિત થયા?

જવાબ

(૧) અને (૨)

| તાલુકો | મળેલ અરજી | કાર્યાન્વિત હેન્ડપંપ |
|---|---|---|
| ભીલોડા | ૨૪૭ | ૨૨૪ |
| મેઘરજ | ૨૮૪ | ૨૩૯ |
| કુલ | ૫૩૧ | ૪૬૩ |

---------

અરવલ્લી જિલ્લામાં ખાણના ખાડાઓની માપણી

* ૩૧૨૮૩ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં ખાણની જે લીઝો અપાઇ છે તેમા છેલ્લા બે વર્ષમાં ખાણના ખાડાઓની માપણી કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી ખાણોમાં વધારાનું ખોદકામ

જવાબ

(૧) તા.૩૧/૧/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જે લીઝો અપાઈ છે તેમાં છેલ્લા બે વર્ષમાં ખાણના ખાડાઓની માપણી કરવામાં આવી છે જ્યારે અરવલ્લી જિલ્લામાં માપણી કરવામાં આવી નથી.

(૨) ગાંધીનગર જિલ્લામાં ૪૧ ખાણોમાં વધારાનું

કરવામાં આવ્યું અને તે અન્વયે સંબંધિત સામે સરકારે શા પગલાં લીધા?

ખોદકામ કરવામાં આવેલ અને તે અન્વયે ૨૫ લીઝધારકો પાસેથી રૂ.૮૧.૪૮ લાખ વસૂલવામાં આવ્યા, ૧૪ લીઝધારકોને રૂ.૪૧૩.૨૪ લાખ ભરપાઈ કરવા નોટીસ આપેલ છે અને ૦૨ લીઝધારકો સામે રૂ.૭૫.૯૨ લાખની ખનિજ ચોરી બદલ પોલીસ ફરીયાદ કરેલ છે. અરવલ્લી જિલ્લામાં પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પંચમહાલ જિલ્લામાં સાદી રેતી ખનિજ બ્લોકની હરાજી

* ૩૦૩૭૨ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા-હડફ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા સાદી રેતી ખનિજની બ્લોકની હરાજી કરવામાં આવી, અને

(૨) ઉક્ત હરાજીથી ઉક્ત સ્થિતિએ સરકારને કેટલી આવક થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૦૬ સાદી રેતી ખનિજની બ્લોક હરાજી કરવામાં આવી.

(૨) શૂન્ય.

---------

## પંચમહાલ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૩૨૨૪૩ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર, ખૂન અને લૂંટના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ બાકી છે?

**જવાબ**

(૧)

| તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | | |
|---|---|---|---|
| તાલુકા | બળાત્કાર | ખૂન | લૂંટ |
| ગોધરા | ૧૩ | ૨૫ | ૧૫ |
| શહેરા | ૫ | ૫ | ૦ |
| મોરવા | ૩ | ૩ | ૧ |
| હાલોલ | ૧૧ | ૧૫ | ૨ |
| કાલોલ | ૩ | ૧૦ | ૩ |
| જાંબુઘોડા | ૦ | ૨ | ૧ |
| ઘોઘંબા | ૧ | ૭ | ૧ |

(૨) ૨૨૫ વ્યક્તિઓની ધરપકડ કરી.
૧૭ વ્યક્તિઓની ધરપકડ બાકી.

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કોન્સ્ટેબલ/પી.એસ.આઇ.ની ખાલી જગા

* ૩૨૪૩૨ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા પોલીસ કોન્સ્ટેબલ અને કેટલા પી.એસ.આઇ ની જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માગે છે?

**જવાબ**

(૧)

| તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગતો | | | |
|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | અરવલ્લી જિલ્લો | સાબરકાંઠા જિલ્લો |
| ૧ | પી.એસ.આઇ | ૦૨ | ૧૪ |
| ૨ | કોન્સ્ટેબલ | ૨૧૦ | ૨૯૧ |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે સરકાર દ્ધારા અલગ ભરતી બોર્ડ રચેલ છે અને ભરતી બોર્ડ દ્ધારા ભરતી પ્રક્રીયા ચાલુ છે. જ્યારે

## અતારાંકિત પ્રશ્નો

બઢતીથી ભરવાની થતી જગ્યાઓ બઢતી અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી ભરવામાં આવતી હોય છે.

---------

### રાજ્યની એફ.એસ.એલ.માં નાર્કો એનાલીસીસ

* ૩૦૭૫૬ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં છેલ્લા બે વર્ષમાં નાર્કો એનાલીસીસ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં છેલ્લા બે વર્ષમાં નાર્કો એનાલીસીસ પધ્ધતિથી કુલ ૬૬ કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રની અરજી

* ૩૦૭૦૯ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી–૨૦૧૨ હેઠળ ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રની તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી–૨૦૧૨ હેઠળ ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રની તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૨ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં રૂ.૧૭૩.૬૪ કરોડનું મુડીરોકાણ કરવામાં આવેલ છે. |

---------

### જેસર ખાતે કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૩૦૭૨૬ શ્રી શિવાભાઇ ગોહિલ (તળાજા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના જેસર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે ૨૦૧૬–૨૦૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૮,૭૯,૬૫,૦૦૦/– |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તાંત્રિક મંજૂરી મળ્યે ડી.ટી.પી. તથા ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયેથી બાંધકામ શરૂ કરવામાં આવશે. |

---------

### કચ્છ જિલ્લામાં મહેસુલ વિભાગ દ્વારા મેરીટાઇમ બોર્ડને ફાળવેલ જમીન

* ૨૯૪૨૯ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જીલ્લામાં મહેસુલ વિભાગ દ્વારા મેરીટાઇમ બોર્ડને ફાળવાયેલ જમીન મીઠાનાં અગરોની જમીન અદાણી | (૧) ના, આ હકીકત સાચી નથી. |

| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકાઓના ક્યા ગામોમાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકી તથા સંપ બનાવવામાં આવેલ છે ? | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પરિશિષ્ટ મુજબ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ૧૭ ગામો તથા દાંતીવાડા તાલુકાના ૩૩ ગામોમાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકી તથા ભૂગર્ભ સંપ બનાવવામાં આવેલ છે. |

પરિશિષ્ટ

| અ.નં. | ગામનું નામ | ઉંચી ટાંકી | ભૂગર્ભ સંપ | અ.નં. | ગામનું નામ | ઉંચી ટાંકી | ભૂગર્ભ સંપ |
|---|---|---|---|---|---|---|---|
| તા.ધાનેરા | | | | ૭ | ફતેપુરા (ધનાવાડા) | ૧ | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ ૨૦૧૫ | | | | ૮ | ભાડલી (કોઠા) | ૧ | ૧ |
| ૧ | છિંડીવાડી | ૧ | | ૯ | ભીલાચલ | ૧ | ૧ |
| ૨ | જીવાણા | ૧ | ૧ | ૧૦ | મહુડી મોટી | ૧ | ૧ |
| ૩ | ધનપુરા (ખેડા) | ૧ | ૧ | ૧૧ | મારવાડા | ૧ | ૧ |
| ૪ | ફતેપુરા (માલોત્રા) | ૧ | ૧ | ૧૨ | માલપુરીયા | | ૧ |
| ૫ | માંડલ | ૧ | ૧ | ૧૩ | રતનપુર | ૧ | ૧ |
| ૬ | સાબાવાડી | ૧ | ૧ | ૧૪ | વડવસ | ૧ | ૧ |
| ૭ | સોડાલ | ૧ | ૧ | ૧૫ | વાવધરા | ૧ | ૧ |
| ૮ | વાછડાલ (સુરજગઢ) | | ૧ | ૧૬ | હરીચાવાડા | ૧ | ૧ |
| ૯ | ધરણોધર | | ૧ | ૧૭ | પોંશવાલ | ૧ | ૧ |
| ૧૦ | ડુગડોલ નાની | | ૧ | ૧૮ | રામપુરા (પોંશવાલ) | | ૧ |
| ૧૧ | રામપુરા (ગોલિયા) | | ૧ | ૧૯ | સાંતરવાડા | ૧ | ૧ |
| ૧૨ | ગોલા (સરપંચ ઢાંણી) | | ૧ | ૨૦ | ગોઢ | | ૧ |
| ૧૩ | શિયા | | ૧ | ૨૧ | રામનગર | | ૧ |
| ૧૪ | અનારપુરગઢ (ખેડા) | | ૧ | ૨૨ | આકોલી | | ૧ |
| ૧૫ | પેગીયા (નવી વસાહત) | | ૧ | ૨૩ | નીલપુર | ૧ | |
| | કુલ | ૭ | ૧૪ | ૨૪ | ડેરી | | ૧ |
| વર્ષ ૨૦૧૬ | | | | ૨૫ | વાઘરોલ (હરીપુરાવાઘરોલ) | | ૧ |
| ૧૬ | ધાખા (ભીલવાસ) | | ૧ | ૨૬ | ઓઢવા (ચોથીવાસ ઓઢવા) | | ૧ |
| ૧૭ | દેઢા | ૧ | ૧ | ૨૭ | ઓઢવા (પ્રજાપતિવાસ) | | ૧ |
| | કુલ | ૧ | ૨ | ૨૮ | ભીલડા | | ૧ |
| | કુલ ધાનેરા | ૮ | ૧૬ | ૨૯ | નાની મહુડી | | ૧ |
| તા.દાંતીવાડા | | | | | કુલ | ૧૫ | ૨૭ |
| વર્ષ ૨૦૧૫ | | | | વર્ષ ૨૦૧૬ | | | |
| ૧ | અટાલ | | ૧ | ૩૦ | ગાંગુવાડા (જયતિનગર) | | ૧ |
| ૨ | કોટડા (જેગોલ) | ૧ | ૧ | ૩૧ | ભાડલી (ભાડલી ગોલિયા) | | ૧ |
| ૩ | ગાંગુવાડા | ૧ | | ૩૨ | રાજકોટ (રાજકોટ ગોલિયા) | | ૧ |
| ૪ | જોરાપુરા (લોડપા) | ૧ | ૧ | ૩૩ | ઝાત (ગોલિયા ઝાત) | | ૧ |
| ૫ | જોરાપુરા (ભાડલી) | | ૧ | | કુલ | ૦ | ૪ |
| ૬ | નાંદોત્રા (બ્રાહ્મણવાસ) | | ૧ | | કુલ દાંતીવાડા | ૧૫ | ૩૧ |

---------

અમદાવાદ જિલ્લામાં ટેકનીકલ ટેક્ષટાઈલ ક્ષેત્રની અરજી

* ૩૦૭૦૮ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી-૨૦૧૨ હેઠળ ટેકનીકલ ટેક્ષટાઈલ ક્ષેત્રની તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી-૨૦૧૨ હેઠળ ટેકનીકલ ટેક્ષટાઈલ ક્ષેત્રની તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં રૂ. ૨૮૯.૨૩ કરોડ મુડીરોકાણ કરવામાં આવેલ છે. |

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### સરકારી જાહેરાત પાછળ ખર્ચ

* ૨૯૮૧૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી જાહેરાતો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | રૂ. ૫૦૪૩.૦૨ લાખ |

---------

### જામનગર જિલ્લામં પશુ આરોગ્ય મેળા

* ૩૦૨૪૨ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ ૨૦૧૬ દરમ્યાન જામનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૬ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૯,૯૮૮ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૫૮,૭૭૪ |

---------

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખનિજ ચોરી સામે પગલા

* ૩૦૩૭૦ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખનિજ ચોરી અટકાવવા સરકારે શું પગલા લીધેલ છે, અને | (૧) (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બાગોદરા ખાતે તથા ગાંધીનગર જિલ્લામાં ચિલોડા ખાતે એક પોસ્ટ ઉભી કરવામાં આવેલ છે.<br>(૨) જિલ્લા કક્ષાએ ટાસ્ક ફોર્સ તથા ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી અસ્તિત્વમાં છે.<br>(૩) રાજ્ય કક્ષાએ ફ્લાઈંગ સ્કવોડ દ્વારા જરૂરિયાત મુજબ અને જિલ્લા કક્ષાએ જિલ્લા કચેરી દ્વારા નિયમિત તેમજ આકસ્મિક ચેકિંગ હાથ ધરી ખનીજ ખોદકામ/વહન/સંગ્રહની ચકાસણી કરી કસુરદારો પાસેથી દંડ વસૂલવામાં આવે છે. |
| (૨) ઉક્ત કાર્યવાહીથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોમાં કેટલી આવક થયેલ છે ? | (૨) ઉક્ત કાર્યવાહીથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨૫૧ કેસોમાં રૂ. ૭૮૭.૮૨ લાખ આવક થયેલ છે. |

---------

### આણંદ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૩૦૨૩૮ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પશુવ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૮ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૨,૩૧૪ |

---------

### સૂઈગામ તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની મંજુરી

* ૩૦૨૨૪ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા | (૧) હા, જી. |

જિલ્લાના સૂઈગામ તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી કોર્ટની સ્થાપના કરવાની સરકારની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ કાર્યરત કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ. સી. કોર્ટની સ્થાપના કરવા સંબંધે ન્યાયાધીશ સહીત સહાયક મહેકમની કુલ ૧૬ જગ્યાઓ ગુજરાત સરકાર, કાયદા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૨/ડ, (પાર્ટ–૩), તા.૩૦–૦૪–૨૦૧૫ના રોજથી ઉભી કરવામાં આવેલ છે. અને વડી અદાલત સાથે સૂચિત કોર્ટ કાર્યરત કરવા માટે પરામર્શ ચાલુ છે.

(૩) આ કોર્ટથી શા ફાયદા થનાર છે ?

(૩) ભવિષ્યમાં કોર્ટ કાર્યરત થશે તો બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકાની પ્રજાને ઘરઆંગણે સસ્તો અને ઝડપી ન્યાય મળી રહેશે અને પ્રજાનો સમય અને ખર્ચનો વ્યય થતો અટકશે.

---------

### રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દેશની સુરક્ષા પાંખને મદદ

* ૩૦૭૫૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેશની સુરક્ષા પાંખને રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ગુન્હા સંશોધન માટે સેવા પુરી પાડવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની સેવા પુરી પાડવામાં આવેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેશની સુરક્ષા પાંખ આર્મી, એરફોર્સ અને નેવીને રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કુલ–૬ કેસના ૩૪ નમૂનાઓના પૃથ્થકરણ કરી ગુન્હા સંશોધન માટે સેવા પુરી પાડવામાં આવેલ છે.

---------

### નવસારી જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ

* ૩૦૮૦૨ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં વિદેશી દારૂ કેટલો પકડાયો અને તેની અંદાજીત કિંમત કેટલી છે, અને

(૧) પત્રક મુજબ

પત્રક

| તાલુકા | વિદેશી દારૂ (બોટલમાં) | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|
| નવસારી | ૨૦૦૮૬૧ | ૩,૦૯,૨૯,૭૯૧ |
| જલાલપોર | ૩૧૯૧૮ | ૧૧,૩૨,૦૫૬ |
| ગણદેવી | ૫૨૨૪૩ | ૨૨,૭૮,૫૨૫ |
| ચીખલી | ૨૭૮૪૪૨ | ૩,૦૯,૬૬,૫૩૦ |
| વાંસદા | ૧૧૬૭૫૯ | ૯૫,૩૨,૬૮૦ |
| ખેરગામ | ૩૬૭૪૫ | ૨૯,૨૯,૬૦૦ |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી ?

(૨) ૨૨૩૩

---------

### રાજકોટ જિલ્લામાં મંજુર જીનીંગ એકમો

* ૩૦૭૦૫ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી–૨૦૧૨ અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા જીનીંગ એકમો મંજુર કરવામાં આવ્યા, અને

(૨) આ જીનીંગ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે ?

(૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી–૨૦૧૨ અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ ૫૫ જીનીંગ એકમો મંજુર કરવામાં આવ્યા

(૨) આ જીનીંગ એકમોમાં રૂ. ૩૦૭.૪૪ કરોડનું મુડીરોકાણ કરવામાં આવેલ છે.

---------

### ડીસા ખાતેની હવાઈપટ્ટીને કાર્યરત કરવા બાબત

* ૩૦૭૭૯ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ડીસામાં આવેલ હવાઈપટ્ટીને કાર્યરત કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) તે કેટલા સમયમાં કાર્યરત થશે ?

જવાબ

(૧) ડીસા હવાઈપટ્ટી કેન્દ્ર સરકારશ્રીની માલિકી હેઠળ હોઈ તેને રાજ્ય સરકારશ્રી હસ્તક લેવા માટેની કાર્યવાહી ચાલુ છે.

(૨) કેન્દ્ર સરકાર તરફથી મંજુરી મળેથી ત્વરિત નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

---------

### અરવલ્લી જિલ્લામાં બોરનું શારકામ

* ૩૦૭૩૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા નવા હેન્ડપંપના બોરનું શારકામ કરવામાં આવ્યુ, અને

(૨) તે પૈકી કેટલા બોર પર હેન્ડપંપ બેસાડી પાણી પુરવઠો શરૂ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૬૪૫ નવા હેન્ડપંપના બોર

(૨) ૫૯૯ સફળ બોર પર

---------

### અમદાવાદ અને ગાંધીનગરમાં ધર્મપરિવર્તન માટે મંજૂરી

* ૩૦૦૫૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ક્યા ધર્મના કેટલા વ્યક્તિઓએ ધર્મપરિવર્તન કરવા માટે મંજૂરી માગી, અને

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મપરિવર્તનની મંજૂરી આપવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) પરિશિષ્ટ–અ મુજબ

પરિશિષ્ટ–અ

| ક્રમાંક | જિલ્લાનું નામ | વર્ષ | તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ધર્મપરિવર્તન માટે મળેલ અરજીઓની વિગત. | | | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજુરીની વિગત. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હિંદુ | મુસ્લિમ | શીખ | ખ્રિસ્તિ | પારસી | બૌધ્ધ | |
| ૧ | અમદાવાદ | ૨૦૧૫ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૦૧૬ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ગાંધીનગર | ૨૦૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૦૧૬ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### તાપી અને સાબરકાંઠા જિલ્લામાં ભૂસ્તરશાસ્ત્રી વિરૂધ્ધ ગેરરીતિની ફરિયાદ

* ૩૨૪૨૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સાબરકાંઠા જિલ્લામાં ખાણ-ખનીજ ખાતાના ભૂસ્તરશાસ્ત્રીઓ વિરૂધ્ધ નાણાકીય અને વહીવટી ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો મળી છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં ખાણ-ખનીજ ખાતાના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી વિરૂધ્ધ ૩ (ત્રણ) અને સાબરકાંઠા જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી વિરૂધ્ધ ૪ (ચાર) ફરીયાદો મળેલ છે. |
| (૨) ઉક્ત મળેલ ફરીયાદો સંબંધમાં મુખ્યત્વે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૨) ઉક્ત મળેલ ફરીયાદો સંબંધમાં તપાસ કરાવી હકીકતલક્ષી અહેવાલ/વિગતો મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિ સુધીમાં જો કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજકોટ અને વાંકાનેરના ૪૨ ગામોને પાણી પુરુ પાડવા બાબત

* ૩૦૦૭૧ શ્રી મહંમદજાવિદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મચ્છુ ડેમ-૧ આધારીત રાજકોટ-વાંકાનેર ના અંદાજીત ૪૨ ગામોને તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરુ પાડવાની યોજના પૈકી કેટલા ગામોને પાણી પુરુ પાડવામાં આવે છે, | (૧) મચ્છુ-૧ ડેમ આધારીત રાજકોટ તાલુકાના ૪૫ ગામો અને વાંકાનેર તાલુકાના ૦૫ ગામો મળી કુલ ૫૦ ગામોને પાણી પુરવઠા યોજનાઓ દ્વારા પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે. |
| (૨) ઉક્ત ગામોને પાણી ન મળતુ હોય તેવી ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદ સરકારને મળી, અને | (૨) ૬ ફરિયાદ |
| (૩) ઉક્ત ફરિયાદ અન્વયે સરકારે શા પગલા લીધા ? | (૩) નીચેની વિગતે સમયસર પગલાં લઈ યોજનાઓ દ્વારા પાણી પુરવઠો શરૂ કરેલ છે,<br>• પાઈપલાઈનમાં લીકેજની ખામી દુર કરેલ છે.<br>• નવી પથરેખા ઉપરથી નવી પાઈપલાઈન પાથરવામાં આવેલ છે.<br>• પાણીના સંગ્રહ માટે વધુ ક્ષમતાના સ્ટોરેજના કામો કરેલ છે. નવા બોર કરેલ છે.<br>• વધુ હેડ અને વધુ ડીસ્ચાર્જની નવી પંપીગ મશીનરી બેસાડેલ છે |

---------

### ડાંગ જિલ્લામાં ગ્રામ રક્ષક દળ

* ૩૦૯૨૮ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ગ્રામ રક્ષક દળના કેટલા યુવાનોને છેલ્લા બે વર્ષમાં તાલીમ આપવામાં આવી ? | કુલ-૧૫૦ યુવાનોને |

---------

### મોરબી જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૭૪૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના ૯ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહી. |

| | |
|---|---|
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પોશીના તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની મંજુરી

* ૩૦૨૨૩ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના કરવાની સરકારની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ કાર્યરત કરવાની કાર્યવાહી કયા તબ્બકે છે, અને | (૨) સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૨૧–૦૨–૨૦૧૬ના રોજથી કાર્યરત થયેલ છે જેની અધિસૂચના ક્રમાંક જીકે/૨/ ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૧૨ /ડ. (પાર્ટ ૧૫ ), તા.૧૬–૦૨–૨૦૧૬ના રોજ બહાર પાડેલ છે. |
| (૩) આ કોર્ટથી શા ફાયદા થનાર છે ? | (૩) સાબરકાંઠા જિલ્લના પોશીના તાલુકા ખાતે સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ કાર્યરત થવાથી પોશીના તાલુકાની પ્રજાને ઘરઆંગણે સસ્તો અને ઝડપી ન્યાય મળી રહેશે અને પ્રજાનો સમય અને ખર્ચનો વ્યય થતો અટકશે. |

---------

રાજ્યમાં ફેમીલી કોર્ટ

* ૩૦૭૨૫ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા..૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લામાં મોર્નિંગ/ઈવનીંગ ફેમિલી કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં અમદાવાદ, વડોદરા અને સુરત જિલ્લામાં મોર્નિંગ/ ઈવનીંગ ફેમિલી કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે. |
| (૨) ઉકત મોર્નિંગ/ઈવનીંગ ફેમિલી કોર્ટોમાં મુખ્યત્વે કયા પ્રકારના કેસો હાથ ધરવામાં આવે છે, અને | (૨) ઉકત મોર્નિંગ/ઈવનીંગ ફેમિલી કોર્ટોમાં મુખ્યત્વે ફેમીલી દાવાઓ, સીવીલ પરચુરણ અરજીઓ, એકઝશન પીટીશન, ફોજદારી પરચુરણ અરજીઓ, ભરણપોષણની અરજીઓ વગેરે કેસો હાથ ધરવામાં આવે છે. |
| (૩) ઉકત મોર્નિંગ/ઈવનીંગ ફેમિલી કોર્ટોની સ્થાપના થવાથી મુખ્યત્વે શા લાભો થનાર છે ? | (૩) ઉકત મોર્નિંગ/ઈવનીંગ ફેમિલી કોર્ટો કાર્યરત થવાથી કૌટુંબીંક ઝઘડાઓનો નિરાકરણ ઝડપથી આવશે. કુટુંબીજનોના આજીવીકા માટે ભરણપોષણ તેમજ છુટાછેડાના કેસો ઝડપથી ચલાવીને કેસોનો નિકાલ થશે, આમ, પ્રજાને ઝડપથી ન્યાય મળી શકશે સમયનો બચાવ અને નાણાનો વ્યય અટકશે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા કાર્યક્રમ.

* ૩૨૦૦૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સન ૨૦૧૬માં શા કાર્યક્રમો હાથ ધરાયા, | (૧) <u>સન ૨૦૧૬ ના કાર્યક્રમોઃ–</u><br>(૧) અનુસૂચિત જાતિની છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓમાં કુલ ૭૦૦૦ લિટર પ્રતિ દિન ક્ષમતાની સોલર વોટર હિટીંગ સિસ્ટમ બેસાડવામાં આવેલ છે. |

(૨) સરકારી આર્ટસ અને કામર્સ કોલેજ, થરાદ, સરકારી આર્ટસ કોલેજ, અમીરગઢ, મામલતદાર કચેરી, ભાભર અને સરકારી પોલીટિકનીક, પાલનપુર ખાતે કુલ ૧૫૫ કિલોવોટની ગ્રીડ સાથે જોડાણ કરેલ સોલર સિસ્ટમો ગોઠવવામાં આવેલ છે.

(૩) લોકનિકેતન, પાલનપુર, કેવલ પુરી આશ્રમશાળા, કાકરેજ અને તપસ્વી સંસ્થા, દીઓદર ખાતે કુલ ૩૧૫ ઘનમીટર પ્રતિ દિવસની ક્ષમતાના બાયોગેસ પ્લાન્ટની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૪) ત્રણ નંગ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે.

(૫) પુનઃપ્રાપ્ય ઉર્જા અને ઉર્જા સંરક્ષણ બાબતે લોક જાગૃતિ માટે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ હેઠળ ઉર્જા સંરક્ષણ રેલી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) તેના શા પરિણામો કે શી સકારાત્મક અસરો ઉભી થઈ,

(૨) આ કાર્યક્રમોના અમલથી નીચે મુજબની સકારાત્મક અસરો ઉભી થઈ છે.

૧. સોલર વોટર હિટીંગ સિસ્ટમના ઉપયોગથી વીજળીની બચત થયેલ છે.

૨. વાર્ષિક ધોરણે અંદાજે ૧,૮૬,૦૦૦ યુનિટ હારીત ઉર્જાનું ઉત્પાદન થશે.

૩. સુધારેલ સ્મશાન ભઠ્ઠીથી, મૃત દેહને અગ્નિસંસ્કાર કરવાથી લાકડાની બચત શક્ય બનેલ છે.

૪. પુનઃપ્રાપ્ય ઉર્જા તથા ઉર્જા સંરક્ષણના કાર્યક્રમોના અમલથી ક્લાઈમેટ ચેન્જ અંગે જન-જાગૃતિ આવેલ છે.

(૩) ઉક્ત કાર્યક્રમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) સન ૨૦૧૬ ના કાર્યક્રમોઃ-

(૧) ઉક્ત કાર્યક્રમો પાછળ રૂ.૧,૫૩,૩૩,૬૯૬/- નો ખર્ચ કરવામાં આવ્યો.

(૪) જો ઉક્ત વર્ષમાં કોઈ જ કાર્યક્રમ હાથ ન ધરાયા હોય તો તેના શા કારણો છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કડાણા જળાશયમાં માછીમારીનાં ઈજારા

* ૩૨૨૯૨ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લામાં કડાણા જળાશયમાં માછીમારી માટેનાં ઈજારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે કેટલા ઈજારદારોને આપવામાં આવેલ છે, | (૧) મહીસાગર જિલ્લામાં કડાણા જળાશયમાં માછીમારી માટેનાં ઈજારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મત્સ્યોદ્યોગ કમિશનર, ગાંધીનગરના હુકમ ૨૨૭૧ તારીખ ૭-૧૨-૨૦૧૫થી ઈજારાદારશ્રી મીતેષકુમાર રતીલાલ પટેલ રહે. જાફરાબાદ તા. ગોધરા જી. પંચમહાલને આપવામાં આવેલ છે, |
| (૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે, | (૨) ઉક્ત ઈજારા તારીખ ૧-૭-૨૦૧૫થી તા.૧૦-૬-૨૦૨૦ સુધી પાંચ વર્ષના સમયગાળા માટે આપવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ લેવામાં આવેલ છે, અને | (૩) તે અન્વયે રૂ. ૧૧,૧૧,૦૩૦/- સિક્યોરીટી ડીપોઝીટ લેવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઈજારા | (૪) વર્ષ ૧૫-૧૬માં રૂ. ૫૫,૫૫,૧૫૦/- જ્યારે વર્ષ |

પેટે કેટલી આવક થઈ?

૧૬–૧૭થી ઈજારો સ્વેચ્છાએ છોડી દીધેલ હોય આવક થયેલ નથી.

---------

રાજ્યમાં વિજ્ઞાન અને આઇ.ટી. ક્ષેત્રે સંશોધન

* ૩૦૨૩૨ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકારે વિજ્ઞાન અને આઇ.ટી. ક્ષેત્રમાં નવા સંશોધનો કરવા માટે કોઇ પગલાં લીધેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિ સુધીમાં છેલ્લા એક વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિ સુધીમાં છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા છે.

૧. નવી ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઇલેક્ટ્રોનિક્સ અને બાયોટેકનોલોજી પોલીસી અંતર્ગત રીસર્ચ અને ડેવલપમેન્ટ તથા કૌશલ્યવર્ધન માટે સહાયની જોગવાઇ.
૨. બાયોટેક ક્ષેત્રે પ્રોજેક્ટ આધારિત સહાય.
૩. માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ માટે સહાય.
૪. સ્ટુડન્ટ સાયન્સ–ટેક પ્રોજેક્ટ માટે સહાય.
૫. બાયોડાઇવર્સીટી જીન બેન્કની અદ્યતન પ્રયોગશાળાની સ્થાપના.
૬. માનવ આરોગ્ય ક્ષેત્રે નમૂનાઓની પરિક્ષણ માટે અદ્યતન પ્રયોગશાળાની સ્થાપના.
૭. ઔદ્યોગિક ક્ષેત્રે ડીએનએ આધારિત સંશોધન પ્રયોગશાળાની સ્થાપના.
૮. કૃષિ ક્ષેત્રે ડીએનએ આધારિત પરિક્ષણ માટે સંશોધન પ્રયોગશાળાની સ્થાપના.
૯. એકેડમી ઓફ જીઓ–ઇન્ફોર્મેટીક્સ ફોર સસ્ટેનેબલ ડેવલોપમેન્ટની સ્થાપના.

---------

તાપી જિલ્લામાં ઘાસચારા બિયારણ કીટ

* ૩૦૨૪૦ શ્રી કાન્તીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ ઋતુ દરમિયાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારા મીની બિયારણ કીટ પુરી પાડવામાં આવી ?

જવાબ

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કીટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૨ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૧૪ કિ.ગ્રા. |
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૧૯૧ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૧૩૩૭ કિ.ગ્રા. |
| | (૩) | ૧૮ | મકાઈ | ૭ કિ.ગ્રા. | ૧૨૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અનુસુચિત જાતિ પેટાવિકાસ યોજના (હેલ્થ પેકેજ) | | આફ્રિકન ટોલ | | કિ.ગ્રા. |
| રવિ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૧ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૧૦ કિ.ગ્રા. |
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૮૦ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૮૦૦ કિ. ગ્રા. |

---------

મોરબી ખાતે જિલ્લા અદાલતનું બાંધકામ

* ૩૦૭૨૭ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લાના મોરબી ખાતે નવી જિલ્લા અદાલતના મકાનના બાંધકામ માટે ૨૦૧૬–૧૭ વર્ષમાં તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૨૦૧૬–૧૭ના વર્ષમાં કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૩૦,૦૭,૪૪,૦૦૦/– |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) મુખ્ય ન્યાયાધીશ મોરબી દ્વારા જગ્યા ફેરબદલીની માંગણી કરેલ છે આ અંગે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જરૂરી જમીનની ફાળવણી થયે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં બોરનું ડ્રીલીંગ

* ૩૨૨૮૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જીલ્લામાં બનાવવામાં આવતા હેન્ડપંપો માટે બોરનું કેટલા ફુટ ડ્રીલીંગ કરવામાં આવે છે, અને | (૧) વધુમાં વધુ ૩૦૦ ફુટ |
| (૨) ઉક્ત જીલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા હેન્ડપંપો બનાવવામાં આવ્યા ? | (૨) |

| જીલ્લો | વર્ષઃ ૨૦૧૫ | વર્ષઃ ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|
| દાહોદ | ૪૬૭૫ | ૩૫૮૬ | ૮૨૬૧ |
| પંચમહાલ | ૧૬૨૦ | ૧૫૬૨ | ૩૧૮૨ |
| કુલ | ૬૨૯૫ | ૫૧૪૮ | ૧૧૪૪૩ |

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ

* ૩૦૨૩૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૧૧ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૫,૭૯૦ |

---------

### રાજ્યની એફ.એસ.એલ.માં નાર્કો એનાલીસીસ

* ૩૦૭૫૫ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં છેલ્લા બે વર્ષમાં નાર્કો એનાલીસીસ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ.માં નાર્કો એનાલીસીસ પધ્ધતિથી કુલ ૬૬ કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

### સુરત શહેર પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૭૪૭ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછારોડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરના ૨૭ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહી. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સુરત જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખનનના કેસ

* ૩૦૩૮૧ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખનનનાં કેટલા કેસો નોંધવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખનનનાં ૧૨૧ કેસ નોંધવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કેસો અન્વયે મુખ્યત્વે શા પગલાઓ લેવામાં આવેલ છે ? | (૨) ઉક્ત કેસો પૈકી ૧૧૭ કેસમાં રૂ. ૧૬૧.૬૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ૦૩ કેસમાં પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે તથા ૦૧ કેસમાં રૂ. ૪.૧૨ લાખ ભરપાઈ કરવા હુકમ કરેલ છે. |

---------

### છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર યોજના

* ૩૦૩૦૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર | (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર |

જીલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજના કેટલી રકમની અને ક્યારે મંજુર કરી,

જિલ્લામાં હાફેશ્વર જુથ પાણી પુરવઠા યોજના અંદાજીત રકમ રૂ. ૧૨૧૨૨.૫૩ લાખ (ગ્રોસ)ને તા. ૨૪–૮–૨૦૦૯ થી મંજુર થયેલ છે.

(૨) આ યોજનામાં તાલુકાવાર કેટલા ગામોને પાણી પહોંચાડવાનું આયોજન છે ?

(૨) હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજનામાં ક્વાંટ તાલુકાનાં ૯૬ ગામ અને જેતપુરપાવી તાલુકાના ૪૨ ગામ એમ કુલ ૧૩૮ ગામોને પાણી પહોંચાડવાનું આયોજન છે.

---------

વડોદરા જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગો દુરસ્ત કરવા ગ્રાન્ટ

* ૩૦૬૯૨ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ – માર્ગો માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે કોઈ જોગવાઈઓ કરેલ છે, અને

(૨) જો હા, તો વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફાળવણી કરેલ છે ?

જવાબ

(૧) હા.

(૨)

| વર્ષ | ગ્રાન્ટની ફાળવણી (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫ | ૨૯૯.૯૪ |
| ૨૦૧૬ | શુન્ય |

---------

વિસનગર ખાતે રહેણાંક મકાન

* ૩૦૭૧૩ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં વિસનગર ખાતે ન્યાયિક અધિકારીઓના ''ઈ–૧'' ટાઈપના રહેણાંકના મકાનો માટે ૨૦૧૬–૨૦૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ૨૦૧૬–૧૭ના વર્ષમાં કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉકત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૨,૧૯ ,૭૭ ,૩ ૦૦/–

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મરીન પોલીસ સ્ટેશન

* ૩૦૨૭૮ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દરીયાઈ સરહદી સુરક્ષા માટે તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મરીન પોલીસ સ્ટેશનો આવેલા છે,

(૨) ઉકત મરીન પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) (અ) જામનગર – ૦૧ (એક)
(બ) દેવભૂમિ દ્વારકા – ૦૩ (ત્રણ)

(૨) પત્રક–અ મુજબ.

(૩) ખાલી જગ્યાઓ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

પ ત્ર ક –અ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં મરીન પોલીસ સ્ટેશનના મહેકમની વિગત

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | મરીન પો.સ્ટે. નું નામ | સંવર્ગ | મંજુર | હાજર | ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | બેડી મરીન | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૦ |
| ૨ | | બિન હથિયારી, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હેડ કોન્સ્ટેબલ | ૧૦ | ૧૨ | +૨ |
| ૩ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૧ | ૧૦ | ૧ |
| ૪ | | હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૪ | ૪ | ૦ |
| ૫ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૪ | ૮ |
| | | કુલ | ૩૮ | ૩૧ | ૭ |
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મરીન પોલીસ સ્ટેશનના મહેકમની વિગત | | | | | |
| ૧ | સલાયા મરીન | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૦ | ૧ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, | ૧ | ૧ | ૦ |
| ૩ | | બિન હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હેડ કોન્સ્ટેબલ | ૮ | ૯ | +૧ |
| ૪ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૦ | ૧૨ | ૮ |
| ૫ | | હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨ | ૪ | +૨ |
| | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૭ | ૭ | ૧૦ |
| | | કુલ | ૪૯ | ૩૩ | ૧૬ |
| ૧ | વાડીનાર મરીન | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૦ |
| ૨ | | બિન હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હેડ કોન્સ્ટેબલ | ૧૦ | ૧૧ | +૧ |
| ૩ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૧ | ૧૦ | ૧ |
| ૪ | | હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૪ | ૧ | ૩ |
| ૫ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૭ | ૫ |
| | | કુલ | ૩૮ | ૩૦ | ૮ |
| ૧ | ઓખા મરીન | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૦ |
| ૨ | | બિન હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હેડ કોન્સ્ટેબલ | ૧૧ | ૮ | ૩ |
| ૩ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૧ | ૧૫ | +૪ |
| ૪ | | હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર/હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૫ | ૫ | ૦ |
| ૫ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૪ | ૯ | ૫ |
| | | કુલ | ૪૨ | ૩૮ | ૪ |

---------

ધરમપુર અને કપરાડા તાલુકામાં પાણી પુરવઠા યોજના

* ૩૦૮૧૮ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધમરપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં પાણી પુરવઠાની ક્યા પ્રકારની કેટલી યોજનાઓ કાર્યરત છે ?

જવાબ

તા.૩૧-૦૧-૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં નીચેની વિગતે પાણી પુરવઠા યોજના કાર્યરત છે.

| ક્રમ | યોજનાનો પ્રકાર | તાલુકો | |
|---|---|---|---|
| | | ધરમપુર | કપરાડા |
| ૧ | જુથ યોજના | ૨ | ૩ |
| ૨ | વ્યકિતગત પાઈપ યોજના | ૪૮૮ | ૩૬૨ |
| ૩ | મીની પાઈપ યોજના | ૩૮૧ | ૫૪૭ |

---------

પોરબંદર અને ગીર સોમનાથનાં માછીમારોને સલામતીના સાધનોની સહાય

* ૩૦૨૦૪ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પોરબંદર અને ગીર સોમનાથના માછીમારોની સલામતી માટેના સાધન સહાય આપવા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી હતી અને વર્ષવાર કેટલી ચુકવી ?

નીચે દર્શાવ્યા મુજબ.

| | વર્ષ ૨૦૧૫-૧૬ | | વર્ષ ૨૦૧૬-૧૭ | |
|---|---|---|---|---|
| | ફાળવણી રૂ.લાખમાં | ચુકવેલ સહાય રૂ.લાખમાં | ફાળવણી રૂ.લાખમાં | ચુકવેલ સહાય રૂ.લાખમાં |
| પોરબંદર | ૪૭.૯૬ | ૪૭.૯૬ | ૧૦૨.૩૫ | ૧૦૨.૩૫ |
| ગીરસોમનાથ | ૩૫૩.૮૭ | ૨૬૨.૩૦ | ૧૭૧.૨૦ | ૧૭૧.૨૦ |
| કુલ | ૪૦૧.૮૩ | ૩૧૦.૨૬ | ૨૭૩.૫૫ | ૨૭૩.૫૫ |

---------

### લાજપોર મધ્યસ્થ જેલના કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૨૩ શ્રી રણજીતભાઈ ગીલીટવાળા (સુરત પૂર્વ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલના કેદીઓના ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ? | (૨) ૧૫૩ કેદીઓએ. |

---------

### રાજ્યમાં બંદરો

* ૩૨૪૩૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા બંદરો આવેલ છે, | (૧) ૪૬ બંદરો |
| (૨) તે પૈકી કેટલા બંદર સરકાર હસ્તક અને કેટલા ખાનગી બંદરો છે ? | (૨) ૪૨ બંદરો સરકાર હસ્તક અને ૪ ખાનગી બંદરો છે. |

---------

### રાજકોટ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.

* ૨૯૮૧૦ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલી અને કઈ જી.આઈ.ડી.સી. ઓ કાર્યરત છે, અને | (૧) રાજકોટ જિલ્લામાં નીચે મુજબની ૧૨ જી.આઈ.ડી.સી. ઓ કાર્યરત છેઃ આજી, ભકિતનગર, લોધીકા, કુવાડવા, ગોંડલ-૧, ગોંડલ-૨, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જસદણ, પડધરી અને કોટડા સાંગાણી. |
| (૨) ઉકત કાર્યરત જી.આઈ.ડી.સી. ઓ પૈકી છેલ્લા બે વર્ષમાં નવી કેટલી જી.આઈ.ડી.સી.ઓ સ્થાપવામાં આવી ? | (૨) એકપણ નહિં. |

---------

### દાહોદ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૭૪૧ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના કુલ-૧૫ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહિં. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ?

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ખનીજ ચોરીની બાકી વસુલાત

* ૩૨૨૬૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ખનીજ ચોરીના નોંધાયેલ કેટલા કેસોમાં દંડની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ખનીજચોરીના નોંધાયેલ કેસોમાં દંડની રકમ વસુલ કરવાના બાકી કેસોની સંખ્યા અને દંડની રકમની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | દંડની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| છોટાઉદેપુર | ૭૮ | ૧૭૪૫.૯૫ |
| વડોદરા | ૨૦ | ૩૮૦.૦૧ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નખત્રાણા ખાતે કોર્ટ મકાનનું બાંધકામ

* ૩૦૭૧૫ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નખત્રાણા ખાતે નવીન કોર્ટના મકાનના બાંધકામ માટે સુધારેલી મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ થનાર છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૫,૪૭,૩૯,૦૦૦/–

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

અરવલ્લી જિલ્લામાં પોલીસનું મહેકમ

* ૩૨૦૫૩ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨)
સામેલ પત્રક–અ મુજબ.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે સરકાર દ્વારા અલગ ભરતી બોર્ડ રચેલ છે અને ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રિયા ચાલુ છે, જ્યારે બઢતીથી ભરવાની થતી જગ્યાઓ બઢતી અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી ભરવામાં આવતી હોય છે.

પત્રક–અ

તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પોલીસનું મહેકમ

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયરી પો.ઇ. | ૮ | ૫ | ૩ |
| ૨ | મહિલા પો.ઇ. | ૧ | ૦ | ૧ |
| ૩ | બિ.હ. પોસઇ (મહિલા સહિત) | ૧૫ | ૧૫ | ૦ |
| ૪ | હથિયારી પો.સ.ઇ. | ૭ | ૫ | ૨ |
| ૫ | બિ.હ. એએસઆઇ | ૬૬ | ૬૫ | ૧ |

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૬ | હથિ. એએસઆઇ | ૪૨ | ૧૭ | ૨૫ |
| ૭ | મહિલા એએસઆઇ | ૪ | ૪ | ૦ |
| ૮ | બિ.હ.હે.કો. | ૧૧૯ | ૭૦ | ૪૯ |
| ૯ | હથિ. હે.કો. | ૫૭ | ૫૧ | ૬ |
| ૧૦ | મહિલા હે.કો. | ૧૬ | ૬ | ૧૦ |
| ૧૧ | બિ.હ. પો.કો. | ૨૯૪ | ૧૫૩ | ૧૪૧ |
| ૧૨ | હથિ. પો.કો. | ૨૮૨ | ૨૧૩ | ૬૯ |
| ૧૩ | મહિલા પો.કો. | ૨૮ | ૨૮ | ૦ |

---------

રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ મોબાઇલના ડેટાની સવલત

* ૩૦૭૬૬ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ મોબાઇલ ફોનમાંથી ડેટા મેળવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ મોબાઇલ ફોનમાંથી ડેટા મેળવવાની અત્યાધુનિક ચીપ–ઓફ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.

---------

શહેરા તાલુકા પોલીસ સ્ટેશનમાં મહેકમ

* ૩૨૨૪૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ શહેરા તાલુકા પોલીસ સ્ટેશનમાં મંજુર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પોલીસ સ્ટેશનમાં પી.આઇ.ની જગ્યા મંજુર થયેલ છે કે કેમ ?

જવાબ

(૧) અને (૨) સામેલ પત્રક–અ મુજબ.

(૩) ના, જી.

પત્રક–અ

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ શહેરા તાલુકા પોલીસ સ્ટેશનનું મંજુર મહેકમ, ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની વિગતો

| ક્રમ | સંવર્ગ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ માસ સુધીની | ૧ વર્ષ સુધીની | ૨ વર્ષ અને તેથી ઉપરની |
| ૧ | બિ.હ.પો.સ.ઇ. | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | બિ.હ.એ.એસ.આઇ | ૧૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | હથિ. એ.એસ.આઇ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | બિ.હ.હે.કો. | ૧૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૦ |
| ૫ | હથિ. હે.કો. | ૩ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૬ | બિ.હ.પો.કો. | ૩૧ | ૨૩ | ૮ | ૩ | ૫ | ૦ |
| ૭ | હથિ. પો.કો. | ૧૦ | ૨ | ૮ | ૦ | ૩ | ૫ |

---------

પાલારા ખાસ જેલ કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૧૮ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની કચ્છ જિલ્લામાં આવેલ પાલારા ખાસ જેલના કેદીઓને ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ? | (૨) ૫૪ કેદીઓએ. |

---------

### કલોલ ખાતે રહેણાંક મકાન

* ૩૨૩૧૧ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા
કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ન્યાયિક અધિકારીઓના ''ઇ'', ''ઇ-૧'' અને 'ડી-૧' ટાઇપના રહેણાંકના મકાનો માટે ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨,૫૮,૪૫,૨૦૦/-. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

### રાજ્યની એફ.એસ.એલ. દ્વારા દેશની સુરક્ષા પાંખને મદદ

* ૩૦૭૫૨ શ્રી શિવાભાઈ ગોહીલ (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેશની સુરક્ષા પાંખને રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ગુન્હા સંશોધન માટે સેવા પુરી પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની સેવા પુરી પાડવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેશની સુરક્ષા પાંખ આર્મી, એરફોર્સ અને નેવીને રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કૂલ-૬ કેસના ૩૪ નમૂનાઓના પૃથ્થકરણ કરી ગુન્હા સંશોધન માટે સેવા પૂરી પાડવામાં આવેલ છે. |

---------

### ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં માછીમારોના પાકિસ્તાન જેલમાં મૃત્યુ સામે સહાય

* ૩૧૧૨૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતના માછીમારોને પાકિસ્તાનની મરીન સીક્યુરીટી દ્વારા પકડવામાં આવે છે ત્યારે પકડાયેલ માછીમારો પાકિસ્તાનની જેલમાં મૃત્યુ પામે છે તો માછીમારોના પરિવારજનોને સહાય ચુકવવા માટે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાંથી કેટલી માંગણી કે ફરીયાદો સરકારને મળી, અને | (૧) ૧(એક) અરજી મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે ક્યારે શી કાર્યવાહી કરી ? | (૨) પાકિસ્તાનની જેલમાં મૃત્યુ પામે તે માછીમારોના પરિવારજનોને સહાય ચુકવવાની યોજના અમલમાં નથી. |

---------

ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા જિલ્લામાં ખનિજ પરીવહનથી અસરગ્રસ્ત માર્ગો દૂરસ્ત કરવા ગ્રાન્ટ

* ૩૦૬૯૧ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ–માર્ગો માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે કોઇ જોગવાઇઓ કરેલ છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફાળવણી કરેલ છે? | (૨) |

| વર્ષ | ગ્રાન્ટની ફાળવણી (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫ | ૨૯૯.૯૪ |
| ૨૦૧૬ | શૂન્ય |

---------

### રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ સીમકાર્ડ બાબતે સવલત

* ૩૦૭૬૪ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ સીમકાર્ડમાંથી ડેટા મેળવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડેમેજ સીમકાર્ડમાંથી ડેટા મેળવવા માટે અત્યાધુનિક પ્રકારની ડેમેજ સીમકાર્ડ એનાલીસીસ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. |

---------

### રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર તપાસ એજન્સીને મદદ

* ૩૦૭૬૧ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રની તપાસ એજન્સીઓને રાજ્યની એફ.એસ.એલ. દ્વારા મદદ પુરી પાડેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની વિગત શું છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી દ્વારા કેન્દ્રની કૂલ ૪૭ તપાસ એજન્સીઓને મદદ પૂરી પાડેલ છે. |

---------

### ભાવનગર જિલ્લા જેલ કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૨૧ ડૉ. ટી. ડી. માણિયા (બોટાદ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની ભાવનગર જિલ્લા જેલના કેદીઓના ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ? | (૨) ૩૮ કેદીઓએ. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીના બનાવ

* ૨૯૮૨૪ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ખનીજની ચોરીના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમનો દંડ કર્યો અને કઇ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ખનીજની ચોરીના નોંધાયેલ બનાવો નીચે મુજબ છેઃ

| વર્ષ | જિલ્લો | નોંધાયેલ કેસો |
|---|---|---|
| ૨૦૧૫ | અમદાવાદ | ૧૭૪ |
| | ગાંધીનગર | ૨૧૪ |
| ૨૦૧૬ | અમદાવાદ | ૪૯૪ |
| | ગાંધીનગર | ૩૬૯ |

(૨) તે અન્વયે વર્ષવાર કરેલ દંડની રકમની વિગત નીચે મુજબ છેઃ

| વર્ષ | જિલ્લો | કરેલ દંડની રકમ રૂ.લાખ |
|---|---|---|
| ૨૦૧૫ | અમદાવાદ | ૩૬૯.૩૬ |
| | ગાંધીનગર | ૨૮૬.૬૨ |
| ૨૦૧૬ | અમદાવાદ | ૧૧૧૦.૮૨ |
| | ગાંધીનગર | ૬૦૧.૦૬ |

ઉક્ત કેસો પૈકી ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ ના નિયમ ૧૩(૨) હેઠળ ૧૨૩૦ કેસ કરેલ છે તથા આઇ.પી.સી. ૩૭૯ હેઠળ ૧૭ કેસ અને આઇ.પી.સી. ૩૭૯, ૧૧૪ હેઠળ ૦૪ કેસ કરેલ છે.

---------

### મહીસાગર જિલ્લામાં એ.ટી.વી.ટી. હેઠળ ફાળવેલ રકમ

* ૩૦૮૦૬ પ્રો. હિરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જિલ્લામાં તાલુકાદીઠ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જિલ્લામાં તાલુકાદીઠ ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૫-૧૬ માં ફાળવેલ રકમ | ૨૦૧૬-૧૭ માં ફાળવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | લુણાવાડા | ૧૮૮.૦૦ | ૧૧૬.૬૯ |
| ૨ | ખાનપુર | ૨૬૨.૦૦ | ૧૫૯.૬૮ |
| ૩ | સંતરામપુર | ૨૮૭.૦૦ | ૧૭૫.૦૩ |
| ૪ | કડાણા | ૨૮૮.૦૦ | ૧૭૮.૧૦ |
| ૫ | બાલાસિનોર | ૧૩૭.૫૦ | ૮૪.૪૫ |
| ૬ | વીરપુર | ૧૬૨.૫૦ | ૯૯.૮૦ |
| | કુલ | ૧૩૨૫.૦૦ | ૮૧૩.૭૫ |

(૨) ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ કુલ ૧૧૩૮

આવ્યા, અને

કામોની વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર પૂર્ણ કરવામાં આવેલ કામોની સંખ્યા | | પૂર્ણ કરેલ કુલ કામોની સંખ્યા (૩+૪) |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | લુણાવાડા | ૮૪ | ૪ | ૮૮ |
| ૨ | ખાનપુર | ૧૩૯ | ૯ | ૧૪૮ |
| ૩ | સંતરામપુર | ૨૭૫ | ૦ | ૨૭૫ |
| ૪ | કડાણા | ૨૯૭ | ૩૧ | ૩૨૮ |
| ૫ | બાલાસિનોર | ૧૧૩ | ૨૮ | ૧૪૧ |
| ૬ | વીરપુર | ૧૩૪ | ૨૪ | ૧૫૮ |

(૩) કેટલા કામો પ્રગતિમાં છે ?

(૩) પ્રગતિ હેઠળના કુલ ૫૮૧ કામો ની વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર પ્રગતિ હેઠળના કામોની સંખ્યા | | પ્રગતિ હેઠળના કામોની કુલ સંખ્યા (૩+૪) |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | લુણાવાડા | ૬૭ | ૮૪ | ૧૫૧ |
| ૨ | ખાનપુર | ૬૭ | ૫૫ | ૧૨૨ |
| ૩ | સંતરામપુર | ૩૨ | ૭૨ | ૧૦૪ |
| ૪ | કડાણા | ૧૪ | ૮૫ | ૯૯ |
| ૫ | બાલાસિનોર | ૧ | ૫૧ | ૫૨ |
| ૬ | વીરપુર | ૧૬ | ૩૭ | ૫૩ |

---------

### પંચમહાલ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૭૪૨ શ્રી અરવિંદકુમાર રાઠોડ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને

(૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના કુલ–૧૪ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે.

(૨) કોઈ નહિ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૩૨૨૫૮ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ ચોરી, લૂંટ, ધાડ, મારામારી અને બળાત્કારના કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

જવાબ

(૧)

| ઘરફોડ ચોરી | લૂંટ | ધાડ | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|
| ૨૮૦ | ૧૩૨ | ૨૨ | ૪૦૧ | ૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારો સામે મુખ્યત્વે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૨) ૧૧૭૮ ગુનેગારોને અટક કરી, ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

ખાંભા ખાતે રહેણાંક મકાન

* ૩૦૪૮૮ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં ખાંભા ખાતે ‘એ’, ‘બી’ અને ‘સી’ ટાઇપના રહેણાંકના મકાનો માટે ૨૦૧૬–૧૭ ના નાણાંકીય વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મંજૂરી આપી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૨૦૧૬–૨૦૧૭ ના નાણાંકીય વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૨,૩૬,૦૫,૦૦૦/–.

(૩) આ કામના વિગતવાર નકશા અંદાજો તૈયાર કરતાં અંદાજિત રકમ રૂ.૩,૦૬,૫૧,૦૦૦/– થવા જાય છે, જેની સુધારેલી વહીવટી મંજુરી મળ્યેથી ટી.એસ., ડી.ટી.પી. ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી બાંધકામ શરૂ કરવામાં આવશે.

---------

કુકાવાવ અને વડીયા તાલુકામાં મહીપરીએજ યોજના

* ૩૦૮૩૨ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ અમરેલી જિલ્લાના કુકાવાવ અને વડીયા તાલુકાના કેટલા ગામોમાં મહીપરીએજ યોજનાથી પહોંચાડવામાં આવતું પાણી સંગ્રહ કરવા માટે સ્થાનિક કક્ષાએ પુરતી વ્યવસ્થા નથી,

(૨) ઉપરોક્ત સ્થિતિએ પાણી સંગ્રહની ઘટ ધરાવતા ગામોને જરૂરીયાત મુજબના ભુગર્ભસંપ બનાવી આપવા કેટલી રકમના ખર્ચે સૈધાંતિક અને વહીવટી મંજુરી ક્યારે આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામો કેટલા સમયમાં પૂર્ણ કરાવવાનું આયોજન છે ?

જવાબ

(૧) કુકાવાવ–વડીયા તાલુકાના ૨૨ ગામોએ સ્થાનિક કક્ષાએ પાણી સંગ્રહની પુરતી વ્યવસ્થા નથી.

(૨) ઉક્ત ૨૨ ગામોએ સ્થાનિક કક્ષાએ ભુગર્ભ સંપ બનાવવા માટે નીચે મુજબ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| અનુ. | તારીખ | ગ્રોસ અંદાજીત કીંમત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | તા.૧–૧૦–૨૦૧૪ | ૩.૫૮.૬૧ |
| ૨ | તા.૩૦–૧–૨૦૧૬ | ૩.૯૯.૪૫ |

(૩) ઉક્ત ૨૨ ગામો પૈકી ૧૫ ગામોમાં ભૂગર્ભ સંપના કામો પ્રગતિમાં છે. જે જુન–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે બાકી રહેતાં ૭ ગામોના ભૂગર્ભ સંપના કામો ટેન્ડર પ્રક્રિયામાં છે. જે મંજુર થયે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

રાજ્યની એફ.એસ.એલ. દ્વારા અન્ય દેશને મદદ

* ૩૦૭૭૨ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય કોઇ દેશ દ્વારા ગુન્હા સંશોધન માટે રાજ્યની એફ.એસ.એલ. ની મદદ લેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની સેવા પૂરી પાડવામાં આવેલ છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અતારાંકિત પ્રશ્નો

### ભરૂચ સબ જેલમાં યોગ દિવસ

* ૩૨૩૩૫ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬ માં ભરૂચ સબ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે ? | (૨) ૧૩૩ કેદીઓએ તથા ૦૯ કર્મચારીઓએ. |

---------

### મહીસાગર જિલ્લામાં બંધ આઉટ પોસ્ટ પોલીસ ચોકી

* ૩૦૭૯૨ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલી આઉટ પોસ્ટ પોલીસ ચોકી કાર્યરત છે, | (૧) ૧૭ આઉટ પોસ્ટ અને પોલીસ ચોકી કાર્યરત છે. |
| (૨) તે પૈકી કેટલા આઉટ પોસ્ટ પોલીસ ચોકીના મકાનો જર્જરીત હોવાના કારણે બંધ છે, અને | (૨) કોઇ પણ આઉટ પોસ્ટ અને પોલીસ સ્ટેશન બંધ નથી. |
| (૩) તે અન્વયે નવા મકાન બનાવવાનું શું આયોજન છે? | (૩) લાગુ પડતું નથી. |

---------

### વડોદરા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા

* ૩૦૭૪૫ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્યમાં કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્યમાં ૧૫ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ વડોદરા ગ્રામ્યમાં કેટલા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના બાકી છે, અને | (૨) કોઈ નહી. |
| (૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોમાં કેટલા સમયમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ મોબાઈલના ડેટાની સવલત

* ૩૦૭૬૭ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ મોબાઈલ ફોનમાંથી ડેટા મેળવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે ? | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ મોબાઈલ ફોનમાંથી ડેટા મેળવવાની અત્યાધુનિક ચીપ–ઓફ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. |

---------

### ગાંધીનગર જિલ્લા કોર્ટ મકાનમાં વધારાનું કામ

* ૩૨૩૦૯ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર જિલ્લા કોર્ટના હયાત મકાનમાં વધારાના બાંધકામ માટે મંજુરી આપવામાં આવેલ | (૧) હા, જી. |

છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧૭,૬૬,૦૦,૦૦૦/-

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ.

---------

રાજ્યમાં આખલાઓને ખેતી માટે મોકલવા ટ્રાન્સપોર્ટ સહાય

* ૩૨૦૩૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧, ડીસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ગૌ સેવા આયોગ દ્વારા પાંજરાપોળના આખલાઓને ખેતી માટે મોકલવા ટ્રાન્સપોર્ટ સહાયની યોજના ચાલી રહી છે તે હકિકત સાચી છે, | (૧) ના |
| (૨) જો હા, તો ખેતીમાં આખલાઓનો ઉપયોગ ન થતો હોવા છતાં ઉક્ત યોજના અને કામગીરીના શા કારણો છે, | (૨) લાગુ પડતુ નથી. |
| (૩) ઉક્ત યોજના અન્વયે ખેતી માટે મોકલવામાં આવતા આખલાઓને ખેતીને બદલે કતલખાનામાં ધકેલાઈ રહ્યા છે તેવી કેટલી ફરિયાદો ૩૧ ડીસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી છે, અને | (૩) લાગુ પડતુ નથી. |
| (૪) ઉક્ત ફરિયાદોના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૪) લાગુ પડતુ નથી. |

---------

નવસારી સબજેલમાં યોગ દિવસ

* ૩૨૩૩૬ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬માં નવસારી સબ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે ? | (૨) ૩૫૦ કેદીઓ તથા ૨૦ કર્મચારીઓ |

---------

મહેસાણા જિલ્લામાં પીવાનાં પાણીની યોજના

* ૩૧૯૭૭ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર પીવાના પાણી માટેની કેટલી અને કઈ યોજનાઓ બનાવી,

જવાબ

(૧) તાલુકાવાર વર્ષવાર નીચેની વિગતે તથા મંજુર થયેલ યોજનાની યાદી *પરિશિષ્ટ-૧ મુજબ

| તાલુકો | તા. ૧-૨-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ સુધી મંજુર કરેલ યોજનાઓ | તા. ૧-૨-૨૦૧૬ થી તા. ૩૧-૧-૨૦૧૭ સુધી મંજુર કરેલ યોજનાઓ | કુલ |
|---|---|---|---|
| કડી | ૪ | ૨ | ૬ |
| બેચરાજી | ૨ | ૨ | ૪ |
| મહેસાણા | ૧૧ | ૪ | ૧૫ |
| વિજાપુર | ૩ | ૬ | ૯ |
| વિસનગર | ૫ | ૧ | ૬ |

| | | | |
|---|---|---|---|
(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેવા પ્રકારની ગેરરિતીઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

(૨)

| જિલ્લો | વર્ષ | ગેરરિતીનો પ્રકાર | ખનીજ ચોરીની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૫ | બિન અધિકૃત ખનન તથા લીઝ કરારખત | ૨૨.૬૬ |
| | ૨૦૧૬ | | ૩૮.૨૫ |
| ગાંધીનગર | ૨૦૧૫ | | ૨.૫૫ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| જિલ્લો | ઈસમોની સંખ્યા | કરેલ કાર્યવાહીની વિગત. |
|---|---|---|
| અમદાવાદ | ૦૪ | રૂ.૧૭.૭૨ લાખની વસૂલાત. |
| | ૦૨ | રૂ.૪૨.૭૯ લાખ ભરપાઈ કરવા હુકમ કર્યો. |
| | ૦૧ | શરતભંગ બદલ લીઝ રદ કરવામાં આવી. |
| ગાંધીનગર | ૧૧ | રૂ.૨૭.૨૪ લાખની વસૂલાત. |
| | ૦૪ | રૂ.૧૨૫.૨૬ લાખ ભરપાઈ કરવા હુકમ કર્યો. |
| | ૦૨ | કરારખત શરત ભંગ બદલ નોટીસ |

(૪) ઉક્ત સ્થિતિએ ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી?

(૪) શૂન્ય

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સામૂહિક બળાત્કાર

* ૩૦૮૦૭ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો નોંધાયા છે, અને | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે? | (૨) ૫ આરોપીઓ પકડાયેલ છે. અને કોઈ આરોપી પકડવાના બાકી નથી. |

પત્રક

| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | |
|---|---|---|
| મહીસાગર | | |
| અ.નં. | તાલુકા | સામૂહિક બળાત્કારના નોંધાયેલ બનાવો |
| ૧ | લુણાવાડા | ૦ |
| ૨ | સંતરામપુર | ૦ |
| ૩ | બાકોર | ૦ |
| ૪ | કડાણા | ૦ |
| ૫ | બાલાશિનોર | ૦ |
| ૬ | વિરપુર | ૦ |
| પંચમહાલ | | |
| ૧ | ગોધરા | ૧ |
| ૨ | શહેરા | ૦ |
| ૩ | મોરવા | ૧ |
| ૪ | હાલોલ | ૦ |
| ૫ | કાલોલ | ૦ |
| ૬ | જાંબુઘોડા | ૦ |
| ૭ | ઘોઘંબા | ૦ |

---------

### ગોધરા સબ જેલમાં યોગ દિવસ

* ૩૨૩૫૩ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬માં ગોધરા સબ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે ? | (૨) ૧૪૫ કેદીઓ તથા ૧૫ કર્મચારીઓ |

---------

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનીજ રોયલ્ટીની આવક

* ૩૨૨૬૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે કઈ ખનીજની કેટલી રોયલ્ટીની આવક પ્રાપ્ત થઈ ? | તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મેળવેલ ખનીજની રોયલ્ટીની આવક નીચે મુજબ છે. |

| ખનીજનું નામ | રોયલ્ટીની આવક (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | ગાંધીનગર | મહેસાણા |
| માટી | ૨૭૯.૬૨ | ૧૬૫.૪૫ |

| | | |
|---|---|---|
| રેતી | ૧૮૫૭.૮૫ | ૧૦૧૭.૭૬ |
| ચાઈના કલે | ૦ | ૩૯.૮૬ |
| ક્વાર્ટઝાઈટ | ૦ | ૭.૫૮ |
| ગ્રેનાઈટ | ૦ | ૧૫૬.૫૨ |
| બિલ્ડિંગ સ્ટોન | ૦ | ૧૦૭૧.૭૬ |
| ગ્રેવલ | ૦ | ૦.૮૪ |

---------

રાજ્યની એફ.એસ.એલ. દ્ધારા અન્ય દેશને મદદ

* ૩૦૭૭૩ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય કોઈ દેશ દ્ધારા ગુન્હા સંશોધન માટે રાજ્યની એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની સેવા પુરી પાડવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ચાંદગઢ અને વિઠલપુર પાણી પુરવઠા યોજના

* ૩૦૮૩૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલીની ચાંદગઢ અને વિઠલપુર જૂથ પાણી પુરવઠા યોજનાએ ક્યારે અને કેટલી રકમના ખર્ચે સૈધાંતિક મંજૂરી અને વહીવટી આપવામાં આવેલ છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાની કામગીરી ક્યા તબક્કે છે અને ક્યારે કાર્યાન્વિત થનાર છે ? | (૧) અને (૨)<br>અમરેલી જિલ્લાની ચાંદગઢ અને વિઠ્ઠલપુર જુથ પાણી પુરવઠા યોજનાઓને મહિ/નર્મદા પાઈપલાઈન આધારીત ઈશ્વરીયા ગૃપ યોજનામાં સમાવેશ કરી આ ગૃપ યોજના દ્ધારા ઉક્ત બન્ને જુથ પાણી પુરવઠા યોજનાઓના ગામોને વર્ષ ૨૦૦૩ થી પાણી શરૂ કરેલ છે.<br>ઈશ્વરીયા ગૃપની મજબુતીકરણની અંદાજીત કિંમત રૂ.૨.૪૫ કરોડ વાળી યોજનાને તા.૯–૩–૨૦૧૫ થી સૈધ્ધાંતિક મંજુરી આપેલ છે. આ યોજનાના અંદાજો તૈયાર કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. જેને સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા કરી વહેલી તકે યોજનાના કામો પૂર્ણ કરવાનો અંદાજ છે. |

---------

નવસારી સબ જેલના કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૧૫ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી સબ જેલના કેદીઓના ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ? | (૨) ૦૮ કેદીઓએ. |

---------

નસવાડી ખાતે રહેણાંક મકાન

* ૩૨૩૦૭ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય કાયદો અને ન્યાતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નસવાડી ખાતે ન્યાયિક | (૧) હા, જી. |

કર્મચારીઓના રહેણાંકના મકાનના બાંધકામ માટે મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨)

| | મકાનની કક્ષા (કેટેગરી) | યુનિટ | રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | એ | ૪ | ૬૮.૨૫ |
| ૨ | બી | ૪ | ૬૮.૨૩ |
| ૩ | સી | ૪ | ૯૬.૫૪ |
| | કુલ | | ૨૩૩.૦૨ |

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ થનાર છે ?

(૩) જમીનની ફાળવણી થયેથી બાંધકામને આનુસંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

લાજપોર મધ્યસ્થ જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૬૧ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલમાં કઇ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે ?

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૧૫૩ |
| ૨ | વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી તાલીમ | ૪૭૪ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૬૯ |
| ૪ | યોગ તાલીમ | ૭૦૬ |

---------

મહેસાણા જિલ્લામાં ફેમિલી કોર્ટનું બાંધકામ

* ૩૧૯૭૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) મહેસાણા જિલ્લા ખાતે ફેમિલી કોર્ટના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ કોઇ મંજુરી આપી છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા જિલ્લામાં લોકદરબાર

* ૩૦૮૫૧ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે હેતુસર સમયાંતરે સ્થાનિક કક્ષાએ કેટલા લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧)

| તાલુકા | લોકદરબારની સંખ્યા |
|---|---|
| નડીયાદ | ૪૭ |
| ઠાસરા | ૪૧ |
| વસો | ૧૩ |
| માતર | ૩૭ |
| કપડવંજ | ૪૭ |
| કઠલાલ | ૧૯ |

| | |
|---|---|
| મહેમદાવાદ | ૪૫ |
| ખેડા | ૨૩ |
| મહુધા | ૦૭ |

(૨) તે પૈકી લોકદરબારમાં પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધે તે માટે કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી ?

(૨)

- લોકદરબારમાં મોટે ભાગે ટ્રાફિક સમસ્યા અને નિયમન અંગે રજૂઆત થતી હોય છે આવી રજૂઆત અન્વયે સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસને જરૂરી સુચના આપી ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે છે.
- લોકદરબારમાં પ્રજામાં વિશ્વાસ કેળવી શકાય તે સારૂ પ્રજાને વર્તમાન સમયમાં બનતા ગુનાઓ અને ગુનેગારોની ગુનો કરવાની પદ્ધતિ વિશે માહીતગાર કરવામાં આવે છે તેમજ તેઓના વિસ્તારમાં કોઇ અસામાજિક પ્રવૃત્તિ ચાલતી હોય, ગુનેગારો બહારથી આવી રહેતા હોય, મહિલાઓની છેડતીના બનાવો બની રહ્યા હોય, તાંત્રીક, ભુવાઓ, બોગસ જ્યોતિષો સક્રિય હોય, લગ્નના બહાને છેતરપીંડી કરનાર ગેંગ, નોકરીના બહાને ઠગાઇ કરનાર ગેંગ, એકના ડબલ કરી આપવાનો ધંધો કરતી ગેંગ, ઘરેણાં ચક–ચકીત કરવાના બહાને થતી છેતરપીંડી કરનાર ગેંગ બાબતે કોઇ માહિતી મળ્યેથી નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવા પ્રજાને જણાવવામાં આવે છે તેમજ દુધવાળા, ફેરીયાઓ, ધોબી કે દરરોજ જીવન જરૂરીયાતની વસ્તુઓ ઘરે પહોંચાડનાર વ્યક્તિઓને પ્રજાને બહારગામ જવાની પ્રવૃત્તિ વિશે જાણ ન કરવા સુચિત કરવામાં આવે છે જેથી તેઓ કોઇ ગુનામાં ભોગ ન બને.
- વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તેમજ ડ્રાઇવીંગ લાયસન્સ, પી.યુ.સી., આર.સી.બુક સાથે રાખવા બાબતે પ્રજાને માહિતગાર કરવામાં આવે છે.
- લોકદરબાર દરમ્યાન પ્રજા તરફથી રજૂ કરવામાં આવતા પ્રશ્નોનું નિરાકરણ સ્થળ ઉપર જ થાય તેવા પ્રયાસો કરી પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસનો સેતુ બંધાય તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્લાઇમેટ ચેન્જ વિભાગ ધ્વારા કાર્યક્રમ

* ૩૨૦૨૩ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ક્લાઇમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા સન ૨૦૧૫ અને ૨૦૧૬ માં શા કાર્યક્રમો હાથ ધરાયા,

જવાબ

(૧) સન ૨૦૧૫ ના કાર્યક્રમોઃ–

(૧) મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરી, ભાણવડ, તેમજ મામલતદાર કચેરી અને પોલિસ સ્ટેશન, ખંભાળિયા ખાતે કુલ ૩૫ કિ.વોટની સોલર પીવી સિસ્ટમ વીજ ઉત્પાદન માટે લગાવેલ છે.

(૨) ૫૧.૪૨ મેગાવોટની ક્ષમતાના પવન વિદ્યુત મથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

(૩) કુલ ૧૭૦ ઘનમીટર પ્રતિ દિવસ ક્ષમતાના

બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

(૪) ૪ નંગ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે.

(૫) જનઃ જાગૃતિ પ્રવૃત્તિ અંતર્ગત પુનઃપ્રાપ્ય ઉર્જા નિદર્શન વાન દ્વારા જિલ્લાની કલેક્ટર કચેરી, આઇ.ટી.આઇ. તેમજ દ્વારકા, ઓખા, ભાણવડ વગેરે જાહેર સ્થળોએ નિદર્શન કરવામાં આવ્યું, તથા હોર્ડીંગ્સ, દૂર–દર્શન પર ઓડિયો વીઝ્યુઅલ કાર્યક્રમો અને એસ.ટી. બસોમાં પેનલ્સ દ્વારા જનજાગૃતિ લાવવામાં આવેલ છે. પ્રજાસત્તાક દિન નિમિત્તે જામ ખંભાળિયા ખાતે રાજ્ય કક્ષાની પરેડમાં પુનઃપ્રાપ્ય ઉર્જા વિષય પર ટેબ્લો રજુ કરી નિદર્શન કરેલ છે.

સન ૨૦૧૬ ના કાર્યક્રમોઃ–

(૧) આઇ.ટી.આઇ. જામ ખંભાળિયા ખાતે ૫ કિલોવોટની ઓફગ્રીડ સોલર પીવી સિસ્ટમ તથા ૧૦૫ કિલોવોટની ગ્રીડ કનેક્ટેડ સોલર પીવી સિસ્ટમ જિલ્લા સેવા સદન કચેરી જામખંભાળિયા ખાતે લગાવેલ છે.

(૨) ૪૫.૨૦ મેગાવોટની ક્ષમતાના પવન વિદ્યુત મથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

(૩) કુલ ૮૫ ઘનમીટર પ્રતિ દિવસ ક્ષમતાના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

(૪) ૫ નંગ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે.

(૫) પવિત્ર યાત્રાધામ પૈકીના દ્વારકાનાં વિશ્રામગૃહમાં ૪૦૦૦ લિટર પ્રતિ દિન ક્ષમતાની સોલર વોટર હિટીંગ સિસ્ટમ બેસાડવામાં આવેલ છે.

(૬) હોર્ડીંગ્સ અને એસ.ટી. બસોમાં પેનલ્સ દ્વારા જનજાગૃતિ લાવવામાં આવેલ છે.

(૨) તેના શા પરિણામો કે શી સકારાત્મક અસરો ઉભી થઇ, અને

(૨)

(૧) વાર્ષિક ધોરણ અંદાજે ૧૯૩ મીલીયન યુનિટ હરીત ઉર્જાનું ઉત્પાદન થાય છે.

(૨) ૫૫૮ ઘનમીટર મિથેન વાયુનું ઉત્સર્જન અટકાવી શકાયું છે.

(૩) સોલર વોટર હિટીંગ સિસ્ટમના ઉપયોગથી વીજળીની બચત થયેલ છે.

(૪) સુધારેલ સ્મશાન ભઠ્ઠીથી, મૃત દેહને અગ્નિસંસ્કાર કરવાથી લાકડાની બચત શક્ય બનેલ છે.

(૫) પુનઃપ્રાપ્ય ઉર્જા તથા ઉર્જા સંરક્ષણના કાર્યક્રમોના અમલથી ક્લાઇમેટ ચેન્જ અંગે જનજાગૃતિ કેળવાઇ છે.

(૩) આ કાર્યક્રમો પાછળ ઉક્ત વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યા છે ?

(૩) સન ૨૦૧૫ ના કાર્યક્રમોઃ–

આ કાર્યક્રમ પાછળ રૂ.૫૮,૪૨,૫૬૭/– ખર્ચ કરવામાં આવેલ છે.

સન ૨૦૧૬ ના કાર્યક્રમોઃ–

આ કાર્યક્રમ પાછળ રૂ.૯૩,૩૫,૦૦૩/- ખર્ચ કરવામાં આવેલ છે.

---------

રાજકોટ મધ્યસ્થ જેલમાં જેલ કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૩૧ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ મધ્યસ્થ જેલમાં કઇ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે ? | (૨) |

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૨૪૭ |
| ૨ | વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી તાલીમ | ૫૭૭ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૧૨૪ |
| ૪ | યોગ તાલીમ | ૧૪૧૪ |

---------

રાજપીપળા સબ જેલના કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૧૭ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની રાજપીપળા સબ જેલના કેદીઓના ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ? | (૨) ૩૧ કેદીઓએ. |

---------

છોટા ઉદેપુર સબ જેલમાં યોગ દિવસ

* ૩૨૩૫૪ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬ માં છોટા ઉદેપુર સબ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે? | (૨) ૯૦ કેદીઓ તથા ૦૮ કર્મચારીઓ. |

---------

મહેસાણા જિલ્લા જેલના કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૧૯ શ્રી રજનીકાન્ત પટેલ (બેચરાજી) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની મહેસાણા જિલ્લા જેલના કેદીઓના ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉચ્ચ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ? | (૨) ૧૪૧ કેદીઓએ |

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### જુનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના બનાવ

* ૩૦૧૧૭ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં ખનીજની ચોરીના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમનો દંડ કર્યો અને કઈ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં ખનીજની ચોરીના બનાવોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|---|
| જુનાગઢ | ૨૦૧૫ | ૩૧૮ |

(૨) તે અન્વયે વર્ષવાર કરેલ દંડ, કલમો અને કેસોની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | વર્ષ | દંડની રકમ (રૂ. લાખ) | કલમની વિગત |
|---|---|---|---|
| જુનાગઢ | ૨૦૧૫ | ૧૭૫.૯૫ | ગુજરાત ખનિજ/ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ના નિયમ ૧૩(૨) હેઠળ ૪૧૯ કેસ અને આઈ.પી.સી.ની કલમ ૩૭૯ હેઠળ ૧૧ કેસ કરવામાં આવેલ છે. |
| | ૨૦૧૬ | ૮૫૯.૭૫ | |

---------

### રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર તપાસ એજન્સીને મદદ

* ૩૦૭૬૨ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રની તપાસ એજન્સીઓને રાજ્યની એફ.એસ.એલ. દ્વારા મદદ પુરી પાડેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની વિગત શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી દ્વારા કેન્દ્રની કુલ ૪૭ તપાસ એજન્સીઓને મદદ પૂરી પાડેલ છે.

---------

### પાટણ જિલ્લામાં એ.ટી.વી.ટી.ના કામો મંજૂર કરવા બાબત

* ૩૦૧૬૬ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર એ.ટી.વી.ટી.ના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર એ.ટી.વી.ટી.ના કુલ રૂ. ૩૪૦૦ લાખની રકમના કામો મંજૂર કરવામાં આવ્યા. જેની તાલુકાવાર – વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૫–૧૬ | | ૨૦૧૬–૧૭ | | મંજૂર કરેલ કામોની |
|---|---|---|---|---|---|---|
| | | નિયત | મંજૂર કરેલ | નિયત | મંજૂર કરેલ | |

| | | જોગવાઈ મુજબ ફાળવેલ રકમ | કામોની રકમ | જોગવાઈ મુજબ ફાળવેલ રકમ | કામોની રકમ | કુલ રકમ (૪+૬) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | પાટણ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૩૫૦.૦૦ |
| ૨ | સરસ્વતી | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૩ | ચાણસ્મા | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૪ | સિધ્ધપુર | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૩૫૦.૦૦ |
| ૫ | સમી | ૨૭૫.૦૦ | ૨૭૫.૦૦ | ૨૭૫.૦૦ | ૨૭૫.૦૦ | ૫૫૦.૦૦ |
| ૬ | શંખેશ્વર | ૨૨૫.૦૦ | ૨૨૫.૦૦ | ૨૨૫.૦૦ | ૨૨૫.૦૦ | ૪૫૦.૦૦ |
| ૭ | હારીજ | ૧૨૫.૦૦ | ૧૨૫.૦૦ | ૧૨૫.૦૦ | ૧૨૫.૦૦ | ૨૫૦.૦૦ |
| ૮ | રાધનપુર | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૧૭૫.૦૦ | ૩૫૦.૦૦ |
| ૯ | સાંતલપુર | ૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | ૫૦૦.૦૦ |
| | કુલ | ૧૭૦૦.૦૦ | ૧૭૦૦.૦૦ | ૧૭૦૦.૦૦ | ૧૭૦૦.૦૦ | ૩૪૦૦.૦૦ |

---------

### વડોદરા મધ્યસ્થ જેલમાં યોગ દિવસ

* ૩૨૩૪૨ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬માં વડોદરા મધ્યસ્થ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે? | (૨) ૪૩૯ કેદીઓ તથા ૧૫૨ કર્મચારીઓ |

---------

### ટેક્ષટાઈલ પોલીસી અન્વયે અમદાવાદ જિલ્લામાં વ્યાજ સહાય

* ૩૦૭૦૨ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટેક્ષટાઈલ પોલીસી અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વ્યાજ સહાય યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ટેક્ષટાઈલ પોલીસી અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યાજ સહાય યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની કુલ ૬૪ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) આ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ ? | (૨) આ એકમોમાં રૂ. ૧૧૫૩.૧૭ કરોડનું મુડીરોકાણ કરવામાં આવેલ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં પોલીસ મહેકમ

* ૩૦૯૪૪ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસની સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) સામેલ પત્રક–અ મુજબ છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ત્રણ વર્ષ કરતા વધુ સમયથી કુલ–૧૯૨ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી |

આવશે?

ભરવાની થતી જગ્યાઓ માટે સરકાર દ્વારા અલગ ભરતી બોર્ડ રચેલ છે અને ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રિયા ચાલુ છે. જ્યારે બઢતીથી ભરવાની થતી જગ્યાઓ બઢતી અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી ભરવામાં આવતી હોય છે.

પત્રક–અ

તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જીલ્લામાં પોલીસનું મહેકમ

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પો.ઇ. (મહિલા સહિત) | ૧૨ | ૭ |
| ૨ | બિ.હ. પોસઇ (મહિલા સહિત) | ૩૪ | ૩૦ |
| ૩ | હથિયારી પો.સ.ઇ. | ૭ | ૦ |
| ૪ | બિ.હ. એ.એસ.આઇ. | ૧૦૮ | ૩૧ |
| ૫ | હથિ. એ.એસ.આઇ | ૪૪ | ૪ |
| ૬ | મહિલા એએસઆઇ | ૮ | ૦ |
| ૭ | બિ.હ.હે.કો. | ૨૨૨ | ૦ |
| ૮ | હ.થિ. હે.કો. | ૯૯ | ૪ |
| ૯ | મહિલા હે.કો. | ૨૬ | ૧૦ |
| ૧૦ | બિ.હ. પો.કો. | ૪૮૬ | ૪૭ |
| ૧૧ | હથિ. પો.કો. | ૩૮૨ | ૧૮૪ |
| ૧૨ | મહિલા પો.કો. | ૩૯ | ૫૨ |

---------

સુરેન્દ્રનગર સબજેલમાં યોગદિવસ

* ૩૨૩૩૪ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬માં સુરેન્દ્રનગર સબજેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે ? | (૨) ૧૧૦ કેદીઓ તથા ૦૯ કર્મચારીઓ |

---------

વોટર ક્વોલીટી મોનીટરીંગ એન્ડ સર્વેલન્સ માટે મળેલ કેન્દ્ર સરકારની રકમ

* ૨૯૮૧૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વોટર ક્વોલીટી મોનીટરીંગ એન્ડ સર્વેલન્સ માટે ભારત સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને | (૨) અને (૩) : |

| વર્ષ | મળેલ રકમ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | ૧૧૦૮.૨૯ | ૧૧૬૯.૫૫ |

| | | |
|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ | ૬૬૯.૧૫ | ૪૪.૩૪ |
| કુલ | ૧૭૭૭.૪૪ | ૧૨૧૩.૮૯ |

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ? — (૩)

---------

બાયડ ખાતે રહેણાંક મકાન

* ૩૨૩૧૩ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જીલ્લામાં બાયડ ખાતે ન્યાયિક કર્મચારીઓ માટે ''સી'' ટાઇપના રહેણાંક મકાનો માટે ૨૦૧૬–૨૦૧૭ના વર્ષમાં ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે ? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૨૦૧૬–૨૦૧૭માં કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૧૬,૯૨,૮૦૦/– |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

રાજકોટ મધ્યસ્થ જેલ કેદીઓને વ્યવસાયલક્ષી તાલીમ

* ૩૨૩૪૬ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારણા પ્રવૃત્તિના ભાગરૂપે રાજકોટ મધ્યસ્થ જેલના કેદીઓને વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન સરકારે કરેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કેદીઓને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવી ? | (૨) ૫૭૭ કેદીઓને. |

---------

અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૩૩ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં કઈ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે ? | (૨) |

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૫૦૬ |
| ૨ | વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી તાલીમ | ૩૪૦ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૯૦ |
| ૪ | યોગ તાલીમ | ૭૦૯ |

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ભાવનગર જિલ્લા જેલમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિ

* ૩૨૩૩૦ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લા જેલમાં કઈ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૩૮ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૬૯ |
| ૪ | યોગ તાલીમ | ૩૫૦ |

---------

### પાટણ ખાતે રહેણાંક મકાન

* ૩૨૩૧૨ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પાટણ ખાતે ન્યાયિક અધિકારીઓના ‘‘ઈ–૧’’ ટાઈપના રહેણાંકના મકાનો માટે ૨૦૧૬–૨૦૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ સુધારેલી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ૨૦૧૬–૧૭ના વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉકત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૮,૩૨,૮૪,૫૦૦/–

(૩) સદર બાંધકામ તા.૦૧–૦૮–૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે અને તા.૨૫–૦૯–૨૦૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે.

---------

### લોકાયુકત કચેરીને મળેલ ફરિયાદ

* ૩૧૩૧૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યની લોકાયુકત કચેરી પાછળ કેટલો ખર્ચ થયો ?

જવાબ

તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યની લોકાયુકત કચેરી પાછળ રૂ.૨,૪૯,૫૧,૫૦૩/– નો ખર્ચ થયો.

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનિજચોરી અટકાવવા વ્યવસ્થા

* ૩૦૬૮૬ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખનિજ ચોરી અટકાવવા સરકારે ચોવીસ કલાક ચેકિંગ કરવા કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આવી વ્યવસ્થાઓ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વાહનો તપાસવામાં આવ્યા ?

જવાબ

(૧) હા,જી.

(૨) ૮૭૩૪૧ વાહનો તપાસવામાં આવ્યા.

---------

### નડીયાદ જેલ કેદીઓને ઉચ્ચ શિક્ષણ

* ૩૨૩૨૦ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નડીયાદ જેલના કેદીઓના ઉચ્ચ શિક્ષણ માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ,અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે ?

(૨) ૮૬ કેદીઓએ.

---------

પાલનપુર જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૨૮ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાલનપુર જેલમાં કઈ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૪૦ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૭૨ |
| ૪ | યોગ તાલીમ | ૧૮૦ |

---------

રાજકોટ મધ્યસ્થ જેલમાં યોગ દિવસ

* ૩૨૩૪૦ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૬માં રાજકોટ મધ્યસ્થ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧૪૧૪ કેદીઓ તથા
૧૨૨ કર્મચારીઓ.

---------

ટાટા મોટર્સ લી. ને ઉદ્યોગ કમિશનર કચેરી દ્વારા લોન

* ૩૦૦૫૪ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૦૧-૦૧-૨૦૦૯ના ઠરાવની અનુસાર ટાટા મોટર્સ લી., ને ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી દ્વારા લોન પેટે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) ઉકત ચુકવવામાં આવેલ રકમ ઉપર રાજ્ય સરકાર દ્વારા કેટલા ટકાના દર વ્યાજ વસુલવામાં આવે છે, અને

(૩) તે વ્યાજ પેટે ટાટા મોટર્સ લી. પાસેથી ઉકત સ્થિતિએ ક્યારે કેટલું વ્યાજ વસુલ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) રૂ.૫૫૮.૫૭ કરોડ.

(૨) અને (૩) સરકારશ્રીના તા.૦૧-૦૧-૨૦૦૯ના ઠરાવની જોગવાઈ મુજબ ૦.૧ ટકા વાર્ષિક વ્યાજ ૨૦ વર્ષ બાદ મુદ્દલ સાથે વસુલ કરવાનું થાય છે, તેથી વ્યાજ વસુલ કરેલ નથી.

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા જિલ્લામાં રેતીના લીઝ ધારકો

* ૩૨૪૨૯ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં રેતીના લીઝ ધારકો કેટલા છે, અને | (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં રેતીના ૧૧૮ લીઝ ધારકો છે. |
| (૨) ઉક્ત લીઝ ધારકો પૈકી કેટલા લીઝ ધારકોએ પાવર ઓફ એટર્ની આપેલ છે? | (૨) ઉક્ત લીઝ ધારકો પૈકી ૧૩ લીઝ ધારકોએ પાવર ઓફ એટર્ની આપેલ છે. |

---------

### હિંમતનગર સબજેલમાં યોગદિવસ

* ૩૨૩૩૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૬માં હિંમતનગર સબ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે? | (૨) ૬૯ કેદીઓ તથા ૧૦ કર્મચારીઓ |

---------

### જૂનાગઢ જેલમાં જેલ કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૬૩ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લા જેલમાં કઇ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે? | (૨) |

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૨૯ |
| ૨ | વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી તાલીમ | ૬૭ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૭૨ |
| ૪ | યોગ તાલીમ | ૪૫૦ |

---------

### નડિયાદ જેલમાં યોગ દિવસ

* ૩૨૩૫૦ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો વર્ષ ૨૦૧૬માં નડીયાદ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે? | (૨) ૨૨૦ કેદીઓ તથા ૩૫ કર્મચારીઓ |

---------

### છોટા ઉદેપુર જિલ્લામાં વિવિધ કોર્ટ

* ૩૦૩૧૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

અતારાંકિત પ્રશ્નો

તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી અને કઈ કઈ કોર્ટો આવેલ છે?

તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લા ખાતે તાલુકાવાર નીચે મુજબની કોર્ટો આવેલ છે.

| ક્રમ | તાલુકાનુ નામ | કોર્ટ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | સીવીલ જજ | ૦૨ |
| ૨ | જેતપુર પાવી | સીવીલ જજ | ૦૧ |
| ૩ | કવાંટ | સીવીલ જજ | ૦૧ |
| ૪ | નાસવાડી | સીવીલ જજ | ૦૧ |
| ૫ | સંખેડા | સીવીલ જજ | ૦૧ |
| ૬ | બોડેલી | સીવીલ જજ | ૦૧ |
| | | કુલ | ૦૭ |

---------

વડોદરા મધ્યસ્થ જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૩૨ શ્રી કેતનભાઇ ઇનામદાર (સાવલી) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલમાં કઇ પ્રવૃત્તિમાં કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે?

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૬૧૩ |
| ૨ | વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી તાલીમ | ૧૫૨૧ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૪૩૨ |
| ૪ | યોગ તાલીમ | ૪૩૯ |

---------

મહેસાણા જિલ્લા જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ

* ૩૨૩૨૭ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં કેદી સુધારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લા જેલમાં કઇ પ્રવૃત્તિમાં, કેટલા કેદીઓએ તેનો લાભ મેળવેલ છે?

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | લાભ મેળવેલ કેદી |
|---|---|---|
| ૧ | ઉચ્ચ અભ્યાસ | ૧૪૧ |
| ૨ | વિવિધ ટ્રેડમાં વ્યવસાયલક્ષી તાલીમ | ૦૭ |
| ૩ | સાક્ષરતા અભિયાનગત શિક્ષણ પ્રવૃત્તિ | ૫૨ |
| ૪ | યોગ તાલીમ | ૨૦૮ |

---------

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર હિસાબ સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : (સમિતિના પ્રમુખશ્રી)| માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

શ્રી નારાયણભાઇ લ. પટેલ : (સમિતિના પ્રમુખશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

અંદાજ સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત

શ્રી નીમાબેન ભા. આચાર્ય : (સમિતિના પ્રમુખશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

ગૃહ વિભાગ

માગણી ક્રમાંક-૪૨

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા. ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રુ.૧૭,૧૭,૪૭,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૪૩

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા. ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રુ.૩૯,૫૮,૧૬,૪૪,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માગણી ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી

માગણી નંબર–૪૪

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( જેલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા૧,૧૫,૭૩,૨૭,૦૦૦ની માગણી ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી

શ્રમ અને રોજગાર વિભાગ

માગણી ક્રમાંક–૫૭

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૧૦,૫૬,૮૬,૬૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬૯,૮૫,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી

માગણી ક્રમાંક–૬૦

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાય તંત્રના વહીવટની સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૫૯,૦૦,૬૮,૦૦૦ની માગણી ક્રમાંક ૬૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૬૦ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરવામાં આવી

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરવામાં આવી

### કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

સન ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૧૬–૩–૨૦૧૭(છઠ્ઠો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ગૃહ વિભાગ<br>માગણી નં ૪૨ | | | | |
| ૧ | ૨૦૫૨– સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>રૂ. ૧૪,૩૭,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૧૫ અને ૧૬ | ૧૦૦ | સ્માર્ટ પોલીસ સ્ટેશનો બનાવવાની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨ | ,, | ૧૦૦ | રાજયમાં નવા બંધાયેલ પોલીસ સ્ટેશનોમાં પૂરતુ મહેકમ જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ,, | ૧૦૦ | પોલીસ ભરતી બોર્ડની રચના પછી પણ નવી ભરતી સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૪ | ,, | ૧૦૦ | ગૃહ વિભાગ દ્વારા યોગ્ય ચકાસણી બાદ જ પેરોલ અને ફ્લો મંજૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૫ | ,, | ૧૦૦ | પોલીસ આધુનિકીકરણ માટે ખરીદેલા સાધનો પૂરતા પ્રમાણમાં પોલીસને પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૬ | ,, | ૧૦૦ | પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા દારૂ–જુગારના અડ્ડાઓને બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૭ | ,, | ૧૦૦ | જે વ્યક્તિઓને ખોટી રીતે લીકર પરમીટ જારી થઈ છે તેની મેડીકલ બોર્ડ દ્વારા ચકાસણી કરી તેને રદ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ |
| ૮ | ,, | ૧૦૦ | જાણીતા વ્યક્તિઓ અને તેમના સગાસંબંધીઓ દ્વારા આચરેલા ગુનાઓના કેસમાં પોલીસ તંત્ર પર દબાણ લવાય છે તે નિવારવામા તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઈ પટેલ |
| ૯ | ૨૦૫૨– સચિવાલય....સેવાઓ ૦૯૦ – સચિવાલય રૂ. ૧૪,૩૭,૧૬,૦૦૦ અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૧૫ અને ૧૬ | ૧૦૦ | મહિલા પોલિસ સ્ટેશનોમાં મહિલા પોલીસ દ્વારા જ ન્યાયિક કામગીરીનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૦ | ,, | ૧૦૦ | એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગીફટ લેતા પકડવાની બાબતમાં પક્ષપાતી ભર્યુ વલણ દાખવાય છે તે રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૧ | ,, | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં પીડિતોની ફરીયાદો ન લેતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૧૨ | ,, | ૧૦૦ | પોલીસ કર્મીઓને બંધક બનાવનાર અધિકારીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૧૩ | ,, | ૧૦૦ | મહિલા સુરક્ષા સમિતિની બેઠક સમયસર બોલાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૪ | ,, | ૧૦૦ | અનામત આંદોલન દરમિયાન પકડાયેલ વ્યક્તિઓ સામેના કેસો પાછા ખેંચવાની જાહેરાતનો અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૧૫ | ,, | ૧૦૦ | અનામત આંદોલન દરમિયાન પોલીસે સામાન્ય નાગરિકો ઉપર ગુજારેલ અત્યાચાર માટે જવાબદાર પોલીસો સામે પગલા લેવામાં | શ્રી રાઘવજી પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| માગણી નં. ૪૩ | | | | |
| ૧૬ | ૨૦૫૫ – પોલીસ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧ – MEP – ૩૦ પોલીસ ........મહાનિરીક્ષક<br>રૂ. ૨૧,૦૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | ફરજનિષ્ઠ પોલીસ અધિકારીઓની થતી અવગણના નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશ ગરાસીયા |
| ૧૭ | ,, | ૧૦૦ | પોલીસ મહાનિરીક્ષક અને નાયબ મુખ્ય પોલીસ મહાનિરીક્ષકની જગ્યા ઉપર કાયમી નિમણૂકો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૮ | ૨૦૫૫ – પોલીસ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧ – MEP – ૩૦ પોલીસ ........મહાનિરીક્ષક<br>રૂ. ૨૧,૦૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | પોલીસ અધિકારીઓને સમયસર બઢતીના લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૯ | ,, | ૧૦૦ | પોલીસ વેલ્ફર ફંડનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૨૦ | ૨૦૫૫ – પોલીસ<br>૦૦૩–શિક્ષણ અને તાલીમ<br>૦૧–MEP – ૧૩પોલીસ....શાળાઓ<br>રૂ. ૩૬,૩૪,૨૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૨૬ અને ૨૭ | ૧૦૦ | અપૂરતા હથિયારોને કારણે તાલીમની કામગીરીમાં પડતો વિક્ષેપ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોઈતાભાઈ પટેલ |
| *૨૧ | ,, | ૧૦૦ | પોલીસ તાલીમાર્થીઓ માટે ૩૨ રાઉન્ડ ફાયરીંગ પ્રેકટીસ ફરજીયાત છે એવું કેગના રિપોર્ટમાં નોંધાયેલું હોવા છતાં તે બાબતે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર |
| ૨૨ | ,, | ૧૦૦ | પોલીસ તાલીમાર્થીઓને હલકી કક્ષાનું ભોજન અપાય છે તે અંગેની તપાસ કરાવી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર |
| ૨૩ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૧ – ગુનાશોધ......તકેદારી | ૧૦૦ | છુપી પોલીસની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧ – છુપી પોલીસ ખાતુ<br>રૂ. ૫૪,૬૨,૮૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૨૮ અને ૨૯ | | | |
| ૨૪ | ,, | ૧૦૦ | પોલીસ અધિકારીઓ દ્ધારા રાઉન્ડમાં નિયમિત રીતે ન જવાની બેદરકારી સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |
| *૨૫ | ,, | ૧૦૦ | દરેક પોલીસ સ્ટેશનોમાં યોગ્ય વહીવટી વ્યવસ્થા ગોઠવી કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઘારશીભાઈ ખાનપૂરા |
| ૨૬ | ,, | ૧૦૦ | પોલીસ કર્મીઓની નોકરીના કલાકો ચોક્કસ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| ૨૭ | ,, | ૧૦૦ | પોલીસ કર્મીઓની જરૂરીયાતના સમયે રજાઓ મંજૂર થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૮ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૧ –<br>ગુનાશોધ......તકેદારી<br>૦૧ – છુપી પોલીસ ખાતુ<br>રૂ. ૫૪,૬૨,૮૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૨૮ અને ૨૯ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોની બાજુમાં જ દારૂ– જુગારના અડાઓ કાર્યરત હોય છે તેની ગંભીરતા ધ્યાને લઈ અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૯ | ,, | ૧૦૦ | જે તે પોલીસ સ્ટેશનોમાં પોલીસ ફરીયાદ ન લેવાતા અરજદાર દ્ધારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કર્યા બાદ જ પગલા લેવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| | | માગણી નં ૪૪ | | |
| ૩૦ | ૨૦૫૬ – જેલ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – MEP –૨૨ જેલ મહાનીરીક્ષક<br>રૂ. ૯,૬૬,૪૮,,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૬૬ અને ૬૭ | ૧૦૦ | કેદીઓને અપાતી રોજગાર ટ્રેનીંગનું આધુનિકીકરણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહંમદજાવીદ પીરજાદા |
| ૩૧ | ,, | ૧૦૦ | જેલોમાં કેદીઓના વર્તન સુધારવા અને સારા વ્યવહારો માટે તાલીમ યોજવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| ૩૨ | ,, | ૧૦૦ | કેદીઓ પાસેથી મળતી પ્રતિબંધિત વસ્તુઓ અંગે તપાસ કરાવી તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૩૩ | ,, | ૧૦૦ | કેદીઓ માટે વધારાની જરૂરીયાતો પુરી પાડવા અપાતી કુપનનો કારોબાર અટકાવવામાં તેમજ | શ્રી પ્રવિણભાઈ રાઠોડ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | બહાર નાણા ચુકવી જેલમાં કુપનોની હેરાફેરીનો ચાલતો ધંધો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૪ | ,, | ૧૦૦ | જેલોમાં ખંડણીનું સુયોજીત નેટવર્ક ચલાવતા કેદીઓ અને આવા તંત્ર સામે સખત પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં. ૫૭ | | | | |
| *૩૫ | ૨૨૩૦ – શ્રમ અને રોજગાર<br>૦૧ – શ્રમ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – LBR-1 શ્રમ આયુકત<br>રૂ. ૧૩,૭૯,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.ના નં. ૫ અને ૬ | ૧૦૦ | કૌશલ્ય તાલીમ કેન્દ્રો દ્વારા અપાતી તાલીમના સ્કીલ્ડ યુવાનોના વાસ્તવિક આંકડા રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૩૬ | ૨૨૩૦ – શ્રમ અને રોજગાર<br>૦૧ – શ્રમ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – LBR-1 શ્રમ આયુકત<br>રૂ. ૧૩,૭૯,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.ના નં. ૫ અને ૬ | ૧૦૦ | કૌશલ્ય તાલીમ કેન્દ્રોમાં બોગસ નામો બતાવી ફંડ મેળવાય છે તેની તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૩૭ | ,, | ૧૦૦ | શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ |
| ૩૮ | ,, | ૧૦૦ | શ્રમિકોના કલ્યાણ માટે ઉઘરાવેલ સેસની રકમ સમયસર ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| *૩૯ | ,, | ૧૦૦ | શ્રમ આયુકત હેઠળની તાબાની કચેરીઓમાં સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા |
| *૪૦ | ,, | ૧૦૦ | લેબર કોર્ટના ચુકાદાઓનો તાત્કાલિક અસરકારક અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રનિલ રાજ્યગુરૂ |
| ૪૧ | ,, | ૧૦૦ | શ્રમ આયુકતની નબળી કામગીરીના કારણે કામદારોમાં વ્યાપેલ અસંતોષ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૪૨ | ,, | ૧૦૦ | વાયબ્રન્ટ સમિટમાં જે ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા છે તેમાં સ્થાનિકોને રોજગારી ન આપતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર |
| ૪૩ | ,, | ૧૦૦ | રોજગાર વિનીમય કચેરીઓમાં પાંચ કે તેથી વધુ વર્ષથી નોંધાયેલા બેરોજગારોને રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૪૪ | ,, | ૧૦૦ | બેરોજગારોને રોજગારી ભથ્થુ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| *૪૫ | ,, | ૧૦૦ | વાયબ્રન્ટ સમીટમાં ઉદ્યોગો સરકારી નાણાના લાભો મેળવે છે છતાં આવા ઉદ્યોગો સ્થાનિકોને રોજગારી | શ્રી નિરંજન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આપવાના કરારો કરતા નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| કાયદા વિભાગ<br>માગણી નં. ૬૦ | | | | |
| ૪૬ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫– સિવિલ અને સેશન્સ કોર્ટ<br>૦૧– જિલ્લા અને સેશન્સ જજ<br>રૂ. ૨,૫૭,૫૯,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | મહિલા કર્મચારીઓને કચેરી સમયબાદ રોકાવું પડે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૪૭ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫– સિવિલ અને સેશન્સ કોર્ટ<br>૦૧– જિલ્લા અને સેશન્સ જજ<br>રૂ. ૨,૫૭,૫૯,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | કર્મચારીઓની બદલી અંગેની વારંવારની રજૂઆતો અંગે સમયસર નિર્ણય લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચૌધરી |
| ૪૮ | ’’ | ૧૦૦ | કોર્ટમાં કેસની વારંવાર મુદતો ન પાડતાં સમયસર ચૂકાદા આવે તેવી નીતિ લાવવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| ૪૯ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮– ફોજદારી કોર્ટ<br>૦૧– અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂ. ૩૫,૨૧,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૭ અને ૨૮ | ૧૦૦ | અદાલતી કર્મીઓની ટ્રાન્સફરની નીતિ નક્કી કરી યોગ્ય નિર્ણય લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઈ ગોહેલ |
| ૫૦ | ’’ | ૧૦૦ | કોર્ટમાં કચેરી સમય બાદ પણ કર્મચારીઓને હાજર રહેવા માટે કરાતા પરિપત્રો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૫૧ | ’’ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં વારંવાર સમન્સ બજાવવા છતાં હાજર ન રહેતા આરોપીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ગુજરાત વિધાનસભા સચિવાલય<br>ગાંધીનગર | | | ડી. એમ. પટેલ<br>સચિવ<br>ગુજરાત વિધાનસભા | |

*આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે આજે વિરામનો સમય ૨–૩૦ વાગ્યાને બદલે ૨–૫૦ થી ૩–૧૫ વાગ્યાનો રાખવામાં આવે છે. ૨૦ મિનિટ સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે. વિરામ બાદ સભાગૃહ બપોરે ૩–૧૫ વાગ્યે ફરીથી મળશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી નંબર ૭૨, ૭૩ અને ૭૪ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

છેલ્લા બે ત્રણ દિવસથી હું આ સભાગૃહમાં જોતો આવ્યો છું કે સામેની ટ્રેઝરી બેન્ચના સભ્યો ઉન્માદમાં છે. એના માટે અમારા નેતા માનનીય શકિતસિંહભાઇએ કહ્યું હતું અને સાથે સાથે હું પણ દોહરાવું છું.

''નાદાન હૈ વો જો કરતા હૈ અપની બુલંદીઓ પે ગુરુર,

હમને ચઢતે હુએ સૂરજ કો ભી દેખા હૈ, ઔર ડૂબતે હુએ કો ભી દેખા હૈ''

મિત્રો અમને એની કંઇ અસર નહિ થાય.

અધ્યક્ષશ્રી : ''નાદાન ઔર કમ હિંમતવાલે લોગ અપના આશિયાના બદલતે હૈ,

કયા આશિયાના બદલને સે ઇન્સાન બદલતા હૈ.''

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : દુનિયામાં હેરાફેરી ચાલુ જ છે. હમણાં તમે ગોવામાં જોયું, અમારા એક સભ્યને લઇને ભારતીય જનતા પાર્ટીએ બહુમતી કરી છે. એટલે આ તો ક્રમ છે જ તમારો.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ૭૦ વર્ષ પૂરા થયા. એમ છતાંય જે સમાજ કચડાયેલો છે, જે સમાજને આપણે અસ્પૃશ્ય ગણતા. પૂ. મહાત્મા ગાંધીજી અને ડો. બાબાસાહેબ આંબેડકરના લાખ પ્રયત્નો પછી જેને બાબાસાહેબે સમતા, સમાનતા અને બંધુત્વના સુત્ર સાથે આ સમાજના ઉત્કર્ષ માટે કામ કરીને બંધારણીય હક્કો અપાવ્યા, તેને મૂળભૂત હક્કો અપાવ્યા અને સમાન રીતે લોકશાહીને લાભ થાય, એ સમાજની સાથે વિકાસમાં તાલ મિલાવી શકે તેવી સ્થિતિ ઉત્પન્ન થાય એવી પરિસ્થિતિ પૂ. મહાત્મા ગાંધીજી અને ડો. બાબાસાહેબ આંબેડકરે જયારે આ દલિત અને અસ્પૃશ્ય સમાજ માટે કરી છે ત્યારે આજે ગુજરાતમાં આ સમાજની સ્થિતિ કેવી છે તેની હું વાત કરવા માગું છું. ગુજરાતમાં અનુસૂચિત જાતિ ઉપર દમનના જે કેસો થાય છે તેમાં ૯૫ ટકા કેસોમાં નિર્દોષ છૂટી જાય છે. તેનું પરિણામ એ આવે છે કે ગુનેગારોને બીજો ગુનો કરવાની હિંમત થાય છે. ગુનેગારો આ સમાજને વધુ રંજાડે તેના માટે જાણ્યે–અજાણ્યે કેમ જાણે સરકાર પ્રોત્સાહન આપતી હોય, આ ગુનેગારોને નિર્દોષ છોડવામાં કયાંકને ક્યાંક આપણી ખામી છે, સરકારની ખામી છે. હું સરકારશ્રીને અને ગૃહ મંત્રીશ્રીને અનુરોધ કરું છું કે પૂર્વજનોના પાપના પરિણામે જે સમાજે હજારો વર્ષ સુધી યાતનાઓ ભોગવી, માણસ તરીકે સમાજમાં હક્ક નહોતો એ સમાજને જયારે આપણાં મહાપુરુષોએ સમાન હક્ક આપ્યો છે તેના ઉપર જયારે અત્યાચારો થતા હોય ત્યારે કોઇ સરકાર ચૂપ રહીને બેસી ન શકે. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં તેની શું સ્થિતિ છે તેનો હું ચિતાર આપવા માગું છું. ઉત્તર પ્રદેશમાં આવા કેસોમાં સજાની જે ટકાવારી છે એ ૫૭.૯ની છે. રાજસ્થાનમાં ૩૪.૯ની છે. ઝારખંડમાં ૩૦.૧ની છે. બિહારમાં ૧૬.૧ની છે. હરિયાણામાં ૧૪.૪ની છે. ગુજરાતમાં

### ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

૯૫ ટકા કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટી જાય છે તેનો અમને અફસોસ છે. માનનીય ગૃહમંત્રીને કહું છું કે આ બાબતમાં રાજય સરકાર વધુ કડક થાય અને જરૂરી પગલાં લે અને આવા ગુનેગારો છૂટી ન જાય અને તેને કડક સજા થાય એવી મારી માગણી છે. રાજયમાં સુપ્રીમ કોર્ટના આદેશથી એફ.આઇ.આર. નોંધવી ફરજીયાત છે પણ આ રાજયમાં ફરિયાદ લેવાનો સતત ઇન્કાર કરવામાં આવે છે. ગૃહ વિભાગે તા. ૨૨–૪–૯૮ના રોજ ઠરાવ પ્રસિદ્ધ કરીને આદેશ કર્યો હતો કે એફ.આઇ.આર. પોલીસ ન નોંધે તો મામલતદાર પાસે નોંધવાની વ્યવસ્થા છે પણ તેનો કયાંય અમલ થતો નથી. સુપ્રીમ કોર્ટે લલિતાકુમારી વિરુદ્ધ ઉત્તરપ્રદેશમાં એફ.આઇ.આર. નોંધવાનો ઇન્કાર કરનાર પોલીસ કર્મચારી સામે ગંભીર પગલાં લેવાનો આદેશ કરવો પડ્યો હતો. ગુજરાતમાં આ ચુકાદાનો કયાંય અમલ થતો નથી અને એફ.આઇ.આર. નોંધવાની બાબતમાં પોલીસ તંત્ર જરા પણ ગંભીર નથી. બ્યુરો ઓફ પોલીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટના રિપોર્ટમાં તાજેતરમાં જણાવ્યું છે કે પોલીસના ખરાબ વ્યવહારના કારણે ૭૫ ટકા લોકો પોલીસ સ્ટેશનમાં એફ.આઇ.આર. કરાવવા જતા જ નથી. આનાથી શરમજનક વાત બીજી કઇ હોઇ શકે? સલામત ગુજરાત, વિકાસશીલ ગુજરાત, ગતિશીલ ગુજરાત કંઇક નારા ચાલે છે. પણ આ આપણી પોલીસની સ્થિતિની વાત છે. આના માટે માનનીય મંત્રીશ્રી પૂરતી કાળજી લે એવી મારી માગણી છે. આ રાજયમાં કસ્ટોડિયલ ડેથને લઇને સરકાર ગંભીર નથી. હકીકતો છૂપાવે છે. જવાબદારો સામે પગલાં લેતી નથી. તેના પરિણામે આવા બનાવો વધતા જાય છે. પોલીસ આરોપી હોવાથી પોલીસ તો સ્વભાવિકપણે તેને છાવરે પણ જો ગૃહ ખાતુ આ બાબતમાં કડક થાય તો આવા બનાવો બનતા અટકે. નેશનલ હ્યુમન રાઇટ કમિશને કસ્ટોડિયલ ડેથ માટે ગાઇડ લાઇન પ્રસિદ્ધ કરી છે પણ તેનું કયાંય પાલન થતું નથી. સુરતમાં ઉધના પોલીસ સ્ટેશનમાં કસ્ટોડિયલ ડેથના કિસ્સામાં પોલીસ ચૂપ રહી. આરોપી પોલીસ સામે કોઇ એફ.આઇ.આર. નોંધી નહીં. કેસ હાઇકોર્ટમાં ગયો અને હાઇકોર્ટે જુલાઇ–૨૦૧૬માં આરોપી સામે એફ.આઇ.આર. નોંધવાનો આદેશ આપ્યો. અને

એસ.પી. કક્ષાના અધિકારીની દેખરેખ હેઠળ તપાસ કરવાનો આદેશ આપ્યો ત્યારે કાર્યવાહી કરી. આનાથી વધારે શરમજનક શું હોઇ શકે! રક્ષક છે એ જ ભક્ષક બને અને એની સામે કોઇ કાર્યવાહી ન થાય એ ગૃહ ખાતાની સદંતર નિષ્ફળતા છે. આવા બનાવો સામે મોનીટરીંગ સેલ રચવું જોઇએ. આ રાજ્યમાં તાંત્રિકો, અઘોરી બાવાઓનું બહુ મોટુ રેકેટ ચાલે છે. મંત્ર–તંત્ર, દોરા–ધાગાની ખુલ્લેઆમ જાહેરાતો આવે છે અને એમાં નિર્દોષ માણસો ફસાય છે, એમનું ક્યાંક શારીરિક શોષણ થાય છે, ક્યાંક એમની પાસેથી પૈસા પડાવવામાં આવે છે. આ એકવીસમી સદી છે. ગતિશીલ ગુજરાત, વિકાસશીલ ગુજરાતની વાતો કરતી સરકારના રાજ્યમાં આવી પ્રવૃત્તિઓ છડેચોક ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રીને કહેવા માગુ છું કે મહારાષ્ટ્રમાં આના માટે કડક કાયદો અમલમાં આવ્યો છે. એવો કડક કાયદો આ સરકાર અહીં લાવે તો આવા લેભાગુ લોકો જનતાને ગેરમાર્ગે દોરે છે એને અટકાવવા માટે સરકારને મદદ મળશે. આવા કાયદા દ્વારા એમની સામે પગલા લેવામાં આવે તો આવી પ્રવૃત્તિ બંધ થશે. મહિલાઓ સામેના અત્યાચારે આ રાજ્યમાં માઝા મૂકી છે. છ મહિનામાં ૪૭૨ મહિલાઓ સામે દુષ્કર્મના અહેવાલ આવ્યા છે. સાહેબ, આ ગૃહમાં નલિયાકાંડ હોય, દયાપર કાંડ હોય અને રાપર કાંડની વાત થઇ છે. કચ્છ જિલ્લામાં ૧૧૭ જેટલા કેસ નોંધાયા છે અને આખા રાજ્યમાં ૪૭૨ જેટલા કેસો નોંધાયા છે. મહિલા અત્યાચાર અને એની સાથે જાતિય દૂર્વ્યવહારના કેસ નોંધાયા છે. રાજ્યમાં પાટણ ગેંગરેપ, નલિયાકાંડ, આસારામ સેક્સ કૌભાંડ, પારૂલ યુનિવર્સિટી સેક્સ કૌભાંડ જેવી શરમજનક ઘટનાઓ ગુજરાતમાં વારંવાર બનતી રહે છે એને અટકાવવામાં રાજ્યનો ગૃહ વિભાગા તદ્દન નિષ્ફળ ગયો છે. ગૃહ વિભાગની હેલ્પ લાઇન છે એવી જાહેરાત સરકારે કરી છે અને એનો નં.૦૭૯ ૨૩૨ ૫૧૮૦૫ અને બીજો નં.૦૭૯ ૨૩૨ ૫૧૮૦૭ છે. કોઇ નાગરિક આનો ઉપયોગ કરતું હોય એવું જાણવા મળ્યું નથી. આ લાઇન ખૂબ મહત્વની છે, સરકારની યોજના પણ સારી છે. પણ એની પ્રોપર જાહેરાત થઇ નથી અને પ્રજાને એની જાણકારી નથી એટલે પ્રજાને એનો લાભ મળતો નથી. માનનીય ગૃહ મંત્રીશ્રી એના માટે પણ જરૂરી કાર્યવાહી કરે. સમાજમાં જ્યારે વર્તમાન શાસકો સામે રોષ ઉત્પન્ન થાય તો એના કારણો સરકારે શોધવા પડે ! શું કામ રોષ પેદા થયો છે? એના કારણો શું છે? શું કરવાથી આ રોષ નાબૂદ થાય? એની માંગ શું છે ! અહીંયાં તો દલિતો ઉપર અત્યાચાર થાય, દલિતો આંદોલન કરે તો એને ક્રૂરતાથી દબાવી દેવામાં આવે. પાટીદાર યુવાનોએ રોજગારી માટે, શિક્ષણ માટે શાંત અને અહિંસક આંદોલન કર્યું અને એના ઉપર ભગવાન જાણે કોના કહેવાથી આદેશ થયો હતો અને એમના ઉપર લાઠીચાર્જ થયો, ગોળીબાર થયો અને એના કારણે આખા રાજ્યમાં તોફાનો ફાટી નીકળ્યા. રાજ્યના મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે મેં લાઠીચાર્જનો કે ગોળીબારનો હુકમ કર્યો નથી અને ગૃહમંત્રીએ પણ કહ્યું કે મેં લાઠીચાર્જ કે ગોળીબારનો હુકમ કર્યો નથી. તો કોના કહેવાથી આ લાઠીચાર્જ અને ગોળીબાર થયો એની રાજ્યની જનતાને જાણકારી નથી. આ આંદોલનમાં પોલીસ દમનનો ભોગ બનેલા ૧૪ યુવાન મૃતકોના વારસદારોને રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવી નથી. આ ૧૪ પાટીદાર યુવાનો પોલીસ ગોળીબારનો ભોગ બન્યા છે એમના કુટુંબના વારસદારોને રૂપિયા પચ્ચીસ–પચ્ચીસ લાખની આર્થિક સહાય આપવામાં આવે અને એટલું જ નહીં એના કુટુંબના આશ્રિતને સરકારી નોકરીનો પણ લાભ આપવો જોઇએ. કારણ કે એમાં નિર્દોષ યુવાનો માર્યા ગયા છે. આ આંદોલન દરમિયાન જે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ અત્યાચાર કર્યો, નિર્દોષોને બેરહેમ રીતે પીટી નાખ્યા, કોઇની મિલકતને નુકસાન કર્યુ અને એવા અધિકારી/કર્મચારીઓની યાદી આંદોલનકારીઓએ સરકારને આપી છે પણ આજ સુધી સરકારે આવા અધિકારી/કર્મચારીઓની સામે કોઇ કાર્યવાહી કરવાની કામગીરી કરી નથી. મારી માગણી છે માનનીય ગૃહમંત્રીશ્રી પાસે કે તમે જો આંદોલનકારીઓને ન્યાય આપવા માગતા હોવ, એની વાત સાંભળવા માગતા હોવ તો પહેલા તો તમે આ દોષિત અધિકારી/કર્મચારીઓને સજા કરો, એની સામે કામ ચલાવો એવી મારી માગણી છે. એનાથી વધુ હું આગળ વધીને કહેવા માગુ છું કે આ લોકશાહીમાં બધાયને સભા કરવાનો, આવેદન પત્ર આપવાનો, સરઘસ કાઢવાનો, રેલી કાઢવાનો હકક છે, કારણ કે બંધારણે આપણા મૂળભૂત અધિકારમાં આનો સમાવેશ કર્યો છે. જયારે કોઇ એક સમાજ પોતાની માગણીઓ લઇ અને રજૂઆત કરે, રેલી કાઢે, આંદોલન કરે એને પરવાનગી ન આપવામાં આવે, એની કાર્યવાહીને રોકવામાં આવે, બીન લોકશાહી ઢબે એને દબાવવામાં આવે આ કયાંની લોકશાહી? હું કહેવા માગુ છું કે એક બાજુ પાટીદાર સમાજ ઉપર આવા દમન થાય છે, બીજી બાજુ પાટીદાર સમાજના યુવાનોનો કોઇ કાર્યક્રમ હોય તો એની સામે ટમેટા ફેંકવા માટે, એની સામે બેનરો લગાવવા માટે, એની સામેનો કાર્યક્રમ ડીસ્ટર્બ થાય એના માટે પોલીસની મદદથી અમુક લોકોને ઉત્તેજન આપવામાં આવે છે. કોઇ સરકાર ઉઠીને આવી અન્યાયી કાર્યવાહી ના કરે. મારી તો ગૃહ મંત્રીને વિનંતી છે કે તમે તો જીતો છો, તમે તો એમ કહો છો કે અમે યાવદ ચંદ્ર દીવાકરો રાજ કરો છો તો આ નિર્દોષ પાટીદાર યુવાનોથી તમે શું કામ બીવો છો? એને એનું કામ કરવા દો, એની લાગણી પ્રદર્શિત કરવા દો, એનો અવાજ દુનિયા સાંભળે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે મથતા જે લોકો છે એને તમે ન્યાય આપો અને ન્યાય ના આપો તો કંઇ નહીં અન્યાય તો ના જ કરો, એટલું જ નહીં ભા.જ.પ.ના કોઇ નેતાનો કાર્યક્રમ હોય તો પાટીદાર યુવાનોને બે–બે દિવસ અગાઉ પોલીસ પકડી જાય, તમારી પાસે આવડું મોટું લશ્કર છે, આવડી મોટી પોલીસ છે, આવડું મોટું ખુફીયા તંત્ર છે, તમે એનો ઉપયોગ કરીને તમારા નેતાને સુરક્ષીત રાખો પણ બે–બે દિવસ સુધી ગેરકાયદેસર રીતે કોઇને ગોંધીને પકડી રાખવો એ તો અન્યાય છે અને આ અન્યાય આ સરકારમાં થઇ રહ્યો છે. આ તો પાટીદાર સમાજ ઉપરના અન્યાયની વાત થઇ, પણ સરકાર પોતાના જ કહી શકાય એ પોલીસ હોય જેની લોકરક્ષક તરીકે ભરતી થઇ હોય એના વેતનનો પ્રશ્ન હજી એમનેમ લટકે છે એટલું જ નહીં હોમગાર્ડના જવાનો જે સમાજમાં પૂર વખતે, કુદરતી આફત વખતે, કોઇ ઉત્સવ વખતે, કોઇ કાર્યક્રમ વખતે ખડેપગે સેવા આપે છે એનું રાજયમાં દૈનિક માનદ વેતન ૨૦૪ રૂપિયા છે. અન્ય રાજયોમાં આ વેતન છે ૫૦૦ થી ૭૦૦ રૂપિયા. મારી

સરકારને વિનંતી છે કે તમારા હાથપગ જે લોકો છે કમસેકમ એમને તો ન્યાય આપો, તમે અમને ન્યાય આપો એવી અમે આશા નથી રાખતા પણ તમારા હાથપગને તો તમે ન્યાય આપો બાપુ. કહેવાય છે કે ગુજરાતમાં દારૂબંધી છે. અમે કાયદો કડક બનાવ્યો છે પણ મારે આમાં માત્ર એટલું જ કહેવું છે કે કાયદો કડક થયો, નો ડાઉટ, પણ સાહેબ જે બાટલી ૫૦૦ની વેચાતી હતી એ અત્યારે ૧૦૦૦માં વેચાય છે પણ મળે છે, ભાવ વધ્યા છે અને એવી જ ગુજરાતમાં આતંકવાદીઓને જેર કરવા માટે એન્ટી ટેરરીસ્ટ સ્કવોર્ડની રચના થઇ છે, બહુ સારી વાત છે. ૨૨–૪–૯૩થી ચીમનભાઇ પટેલની સરકારે એ.ટી.એસ. માટે ૭૦ જગ્યાનું સેટઅપ ગોઠવ્યું હતું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય દિલીપજી માગણી નંબર–૫૭ અને કાયદા મંત્રી આદરણીય પ્રદિપસિંહજી માગણી નંબર–૬૦ કાયદા વિભાગની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા અને એમને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં રોજગારીની વાત આવે ત્યારે મને એક વાત યાદ આવે છે કે પોતાની સાથે પોતાના સમગ્ર પરિવારની જાતનું બલિદાન જેમણે આ દેશ માટે આપ્યું, આપણે સૌ જેની ૩૫૦ મી જન્મજયંતી ઉજવી રહ્યા છીએ એવા ગુરુ ગોવિંદસિંહે કહ્યું હતું કે, જે હાથ–પગે સેવા નથી કરી, જે હાથથી કોઇ કામ થયું નથી, જે હાથ મહેનત મજૂરી કરતા કરતા મજબૂત થયો નથી અને જે હાથમાં કામ કરતા કરતા ગાંઠો નથી પડી એ હાથને હું પવિત્ર માનતો નથી. એમણે શ્રમનું મહત્ત્વ ૩૫૦ વર્ષ પહેલા કહ્યું હતું. શ્રમ અને રોજગારની વાત કહેવા માગું છું. શ્રમિકનું જીવન સુધરે, આ દેશના કે રાજ્યનો યુવાન નોકરીએ વળગે, તેનાથી વધુ એના જીવનમાં ખુશીની બીજી કોઇ વાત ન હોઇ શકે. હું પહેલી વખત જ્યારે નોકરીમાં જોડાયો અને મફતલાલ ઇન્ડસ્ટ્રીઝમાં મને જ્યારે ૪૦૦ રૂપિયા પગાર મળ્યો અને જે આનંદ થયો હતો એવો આનંદ ફરી આવ્યો નથી. જીવનમાં યુવાન નોકરીએ લાગે અને નોકરી હોય અને એને પહેલો પગાર આવે એ લઇ પોતાના મા–બાપની પાસે જાય ત્યારે એના મા–બાપની આંખમાં હર્ષના જે આંસુ હોય એવા આંસુ કદાચ ભાગ્યે જ કોઇની આંખમાં આવ્યા હોય. મારે વાત કરવી છે કે ભારત દુનિયાનો સૌથી યુવાન દેશ છે. ૬૫ ટકાથી વધુ વસતિ ૩૫ વર્ષ કરતા ઓછી વયની હોય અથવા એની આજુબાજુની હોય એ દેશ માટે સૌથી મહત્ત્વની વાત એ છે કે ડેમોગ્રાફિક ડિવિડન્ડના બદલે ડેમોગ્રાફિક સરપ્લસ બનાવવા બાબતની વાત છે. એને હું સમર્થન આપું છું. ભારતીય જનતા પાર્ટી એ સિદ્ધાંત ઉપર કામ કરી રહી છે. સમગ્ર દેશની વસતિના ફક્ત ૫ ટકા લોકો ગુજરાતમાં રહે છે પરંતુ સમગ્ર દેશની સરખામણીમાં ૮૬ ટકા યુવાનોને આ ગુજરાતે રોજગારી આપી છે એનું અમને ગૌરવ છે. મારી સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના પ્રસિદ્ધ થતા અહેવાલ અનુસાર ગુજરાત રાજયની રોજગાર કચેરીએ ૨૦૦૨થી જે રોજગારી પૂરી પાડી છે એ સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે અને એમાં શંકાને કોઇ સ્થાન નથી. ન ભૂતો, ન ભવિષ્યતિ એવો તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૭ દરમિયાન જે મેગા ઇવેન્ટ જોબ ફેર કરવામાં આવ્યો એ બદલ મારે ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકારને અભિનંદન આપવા છે અને ખાસ કરીને શ્રમ અને રોજગાર મંત્રીશ્રી અને એમના મંત્રાલયને અભિનંદન આપવા છે કે, સમગ્ર દેશમાં પહેલીવાર ગુજરાતમાં આ જોબ ફેરમાં ૧ લાખથી પણ વધુ યુવાનોને પસંદગી આપી છે. સંરક્ષણ ભરતી મેળા હોય અથવા નેશનલ કેરિયર સર્વિસ હેઠળ ૧૦૦ જેટલા મૉડેલ કેરિયર સેન્ટરની સ્થાપનાનું આયોજન ભારત સરકારે કર્યું છે એમાં ગુજરાતમાં વડોદરા અને સુરત પહેલા બે સેન્ટરો છે કે જેમાંથી વધુને વધુ રોજગારીની તકો ઉભી થઇ છે. વિદેશમાં અભ્યાસ કરતા જે રોજગારીની તકો માટેના ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઇન્ફર્મેશન સેન્ટર છે એમાં લગભગ ૨૨૨ સેમિનારો થયા છે. આ આપણા બધાના માટે ગૌરવની વાત છે. આ ગુજરાત રોજગારી પૂરી પાડવામાં નંબર વન છે. ખાલી પડેલ જગ્યાની નોંધણી કરવામાં ગુજરાત નંબર વન છે. અનુસૂચિત જાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત નંબર વન છે. અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત નંબર વન છે. મહિલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત નંબર વન છે અને મહિલાઓના નામની નોંધણી અને રોજગારી પૂરી પાડવામાં પણ ગુજરાત નંબર વન છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી જ્યારે શ્રમ અને રોજગાર મંત્રી હતા તે વખતે શ્રમિકોના પરિવારની ચિંતા કરી સરકારશ્રીની તમામ યોજનાઓના લાભ મળે એના માટેના અલગ અલગ જગ્યાઓએ કેમ્પોનું આયોજન કરી યુવીન કાર્ડ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પહેલ કરી હતી તે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિકો માટે આ બજેટની અંદર ૭૦ કરોડની જોગવાઇ અન્ન પૂર્ણા યોજના મારફતે થઇ છે અને એને પોષણયુક્ત અને સ્વાસ્થ્યવર્ધક આહાર મળે એ માટેની જોગવાઇ થઇ છે એમને માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની માગણી ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. સૌથી યુવા દેશ અને યુવા રાજ્ય એવા ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં યુવાનોને જો સૌથી મોટો પડકાર હોય તો મોંઘું શિક્ષણ મેળવી સરકારી કાયમી અને પુરતા પગારવાળી સન્માનપૂર્વકની રોજગારી મેળવવાનો. આ સરકાર યુવા વર્ગની લાગણીઓને સમજવામાં અને સંતોષવામાં સરેઆમ નિષ્ફળ રહી હોય એવું મારું સ્પષ્ટ માનવું છે. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાતમાં ૬૦ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. વાયબ્રન્ટ સમિટ હોય, જોબફેર હોય કે રોજગારી આપવામાં નંબર વનની જાહેરાત હોય આજે પણ ગુજરાતનો યુવા વર્ગ રોજગારી નહિ મળવાના કારણે એક આક્રોશ અને નિરાશાની લાગણી અનુભવી રહ્યો છે. સરકારી નોકરી મળે અને એમાં પણ ફિક્સ પગારના નામે, કોન્ટ્રાક્ટ પધ્ધતિના નામે, આઉટ સોર્સિંગના નામે જ્યારે શોષણ થાય ત્યારે આ યુવા વર્ગનો સરકારમાંથી એક વિશ્વાસ ડગી જતો હોય છે. અહીંયા કહેવા આવ્યું કે આઉટ સોર્સિંગ પ્રથા ખૂબ સારી છે ત્યારે મારે કહેવું છે કે

આ સરકારમાં એમના માનીતા લોકોને આર્થિક લાભ કરાવવા માટેની આ પ્રથા છે. આઉટ સોર્સિંગના નામે કર્મચારીઓનું શોષણ થાય, એમને પુરતો પગાર આપવામાં ના આવે, એમના પી.એફ.ની વ્યવસ્થા ના હોય, ગ્રેચ્યુઇટી ના મળે અને એમને દરેક રીતે શોષિત કરવામાં આવે એવી આ પ્રથા છે. ભણી–ગણીને યુવાન બહાર આવીને સરકારી નોકરી મેળવે અને જ્યારે એમનું ફિક્સ પગારના નામે શોષણ થાય, એમનું માનો કે કોન્ટ્રાક્ટ પ્રથાના નામે શોષણ થાય ત્યારે ગુજરાતના વિકાસની વાત કરીએ એ મારી દ્રષ્ટિએ વધું પડતી કહેવાય. મારી આ સરકારને માગણી છે કે આપણે ખરેખર યુવાનોની લાગણીને સમજવા માગતા હોય અને એમને સંતોષવા માગતા હોય તો આ ગુજરાતમાં ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને આઉટ સોર્સિંગ પ્રથાને સદંતર નાબૂદ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી માટે ખૂબ વાતો થાય છે. અહીંયા રોજગાર સેવા અને વિસ્તરણ માટેનું જે બજેટ ફળવાય છે એની થોડી વાત કરી લઉં. ૨૦૧૫–૧૬ના વર્ષમાં ૩૩.૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવી અને ખર્ચ થયો ફક્ત ૨૩.૦૯ કરોડ રૂપિયાનો એટલે વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૦.૫૨ કરોડ રૂપિયા ઓછા વપરાયા. ૨૦૧૬–૧૭ના વર્ષની વાત કરીએ તો ૩૨.૭૪ કરોડની જોગવાઇ કરવામાં આવી અને ખર્ચ થયો ફક્ત ૨૮.૪૦ કરોડનો એટલે કે એમાં પણ ૪.૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ ઓછો કરવામાં આવ્યો. જ્યારે આપણે રોજગારીની અને યુવાનોની ચિંતા કરતા હોય અને પુરતું બજેટ પણ વાપરી ના શકતા હોય તો મારી દ્રષ્ટિએ આ સરકાર પ્રગતિશીલ નહિ પણ અધોગતિશીલ સરકાર હોય એવું લાગે છે. ગુજરાતમાં ૮૩% જેટલા લોકો અસંગઠિત ક્ષેત્રે રોજગારી મેળવે છે. એમાં પણ ખાસ કરીને રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં ૮૬ લાખ અસંગઠિત ક્ષેત્રના કામદારોમાંથી મોટાભાગના લોકો ખેતમજૂરો જમીન વિહોણા છે અને એમની સંખ્યા જો અલગથી ગણીએ તો ૬૮ લાખ જેટલી થવા જાય છે. મોટાભાગના લોકો ગરીબી રેખા નીચે જીવતા હોય ત્યારે એમની સુરક્ષા માટે એમની કલ્યાણ યોજનાઓ માટેનું જે ફંડ વપરાવું જોઇએ કે ફાળવણી થવી જોઇએ એ આ સરકારમાં થઇ શકતી નથી. ગ્રામીણ વિસ્તારના કામદારો માટે સમાજ સુરક્ષાના ફંડની વાત કરીએ તો સરકારે ૧૨.૭૨ કરોડની જોગવાઇ કરી. ૮૬ લાખ જેટલા ગ્રામીણ કામદારો માટે જો ૧૨.૭૨ કરોડની જોગવાઇ થાય તો માથાદીઠ ગણવા જઇએ તો ફક્ત ૧૪.૭૯ રૂપિયા એટલે કે ૧૪ રૂપિયા જેટલી રકમની જોગવાઇ માથાદીઠ થતી હોય છે. ત્યારે આ સમગ્ર કામદાર વર્ગ આ સરકારની સામે એક અન્યાયની લાગણીથી જુએ છે. રાજ્યમાં જે પણ ક્ષેત્રે કામ કરતા હોય એ તમામ કામદારોની સલામતી આપણા સૌ માટે ખૂબ જરૂરી છે. વર્ષ ૨૦૧૬ની વાત કરીએ તો પ્રાણઘાતક અકસ્માતો થયા અને બિન–પ્રાણઘાતક અકસ્માતો થયા એ બંનેનો સરવાળો કરીને સરેરાશ જો ગણીએ તો દરરોજના પાંચ કરતા પણ વધારે અકસ્માતો નોંધાયેલા છે. રાજ્યમાં બોયલર ઇન્સ્પેકટર હોય કે ફેકટરી ઇન્સ્પેકટર હોય મોટાભાગનું મહેકમ ખાલી છે અને એના કારણે આ કારખાનામાં જે કામ કરતા કામદારો છે એમની સલામતી માટે, એમની સુવિધા માટે કે એમના અધિકારો માટે જે ચિંતા થવી જોઇએ, જે વ્યવસ્થા થવી જોઇએ, જે ચેકીંગ થવું જોઇએ એ થઇ શકતું નથી ત્યારે એમના કારખાનાના માલિકો દ્વારા પોતે વધુ કમાવવાની લાલચે જે સુવિધાઓ આપવી જોઇએ, જે સલામતીની વ્યવસ્થા થવી જોઇએ એ કરવામાં આવતી નથી અને એના કારણે જ્યારે અકસ્માતનો કોઇ બનાવ બને, કોઇ પરિવારનો યુવાન દીકરો પોતાની જાન ગુમાવે કે કાયમી અપંગતા આવે ત્યારે એને પૂરતા પ્રમાણમાં વળતર પણ મળી શકતું નથી અને એમાં પણ ભારતીય જનતા પાર્ટીએ જેને પ્રોત્સાહિત કરી છે એવી કોન્ટ્રાક્ટ પ્રથા કે કારખાનામાં પણ કોન્ટ્રાક્ટ પ્રથાના આધારે જે કામદારો કામ કરે છે એને જો કોઇ અકસ્માત થાય, એને કોઇ જાનહાની કે આર્થિક કે શારીરિક નુકસાન થાય તો એને પૂરતા પ્રમાણમાં વળતર મળી શકતું નથી. એ વારંવાર રજૂઆતો કરે તેમ છતાં પણ એને મેડિકલ સારવારની વાત હોય કે આર્થિક મદદ પણ મળી શકતી નથી. તો મારી સરકારને વિનંતી છે કે, ખાલી જાહેરાતો કે, શ્રમિકોના કલ્યાણની વાત કરવાને બદલે આપણે જે પણ ખાલી મહેકમ છે એને પૂરેપુરુ ભરવું જોઇએ અને તમામ કારખાનામાં આપણા જે કામદારો છે એની સલામતી માટે, એની સુવિધા માટે પૂરતી વ્યવસ્થા થવી જોઇએ, એની ચકાસણી થવી જોઇએ.

અહીંયા વાત થઇ ઓવર સિઝ એમ્પ્લોયમેન્ટ કેરિયર ઇન્ફર્મેશન સેન્ટરની, આ સરકાર જાહેરાતો તો બહુ કરે. મારે યાદ કરાવવું છે કે, ૨૦૧૫–૧૬ના બજેટમાં ગુજરાતમાં આવા સેન્ટરોની શરૂઆત કરવાની વાત થઇ હતી અને એમાં આણંદનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, બજેટ સ્પીચમાં આપ અભ્યાસ કરશો તો આણંદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ દુ:ખ સાથે કહેવું પડે કે, આજ દિન સુધી આણંદ જિલ્લામાં આવા કોઇ સેન્ટરની શરૂઆત નથી કરવામાં આવી. એના જ કારણે આણંદમાં જે તમામ રીતે શિક્ષણ મેળવેલા યુવાનો છે એને રોજગારી મેળવવામાં તકલીફ પડી રહી છે.

અહીંયા વાત થાય કે, પૂરતું વેતન આપવામાં આવે છે. પણ સમગ્ર ગુજરાતમાં કે કોઇ પણ સ્થાન હોય કે કોઇ પણ ક્ષેત્ર હોય એ લઘુત્તમ વેતન ધારાનો સરેઆમ ભંગ થઇ રહ્યો છે. એ ખાનગી ક્ષેત્ર હોય કે સરકારી ક્ષેત્ર હોય એ રાજ્યનો ખેત મજૂર હોય કે, કારખાનાનો કામદાર હોય, એ આંગણવાડી વર્કર હોય કે, મધ્યાહ્ન ભોજનનો કર્મચારી હોય, એ હોમગાર્ડનો જવાન હોય કે, આશા વર્કર બહેન હોય, એ સરકારની કોન્ટ્રાક્ટ પ્રથાનો કર્મચારી હોય કે, અર્ધસરકારી સંસ્થાઓનો કર્મચારી હોય એ તમામ જગ્યાએ આ લોકોનું લઘુત્તમ વેતન નહીં આપીને શોષણ કરવામાં આવે છે. આપણે કર્મયોગીની વાત કરતા હોઇએ, આપણા કર્મચારીઓ, આપણા કામદારોને કર્મયોગી બનાવવાના સ્વપ્નો જોતા હોઇએ તો એને સમાન કામના પ્રમાણમાં સમાન વેતન પણ મળવું જોઇએ. ત્યારે આ લોકોને આપણે લઘુત્તમ વેતન ધારા મુજબનું પણ વેતન નથી આપી શકતા અને સરેઆમ જ્યારે

લઘુત્તમ વેતન ધારાનો ભંગ થતો હોય તેમ છતાં પણ આપણે એની દરકાર ના કરતા હોઇએ તો મારી દ્રષ્ટિએ આ ખૂબ ગંભીર બાબત કહેવાય. (એક મિનિટ બાકી છે )

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટની વાત થાય, ઉદ્યોગો આવે સારી વાત છે. પણ જે મોટા ઉદ્યોગોને આપણે સરકારી ખૂબ મોટી રાહતો આપીએ છીએ. એને જમીન હોય, પાણી હોય, વીજળી હોય, રસ્તો હોય તમામ સગવડો આપીએ છીએ અને એ જ ઉદ્યોગો જ્યારે આપતા ૮૫ ટકા સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના પરિપત્રનો ભંગ કરે ત્યારે આપણે એની સામે પગલા લેવામાં ઊણા ઉતરીએ છીએ. ત્યારે આ ગુજરાતનો યુવા વર્ગ તમને પણ એના માટે દોષિત ગણે છે. હમણાં જ સાણંદ નજીક એક ઠાકોર સેનાના માધ્યમથી આ ૮૫ ટકા સ્થાનિક રોજગારી નહીં મળવાના કારણે એ લોકોએ સાણંદમાં ઉદ્યોગોને તાળાબંધી કરવાનો કાર્યક્રમ પણ કર્યો. ત્યારે આ એક સાણંદનો નહીં પણ સમગ્ર ગુજરાતની તમામ જગ્યાએ જે ઉદ્યોગો ચાલે છે ત્યાં આપણા લાભો લઇને શરૂ થયા છે એ લોકો ગુજરાતના સ્થાનિક યુવાનોને આપણો જે રોજગારી આપવાનો પરિપત્ર કર્યો છે એનો સરેઆમ ભંગ કરી રહ્યા છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નં. ૪૨, ૪૩, ૪૪, ૫૭ અને ૬૦ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. આ રાજયના કાયદા વિભાગને જાણે કે પેરાલીસીસ થઇ ગયો હોય તેવી પરિસ્થિતિ હાલ આ રાજયમાં છે. રાજયમાં છેલ્લા છ વર્ષના આપણે આંકડા જોઇએ તો રાજયમાં જે બજેટ લેવલે જોગવાઇ થાય પણ એ બજેટ લેવલે જે કોઇ જોગવાઇ થઇ હોય એટલા નાણા વપરાતા નથી. વર્ષ ૨૦૧૪-૧૫માં ૮૭૦.૯૩ની જોગવાઇ થઇ એમાં માત્ર ૭૨૭.૫૩નો ખર્ચ થયો એટલે કે ૧૩૧.૭૩ ઓછો ખર્ચ થયો. વર્ષ ૨૦૧૫-૧૬માં એવી જ રીતે ૩૫૨.૬૮નો ઓછો ખર્ચ થયો એવી જ રીતે વર્ષ ૨૦૧૬-૧૭માં જે ખર્ચની જોગવાઇ થઇ હતી એમાંથી ૨૫૬.૯૮ લાખ ખર્ચ ઓછો થયો એટલે આ રાજય સરકાર આ કાયદા વિભાગને સુદ્રઢ કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ ગઇ હોય એવું આ ખર્ચના આંકડા ઉપરથી લાગે છે. સમગ્ર ગુજરાતમાં જયારે કાયદા વિભાગની અલગ અલગ કોર્ટો હોય આ કોર્ટોમાં અત્યારે હાલ ગુજરાત રાજયમાં મે, ૨૦૧૬ ની સ્થિતિ એ લગભગ ૨૨.૪૨ લાખ કેસો પેન્ડીંગ પડયા છે. આ કેસોનો ઝડપથી નિકાલ થાય એ માટે રાજય સરકારે સુદ્રઢ આયોજન કરવું જોઇએ પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ રાજય સરકારની જે નાણાકીય જોગવાઇ કરવાની ક્ષતિ હોય કે રાજય સરકાર દ્વારા જરૂરી ભરતી હોય, જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા આપવામાં કોઇ ચોકકસ આયોજન નથી એના કારણે અરજદારોને ધરમધકકા આજે નામદાર કોર્ટોમાં પડે છે. અરજદારોને નામદાર કોર્ટોમાં ધકકા પડવા પાછળનું કોઇપણ કારણ હોય તો એનું મુખ્ય કારણ ઓછો સ્ટાફ, સરકારી વકીલોની જે નિમણૂક કરવાની હોય એમાં સરકારની ગંભીર બેદરકારી માટે મારે ખૂબ દુઃખ સાથે કહેવું છે કે આ રાજયમાં વર્ષ ૨૦૧૩-૧૪માં એ.પી.પી.ની ૫૪૩ જગ્યાઓ માટે અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલી. આ જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ થયે આજે ૨૦૧૪ની વાત કરું તો ૨૦૧૪ થી માંડી આજ સુધી નિમણૂક આપવામાં આવેલ નથી.

ઉપાધ્યક્ષશ્રી : કોર્ટ મેટર છે એટલે એનો ઉલ્લેખ ન થાય.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : એનું રીઝલ્ટ પણ ડીકલેર થઇ ગયું છે પણ હજી સુધી એમને નિમણૂક આપવામાં આવી નથી તો આ ગતિશીલ અને પ્રગતિશીલ ગુજરાતના માનનીય કાયદા મંત્રીશ્રીને મારી વિનંતી કે આ બાબતે તાત્કાલીક નિર્ણય લઇ અને આ સરકારી વકીલોની નિમણૂક થાય એ માટે આપ પ્રયત્ન કરો એવી વિનંતી. કાયદા વિભાગમાં જે નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે એમાં જે ઘણી મોટી રકમો નામદાર હાઇકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના વકીલોના ખર્ચ પેટે આ રાજય સરકાર ખૂબ વાપરે છે. એવો જ એક મોટો કિસ્સો આપણા રાજયની નામદાર હાઇકોર્ટે આ રાજયના લાખો વિદ્યા સહાયકો માટે એમના કુલ પગાર માટે એમણે વાત કરી અને એમણે કેસ કર્યો, આ કેસમાં સરકારે લાખો રૂપિયા ખર્ચ્યા. લાખો રૂપિયા ખર્ચવા છતાં સરકારને થપ્પડ પડી અને નામદાર હાઇકોર્ટે વિદ્યા સહાયકોની ફેવરમાં જજમેન્ટ આપ્યું. તેમ છતાં આ રાજય સરકારે નામદાર સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી આ વિદ્યા સહાયકોને અન્યાય કર્યો ત્યારે માનનીય મારી મંત્રીશ્રીને વિનંતી કે આપ કરોડો રૂપિયા ફી પેટે નહીં આપી આ કેસ તાત્કાલીક વીડ્રો કરી અને આ વિદ્યા સહાયકોને પૂરો પગાર આપશો તો એનાથી મોટો ફાયદો એ થશે કે કાયદા વિભાગના લાખો, કરોડો રૂપિયા ફીના બચશે. હમણા જ રાઘવજીભાઇ વાત કરતા હતા આજે પણ હોમગાર્ડના જવાનો રાત દિવસ ગમે ત્યારે ડયૂટીમાં હોય પણ એમને સામાન્ય ૨૦૪ રૂપિયા જેવું માનદ વેતન આપવામાં આવે છે એમનું વેતન વધારવું જોઇએ અને એમને પણ જેમ પોલીસની નિવૃત્તિની વયમર્યાદા ૫૮ વર્ષ કરવી જોઇએ એવી મારી વિનંતી છે. આ રાજયના લગભગ ૭૪૦૦૦ જેટલા વકીલો અલગ અલગ કોર્ટોમાં પ્રેકટીસ કરે છે. હું જયારથી ધારાસભ્ય થયો ત્યારથી સતત રજૂઆત કરતો આવ્યો છું.આ વકીલ માટે જેમ ઉત્તરપ્રદેશ, તામીલનાડુ, રાજસ્થાનની સરકારે બાર કાઉન્સિલને ફંડ આપવા માટેની પોલિસી બનાવી તેવી રીતે આ બાર કાઉન્સિલને અલગથી ફંડ ફાળવો તો આ વકીલો અને એમના કુટુંબો માટે વેલ્ફેરનાં નાણાં વાપરી શકાય તે માટે જોગવાઇ કરશો તો સારું. આજે રાજ્યમાં ચેરિટી કમિશનરની અનેક જગ્યાઓ ખાલી છે. ઘણી જગ્યાએ ચેરિટી કમિશનર ચાર્જમાં છે. અમદાવાદમાંથી ચેરિટી કમિશનર સાબરકાંઠા જાય, અમદાવાદથી મહેસાણા જાય તો આવી અલગ અલગ જગ્યાએ ચેરિટી કમિશનરની જગ્યાઓ ખાલી છે, તો આ જગ્યાઓ તાત્કાલિક ભરાવવી જોઇએ અને જે યોગ્ય વ્યક્તિથી ભરવી જોઇએ તેવી વિનંતી છે. આજે રાજ્યમાં ઠેર ઠેર કાયદાથી અજ્ઞાન ઘણા માણસો છે. આ અજ્ઞાની માણસોને તાલુકા કાનૂની શિબિરના માધ્યમથી જ્ઞાન આપતા હતા. આના કારણે ઘણા બધા કેસ ઘટી શકે. આજે છેલ્લા ઘણા સમયથી આવી કાનૂની શિબિરોનું પ્રમાણ ઘટતું જાય છે. તો તાત્કાલિક આવી કાનૂની શિબિરો વધુ થાય અને જે કાનૂની

શિબિરમાં એન.જી.ઓ. અથવા જે વકીલો સલાહ સૂચનો આપવાં જતાં હોય તેમને અલગથી માનદ વેતન આપવું જોઇએ તેવી વિનંતી છે.

મારે ગૃહ વિભાગની વાત કરવી છે. આ ગૃહ માટે એક શરમજનક ઘટના કહેવાય કે ગૃહમંત્રી વાત કરતા હતા અમે અસ્ફાક ખત્રીના આરોપીઓને પકડ્યા. સાચી વાત છે, પણ છેલ્લા ચારેક દિવસ પહેલા ટીવીમાં જોયેલું કે નામદાર કોર્ટમાં તેને રજૂ કરવા ગયા તો આ આરોપીઓ જે વાનમાં બેઠા હતા તે વાનને વકીલોએ ધક્કા માર્યા ત્યારે વાન ચાલુ થઇ. આ ગૃહ વિભાગની વાત અમે ટીવીમાં જાતે જોઇ છે. આ વાત સત્ય છે. આ માટે નવાં સાધનો ખરીદે. ગૃહ વિભાગમાં ઘણું બધું બજેટ ફાળવીએ છીએ. બજેટનો સદુપયોગ કરીને ગૃહ વિભાગને મજબૂત બનાવવું જોઇએ. અમારા મત વિસ્તારમાં અમારા સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૩-૪ વર્ષોથી કોર્ટનું બિલ્ડિંગ મંજૂર થયેલ છે, પણ તેનું કામ ચાલુ થતું નથી. આ બાબતે મંત્રીશ્રીને વાત કરેલી. એમણે પોઝિટિવ વાત કરેલી. તો આ બિલ્ડિંગનો પ્રશ્ન ઝડપથી હલ થાય અને સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ કોર્ટનું બિલ્ડિંગ તાત્કાલિક બને. આ અંગેના ટેન્ડર થયેલ પડ્યા છે. જે જગ્યા માટેનો પ્રશ્ન હતો તેમાં પણ મેં વ્યક્તિગત રસ લઇને જિલ્લા પંચાયતનું જૂનું બિલ્ડિંગ અપાવેલ છે. એનું ઇન્ફ્રાસ્ટ્રકચર નથી. આ માટે મંત્રીશ્રી નાણાકીય જોગવાઇ કરી અને ઇન્ફ્રાસ્ટ્રકચર માટેની થોડી વ્યવસ્થા કરી આપે તો કોર્ટ ટ્રાન્સફર થઇ જિલ્લા પંચાયતના બિલ્ડિંગમાં જાય અને નવી કોર્ટનું બિલ્ડિંગ ચાલુ થઇ શકે. હથિયાર પરવાના ધારાનો કાયદો એ ગૃહ વિભાગનો છે. હથિયાર પરવાના ધારા હેઠળ અત્યારે હાલ હજારો અરજીઓ પેન્ડિંગ પડી છે. આવા હથિયાર પરવાના ધારાની અરજીઓ પેન્ડિંગ પડી હોય તે અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેવી મારી વિનંતી છે. ગૃહ વિભાગ દ્વારા તા. ૧૧-૧૨-૨૦૧૩ નો પરિપત્ર છે. કોઇપણ કોગ્નીઝેબલ ગુનો બને તો તેની એફ.આઇ.આર. સીધી નોંધી દેવી. રાજ્ય સરકારનું પોલીસ તંત્ર હોય કે રાજકીય દબાણ હેઠળ આવા ગુનાઓ નોંધવામાં આવતા નથી. સરકારશ્રીનો પરિપત્ર હોવા છતા ગુના નોંધવામાં અવતા નથી. ફરિયાદીએ નામદાર હાઇકોર્ટમાં, નીચલી કોર્ટોમાં જવું પડે. અને કોર્ટનો હુકમ થયા પછી ફરિયાદ નોંધવામાં આવે છે. તો તાત્કાલિક આવા બેદરકારી દાખવતા અધિકારીઓની સામે શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઇએ તેવી વિનંતી છે. અમીતભાઇ વાત કરતા હતા કે શ્રમ અને રોજગાર વિભાગમાં ગુજરાતના સ્થાનિક યુવાનોને ૮૫ ટકા નોકરી આપવાની વાત ચાલે છે. સત્ય હકીકત જોઇએ તો ૮૫ ટકાને બદલે ૨૫ ટકાને પણ નોકરી મળતી નથી, કારણ કે બહારથી લોકો આવે અને એક જ વર્ષમાં એફિડેવિટ કરીને આપી દે કે હું ગુજરાતનો વતની છું. તાત્કાલિક એમને રેશનકાર્ડ મળી જાય, ચૂંટણી કાર્ડ મળી જાય અને અહીનો રહેવાસી છે તેવું બતાવે. આ લોકો ગુજરાતના સ્થાનિક યુવાનો સાથે ખૂબ છેતરપિંડી કરતા હોય છે. આ અંગેની પૅાલિસીમાં સુધારો કરવો જોઇએ. એમના માટે શૈક્ષણિક દરજ્જો જોવો જોઇએ. આપણે એવું જોઇશું કે એક જ વર્ષમાં આવે અને એક જ વર્ષમાં એફિડેવિટ કરીને આપે કે હું સ્થાનિક રહેવાસી છું, તો આપણા સ્થાનિક યુવાનોને ખૂબ જ અન્યાય થશે. એટલા માટે આપણા ગુજરાતના સ્થાનિક તમામ યુવાનોને રેગ્યુલર, સમયસર નોકરી મળે અને ૮૫ ટકાના નિયમ સાથે નોકરી મળે તેવી મારી વિનંતી છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ વિભાગની માગણીઓની અંદર મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા ઉપસ્થિત થયો છું. ગુજરાતની અંદર દિન પ્રતિદિન લૂંટફાટ, ચોરી, ધાડ, મહિલા વિરોધી ગુનાઓમાં વધારો થતો જાય છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસેલી છે. ધોળે દિવસે વેપારીઓની લૂંટ, હત્યા તેમજ અપહરણ જેવા બનાવો રોજિંદા બની ગયા છે. આજે ધાર્મિક સ્થળો પણ સુરક્ષિત નથી, મંદિરોમાંથી ભગવાનની મૂર્તિ પણ ચોરાઇ જતી હોય છે તે આ રાજય માટે બહુ શરમજનક ઘટના છે. રાજયની અંદર ૩૦ સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવવા માટેની ગૃહ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. પોલીસ મથકોની પરિસ્થિતિ એવી છે કે તેમાં પ્રાથમિક સુવિધા પણ નથી. દસ્તાવેજોની ઝેરોક્ષ કોપી કરાવવા પણ પોલીસ અધિકારીઓને બહાર જવું પડતું હોય છે. વાહનો રસ્તા અને રોડ પર પાર્ક કરવા પડતા હોય છે. પ્રાથમિક સુવિદ્યા મેળવવા માટે કંપનીઓ અને ઉદ્યોગપતિઓનો સહારો લેવો પડે છે. ગતવર્ષે સ્માર્ટ પોલીસ મથકો બનાવવા માટે ૩ કરોડની રકમ ફાળવવામાં આવી હતી. અત્યાર સુધી તે બન્યા નથી ત્યારે બીજા ૩૦ નવા પોલીસ મથક ૩ કરોડની જોગવાઇથી બનાવવાની વાત કરવામાં આવી છે. મહિલાઓ પર દિન પ્રતિદિન ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે. મહિલાઓ પરના ગુનાની વાત કરીએ તો ૨૦૦૧ માં ૨૮૬ બળાત્કારના બનાવો બન્યા હતા. ૨૦૧૨માં તે વધીને ૪૭૩ થયા છે. મહિલાઓને તેમના પતિ તથા સગા સંબંધીઓથી હેરાન કરવાના બનાવો ૨૦૦૧માં ૩૭૭૮ બન્યા હતા તે વધીને ૨૦૧૨માં ૬૭૫૧ થયા છે અને ૨૦૧૬માં અંદાજે ૮૦૦૦ થવાના છે. રાજયમાં ખૂન, ખૂનનો પ્રયત્ન, જીવલેણ હુમલા, બળાત્કાર, અપહરણ અને ગોંધી રાખવા જેવા મોટા ગુનાઓ ૨૦૦૧માં ૩૧૪૧ નોંધાયા હતા તે ૨૦૧૨માં વધીને ૩૯૧૯ થયા છે. દર વર્ષે ૨૦૦ કરોડની રકમ જે ફાળવવામાં આવી હોય છે તે પણ સરકાર વાપરી શકતી નથી તે બહુ જ ગંભીર બાબત છે. દલિતો ઉપરના ગુનાઓ વધતા જાય છે. આપણે જોઇએ તો ૬૬૫૫ કેસ ૨૦૧૩ની અંદર નોંધાયા છે. એકતરફ ગુનાખોરી વધતી હોય અને બીજી તરફ પોલીસ અધિકારીઓ ચાર્જ પર ચાલતા હોય છે. ડીજીપી સહિત ૨૦ આઇપીએસની જગ્યા ચાર્જ પર ચલાવવા માટે સરકાર મજબૂર છે. ડી.જી.પી. કચેરીમાં ડીજીપીની જગ્યા ચાર મહિનાથી ચાર્જમાં, એડીજી ઇન્કવાયરીની જગ્યા બે મહિનાથી અને કાયદો અને વ્યવસ્થાના આઇજીની જગ્યા સાત મહિનાથી ચાર્જમાં ચાલી રહી છે. ઇન્ટેલીજન્સ એડીજીની જગ્યા સાત વર્ષથી ચાર્જમાં છે. રાજય અનામત પોલીસ દળના એડીજીની જગ્યા પાંચ મહિનાથી ચાર્જમાં ચાલે છે. આ ઉપરાંત રાજય પોલીસ અનામત દળ અને પોલીસ દળમાં મોટા ભાગની જગ્યાઓ ખાલી છે. ગાંધીજીના ગુજરાતમાં એક તરફ સરકાર દ્વારા સ્ત્રી સશક્તિકરણની વાતો થઇ રહી છે ત્યારે બીજી તરફ મહિલાઓની સુરક્ષા પર સવાલો ખડા થઇ રહ્યા છે. રાજયમાં જુન

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

૨૦૧૬ સુધીની વિગતો મુજબ છેલ્લા એક વર્ષમાં ૨૪૮ મહિલાઓ સાથે દુષ્કર્મ થયું હોવાની પોલીસ ચોપડે સત્તાવાર ફરિયાદ નોંધાઇ છે. જેના પરથી કલાકો મુજબ ગણતરી કરવામાં આવે તો દર ૩૫ કલાકે એક મહિલા સાથે દુષ્કર્મ થતું હોવાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. ગુજરાત પોલીસ દ્વારા તાજેતરમાં વૈશ્વિક પ્લેટફોર્મ ઉપર જાહેર થયેલી વિગતો મુજબ જુન ૨૦૧૬ સુધીની માહિતી મુજબ આઇપીસી ૩૭૬ એટલે કે ૨૦૧૫માં દુષ્કર્મના ૨૨૨ કેસ સત્તાવાર પોલીસ ચોપડે નોંધાયા છે. જેની સામે હાલ ૨૪૮ કેસ નોંધાતા ૨૬ કેસની વૃદ્ધિ જોવા મળી રહી છે. ઉપરોકત ચોંકાવનારા આંકડાઓ મહિલાઓ પર થયેલા અત્યાચારની ગવાહીરૂપ સાબીત થાય છે. હદ તો એ થાય છે કે •(×××) અછોડા તોડવાની ઘટનાઓ જુઓ તો તેમાં અમદાવાદની વાત કરું તો વર્ષે ૩ કરોડ ૬૫ લાખ રૂપિયાના સોનાના દોરા લૂંટાય છે. પરિસ્થિતિ ગંભીર ત્યાં છે કે અમદાવાદના ડેપ્યુટી મેયરનો દોરો લૂંટાતો હોય અને તે સલામત ન હોય તો બીજા કેવી રીતના સલામત હશે? તેવું હું કહેવા માગુ છું કે ગુજરાતની અંદર બધી જગ્યાએ શાંતિ, અમન અને ભાઇચારાનો માહોલ હોય, આપણે વડોદરાની અંદર જોઇએ તો છેલ્લા ઘણા સમયથી વારંવાર ત્યાં કોમી બનાવો બનતા હોય છે. હું ગૃહ મંત્રાલયને કહેવા માગુ છું કે ત્યાં સતત વોચ રાખવામાં આવે. આઇબીના ઇનપુટ લેવામાં આવે કે સમગ્ર ગુજરાતમાં શાંતિ હોય તો ફકત વડોદરામાં કેમ આ થાય છે? અને બીજું કહું કે મારા વિસ્તાર શાહપુર કે જયાંથી હું ચુંટાઇને આવ્યો તે પછીથી ઘણી વખત ત્યાં આવા બનાવો બનતા હોય છે. ચૂંટણીઓ જેમ જેમ નજીક આવશે ત્યારે ધ્રુવીકરણ માટે આવી ઘટનાઓ વધુ થવાની છે. હું કહેવા માગુ છું કે અમદાવાદ શહેરનો જે કોટ વિસ્તાર છે તેની પર આઇબીની સતત વોચ રાખવામાં આવે. જે લોકો સંદિગ્ધ લાગે એ તમામના મોબાઇલ પણ ઓબ્ઝર્વેશનમાં મૂકવા જોઇએ અને એવી કોઇ પણ શંકાસ્પદ ગતિવિધિ કરતા લોકોને બક્ષવામાં ન આવે જેથી શાંતિ અને અમનથી રહેનારા લોકોને કોઇ તકલીફ ન પડે. આ ગાંધીની કર્મભૂમિ છે, સાબરમતીને કિનારે બેસીને અહીંસાનો પાઠ જેમણે આપ્યો એમની સૌથી પહેલી પ્રાયોરીટી હતી દારુબંધીની. દારુબંધી કમને સરકાર લઇને આવી છે, સંપૂર્ણ બંધ થયું નથી. અમદાવાદ શહેરની વાત કરું તો સારા પોલીસ કમિશનરશ્રી છે એ સારી રીતે કામ કરી રહ્યા છે અને તેઓ સફળ પણ રહ્યા છે. પરંતુ મને એવી બીક લાગે છે કે વિધાનસભાનું સત્ર ચાલું છે ત્યાં સુધી દારુના અને જુગારના અડ્ડા બંધ રહેશે અને વિધાનસભાનું સત્ર પૂરું થશે એટલે પાછા જેમ હતા તેમના તેમ થઇ જશે. નશાબંધીનો કાયદો આવ્યા પછી ભાવોમાં વધારો થયો છે પણ દારુ પણ આજે એજ રીતે મળી રહ્યો છે. ૨૦૦ રૂપિયાની બાટલી મળતી હતી એ ૫૦૦ની થઇ ગઇ અને ૨૫ રૂપિયાની કોથળી આજે ૭૫ રૂપિયાની થઇ ગઇ છે. જુગારના જે અડ્ડાઓ હતા એ પહેલા દિવસમાં ચાલતા હતા એ હવે પોલીસના મેળાપીપણાની નીચે જુગારના અડ્ડાઓનો સમય બદલવામાં આવ્યો છે હવે રાત્રે ૧૨ થી સવારના ૮ સુધી જુગારના અડ્ડાઓ ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એવી છે ત્યારે દારુ ગુજરાતમાં પ્રવેશતો હોય ત્યારે પકડીએ તો દારુ જે કંપનીનો માલ હોય એ કંપનીની સામે પણ કેસ કરવા જોઇએ અને બહારથી જે કંપનીઓ દારુ ગુજરાતમાં સપ્લાઇ કરતી હોય તેના માલીકને આમાં બક્ષવા ન જોઇએ. બીજી હું એ વાત કરવા માગુ છું કે, જે લીકર પની પરમીશન આપવામાં આવતી હતી એમાં એક કાયદો હતો કે આટલી ત્રિજીયામાં કે જયાં ધાર્મિક સ્થળો હોય અથવા શૈક્ષણિક સંસ્થા હોય ત્યાં એની પરમીશન આપવામાં આવતી ન હતી. પરંતુ અમદાવાદની ત્રણ ફાઇવસ્ટાર હૉટેલોને ફાયદો કરાવવા માટે આ જે ૨૦૦ મીટરની ત્રિજીયાથી હતું એ રદ કરવામાં આવ્યું છે તો શું ગુજરાત વિદ્યાપીઠની સામે આવેલી હૉટેલમાં શરાબ વેચાશે? બીજી ગંભીર બાબત કહું કે, એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ જે પણ જેલની બહાર આવ્યા છે એ બધે શક્તિ પ્રદર્શન કરી રહ્યા છે, જયાં જાય ત્યાં એના સમર્થકો હવામાં ફાયરીંગ કરે છે એની સામે પોલીસ કોઇ કેસ કરતી નથી, એમને કેમ આટલો બધો છૂટોદોર આપવામાં આવ્યો છે, એ કાયદાથી પર છે? અને બીજું એક ડી.જી.પી. લઘુમતી સમાજના છે એ બેફામ વાણી–વિલાસ કરે છે એની સામે એન.જી.ઓ. સંસ્થાઓએ ફરિયાદ કરી એ ફરિયદ પણ પોલીસ ચોપડે નોંધાતી નથી તો એના કારણો શું છે? અને આવા જે પોલીસ અધિકારીઓ છે કે જે ગુનાઇત માનસ ધરાવે છે એ અત્યારે ફકત જામીન પર છૂટ્યા છે નિર્દોષ નથી છૂટયા એવા લોકોના સમર્થકો ખુલ્લેઆમ હવામાં ફાયરીંગ કરે છે અને બેફામ વાણી–વિલાસ કરે છે ત્યારે હું માનું છું કે આવા લોકોને તરત આપણે દબાવી દેવા જોઇએ અને એમને કાયદાનું ભાન કરાવવું જોઇએ.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં હું ગૃહ વિભાગ અને કાયદા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. સૌથી પ્રથમ તો આ વિભાગ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ માનનીય નાણા મંત્રીશ્રીએ ૫૦૦૦ કરોડની માતબર રકમની ફાળવણી કરી છે એ બદલ એમનો સૌથી પહેલા હું આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એ પ્રગતિશીલ, સંવેદનશીલ, નિર્ણાયક સરકાર છે. એના માધ્યમથી સમગ્ર રાજયમાં કોઇ પણ રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું માપદંડ શું? તો એ માપદંડમાં ગુજરાતના તમામે તમામ રસ્તાઓ ૨૪ કલાક સુધી અનઇન્ટરપ્ટ ટ્રાફિક ચાલે છે. તમે બિહાર કે અન્ય રાજયોમાં જાવ રાત્રે ૮ વાગે એટલે તમે જયાં હોવ ત્યાં તમારે રોકાઇ જવું પડે. ગુજરાતમાં ૨૪ કલાક અનઇન્ટરપ્ટ ટ્રાફિક ચાલે છે. ગુજરાતમાં વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટની અંદર હજારો કરોડ રૂપિયાના ઇન્વેસ્ટમેન્ટ થયા અને ઇન્વસ્ટમેન્ટના આધારે ગુજરાતમાં એમ્પ્લોઇમેન્ટ જનરેટ થયું એના આધારે ગુજરાતમાં નવી રોજગારી ઉભી થઇ અને નવી રોજગારીના માધ્યમથી ગુજરાતમાં સમૃદ્ધિ આવી. નાના ગામડાં કે તાલુકામાં કોઇએ એક દુકાન લેવી હોય તોય પહેલાં તપાસ કરવામાં આવે કે આ વિસ્તાર શાંતિ વાળો છે કે નહિ? જ્યારે ગુજરાતની ધરતી ઉપર કરોડો રૂપિયાના રોકાણો વિશ્વભરના ઉદ્યોગપતિઓ આવીને કરે છે, એ ગુજરાતની શાંતિ અને સલામતીના કારણે કરે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હું નાના નાના કેટલાક પ્રસંગોની વાત કરવા માગું છું. હમણાં ગ્રામ પંચાયતોની ચૂંટણી થઇ એ આખા રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે થઇ. હમણાં અંબાજી ખાતેનો મેળો થયો ૩૦ લાખ કરતાં વધારે લોકો માં અંબાના દરબારમાં શ્રદ્ધાથી શીશ ઝૂકાવવા માટે આવ્યા હતા. એકદમ શાંતિપૂર્ણ પ્રસંગ થયો. નવરાત્રિ હોય કે ઉત્તરાયણ હોય કોઇ અનિચ્છનીય બનાવ બનતા નથી. હમણાં ડાકોરની ફાગણી પૂનમ ગઇ. ડાકોરજીના ચરણોમાં મસ્તક ઝૂકાવવા માટે છ લાખ કરતાં વધારે લોકો ગયા. લોકોએ રંગેચંગે આ ઉત્સવની અંદર લાભ લીધો. કોઇપણ રાજ્યની પ્રગતિનો આધાર એના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ જી.ડી.પી. ઉપર આધાર છે. ૨૦૦૦-૦૧ દરમિયાન એ ૧.૧ લાખ કરોડ રૂપિયા હતો અને ૨૦૧૫-૧૬માં આ ૯.૯૪ કરોડ થયો એટલે એ ડોલરના કરન્ટ ભાવ પ્રમાણે થયો. જો આ બે જ આંકડાને તુલનાત્મક રીતે જોવામાં આવે તો ગુજરાતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ એટલે કે જી.ડી.પી. એ ૨૦૧૫-૧૬ના વર્ષમાં જે ૯.૯૪ કરોડ થયો જે ભારતના જીયોગ્રાફિકલ સરખાં અને પોપ્યુલેશન વાઇઝ સરખાં વિસ્તારમાં ગણીએ તો ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉત્તમ છે, એટલા માટે ગુજરાતનો જી.ડી.પી. સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે. ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. તમે કહો કે ના કહો. સમગ્ર દેશની અંદર જ્યારે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી થઇ ત્યારે સમગ્ર દેશમાં લોકોએ ગુજરાતના મોડેલને સ્વીકાર્યું. દેશના કરોડો લોકોની આશાનું કિરણ ગુજરાતમાં જે પ્રમાણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું સર્જન તત્કાલિન માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું હતું તે છે. ગુજરાત એક શાંતિપ્રિય રાજ્ય છે. એ એમને એમ નથી થયું. ગુજરાતની સમૃદ્ધિના કારણે ગુજરાતની શાંતિને ત્રસ્ત ભ્રસ્ત કરવા માટે ગુજરાતની ધરતી ઉપર અનેક નરાધમોનો ડોળો હતો. વખતોવખત અનેકવખત ગુજરાતની ધરતી ઉપર નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરાને ભીંજવવા માટે પ્રયાસ કર્યા છે, પરંતુ હું અભિનંદન આપું છું એ ગુજરાતના પોલીસતંત્રને કે જેના કારણે એ આતંકવાદીઓ સફળ નથી થયા. ભૂતકાળની અંદર મોત કા સોદાગરનો ઉલ્લેખ કરવાવાળા લોકોને ગુજરાતની પ્રજાને ૨૦૦૭માં જવાબ આપી દીધો છે. આ એમને એમ નથી થતું. છપ્પન ઇંચકા સીના હૈ, સર ઉઠા કે જીના હૈ. એના આધાર ઉપર ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા છે. નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યૂરોના જે આંકડા છે એ પ્રમાણે દર એક લાખે કેટલા અપરાધો થાય છે. એના ઓફિશિયલ આંકડા આવે છે. ૧૯૯૦માં આ અપરાધ દર ૨૮૩ હતો. ક્રમશઃ ઘટતા ઘટતા ૨૦૧૫માં આ અપરાધ દર ૨૦૩.૬ થયો. એટલે આમાં સતત ઘટાડો થયો. ૨૦૧૫માં જે ઓલ ઇન્ડિયા ક્રાઇમ રિપોર્ટમાં દેશના ખૂનના ગુના એને મેં ચેક કર્યા તો ગુજરાત એમાં ૨૭માં ક્રમે છે, એન.સી.આર.બી.ના જે આંકડા છે એ આંકડા પ્રમાણે ખૂનની કોશિષમાં ગુજરાત ૩૦મા ક્રમે છે, બળાત્કારની અંદર છેક પાછળ ૩૨માં ક્રમે છે. અપહરણમાં ૨૭મા ક્રમે છે. દહેજના મૃત્યુમાં ૩૬માં ક્રમે છે અને સ્ત્રીની લાજ લેવાના હુમલામાં ૩૨માં ક્રમે છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ સમગ્ર ગુજરાતની અંદર ઉત્તમ પ્રકારની પરિસ્થિતિઓ છે. મહિલા સુરક્ષા, ગુજરાતમાં નારીનું સન્માન કરવુ તે સમાજનો પણ એક સ્વભાવ છે અને સરકારની પણ એ જવાબદારી છે. અહીંયા જાત જાતના મહિલાઓના સંદર્ભમાં એના ઉપર થતાં અત્યાચારોના સંદર્ભમાં વાત કરવામાં આવી. ગુજરાત એક એવુ રાજય છે કે, જેમાં ૩૦ જેટલાં મહિલા પોલીસ સ્ટેશન તે સમગ્ર રાજયમાં મહિલાઓના હિતને અનુલક્ષીને કરવામાં આવ્યાં છે. આખા દેશમાં જે ગુનાઓ થયા તે દેશની અંદર જે વિવિધ ગુના થયા તે ગુજરાતના ગુનામાં ૨૦૧૩ની અંદર આ ગુના ૧૧,૭૨૮ હતા ૨૦૧૪માં ૯,૧૫૧ થયા,૨૦૧૫માં ૬૩૨૧ થયા, ૨૦૧૬માં ૫૮૭૯ થયા મહિલાઓ ઉપર થતાં અત્યાચારોમાં ગુજરાતની અંદર ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે. જુદા જુદા બળાત્કારોના કેસોની વાત કરી. બળાત્કાર ન જ થવા જોઇએ એ તમે, અમે બધા માનીએ છીએ પરંતુ બળાત્કાર થયા બાદ બળાત્કારીને કડકમાં કડક સજા થાય એ રાજય સરકારનું કર્તવ્ય છે અને આ કર્તવ્ય અમે સારી રીતે નિભાવીએ છીએ. એ પાટણનો કાંડ હોય કે અન્ય અમદાવાદ શહેરનો બીજો કોઇ કાંડ હોય કે ભૂતકાળની અંદર બધા બનેલા કાંડો તેની અંદર પોલીસની તપાસ પૂરેપૂરી કરવામાં આવી અને આજે પણ એ બળાત્કારીઓ જેલના હવાલે છે એ હું ડંકાની ચોટ પ્રમાણે કહી શકુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સન્માનનીય સભાગૃહમાં કહ્યું હતું કે નલિયાની ઘટના પ્રત્યે અમને સંવેદના છે. અને નલિયાની ઘટનામાં સંડોવાયેલા લોકોને અમે કોઇ કાળે છોડવાના નથી. પછી તે ભારતીય જનતા પાર્ટીના હોય કે તેની કોલ ડિટેલ રેકોર્ડમાંથી અન્ય કોઇ નામોના ઉલ્લેખ થશે. આ સરકારે, આ પોલીસ તંત્રએ સી.આર.પી.સી.૧૬૪ હેઠળ નિવેદન લીધું. તેની અંદર જેટલા આરોપીઓ હતા તે બધા આરોપીઓને પકડી લેવામાં આવ્યાં. તેના ૧૪ દિવસના રિમાન્ડ લેવામાં આવ્યાં અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સભાગૃહમાં કહ્યું હતું કે અમે ન્યાયિક પંચની રચના કરીશું. આજે હું જાહેરાત કરું છું કે આના સંદર્ભમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ લીધેલા નિર્ણય પ્રમાણે Commission of Inquiry consisting of Justice A.L. Dave, former Judge of Gujarat High Court ના નેતૃત્વ હેઠળ અમે કમિશન નીમ્યું છે અને આના સંદર્ભમાં, નલિયાની ઘટનાના સંદર્ભમાં જેને જયાં પણ કહેવું હોય તો ત્યાં જઇને તેના અંગેની વાત કરી શકે છે. (અંતરાય ) રાઘવજીભાઇ, આપના નેતા જાણે છે કે હાઇકોર્ટની અંદર અત્યારે જે જજોની સંખ્યા છે તેમાં કોઇ પણ કામ માટે sitting Judge આપણને મળવા અઘરાં છે તેના માટે sitting judge ના મળે અને ન્યાયની પ્રક્રિયામાં વિલંબ થાય તેવુ અમે કોઇ પણ હિસાબે ચલાવવા માગતા નહોતાં એટલે એક વખતના હાઇકોર્ટના Acting Chief Justice હતા એ એ.એલ.દવેસાહેબને ગુજરાત સરકારે Commission of Inquiry Act હેઠળ નીમીને રાજય સરકારે આ નલિયા કાંડના સંદર્ભમાં જે વાત કરે છે તેના સંદર્ભમાં પૂરતાં પગલાં લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, છાશવારે અનુસૂચિત જાતિ અને જનજાતિના અત્યાચાર માટેની વાત કરે છે. આટલા વર્ષોમાં પહેલીવાર રાજયના ૩૪ જિલ્લાઓ અને ૪ શહેરો, ૩૮ જિલ્લા અને શહેરોની અંદર એસ.ટી.એસ.સી.સેલની અંદર

ડીવાયએસપીની નિમણૂક થઇ હોય તો આ રાજયની અંદર પ્રથમ વખત નિમણૂક તે વિજય રૂપાણીની સરકાર દ્વારા કરવામાં આવી છે. આખા રાજયની અંદર એટ્રોસિટી એકટ જે ૨૦૧૫ આવ્યો તે ૨૦૧૫ amended એકટના અમલીકરણ માટે ૨૦૧૬ની અંદર આ રાજયની ૧૬ જેટલી એટ્રોસિટી એકટની કોર્ટો નામદાર હાઇકોર્ટ સાથે પરામર્શ કરીને નામદાર હાઇકોર્ટે ડિકલેર કરી છે અને બાકીની ૨૭ જેટલી કોર્ટોને special designated court for atrocity Actની પ્રક્રિયાની અંદર જયારે સામાન્ય સંજોગોમાં જે કેસ ચાલતો હોય તેના કરતાં સ્પેશ્યલ કોર્ટની અંદર કેસ ચાલે તો જેના કારણે તે કેસની અંદર ઝડપથી આપણને પરિણામ મળી શકે. અને આ કોર્ટની અંદર સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટરને પણ નીમવાનું રાજ્ય સરકારે પ્રોવિઝન કર્યું છે. દલિત સમાજ સંદર્ભના જે ગુનાઓ છે એમાં મારી પાસે ૧૯૯૧ થી ૨૦૦૧ અને ૨૦૦૨ થી ૨૦૧૬ના વર્ષના આંકડા છે. ૧૯૯૧ થી ૨૦૦૧ માં ગુનાઓની સંખ્યા ૧૭,૭૩૧ હતી એ ઘટીને સરેરાશ જોઇએ તો ૧૬૧૨ ગણી શકાય. ૨૦૦૨ થી ૨૦૧૬માં એ સરેરાશ જે ૧૬૧૨ હતી એ ઘટીને ૧૦૬૬ રહી છે. અસ્પૃશ્યતાના ધોરણો સંદર્ભમાં પણ ૯૫ ટકા જેટલો ઘટાડો થયો છે. એટ્રોસીટી એક્ટમાં હમણાં આખા દેશના જે આંકડા છે એમાં દેશમાં કુલ ૪૫,૦૦૦ ગુના થયા અને એની સરખામણીમાં ગુજરાતમાં ૧૦૪૬ ગુના થયા છે અને જો ટકાવારીમાં જોઇએ તો એ માત્ર ૨.૩ ટકા છે. આમ, સમગ્રતયા આ સમાજ ઉપર થતા અત્યાચારો રોકવા માટે ભારતીય જનતા પાર્ટીએ સૌનો સાથ સૌનો વિકાસના મંત્રના આધાર ઉપર ચાલવાવાળી સરકાર છે. વિકાસની રાજનીતિના આધાર ઉપર ચાલવા વાળી આ સરકાર છે. તૃષ્ટિકરણની રાજનીતિના આધાર ઉપર ચાલવા વાળી સરકાર નથી. ભૂતકાળની અંદર જ્યારે જ્યારે કૉંગ્રેસ સત્તા ઉપર આવી ત્યારે જ્ઞાતિ, જાતિ, કોમ–કોમ વચ્ચેની લડાઇના કારણે આવી છે પરંતુ ગુજરાતની કૉંગ્રેસની એ માનસિકતાને ગુજરાતની પ્રજા ઓળખી ગઇ છે. એના કારણે ગુજરાતની અંદર ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટી આવી, ૨૦૦૨માં ભારતીય જનતા પાર્ટી આવી, ૨૦૦૭માં ભારતીય જનતા પાર્ટી આવી, ૨૦૧૨માં ભારતીય જનતા પાર્ટી આવી અને ૨૦૧૪માં પણ ૨૬ સીટો પર ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટી આવી. સત્તા વગર તરફડતા લોકો ગુજરાતમાં ફરીથી સત્તાની મધલાળ માટે ફરીથી ગુજરાતની અંદર જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચે, જાતિ–જાતિ વચ્ચે અને કોમ–કોમ વચ્ચે ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે અને હમણાં જે ઇલેક્શન થયા એ ઇલેક્શનની અંદર કૉંગ્રેસનો સફાયો થયો. ૧૨૯ માંથી ૧૦૭ સીટો ભારતીય જનતા પાર્ટીને મળી છે. આ સરકાર સંવેદનશીલ સરકાર છે અને આ સરકાર માને છે કે, ગુજરાતમાં દારૂબંધી હોવી જોઇએ. કાયદા હતા પરંતુ રાજ્ય સરકારે પોતાની પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર ગુજરાતમાં દારૂબંધી કરી. આ દારૂના કરણે અનેક વિધવા બહેનોને આખું જીવન એકલા કાઢવું પડે છે. અનેક પરિવારના લોકો પોતાના ઘરનો મોભી ચાલ્યો જવાના કારણે દુ:ખી સ્થિતિમાં હોય છે તેવા સંજોગોમાં રાજ્ય સરકારની આ કટિબદ્ધતા છે અને મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું તેમ દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર અને જુગાર વગેરે આવે છે જો આપણે દારૂ પીવાની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને જેલમાંથી છોડાવા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. આ મહાત્મા ગાંધીજીએ કહ્યું છે એટલે મારી ઉમેદ છે કે વિવેક અને સમજણથી દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયાસ દરેક માણસ કરે. ગુજરાતની અંદર દારૂના ઉત્પાદન, દારૂનું વેચાણ કે દારૂની હેરાફેરી માટે જે જૂની સજાની જોગવાઇ હતી એ સજાની જોગવાઇમાં વધારો કરીને ૩ વર્ષ સુધીની કેદ હતી એ ૧૦ વર્ષ સુધી વધારી છે. દારૂના પીઠા ચલાવે એના માટે પણ સજામાં વધારો કર્યો છે. દારૂ પીને કેટલાક લોકો છકટા થાય છે અને છકટા થાય એવા લોકોને પણ સમાજની અંદર નોટિસ થાય એને દેખાડવા માટે એને પણ સજાની અંદર વધારો કર્યો. ઘણીવાર મારા પોલીસ અધિકારીઓ દારૂના ધંધા ઉપર રેડ પડાવા માટે જાય તો કેટલાક લોકો ભેગા થઇને અવરોધ ઉભો કરે એને પણ દોષિત ઠરે તો પાંચ વર્ષ સુધીની કેદ અને પાંચ લાખ રૂપિયાનો દંડ, એની અંદર પણ જો કોઇ પોલીસ અધિકારી કે કોઇ આગેવાન મેળાપીપણાથી દારૂના ધંધાને છોડાવવાવાળાને મદદ કરશે તો એને પણ સાત વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવે છે. આના જે આંકડા મારી પાસે જે આવ્યા છે તા. ૨૦–૧૨–૨૦૧૬ થી તા. ૧૪–૩–૨૦૧૭ સુધી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ રેન્જ અધિકારીઓ સુધીની મિટિંગ લીધી. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એસ.પી. કક્ષાના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરી. માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા સ્ટેટ મોનીટરિંગ સેલ કરવામાં આવ્યો. આ અમારી કટિબદ્ધતા છે. ગુજરાતમાં હજી પણ દારૂ પકડાય છે એની અમે ના નથી પાડતા, પરંતુ ગુજરાતની કોઇ પણ બોર્ડરથી ગુજરાતની અંદર દારૂ ન પ્રવેશે એના માટે અમે સબળ આયોજન તંત્ર ગોઠવ્યું છે. પકડાયેલા વિદેશી દારૂની પણ બોટલો એ મોટી સંખ્યામાં છે. દારૂના જથ્થાની કિંમત અને પકડાયેલા ૧૬૭૦ વાહનો જેની ૪૮ કરોડ કરતાં વધારે કિંમત છે. એમ રાજય સરકાર માત્ર દારૂબંધી એ અમારા માટે મતનો વિષય નથી. દારૂબંધી એ ગરીબ પરિવાર હોય, મધ્યમ હોય કે અમીર હોય એનું શરીર જે ખોખલુ થઇ જાય છે એ ખોખલા શરીર અને કૌટુંબિક વ્યવસ્થાઓ જે તૂટે છે એની સામે અમારો સંવેદનશીલ નિર્ણય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દારૂબંધીના નિર્ણયના કારણે દારૂ પીને વાહનો ચલાવે અને એના કારણે જે અકસ્માતો થતા હતા એ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો. એવા કેટલાય પરિવારો છે કે, દારૂ પીવાના કારણે કુટુંબ કલેશના કારણે આત્મહત્યા થતી હતી એ બહેનોની આત્મહત્યાના બનાવોમાં ઘટાડો થયો. દારૂ નહીં પીવાના કારણે સમયસર એનો ઘરનો મોભી ઘરે આવે. ઘરમાં એક કૌટુંબિક પ્રકારનું વાતાવરણ થાય. આમાં અમને જે સંતોષ મળે છે આ સરકારને, એના જેવો સંતોષ અમને બીજે ક્યાંય નથી મળતો.

માનનીય અધ્યક્ષશ્રી, એવું જ દુષણ ગુજરાતની અંદર હુક્કાબંધીનું હતું, હુક્કાબંધી અને આપણને સૌને ચિંતા થાય જુવાન દીકરી– દીકરા જાય એની અંદર પોતાનું ટેબલ બુક કરાવે અને જુદી જુદી ફ્લેવરના હુક્કા પીવે અને એના બંધાણી બની

જાય. બંધાણી બની જાય એનું શરીર ખોખલુ થાય, એના કારણે કાર્બન ડાયોક્સાઇડ જનરેટ થાય એના કરતાં મધ્યમવર્ગનો પરિવાર પણ દેખાદેખીથી હુક્કાબારમાં જાય, પૈસા ના હોય, અને પૈસા ના હોય એટલે ક્યાંકથી ઉધાર લાવે, વ્યાજના ચક્કરમાં પડે, વ્યાજ ચૂકવી ના શકે એટલે ચોરી કરવા માટે પ્રેરાય. હુક્કાબારની લતથી કેટલાક પરિવારો બરબાદ થઇ જતા હતા. રાજય સરકારે જે કોકટા એક્ટ હતો એ કોક્ટા એકટની અંદર એમેન્ડમેન્ટ કરીને આ હુક્કાબંધીનો કાર્યક્રમ લાવ્યા હતા. અમે માનીએ છીએ કે, ગુજરાતનું પોલીસ તંત્ર મજબૂત છે સબળ છે, પરંતુ પોલીસને તાલીમના માધ્યમથી રાજયની અંદર કમાન્ડોની અંદર ખાસ તાલીમ લેવાય. રાજયની અંદર ચાર તાલીમ શાળા વડોદરા, સુરત ચોકી, જૂનાગઢ અને કરઇ ખાતે કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે એમણે જોયું કે, જે રીતે પોતે હરહંમેશ આપણને બધાને કહેતા કે, મને ગુજરાતના વિકાસનું ઘેલુ લાગ્યું છે અને વિશ્વમાં જે શ્રેષ્ઠ છે એ હું ગુજરાત માટે કરીને જંપીશ. ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે, પરંતુ મારે આ ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાને અકબંધ રાખવી હશે તો મારે ગુજરાતમાં સ્કીલ્ડ ડેવલપમેન્ટ કરવી પડશે અને એ માટે એમણે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી. આખા દેશની અંદર પ્રથમ વખત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી આજના વાઇફાઇ યુગની અંદર ગુનેગાર વાઇફાઇ વાપરે છે અને વાઇફાઇ વાપર્યા પછી ગુનેગારને જો પકડવો હોય તો ટેકનોલોજી વગર એને પકડવા અઘરુ થાય છે અને આવનારા દિવસોમાં જે યુદ્ધો થવાના છે એ સાયબર વોર થવાનું છે. ગઇ કાલે જ આપણે જયું કે ધોરણ ૧૨ના પેપરને વોટસઅપના માધ્યમથી નકલી પેપર એની અંદર પ્રસિદ્ધ કરીને કેટલાય દીકરા દીકરીઓને મુશ્કેલીઓમાં મૂકી દીધા. એવા સંજોગોમાં આપણે આપણા પોલીસ ડિપાર્ટમેન્ટને આ સાયબર સિસ્ટમમાં જે એટેક થાય છે એના માટે પ્રશિક્ષિત કરવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. વિશ્વની અંદર ભારતમાં ગુજરાતને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીથી ગૌરવ મળ્યું છે.

એવી જ બીજી નેશનલ લો યુનિવર્સિટી એના માધ્યમથી એજયુકેશનલ જેને જયુડીશરીમાં જવું છે એવા લોકોને આપણે તૈયાર કરીએ. એવી જ રીતે રક્ષા યુનિવર્સિટીની સ્થાપના કરી છે. બી.કોમ છોકરો થયો હોય પછી પોલીસમાં જાય અને એને હોય કે મારે પોલીસ વિભાગમાં ભરતી થવું છે. એ પહેલેથી રક્ષા શકિત યુનિવર્સિટીમાં જાય અને ત્યાં આગળ તજજ્ઞોના માધ્યમથી એ રીતે તૈયાર કરવામાં આવે કે એ જયારે અમારી પોલીસ ફોર્સની અંદર એન્ટર થાય તો ગુજરાતને સારામાં સારા ઓફિસર મળે અને રક્ષા યુનિવર્સિટીના અનેક લોકો આની અંદર નોકરી કરે છે, એમનુ સિલેકશન કરવામાં આવેલ છે. આ બધી વાતોમાં પોલીસમાં ભરતી અત્યંત આવશ્યક છે અને રાજયની અંદર ૨૦૧૦-૧૧ થી ૨૦૧૬-૧૭માં ૨૪૬૦૦ નવી પોસ્ટોની મંજૂરી આપવામાં આવી. અલગ ભરતી બોર્ડની રચના કરી અને અત્યાર સુધીમાં ૩૨૧૯૫ જેટલા ૨૦૦૯ થી ૨૦૧૫માં ભરતી કરી છે. અને આ સભાગૃહ સમક્ષ કહેતા મને આનંદ થાય છે કે હાલ ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના પોલીસ ભરતી બોર્ડ દ્વારા વિવિધ સંવર્ગના ૧૮૨૧૭ જગ્યાઓની ભરતી અંતિમ પ્રક્રિયામાં છે. લગભગ એપ્રિલ સુધીમાં એ પ્રક્રિયા પૂર્ણ થઇ શકશે. પહેલા શારીરિક કસોટી લેવાતી હતી પછી લેખિત લેવાતી હતી. હવે ચેઇન્જ કર્યું છે. પહેલા લેખિત લઇ અને પછી જ શારીરિક ફિઝિકલી ફીટ હોય એવા લોકોને આપણે ભરતી કરીએ છીએ અને કલાસ-૩ની અંદર પણ ઇન્ટરવ્યુની જોગવાઇ રદ કરવામાં આવી છે. એના ઉપરાંત આ આખીય પ્રક્રિયા તમે બધું સાંભળ્યું હશે પણ કયારેય પોલીસ ડિપાર્ટમેન્ટ સામે કોઇ આક્ષેપ નહિ કરી શકે.આખી સિસ્ટમ બાયોમેટ્રિક રજીસ્ટર, ઓમાર સીટ, સીસીટીવી કેમેરા, એનું વિડિયોગ્રાફી અને જયારે એની દોડ અંગેની પરીક્ષા હોય છે ત્યારે રેડીયો ફ્રિકવન્સિ આઇડેન્ટિફિકેશનના માધ્યમથી માઇક્રો મિનિટસ સુધી એની અંદર આપણે કરીએ છીએ.

આ સરકાર પારદર્શક સરકાર છે. પારદર્શક સરકાર હોવાને નાતે ગુજરાતમાં કયાંય પણ ભ્રષ્ટાચાર ચાલતો હોય તો ભ્રષ્ટાચારને અંકુશમાં લાવવા માટે અમારુ ભ્રષ્ટાચાર નિવારણ શાખા, એન્ટી કરપ્શન બ્યુરો મજબૂતાઇથી કામ કરે છે. હમણાં જ આ સભાગૃહની અંદર સુમનદીપની ચર્ચા થઇ. મા સરસ્વતિને ચીથરેહાલ કરવાવાળા લોકો જે પરીક્ષામાં પાસ કરાવવા માટે રૂપિયાની માગણી કરવાવાળા હતા આવું જયારે ધ્યાનમાં આવ્યું ત્યારે કોઇપણ ચમરબંધીને નહિ છોડવાના દ્રઢ સંકલ્પ સાથે આ કેસની અંદર એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ઉચ્ચ પ્રકારની કામગીરી કરવામાં આવી છે.એને સ્ટ્રેન્ધન પણ કરેલ છે. લીગલ એડવાઇઝર, રેવન્યુ એડવાઇઝર, ટેકનિકલ એડવાઇઝરની સ્ટ્રેન્થ પૂરી પાડી છે અને આગામી દિવસોમાં પણ એન્ટી કરપ્શન બ્યુરોના માધ્યમથી આ રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની આ વિજય રૂપાણીની સરકારની ભ્રષ્ટાચાર સામેની લડાઇ અમે તેજ ગતિથી ચાલુ રાખવાના છીએ.

પહેલા પોલીસ ડિપાર્ટમેન્ટના લોકો કેવા મકાનોમાં રહેતા હતા. નળીયાવાળા ઘર હોય, વરસાદ આવે, તડકો આવે, પોલીસના મારા કર્મીઓ દિવસભર નોકરી કરીને રાત્રે ઘરે જાય ત્યારે આ સ્થિતિમાં એના પરિવારની સાર સંભાળ નહોતા લઇ શકતા. પોલીસ સ્ટેશનોના પણ એવા હાલ કે જેની અંદર યોગ્ય પ્રકારની સુવિધા નહોતી. આ રાજય સરકારે મહત્વની કામગીરી કરીને પોલીસને મહત્તમ સેટિસ્ફેક્શન રેટ આપવા માટે પણ પ્રયાસ કર્યો છે. પોલીસ દળના મોર્ડનાઇઝેશનનો પણ અમે પ્રયાસ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટનો ચર્ચાસ્પદ સ્ટોનકિલર. આ રાજકોટની પોલીસ જેનું સવારે મોરલ તોડવા માટેનો પ્રયાસ કર્યો એ લોકોને ખબર નથી કે આ રાજકોટ સ્ટોન કિલરવાળો કેટલો અઘરો કેસ હતો? બનાસકાંઠાના ડીસામાં ડો. રાજેશ મહેતાના અપહરણની ઘટના. અઘરામાં અઘરો કેસ પોલીસે શોધ્યો છે. બોરસદમાં પણ પ્રજ્ઞેશ પટેલના આરોપીઓને થાઇલેન્ડથી પકડી લાવ્યા. હમણાં જે રવિ પુજારી ગેંગના નામના ઉલ્લેખો થાય છે. નવસારીમાં પણ એ લોકોને પકડીને જેલના

હવાલે કર્યા. અમદાવાદની અંદર પણ ૧૪ કિલો જેટલું ગોલ્ડ અને આઇ.એસ.આઇ.એસ. હારીફ રામોડીયા અને એ લોકોને પકડવાનું કામ રાજય પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમને જવાબ સાંભળવા છે તો હું પહેલાં જવાબ કહી દઉં. એમણે અનુસૂચિત જાતિ માટે વાત કરી. મેં આપને કહ્યું કે આખા રાજયમાં ડી.વાય.એસ.પી. જિલ્લે જિલ્લે મૂક્યા છે. આખા રાજયની અંદર કોર્ટોની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં કરવામાં આવી છે. ગુનાની નોંધણીના સંદર્ભમાં કહ્યું. આ ઉત્તરપ્રદેશની અંદર સમાજવાદી પાર્ટીનો સાથ લઇને ચૂંટણી લડવા માટે નીકળ્યા હતા. •(×××) અને સાથી પક્ષની ચિંતા નથી કરતા અને અહીંયા અમને સલાહ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કસ્ટોડિયલ ડેથની વાત કરી. જે સુરતમાં કસ્ટોડિયલ ડેથ થયું તેમાં આની ઇન્કવાયરી ચાલુ છે. આ કસ્ટોડિયલ ડેથ હાર્ટ એટેક દ્વારા થયું છે. આ કસ્ટોડિયલ ડેથનો પ્રિલિમીનરી રિપોર્ટ આવ્યો છે. માત્ર ખોટી વાતો કરીને સભાગૃહને *(×××) કરવાનું બંધ કરવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દ પ્રયોગ કાઢી નાખીએ છીએ. (અંતરાય) રદ કરવાની મેં હા પાડી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે જે ભોગ બન્યા છે તેમને રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવી નથી. મારી પાસે આંકડા છે. જેટલા ઇજાગ્રસ્ત હતા એમને પણ સહાય આપવામાં આવી છે. જેટલા ભોગ બનનાર છે તેને પણ સહાય આપવામાં આવી છે. તમારી પાસે કદાચ માહિતી નહીં હોય. હોમગાર્ડના સંદર્ભમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં જ મને ચિઠ્ઠી મોકલી છે. હોમગાર્ડને મળતું માનદ્ વેતન વધારવા માટે રાજય સરકાર ખુલ્લા મને વિચારે છે. આજે નાણામંત્રી અહીંયા નથી. આવતી કાલે નાણામંત્રી સાથે પરામર્શ કરીને અત્યારે એમને જે મળવાપાત્ર ૨૦૪ રૂપિયા ભથ્થું છે તેની અંદર પણ રાજય સરકાર વધારો કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડીજીટલ ઇન્ડિયાના પ્રોજેક્ટ હેઠળ ઇ-ગુજકોક ઉપરાંત સિટીઝન પોર્ટલ અને મોબાઇલ એપ્લીકેશન. આપણે સૌ જાણીએ છીએ કે ક્રાઇમ ડિટેક્શન રેટ, કયાંક અછોડા તોડી જાય તો તેના માટે આ વખતના બજેટમાં માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા ફાળવી રાજયમાં સી.સી. ટી.વી.ના માધ્યમથી કલબ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે તેના માટે ૩૦ જેટલી ઇન્ટરસેપ્ટર બોટ મૂકવામાં આવી છે. રાજયની જેલમાં પણ કોઇ ઓવર ક્રાઉડીંગ નથી. જેલમાં પણ આ વખતે ૨૬મી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજયની જેલોમાં રહેલ કેદીઓ કે જેણે રાજય સરકારે નિશ્ચિત કરેલા માપદંડ મુજબ પાત્રતા ધરાવતા હોય.એવા ૪૨૭ કેદીઓ માટે રાજય સરકારે માનવીય અભિગમ દાખવીને માફી આપવાનો નિર્ણય કર્યો છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે રાજ્યની અંદર ચાલુ વર્ષે ૧૦૦૦ જેટલા ટ્રાફિકના પોલીસના જવાનોની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કાયદા વિભાગ માટે ૨૦૧૭-૧૮માં રૂ.૧૭૫૧.૦૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. ગુજરાતની શાંતિ, સલામતી અને ગુનેગારોને પકડ્યા પછી જો એને સજા ન મળે તો એ બરાબર નથી. એવી શ્રી રાઘવજીભાઇએ ચિંતા કરી છે. શ્રી મહેન્દ્રસિંહ, ૨૦૦૩-૦૪માં કાયદા વિભાગનું બજેટ રૂ.૧૪૦/- કરોડ હતું. ગુજરાતમાં એક એવી સરકાર છે કે જેણે ૨૦૧૭માં આ બજેટ રૂ.૧૭૫૧.૦૦ કરોડ કર્યું છે. એટલે ૧૨૩૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે અનેક ઇનિશિયેટીવ લઇને આપણે જાણીએ છીએ કે મારી પાસે ઘણા લોકો આવે છે. અમારી જમીન સંપાદન થઇ છે પણ યોગ્ય સમયે વળતર મળતું નથી. એના માટે હાઇકોર્ટના નિવૃત્ત જજના અધ્યક્ષપદે ખાસ સમિતિની રચના કરીને આ પ્રકારના પ્રશ્નોનો ઝડપથી નિકાલ કરવા માટે પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગરીબોની ચિંતા કરે છે. એવા કેટલાય ગરીબો છે કે જેમની પાસે કેસ લડવા માટે પૈસા નથી. એમને કેસ લડવા માટે લીગલ સર્વિસ એઇડ નીચે વકીલ મળતા હોય છે. પરંતુ આ લીગલ સર્વિસ એઇડની અંદર આ વકીલોને મહેનતાણુ ઓછું મળતું હતું. જેના કારણે એની અંદર વકીલો આવતા નહોતા. આ ગરીબોને સારા ઉચ્ચ ગુણવત્તાવાળા વકીલો મળે એના માટે વકીલોને મળતી ફી હતી એમાં રાજ્ય સરકાર દ્વારા ૨૦૦થી ૨૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જસ્ટીસ ડિલીવરી સિસ્ટમના માધ્યમથી ટ્રાન્સપરન્સી, સિસ્ટમ અપગ્રેડેશન, રીડક્શન ઓફ પેન્ડન્સીના માધ્યમથી અને હ્યુમન રિસોર્સીસ મેનેજમેન્ટના માધ્યમથી અનેકવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. આપણા માટે એક શબ્દ આપણે બોલીએ કે આટલા પડતર કેસો. એવું નથી. એ કેસની સાથે એની વ્યથા જોડાયેલી હોય છે. રોજ મુદત પડે, કોર્ટમાં આવે, જજ સાહેબની સામે જોઇને બેસી રહે અને એને પોતાના પરિવારનો જુવાનજોધ દિકરો જો અકસ્માતની અંદર મૃત્યુ પામ્યો હોય અને જો એને યોગ્ય સમયે વળતર ન મળે, કોઇ વિધવા, કોઇ બહેન હોય છુટાછેડા માટે આવતી હોય, ૨૫ વર્ષે કેસ દાખલ થાય, ૩૫ વર્ષ સુધી કેસ પૂર્ણ ન થાય. એની રહેવાની, જીવવાની આખી ઉંમર વીતી જાય પછી ચૂકાદો આવે. પછી એ બહેન ક્યાંયની ન રહે. આ બધા જ અરજદારોની વ્યથાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે ગુજરાતની અંદર અમારા બજેટ નક્કી કરવાનું હોય છે અને હાઇકોર્ટ દ્વારા જે સજેસ્ટ કરવામાં આવે એટલા ઇન્ફ્રાસ્ટ્રકચર માટે, મેન પાવર માટે, સ્કિલ અપગ્રેડેશન માટે આ રાજ્ય સરકાર દ્વારા કરીએ છીએ. મહિલા સશક્તિકરણ- મેં જેમ મહિલાઓ ઉપરના ગુનાઓની વાત કરી. કુલ ૩૪ જેટલી મહિલા ફેમિલિ કોર્ટ કાર્યરત છે અને પ્રથમ વખત રાજ્યમાં મહિલા નોકરી કરતી હોય તો કોર્ટમાં મુદત હોય તો રજા મળે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નહીં. એટલે રાજ્યમાં પ્રથમ વખત મોર્નીંગ, ઇવનીંગ કોર્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત નિમિત્તે ૭૦૦ ન્યાયધીશો માટે ૪૯૦૦ના સપોર્ટીંગ સ્ટાફ સાથે જે કોર્ટો મંજૂર કરી હતી એ ૨૦૨૦ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે અને જેમાં ૧૨૫ ન્યાયધીશો સહિત સહાયક મહેકમની ૮૭૫ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં જિલ્લાઓ કર્યા, તાલુકાઓ કર્યા, સત્તાનું વિકેન્દ્રીકરણ કર્યુ, સત્તાના વિકેન્દ્રીકરણના માધ્યમથી જે રીતે રેવન્યુ રાહે જિલ્લાઓ બન્યા એ પ્રમાણે રાજય સરકારે નામદાર હાઇકોર્ટના સંપર્કમાં રહીને ગુજરાતનો એક પણ તાલુકો કોર્ટની સુવિધા વગર ના રહી જાય એના માટે રાજય સરકારે અમલીકરણ કર્યુ છે. અત્યાર સુધીમાં ગીર સોમનાથ, મોરબી, અરવલ્લી, દેવભૂમી અને છોટા ઉદેપુરની અંદર જિલ્લા અદાલત શરૂ થઇ ગઇ છે અને આગામી દિવસોમાં બોટાદ, મહીસાગર એ બે જગ્યાએ (અંતરાય) ચાલુ બજેટમાં જુનાગઢની અંદર કેશોદ, પંચમહાલની અંદર હાલોલ અને દાહોદની અંદર લીમખેડાની અંદર એડીશનલ કોર્ટ રાખવામાં આવી છે. સ્પેશીયલ પ્રકારના કેસો ચલાવવા માટે અનુસૂચિત જાતિને એના સંદર્ભમાં મેં અગાઉ કહ્યું એમ વ્યવસ્થા કરી છે. જી.પી.એસ.સી. પાસે અમે માગણાપત્ર મોકલ્યું હતું. થોડાક કોર્ટની અંદર ઇશ્યુ ચાલે છે, અમે પણ કોર્ટો એટલી બધી સંખ્યામાં રાજયમાં તાલુકા કક્ષાએ કરી છે, રાજયની આ એ.પી.પી.ની માનવ સંપદા પણ ઝડપથી અમારા ન્યાય વિભાગ સાથે જોડાય. મને આશા છે કે એમાં થોડા દિવસોમાં કામ પૂર્ણ થશે. આ જયુડીશીયલ એકેડેમી હાઇકોર્ટની અંદર બનાવી છે અને એ જયુડીશીયલ એકેડેમી માટે અમે ૮૯.૫૫ કરોડના ખર્ચે જયુડીશીયલ એકેડેમીનું મકાન બનાવ્યું છે. રાજયના ચેરીટી તંત્રમાં ૨,૭૦,૦૦૦ જેટલા ટ્રસ્ટો, ૯૧,૦૦૦ જેટલી સોસાયટીઓ છે, આગામી દિવસોમાં વસ્ત્રાપુર ખાતે બહુમાળી બિલ્ડીંગમાં શીફટ થઇને ત્યાં મોટી ઓફીસ અમે કરવાના છીએ અને આ ઉપરાંત એની અંદર અમને નવો મેનપાવર પણ મોટી સંખ્યામાં મળ્યો છે ઉપરાંત એને પણ ડીઝીટલાઇઝ કરવા માટે વેબસાઇટ, વેબ પોર્ટલ અને ૮૦ લાખ જેટલા ડોકયુમેંટનું સ્ક્રીનીંગ કરવા માટેની કામગીરી અત્યારે ચાલુ છે. આ હાઉસની અંદર વીડીયો કોન્ફરન્સના માધ્યમથી કોર્ટની અંદર જુબાનીના માધ્યમથી, સીસીટીવી પ્રોજેકટ, ઇલેકટ્રોનીક ગેઝેટ જેના રેકર્ડનું ડીઝીટાઇઝેશન, તાબાની કોર્ટની અંદર મોબાઇલ સ્ટોરેજ સિસ્ટમ અને દરેક જિલ્લા કોર્ટની અંદર ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્કની કનેકટીવીટી. ૨૦૦૫-૦૬ની અંદર ૩૮લાખ જેટલા કેસો હતા એમાં અત્યાર સુધીમાં વસતિ વધી, સમૃદ્ધિ વધી છતાં પણ અમે એની અંદર સારી રીતે પરીપૂર્ણ કરવામાં સફળ રહ્યા છીએ. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં શાંતિ, સલામતી, સમૃદ્ધિ આ બધાનો જ આધાર એ ગુજરાતના ગૃહ વિભાગ ઉપર છે. ગુજરાતના ન્યાયતંત્ર ઉપર છે. જયારે પણ આપ સૌને કોઇ જરૂરિયાત પડે ત્યારે રાજયનો ગૃહ વિભાગ આપને મદદ કરવા માટે તૈયાર છે તો હું આપ સૌને વિનંતી કરુ છું કે આ સરકારના વિભાગ કરતા પ્રજાનો વિભાગ છે, એના સાપેક્ષની અંદર ગુજરાતની પોલીસ જેણે સમગ્ર દેશની અંદર પોતાનું નામ રોશન કર્યુ છે એની પણ શકિતની અંદર વધારો થાય એવા આશયથી આપ સૌ કાપ દરખાસ્તો પાછી ખેંચો એવી આપ સૌને હું વિનંતી કરું છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા શ્રમ અને રોજગાર વિભાગની અંદર માનનીય ધારાસભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ, ધારાસભ્યશ્રી અમિતભાઇ ચાવડા, ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહભાઇએ પણ અણછાજતો થોડોક ઉલ્લેખ કર્યો. હર ઘર મેં હુન્નર ઔર હર હાથ કો કામ, આ આપણા સૌના સન્માનનીય શ્રી રૂપાણી સાહેબની સરકારનો અભિગમ છે. દેશ જયારે એકવીસમી સદીમાં આટલી તાકાત અને વેગથી પ્રગતિના પંથે જઇ રહ્યો છે ત્યારે લેટેસ્ટ ટેકનોલોજીને અનુરૂપ શ્રમ યોજનાની એક તાકાતવર ફોજ ઉભી કરવાની છે. હાલ આપણું ગુજરાત યુવાનોને રોજગારી પૂરી પાડવામાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન શોભાવી રહ્યું છે ત્યારે તેની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરતા ગુજરાતે ૨૦૧૬ના કેલેન્ડર વર્ષમાં ૧૩૦૭ ભરતી મેળાઓનું આયોજન કરીને ૨,૩૮,૮૪૦ ઉમેદવારોને રોજગારી પૂરી પાડી દેશના વિકાસમાં એક મહત્વનું યોગદાન આપેલું છે.

તાજેતરમાં જ તા. ૧૧-૨-૨૦૧૭ થી તા. ૧૭-૨-૨૦૧૭ દરમિયાન આપણા નવયુવાનોને રોજગારી આપવા માટે આદરણીય શ્રી રૂપાણી સાહેબના માર્ગદર્શન મુજબ ૧૨ મેગા જોબ ફેર કરવામાં આવ્યા. જેમાં ૨૧૮૪ જેટલા નોકરીદાતાઓ શોધવામાં આવ્યા. ૧ લાખ ૪૨ હજાર ૯૭૦ જગ્યાઓ શોધવામાં આવી અને એના માટે જે ભરતી મેળાઓ કરવામાં આવ્યા એમાં ૧ લાખ ૯ હજાર ૫૨૦ જેટલા લોકોની ભરતી કરવામાં આવી છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, ૨૦૦૨ થી સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગારી આપવામાં ગુજરાત હંમેશા નંબર વન રહ્યું છે. ભારત સરકારના લેબર બ્યૂરો દ્વારા પ્રસિદ્ધ થયેલ આંકડાઓ હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. દેશમાં બેરોજગારીનો દર પ્રતિ હજારે ૫૦નો છે જ્યારે ગુજરાત રાજ્યમાં આ દર પ્રતિ હજારે માત્ર ૯ નો છે. આમ, સમગ્ર દેશમાં સૌથી ઓછી બેરોજગારી ધરાવતું રાજ્ય હોય તો આપણું ગુજરાત રાજ્ય છે. આ રાજયના નવયુવાનોને તાલીમ આપવાની જરૂરિયાત હોય છે. કારીગર તાલીમ યોજના હેઠળ રાજ્યમાં કુલ ૨૮૫ જેટલી સરકારી આઇ.ટી.આઇ. આપણે ચલાવીએ છીએ. ૧૧૩ જેટલી ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ.ઓ ચલાવીએ છીએ. ૩૭૩ જેટલી સ્વ-નિર્ભર આઇ.ટી.આઇ.ઓ મળીને કુલ ૭૭૧ જેટલી આઇ.ટી.આઇ.ઓ મારફતે આપણા નવયુવાનોને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૨ નવી આઇ.ટી.આઇ. રતનાલ અને કસાણા ખાતે શરૂ કરવામાં આવી છે તથા આગામી નાણાકીય વર્ષમાં નવ રચિત બે નવા તાલુકા ડોલવણ અને કુકરમુંડાની અંદર રૂપિયા ૬૧.૪૬ લાખના ખર્ચે નવી આઇ.ટી.આઇ. શરૂ કરવાનો આ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. આ સિવાય આ રાજ્યની ધરતી ઉપર જે આઇ.ટી.આઇ. ભાડાના મકાનમાં ચાલે છે, જ્યાં અમને જમીન મળી ગઇ છે એવી ૯ સરકારી આઇ.ટી.આઇ. બનાવવા માટેની આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. માણસા, ચુડા, માળીયા-મિયાણા, શંખેશ્વર, સંજેલી, થાનગઢ, લાખણી,

જામ–જોધપુર અને રતનાલ ખાતેના નવા મકાનો બનાવવા માટે આગામી વર્ષમાં આગળ વધી રહ્યા છીએ. પરંપરાગત ઉર્જા સ્ત્રોતની બચત થાય તથા પુનઃપ્રાપ્ત ઉર્જા સ્ત્રોતોના વપરાશને ઉત્તેજન મળે અને પર્યાવરણનું જતન થાય તે હેતુથી ગુજરાત સરકારની પહેલ સોલાર રૂફ ટોપ યોજનાનો લાભ રાજ્યની ૭૬ આઇ.ટી.આઇ.ને આપવા માટે રૂપિયા ૭.૩૪ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ રાજ્યની અંદર પવન ઉર્જા આપણે પેદા કરી રહ્યા છીએ. આ રાજ્યમાં સોલાર ઉર્જા પેદા કરી રહ્યા છીએ. આ રાજ્યમાં સોલાર વોટર પંપ આપવાની દિશામાં જ્યારે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે આગામી દિવસોમાં આ રાજ્યમાં આવા કુશળ કારીગરોના કૌશલ્યની જરૂરિયાત ઉભી થશે. આવા સંજોગોમાં જાગ્યા ત્યારથી સવાર નહીં પણ અમારી સરકારનો નિર્ધાર છે કે આગ લાગે ત્યારે કૂવો ખોદવા માટે ન બેસાય, પાણી પહેલા પાળ બાંધવાના હેતુથી આ રાજ્યમાં હમણાં જ વાયબ્રન્ટ સમિટ થયું એમાં અમારા શ્રમ અને રોજગાર વિભાગમાંથી યુ.એસ.એ.ની અલામા કોલેજ સાથે એમ.ઓ.યુ. સાઇન કર્યા છે. ઇન્ટરનેશનલ લેવલે ખૂબ મોટી સંસ્થા છે. સૌર ઉર્જા, પવન ઉર્જા આ તમામ તાલીમો આગામી દિવસોમાં આપણા નવ યુવાનોને નહીં આપીએ તો આ ગુજરાતમાં તાલીમાર્થીઓની ખેંચ વર્તાશે. એટલા માટે અમે અલામા કોલેજ સાથે એમ.ઓ.યુ. સાઇન કર્યા છે. અમે માત્ર એમ.ઓ.યુ. સાઇન નથી કર્યું, તા. ૨૧–૨–૨૦૧૭થી એના કોર્સ કરાવવાની શરૂઆત પણ ગુજરાત રાજ્યમાં કરી દીધી છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ ના સ્થપાનાર નવા ઔદ્યોગિક એકમોને જરૂરી કુશળ માનવબળ પૂરું પાડવા માટે અને ઇન્ડસ્ટ્રીની માગ અનુસાર સ્કીલ મિશન દ્વારા સ્કીલ ગેપ સ્ટડી સરવેની કામગીરી હાથ ધરેલ છે. સ્કીલ મિશનને સુદ્રઢ કરવા માટે રૂપિયા ૬૪૯.૯૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કેન્દ્ર પુરસ્કૃત પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ ટૂંકા ગાળાની તાલીમ કૌશલ્ય પ્રમાણે સ્પેશિયલ પ્રોજેક્ટ નીચે રાજ્યના યુવાનોને કૌશલ્યબદ્ધ કરી સ્વરોજગારી પૂરી પાડવા માટે તથા રોજગારીની તકો ઉભી કરવાના હેતુથી રૂપિયા ૨૮.૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની ૫ આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને ઇન્ટરનેટ ઓફ થીંગ્સ, સાયબર સિક્યોરિટી અને ડિજિટલ નેટવર્કીંગ સ્કીલ માટે નેટ એકેડમી સેંન્ટર ઓફ એક્સીલન્સ શરૂ કરવા માટે રૂ.૧.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની તમામ ૭૭૧ આઇ.ટી.આઇ.ના ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓને શિકાગો યુનિવર્સિટી દ્વારા ડિઝિટલ ફાઇનાન્સીયલ લીટરસીની તાલીમ આપવા માટે રૂપિયા ૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના બાળકોને કૌશલ્ય માંગ આધારિત અભ્યાસ તરફ વાળવાના હેતુસર આંતરરાષ્ટ્રીય તજજ્ઞ સંસ્થાના સહયોગથી સ્કીલ એપ્ટીટ્યુડ ટેસ્ટ યોજવા માટે કુલ ૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના યુવાનો યોગ્ય તાલીમ મેળવી લશ્કર, પોલીસ, અર્ધ લશ્કરી દળો વગેરેમાં જોડાઇને દેશની સેવા કરી રાજ્યની નામના વધારે તે દિશામાં પણ રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે અને આ ઉમદા હેતુ માટે રાજ્યના તમામ વર્ગોના યુવાનોને આવી ભરતીઓ માટેના નિવાસી તાલીમ વર્ગ શરૂ કરવા કુલ રૂ.૨.૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભારત અને ચીનના પરસ્પર સહકારથી કુશળ માનવબળ તૈયાર કરી શકાય તે માટે અમદાવાદમાં મહાત્મા ગાંધી નેશનલ ઇન્સ્ટીટ્યુટ ફોર સ્કીલ ડેવલપમેન્ટના માધ્યમથી પી.પી.પી.ના ધોરણે વૈશ્વિક સ્તરના સ્પેશ્યલ સેંન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવા કુલ રૂ.૫.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અસંગઠિત શ્રમયોગી સામજિક સુરક્ષા અધિનિયમ–૨૦૦૮ હેઠળ રચવામાં આવેલ ગુજરાત રાજ્ય સામાજિક સુરક્ષા બોર્ડ હેઠળ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરી યુ–વીન કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૯ લાખ ૨૦ હજાર યુ–વીન કાર્ડ પણ આપવામાં આવ્યા છે. આ યુ–વીન કાર્ડની અંદર મા–અમૃતમ અને મા–વાત્સલ્ય યોજનાના જે લાભો મળે છે એ બે લાખની તબીબી સારવાર મળી રહે એના માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. માર્ગ અને મકાન બાંધકામ શ્રમયોગીઓને વૃદ્ધાવસ્થા દરમિયાન નાણાકીય સુરક્ષા, સામાજિક સલામતી અર્થે બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોને ૬૦ વર્ષ પૂર્ણ થયા બાદ રૂ.૧૦૦૦/– સુધીનું પેન્શન પ્રતિ માસ આપવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના ૧૦ જિલ્લાના કુલ ૮૮ કડિયાનાકાના અંદાજિત ૫૦ હજાર બાંધકામ શ્રમિકોને કડિયાનાકા ઉપર પૈષ્ટિક અને ગુણવત્તાયુક્ત આહાર મળે તે માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના અમલમાં મૂકવા માટે ગુજરાતમાં પહેલીવાર ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના પ્રયાસોના કારણે રાજ્યના ઔદ્યોગિક એકમોમાં કામ કરતા ૪,૦૦,૦૧,૩૩૬ શ્રમયોગીઓને બોનસ ચુકવણી કાયદા હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬નું કુલ રૂ.૫૬૭,૭૧,૭૫,૨૬૭/– નું દિવાળી બોનસ પણ ચૂકવવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગના મહત્વના મુદ્દાઓ વિધાનસભાના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. આઇ.ટી.આઇ.ના ૧.૯૬ લાખ તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ, એસ.ટી.બસ પાસ, રો–મટિરિયલ્સ તેમજ હયાત આઇ.ટી.આઇ.માં નવીનીકરણ અને મહેકમ માટે રૂ.૮૬૫.૭૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભારત સરકારની નેશનલ એપ્રેન્ટીસ પ્રોત્સાહન યોજના અંતર્ગત ફ્રેશ તાલીમાર્થીઓને તેમજે ડ્યુઅલ સિસ્ટમ ઓફ ટ્રેનિંગને પ્રોત્સાહિત કરવા માટે રૂ.૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કુબેરનગર, સરસપુર, ગાંધીનગર, તરસાલી, રાજકોટ, સુરત, અંકલેશ્વર તથા બિલિમોરા ખાતેની ૮ આઇ.ટી.આઇ.ને પી.પી.પી. યોજના હેઠળ અપગ્રેડ કરવા માટે કુલ રૂ.૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ ગયા વર્ષ કરતા પણ ૨૦૧૬–૧૭ના વર્ષ કરતા આ વર્ષે ૧૩૫ કરોડ રૂપિયા રાજ્યના નાણામંત્રી અને રાજ્યના મુખ્યમંત્રીએ ફાળવ્યા એ બદલ એમનો પણ આ વિભાગના મંત્રી તરીકે આભાર માનું છું અને માનનીય વિધાનસભાના સભ્યોને વિનંતી કરું છું કે શ્રમ

અને રોજગાર વિભાગની ગરીબો માટેની માગણીઓ લઇને હું આવ્યો છું તો આપ સૌ પણ સર્વાનુમતે મારી માગણીઓ પસાર કરો એવી વિનંતી કરું છે.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, ૫૭ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

( વિરામ બપોરના ૨–૫૦ થી ૩–૩૦ )

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

બિન–સરકારી સંકલ્પ

રાજ્યમાં ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળે તે અંગે.

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૪–૨૦૦૫ના વર્ષના અંદાજપત્રમાં તત્કાલીન નાણા મંત્રીશ્રીએ ખેડૂતલક્ષી નીતિ હેઠળ ઉલ્લેખ કર્યો હતો કે, વિમાની મથકે શાકભાજી, ફળ, ફૂલની નિકાસ માટે કોલ્ડ સ્ટોરેજ વ્યવસ્થા અને ડીસામાં બટાટાની તૈયાર વાનગીઓ માટે મોટા પ્રોજેક્ટોનું આયોજન તેમજ એગ્રો એક્ષ્પોર્ટ ઝોનની રચના દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદનના મહત્તમ ભાવો મળી શકે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમ છતાં આજદિન સુધી આ રાજ્યમાં અને તેમાં પણ ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ખેડૂતોને સ્થાનિક કક્ષાએ બટાટા અને અન્ય પાકો પકવવામાં જેટલો ખર્ચ થાય છે તેટલી કિંમત પણ મળતી નથી અને તેથી ખેડૂતો કંટાળીને બટાટા અને અન્ય પાક રોડ ઉપર ફેંકી દેવા મજબૂર થાય છે ત્યારે રાજ્યમાં બટાટા, મગફળી, કપાસ તથા અન્ય ખેત ઉત્પાદનના–પાકોના પોષણક્ષમ ભાવો મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫ના મધ્ય ભાગમાં સરકારે એગ્રી બિઝનેશ પોલીસી હેઠળ ગુજરાતના ખેડૂતો શાકભાજી અને ફળો સહિત કૃષિ ઉત્પાદન વિદેશ નિકાસ કરવા સક્ષમ બને તે ઉદેશ્યથી પ્રોસેસીંગ, પેકેજીંગ હાઉસ શરૂ કરવા એક યુનિટ દીઠ ૧.૫૦ કરોડ સુધીની રાહતો ટેક્સ માફીની જાહેરાત કરી હતી. અમદાવાદ એરપોર્ટ ઉપર કૃષિ ઉત્પાદનો વિદેશમાં નિકાસ કરી શકાય તે માટે સ્પેશ્યિલ કેસોમાં કરોડોનું રોકાણ કરીને પેરીશેબલ કાર્ગો શરૂ કરવામાં આવ્યું. મે, ૨૦૧૫માં જાહેરાત થયેલી આ પોલીસી હેઠળ આઠ મહિનામાં શું પ્રગતિ થઇ ? મારી જાણ મુજબ પોલીસીના અમલ પછી જુન, ૨૦૧૫ના મહિનામાં માત્ર ચાર તબક્કે રૂપિયા એક લાખ, ત્રણ હજારની કેસર કેરી સિવાય એક પણ ખેત પેદાશ ગુજરાતમાંથી વિદશેમાં નિકાસ માટે ગઇ નથી. આમ અસંખ્ય લાભો સાથેની એગ્રી બિઝનેશ પોલીસીનો અમલ હજુ કાગળ ઉપર જ રહ્યો છે અને એગ્રી બિઝનેશ પોલીસી જાહેર કર્યાના દસ મહિના પછી પરિણામ શૂન્ય જ આવ્યું છે. પેરીશેબલ કાર્ગોના હવાઇ ભાડામાં સબસિડીના નામે •(×××) અને શાકભાજી અને ફળોની વિદેશ નિકાસમાં ૨૫ ટકા ભાડુ માફ કરવાની યોજના કાગળ ઉપર જ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એગ્રી બિઝનેશ પોલીસી હેઠળ કલ્સ્ટર આધારિત વેલ્યુ ચેઇન ડેવલપ કરીને કોલ્ડ ચેઇન, ફૂડ ઇરેડિશ્યન પ્લાન્ટ, પેક હાઉસ, ફૂડ પાર્કને ડેવલપ કરવાના હતા પરંતુ તે યોજનાનો કોઇ અમલ થઇ શક્યો નથી. આખી પોલીસી જ કાગળ ઉપર રહેતાં નોટબંધી વખતે વેપારીઓ અને આડતિયાઓએ બટાટા તથા શાકભાજી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન આપતાં સરકારે પોતાની નિષ્ફળતા ઢાંકવા શહેરી બજારો ખોલ્યા છે. જો કે માત્ર અઠવાડિયામાં એક દિવસ રવિવારે ભરાતા શહેરી બજારો પણ લાંબાગાળાનું સમાધાન નથી, તેવું ભારતીય કિસાન સંઘે જણાવ્યું છે, તે ભા.જ.પ.નો એક ભાગ છે. ખેડૂતોની કાયમી બજારની માગણી છે એ બાબતે સરકારે હવે નક્કર પગલા લેવા જોઇએ, જેથી શાકભાજી અને બટાટા પકવતા ખેડૂતોનું રક્ષણ કરી શકાય. શાકભાજીના ભાવ સાવ તળિયે બેસી જતાં શાકભાજી પકવતા ખેડૂતોની સ્થિતિ દયનીય થઇ જવા પામી છે. રીંગણા, ટામેટા, કોબી, ફલાવર, દૂધી સહિતના શાકભાજીના ભાવો એક કિલોના માત્ર દોઢથી સાત રૂપિયા જેવા મામૂલી થઇ જવાથી ખેડૂતોને પોતાની મજૂરી પણ મળતી નથી અને સરકાર મૂક પ્રેક્ષક બનીને જોઇ રહે છે. બે ત્રણ રૂપિયે કિલોના ભાવે શાકભાજી વેચવા છેક શહેરમાં જવાનું ખેડૂતોને પોસાતું ન હોવાથી ખેડૂતો પોતાનો માલ રોડ ઉપર ફેંકી દેવા મજબૂર બન્યા છે. શિયાળામાં શાકભાજીના ઉત્પાદન સામે યોગ્ય વિતરણ અને નિકાસ નીતિમાં ખામીઓને કારણે ખેડૂતોને હાલમાં રડવાનો વારો આવ્યો છે. ખેડૂતોને તેના માલનો પોષણક્ષમ ભાવ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં સરકાર સદંતર નિષ્ફળ નીવડી હોવાનો રોષ ખેડૂતોમાં ફેલાયેલ છે. આમ શાકભાજીના ભાવ તળીયે બેસી જતા શિયાળુ શાકભાજીનું વાવેતર ચાલુ સાલે ઘટી ગયેલ છે. ગત વર્ષે ૧૭૦૩૦૦ હેકટરમાં વાવેતર થયેલ જયારે આ વર્ષે ૧૫૩૬૦૦ હેકટરમાં વાવેતર થયું છે. આમાં ભા.જ.પ. સરકારે સન ૨૦૦૪–૦૫માં અંદાજપત્ર પ્રવચનમાં ખેડૂતલક્ષી નીતિના નામે જાહેરાત કરી હતી. ફરીથી વર્ષ ૨૦૧૫ના મધ્ય ભાગમાં એગ્રી બિઝનેસ પોલીસી જાહેર કર્યાને ૧૦ માસ જેટલો સમય થવા છતાં પરિણામ શૂન્ય છે. સભાગૃહના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

બિન–સરકારી સંકલ્પ

સભ્યોને મારી વિનંતી છે કે રાજયના મગફળી, બટાટા, કપાસ તથા અન્ય ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા સભાગૃહને અનુરોધ કરું છું.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના આદરણીય સભ્યશ્રી મહેશભાઇ પટેલ સભાગૃહ સમક્ષ બીન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એના વિશે હું મારા વિચારો વ્યકત કરું છું. સભ્યશ્રીએ એમની વાતની શરૂઆતમાં જે ઉલ્લેખ કર્યો કે આ રાજય સરકારે ૨૦૦૪–૦૫માં જે પોલીસી અને બજેટમાં જે રજૂઆત કરી હતી એના વિશે મારે આદરણીય મહેશભાઇને જણાવવું છે કે આ રાજયમાં અત્યારના દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ કૃષિને વધુમાં વધુ રોજગારી મળે, વધુમાં વધુ ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થાય એના માટે ૨૦૦૪–૦૫થી માંડીને એક પોલીસી બનાવી અને આ રાજયમાં અલગ અલગ કૃષિ યુનિવર્સિટીમાં જે વૈજ્ઞાનિકો છે, અલગ અલગ રીસર્ચ સેન્ટરોના જે વૈજ્ઞાનિકો છે એને જુન મહિનામાં ૪૬ ડીગ્રી ગરમીમાં આ રાજયના ખેડૂતોની વચ્ચે મોકલી મહિના સુધી ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડથી માંડી આ જમીનમાં કયા તત્વોની ખામી છે, કયા તત્વોની જરૂરિયાત છે ત્યાંથી માંડીને સારા બિયારણો મળે, કયા બિયારણો કયા વિસ્તારમાં ભૌગોલિક પરિસ્થિતિ અનુકુળ હોય તે પ્રમાણે એની અથથી ઈતિ સુધી આ રાજય સરકારે ૧૦ વર્ષ સુધી આવા કૃષિ મહોત્સવ દ્વારા આ રાજયના ખેડૂતોને માહિતી પૂરી પાડી. કપાસ વિશે મારી થોડીક વાત કરવી છે. હું પણ ખેડૂતનો દીકરો છું. મારે પણ વર્ષો થયા સી.ઓ.ટુ. કપાસ વાવતા, ધુમડ કપાસ વાવતા, કલ્યાણ કપાસ વાવતા. એસ.આર.ડી., લમદારી ૩ સારું ઉત્પાદન આપે તો એના માટે સંકર–૪, સંકર–૬, સંકર–૮ અને આ અન્ય જાતોનો સુધારો કરી અને ખેડૂતોને જે આપવામાં આવ્યું અને એથી વિશેષ મારે આ સભાગૃહને કહેવું છે કે જે તે વખતના કહેવાતા ખેડૂતના હામી આ રાજયમાં બી.ટી. કપાસ આવ્યો અને એ વખતે એક અફવા ફેલાવી કે આ કપાસની તો સાંઠીઓ સળગાવી દેવાની, આ કપાસ કોઇ વાવશે તો એની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે પણ મને ગૌરવ એ વાતનું છે હાલના કેન્દ્રના કૃષિ મંત્રી અને તત્કાલીન રાજયના કૃષિ મંત્રી આદરણીય રૂપાલાજીએ અને આ રાજય સરકારે સપોર્ટ આપ્યો અને આ ખેડૂતોને બી.ટી. કપાસ આજે વાવતા કર્યા. કોઇપણ કાળે ગમે ત્યાં વાવો વાંધો નથી, સરકાર તમારી સાથે છે. અને એનાથી આ રાજયમાં જે તે વખતે હું ન ભૂલતો હોઉં તો ૨૩ લાખ ગાંસડીનું ઉત્પાદન હતું. આજે આ રાજયમાં સરકારની આવી સારી સારી ટેકનિકથી, નીતિઓથી આજે ૧ લાખથી વધારે કપાસનું ઉત્પાદન કરે છે. મારે આ સભાગૃહને કહેવું છે કે જેમ કહ્યું કે મોટી મોટી વાતો કરે છે. વાતો નહિ, પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે તે વખતે અહીંથી જે કપાસ પાકે તો એના ધાગા બનવા માટે ૨૫૦૦ કિ.મી. દૂર તિરૂવનંતપુરમ ખાતે રૂ જતું હતું અને ત્યાંથી ૨૫૦૦ કિ.મી. કંડલા બંદરે નિકાસ માટે આવતું હતું. ખેડૂતોના ઘર આંગણે પાકા દોરા થાય અને અહીંથી જ નિકાસ થાય એના માટે રાજ્ય સરકારે પૅાલિસી બનાવી અને ખેડૂતનો કપાસ ખેડૂતના જીમમાં થાય અને ત્યાં જ સ્પીનિંગ મિલમાં બને તેવા પ્રયત્નોના કારણે આ રાજયને કરોડો રૂપિયાના વિદેશી હૂંડિયામણનો ફાયદો થયો છે. મારે દુઃખ સાથે કહેવું છે કે આજથી પાંચેક વર્ષ પહેલાં એક એવો સમય હતો. એ વખતે વિશ્વ આખામાં કપાસની ડિમાન્ડ હતી. ક્યાંય કપાસ નહોતો. કપાસ લાવું લાવું થતો હતો. ત્યારે કપાસનો ભાવ ૮૦૦ ના ૧૧૦૦, ૧૨૦૦, ૧૩૦૦, ૧૪૦૦ થયો. જે તે કેન્દ્રના શાસકોના પેટમાં તેલ રેડાયું અને આ તિરૂવનંતપુરમની ધાગા મિલને લાભ કરવા માટે કપાસની નિકાસબંધી કરી હતી. એના માટે અમારા પૂર્વ અધ્યક્ષ આર.સી.ફળદુ સાહેબે ખેડૂતો માટે યાત્રા કાઢવી પડી હતી. આજે કહેવાનું જુદું. ખેડૂતોની વાત કરે છે. ખરેખર મારા માટે દુઃખ સાથે કહેવું કે આજે આ રાજયનો ખેડૂત ૨૦૦૧–૦૨ માં રાજયની કૃષિ આવક ૯૦૦૦ કરોડ હતી આજે ડબલ ડિજિટમાં એનો વિકાસ દર છે. કેન્દ્રમાં ૧.૫ થી ૨.૫ ટકાથી કયારેય કૃષિનો વૃદ્ધિ દર નથી રહ્યો. જ્યારે આજે અહીયા છેલ્લા રાજ્ય સરકારની નીતિના કારણે ૧૦ ટકાથી કાયમ કૃષિનો વૃદ્ધિ દર રહ્યો અને આવક ૯૦૦૦ કરોડ રૂપિયાથી વધી ૧,૩૧,૦૦૦ કરોડે પહોંચી છે. આ રાજયનો ખેડૂત અમીર છે. દેશમાં સમૃદ્ધ છે. કપાસ પકવવામાં વિસ્તારની દ્રષ્ટિએ મહારાષ્ટ્ર પ્રથમ છે. આ રાજયનો ઉત્પાદનમાં દેશમાં ગુજરાત મોખરે રહ્યું છે. આવા સમયે અમારા આદરણીય ભાઇશ્રી મહેશભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે, તે ખરેખર રાજ્ય સરકારની ખેડૂત નીતિના કારણે જે સુવિધા છે. આજે આપણે શાક બકાલાની વાત કરી. રાજ્ય સરકારે માર્કેટિંગ યાર્ડોને દેશભરમાં જોડ્યા છે. વૈજ્ઞાનિક ઢબેથી કયો પાક વાવવો જોઇએ. વિશ્વ લેવલે શેની જરૂર છે એ માટે કેન્દ્ર સરકારે, રાજ્ય સરકારે ટેકનિક પૂરી પાડી છે. હવેના ખેડૂતોને માટે કયો પાક વાવવો એનો અનુભવ કરીને કયારેય નુકસાન કરવાનો વારો ન આવે તેવી સુવિધા કરી હોય તો મારી વિનંતી છે કે મહેશભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પ મુજબની સુવિધા છે તેથી સંકલ્પ પાછો ખેંચે. વંદે માતરમ.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી,આ રાજયના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઇ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેના માટે સંકલ્પ લઇને આવ્યા છે, એના વિષે મારા વિચારો વ્યક્ત કરું છું.

અત્યારે જે ખેતીની વાત થાય છે. દેશના લોકલાડીલા વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ૨૦૦૫ થી કૃષિ મહોત્સવની શરૂઆત કરી. ઉનાળાના ધગધગતા તાપમાં યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, તજજ્ઞોને ગામે ગામ મૂક્યા. ત્યારથી ખેડૂતોનો વિકાસ થયો. ખેડૂતોના તમામ પાકોનું ઉત્પાદન વધારવાની વાતો થઇ. ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કઇ રીતે લેવાય, એ રીતે ખેડૂતો આગળ વધ્યા. સમગ્ર વિશ્વમાં ગુજરાત દીવેલાના પાકમાં નંબર–૧ ઉપર છે. કપાસમાં દેશમાં ગુજરાત ત્રીજા નંબર ઉપર છે. મગફળીમાં દેશમાં ગુજરાત ત્રીજા નંબર ઉપર છે. ચાલુ સાલે મગફળીની અને કપાસની વાત કરી છે, ત્યારે મગફળીને આ રાજયની સરકારે ૫–૧૧–૨૦૧૬ લાભ પાંચમના દિવસથી શરૂઆત કરી. અને ૮૭૫ કરોડની ખરીદી, રૂ. ૮૪૪ ટેકાનો ભાવ આપ્યો એ આ રાજયના ખેડૂતો માટે જેવું તેવું કામ નથી. સાથે સાથે આજ સુધીના ઈતિહાસમાં તુવેરની ખરીદી

કયારેય કરી નથી. કેન્દ્ર સરકાર ટેકાના ભાવ નક્કી કરે ત્યારે તુવેરની ખરીદી પણ ૭૯ કરોડની જુદા જુદા ૬૧ કેન્દ્રો ઉપરથી આ રાજયની સરકારે કરી છે. હવે બટાકાની વાત કરું તો મૂળ વાત તો એવી છે કે, અર્થશાસ્ત્રનો સિદ્ધાન્ત છે કે માગ વધે અને પુરવઠો ઓછો હોય તો ભાવ વધે પણ જ્યારે પુરવઠો વધારે હોય અને માગ ઓછી હોય ત્યારે ભાવ ઘટે એ સિદ્ધાન્ત મુજબ કયારેક કયારેક ખેડૂતને એવું છે કે આ સાલ શેના ભાવ વધારે હતા એ તરફ વધારે ઢળી જાય. ગોવાભાઇ હાઉસમાં કહે છે, હું પણ ખેડૂત છું અને અમે બધા ખેડૂતો છીએ, મારે ત્યાં બટાકા ક્યારેય થતા ન હતા, મગફળી કયારેય થતી ન હતી છેલ્લા ત્રણ વર્ષથી અમે પણ મગફળી તરફ ઢળ્યા અને બટાકા મારા વિસ્તારમાં પણ થવા લાગ્યા. ૮૦,૭૦૦ હેકટરમાં જે બટાકાનું વાવેતર થતું હતું એ ૧,૨૪,૦૦૦ હેકટર કરતા પણ વધારે વિસ્તારમાં થવા માંડ્યું. ઉત્પાદન ક્ષમતા જે ૨૯ મેટ્રિક ટન હતી એની જગ્યાએ ૩૧ મેટ્રિક ટન સુધી પહોંચી. આ ઉત્પાદન વધારો અને સાથે સાથે ખેડૂતને ભાવ પણ વધારે આપવો, કારણ કે અત્યારે જે ભાવની વાત છે એમાં હું એટલા માટે માગ અને પુરવઠાની વાત કરું છું કે ખેડૂતને શું પરવડે તેમ છે? કારણ કે ખેડૂતને ભાવ વધુ મળે, આ સાલે જેના ભાવ વધ્યા હોય એનું વાવેતર બીજી સાલ બધા વધારે કરે, રાયડામાં અમારે ત્યાં આવું થતું હતું. સરકારે ટેકાના ભાવની જે બાંધણી નક્કી કરી એ ભાવ મુજબ જયારે ભાવ ઘટે ત્યારે સરકાર ટેકાના ભાવ જાહેર કરે અને એ ટેકાના ભાવથી રાજય સરકાર ખરીદી કરે રાજયની જુદી જુદી સહકારી સંસ્થાઓ મારફત. ૨૦૧૧માં પણ બટાકામાં આવું થયું હતું છતાં ખેડૂતોએ એના વાવેતરમાં વધારો કેમ કર્યો? કેમ કે બીજી જે શાકભાજી છે એના પ્રમાણમાં બટાકાની સંગ્રહ શક્તિ સરળ છે, કોલ્ડ સ્ટોરેજની પણ એટલી જ ઉપયોગીતા છે અને એટલે કોલ્ડ સ્ટોરેજની સંખ્યા વધી, રાજય સરકારનું કોલ્ડ સ્ટોરેજ માટેનું પ્રોત્સાહન હતું એટલા માટે બટાકાનું વાવેતર વધ્યું અને ૨૦૧૧–૧૨માં ૮૦,૭૦૦ હેકટરની જગ્યાએ ૨૦૧૫–૧૬માં ૧,૨૪,૦૦૦ હેકટરમાં ખેડૂતોએ બટાકાનું વાવેતર કર્યું. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે એના માટે કૃષિ મહોત્સવની વાત કરી એમાં રાજયની સરકાર જુદી જુદી કૃષિ શિબિરો અને જુદા જુદા મેળાવડાઓ કરીને, કેટલાક કૃષિ મેગા ઈવેન્ટ થાય છે એ શેના માટે? ખેડૂતોને ક્યાં જવાથી શું થાય? એટલા માટે ખેડૂત આ બટાકા તરફ વળ્યો. ખેડૂતોને શાકભાજીના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુસર ગ્રાહકોને સીધું વેચાણ કરી શકે તે માટે આ રાજય સરકારે વચેટિયાઓને એક બાજુ કર્યા. આમ તો શાકભાજીના માર્કેટોમાં સેસ લેવાતો હતો એ સેસ પણ બંધ કરી કેન્દ્ર સરકારે અને રાજય સરકારે કહ્યું કે શાકભાજીના માર્કેટોમાં સેસ બંધ કરો અને હંગામી ધોરણે શાકભાજી બજારની વ્યવસ્થા કરી. માર્કેટ કમિટીમાં પણ ખેડૂત વેચી શકે અને મહાનગરોમાં પણ મહાનગર એની વ્યવસ્થા કરે અને ત્યાં પણ એ વેચી શકે. રાજયમાં શાકભાજી પાકોમાં બટાકાનું સરેરાશ કરતા વધારે ઉત્પાદન મળવાની શક્યતાને લીધે બટાકા અને ટામેટાના ભાવ ઘટ્યા અને એના માટે આ રાજયની સરકારે આગોતરું આયોજન કરીને ટ્રાન્સપોર્ટ સબસીડી જાહેર કરી. ટ્રાન્સપોર્ટ સબસીડીમાં જો રોડથી ટ્રાન્સપોર્ટ કરવું હોય તો રોડ ટ્રાન્સપોર્ટમાં ૭૫૦ રૂપિયા પ્રતિ મેટ્રિક ટન અને જો રેલવે મારફતથી થાય તો ૧૦૦ ટકા ખર્ચના અથવા તો ૧૧૫૦ રૂપિયા ૧ મેટ્રિક ટનના અને જો વિદેશમાં આ બટાકાની નિકાસ કરવી હોય તો ખર્ચના ૨૫ ટકા અથવા તો વધારેમાં વધારે ૧૦ લાખ રૂપિયા સુધીની જોગવાઇ આ રાજયની સરકારે કરી છે. ખેડૂતો શાકભાજી પાકો પૈકી ખાસ કરીને બટાકાનો સંગ્રહ કરી શકે તે માટે કોલ્ડ સ્ટોરેજની સ્થાપના માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. ચાલુ વરસે ૫૬ જેટલા નવા કોલ્ડ સ્ટોરેજની સ્થાપના માટે ૬૬ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે અને અત્યારે ૨૩ લાખ મે. ટનની જે કોલ્ડ સ્ટોરેજની ક્ષમતા છે એ ૨૦૨૨ સુધીમાં ૩૦ મે.ટન લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ૨૦૧૭–૧૮માં પચાસ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને જેને લીધે ૧.૨૫ લાખ મે.ટન કોલ્ડ સ્ટોરેજમાં ક્ષમતા વધશે. એક્સપોર્ટ માટે જે મિનિમમ એક્સપોર્ટ પ્રાઇસ છે એ રાજ્ય સરકારના પ્રયત્નોથી ભારત સરકારે હાથમાં ઉઠાવી લીધું છે. હું કહીશ કે આ બધી પેદાશોના ભાવ વધે બટાટા માટેની એગ્રો પોલિસી જે નક્કી કરી છે એ આ રાજયની સરકારે એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ દ્વારા મૂલ્યવૃદ્ધિને વેગ મળે તેવી આગવી યોજનાઓ અમલમાં મૂકી છે. ૨૦૧૬થી કોમ્પ્રીહેન્સીવ એગ્રો બીઝનેસ પોલિસી અને ચીફ મિનિસ્ટર મિશન ઓન ફુડ પ્રોસેસીંગની યોજનાનો અમલ શરૂ થઈ ચૂક્યો છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મહેશભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. તત્કાલિન નાણા મંત્રીશ્રીએ ખેડૂતલક્ષી નીતિ હેઠળ ઉલ્લેખ કર્યો હતો કે વિમાનમથકે શાકભાજી, ફળ ફુલ નિકાસ માટે કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા કરીશું અને ડીસામાં બટાટાની તૈયાર વાનગીઓ માટે મોટા પ્રોજેક્ટનું આયોજન કરીશું તેમજ એગ્રો એક્સપોર્ટ ઝોનની રચના દ્વારા ખેડૂતોને મહત્તમ ભાવ મળી શકે એ માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ બધી જાહેરાતથી સમગ્ર ગુજરાતમાં પાંચ–સાત જિલ્લાની અંદર, ખાસ કરીને ડીસામાં બટાટા અને શાકભાજી તરફ ખેડૂતો વળ્યા કે હવે સરકારે વ્યવસ્થા કરી છે, એકસપોર્ટ થશે, આખો ઝોન ઉભો કર્યો છે એટલે આપણને ભાવ પૂરતા મળશે કારણ કે સરકારે ખાતરી આપી છે. ગુજરાતની અંદર ૩૭૬ કોલ્ડ સ્ટોરેજ છે. એની કેપેસીટી ૭ કરોડ કટ્ટાની છે, પચાસ કિલોનું એક કટ્ટુ થાય. એમાં બનાસકાંઠામાં ૨૦૦ કોલ્ડ સ્ટોરેજ છે એમાં પચાસ કિલોનું એક કટ્ટુ એવા ૩ કરોડ ૩૦ લાખ કટ્ટાની વ્યવસ્થા કોલ્ડસ્ટોરેજ ડીસામાં છે. અમારા ડીસાની જ વાત કરું તો પંદર – વીસ વરસ પહેલાં નદીમાં મોટાભાગનું વાવેતર થતું હતું કુવા ઉપર ઓછું થતું હતું, ત્યારે પણ બટાટાનો ભાવ ચાળીસ અને પચાસ રૂપિયા હતો એ આજે પણ ચાળીસ અને પચાસ રૂપિયા ભાવ જ છે. પંદરથી વીસ વરસ પહેલાં બિયારણનો ભાવ ૧૦૦ રૂપિયા હતો એ આજે ૯૦૦ થી ૧૦૦૦ રૂપિયા છે. ખાતર સલ્ફેટનો ભાવ પહેલાં ૧૦૦ રૂપિયા હતો આજે ૬૩૫ રૂપિયા છે, ડી.એ.પી.ના ભાવ ૧૮૦ હતા એના ૧૨૫૫ રૂપિયા છે, યુરિયાનો ભાવ ૮૦ રૂપિયા હતો એના ૩૧૦ રૂપિયા છે. મજૂરી ચાળીસ રૂપિયા હતી એના અત્યારે ૩૦૦ થયા છે. એ વખતે

કોલ્ડ સ્ટોરેજ સિત્તેરથી એંશી લાખ રૂપિયામાં તૈયાર થતા હતા ત્યારે ૨૫ ટકા સબસીડી હતી આજે આઠ કરોડ રૂપિયામાં કોલ્ડ સ્ટોરેજ તૈયાર થાય છે એમાં પણ ૨૫ ટકા સબસીડી પ્રમાણે બે કરોડ રૂપિયા મળે છે. એટલે વીસ વરસની એ સમતુલા આજે આ સરકાર સરખાવે છે અને કહે છે કે ખેડૂતને ભાવ મળે છે, હવે કયો ભાવ મળે છે તે જોઇએ તો આજે પણ ચાળીસ પચાસ રૂપિયાનો ભાવ ખેડૂતને મળે છે. એના ખર્ચની વાત કરું તો બટાટા બહાર મોકલવા માટે સબસીડી આપવાનું સરકારે નક્કી કર્યું છે પણ એને કોઇ ખરીદે તો ને, બહાર લઇ જવાની સબસીડી થોડીઘણી કરી છે, પણ એમાં કંઇ વળે નહિ એમાં વચ્ચે ટોલનાકું આવે અને બીજા હડપ કરીને માંગી લે એટલે અરધા તો એ જ લોકો લઇ લે છે એમ કહે છે કે રૂપિયા આપો તો સિક્કો મારું એટલે એ પરિસ્થિતિ થઇ છે જો એમાં મંત્રીશ્રીએ કંઇક કરવું હોય તો એક બારદાનના ૨૦ રૂપિયા થાય, ગ્રેડીંગના ૧૦ રૂપિયા થાય, મજૂરી ૬ રૂપિયા થાય, ટ્રાન્સપોર્ટના ૨૦ રૂપિયા થાય અને કોલ્ડ સ્ટોરેજમાં મૂકે તો ૧૦૦ રૂપિયા થાય, ૨૫ રૂપિયા ઘટ આવે. એમ કરીને ૩૫૧ રૂપિયાની ૫૦ કિલોના એક કટ્ટાની પડતર આવે. એટલે ૧૪૨ રૂપિયે મણ જાય ત્યારે એના હાથમાં ખાલી બિયારણ અને ખર્ચો આવે. હવે આજે ચાળીસ, પચાસ રૂપિયે બટાટા વેચાય છે. તમને એમ લાગતું હશે કે દર વખતે આ બટાટાની જ કેમ વાત કરે છે. પણ ગયા વરસના એક લાખ કટ્ટા પડ્યા રહ્યા અને બહાર ફેંકી દેવા પડ્યા. શાકભાજી જે ડુંગળી અને ટમાટા વાવ્યા હતા એ પણ બહાર ગાયોને નાંખ્યા. એ પરિસ્થિતિ થઇ છે તો આપ થોડુંક તો વિચારો આના માટે. કંઇક તો વિચારો આના માટે આજે તમે કિલો ઉપર બે રૂપિયા સબસીડી આપો. કશું ના આપો તો રાજ્ય બહાર મહારાષ્ટ્ર છે, કર્ણાટક, આંધ્રપ્રદેશ છે ત્યાં બટાટાનું વાવેતર નથી થતું તો આ લોકો ત્યાં મોકલે પણ અત્યારે એમને પોષાતું નથી. તો એમને કિલોએ બે રૂપિયા સબસીડી તમે આપો. અથવા ટ્રાન્સપોર્ટ બહાર લઇ જાય તો ટ્રાન્સપોર્ટ પૂરતી સબસિડી આપો તો આ ત્રણ ચાર રાજયોની અંદર જયાં બટાકાનું ઉત્પાદન નથી થતું ત્યાં તેમનો થોડો ઘણો વેપાર થાય તો બચી જાય. પરંતુ આ કશું જ તેના અંદર દરેક વખતે બીજા કોઇ કપાસની વાત કરે, બીજી કરે, એરંડાની કોઇ વાત જ કરતુ નથી. એરંડા વર્ષમાં બે વખત ચોમાસુ અને શિયાળુ ઋતુ ભેગી થાય ત્યારે એરંડો પાકે છે. હવે ઘણાંને તો ખબર પણ નહીં હોય કે એરંડો એક ઋતુમાં પાક્યો તે ચોમાસામાં વાવે ચોમાસુ, શિયાળુ બે ઋતુ જાય ત્યારે એરંડો પાકે છે તેનો પણ ભાવ ત્રણ વર્ષ પહેલાં ૧૪૦૦ રૂપિયા હતો તે આજે ૫૫૦ અને ૬૦૦ રૂપિયા છે. બીજા કેટલા ભાવ વધ્યાં છે, બીજી કેટલી મોંઘવારી વધી છે પણ ખેડૂતની હાલત આની આ જ છે તેના માટે તમે કંઇક તો વિચારો. અને તમારી જાહેરાતથી, તમારી નીતિઓ અમલમાં લાવવાથી કહેવાથી ખેડૂત આગળ ગયો છે કે હવે તમે પ્રોજેકટ લાવવાના છો, એકસપર્ટ થવાનું છે, વ્યવસ્થા કરવાના છો આપણે બટાકાનું વાવેતર કરો, શાકભાજી કરો, રોકડીયો પાક લાવો અને આપણે ત્યાંથી ઘણાં બધાએ કર્યા છે. રોકડીયો પાક વાવો એમ કરી કરીને પેલા દાડમની બધા વાત કરે છે તેના ૨૨ રૂપિયા જ છે. ૧૨૦ હતા તેના ૨૨ છે એ હવે બાર મહિના આવુ રહેશે તો બધા ઝાડ કાપશે. આ પરિસ્થિતિ છે. ( અંતરાય ) ભાઇ, અશોકભાઇ હું તમને ડિસ્ટર્બ નહોતો કરતો તમે નહિ કરો તમે ખેડૂત નહીં હો અમે ખેડૂત છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે ખેડૂત દરેક ક્ષેત્રથી આજે બરબાદ થઇ રહ્યો છે તે઼ા તેની અંદર કંઇકનું કંઇક માનનીય મંત્રીશ્રી આજે તેમના જવાબમાં જાહેરાત કરે કારણ કે સરકારની જાહેરાતથી ખેડૂત મરી ગયો છે. અને ખરેખર આ એક જિલ્લાની વાત નથી આની અંદર ત્રણ ચાર જિલ્લા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, દહેગામ, ખેડા, આણંદ એવા ત્રણ ચાર જિલ્લાઓની અંદર આ કમસે કમ પ્રતિ કિલો ૨ રૂપિયા તમે સબસિડી આપો અથવા કોલ્ડ સ્ટોરેજમાં જે ખેડૂત મૂકે તેને ૨ રૂપિયા તમે સબસિડી આપો તો પણ એ જીવી જશે. બીજુ કંઇ ના થાય તો કોલ્ડ સ્ટોરેજવાળાને વીજળી બિલ માફ કરો અને એટલા પૈસા અંદર ખેડૂતોએ બટાકા મૂકયા છે તેનો ભાવ તે ઓછો કરે તો પણ ખેડૂત બચશે. આજે કેટલાય ઢગલાં પડયા છે અને કોલ્ડ સ્ટોરેજવાળા પણ નથી લેતાં કે હવે તે પાછો લેવા નહીં આવે તો આપણું ભાડું આવતું નથી. એટલા માટે કમસે કમ જે આ રેલવે નૂર છે તેના માટે પણ રેલવેમાં બટાકા જાય અને કયાંક ચાર પાંચ દિવસ પડયાં રહે તો બગડી જાય આ ગરમીમાં આઠ દિવસ પડી રહે તો પૂરું થઇ જાય. એટલે તેને મૂકાય નહીં પણ જે વાહન મારફતે છે તેમાં જે હાલ સબસિડી છે તેનાથી કશું વળે નહીં તે તો ખાલી કોઇ કાગળો બનાવી શકે તેના પૂરતી છે બાકી કોઇ વેપારી કે સાચા ખેડૂતને મળતી નથી માટે સબસિડી કમસે કમ તમે ૫૦ થી ૬૦ ટકા કરો.

શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય માનનીય મહેશભાઇ પટેલ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યાં છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રની સરકાર અને આપણી રાજયની ભારતીય જનતા પાર્ટીની બન્ને સરકાર હંમેશા ખેડૂતોની ચિંતા કરી છે. જયારે જયારે કપાસ હોય, મગફળી હોય કે તુવેર હોય તે ટેકાથી નીચે ભાવ ગયા છે ત્યારે આ સરકારે ખેડૂતોની સાથે રહીને મદદ જ કરી છે. ગયા વર્ષની વાત કરીએ તો ગયા વર્ષે પણ કપાસના ભાવ ઘટયા ત્યારે સીસીઆઇ દ્વારા જે કપાસની ખરીદી થઇ તેમાં પણ ૫૫૦ રૂપિયા રાજય સરકારે ઉમેરીને ખેડૂતોને મદદ કરી હતી. તે જ રીતે બટાકાની હમણાં વાત થઇ તો ટ્રાન્સપોર્ટેશનની અંદર પણ આ સરકારે ખેડૂતોને મદદ કરી છે. મગફળીની વાત કરીએ તો મગફળી પણ રાજય સરકારે ખરીદીને ખેડૂતોને આગળ લાવવાના પ્રયત્નો તેની અંદર પણ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તુવેરોની વાત કરીશું તો તુવેરો જે અમારા વિસ્તાર એટલે વડોદરા જિલ્લાની વાત કરીએ તો મધ્ય ગુજરાતની અંદર ટોટલ આખા ગુજરાતના વાવેતરના ૪૦ ટકા જેટલું વાવેતર અમારા મધ્ય ગુજરાતની અંદર થયુ છે. અને તેમાંય ખાસ કરીને વડોદરા જિલ્લાની અંદર ૬૫ હજાર હેકટર કરતા પણ વધુ વાવેતર થયુ છે. આ સરકારે વડોદરા જિલ્લાની અંદર ૯ સેન્ટર ખોલીને લગભગ ૭૦,૦૦૦ કિવન્ટલ જેટલી તુવેરો અત્યાર સુધી આ સરકારે ટેકાના ભાવથી ખરીદી છે. જ્યારે બજારની

અંદર રૂ.૩૮૦૦ થી ૪,૦૦૦નો ભાવ હોય ત્યારે સરકાર ખેડૂત પાસે રૂ.૫૦૫૦/–ના ભાવે તુવેરો ખરીદી ખેડૂતને મદદ કરે છે. આ સરકારે જે કાંઇ નાણા આપવાના હોય એની અંદર ક્યાંય કોઇ વચેટિયા કે વેપારી ન આવે અને સીધેસીધા ખેડૂતના ખાતામાં એ નાણા જમા થાય એવી વ્યવસ્થા આ સરકારે કરી આપી છે. આ રાજ્યના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ, નાણામંત્રી અને કૃષિ અને કલ્યાણમંત્રી આદરણીય ચીમનભાઇ સાપરીયા હંમેશા ખેડૂતો કોઇપણ પ્રશ્ન લઇને એમની પાસે આવ્યા હોય ત્યારે એમની ચિંતા કરીને એમને કઇ રીતે મદદરૂપ થાય એ માટે હંમેશા તત્પર હોય છે. વડોદરા જિલ્લાની વાત કરું તો વડોદરા તાલુકાની અંદર ૬૫૩૦ હેક્ટર, પાદરા તાલુકામાં ૬૨૩૦ હેક્ટર, કરજણ તાલુકામાં ૨૧,૦૦૦ હેક્ટર, સિનોર તાલુકામાં ૪,૦૦૦ હેક્ટર, સાવલી તાલુકામાં ૫૮૭૦ હેક્ટર, ડેસર તાલુકામાં ૪૧૪૦ હેક્ટર, વાઘોડિયા તાલુકામાં ૮૯૮૨ હેક્ટર અને ડભોઇ તાલુકામાં ૯,૦૦૦ હેક્ટર એમ કરીને કુલ ૬૫,૦૦૦ હેક્ટર કરતાં વધુ તુવેરોનું વાવેતર થયું હોય ત્યારે આ સરકારે તમામ તાલુકાની અંદર સેન્ટરો ખોલીને બધી જ તુવેરોની ખરીદીનું કામ ચાલુ કરી દીધું છે અને ટૂંક સમયમાં આ તમામ તુવેરો આ સરકાર ખરીદીને ખેડૂતને મદદ કરવાની છે. આ માનનીય સભ્યશ્રીઓ ગરીબોના બટાટાની વાત કરે છે. હું પણ ખેડૂતનો દીકરો છું. કોઇપણ વસ્તુના ભાવ ના આવે તો આપણે બીજા વર્ષે વાવેતર ઘટાડતા હોઇએ છીએ. આ સરકાર ખેડૂતને માર્ગદર્શન આપીને ખેડૂતનું ઉત્પાદન કઇ રીતે વધે એના માટે સતત પ્રયત્નશીલ છે. ઉત્પાદન વધવાને કારણે ભાવ ઘટતા હોય છે. પણ ખેડૂતને ક્યાંય નુકસાન થતું નથી. અમારા ગોવાભાઇને ગૌચરની ચિંતા હોય, બટાટાની ચિંતા હોય, કાયમ ખોટી જ ચિંતા કરતા હોય છે. પણ એમનો વેપાર તો ડાયમંડનો છે. એની ચિંતા કરો. આ સરકાર ખેડૂતો હોય, મધ્યમ વર્ગ હોય કે ગરીબ વર્ગ હોય કોઇપણ વર્ગની ચિંતાને પોતાની ચિંતા સમજીને કાયમ ખેડૂતોની વહારે આવતી હોય છે. આખા મધ્ય ગુજરાતની અંદર ૨૨ સેન્ટરો ખોલીને ૧,૦૮,૬૨૦ ક્વિન્ટલ તુવેર અત્યાર સુધી આ સરકાર દ્વારા ખરીદવામાં આવી છે. આ ગુજરાતની અંદર ધાન્ય પાક પાકે ત્યારે કદાચ ટેકાના ભાવથી નીચે ભાવ હોય ત્યારે FCI દ્વારા ખરીદી કરીને સરકાર ખેડૂતને મદદ કરતી હોય છે. એ જ રીતે કઠોળ, તેલીબિયાંના પાકો હોય તો નાફેડ દ્વારા ખરીદી કરીને સરકાર ખેડૂતને મદદરૂપ થતી હોય છે. કપાસનો પાક હોય તો CCI દ્વારા ખરીદી કરીને સરકાર ખેડૂતોને મદદરૂપ થતી હોય છે. આ ગૃહના સભ્યશ્રી મહેશ કુમાર ખેડૂતોની ચિંતાની વાત કરતા હોય ત્યારે આ સરકારને વધુ ચિંતા છે. તેથી હું માનનીય મહેશ કુમારને એટલું જ કહું છું કે, આ જે સંકલ્પ લઇને આવ્યા છે એ પાછો ખેંચી લો કારણ કે, આ સરકારને ખેડૂતની ખૂબ જ ચિંતા છે તેથી આ સંકલ્પની કોઇ જરૂર નથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી માનનીય મહેશ કુમાર બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આ રાજ્ય સરકારે ખેતર, પ્રોસેસિંગ, પ્રિફ્રીલિંગ, ટ્રાન્સપોર્ટેશન, કૉલ્ડ સ્ટૉરેજ અને બજાર ત્યાં સુધીના નેટવર્કની બહુ સારી વ્યવસ્થા કરી છે. ત્યાં સુધીના આખા નેટવર્કની આ રાજ્ય સરકારે આ રાજયની અંદર બહુ સારી રીતે વ્યવસ્થા કરી છે. માનનીય સભ્યશ્રીએ બટાટા વિશેની ચિંતા કરી છે ત્યારે સમગ્ર ભારત દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત સરકારે અને કેન્દ્ર સરકારે જે પ્રોત્સાહન આપ્યું અને આ રાજયની અંદર વધારેમાં વધારે કોલ્ડ સ્ટૉરેજ બને અને ખેડૂતોનો જે માલ છે ખેડૂતોની જે જણસ છે ઉત્પાદન છે જયારે એક સાથે બજારમાં આવે છે ત્યારે આ માલ કોલ્ડ સ્ટૉરેજમાં પૂરેપૂરો સચવાઇ જાય અને સમયે સમયે એનું વેચાણ થાય એના માટે સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦૦ નવા કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવ્યા છે. રાજયમાં અઢી કરોડ બોરીનું બટાકાનું ઉત્પાદન છે એની સામે સાડા ત્રણ કરોડ બોરી સમાય એટલા કોલ્ડ સ્ટૉરેજ એટલે ૫૫૦ કોલ્ડ સ્ટૉરેજ અત્યારે ગુજરાતની અંદર અત્યારે ચાલુ છે હયાત છે અને એમાં આ વર્ષે સરકાર દ્વારા કૃષિના બજેટમાં ૪૦ કરોડ રૂપિયાની નવી સબસિડી જે નવા કોલ્ડ સ્ટૉરેજ બનાવવાના હોય એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે અત્યારે આખા રાજયમાં ૭૪ અરજીઓ કોલ્ડ સ્ટૉરેજ માટેની પેન્ડીંગ છે એટલે આવતા ભવિષ્યની અંદર આ રાજયની અંદર જયારે એક સાથે ઉત્પાદન આવે અને આ ઉત્પાદનનો એક સાથે જથ્થો સચવાઇ જાય અને ખેડૂતોને મુશ્કેલી ના પડે એના માટેની સરકારે પૂરેપૂરી ચિંતા કરી છે. એક કોલ્ડ સ્ટૉરેજ દીઠ એક કરોડને સાઇઠ લાખ રૂપિયાની સબસિડી આપવા માટેની અને પાંચ વર્ષ સુધી આ કોલ્ડ સ્ટૉરેજ વિદ્યુત શુલ્ક માફી માટેની પણ વ્યવસ્થા અત્યારે હયાત છે અને ચાલુ છે. આ સિવાય ભવિષ્યની અંદર કોઇ મુશ્કેલીઓ ના થાય કોસ્ટ સ્ટૉરેજમાં વધારેમાં વધારે જો કોઇ ખર્ચો આવતો હોય તો વીજળીનો વધારે ખર્ચો વધારે આવતો હોય છે, ત્યારે રાજ્ય સરકારે રૂફ ટોપ પોલીસીની પણ યોજના કરી છે અને એમાં ૪૦ ટકા સબસિડી આપી અને કોલ્ડ સ્ટૉરેજ જયાં થાય ત્યાં જ એનો પાવર પ્રોડક્શનનું ઉર્જા ઉત્પન્ન થાય અને આ કોલ્ડ સ્ટૉરેજમાં એ પાવર વપરાય એટલે એને ખર્ચો ઓછો આવે એના માટેની પણ રાજય સરકારે પૂરેપૂરી વ્યવસ્થા કરી છે અને આ વખતે આ પોલીસી નવી જાહેર કરવાની વ્યવસ્થા પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ખેડૂતોની ચિંતા જે કરવા માટેની વાત થાય છે એ અહીં વાત થઇ એ પ્રમાણે ગત વર્ષમાં ૨,૫૭,૫૪૯ ક્વિન્ટલ કપાસની ખરીદી આ રાજયમાં કરવામાં આવી હતી. ૧૨૭૫ લાખ ટન અને પ્રતિ ક્વિન્ટલ ૫૫૦ પ્રમાણેની સહાય રાજય સરકાર તરફથી આપવામાં આવી છે.

આ સંકલ્પમાં માનનીય મહેશભાઇએ જે ચિંતા કરી છે, તો ૨૦૧૨માં તત્કાલિન કેન્દ્રના વડા પ્રધાને કપાસની ઉપર નિકાસ પ્રતિબંધ મૂકવામાં આવેલો હતો અને આ નિકાસ પ્રતિબંધને લીધે ૭૦૦૦ રૂપિયા એક ક્વિન્ટલનો ભાવ હતો એના સીધા ભાવ ગગડીને ૩૭૦૦ રૂપિયા થઇ ગયો અને ત્યારે અમારા ધારાસભ્યશ્રીએ અત્યારે જે વાત કરી તો જયારે આર. સી. પટેલ સાહેબ પ્રદેશના અધ્યક્ષ હતા અને એમણે ૧૪ જિલ્લામાં ૧૦૧ તાલુકાઓની અંદર ૮૪ વિધાનસભા સીટોમાં આ રાજયની અંદર એક રેલી કાઢી અને સભાઓ કરી અને એક લોકજાગૃતિ લઇ આવ્યા અને ત્યારે આ સન્માનનીય ગૃહના

તત્કાલિન માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇએ અને આ સમગ્ર રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ લઇ આવવા માટેનો પૂરો પ્રયત્ન કર્યો અને જેને લીધે કેન્દ્ર સરકારે ત્યારે આ કપાસની નિકાસ માટેની છૂટ આપવાની વ્યવસ્થા તાત્કાલિક દબાણથી કરવી પડી હતી. આ સભાગૃહમાં માનનીય સભ્યશ્રીઓ ચિંતા વ્યકત કરે છે પણ કેન્દ્રમાં એમની સરકાર હતી ત્યારે કપાસના ભાવ એકદમ ગગડી ગયા હતા. (અંતરાય) માનનીય પુનાભાઇ તમે ખેડૂતોની ચિંતા કરી એનું પરિણામ તમને યુપીમાં મળી ગયું છે. આ સરકાર છેલ્લા ૨૨ વર્ષથી ખેડૂતોની ચિંતા કરતી આવી છે એટલે તો અહીંયા સરકારમાં બેઠી છે એટલે તમારા સર્ટિફિકેટની અમારે જરૂર નથી.તમને તો સર્ટિફિકેટ મળી ગયું છે. માનનીય ગોવાભાઇ, આ રાજ્યના ખેડૂતોએ અમને ૨૨ વર્ષથી અહીંયા બેસાડ્યા છે એમણે સર્ટિફિકેટ આપી દીધું છે,એટલે તમારે સર્ટિફિકેટ આપવાની જરૂર નથી. આ રાજ્યના ખેડૂતોએ પાંચ ટર્મથી ભારતીય જનતા પાર્ટીની સરકારને સમર્થન આપેલ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશકુમાર પટેલ ખેડૂતોની ખેત પેદાશ ખાસ કરીને બટાટા, ડુંગળી, મગફળી, રાયડો, એરંડા અને કપાસના પૂરતા ભાવ મળતા નથી એના માટે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને સમર્થન આપવા તથા મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

મારે દુઃખ સાથે કહેવું છે કે જયારે દિલ્હીની અંદર એનડીએની સરકાર આવે છે ત્યારે ખેડૂતોને ખેત પેદાશના ભાવો મળતા નથી. માનનીય ચીમનભાઇ, આપને નમ્રતાપૂર્વક કહીશ, આંકડા સાથે કહીશ. યુપીએની સરકાર દસ વર્ષ હતી ત્યારે ખેડૂતોને મળેલા ખેત પેદાના ભાવ કઢાવો અને એન.ડી.એ.ની સરકાર આવ્યા પછીના ભાવ કઢાવો ત્યારે ચોક્કસ ખબર પડશે કે આ સરકાર આવ્યા પછી ખેડૂતોને પૂરતા ભાવો મળતા નથી. હું દાખલા સાથે કહીશ. અમારા ઉત્તર ગુજરાતમાં રાયડો,બટાટા, એરંડા અને શાકભાજીનું વધારે વાવેતર થાય છે. રાયડાના ભાવ ખેડૂતોને પૂરતા મળતા નથી એનું કારણ એ છે કે વિદેશમાંથી વિદેશી હુંડીયામણ બગાડીને પામતેલની આયાત કરવામાં આવે છે એના કારણે ખેડૂતોને રાયડાના પોષણક્ષમ ભાવ મળવા જોઇએ એ મળતા નથી. તેથી મારું સ્પષ્ટ સૂચન છે કે જો જનતાને સસ્તુ તેલ આપવું હોય તો ખેડૂતોને રાયડાનો વધારે ભાવ આપો અને સબસિડી આપો અને ગરીબોને સસ્તુ તેલ આપો. પામતેલ કરતાં રાયડાના તેલમાં પૌષ્ટિક તત્વો વધારે છે તેથી એમાં જો સબસિડી આપવામાં આવે અને જનતાને સસ્તુ તેલ આપવામાં આવે તો પામતેલ પાછળ જે વિદેશી હુંડિયામણ વપરાય છે એમાં બચત થશે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે.

અહીંયા બટાટાની વાત થઇ, એ જ રીતે ડુંગળી તથા શાકભાજી પણ એક રૂપિયે કિલો બજારમાં લેવા માટે કોઇ તૈયાર નહોતું. ઉત્પાદકો ટ્રેકટરમાં માલ લઇને વેચવા જતાં અને ન વેચાય એટલે રસ્તામાં ઠાલવીને જતા રહે છે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આપ જો ખેડૂતોના હામી હોય તો એમને પોષણક્ષમ ભાવ અપાવો તથા સસ્તામાં સસ્તી વીજળી અપાવો. ગુજરાતના ખેડૂતોને મોંઘામાં મોંઘી વીજળી મળે છે. હું દાવા સાથે કહેવા માગુ છું કે હરિયાણા સરકાર સસ્તી વીજળી ત્યાંના ખેડૂતોને આપે છે એ ભાવે જો તમે આપો તો સાચા ખેડૂતોના હિતેચ્છુ કહેવાશો. અહીંયા તમે ખેડૂતોને મોંઘી વીજળી આપો છો એના લીધે એના ઉત્પાદનની પડતર ઉંચી પડે છે એની સામે પૂરતા ભાવ ન મળતા એના બે છેડા ભેગા થતા નથી. કેન્દ્રમાં યુપીએની સરકાર હતી અને માનનીય શંકરસિંહ બાપુ કાપડ મંત્રી હતા. એ વખતે કપાસની ખરીદી આખા ગુજરાતમાં કરી અને ૧૫૦૦ રૂપિયાનો ભાવ આપ્યો. આજ દિવસ સુધી એવો ભાવ કયારેય આપશ્રી આપી શક્યા નથી એવી મારી રજૂઆત છે. તો ખેડૂત ખેતી કરે, તેના બે છેડા સરખા થાય અગર તો બે રૂપિયા તેને તેનું જીવન ચલાવવા માટે મળે એવું આપનું આયોજન હોવું જોઇએ. ઉત્તર ગુજરાતની અંદર આપને હું દાખલા સાથે કહું કે ખેડૂતનું કેવી રીતે આપ ભલુ ઇચ્છતા નથી. દાંતીવાડામાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી છે. તેની સ્થાપના ઉત્તર ગુજરાતના ખેડૂતોનું અને ખાસ કરીને બનાસકાંઠા જિલ્લાના પછાત વિસ્તારના ઓછું ભણેલાં, અભણ વિસ્તારના ખેડૂતોનું ભલું કરવા માટે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી. છતાં એ યુનિવર્સિટીને આપે ચાર ભાગોમાં વિભાજીત કરી. એટલાથી આપને સંતોષ ન થયો તો ત્યાં હોર્ટીકલ્ચર અને બાગાયતીની આપ વાત કરો છો. બનાસકાંઠાના ખેડૂતો મહેનતુ છે. તેમના બળ ઉપર પેટે પાટા બાંધીને કમાય છે, ચીમનભાઇ સાહેબ, સૌરાષ્ટ્રની પરિસ્થિતિ જુદી છે તો મારી આપને નમ્ર વિનંતી છે કે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં જે સ્ટાફ ખૂટે છે. ખેડૂતોને જે માર્ગદર્શન આપવું જોઇએ. કઇ સીઝનમાં કેટલા પ્રમાણમાં વાવેતર કરવું એટલે ઉત્પાદન વધે, સરખું ઉત્પાદન થાય એવું માર્ગદર્શન આપવાની આપની પ્રાથમિક જવાબદારી છે. તો દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતોનો વિકાસ થાય એવી વિનંતી.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે રાજ્યમાં બટાટા, મગફળી, કપાસ અને અન્ય ખેત ઉત્પાદનના પાકોમાં પોષણક્ષમ ભાવો મળવા અંગે માનનીય ધારાસભ્યશ્રી મહેશભાઇ પટેલ દ્વારા જે બિન સરકારી સંકલ્પ રજૂ કરવામાં આવ્યો છે એ સંકલ્પ ઉપર માનનીય ધારાસભ્યશ્રી બાવનજીભાઇ, પરબતભાઇ, સતિષભાઇ, બાવકુભાઇએ ખૂબ જ પોઝીટીવ વાત કરી છે અને સાથે સાથે મારા વિપક્ષના મિત્રો ભાઇશ્રી મહેશભાઇ, ગોવાભાઇ રબારી, જોઇતાભાઇએ આ વિભાગની ટીકા પણ કરી છે. ત્યારે સારા સૂચનો કર્યા છે તે બદલ હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સાથે સાથે અમારા વિભાગ દ્વારા થયેલી કામગીરીની થોડી મારે આપ સૌ સમક્ષ રૂપરેખા આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની સરકાર ખેડૂતોના કલ્યાણ અને આર્થિક સામાજીક ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યના કૃષિકારો કૃષિ વ્યવસાય થકી વધુને વધુ સમૃદ્ધ અને સદ્ધર થાય તેવી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી રહ્યા છે. સરકાર દ્વારા ખેતીના વિકાસ માટે

વિવિધ સહાય યોજનાઓ વિસ્તરણ પ્રવૃત્તિના માધ્યમથી અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેના થકી રાજયએ છેલ્લા ૧૦ વર્ષથી સરેરાશ ૧૦ ટકાથી વધુ કૃષિ વિકાસ દર હાંસલ કર્યો છે. હમણાં જ મારા વિપક્ષના મિત્રો કયાંકને ક્યાંક અમારા વિભાગની ટીકા ટીપ્પણ કરતા હતા. એટલા માટે મારે કોઇ પોલિટીકલ સ્ટેટમેન્ટ કરવું નહોતું પણ જોઇતાભાઇ હોય કે ગોવાભાઇ હોય અને જયારે પોલિટીકલ સ્ટેટમેન્ટ કરતા હોય ત્યારે મારે આપ સૌના ધ્યાન ઉપર મૂકવું છે કે ગત વર્ષની અંદર ટમેટાના ભાવ ઉંચા જવાના કારણે વિપક્ષના મિત્રો લારી લઇને રાહત દરે ટમેટાં વિતરણ કરવા નીકળ્યા હતા ત્યારે તમને ખેડૂત યાદ નહોતા? ખેડૂતોને ઉંચા ભાવ મળે છે તો તમને પીડા થાય છે. ખરેખર તમારે રાહત દરે ગરીબોને ખવડાવવું હતું તો તમારે સબસિડીથી ખવડાવવું હતું. મારે આપના ધ્યાન ઉપર મૂકવું છે કે આપના શાસનમાં ખેડૂત બાજરી પકવે તો લેવી આપવી પડે, ખેડૂત ઘઉં પકવે લેવી આપવી પડે. ખેડૂત પોતાની તેજી–મંદીનો ભાવ કરવા માટે પોતે સંગ્રહ કરે તો પુરવઠા અધિકારી પાસે એની નોંધ કરાવવી પડે નહીંતર એ જથ્થાને સીઝ કરવામાં આવે. મિત્રો, એ આપનું શાસન હતું. આપના શાસનની અંદર ખેડૂતના દીકરાને આઠ કિ.મી.થી દૂર જમીન ખરીદવી હોય તો એ સમયે કાળો કાયદો હતો. ત્યારે ખેડૂત યાદ ન આવ્યા ! આપના શાસનની અંદર ખેડૂત ટ્રેક્ટરની અંદર દસ–પંદર મજૂર બેસાડી ખેતર ઉપર જતો હોય તો પોલીસવાળો તરત જ રોકી એની સામે ગુન્હો દાખલ કરે. ત્યારે મિત્રો, તમને ખેડૂત યાદ નહોતા આવતા ! આવી આપની ખેડૂત વિરોધી અનેક નીતિઓની હું ઘણી બધી વાતો કરી શકું. પણ સમયના અભાવે મારે વિશેષ વાત કરવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાચા અર્થમાં આ સરકાર ખેડૂતોના હિત માટે ચિંતા કરે છે. માત્ર ગત વર્ષ નહીં પણ આગળના વર્ષે માત્ર ખાતરની શોર્ટેઝ પડી અને એ ખાતર સબસિડીવાળું ઉદ્યોગોમાં જતું હતું અને તરત જ બીજા વર્ષે અમારી સરકાર દ્ધારા બજેટમાં રૂ. ૨૮/– કરોડથી વધારે રકમની જોગવાઇ કરી અને ખેડૂતોને સમયસર ખાતર મળે એની ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આવા અનેક મુદ્ધાઓ પર વાત કરી શકાય. ત્યારે વિશેષ વાત નહીં કરતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે અને એના માટે રાજ્ય સરકાર સતત ચિંતા કરે છે. જ્યારે બીજી વાત પણ આપ સૌના ધ્યાન ઉપર મૂકવી છે. ખેડૂતોની ખરેખર ચિંતા કરતા હતા તો ૨૦૦૬–૦૭ની અંદર મગફળીના ટેકાના ભાવ તમારા વખતમાં રૂ.૧૫૨૦/– હતા, ૨૦૦૭–૦૮માં રૂ.૧૫૫૦ હતા, ૨૦૦૮–૦૯માં રૂ.૨૧૦૦/– હતા, ૨૦૧૦–૧૧માં રૂ.૨૩૦૦/– હતા, ૨૦૧૨માં રૂ.૨૭૦૦/– હતા. અમારા શાસનની અંદર ટેકાના ભાવ ૨૦૧૫માં રૂ.૪૦૦૦/– હતા, ૨૦૧૫–૧૬માં રૂ.૪૦૩૦/–હતા અને તમારા શાસનની અંદર તુવેરના ભાવની વાત કરું તો વર્ષ ૨૦૦૬–૦૭માં રૂ.૧૪૧૦/–, ૨૦૦૭–૦૮માં રૂ.૧૫૫૦/–, ૨૦૦૮–૦૯માં રૂ.૨૦૦૦/–, ૨૦૦૯–૧૦માં રૂ.૨૩૦૦/– અને ૨૦૧૧–૧૨માં રૂ.૩૦૦૦/–. અમારા શાસનની વાત કરું તો ૨૦૧૪–૧૫માં રૂ.૪૩૫૦/–, ૨૦૧૫–૧૬માં રૂ.૪૬૨૫/– અને ૨૦૧૬–૧૭માં રૂ.૫૦૫૦/–. આને ખેડૂતોની ચિંતા કરી કહેવાય ! માત્ર મનમાં રાખી અને ખેડૂતોની વાત કરીએ તો એનાથી ખેડૂતોની ચિંતા ન થાય અને ખેડૂતો બરાબર તમને ઓળખી ગયા છે. એટલે વખતોવખત તમને સામે બેસવાનો વારો આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સન્માનનીય ગૃહને જણાવવું છે કે ટેકાના ભાવમાં નીચેની લગભગ દસેક જેટલી વસ્તુઓ જેવી કે, બાજરી, ડાંગર, મકાઇ, જુવાર, મગ, તુવેર, અડદ, જવ, તલ, મગફળી અને કપાસ જેવી આઇટમોના ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. રવિ સિઝનની અંદર પાકતા ઘઉં, ચણા, રાઇ અને સરસવ જેવા ઉત્પાદનમાં ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. ચાલુ વર્ષે મગફળીનું વ્યાપક ઉત્પાદન થયેલું અને મગફળીના વ્યાપક ઉત્પાદનને ધ્યાનમાં રાખીને રાજ્યના કૃષિ અને કલ્યાણ વિભાગ દ્ધારા મગફળીની આવકની શરૂઆત થાય એ પહેલા મિટિંગ બોલાવી અને ટેકાના ભાવથી મગફળી ખરીદવા માટેનો નિર્ણય કર્યો અને લાભ પાંચમથી મગફળી ટેકાના ભાવથી ખરીદવાની શરૂઆત કરી અને આજે મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે રાજ્યની અંદર ૨ લાખ ૧૫ હજાર મેટ્રીક ટનથી વધારે મગફળી ખરીદીને રૂ.૮૯૦/– કરોડ જેટલી રકમ ખેડૂતોને આપી છે અને એ રીતે ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા માટેનો અમારી સરકાર દ્ધારા પ્રયત્ન થયો છે. આ ખરીદી સમયસર થાય એના માટે રાજ્ય સરકારના આકસ્મિક ભંડોળમાંથી સો કરોડ રૂપિયાની માગણીની રજૂઆત કરી અને નાણામંત્રી અને મુખ્યમંત્રીએ તરતજ સો કરોડ રૂપિયાની ફાળવણી કરી અને ખેડૂતોના હિતમાં હકારાત્મક નિર્ણય કર્યો છે ત્યારે હું લાખો ખેડૂત વતી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો આભાર વ્યકત કરુ છું. એ જ રીતે તુવેરની ખરીદી ચાલુ વર્ષની અંદર ટેકાના ભાવ એમ.એસ.પી. પ્રાઇઝ ૧૦૧૦ રૂપિયા ૨૦ કિલોનો ભાવ છે અને માર્કેટની અંદર નીચા ભાવ હોવાને કારણે રાજયની અંદર ગ્રોફેડ અને એફ.સી.આઇ.ના મારફતથી ગુજકોટ સાબરડેરી, ગુજરાત વેરહાઉસ કોર્પોરેશન અને ગ્રીફકો જેવા ૮૩થી વધુ ખરીદ કેન્દ્રો મંજૂર કરી અને લગભગ ૬૮હજાર મેટ્રીક ટન તુવેરની ખરીદી કરી રૂ. ૩૪૩.૨૩ કરોડ રૂપિયાની તુવેરની પણ ખરીદી કરી અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે એના માટે વિભાગ દ્ધારા પ્રયત્ન કરવામાં આવ્યો છે. ટેકાના ભાવની યોજના ભારત સરકાર દ્ધારા રાજયમાં લાગુ કરવામાં આવે છે. રાજય સરકારશ્રી દ્ધારા કેન્દ્ર સરકારશ્રીને ટેકાના ભાવે ખરીદી કરવા માટે સૌપ્રથમ દરખાસ્ત મોકલવાની હોય છે. દરખાસ્ત કર્યા પછી કેન્દ્ર સરકાર દ્ધારા કેન્દ્રની નોડલ એજન્સી રાજયમાં ટેકાના ભાવની ખરીદી કરવા માટેની મંજૂરી આપે ત્યારબાદ ખરીદી કરવામાં આવે છે. રાજય સરકાર દ્ધારા જે દરખાસ્ત કરવામાં આવે અને એની સાથેસાથે એજન્સી દ્ધારા ખરીદી કરવાની મંજૂરી માંગવામાં આવે અને મંજૂરી મળ્યા બાદ કેન્દ્રની નોડલ એજન્સી દ્ધારા રાજયની અંદર આવી ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવે છે. જે ખરીદી કરવા માટે એમની ગાઇડ લાઇન અને નિયમો મુજબ ટેકાના ભાવથી ખરીદી કરવાની થાય છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે અને એના માટે મેં કહ્યું એમ મગફળીની મોટાપાયે ખરીદી પણ કરવામાં આવી છે અને ગત વર્ષે વાઇબ્રંટ ગુજરાત ૨૦૧૭માં બે હજારથી વધુ એગ્રો અને ફુડ પ્રોસેસીંગના

એમ.ઓ.યુ. થયા અને જેના કારણે ખેડૂતોની આવક બમણી થશે, રોજગારીમાં વધારો થશે. ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનમાં ઉપભોકતાઓને એનો લાભ મળશે. ગુજરાત કો–ઓપરેટીંવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ૩૫ લાખ સભ્યો સાથે મિલ્ક પેમેન્ટ ઉભું કરવાનું આયોજન કરવામાં આવ્યું અને ગુજરાત કો–ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા શહેરી વિસ્તારમાં ફળ, શાકભાજીના વેચાણ માટે આયોજન કરવામાં આવેલ. રાજય સરકાર દ્વારા ૨–૧૨–૨૦૧૬થી શહેરી વિસ્તારમાં ખેડૂત ગ્રાહક બજાર શરૂ કરવાનો નિર્ણય કર્યો. ફળ, શાકભાજીના સીધા વેચાણ માટે બજાર સમિતિઓ નગરપાલિકા, કોર્પોરેશન વિસ્તારમાં શિક્ષણના સહયોગથી શાળામાં ૧૫૦ સ્થળોએ ખેડૂત ગ્રાહક બજારોનું વેચાણ શરૂ કરવામાં આવ્યું જેમાં ખેડૂતોને પણ ખૂબ સારો લાભ મળ્યો અને ગ્રાહકોને તાજુ અને વ્યાજબી ભાવથી શાકભાજી મળતું થયું. રાજયમાં જયારે ચાલુ વર્ષે બટાકાનું વધુ ઉત્પાદન થવાનું હતું ત્યારે આ રાજયની અંદર બટાકાનું ઉત્પાદન કરતા ખેડૂતો, કોલ્ડ સ્ટોરેજના માલિકો, એકસપોર્ટ કરતા માલિકો અને અન્ય લોકોની મીટીંગ મારા વિભાગમાં બોલાવવામાં આવી, એમના સજેશનો લેવામાં આવ્યા અને એમની જે કોઇ માગણીઓ હતી એ માગણી મુજબ અમારા વિભાગ દ્વારા અમે વાહતુક સબસિડી આપવા માટે પ્રતિટન ૭૫૦ રૂપિયા રેલવે દ્વારા ૧૧૫૦ રૂપિયા અને વિદેશમાં જાય તો ૨૫ ટકા સબસિડી આપવા માટેનો નિર્ણય કર્યો છે ત્યારે વિશેષ વાત નહીં કરતા આવા કૃષિ અને કલ્યાણ વિભાગ દ્વારા અનેક આવા ખેડુતોના હિત માટેના નિર્ણયો કર્યા છે ત્યારે માનનીય મહેશભાઇએ બિનસરકારી સંકલ્પ રજૂ કર્યો છે એ પરત ખેંચે એવી હું એમને વિનંતી કરું છું.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે સ્પેશીયલ પકેજ જો જાહેર કરે તો હું મારો સંકલ્પ પાછો ખેંચું છું અને જો જાહેર ન કરે તો હું મારો સંકલ્પ પાછો ખેંચતો નથી.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે છે.

સેવાસેતુ અંતર્ગત યોજાતા લોકપયોગી કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવા બાબત.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે, સેવાસેતુ કાર્યક્રમ એ લોકાભિમુખ વહીવટ આપવા માટે પ્રજાના પ્રશ્નો, સમસ્યાઓને તેમના ઘરઆંગણે જઇ તાકીદે દૂર કરવાના ઉદ્દેશ સાથે આરંભાયેલ નવતર કાર્યક્રમ છે. આ કાર્યક્રમનો રાજયવ્યાપી આરંભ કરવામાં આવેલ છે. સમગ્ર રાજયમાં તબક્કાવાર આયોજિત થતા સેવાસેતુ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ સરકારી યોજનાઓનો લાભ નાગરિકોને ઝડપથી મળશે. છેવાડાના નાગરિકોના પ્રશ્નોના નિવારણ માટે રાજ્ય સરકાર સતત જાગૃત છે. એકપણ સાચો લાભાર્થી સરકારી લાભોથી બાકાત ન રહે અને તેમના વ્યક્તગત પ્રશ્નોના ઉકેલ માટે સરકારી કચેરીઓમાં ધક્કા ખાવાની જરૂર ન રહે તેવા ઉદ્દેશથી સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ૧૩ અધિકારીઓની સમિતિ દ્વારા પ્રશ્નો અને સમસ્યાઓનો ગ્રામ્ય કક્ષાએ ઉકેલ લાવવા અને અરજી ફી લીધા સિવાય પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતનો તત્કાલ નિર્ણય કરવામાં આવે છે. દરેક પ્રાંતમાં માસિક બે કાર્યક્રમનું આયોજન કરી દર ત્રણ માસે બધા ગામોને આવરી લેવાય છે. જ્યારે શહેરી કક્ષાએ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની અધ્યક્ષતામાં કાર્યક્રમનું આયોજન કરાય છે. આ સમગ્ર યોજનાનું સરકાર દ્વારા મોનીટરીંગ પણ કરવામાં આવે છે. સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આજદિન સુધી ૩૩ જિલ્લાના ૧૬,૩૫૭ ગામો અને ૧૬૨ નગરપાલિકા તથા ૮ મહાનગરપાલિકાઓને આવરી લીધેલ છે. આ ઉપરાંત આ કાર્યક્રમ અંતર્ગત યોજાતા હેલ્થ ચેકઅપ અને પશુ નિદાન કેમ્પ જેવા વિવિધ લોકપયોગી કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના પનોતા પુત્ર અને હાલના દેશના વડાપ્રધાન કે જેઓએ દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું હોય અને જેઓને આખો દેશ અને દુનિયાના લોકો કોટિ કોટિ અભિનંદન આપતું હોય ત્યારે મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે આપણા ગુજરાતના પનોતા પુત્રને આપણે અભિનંદન શા માટે ન આપીએ? રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકોપયોગી યોજનાઓ અને પ્રવૃત્તિઓ દ્વારા વહીવટી પ્રક્રિયામાં પ્રજાના પ્રશ્નોને ન્યાય મળે તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગમતાથી વહીવટી માળખાકીય વ્યવસ્થા રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો પ્રજાને સતત મળતા રહે તે માટે વહીવટી કક્ષાએ કામગીરીમાં કાર્યક્ષમતા, પારદર્શિતા તથા જવાબદારીપૂર્ણ બાબતોને રાજ્ય સરકાર દ્વારા સરકારના હૃદય સમાન ગણેલ છે. રાજ્ય સરકારના પારદર્શી અને સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવા માટેના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતો કે જે રાજ્ય સરકારની યોજના સાથે સંલગ્ન વિભાગ સાથે સ્થાનિક તાલુકા અધિકારીઓ દ્વારા નિકાલ કરી શકાય તેમ હોય તેને ધ્યાને લઇ આવી રજૂઆતોનો સ્થળ ઉપર જ નિકાલ લાવી શકાય તે માટેની એક વધારાની વ્યવસ્થા ઉભી કરી છે. ગુજરાત રાજ્ય સરકારની પારદર્શિતા, સંવેદનશીલતા, વહીવટી તંત્રને વેગવંત બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતનો સ્થળ ઉપર નિકાલ થાય તે માટે તા.૨૬/૧૦/૨૦૧૬ના ઠરાવથી તાલુકા કક્ષાએ તેમજ તા.૩૦/૧૧/૨૦૧૬ના ઠરાવથી નગરપાલિકા અને મહાનગરપાલિકા કક્ષાએ સેવાસેતુનો કાર્યક્રમ યોજવાનું નક્કી કરેલ છે. સેવાસેતુના લક્ષને અત્યારના હાલના તબક્કે કે જેઓ ૨૮,૦૬,૮૯૫ અરજીઓ આવી છે અને એમાં ૨૭,૯૯,૩૬૭ નો નિકાલ થયો છે જેની ટકાવારી ૯૯.૭૩% ગણાય છે. મહાનગરની કક્ષાએ ૫,૧૦,૩૫૪ અરજીઓ આવેલી છે એમાંથી

૫૦,૪૯,૦૬૫ની અરજીઓ આવેલી છે એનું લક્ષ્યાંક ૯૮.૯૪% ગણાય છે. મહાનગર કક્ષાએ ૧,૮૧,૦૦૦ અને જેનો નિકાલ ૧,૭૯,૩૪૫ એની ટકાવારી ૯૯% થાય છે આનાથી વધારે વિકાસ શું હોય? જો આખા ગુજરાતની અંદર ગણીએ તો ૩૪,૮૩,૬૪૭ અરજીઓનો વ્યક્તિગત સામાન્ય ગરીબ માણસોને લાભ મળ્યો છે આનું નામ વિકાસ કહેવાય.

પ્રો હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય લાલજીભાઇ બિન સરકારી સંકલ્પ સેવાસેતુ કાર્યક્રમનો લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

આ કાર્યક્રમ તા.૫/૧૧/૨૦૧૬ થી શરૂ કરવામાં આવ્યો અને આ કાર્યક્રમના હેતુઓ રાજ્યના વહીવટમાં પારદર્શિતા આવે અને પ્રજાની વ્યક્તિલક્ષી જરૂરિયાતોનો ઝડપી ઉકેલ આવે માટે ૮–૧૦ ગામોની વચ્ચે આ કાર્યક્રમ કરવામાં આવે એટલે બહુ દોડધામ ના થાય, રજૂઆતોનો સ્થળ ઉપર જ નિર્ણય કરવામાં આવે અને પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે અને એમાં આ સેવાસેતુ કાર્યક્રમમાં મા–અમૃત્તમ કાર્ડ, મા–વાત્સલ્ય કાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનિંગ કાર્ડ, જાતિના દાખલા, આવકના દાખલા, હેલ્થ ચેકઅપ, વિધવા સહાય આવા બધા મુદ્દા મોટાભાગે ઉપસ્થિત થતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એ નથી સમજાતું કે (અંતરાય) ના, ભાઇ તમને કાંઇ જરૂર નથી. આમાં દાઝી શું કામ જાવ છો? મને એ નથી સમજાતું કે રાજ્યની પાસે પોતાનું વહીવટી તંત્ર છે અને આ વહીવટી તંત્રની પાસે આ પ્રશ્નનો ઉકેલ હોય છે. કારણ કે દરેકને આ જવાબદારી સોંપવામાં આવેલી છે. જે લોકોને જે જવાબદારી સોંપવામાં આવી છે એ લોકો એમનું કામ પ્રમાણિકપણે કરતા નથી અને નથી કરતા એના કારણે રાજ્ય સરકારની દેખરેખ હેઠળ ના–છુટકે આ કાર્યક્રમ કરવો પડ્યો છે. ૨૦–૨૦ વર્ષ સુધી આ કાર્યક્રમ કરવાની સૂઝ આ સરકારને ના પડી પણ ચૂંટણી નજીક આવવાથી અને ચૂંટણીમાં જમીન પગ તળેથી ખસી જવા લાગી માટે આ સેવાસેતુ કાર્યક્રમ કર્યો. જો રાજ્યની દીર્ઘ દ્રષ્ટિ હોત અને રાજ્યનો વહીવટ પર કાબૂ હોત તો આ કાર્યક્રમ કરવાની આવશ્યકતા ઉભી થઇ ના હોત. અને જ્યારે સકાર જ એમ કહે છે કે, ગતિશીલ સરકાર, ગુડ ગર્વનન્સ અને હવે એમ કહે છે કે, પ્રગતિશીલ સરકાર અને નિર્ણાયક સરકાર તો એને આની જરૂર કેમ પડી, મારો પ્રશ્ન સીધો આ છે? લોકો ધક્કા ખાઇ ખાઇને થાકી જાય છે અને પગના તળિયા ઘસાઇ જાય, જુતાં ઘસાઇ જાય પણ દરેકનો ભાવ હોય છે. કોઇ સર્ટિફિકેટ્સ લેવું હોય, કોઇ નોકરી મળી હોય અને એને ઓળખપત્રનો દાખલો લેવો હોય તો કલાકમાં મળે એનો ભાવ, પાંચ કલાકનો ભાવ, બે દિવસનો ભાવ, પંદર દિવસનો ભાવ એમ જુદા જુદા ભાવો હોય છે. કોઇ કામ ક્યારેય એક ધક્કે થયું હોય એવું આ સરકાર જ્યારથી આવી છે ત્યારથી શક્ય બન્યું જ નથી. એટલા જ માટે સરકારને એમ લાગ્યું કે, આપણી છબી પ્રજાની અંદર દિવસે દિવસે બગડતી જાય છે અને એને સુધારવા માટે આ કાર્યક્રમ કરવામાં આવ્યો. શું ફેર પડ્યો? તમે નીતિ વિષયક નિર્ણયો તો લઇ શકતા નથી અને કેટલાક પ્રશ્નો આ સેવાસેતુ કાર્યક્રમમાં જે લોકો ઉપસ્થિત કરે છે એનો કોઇ જવાબ નથી હોતો.(અંતરાય) બૂમો પાડો તેથી કોઇ ફેર નહીં પડે. આ જે મા અમૃત કાર્ડ હોય, વાત્સલ્ય કાર્ડ હોય, આધાર કાર્ડ હોય, ચૂંટણી કાર્ડ હોય, રેશનીંગ કાર્ડ કે જાતિના દાખલા આ બધી સામાન્ય બાબતો છે. આ રૂટીન છે રોજબરોજ જે લોકો ટેબલ લઇને બેસે છે એમની જવાબદારી છે આ કામ કરવાની, અને આ કામ થતું જ નથી. કોઇ સંજોગોમાં તંત્ર આ કામ કરતું નથી અને અસંખ્ય તમે પંચાયતોની અંદર જે મહેકમ પ્રમાણે સ્ટાફ હોતો નથી અને તમે ઓન લાઇન અને બધું કોન્ટ્રાક્ટ પદ્ધતિએ દરેક કામ અને એટલા છબરડા. મારું ચૂંટણી કાર્ડ કાઢ્યું હોય તો મારું નામ હીરાભાઇ હોય, તો એમાં લખ્યું હોય મગનભાઇ છગનભાઇ. એટલી બધી ભૂલો, અંગ્રેજીમાં પણ સ્પેલીંગ મિસ્ટેક હોય છે. સુધારવા જાય તો કોઇ સુધારી ના આપે અને એટલા માટે આ બધી ક્ષતિઓ છે સરકારની. સરકારે શરૂઆતથી આ ધ્યાન રાખ્યું હોત તો આ પરિસ્થિતિનું નિર્માણ ન થાત અને કરપ્શન પણ એટલું વધી ગયું છે જબરજસ્ત અને આ કાર્યક્રમો એમ ને એમ નથી થતાં. (એક મિનિટ છે ) ૨,૮૦૦ કાર્યક્રમો કર્યા, એક કાર્યક્રમમાં એક લાખ ખર્ચ ગણીએ તો ૨૮ કરોડ રૂપિયા નાહકના લોકોના પસીનાની કમાણીમાંથી સરકારને આપેલા ટેક્સમાંથી આ નાણાં ભરપાઇ થતા હોય છે. લોકોને જે ધક્કા પડે છે અને જે બસ ભાડુ ચૂકવવું પડે છે, અહીંયા આવવાનું જે ખર્ચ થાય છે એ ખર્ચ આપણે ગણતરીમાં ગણતા જ નથી પણ જે કોઇ કર્મચારીઓ હોય એમના ટી.એ.,ડી.એ. ચઢે, પેટ્રોલ ડીઝલનો ખર્ચ ચઢે. આ બધો ખર્ચ ગણીએ તો? એક કાર્યક્રમનો એક લાખ રૂપિયા ગણીએ તો ૨૮ કરોડ થાય. આ શું કામ કરવું પડે ? તમે જો રૂટીનમાં જ તંત્ર ઉપર પકડ રાખી હોત તો આ ખર્ચ તમારે કરવો ના પડ્યો હોત. પણ સરકારની વહીવટી નિષ્ફળતા ગુડ ગવર્નન્સ નહીં અને કર્મચારીઓ ઉપર અંકુશ ગુમાવી બેઠી એના કારણે આ ખર્ચ કરવો પડ્યો...

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી લાલજીભાઇ કોળી પટેલ સેવાસેતુ અંગેનો બિન–સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એ અનુસંધાને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ઉપ મુખ્યમંત્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલની અનેકવિધ સરકારી યોજનાઓ જે લોકાભિમુખ છે અને લોકોની સુખાકારી માટે કામ કરે છે. આ યોજનાઓના અમલ માટે રાજ્ય સ્તરે, જિલ્લા સ્તરે, તાલુકા સ્તરે અને ગ્રામ્ય સ્તરે દરેક વ્યવસ્થા ઉપલબ્ધ છે અને દરેક તંત્ર પોતાની રીતે સુંદર રીતે કામ કરીને આ સેવા બજાવે જ છે. જે રીતે કહેવામાં આવ્યું આ સરકાર સંવેદનશીલ સરકાર છે અને આપણો દેશ અત્યારે વિકાસશીલ તબક્કામાં જઇ રહ્યો છે. આપણો દેશ ડીઝીટલ ઇન્ડીયા બનવા જઇ રહ્યો છે પરંતુ જે બધી સરકારી યોજનાઓ છે આપણા ભાઇઓ દર વખતે બજેટમાં કાપ દરખાસ્તો રજૂ કરે છે એમને સમજ પડવી જોઇએ કે આ યોજનાઓ જો લોકો પૂરી રીતે વાપરે તો કોઇપણ દિવસ કાપ દરખાસ્ત આવી ન શકે. વિજયભાઇની સરકારે નિર્ણય કર્યો કે લોકોને મહત્તમ લાભ મળે અને જે પણ બજેટમાં પ્લાન કરવામાં આવ્યું છે, જોગવાઇ કરવામાં આવી છે એ બધી જોગવાઇઓનો સંપૂર્ણ રીતે ઉપયોગ થાય એના માટે

એક સેવા સેતુ કાર્યક્રમ જે લોકોના આંગણે જઇને જે ૧૦ ગામના કલસ્ટરમાં ગામના, દરેક ગામના એમાં સિનિયર સીટીઝનનો પ્રશ્ન હોય, મા વાત્સલ્ય કાર્ડનો પ્રશ્ન હોય, સ્કોલરશીપનો પ્રશ્ન હોય કે દિવ્યાંગોનો પ્રશ્ન હોય બધાના પ્રશ્નો ભેગા કરવામાં આવે અને પછી એનો ઉકેલ કરવામાં આવે અને પછી ત્રણથી પાંચમાં બધા અરજીકર્તાઓને એનો જવાબ આપવામાં આવે. ખરેખર સંવેદનશીલ સરકાર જ આ વાત કરી શકે. હીરાભાઇએ કીધું કે ૨૨ વર્ષથી સરકાર છે, ૨૨ વર્ષથી પ્રજા સરકારની સાથે છે અને એટલે જ સરકારે લોકોની સેવા માટે આ એક સુંદર સંકલ્પ પસંદ કર્યો છે. સેવા સેતુ કાર્યક્રમ એક એવો કાર્યક્રમ છે કે આપણે જો એ કાર્યક્રમમાં જઇએ, લોકોને સાંભળીએ, લોકોના પ્રશ્નો સોલ થતા જોઇએ તો ખરેખર આપણને એમ થાય કે આપણે લોકોની સેવા કરી રહ્યા છીએ. સામેના દરેક ભાઇઓને મારી વિનંતી છે કે આવા સેવા સેતુ કાર્યક્રમમાં જાય, લોકોની વેદના સાંભળે, લોકોને સોલ્યુશન આપવાનો પ્રયત્ન કરે તો કદાચ ૨૦૨૨માં એક આશાનું કિરણ જોવા મળશે. જે રીતે આપણે વિધવા સહાય અને એના ઘણા બધા લાભો મળે છે અને ગામડાંમાં કોઇને ખબર નથી હોતી ત્યારે આ સેવા સેતુનો જે રીતે પ્રચાર અને પ્રસાર થાય છે એના લીધે ઘણીબધી અરજીઓ આવે છે અને એનો એક દાખલો હું આપીશ કે તા.૫–૧૧–૨૦૧૬ થી તા. ૧૪–૨–૨૦૧૭ સુધીના ટુંકાગાળામાં યોજાયેલા ૨૮૦૦ જેટલા સેવા સેતુ કાર્યક્રમમાં ૨૮,૧૪,૦૦૦ સેવાઓ ઘરઆંગણે આપવામાં આવી છે. આમાં આવકના દાખલા ૩૧૫૦૦૦, રેશન કાર્ડના સુધારા ૨૫૩૦૦૦, આધાર કાર્ડની નોંધણી ૨૫૮૦૦૦, જાતિના પ્રમાણપત્રો ૯૯૦૦૦, જે સેવાઓ વિવિધ નાગરિકોને આપવામાં આવેલ છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે મુખ્યમંત્રી મા વાત્સલ્ય યોજના અને મા કાર્ડ માટે ૧૩૧૭૯૨ પરિવારોની રજૂઆત આવેલી છે અને એમને આ કાર્ડો આપવામાં આવ્યા છે અને આ પરિવારોને કેશલેસ સેવાનો લાભ મળશે એ આશીર્વાદરૂપ યોજના છે. સેવા સેતુની વ્યકિતલક્ષી રજૂઆતો પ્રાંત અધિકારીઓની અધ્યક્ષતામાં વિવિધ પ્રકારના ઓફિસરોની સામે કરવામાં આવે છે અને એમાં આવક, જાતિ, ક્રિમીલેયર, ડોમીસાઇલ, રેશનકાર્ડને લગતી અરજીઓ, રાજય સરકારના કૃષિ, પશુપાલન સહકારને લગતી યોજનાઓમાં જે કંઇ પણ મળવાપાત્ર લાભો હોય એ બધાનો સમાવેશ થાય છે. અરજદારે તાલુકા મથકે અથવા તો જિલ્લા મથકે જવું પડતું નથી, એના લીધે મુસાફરીનો ખર્ચ બચે છે અને ત્યાં ને ત્યાં કામનો નિકાલ થાય છે. સેવા સેતુ કાર્યક્રમમાં નિકાલ થયેલા પ્રશ્નોની ટકાવારી ૯૮ ટકા જેટલી છે. સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન જો કોઇ પ્રશ્નનો નિકાલ ન થાય અથવા તો એની વધુ વિચારણા માગી લે એવું હોય તો ૧૫ દિવસની અંદર ઘરમાં અરજદારને એનો જવાબ મળે છે. પુરતી જાહેરાતને હિસાબે આ સેવા સેતુ કાર્યક્રમ હજુ પણ વધુ સફળ થશે એની મને ચોકકસ ખાતરી છે અને આ કાર્યક્રમ સંપૂર્ણ રીતે ચાલુ રહેવો જ જોઇએ એવી મારી લાગણી અને માગણી છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, લાલજીભાઇ સેવા સેતુ કાર્યક્રમ જે લાવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. અત્યાર સુધી જે નાના મોટા પ્રશ્નો હતા. મને એવું હતું કે ખૂણામાં બેઠેલાને ખ્યાલ નહોતો. છેલ્લા ૫ ટર્મથી હું ચૂંટણી લડું છું. આ કાર્યક્રમમાં જઇ અતિ આનંદ થયો. આપણે બધાં નાનાં નાનાં કામથી જાહેર જીવનમાં આવતાં હોઇએ છીએ. કોઇ ગામનો સરપંચ હોય, તાલુકાનો સભ્ય હોય તો તેને નાના નાના પ્રશ્ન હલ કરવા માટે કાયમ માટે રાજકીય રીતે આગળ વધતા હોઇએ છીએ. હું વિજયભાઇને અને નીતિનભાઇને અભિનંદન આપું છું. મારા ૩૨ વર્ષના જાહેર જીવનમાં આવો પહેલો કાર્યક્રમ ભાજપની સરકારે આપ્યો તેથી અભિનંદન આપું છું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠને પણ ખૂબ ધ્યાન રાખ્યું. આમાં અમે કાર્ડ છપાવી અને જે તારીખે સેવા સેતુનો કાર્યક્રમ હોય ત્યારે કાર્ડ ઘરે ઘરે આપવા ગયા હતા. જે ગરીબ માણસ આવ્યા હતા એના માટે જમવાની વ્યવસ્થા પણ અમે રાખી હતી. મારા વિસ્તારમાં લગભગ એક જ જગ્યાએ નથી ગયો, બાકી બધે ગયો હતો. હું અધિકારીઓને અભિનંદન આપીશ કે મારા જાહેર જીવનમાં પહેલી વખત સવારના ૯ વાગ્યાથી રાતના ૮ વાગ્ય સુધી તેમને કામ કરતાં જોયા. હમણા મારા ભાઇઓ બધા કહેતા હતા. આ કાર્યક્રમના આધારે જેનું કોઇ નહોતું એની આ ભાજપની સરકાર હતી. ઘણા પ્રશ્નો આવ્યા, પણ નવી નવી યોજના આવી એટલે પ્રશ્ન આવે. કોઇને અરજી કરતા ન આવડતી હોય તો ત્યાં ને ત્યાં અરજી થઇ જાય. ખાતા ખોલવાની વાત હોય તો ત્યાં જ ખાતા ખૂલી જાય. આ બધી ૧૩ યોજનામાંથી ૫ તો નવી યોજના આવી. નવી યોજનાની માણસોને ખબર નહોતી. મા–કાર્ડ કાઢવાનું હોય તો ત્યાં જ નીકળી જાય. એટલે આવા બધા પ્રશ્નો હતા. એના આધારે મને લાગે છે કે આ ભાજપની સરકાર અને વિજયભાઇની અને નીતિનભાઇની સરકાર આ કાર્યક્રમ લાવ્યા તો મને લાગે છે કે કોંગ્રેસ મુક્ત સરકાર થશે. ૨૫ વર્ષના જાહેર જીવનમાં અમને અનુભવ છે કે જે મતદારોને ન જોયા હોય તેવા માણસો આવતા હતા. નિરાધાર હોય એને અરજી કરવાની ખબર ન પડે, તો તેની અરજી થઇ જાય અને એનું તરત જ પેન્શન ચાલુ થઇ જાય. રૅશન કાર્ડ જુદા કરવા હોય તો સાંજે તરત જ રૅશનકાર્ડ જુદા થઇ જાય. આવા ઘણા બધા પ્રશ્નોના ત્યાં જ નિકાલ થઇ જતા હોય છે. સામે બેઠેલા ધારાસભ્ય કહેતા હતા કે આ સરકાર મોડી જાગી. મોડી નથી જાગી. વહેલી જાગી છે. શું કામ વહેલી જાગી છે? જે પ્રશ્ન હતા અને જે પ્રશ્ન લઇને આવતા હતા તે ગરીબ માણસોને માનસિક રીતે ફોસલાવીને મત લેતા હતા તે માણસો હતા. અમારી સરકાર છેક ઝૂંપડા સુધી ગઇ છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં હું કોંગ્રેસના આગેવાનોને અમારા વિસ્તારમાં કહેતો હતો કે તમે આવો? પણ આવે ક્યાંથી? હમણા ઓચિંતા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત આવી ગઇ છે, તો ઉઘરાણામાંથી નવરા નથી થતા. કામ ક્યાંથી કરે. હકીકતમાં હું જાહેરમાં કહેવા માગું છું કે આ કાર્યક્રમ કાયમ માટે ચાલુ રાખવો જોઇએ. ૧૦૦ ટકા પ્રશ્ન હલ થઇ જાય ત્યાં સુધી આ કાર્યક્રમ ચાલુ રાખવો જોઇએ. જેથી કોંગ્રેસ મુક્ત થઇ જાય. ૧૦૦ ટકા થવાની. હું જોતો હોઉં. આપણે જેને જોયા પણ ન હોય તેવા મતદારોનાં કામ કરી દઇએ. એનું આપણે કામ કરીએ એટલે કહે કે ભલું થાય તમારું. અત્યાર સુધી આ માણસે કોને મત દીધા તે આપણને ખબર નથી.

ભ્રષ્ટાચાર તો સાવ નાબૂદ. કઇ નહિ. હમણા ધારાસભ્યશ્રી કહેતા હતા કે આમાં ખર્ચ થાય છે. એક રૂપિયાનું ખર્ચ નથી. પણ ૪ થી ૫ હજાર રૂપિયાનો ખર્ચ એ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જમણવારનો, ચા-પાણીનો ખર્ચ કરતા અને મહેમાનગતિ કરતા અને અમે ત્યાં ઊભા રહેતા હતા. આ કાર્યક્રમ કરવાથી ગરીબ માણસ જે દુઆ દે તે ભારતીય જનતા પાર્ટીને લાગશે અને ૨૦૧૭ માં ૧૦૦ ટકા વિજય થશે. ગમે તેવો મોટો માણસ હોય કારખાના વાળાને ૧૦૦ કરોડની લોન પાસ કરી દો અને નાના માણસને બી.પી.એલ.નું રૅશનકાર્ડ કરી દો. તો તેના માટે તે બંને વસ્તુ સરખી હોય. મેં એવા પ્રશ્નો મૂક્યા હતા કે બહેનોને પેન્શન ચાલુ થયું. નિરાધારનું પેન્શન ચાલુ થયું. રૅશનકાર્ડ ત્યાંને ત્યાં જુદા થઇ ગયા. આધારકાર્ડ થઇ ગયા અને બધા પ્રશ્નોનું તાત્કાલિક ત્યાંને ત્યાં નિકાલ થાય. એ કાર્યક્રમ પત્યા પછી તાલુકા લેવલે કમિટી રિવ્યૂ કરે અને ૧૦૦ ટકા રિઝલ્ટ આવે. રિવ્યુમાં ૧૦૦ ટકા રિઝલ્ટ આવે, ૯૮ ટકા રિઝલ્ટ આવે આ ન ભુતો ન ભવિષ્ય કહેવાય. આ કરવાથી મને એવું લાગે છે કે, ઉપરવાળો જોવાનો જ છે, હું ઘણી વાર કહું માતાજીના માંડવામાં ગયા હોય ને તો અમે એમ કહીએ કે તમે આપો કે ન આપો તમને માતાજી પહોંચશે. હું તો એમ કહું છું કે, ઉપરવાળો સો ટકા જુએ છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આ દેશમાં આવી એમ અહીંયા પણ ફરીવાર આવશે. હમણા ચાર દિવસ પહેલાના પરિણામ જુઓ, આ નરેન્દ્રભાઇની દૃષ્ટિ, આ વિજયભાઇની દૃષ્ટિ, આ નીતિનભાઇની દૃષ્ટિના આધારે આ ઝીણી ઝીણી બાબતો, આજે માનો કે અમે મોટા મોટા કામ તો કરતા જ હોઇએ, ઉદ્યોગના કામ કરતા હોઇએ, ડેમના કામો કરતા હોઇએ, રસ્તાના કામો કરતા હોઇએ, ખેડૂતોના કામો કરતા હોઇએ પણ નાના માણસને યાદ કરી અને જે આ યોજના લાવ્યા છે એ યોજના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે, આ ત્રણથી ચાર કાર્યક્રમ થશે, ત્રણથી ચાર રાઉન્ડ થશે તો સો ટકા પ્રશ્ન હલ થઇ જશે એવો પણ મને જાત અનુભવ છે, જાત અનુભવ એવો છે કે સાંજેને સાંજે નિકાલ. પછી વળી તાલુકા લેવલના પ્રશ્ન માટેની એક કમિટી કરી એના દ્વારા જલદી પ્રશ્નોનો નિકાલ આવે એવી વ્યવસ્થા કરવામાં આવી છે એના આધારે સરકાર જે પણ યોજના લાવી છે એ યોજનાનો પૂરેપૂરો લાભ મળશે. મા કાર્ડ કાઢ્યું, આ કાર્ડ લાભાર્થીએ કઢાવી નાંખ્યું હોય અને એના કુટુંબનો એક સભ્ય દવાખાનામાં દાખલ થયો હોય તો એને મા કાર્ડની જરૂરિયાત પડે છે અને મા કાર્ડ હોય તો એને આ સરકાર ૨.૫૦ લાખ રૂપિયા સુધીની સારવાર મફત આપે છે. માત્ર એક કાગળ લઇને જાય એના આધારે એને ૨.૫૦ લાખ રૂપિયા સુધીની સારવાર મળતી હોય છે. રેશન કર્ડ ઉપર ૨ રૂપિયે કિલો ઘઉં મળે છે, આ યોજનાનો લાભ ક્યારે મળે? યોજના સરકારે બનાવી પણ યોજનાનો લાભ ક્યારે મળે? એની પાસે કાંઇક આ◌ાધાર હોય તો એ યોજનાનો લાભ મળતો હોય છે. તો એ આધાર દેવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર આ સેવાસેતુ કાર્યક્રમ લાવી છે એ માટે સરકારને અભિનંદન આપુ છું. મને તો એ નવાઇ લાગે છે કે, વિજયભાઇને અને નીતિનભાઇને આ સૂઝ્યુ કેવી રીતે? ૩૫ વર્ષના જાહેર જીવનમાં અમને ન સૂઝ્યું એ માનનીય વિજયભાઇને અને નીતિનભાઇને સૂઝ્યું. આ જે કાર્યક્રમ લાવ્યા એ બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. "ભારત માતા કી જય" "વંદે માતરમ્"

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ગૃહના સભ્ય શ્રી લાલજીભાઇ કોળી પટેલ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સેવાસેતુ કાર્યક્રમ અંગે અહીં ઘણાં સભ્યશ્રીઓએ કહ્યું કે, આ કાર્યક્રમ પહેલી વખત આવ્યો છે. પહેલા તો ગ્રામસભામાં સરકારી અધિકારી જઇને લોકો પાસે પ્રશ્નો નોંધાવે છે કે, તમારા પ્રશ્નો અમને નોંધાવો આવતી ગ્રામસભામાં તમારા પ્રશ્નોનો નિકાલ કરીશું. ત્રીજી ગ્રામસભામાં લોકો જઇને પૂછે કે અમારા પ્રશ્નોનો નિકાલ થયો? એ અધિકારી આવે નહીં અને બિચારો સરપંચ ગાળો ખાઇ ખાઇને મરી જાય. લોકો પૂછે કે ગઇ સભામાં અમારા પ્રશ્નો નોંધાવ્યા હતા એનો નિકાલ કેમ નથી આવ્યો? ત્યાર પછી લોક દરબાર આવ્યા, લોક દરબારમાં પણ એની એ જ વાત, સરકાર પ્રજાના પ્રશ્નોનો નિકાલ કરવા જાય પણ એક પણ પ્રશ્નનો નિકાલ થતો નથી. ત્યાર પછી સરકાર પ્રજાના દ્વારે, મેં ક્યાંય જોયું નથી કે સરકાર પ્રજાની ઘરે ગઇ હોય કે પ્રજાના દ્વારે ગઇ હોય એવું. ૧૦-૧૫ ગામડાના જૂથ બનાવીને સરકારી અધિકારી જાય અને પ્રજાના પ્રશ્નોનો નિકાલ ત્યાંને ત્યાં કરવાના હોય એવી લોકો વચ્ચે વાત મૂકે. ક્યા પ્રશ્નો? તો માત્ર જાતિના દાખલા, રેશન કાર્ડના દાખલા, આધાર કાર્ડના દાખલા એ દાખલાઓ કાઢે છે એમાં તો પ્રશ્નોના નિકાલ કરવામાં આવે છે એવી વાતો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી કોંગ્રેસની સરકાર હતી તે વખતે આ પ્રશ્નો તો માત્ર અમારા કરમશી કાકા તલાટી હતા ત્યારે તલાટીના બારણે આવા પ્રશ્નોનો નિકાલ થતો હતો. એ કોંગ્રેસની સરકાર પછી ભારતીય જનતા પક્ષની સરકાર આવી તે વખતે ભાજપની સરકારમાં આવકનો દાખલો લેવા જવો હોય તો તાલુકા મથકે જવું પડે, જાતિનો દાખલો લેવા જવું હોય તો તાલુકા મથકે જવું પડે, જમીનનો ૭/૧૨, ૮(અ) નો દાખલો લેવો હોય તો જિલ્લા મથકે જવું પડે અને એ પ્રક્રિયામાં પ્રજા હેરાન હેરાન થઇ ગઇ હતી. એ કામ પહેલા તલાટી પોતાની ઓફિસમાં કરતો હતો. આજે જિલ્લાને તાલુકા મથકે ૧૦-૧૦ અને ૧૫-૧૫ રૂપિયા એક એક દાખલાના લઇને આ સરકારે પ્રજાને હેરાન કરી દીધી છે. એ અમારી કોંગ્રેસની સરકારમાં માત્રને માત્ર તલાટી પોતાના ગામમાં આ પ્રશ્નનો સીધો નિકાલ કરતી હતી. ત્યારબાદ આવ્યો લોકસંવાદ સેતુ, એમાં પણ પ્રજાનો હેતુ સર થયો નહિ અને છેલ્લે આ સરકાર લાવી સેવાસેતુ. સેવાસેતુમાં કયા પ્રશ્નનો નિકાલ થયો. મારા ડાંગ જિલ્લાની વાત કરું તો અમારા ડાંગ જિલ્લામાં ત્રણ તાલુકા છે. આહવા, વઘઇ અને સુબીર. આહવા તાલુકામાં ચાર સેવાસેતુઓ થયા છે. વઘઇ તાલુકામાં ત્રણ સેવાસેતુઓ થયા છે. સુબીર તાલુકામાં બે સેવાસેતુઓ થયા છે. બધા જ સેવા સેતુના કાર્યક્રમમાં કુલ મળીને ૧૮૬૮૭ પ્રશ્નો આવ્યા. એમાંથી ૧૮૪૬૨ પ્રશ્નોનો નિકાલ કર્યો એવું જણાવ્યું છે. આ સરકારના જે પણ શબ્દો છે એ શબ્દો સકારાત્મક અને હકારાત્મક.

સકારાત્મક એટલે શું પ્રશ્નનો નિકાલ થઇ જાય એટલે એનો નિકાલ કહેવાય. સકારાત્મક એટલે જે માણસ પોતાનો પ્રશ્ન લઇને આવે એનો નિકાલ નહિ થયો હોય પણ તો પણ સકારાત્મક શબ્દો આપીને એનો નિકાલ કરી દે. આ શબ્દોની માયાજાળ છે. મુળ વાત એ છે કે પ્રજાના પ્રશ્નોનો નિકાલ થતો નથી. એના દાખલારૂપે હું કહું તો આહવા તાલુકાના ગારમાળ ગામમાંથી એક તાનુભાઇ પવાર કરીને ભાઇ છે એમની પત્ની ગુમ થઇ છે એના માટેની અરજી આહવા તાલુકાના લોકસંવાદ સેતુના કાર્યક્રમમાં આપી હતી, એનો નિકાલ ન આવ્યો, એ જ વ્યક્તિએ ગલકુંડ ગામના લોકસંવાદ સેતુમાં અરજી મૂકી એનો પણ નિકાલ ન થયો. છેવટે એમણે સાપુતારા પોલીસ સ્ટેશનમાં જઇને એફ.આઇ.આર. કરવા માટેની અરજી આપી એ એફ.આઇ.આર. થઇ નહિ અને એમણે એમની પત્નીને શોધવા માટે અરજી આપી હતી એના બદલે એમના પોતાના ઉપર ગુનો દાખલ કરીને એમના ઉપર એફ.આઇ.આર. દાખલ થઇ છે. આ સેવાસેતુનું કામ. સેવાસેતુમાં નિકાલ કરવાનો નહિ. એ જ રીતે વઘઇ ગામના સેવાસેતુમાં જાતિનો દાખલો કાઢવા માટેનો પ્રશ્ન મૂકાયેલો. જાતિના દાખલામાં લીવીંગ સર્ટીફિકેટમાં કુણબી લખાયેલું હતું અને કુણબીના બદલે કણબી થઇ ગયેલું હતું, તે પ્રશ્નના નિકાલ માટે અરજી આપવામાં આવી હતી મામલતદારે એમને જવાબ આપ્યો કે હું આચાર્યને કહી દઉં છું કે આ ચલાવી લે, આચાર્ય ચલાવે નહિ એક કાના કે માત્રાની ભૂલ થયેલી હોય તો એના હિસાબે કેટલા ધક્કા ખાવા પડે એ પ્રજાના લોકો જાણે છે. માટે આ પ્રશ્નનો નિકાલ કરવો હોય તો પૂરેપૂરો નિકાલ કરો અને સેવાસેતુના કાર્યક્રમને સફળ બનાવો એવી આ સરકારને મારી વિનંતી સાથે મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાના શ્વાસે શ્વાસમાં જનસેવા એ જ પ્રભુસેવા વસેલું છે. આ તો બાવીસ વરસથી ચાલતી ભારતીય જનતા પાર્ટીની સેવા છે, પ્રજાને જ્યાં જ્યાં મુશ્કેલી પડે અને એની જ્યાં જ્યાં નજર પડે અને જ્યાં મુશ્કેલી દેખાય ત્યાં પ્રજાના પ્રશ્નો હલ કરવા માટે આ ભારતીય જનતા પાર્ટીની ચાહે કેન્દ્રમાં નરેન્દ્રભાઇ મોદીની સરકાર હોય કે અહીંયા વિજયભાઇ કે નીતિનભાઇની સરકાર હોય એ સોલ્વ કરવા માટે એ પ્રશ્નો પૂરા કરવા માટે કટિબદ્ધ છે. મજાક તો એની અહીંયા ખૂબ ઉડાવવામાં આવે છે, કહેવામાં આવે છે પણ પ્રજાએ કોઇ દિવસ ક્યાંય કોઇપણ જગ્યાએ, કોઇપણ આ સેવાસેતુના આ કેમ્પમાં આ યોજના વિશે અમને કંઇ મુશ્કેલી છે એવું ક્યાંય પ્રદર્શિત નથી કર્યું. કાંતિભાઇએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા ઉભાં હોય, આઠ દસ ગામના લોકો આવ્યા હોય. એમને જમાડતાં હોય, તેમના પ્રશ્નો એમની અરજીઓ પણ લખતાં હોય. માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાને કયાંક દલિત ભાઇ હોય, કયાંક ખેડૂત હોય, ખેતમજૂર હોય, આદિવાસી કયાંક ડુંગરે વસતો હોય એને બસમાં બેસી તાલુકા મથકે આવવું હોય તો પણ અઘરું પડે. જઇ અને કોઇને પૂછવું હોય તો પણ મુશ્કેલી પડે આવી નાની નાની મુશ્કેલીઓ સરકારમાં ધ્યાનમાં આવતાની સાથે જ આ સેવાસેતુનો સંકલ્પ આ સેવાસેતુ યોજના દ્વારા છેવાડાના માણસને સીધે સીધો તેને લાભ મળે તે માટેની આ યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરિવારમાં મા કાર્ડ કઢાવવું હોય, આધારકાર્ડ કઢાવવું હોય, ચૂંટણીમાં રેશનકાર્ડનું વિભાજન કરાવવું હોય તો આખા ઘરને જવું પડે. ઘરના પાંચ સભ્યો હોય તો એ પાંચ સભ્યોએ જઇ અને તેમની હાજરી ત્યાં બતાવવી પડે અને તેમાં જન સંપર્ક સેતુમાં તેની અરજી આપીને આખી વિધિ કરવી પડે. કયાંક મનની અંદર આ જે છેવાડાનો માણસ છે, વંચિત માણસ છે તેને તાલુકામાં જઇ આ બધી સેવા લેવામાં પણ કયાંક અને કયાંક મુશ્કેલીઓ પણ દૂર કરવાનુ કામ આ સરકારે કર્યુ છે. પ્રાંત અધિકારી બેઠા હોય ૮ થી ૧૩ જેટલા અધિકારીઓ બેઠા હોય, કયાંક બે ખાતા વચ્ચે, કયાંક નાની મોટી તકલીફ સંકલનના અભાવને કયાંક મુશ્કેલી હોય તો બધા અધિકારીઓ સાથે હોય તો એ માણસના પ્રશ્નનો નિકાલ આવે કે નહીં ? તરત જ નિકાલ આવી જાય અને તેની સાથે જ તેને વર્ષોથી ચાલતો પ્રશ્ન એના મનમાં હોય, તેને પડતી તકલીફ હોય તેનો ત્યાં અને ત્યાં નિકાલ આવે એવી આ ગોઠવણ જન સેવા દ્વારા થયેલી છે. હવે તો મને કહેતાં કોઇ સંકોચ નથી આગામી સમયની અંદર આ જે જન સેવા કેન્દ્ર છે હવે ગ્રામ સેવા કેન્દ્ર બનવા જઇ રહ્યાં છે. સાહેબ, મારે કહેવું પડશે મહેસાણાની અંદર કલેકટર અમારા પ્રાંત અધિકારીઓએ આગામી સમયમાં વિદ્યાર્થીઓને જન સંપર્ક સેવા સુધી આવવું ના પડે તેના માટે ત્યાં ગામડેથી જ આચાર્ય દાખલાઓ તૈયાર કરે, ડોમીસાઇલ હોય, કયાંક બીજા કોઇ દાખલા વિદ્યાર્થીઓને લગતાં હોય તે બધા દાખલાઓ ત્યાં અને ત્યાં નીકળી જાય, આચાર્ય તેની યાદી તૈયાર કરે અને ત્યાંથી જ બધાને દાખલા મળે તે પ્રમાણેની વ્યવસ્થા હવે થઇ રહી છે. આ જન સેવાનો જે સંકલ્પ આ ગુજરાતની સરકારે પ્રજા વચ્ચે મૂકયો છે આપણે તો અહીંયા ચર્ચા કરીએ છીએ અને જયારે ચર્ચા કરતા હોઇએ ત્યારે કયાંક નકારાત્મક તમે સૂચન કરો અને સૂચન કરીને તેમાં સુધારા અર્થે છેવટે તો તમે હો કે અમે હોઇએ આપણે લોકો માટે છીએ. સત્તા પક્ષ ઉપર અમે બેઠા છીએ તમે સામે બેઠા છો સૂચન કરો અને સૂચન કર્યા પછી સકારાત્મક સૂચન હશે કેવળ ટીકાઓ દ્વારા હમણાં કહ્યું કે, ૨૦–૨૨ વર્ષથી આવુ અને આવુ ચાલે છે. અને આવુ અને આવુ હજુ ૩૦ વર્ષ ચાલવાનું છે ભારતીય જનતા પાર્ટીની સરકાર જ રહેવાની છે. કારણ કે લોકોના મનમાં વસેલી આ સરકાર છે. લોકોના કામ દ્વારા કયાંક જે પણ કોઇ ફેંસલા લેવા હોય, કોઇ પણ નિર્ણયો લેવા હોય અને તે નિર્ણયોમાં પડતી મુશ્કેલીઓ એક સમય હતો કે પોલિયો નાબૂદ અભિયાન ચાલતું હતું આજે પણ લોકો બેસી રોટરી કલબવાળા હોય કે બીજા એનજીઓવાળા હોય આજે પણ ટીપાં પાઇ રહ્યાં છે કારણ કે ફરીથી પોલિયો થાય નહીં ફરીથી આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકારને આ કોંગ્રેસ અડી ના જાય તેના માટે આ પ્રજા બિલકુલ જાગૃત છે. (અંતરાય ) અમીતભાઇ, શાંતિ રાખો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડાક આંકડા આપવા છે. વારંવાર આંકડાની વાત થતી હતી ૩૩ જિલ્લામાં ૯૯.૭૦ ટકા અરજીઓનો હકારાત્મક, સકારાત્મક નહીં હકારાત્મક ઉકેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ બાકી છે.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૮ શાકે
બિન–સરકારી સંકલ્પ

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હકારાત્મકમાં કોઇ ફેર નથી કુલ ૨૮,૨૬,૬૦૫ ગુજરાતમાં અરજીઓ મળી છે. તેમાંથી ૨૮,૨૧,૪૭૯ અરજીઆનો ઉકેલ તરત જ થઇ ગયો છે. છેલ્લા ત્રણ ચાર મહિનાના અભિયાનમાં આટલા દાખલાઓ લોકો લેવા, મા કાર્ડ કઢાવવા જવા, મા વાત્સલ્ય કાર્ડ કઢાવવા જવા, આધાર કાર્ડ કઢાવવા જવાનું બાકી રહી ગયું હતું. આ અભિયાનથી આ બધુ કામ પૂરું થયુ છે. મારે મહેસાણા જિલ્લાની પણ વાત કરવી છે મહેસાણા જિલ્લામાં ૪૮ સેવાસેતુ યોજવામાં આવ્યાં અને ૬૦૮ ગામનાં પ્રજાજનોને સાંકળ્યા છે. કુલ અરજીઓ ૪૨,૪૨૨ આવેલ છે અને ૪૨૩૭૯ અરજીઓમાં લોકો સંતોષ સાથે ત્યાંથી વિદાય થયા છે. આ ટકવારી ૯૯.૯૦ ટકા થાય છે. ૧૦ તાલુકાઓમાંથી ૮ તાલુકાઓમાં ૧૦૦ ટકા અરજીઓનો સકારાત્મક અને હકારાત્મક નિકાલ આવ્યો છે.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી લાલજીભાઇ કોળી પટેલ જે સેવાસેતુ કાર્યક્રમનો સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સૌપ્રથમ તો હું આ ગૃહનું એક વાત કરીને ધ્યાન દોરું છું કે, ''વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે, પરદુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે''. જે રીતે આજે સેવાસેતુ કાર્યક્રમની અહીંયા ચર્ચા થઇ એમાં સરકાર ગમે તે હોય પણ સરકારનું મુખ્ય કામ હોય છે રાજ્યના વહીવટની પારદર્શકતા વધે અને પ્રજાની વ્યક્તિગતલક્ષી રજૂઆતોનો ઝડપથી નિકાલ આવે. એના માટે જો આ સેવાસેતુ કાર્યક્રમ લાવ્યા હોય અને વ્યક્તિગત અને પ્રજાલક્ષી પ્રશ્નનોનું નિરાકરણ થયુ હોય તો મને ખરેખર ખુશી થઇ પણ વાસ્તવિકતા શું છે? આ ગૃહની અંદર જ્યારે આપણે બેઠા હોઇએ ત્યારે હંમેશા એક શબ્દ ગુંજતો હોય છે. અમારી સરકાર નંબર વન છે. ગતિશીલ સરકાર છે. તમારી સરકાર જો ગતિશીલ હોય, તમારી સરકાર જો નંબર વન હોય તો જ્યારે સેવાસેતુ કાર્યક્રમની અંદર સ્થળ ઉપર હું મુલાકાત લેવા ગઇ ત્યારે સંખ્યાબંધ લોકોની અરજીઓ પડતર હતી. ક્યાંક આવકના દાખલા, ક્યાંક પેન્શન, ક્યાંક વિધવા સહાય, ભાઇઓ અને બહેનોની મોટી કતારો હતી. આ સરકાર દ્વારા એવું કોઇ આયોજન કરવામાં નહોતું આવ્યું કે, ઉંમરલાયક બહેનો માટે અલગ કતાર કરવામાં આવી હોય. મને જોઇને ખૂબ જ નવાઇ લાગી કે, કાર્યક્રમ પ્રજાલક્ષી હતો છતાં આ કાર્યક્રમ માટે જે પત્રિકાઓ છપાવવામાં આવી હતી એ પત્રિકાઓની અંદર ભારતીય જનતા પાર્ટીના સંગઠનના વ્યક્તિઓના નામ છાપવામાં આવ્યા હતા. આ બધો ખર્ચ કોના માથે નાખવામાં આવે છે. આ પૈસા પ્રજાના છે. કોઇના વ્યક્તિગત ખીસ્સાના પૈસા નથી. બીજું આ સેવાસેતુ કાર્યક્રમ ગામડે ગામડે જઇ લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટેનો કાર્યક્રમ સરકારે બનાવ્યો હોય તો વાસ્તવિકતા શું છે. શું કામ તમે એને રાજકીય રૂપ આપો છો. શું કામ ભારતીય જનતા પાર્ટીના લોકો કેસરીયા ખેસ પહેરીને ત્યાં બેઠા હોય છે. આ સરકારની વાહવાહ માટેનો આ કાર્યક્રમ છે. મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, આ હકીકત છે અને આ વાસ્તવિકતા છે કેમ કે મેં મુલાકાત લીધી છે. જ્યારે તમે અહીંયા વાત કરો છો કે અમારી સરકાર નંબર વન છે તો કેમ તમારી નંબર વન સરકારમાં આટલા બધા પ્રશ્નો છે. કેમ આ લાંબી કતારો તમારી નંબર વન સરકારમાં છે. કેમ આ પ્રશ્નોનો નિકાલ નથી થતો. ખરેખર શરમજનક વાત તો એ કહી શકાય કે રાજયપાલના પ્રવચનની અંદર ૨૬ ટકા જેટલી અરજીઓનો નિકાલ નથી થયો એવું લેખિતમાં કહેવામાં આવ્યું છે. મારે આપનું ખાસ ધ્યાન દોરવું છે કે, આવકના દાખલા, જાતિના દાખલા, ક્રિમીલેયર સર્ટીફીકિટ, વૃદ્ધ સહાય, વિધવા સહાય, આધાર કાર્ડ અને મા અમૃતમ કાર્ડ અને પેન્શન નિદાન કેમ્પ માટે તમે આ સેવાસેતુ કાર્યક્રમ યોજો છો ત્યારે ઘણા જિલ્લાની અંદર આવકના દાખલા માટે એફિડેવિટ લેવામાં આવે છે એમાં ઘણો બધો સમય વેડફાય છે અને ઘણો મોટો ખર્ચ થતો હોય છે તો એની પર તાકીદના પગલાં લેવા જોઇએ. સાથે સાથે મારે આપનું એ પણ ધ્યાન દોરવું છે કે, ૨૦ વર્ષની અંદર આ સરકારને સેવાસેતુ કાર્યક્રમ યોજવાની જરૂર ના જણાઇ અને છેલ્લા એક વર્ષમાં જ આ સરકાર જાગૃત કેમ બની છે. ગુજરાતમાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ આવી અને ભારતીય જનતા પાર્ટીનો સફાયો થયો. ક્યાંક પાટીદારોને ગોળીએ દીધા તો ક્યાંક બેફામ દારૂ વેચાયો જેના કારણે ઠાકોર સમાજ નારાજ થયો. ઉનાની અંદર દલિતકાંડ થયો પછી દલિતો નારાજ થયા. આ ભારતીય જનતા પાર્ટીના આગેવાન ગામડામાં જઇ શકતા ન હતા જેના કારણે એમણે અધિકારીઓનો ઉપયોગ કર્યો. અધિકારીઓના ઉપયોગથી સેવા સેતુનો કાર્યક્રમ યોજી અને ગામડામાં પગપેસારો કરવાનું એક આગોતરૂ આયોજન કર્યું. બીજુ, માનનીય અધ્યક્ષશ્રી આ ગતિશીલ સરકાર એમ કહેતી હોય કે, ૨૦૧૭ની અંદર અમારી સરકાર બનવાની છે તો હું આપને પ્રશ્ન પૂછવા માગું છું કે, કેમ ક્યાંક તમારૂં ટામેટાથી સ્વાગત થાય છે, કેમ ક્યાંક તમારું થાળી વેલણથી સ્વાગત થાય છે અને કેમ ક્યાંક તમારું જૂતાથી સ્વાગત થાય છે? તો ૨૦૧૭ની અંદર અમારી કોંગ્રેસની સરકાર બનશે અને અમે અધિકારીઓ જોડે કચેરીની અંદર જ પ્રજાના પ્રશ્નો ઉકેલીશું અને માનનીય સભ્યશ્રી લાલજીભાઇ કોળી પટેલ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું સમર્થન નથી આપતી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય લાલજીભાઇને સરકાર વતી ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. જે સરકારની શ્રેષ્ઠતમ કામગીરી, વહીવટી તંત્રીની શ્રેષ્ઠતમ કામગીરીની ચર્ચા આપણે સૌએ આ ગૃહમાં કરી છે એટલા માટે માનનીય લાલજીભાઇને સંકલ્પ રજૂ કરવા માટે અભિનંદન આપું છું અને બીજા અભિનંદન વહીવટી તંત્રને પણ આપું છું કે, આખા રાજયની અંદર જેવી રીતે ઉત્સવ હોય એવી રીતે વાતાવરણ ઉભું થયું. અધિકારીઓ પણ બહુ જ પ્રેમથી આખો દિવસ ભલે ૯ થી ૫ નો સમય હોય પણ જયાં સુધી જે રીતે મતદાન મથકમાં બધા મત આપી જાય ત્યાં સુધી ચાલુ રહેને એવી રીતે આ કાર્યક્રમમાં કોઇપણ અરજદાર બાકી હોય ત્યાં સુધી કાર્યક્રમ ચાલુ રહેતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હીરાભાઇ કહેતા હતા કે મને સમજાતું નથી,પણ પહેલાં સૂઝવું જોઇએ તો સમજાય. એના હું બે ઉપાય બતાવું છું. માનનીય હીરાભાઇએ જો સમજવું હોય તો કાં તો અહીં આવવું પડે અને ન સમજાય તો ડીસેમ્બર,

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

બિન–સરકારી સંકલ્પ

૨૦૧૭માં આપોઆપ સમજી જશે અને તમે તો ના સમજ્યા પણ તમારા પાર્ટનર સમજી ગયા છે. ઉમર અબદુલ્લા સમજી ગયા કે ત મે ૨૦૧૯ની ક્યાં વાત કરો છો, ૨૦૧૯ તો હવે ગયું તમારા હાથમાંથી. માનનીય હીરાભાઇ, ધરતી ખસીને એ તો કોની ખસી છે અને કોની ખસવાની છેને એ તો યુ.પી.માં ખબર પડી ગઇ. ઉત્તરાખંડમાં ખબર પડી ગઇ, ગોવામાં અને મણીપુરમાં પણ ખબર પડી ગઇ કે કોની ખુરસી ખસી? એટલે ઉમર અબદુલ્લા સમજી ગયા કે ૨૦૧૯ જવા દો અને ૨૦૨૪નું વિચારો. ૨૦૨૪નું વિચારો. માનનીય હીરાભાઇ, મેં તમને ઉપાય બતાવ્યો હવે તમારા હાથમાં છે કે અહીં આવવું છે કે કેમ? તમને સમજવા માટે ઉપાય બતાવ્યો છે અને બીજું, આ માત્ર હીરાભાઇ માટે નથી પણ સાગમટો છે. જેને સમજવું હોય એ અહીં આવી જાય અને જેટલા હાજર છે એટલા નહીં પણ ગેરહાજર છે એમને પણ કહી દઉં છું. અરે, અમારા મંગળભાઇ ગાવિત બિચારા ડાંગમાંથી આવે છે. મેં કહ્યુંને પહેલાં કે સૂઝવું જોઇએ, સમજવું જોઇએ અને સેવાસેતુ કાર્યક્રમમાં પત્ની ગુમ થઇ છે એ ન આવે. એ માટે તો તમારે પોલીસ સ્ટેશન જવું પડે. માનનીય પ્રદિપસિંહજી જાડેજાને કહેવું પડે કે, મારી પત્ની ગુમ થઇ છે તમે મને મેળવી આપો. તમારે ત્યાં જવું પડે. તમને પેટમાં દુઃખતું હોય અને માથાની દવા લો તો પેટમાં દુઃખતું ના મટે. બીજું, માનનીય મંગળભાઇએ કહ્યું એનો હું પોઝીટીવ જવાબ આપું છું કે કોઇ તાલુકામાં એક જ કાર્યક્રમ થયો છે એમણે કહ્યું કે એક તાલુકામાં બે કાર્યક્રમ થયા છે. તો વહીવટી તંત્રને સૂચના આપું છું કે, બીજા બધા તાલુકામાં જેવી રીતે બધા રાઉન્ડ થયા છે પ્રત્યેક આઠ દસ ગામ દીઠ પ્રત્યેક ૮–૧૦ ગામો દીઠ કલ્સ્ટર બનાવ્યા. અત્યાર સુધીમાં ચાર પાંચ રાઉન્ડ થયા છે.તેમ છતાં તમારા તાલુકામાં જો કોઇ કલ્સટર રહી ગયા હશે તો વહીવટીતંત્ર પૂરા કરશે.

મહાત્મા ગાંધીજીએ સરસ વાત કરી હતી પરંતુ કોંગ્રેસે એ ન માની અને ફકત ગાંધીજીનો ઉપયોગ જ કર્યો. ગાંધીજીએ એવું કહ્યું કે ચૂંટાયેલા પદાધિકારીઓ લોકો વચ્ચે જાય,અધિકારીઓ પણ લોકો વચ્ચે જાય પરંતુ કોંગ્રેસના શાસન વખતે આની સમજણ ન પડી. કોંગ્રેસના શાસનમાં કયારેય આવી સિસ્ટમ નહોતી, કયારેય કોઇ અધિકારી ગામડાંમાં ગયો જ નહિ. ગાંધીજીની વાત એકદમ સાચી હતી એટલે જ માનનીય નરેન્દ્રભાઇએ નક્કી કર્યું કે અને તેથી જ કૃષિ મહોત્સવ, પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા કાર્યક્રમો યોજ્યા. પદાધિકારીઓ અને અધિકારીઓને એ.સી. ચેમ્બર છોડીને ૪૫ ડીગ્રી તાપમાનમાં પણ કૃષિ મહોત્સવ વખતે ગામડે જવું પડે છે એ જ અમારી સફળતાનું રહસ્ય છે. પ્રશ્ન શું છે કે એ ગામડાંમાં જાય તો ખબર પડે કે રસ્તા નથી, પાણીની વ્યવસ્થા નથી જે કંઇ તકલીફો હોય તે ખબર પડે અને એનો નિકાલ થાય એ ગાંધીજીએ કહેલું એટલે અધિકારીઓ અને પદાધિકારીઓ ગામડાંમાં જાય તો ગામડાંનું કલ્યાણ થાય અને એના કારણોસર જ અમે ૨૦ વર્ષથી અહીંયા સત્તા પર છીએ અને એનુ કારણ પણ આજ છે.

અમારા બધા જ કાર્યક્રમો સફળ રહ્યા છે, લોક દરબાર, સેવા સેતુ હોય કે પ્રવેશોત્સવ હોય કે કૃષિ મહોત્સવ હોય આ બધા કાર્યક્રમો સફળ રહ્યા છે આ બધા કાર્યક્રમોમાં સેવા સેતુ એ સૌથી સર્વશ્રેષ્ઠ અને સફળ કાર્યક્રમ અમે કહીએ છીએ. એક લાખની કમાણી હોય અને ૫૦ હજાર રૂપિયા પેન્શન મળતું હોય એને પેલા ગરીબની હાલત શું છે એ એને ન સમજાય. આ એટલા માટે કરવું પડ્યું છે. રેશનકાર્ડ, મા અમૃત્તમ યોજનાના કાર્ડ લેવા માટે એ પોતાની રોજી રોટી છોડીને તાલુકા મથકે ગયો હોય અને કોઇ કારણોસર અધિકારી ન મળ્યા, કોઇ મિટિંગમાં ગયા, મંત્રીશ્રીએ બોલાવ્યા કે ગાંધીનગર ગયા હોય કે પછી વિઝિટે ગયા હોય અને લોકોને ધક્કા ખાવા ન પડે એમની લાગણી સમજીને સેવા સેતુ કાર્યક્રમ રાખીએ છીએ. વ્યક્તિના કામને સેવા સેતુ કાર્યક્રમ કહેવાય છે, સામૂહિક કામ નહિ. સફળતાના આંકડા જાહેરમાં મૂકું તો ખબર પડશે. માનનીય સભ્યશ્રી મંગળભાઇએ કહ્યું કે કાર્યક્રમ સારો છે પણ એને સફળ બનાવવા માટે વધારે કોશિશ કરવી જોઇએ. તમે સ્વીકારી લીધું કે આ કાર્યક્રમ સારો છે. લોકો હેરાન થાય એ બધાની હેરાનગતિ દૂર કરવાનો ઉત્તમ કાર્યક્રમ સ્થળ ઉપર વિના મૂલ્યે એક પણ પૈસાનો ખર્ચ નહિ, અને જયાં પત્રિકા બહાર પાડી હશે એ અમારા ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર પોતાના ખર્ચે બહાર પાડે છે. સરકારી ખર્ચે નહિ, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરને હરખ હોય કે મારી પાર્ટીની સરકાર છે એનો આ કાર્યક્રમ છે તેથી પાર્ટી પણ એમાં ખર્ચ કરે, એમાં મારુ નામ આવે, પત્રિકા બહાર પાડવામાં આવે તો એ એમાં એનો પણ પૂરો અધિકાર છે અને તમને પણ કહું કે આ સરકારી કાર્યક્રમ છે એમાં તમે જોડાજો. આની સફળતાના આંકડામાં જો કોઇને ડાઉટ હોય તો કહું તો ૯૯ ટકા, ૯૮.૫ ટકા એ જોઇને તમને ગમતુ નથી કારણ કે તમારા મતદારો અહીંયા આવીને રાજી થઇને જાય છે. એટલા માટે તમને ગમતું નથી. તમને જોઇને એમ થયું હોય કે આ તો બધો અમારો વર્ગ છે. થયું ને? તમને બીજી પણ સમજણ પાડું કે જયારે ગરીબ કલ્યાણ મેળા શરૂ થયા એ વખતે બધા લાભાર્થીઓ કોંગ્રેસના સમર્પિત મતદારો હતા. એમણે હાથોહાથ મદદ જોઇ. હાથોહાથ કીટ મળી. હાથોહાથ કેશ એન્ડ કાઇન્ડ મળ્યું. એમને એમ થયું કે આ તો કોંગ્રેસવાળા અત્યાર સુધી અમારી બનાવટ કરતા હતા. કોંગ્રેસવાળાએ તો હાથમાં ચાંદ બતાવ્યો. (અંતરાય) બધા બોલતા હતા ત્યારે અમે સાંભળ્યું હતું. બેન બોલતા હતા ત્યારે, ગામિત બોલતા હતા ત્યારે, હીરાભાઇ બોલતા હતા ત્યારે હું એકલો જ નહીં બધા સભ્યો શાંતિથી સાંભળતા હતા. અમિતભાઇ, આ વ્યાજબી નથી. ગ્રામ્ય કક્ષાએ ૯૯.૭૩ મતલબ કે ૧૦૦ ટકા. કોઇ અરજદાર આવે અને પાછો ન જાય અને હકારાત્મક અને સકારાત્મકમાં જેને જે મુશ્કેલી હોય, જે વ્યક્તિગત કાર્ડ મેળવવા માટે આવ્યો હોય, રેશન કાર્ડ, અમૃતમ કાર્ડ હોય, માં કાર્ડ હોય, વૃદ્ધ હોય, વિધવા હોય એ કાર્ડ મેળવવા માટે આવ્યો અને કાર્ડ મેળવીને ગયો એ હકારાત્મક છે. નગરપાલિકામાં ૯૮.૯૪ ટકા અને મહાનગરપાલિકામાં ૯૯.૩ ટકા. કુલ મળીને ૯૯.૫૮ ટકાની સફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પમાં અંતમાં માનનીય લાલજીભાઇએ હેલ્થ ચેકઅપ કેમ્પ, પશુ નિદાન કેમ્પ, એલ.ઇ.ડી. બલ્બ વિતરણ, જનધન યોજના, છોડ વિતરણ, આયુર્વેદનો કેમ્પ આ બધી બાબતોનું તેમના સંકલ્પમાં વર્ણન કર્યું

છે. હું ગૌરવ સાથે આ સંકલ્પનો સ્વીકાર કરું છું અને તેમાં આ સેવાના બધા કેમ્પો છે એ ઉપરના ૧૩ કે ૧૯ કામ છે એ ફરજીયાત પણ આ સેવાના કેમ્પો છે એ જયાં જરૂરિયાત અને જયાં અનુકૂળતા હશે ત્યાં આ સરકાર કરવા માટે વિચારણા કરશે. ફરી વખત આ ગૌરવવંતા ગૃહમાં માનનીય લાલજીભાઇ સરકારનો શ્રેષ્ઠતમ કાર્યક્રમ લઇને આવ્યા છે તેનો હું સ્વીકાર કરું છું.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : '' મોદીજી તમારી મે'ર અને આખા દેશને કરાવી દીધી લીલા લે'ર. હવે ભારતભરમાં કોંગ્રેસવાળા સમજી જાવ મારા વિરલા, નહીંતર નથી જો ને તમારી ખેર... હવે તો એ વિચારો મારા એ ભાઇલા...''

ઉપાધ્યક્ષશ્રી : લાલજીભાઇ પૂરું કરો.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : આ સરકારે મારો સંકલ્પ સ્વીકાર્યો તે બદલ સરકારનો અને જે સન્માનનીય ધારાસભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો તે બદલ હું સૌનો આભાર માનું છું.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૩૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૭ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે

સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મહેકમ.

* ૩૦૧૪૮ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ:૧ | ૦૨ |
| વર્ગ:૨ | ૬૫ |
| વર્ગ:૩ (વહીવટી) | ૩૧ |
| વર્ગ:૩(પેરામેડીકલ) | ૭૧ |
| વર્ગ:૩(નર્સીંગ) | ૪૫૮ |
| વર્ગ:૪ | ૨૫૭ |
| કુલ | ૮૮૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગ વાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે. અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, તેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાનો સમય | | |
|---|---|---|---|---|---|
| | | | ૦ થી ૧ વર્ષ | ૧ થી ૨ વર્ષ | ૨ વર્ષ થી વધુ |
| વર્ગ:૧ | ૦૧ | ૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| વર્ગ:૨ | ૨૯ | ૩૬ | ૦૫ | ૦૯ | ૨૨ |
| વર્ગ:૩ (વહીવટી) | ૨૯ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| વર્ગ:૩ (પેરામેડીકલ) | ૬૮ | ૦૩ | ૦૧ | ૧ | ૦૧ |
| વર્ગ:૩ (નર્સીંગ) | ૩૫૫ | ૧૦૩ | ૯૭ | ૦૦ | ૦૬ |
| વર્ગ:૪ | ૨૫૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૭૩૯ | ૧૪૫ | ૧૦૪ | ૧૧ | ૩૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકોટની હોસ્પિટલની પરમીશન આપવામાં આવી છે એ પ્રશ્નની ચર્ચા કરવાની છે, મુખ્યમંત્રી આ ગામના છે એની કરવાની છે?

અધ્યક્ષશ્રી : આપની વિવેકબુદ્ધિ પ્રમાણે જે પૂછવું છે એ પ્રમાણે જ આગળ વધવાનું.

શ્રી ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરૂ : સાહેબ, હોસ્પિટલની લોકોને એટલી બધી તકલીફ છે કે ત્યાં દવાઓ તો હોતી જ નથી. હું તમને લેખિતમાં સર્જનનો દાખલો, કઇ તારીખથી કઇ તારીખ સુધી કઇ દવા નહોતી એ મેં મેળવ્યો છે એ જોઇતો હશે તો આપીશ.

અધ્યક્ષશ્રી : આમાં દવા કયાંય આવતી જ નથી. મહેકમનો પ્રશ્ન છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : હોસ્પિટલની વાત છે.

અધ્યક્ષશ્રી : ના, નથી. પૂરું વાંચો. ગુજરાતી ભાષામાં વાંચો. ગુજરાતી ભાષામાં વાંચી લો, આમાં કયાંય દવા આવતી નથી.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : તો ડોકટરો પણ નથી સાહેબ.

અધ્યક્ષશ્રી : ના, જી ના. અંદર મહેકમ છે. મહેકમ પૂરતી જ વાત કરો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : ડોકટરો ના હોય, દવા ના હોય અને મહેકમમાં પણ સાહેબ સ્ટાફ કેટલો...

અધ્યક્ષશ્રી : ઇન્દ્રનિલભાઇ, તમે જે પ્રશ્ન પૂછો છો એ પ્રશ્ન ઉપર આવી જાવ. પ્લીઝ, મારી વિનંતી છે તમને.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : સાહેબ, ખાલી જગ્યાઓ કેટલી બધી છે. આ બધી જગ્યા ખાલી છે ડોકટરોની ખાલી રહે, મહેકમની જગ્યા ખાલી રહે, દવાઓ ખાલી રહે, આ બધું ખાલી રહે પછી ત્યાં હોસ્પિટલનો અર્થ શું છે એ મારો પ્રશ્ન છે અને હવે આ બધું ત્યાં કાયમી મળતું રહેશે કે નહીં? આજે હું શાંતિથી પતાવી દઉ છું. નીતિનભાઇ આવી ગયા છે. ગઇ કાલે નહોતા.

અધ્યક્ષશ્રી : ના, ના, આમાં પતાવવાવાળું છે નહીં, તમારે જે પ્રશ્ન પૂછવો હોય તમામ સભ્યશ્રીઓને છૂટ છે. આપ જે આપને ઠીક લાગે એ પૂછી શકો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : મારો સીધો સાદો પ્રશ્ન એ છે કે બાકીનું મહેકમ અને જો શકય હોય તો ડોકટરોની જગ્યા અને દવાઓ કયારે કાયમ માટે ઉપલબ્ધ રહેશે એ મંત્રીશ્રી મને જણાવે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સારી ખુબ સારી વ્યવસ્થા આપતી સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓને મદદ કરતી હોસ્પિટલ છે. ૮૫૦ બેડની સુવિધાવાળી હોસ્પિટલ છે. તેની અંદર ૩૫ વોર્ડ અને ૨૪ વિભાગ છે. સિવિલ હોસ્પિટલનું ટોટલ મહેકમ છે એમાં આ હોસ્પિટલ અને એને સંલગ્ન ૭ હોસ્પિટલ આ બંનેનું સંલગ્ન જોઇએ તો ૭૩૯ જગ્યાઓ ભરાયેલી છે. એની અંદર તબીબોની જે જગ્યા છે એ ૧૪૫ જેટલી જગ્યાઓ છે જેમાં કલીનીકનું કામ કરતા ૨૧૨ તબીબો, એ સિવાય રેસીડેન્ટ ૧૭૯ એટલે ટોટલ મળીને લગભગ સારવાર આપવા માટે ડોકટરો હોસ્પિટલ અને કોલેજ એ બંન્નેના થઇને લગભગ ૫૦૦ જેટલા ડોકટરો ત્યાં ટ્રીટમેંટ કરવાનું કામ આજે પણ કરી રહ્યા છે. માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન જે પૂછયો એ સ્પેસીફીક પૂછયો અને એની અંદર શું પૂછયું કે વર્ગ–૨ના ટોટલ કર્મચારીઓ, માત્ર ડોકટરો નહીં ટોટલ કર્મચારીઓની પણ જગ્યા, વર્ગ–૨માં જોઇએ તો ૨૧૨ જેટલો એકસ્ટ્રા સ્ટાફ પણ ત્યાં કામ કરી રહ્યો છે. દવા માટેની પણ કોઇ મુશ્કેલી નથી. ટોટલ ઓ.પી.ડી. આપણે ગયા વર્ષની જોઇશું તો છેલ્લા એક વર્ષમાં ૧૧,૯૩,૦૦૦ લોકો રાજકોટ હોસ્પિટલમાં એડમીટ થયા છે અને ઇન્ડોર દર્દીઓ કહેવાય એ ૨,૮૬,૦૦૦ દર્દીઓએ સારવાર લીધી છે. ત્યાં આગળ ૭,૨૬૩ ડીલીવરી, મેજર ઓપરેશન ૧૨,૪૫૨ થયા. માઇનોર ઓપરેશન ૧૯,૦૭૨ થયા. લેબ ટેસ્ટ ૧૨,૭૮,૦૦૦ જેટલા થયા છે. ઓપ્થલ્મીકની અંદર જયારે કોઇ દર્દી ડોકટર પાસે જઇને વાત કરે છે કે હું જયાં પણ જોઉ ત્યાં મને કાળું દેખાય છે એટલે ડોકટરે એમને કીધું કે કયાં દેખાય છે? તો કહે કે હું મારા બાપા સામે જોઉ, તો કાળો દાગ દેખાય.મારા પત્ની સામે જોવું તો કાળો દાગ દેખાય છે, મારા દીકરા સામે જોઉં તો કાળો દાગ દેખાય છે. ડોકટર હોંશિયાર હતા. એમણે કહ્યું કે એમના કોઇના મોઢા ઉપર દાગ નથી પણ તમારા ચશ્મા ઉપર કાળો દાગ છે. એટલે આટલું સુધારી લે તો બધું ઠીક થઇ જશે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ સિવિલ હોસ્પિટલને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ તરીકે વિકસાવવાનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ગુજરાત સતત પ્રગતિ કરી રહ્યું છે તેમાં બાકીનાને શું દેખાય છે, કેવા ચશ્મા પહેરેલા છે એ કહેવું નથી. આ બાબત જોશે અને ચશ્મા સાફ કરશે તો કલીન દેખાશે. રાજકોટ અંગે ત્યાં બેસીને કોમેન્ટ કરવાની, મુખ્યમંત્રીશ્રીનો પ્રશ્ન ન આવતો હોય તો પણ નામ લેવાનું. જોન્ડીસના કિસ્સામાં બધું પીળું લાગે પરંતુ ખરેખર બધું પીળું હોતું નથી, માત્ર પિળિયો થયેલ હોય છે. હું માનું છું કે જ્યાં જોઇએ ત્યાં આ પ્રકારનું દેખાતું હોય ત્યાં જોન્ડીસની મેડિસિન લેશે તો બાકીનું બધું સારું દેખાવાનું. રાજકોટની હોસ્પિટલ સિવાય ત્યાં કુંવરબાઇ હોસ્પિટલ સરસ ચાલે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે ભારત સરકારમાંથી પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત માનનીય ધારાસભ્યશ્રી ભાનુબેને વાત કરી તે પ્રમાણે રાજકોટ હોસ્પિટલને સુપર સ્પેશિયાલિટી તરીકે ડેવલપ કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં ૨૦૦ કરોડ જેટલું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨૦ કરોડનું અનુદાન કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવશે અને ૮૦ કરોડ રાજ્ય સરકાર આપશે. ૧૦૦ કરોડ રૂપિયા અતિ આધુનિક ઉપકરણો વસાવવા પાછળ અને એ સિવાય ૪૫ જેટલા આઇ.સી.યુ., ૧૨ જેટલા ઓપરેશન થિયેટર અને ઇન્ડોર પેશન્ટો માટે અતિ આધુનિક સુવિધાઓ સાથે કિડની, હાર્ટ અને મગજના જ્ઞાનના તંતુઓની સારવાર મળી રહેશે. આ બધી સારવાર સાથેની એક અતિ આધુનિક કહી શકાય તે પ્રમાણેની એક હોસ્પિટલ રાજકોટમાં આપણે મંજૂર કરી છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ સિવિલ હોસ્પિટલ એ સમગ્ર સૌરાષ્ટ્રનું હાર્ટ છે. હમણાં ધારાસભ્યશ્રી જે વાત કરતા હતા એ ખોટી વાત છે. મોરબીમાં જો સારવાર મળી શકે તેમ ન હોય તો રાજકોટ જતા હોઇએ છીએ. જેમ અમદાવાદની સિવિલ હોસ્પિટલ છે એમ સૌરાષ્ટ્રની સારામાં સારી હોસ્પિટલ છે. આ હોસ્પિટલ થકી લોકોને વધારેમાં વધારે સુવિધાઓ અપાય તે માટે આ હોસ્પિટલમાં શું શું સુધારાઓ કરવા માગો છો?

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : રાજકોટ હોસ્પિટલની સાથે કુંવરબાઇ હોસ્પિટલ એ ત્યાંની એક સારી હોસ્પિટલ છે. જગ્યાની વાત કરી એમાં ૧૫ જગ્યા વર્ગ–૧ની છે એમાંથી ૧૨ જગ્યા ભરેલી છે. વર્ગ–૨ની ૯ જગ્યા છે એ ૯ ભરાયેલ છે. વર્ગ–૩ની ૬૦ જગ્યાઓમાંથી ૪૯ ભરાયેલ છે. આમ, કુલ ૮૪ માંથી ૭૦ જગ્યાઓ ભરાયેલ છે. ઓ.પી.ડી.માં કુલ ૨ લાખ ૬૨ હજાર, ઈન્ડોર ૫૨ હજાર, ડિલિવરી ૨,૩૪૨, મેજર ઓપરેશન ૮૦૭, લેબ ટેસ્ટ ૨ લાખ ૨૩ હજાર અને માઈનોર ઓપરેશન ૧,૮૯૯ એટલે પૂર્ણ સુવિધાઓ આ બે હોસ્પિટલોમાં તો છે જ. એ સિવાય સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ પણ રાજકોટમાં ચાલુ થશે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સિવિલ હોસ્પિટલ રાજકોટ સંલગ્ન જે મેડિકલ કોલેજ છે એ દર્દીઓને સારવાર આપવા સાથે તબીબી શિક્ષણ સંવર્ગના કેટલા તબીબો ઉપલબ્ધ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : હોસ્પિટલમાં જે મહેકમ હોય એ તાજેતરમાં જ મેં વાત કરી કે નવી ૫૫ જેટલી નર્સિંગની જગ્યાઓ આ પહેલા મહિનામાં ચાલુ કરી. તબીબોની વ્યવસ્થા છે પણ માનનીય સભ્યશ્રીએ સંલગ્ન હોસ્પિટલના સ્ટાફના મહેકમની વાત કરી છે. આ અંગે જણાવીશ કે તજજ્ઞ તબીબો ૧૬૨ છે. વર્ગ–૨ ના ૫૦ અને પી.જી. કરતા એમ.બી.બી.એસ. ડોકટર હોય એ ૨૦૩ છે. અને એમ.બી.બી.એસ. પછી તાલીમના ભાગરૂપે ફરજ બજાવતા હોય તેવા ૯૦ એટલે કુલ મળીને ૫૦૫ મેડિકલ હોસ્પિટલ સંલગ્ન આ હોસ્પિટલની અંદર પોતાની ડ્યુટી બજાવી રહ્યાં છે.

### જુનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ

* ૨૯૯૪૮ શ્રી અરવિંદભાઇ લાડાણી (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) ૩૮ |
| (૨) ઉક્ત કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે અને તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યા ખાલી છે, અને | (૨) ઉક્ત કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કુલ–૩૮ જગ્યા મંજુર થયેલ છે. અને તે પૈકી ઉક્ત સ્થિતિએ ૧(એક) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૧(એક) તબીબી અધિકારી વર્ગ–૨ની જગ્યા ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ શું પગલા લેવામાં આવેલ છે ? | (૩) ઉક્ત ખાલી જગ્યા પર તબીબી અધિકારી વર્ગ–૨ને નિમણૂંક આપી ભરી દેવામાં આવેલ છે. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, તમારું હૃદય ભગવાનને સોંપી દો (અંતરાય) અધ્યક્ષશ્રી : તો બંધ કરી દઇએ આપણે જરૂરી નથી.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : અને હાથ સમાજને આપી દો. પછી જે પરિણામ આવશે એ સાચા અર્થમાં માનવ સેવા જ હશે. આ માનવ સેવા કરતી અમારી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નીતિનભાઇ પટેલ સાહેબની સરકારને અને આરોગ્ય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગુ છું કે, આ ગુજરાતની અંદર વર્ગ–૨ ના તબીબી ડૉકટરોની કેટલી ભરતી કરવામાં આવી અને મારા જૂનાગઢ જિલ્લાની અંદર વર્ગ–૨ ના તબીબોની કેટલી નિમણૂક કરવામાં આવી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૨ ની મેં અગાઉ પણ વાત કરી હતી કે આ વિજયભાઇ રૂપાણી સરકારે ઈનીસિએટીવ લઇને રાજ્યની તમામ હોસ્પિટલો સુધી વર્ગ–૨ ના એમ.બી.બી.એસ. ડૉક્ટરો પહોંચે તે પ્રમાણેનું એક અભિયાન હાથ ઉપર લીધું તેના ભાગરૂપે છેલ્લા ૨ વર્ષમાં ૧૬૩૭ તબીબોની નવી ભરતી કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૫ની અંદર ૨૧ અને વર્ષ ૨૦૧૬ની અંદર ૮ એમ મળીને કુલ ૨૯ નવા તબીબોની નિમણૂક કરવામાં આવી છે અને હમણાં તાજેતરની અંદર જે નવા વર્ષની અંદર ૨૯૫ એટલે આ ૩ મહિનાની અંદર જે નવા ભરતી કરવામાં આવ્યા તે અંતર્ગત પણ વર્ગ–૨ ની ત્યાં આગળ ૨ જગ્યાઓ મૂકવામાં આવી છે.

શ્રી ગોવિંદભાઇ વ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. માનનીય વિજયભાઇ અને નીતિનભાઇ જે અગાઉ નીતિનભાઇ આ ખાતું સંભાળતા હતા. મારા મત વિસ્તારની અંદર ૯ પી.એચ.સી. મંજૂર કરેલા છે એ ૯ આરોગ્ય કેન્દ્ર પછાત વિસ્તારમાં હોવાના કારણે ખૂબ લોકો સારવાર લે છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ એક વર્ષમાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે અને છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોએ સારવાર લીધી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લો છેવાડાનો જિલ્લો છે ત્યાં રાજ્ય સરકારે વિશેષ ધ્યાન આપીને ટોટલી જે જરૂરિયાત ૩૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે એ જન સંખ્યાના આધાર ઉપર, જી.પી.એસ. મેપના આધાર ઉપર ત્યાં નક્કી થતું હોય છે. ૩૩ જેટલા પી.એચ.સી.ની ત્યાં જરૂરિયાત છે તેની સામે જૂનાગઢ જિલ્લામાં ૩૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો રાજ્ય સરકારે મંજૂર કરેલા છે. જે જરૂરિયાત નિયમ પ્રમાણેની છે તેના કરતા પાંચ જેટલા નવા વધારે છે. એટલે ટોટલ ૩૩ ની સામે ૩૮ એટલે ૫ ની ત્યાં આગળ વધ છે એટલે ઘટ એક પણ નથી એટલે માનનીય ધારાસભ્યશ્રી એમાં ખુશી વ્યક્ત કરે એ

સ્વાભાવિક છે. દર્દીઓની વાત છે ત્યાં સુધી છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની અંદર ૫ લાખ ૩૮ હજાર જેટલા દર્દીઓએ સારવાર લીધી છે, ઇનડોર ૮૧૦૨ અને ડિલિવરી આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની અંદર ૫૮૮ જેટલી થઇ છે. લેબમાં ત્યાં આગળ નાના મોટા ટેસ્ટ કરવામાં આવતા હોય છે એ ૪ લાખ ૩૧ હજાર જેટલા છે એટલે ખૂબ સારી રીતે ત્યાં આગળ કામ ચાલી રહ્યું છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અંતરિયાળ વિસ્તારમાં જ્યારે આ ડૉક્ટરો ના હોવાનું કારણ ૨-૨ કરોડ રૂપિયા વાપરીને આવે અને એને પગાર ઓછો દેવામાં આવે એટલે સ્વાભાવિક છે કે સાહેબે કહ્યું એમ હાજર કરી દઇએ. હાજર કરીને થોડા સમયમાં જ ચાલ્યાં જાય છે તો આના માટે ગામડાંના વિસ્તારમાં જે ડૉક્ટરને તમે મૂકો એનો પગાર વધારવા માગો છો કે કેમ? અને આમ છતાં પણ આ જગ્યાઓ ઉપર બી.એ.એમ.એસ. ડૉક્ટર મૂકવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાની અંદર ટોટલ આડત્રીસ વર્ગ-૨ની એટલે એમ.બી.બી.એસ. ડોકટરોની જગ્યાઓ છે અને આડત્રીસે આડત્રીસ જગ્યાઓ ભરાયેલી છે. હું અહીંયા રેકોર્ડ ઉપરથી અત્યારે રાજ્યના આરોગ્ય મંત્રી તરીકે કહી રહ્યો છું કે, પી.એચ.સી.માં આડત્રીસે આડત્રીસ ભરાયેલી છે. જ્યાં એમણે વાત કરી કે, બીજા ડોકટરો તો આયુર્વેદ કે પેલા, તો એ પણ ત્યાં ભરાયેલા છે. છતાં પણ રાજ્ય સરકારે એક નીતિ હમણાં અખત્યાર કરી છે કે, છેવાડાનો વિસ્તાર હોય અને ત્યાં જો ડોકટરની જગ્યાએ ઉમેદવારો વર્ષો સુધી જો ન મળતા હોય તો એના માટે વધારે પગાર આપીને પણ એ છેવાડાના માણસ સુધી ડોકટર જાય અને ત્યાં પણ એને સારવાર મળી રહે એવી વ્યવસ્થા કરી છે. તાજેતરની અંદર જ જી.પી.એસ.સી. દ્વારા નવા ડોકટરોની નિમણૂક થવાની છે એટલે એક પણ જગ્યાએ કોઇ પી.એચ.સી. ડોકટર વિનાનું ન રહે એવી આ નીતિ છે રાજ્ય સરકારની, એમાં વધારે બળ મળશે.

રાજ્ય સરકારની કેન્દ્રીય વેચાણવેરા પેટે લેવાની રકમ

* ૩૦૩૩૫ શ્રી શૈલેષભાઇ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકારને કેન્દ્રીય વેચાણવેરાના દર પેટે કેટલી રકમ વર્ષવાર લેણાં પેટે નિકળે છે, | (૧) કોઈ રકમ લેણી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી વર્ષવાર કેટલી રકમ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવવામાં આવી અને ઉક્ત પેટે કેટલી રકમ બાકી છે, અને<br>(૩) ઉક્ત બાકી રહેલ રકમ ફળવાય તે માટે રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) અને (૩)<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કારણ કે, જવાબ આવી ગયો છે. મંત્રીશ્રી જવાબ આપવા માગે તો છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર પાસેથી વેચાણ વેરા પેટે કેટલા નાણાં આપણને મળ્યા અને છેલ્લે એની આપવાની પ્રક્રિયા જે છે અને કઇ રીતે આપવામાં આવે છે? એટલું જ કહેશે તો ચાલશે.

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્ન ફક્ત બે વર્ષના ટ્રાન્જેક્શન પૂરતો જ છે પણ છેલ્લા બે વર્ષમાં કેટલા લેણાં મળ્યા, ઇટ બિલોન્ગ્સ ટુ પ્રિવિયશ ઇયર્સ, બીફોર ટૂ ઇયર્સ. એટલે એના માટે મારે આપને જવાબ આપવાનો થાય છે. ૨૦૧૦-૧૧ના જે લેણાં હતા એ પૈકી ૧,૧૫૪.૯૫ કરોડ મળ્યા, ૨૦૧૧-૧૨ના લેણાં પૈકી ૯૨૪.૫૯ કરોડ મળ્યા અને ૨૦૧૨-૧૩ના લેતાં પૈકી ૧૪૮.૦૩ કરોડ મળ્યા. ટોટલ ૨૨૨૭.૫૭ કરોડ લેણાં હતા ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ના પરંતુ મળ્યા ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો ૨૦૧૧થી જે નાણાં મળવાના હતા એ ૨૦૧૫-૧૬એ મળ્યા. આપણે ઘણી વખત કહેતા હોઇએ છીએ કે, ગુજરાતમાં આપણી સરકાર, કેન્દ્રમાં આપણી સરકાર અને પૈસા, જો ૧૭ દિવસની અંદર જો આપણે દરવાજા લાવી શકતા હોઇએ તો ઝડપી નાણાં મળ્યા હોત તો ગુજરાતને કામ આવ્યા હોત. માનનીય મંત્રીશ્રીને પુછવા માગુ છું કે, જે લેઇટ નાણાં મળ્યા છે એનું વ્યાજ આપણને મળ્યું કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય બલવંતસિંહજીનો આભાર માનું છું કે, એમણે આ પ્રશ્ન પૂછ્યો અને મને વિગતો આપવાની તક મળી. બાકી શ્રી શૈલેષભાઇએ હોશિયારીપૂર્વક છોડી દીધો હતો એ સારું હતું પણ તમે આ પૂછ્યું છે. તો આપણે બધા જાણીએ છીએ તેમ પહેલા અગાઉ સી.એસ.ટી.ની આખા દેશમાં વ્યવસ્થા હતી. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ જાય તો એનો સી.એસ.ટી. આપણે લેતા હતા. અગાઉ સી.એસ.ટી. ૪ ટકા હતો પછી ભારત સરકારે એમાં ઘટાડો કરીને ૩ ટકા કર્યો પછી ૨૦૦૮માં ૩ ટકામાંથી ઘટાડો કરીને ૨ ટકા કર્યો, આ બધું યુ.પી.એ. સરકાર વખતનું શાસન

હતું. રાજ્યોની આવકો આપણા ગુજરાત જેવા મેન્યુફેક્ચરીંગ સ્ટેટ એની મોટી આવક આપણી સી.એસ.ટી.માં હતી પણ ભારત સરકારે એ વખતે એવો નિર્ણય કર્યો કે, આ સી.એસ.ટી. કાયદાને ધીમે ધીમે આપણે રદ કરવો છે. એટલે એ વખતે આપણી સરકાર તરફથી સતત લડત આપી હતી કેન્દ્ર સરકારને કે, તમે અમારી આવકો ઉપર આવી રીતે કાપ ન મૂકી શકો. આપણી લડત અને બીજા રાજ્યોની લડત પછી ભારત સરકારે એવી ફોર્મ્યુલા નક્કી કરી કે, જે રાજ્યોને સી.એસ.ટી. રદ થવાના કારણે જેટલુ નુકસાન થાય એટલું નુકસાન ભારત સરકાર ભરી આપશે, આપણને સરભર કરી આપશે, આપણને એની ગ્રાન્ટ આપશે. એટલે ૪ ટકાના ૩ ટકા થયા તો એની રકમ પરાણે પરાણે મળતી હતી. ૩ ટકાના ૨ ટકા થયા એટલે ડબલ નુકસાન થયું એની પણ પરાણે આવકો મળતી થઇ આ બધું જ જયારે ચાલતું હતું ત્યારે સો ટકા ત્યાં આગળ કેન્દ્રમાં આખા દેશના આપણે જાણીએ છીએ એ પ્રમાણે યુ.પી.એ. ની સરકાર હતી. આપણા ગુજરાતના બાકી લેણા લેવા માટે આપણે વારંવાર ઉઘરાણી કરતા હતા, પત્રો લખતા હતા, મિટિંગોમાં રજૂઆત કરતા હતા પણ કમનસીબે એ વખતે કેન્દ્રની યુ.પી.એ.ની સરકાર, નાણામંત્રીશ્રી ચિદમ્બરમને પણ આપણે રજૂઆત કરેલી, મનમોહનસિંહજી વડાપ્રધાનને પણ આપણે રજૂઆત કરેલી પણ રકમો નહોતી મળતી. હવે જે મુખ્ય પ્રશ્ન માનનીય બલવંતસિંહજીએ કહ્યો, મે-૨૦૧૪માં ભારતીય જનતા પક્ષની નરેન્દ્રભાઇ મોદીસાહેબના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર આવી અને એ પછી જે રકમો બાકી હતી પહેલા આપણને નહોતા આપતા, ટટળાવતા હતા, રખડાવતા હતા એ રકમો આપણે જે હકકપૂર્વક અને વટથી લીધી. પહેલી રકમ આપણને મળી ૫૭૭,૪૮,૦૦,૦૦૦ રૂપિયા તા. ૩૧-૩-૧૫ એટલે મોદી સાહેબની સરકાર બન્યા પછી (અંતરાય) પહેલા તો તમે તો આપતા જ નહોતા. આ તો તમારું દેવું અમે ચૂકવીએ છીએ. તમે તો મારાથી બોલાય નહીં એવું વર્તન કરતા હતા કેન્દ્રની કોંગ્રેસ સરકારને ગુજરાત તો આંખમાં કણાની જેમ ખૂંચતુ હતુ અને ગુજરાતની વાત આવે અને બધા અન્યાય કરતા હતા, અનેક જગ્યાએ અન્યાય કર્યો હતો (અંતરાય) સાંભળો, સાંભળો, બલવંતભાઇ સાંભળો, ગુજરાતમાં આવ્યું છે તમે દલીલ ના કરશો. એ પછી બીજો હપ્તો બાકી હતો ૫૭૭,૪૭,૦૦,૦૦૦ રૂપિયા ૩૧-૫ એ આપ્યા. પછી ૪૬૨,૩૦,૦૦,૦૦૦ રૂપિયા ૨૦-૮ ના રોજ આપ્યા. બીજા ૪૬૨,૨૯,૦૦,૦૦૦ રૂપિયા ૨૩-૩ ના રોજ આપ્યા. આમ ૨૦૧૫-૧૬માં ૧૫૦૨ કરોડ રૂપિયા જે આપણા અગાઉના બાકી લેણા નીકળતા હતા એ કેન્દ્ર સરકાર નહોતી આપતી. માગણી કરી કરીને થાકી ગયા હતા. એ ભા.જ.પ.ની સરકાર દિલ્હીમાં આવી એટલે આપણને ગુજરાતને આ રકમ મળી અને હમણા છેલ્લો હપ્તો જે બાકી રહેતુ હતુ ૧૪૮,૦૩,૦૦,૦૦૦ રૂપિયા તા.૧૨-૭-૧૬ ના રોજ મળ્યા છે એટલે અગાઉનું જુનું તમારું દેવું એ ભા.જ.પ.ની નરેન્દ્રભાઇ મોદીની સરકારે આ ગુજરાતને આપ્યું એટલે આપણા ગુજરાતના વિકાસના કામને વેગ મળ્યો છે. એટલે આવા પ્રશ્નો તમે પૂછો તો બહુ સારું. બાકી બહુ એને ખોલશો તો તમારે સાંભળવાનું થશે એટલે બહુ પુછશો નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, તમે એ કબુલ્યું ને કે બે વર્ષ સુધી પૈસા આપણને લેટ આવ્યા છે? આ સરકાર જો કેન્દ્રમાં હોય અને બે વર્ષે આવ્યા, અમારું તો શું કર્યું પણ આપનું શું થયું એ જુઓ.

અધ્યક્ષશ્રી : એમણે એવું કહ્યું કે ૨૦૧૧ ના પૈસા બાકી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તબકકાવાર લેવાના હતા દર વર્ષે. સાહેબ, ભારત સરકારની ફોર્મ્યુલા એવી હતી કે દર વર્ષે જેટલું નુકસાન રાજયોની આવકમાં સી.એસ.ટી. રદ કરવાના કારણે થાય એટલી રકમ ભારત સરકાર રાજયોને આપે. તમારી સરકારે નિર્ણય કર્યો હતો કે અમે તમને નુકસાન વળતર આપીશું પણ ઠનઠન ગોપાલ હતું એ ઠનઠન ગોપાલમાંથી આપણી સરકારે ટનાટન ગુજરાત કર્યું.

ઉધના-ડીંડોલી-અડવાસા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૯૯૩૪ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લાનાં ઉધના-ડીંડોલી-અડવાસા રસ્તાની ૫.૦૫ કિ.મી. લંબાઇમાં હયાત રસ્તાને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧), (૨) અને (૩) : ઉધના-ડીંડોલી-ખરવાસા રસ્તાની ૫.૦૫ કિ.મી. લંબાઇમાં હયાત રસ્તાને ૪ માર્ગીય કરવાનું આયોજન છે. જેના માટે રૂ.૨૩૮૪.૦૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત રસ્તાને કેટલો પહોળો કરવામાં આવશે, અને | |
| (૩) ઉક્ત રસ્તાની કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થશે ? | |

## ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માર્ગ અને મકાન ખાતાને અભિનંદન એટલા માટે આપવા છે કે આ ગુજરાત સરકારે શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રકચર ગુજરાતને આપ્યું છે અને આ શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં રસ્તા, લાઇટ અને પાણીની સુપર વ્યવસ્થા થઇ છે. હું આ જે રસ્તાનો પ્રશ્ન પૂછું છું એ રસ્તો એમના વખતમાં ખાડા ખુબડવાળો એક સીંગલ પટ્ટી રોડ હતો એ રસ્તો આજે ફોરલેન બની રહ્યો છે ત્યારે મારો અધિકાર છે માર્ગ અને મકાન ખાતાને અભિનંદન આપવાનો પણ મારે એ પૂછવું છે કે તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ ઉઘના–ડીંડોલી– ખરવાસા જે રસ્તો છે એનો ૨૩,૮૪,૦૦,૦૦૦ નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તે રસ્તાની આજની તારીખે શું સ્થિતિ છે? તથા આ કામના અંદાજોમાં કઇ કઇ આઇટમોનો સમાવેશ કરીને આ રસ્તો બનાવવામાં આવી રહ્યો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી, આ ખૂબ અગત્યનો રસ્તો છે, એના માટે ખૂબ મોટી રકમ સરકારે આપી છે. તા. ૨૭–૨–૨૦૧૭ ના રોજ આ કામનો વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. અને હાલ સાઇડ કિલયરન્સનું કામ પ્રગતિ હેઠળ છે. આમાં એમણે અંદાજોમાં જે આઇટમોનો સમાવેશ કર્યો એની વાત કરી એમાં ૨૦૦ એમએમ ડ્રેઇનેજ લેયર લેયર જીબીએફએસ ૨૦.૭૦ મીટર પહોળાઇમાં ૨૦૦ એમએમ જીબીએફએસ ૨૦.૪૦ મીટર પહોળાઇમાં ૨૦૦ એમએમ જીએસબી ગ્રેડ–૧, ૨૦.૧૦ મીટર પહોળાઇમાં, ૬૦ ન્યુ બાયોએક્ષિયલ પીપી જિયોગ્રીડ ૧૯.૮૦ મીટર પહોળાઇમાં, ૧૮૦ એમએમ ડબલ્યુએમએમ ૧૯.૮૦ મીટર પહોળાઇમાં, ૧૦૦ એમએમ ડીબીએમ ૮.૫૦ મીટર પહોળાઇમાં બંને બાજુએ, ૪૦ એમએમ બીસી ૮.૫૦ મીટર પહોળાઇમાં બંને બાજુએ, ૧૫૦ એમએમ ક્વોરી સ્પોલ ઓન સાઇડ સોલ્ડર્સ ૧.૫૦ મીટર પહોળાઇમાં બંને બાજુએ અને આમાં રોડ ફર્નિચરનું આયોજન કર્યુ છે. એમાં કેટ આઇ, થર્મોપ્લાસ્ટ પટ્ટા, વિલેજનેઇમ બોર્ડ, જંકશન બોર્ડ સાઇન બોર્ડ વગેરે ૧૬ નંગ જૂના હયાત પાઇપ ડ્રેઇનના સ્થાને ૧૬ નંગ નવા પાઇપ ડ્રેઇન અને જરૂરીયાત મુજબ ૨ વધુ પાઇપ ડ્રેઇન મળી કુલ ૧૮ નંગ પાઇપ નાળાં અને ૪ નવા બોક્ષ કલવર્ટ તથા ૧ કેનલ સાઇફન તેમજ ૪૩૫ મીટર પ્રોટેક્શન વર્કની કામગીરી. આમ આ રસ્તાની અગત્યતાને જોઇને લગભગ ૨૩ જેટલા સ્ટ્રકચરો આ રસ્તામાં મંજૂર કર્યા છે. અને આ પ્રમાણેની કામગીરીનો સમાવેશ આ કામમાં કરવામાં આવેલ છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઉઘના–ડીંડોલી–ખરવાસા રસ્તાને ખરવાસાથી ભાટિયા સુધીની લંબાઇ ચારમાર્ગીય થવાથી શું ફાયદો થશે અને કેટલાં ગામોને અને કેટલી વસતિને આનો લાભ થશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે. એની કામગીરી પૂર્ણ થતા નેશનલ હાઇવે નં.૫૩ હજીરા, સુરત, સચીન રસ્તો અને નેશનલ હાઇવે નં.૮ ને જોડતી કડી થતાં વાહનોને ટૂંકો માર્ગ મળશે તેમજ ૮૪ તાલુકાના ૭ ગામોની ૧,૫૮,૫૨૭ વસતિને અવર–જવર માટે સીધો લાભ મળશે. જે ૮૪ ના ૭ ગામો છે, એ જોવા જઇએ તો ડીંડોલી, ખરવાસા, ભાટિયા, બોણંદ, વક્તાણા, લીંગડ, પારડીરકાબ આ ૭ ગામોની ૧,૫૮,૫૨૭ ની વસતિને પણ આ રસ્તાથી લાભ મળવાનો છે.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૭ ગામો પૈકી ૪ ગામો બારડોલી વિધાનસભા મત વિસ્તારમાં આવે છે અને એની લંબાઇ છે ૫.૦૫ કિ.મી. મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તેમાં ૨૩ સ્ટ્રકચરો બનાવવાનું આયોજન છે. તો આટલી ઓછી લંબાઇમાં આટલા બધા સ્ટ્રકચરો બનાવવાની શી જરૂરિયાત છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ અગત્યનો પ્રશ્ન પૂછ્યો. હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે આ ૫.૦૫ કિ.મી. લંબાઇનો રસ્તો છે, એની કવૅાલિટીને ધ્યાનમાં રાખીને એના વરસાદના પાણીના નિકાલને ધ્યાનમાં રાખીને સિંચાઇ માટેની કેનાલો નીકળતી હોય તેના માટે સાઇફનની કામગીરીને ધ્યાનમાં રાખીને આયોજન કર્યુ છે. દક્ષિણ ગુજરાત સુરતમાં આવેલ છે. આ દક્ષિણ ગુજરાતમાં વરસાદ એકંદરે વધારે પ્રમાણમાં રહે છે. ઘણી વખત ભારે વરસાદ અને પૂરની સ્થિતિમાં પણ પરિસ્થિતિ ખૂબ વિકટ ઊભી થાય છે. વાહન વ્યવહાર ઘણી વખત બંધ થઇ જાય છે. ભવિષ્યમાં ભારે વરસાદના કારણે પાણી વધુ આવવાની આ રસ્તાને નુકસાન ન થાય અને વાહન વ્યવહાર અવિરત ચાલુ રહે તે માટે સ્થળ ચકાસણી કરી તાંત્રિક જરૂરીયાત મુજબ આયોજન કર્યુ છે. મેં અગાઉ જણાવ્યું તેમ ૧૬ નંગ જૂનાં નાળાં તોડીને ચારમાર્ગીય નવાં નાળાં બનાવવાની જે જોગવાઇ અને એમાં ૯.૬ થી ૯.૮ માં જરૂરીયાત મુજબ ૨ નવાં નાળાઓ પણ મંજૂર કર્યાં છે. આમ ૧૮ નાળાઓની જોગવાઇ કરી છે. એના સિવાય ચૅનેજ ૧૧ થી ૧૧.૨ માં હયાત ૧ નંગ સ્લેબ ડ્રેઇનને ચાર માર્ગીય કરવાથી નવું બોક્સ કલવર્ટ બનાવવાની જોગવાઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, ચેનેજ ૧૧.૪ થી ૧૧.૬ માં હયાત કેનાલ સાયફનને ચારમાર્ગીય કરવાની જરૂરિયાત જણાતાં તેનો પણ આમાં સમાવેશ કરેલ છે. ચેનેજ ૧૧.૮ થી ૧૨.૦૦ માં બે નંગ નવા બોક્સ કલવર્ટ ચોમાસામાં પાણી વધુ આવવાથી તાંત્રિક જરૂરિયાત પ્રમાણે નવા બનાવવાની જોગવાઇ કરેલ છે. મેં આપને સિંચાઇની વાત કહી કે, ચેનેજ ૧૩.૪ થી ૧૩.૬માં એક નંગ બોક્સ કલવર્ટ ઉકાઇ સિંચાઇ યોજનાની બ્રાન્ચ કેનાલ ક્રોસ થતી હોવાથી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ તાંત્રિક રીતે ચોમાસામાં આવતા વધુ પાણીના નિકાલ માટે તથા ઉકાઇ સિંચાઇ કેનાલના રોડ ક્રોસિંગ તથા કેનાલ સાયફનની જરૂરિયાત હોવાથી ત્યાં ચાર નંગ બોક્સ કલવર્ટ અને એક નંગ કેનાલ સાયફન પણ બનાવવાનું આયોજન કર્યુ છે. આ રસ્તાની અગત્યતાને ધ્યાનમાં રાખી સારો

રસ્તો બને, ચોમાસામાં પાણી આવે તો વાહન વ્યવહાર બંધ ન રહે તે બધુ ધ્યાનમાં રાખીને આ ૨૩ સ્ટ્રકચરો બનાવવાનું આયોજન આમાં કર્યુ છે.

અરવલ્લી જિલ્લાની નગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૩૦૦૧૩ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂ. ૯.૯૩ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ ૯.૯૩ કરોડ ચૂકવવામાં આવેલ છે જયારે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૬.૭૧ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ.૫.૪૬ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૨) ૬૭ કામો મંજૂર થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૩) ૨૨ કામો પૂર્ણ થયેલ છે. |

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરવામાં આવી છે તે કયારે શરૂ કરવામાં આવી, તેનો હેતું શું છે અને કયા કયા કામો આની અંદર કરવામાં આવે છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૦૯–૧૦ના વર્ષથી શરૂ કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સક્ષમ બને, શહેરની અંદર રહેતા પ્રજાજનોને માળખાકીય સુવિધાઓ જેવી કે ગટર, પાણી, રસ્તા, બગીચા જેવી જે જરૂરિયાતો હોય તે મળી રહે અને તેની અંદર પ્રાથમિક જરૂરિયાતો કહી શકાય તેવી તમામ જરૂરિયાતો ઉપલબ્ધ થાય તે આનો મુખ્ય ઉદ્દેશ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છુ કે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં મોડાસા અને બાયડ નગરપાલિકા માટે કેટલી કેટલી રકમ ફાળવવામાં આવી, અને કેટલી રકમના કયા કયા કામો મંજૂર કરવામાં આવ્યા?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બાયડ નગરપાલિકાની અંદર વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર ૪૯૨ લાખ તથા ૨૦૧૬–૧૭ની અંદર ૧૦૨ લાખ, મોડાસા નગરપાલિકાની અંદર વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર ૬૬૮ લાખ તથા ૨૦૧૬–૧૭ની અંદર ૫૭૧ લાખ એટલે કુલ વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર ૧૩૬૦ લાખ અને ૨૦૧૬–૧૭ની અંદર ૬૭૩ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જેમાં રસ્તા, સ્લમ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, એલઇડી લાઇટસ, એમ્બ્યુલન્સ, સીસીટીવી કેમેરા, રોડ રીસર્ફેસીંગ, પાર્ક, ગાર્ડન સહિતના કામો આ બંને નગરપાલિકાઓની અંદર કરવામાં આવ્યા છે. બાયડ નગરપાલિકાની અંદર ભૂગર્ભ ગટરનું કામ કરવામાં આવ્યું છે. મોડાસા નગરપાલિકાની અંદર પીવાના પાણીની જે સમસ્યા હતી તો ત્યાં ઘર ઘર સુધી બંને જગ્યાએ પીવાનું પાણી પહોંચી ગયું છે. તેની જોગવાઇ આની અંદર કરવામાં આવી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા વિસ્તારની અંદર પીવાનું શુદ્ધ પાણી મળે, ડ્રેનેજની વ્યવસ્થા થાય તેના માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા નગરપાલિકાઓમાં જે કામ કરવામાં આવે છે તેમાં ખાસ કરીને મોડાસા નગરપાલિકા અને બાયડ નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠા વિભાગે કેટલા કામ પૂર્ણ કર્યા અને તે પેટે કેટલો ખર્ચ થયો?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું છે તે પ્રમાણે હું ખર્ચની વિગત આપી શકીશ. પરંતુ બંને યોજનાઓ કાર્યરત થઇ ગઇ છે. બાયડ નગરપાલિકાની અંદર ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તેજશ્રીબેન, તમને અન્યાય નહીં કરું.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ ઓવરસ્માર્ટ થવું એ પણ ઠીક નથી.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : મોડાસા નગરપાલિકાની અંદર પીવાનું પાણી પહોંચ્યું છે. માનનીય ધારાસભ્યશ્રીને જણાવું કે પ્રાથમિક સુવિધાઓ કહેવાય તેમાં રસ્તા, લાઇટ, ગટરનું કામ હોય તેમાં પાણીના કામ પણ આવી જાય છે. પાણી માટેની યોજનાઓ આ અંતર્ગત બનાવી છે અને ત્યાં ઘર ઘર સુધી પાણી પહોંચી ગયું છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નગરપાલિકા વિસ્તારના જેટલા ધારાસભ્યો આવતા હોય છે એ લોકોને સામાન્ય સભામાં બોલાવવામાં આવતા નથી. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની મિટીંગમાં ધારાસભ્યોને આમંત્રિત મહેમાન તરીકે બોલાવવામાં આવે જેથી વિકાસના કામોમાં રસ

લઇ અને કામો કરાવી શકે. જયારે નગરપાલિકામાં ધારાસભ્યોને આમંત્રિત મહેમાન તરીકે બોલાવવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગરપાલિકા એક્ટ વરસો જૂનો છે અને કોણ કોણ સભ્ય હોઇ શકે એ બધી એમાં જોગવાઇ છે. અત્યારે બધું યાદ આવે છે પણ સરકારો કોંગ્રેસની હતી ત્યારે આ જ કાયદા હતા, આ જ નિયમો હતા, આ જ સભ્યોને બોલાવવામાં આવતા હતા. આવું બધું પહેલા વિચાર્યું હોત તો ચોક્કસ અત્યારે બધા આવી શકતા હોત, હવે તમારું સૂચન છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ભૂગર્ભ ગટરની વાત કરી, અત્યાર સુધીના અનુભવની વાત કરું તો બાયડની નગરપાલિકા છે એ નવી નગરપાલિકા બનેલી છે ત્યાં ગટર બને છે પણ પાછળથી રોડનું કામ અધૂરું છોડીને કોન્ટ્રેક્ટરો જતા રહેતા હોય છે તો એની સામે તમે શું પગલાં લેવા માગો છો? બીજું માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા વિસ્તાર બન્યા છે એ વસતિના ધોરણે બન્યા છે તો એમાં માળખાકીય સુવિધામાં રમત–ગમતના મેદાન તમે સામેલ કરવા માગો છો કે કેમ? કારણ કે, અમે બે ત્રણ વખત બાયડના રમત–ગમતના મેદાન માટેની માગણી કરી છે, ખેલ મહાકૂંભની અને બાકીની વાત કરીએ છીએ પણ રમત–ગમતનું બાયડમાં મેદાન જ નથી તો એ મેદાન તમે આપવા માગો છો કે કેમ? બીજું સાહેબે વાત કરી એ જે નિયમો છે એ તમે સુધારો તો ખરા કમસે કમ શું કામ કરો છો એ તો ખબર પડે અમે ડખા નહીં કરીએ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે ત્રણેક જેટલા પ્રશ્નો પૂછ્યા. પ્રાથમિક જરૂરિયાતો અંગે વાત કરી તો પ્રાથમિક જરૂરિયાતોની અંદર જે પ્રમાણે ગાર્ડનની–મેદાનની વ્યવસ્થા હોય એ પ્રમાણે આવનારા સમયમાં ત્યાં જો એવી જગ્યાની ઉપલબ્ધતા હશે અને એ કરવું હશે તો મેદાનનું કામ રાજય સરકારના અલગ અલગ વિભાગો દ્વારા અને આ યોજનાની અંદરથી પણ પૂરક થઇ શકે છે. બીજી ધારાસભ્યશ્રીએ જે વાત કરી અને એનો માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે, ભલે આમાં જોગવાઇ ન હોય પરંતુ સંકલન સમિતિની મિટીંગમાં નગરપાલિકાના પ્રશ્ન અંગે કોઇ ફરિયાદ કે કોઇ વાત હોય તો ત્યાં આગળ પૂછી શકાતી હોય છે અને તેના ઉકેલો પણ ત્યાં થઇ શકતા હોય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણા જે જવાબ આપ્યો એમાં તાલુકા ફરિયાદ સમિતિઓની જે રચના કરવામાં આવી છે એમાં સભ્ય તરીકે નગરપાલિકાના પ્રમુખને સામેલ કર્યા છે, એમાં નગરપાલિકાના પ્રશ્નો અમે પૂછીએ ધારાસભ્ય તરીકે તો એ પ્રશ્નો લેતા નથી. આપે એમ કહ્યું છે કે લેવામાં આવે છે, હકીકતમાં એ પ્રશ્નો લેવામાં આવતા નથી. બીજી વાત કે, નગરપાલિકાના પ્રમુખ આવે એ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો પૂછી શકે પણ ધારાસભ્યશ્રીએ નગરપાલિકાના પ્રશ્નો પૂછવા હોય તો પૂછી શકતા નથી. આવા ઉના તાલુકા ફરિયાદ સમિતિમાં પ્રશ્નો છેલ્લા બે વર્ષથી મેં પૂછ્યા છે આજની તારીખ સુધીમાં એના રોકોર્ડ ઉપર જવાબ આપ્યા નથી, સરકારને મોકલ્યું છે એટલે સરકારમાંથી સ્પષ્ટતા આવે તો અમે આને દાખલ કરીએ એમ કહે છે પણ દાખલ કરતા નથી. તો પ્રશ્ન પૂછવા દેવા જોઇએ, ન પૂછવા દેવામાં આવે તો નગરપાલિકાના પ્રમુખને તાલુકા ફરિયાદ સમિતિમાં સભ્ય બનાવવાનો કોઇ અર્થ રહેતો નથી. તો આમાં રાજય સરકાર સ્પષ્ટતા કરે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ જે વાત કરી માનનીય સભ્યશ્રીનું ધ્યાન કદાચ બીજે હશે. મેં જિલ્લા સંકલન સમિતિ આવો શબ્દ કહ્યો, જિલ્લા ફરિયાદ સમિતિમાં ધારાસભ્યશ્રી પોતે હોય છે અને કોઇ પણ વિભાગના પ્રશ્નો હોય એ જિલ્લા સંકલન સમિતિમાં પૂછી શકે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ઉના ફરિયાદ સમિતિમાં પણ નગરપાલિકાના પ્રશ્નો પૂછી શકાતા નથી, દાખલ કરતા નથી. દાખલ કરતા નથી એ હું હકીકત કહું છું, હું ધારાસભ્ય તરીકે કહું છું, મારી વાત જો ખોટી હોય તો કહેજો, હું ધારાસભ્ય તરીકે રેકોર્ડ ઉપર મૂકું છું, ઓન પેપર કહું છું દાખલ નથી કરતા એ હકીકત છે. "નગરપાલિકાની આંતરીક વહીવટની બાબત હોય એટલે આ પ્રશ્નો દાખલ કરી શકાતા નથી" એવો રેકોર્ડ ઉપર મને જવાબ આપવામાં આવ્યો છે. હું જવાબદાર સભ્ય તરીકે વાત કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં થોડીક સ્પષ્ટતા મારા વિભાગ તરફથી અને સરકાર તરફથી સન્માનનીય ગૃહ સમક્ષ મારે કરવી છે. આ કમિટીનું નામ સંકલન સમિતિ છે, જિલ્લા સંકલન સમિતિ કલેકટરની અધ્યક્ષતામાં હોય છે. જી.ઇ.બી.ને લગતો કોઇ પ્રશ્ન હોય અને કોઇ કનેકશન આપવાનું હોય અને આર.એન્ડ બી.ની મંજૂરી બાકી હોય તો આર.એન્ડ બી. ને કલેકટર કહીને ઝડપ કરાવે. અમારે કોઇ રોડ બનાવવાનો હોય અને વન વિભાગની મંજૂરી બાકી હોય તો વિભાગો વચ્ચે સંકલન કરાવવું એ જ આ જિલ્લા સંકલન સમિતિનું કામ છે અને માટે જ એનું નામ સંકલન સમિતિ છે. આપે જે કહ્યું એ અમારા ધ્યાન પર આવ્યું છે કે, અમારા ચીફ ઓફિસરો, હોદ્દેદારો અમને પણ મંત્રી તરીકે સરકારમાં અમારી સમક્ષ ફરિયાદ કરે છે કે કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓ કેટલીક નગરપાલિકાના વહીવટમાં એ લોકો એવા પ્રકારના પ્રશ્નો એમાં મૂકતા હોય છે પણ નગરપાલિકા સ્વાયત્ત સંસ્થા છે, ચૂંટાયેલી બોડી છે, કાયદા પ્રમાણે, મ્યુનિસિપાલિટી એકટ પ્રમાણે નોંધાયેલી બોડી છે. એની સત્તા એના બધા જ પ્રકારના નિયમો નક્કી છે, એમાં કેટલાક ધારાસભ્યો એવા પ્રશ્નો પૂછીને એવી રીતેનું વાતાવરણ ઉભું કરે કે આખી નગરપાલિકા જાણે અમે સંમતિ આપીએ તો જ ચાલે એવા પ્રકારના પ્રશ્નો લઇને આવે છે એટલે આ સંકલન કરવું બહુ અઘરું હોય છે. ધારાસભ્યશ્રીનું પણ માન સન્માન જળવાય તે જોવા માટે પણ સરકારની ચોક્કસ

સૂચના છે. પણ ધારાસભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે કે નગરપાલિકા, મ્યુનિસિપલ કોરપોરેશન એ બધી સ્વાયત્ત સંસ્થાઓ છે એના વહીવટમાં તમે પ્રશ્ન પુછો કે આ રોડ કેમ કર્યો એનો ખુલાસો આપવા માટે નગરપાલિકાઓ બંધાયેલી નથી, આ ગ્રાન્ટ અહીંયા કેમ વાપરી એનો જવાબ આપવા માટે પણ બંધાયેલ નથી. જેમ ધારાસભ્યશ્રીઓને એક કરોડ રૂપિયા મળે છે એ નિયમ પ્રમાણે તમે ગમે તેને ફાળવો એ તમને કોઇ પુછી ના શકે એમ નગરપાલિકા, કોરપોરેશન સ્વાયત્ત સંસ્થા છે એના અધિકાર છે એમાં હસ્તક્ષેપ આપણે કરી શકતા નથી પ્રશ્ન એટલો જ છે કે કોઇ જગ્યાએ કોઇ પ્રશ્ન ઉભો થયો હોય તો કલેકટરનું ધ્યાન દોરી ચીફ ઓફિસરને કલેકટર સૂચના આપે એ રીતે એનું નિરાકરણ થાય છે એટલે હસ્તક્ષેપ કરવાની કોઇને સત્તા નથી.

સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાત રાજ્યના પસંદગી પામેલા શહેરો

* ૨૯૯૭૨ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાત રાજ્યના ક્યા શહેરો તા.૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ ની સ્થિતિએ પસંદગી થયેલ છે, અને | (૧) અમદાવાદ, સુરત અને વડોદરા |
| (૨) ઉક્ત યોજના અંતર્ગત શહેર મુજબ કેટલી રકમનાં કામોનો સમાવેશ કરવામાં આવેલ છે ? | (૨) સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ત્રણેય શહેરોમાં નીચે મુજબના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે. |

| શહેરનું નામ | કામોની સંખ્યા | કુલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| અમદાવાદ | ૧૧ | ૨૪૯૨ |
| સુરત | ૩૯ | ૨૫૯૭ |
| વડોદરા | ૪૩ | ૨૦૦૯ |
| કુલ | ૯૩ | ૭૦૯૮ |

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્માર્ટ સીટી યોજના શું છે, આ યોજના ક્યારે શરૂ કરવામાં આવી અને સ્માર્ટ સીટી યોજનાની અંદર કેટલા શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : સ્માર્ટ સીટી યોજના એ તારીખ ૨૫ જુન, ૨૦૧૫ના રોજ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલી છે. દેશમાંથી ૧૦૦ જેટલા સીટીને સ્માર્ટ સીટી તરીકે ડેવલપ કરવા માટેનો ઐતિહાસિક નિર્ણય કર્યો. જેને માળખાકીય સુવિધાઓ નહિ પણ એને લોકોપયોગી વધારે આગળ થઇ શકે, તમામ વ્યવસ્થાઓ છે એ સ્માર્ટનેસની દિશામાં આગળ વધે તે અભિગમ સાથે આ યોજના અમલમાં મૂકી. ૨૦૧૫થી આ યોજના અમલમાં આવી છે. ૧૦૦ જેટલા શહેરોને ડેવલપ કરવા માટેનું આયોજન હતું અને એમાંથી ૯૮ને પસંદ કર્યા છે. ગુજરાતના સુરત, વડોદરા અને અમદાવાદ મહાનગરોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ ગૃહના સૌથી યુવા સભ્ય તરીકે હું આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે યુવાઓના દુ:ખ સમજીને અને યુવાઓને એક એક ફેક્ટરીએ એક એક કંપનીએ ના રખડવું પડે એના માટે એક મેગા જોબફેર રાખીને એક લાખથી વધારે યુવાઓને નોકરી આપી છે. જેમાં મારા સ્માર્ટ સીટી સુરતમાં ૩૦ હજારથી વધારે લોકોને નોકરી આપી છે. સુરત મહાનગર જે સ્માર્ટ સીટી બન્યું તેના બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું અને આ સ્માર્ટ સીટીમાં ૨૦૧૧–૧૨માં ૧૧ હજાર પરિવારો વસતા હતા જયારે ૨૦૧૬ની અંદર આજે ૧૫ લાખથી વધારે પરિવારો વસે છે. ગુજરાતમાં યુવાઓને મોટા પાયે રોજગાર મળે છે જેના કારણે આટલી મોટી સંખ્યામાં લોકો અહીં આવે છે. કાલે જ ઇએનવાય રિપોર્ટે લખેલું છે કે, સુરત સ્માર્ટ સીટીની અંદર ૧૮ થી ૨૮ વર્ષના જે યુવાઓ કામ કરે છે જેની સંખ્યા ૩૫ ટકાથી વધારે છે અને બીજા બધા મહાનગરોમાં તેની સંખ્યા માત્ર ૨૬ ટકા છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ સ્માર્ટ સીટી સુરત શહેર જયારથી ડિકલેર થયુ છે ત્યારે કયા કયા પ્રકારના પ્રોજેક્ટો સુરત મહાનગરને આપવામાં આવેલાં છે ? અને એ પ્રોજેકટની હાલની પરિસ્થિતિ શું છે ? અને કયા કયા પ્રકારના કામો આ સ્માર્ટ સીટીમાં કરવામાં આવે છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સ્માર્ટ સીટીની અંદર એક એરિયા બેઇઝડ ડેવલપમેન્ટ કરવુ અને બીજુ જે તે સર્વિસીઝ છે તેને સ્માર્ટ બનાવવી. આ બે પ્રકારના કામો લેવામાં આવે છે તેમાં સુરત શહેરનો પણ જે સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રપોઝલની અંદર એરિયા બેઇઝ ડેવલપમેન્ટમાં કુલ ૧૭૮૦ કરોડના ૨૭ કામો લીધાં છે. જે અન્વયે કુલ ૭ ટીપી સ્કીમવાળા આશરે ૨૧૬૭ એકર જગ્યામાં રેટ્રોફીટીંગ ની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બીજું, સમગ્ર શહેરને આવરી લેતાં પાંચ સીટી ઘટકમાં ૮૧૭ કરોડના ૧૨ કામો ટ્રાન્સપોર્ટેશન, મોબીલીટી, કનેકટીવીટી આ

માટેના પણ સ્માર્ટ સોલ્યુશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ સુરત શહેરની અંદર કુલ ૨૫૯૭ કરોડના ૩૯ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એરિયા બેઇઝડ ડેવલપમેન્ટની અંદર ૧૭૮૦ કરોડના ૨૭ કામો રૂપિયા ૩૯૧ કરોડના ખર્ચે કામોનો વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે અને સુરત શહેરના પાંચ સીટી માટે કુલ ૮૧૭ કરોડના ૧૨ કામોમાંથી ૩૩૦ કરોડના ૪ કામોના વર્ક ઓર્ડર આપી દીધા છે.

શ્રી જીતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણાં વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મહાનગરોને વિશ્વકક્ષાના બનાવવાની નેમ રાખી હતી અને તે પ્રમાણેના આયોજન કરેલા છે. આ પ્રશ્નના જવાબમાં વડોદરા ખાતે કુલ ૪૩ કામોમાં ૨૦૦૯ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે તે બદલ હું રાજયના હાલના આપણાં મુખ્યમંત્રી માનનીય વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી પણ છે તે નીતિનભાઇ પટેલનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. અને વડોદરાની જે કાયાપલટ થઇ રહી છે એક દ્રષ્ટિ હતી નરેન્દ્રભાઇની તે પ્રમાણે કામગીરી હવે વડોદરામાં થવા માંડી છે અને વડોદરા ઉડીને આંખે વળગે તે રીતનું તેનું ડેવલપમેન્ટ થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ખેલ મહાકુંભમાં પણ આપણે રમત ગમત ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરી છે. તમામ વય જૂથના લોકો આ ખેલ મહાકુંભમાં ભાગ લે છે ત્યારે વડોદરા શહેરને સ્માર્ટ સીટી યોજના અંતર્ગત કયા પ્રકારના કામો હાથ ધરવાનું આયોજન છે ? અને તેનો અંદાજીત ખર્ચ કેટલો છે ? મારે ખાસ વિશેષ એ કહેવું છે કે, આમાં ખેલકુદના મેદાનો વિસ્તાર વાઇઝ કેટલાં કરવાનું આયોજન છે ? અને સ્વીમીંગ પુલો બનાવવાનું કેટલું આયોજન છે તેની પણ મને વિગતો આપવામાં આવે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા શહેરનો પણ આ સ્માર્ટ સીટીની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૧૬૪૪ એકરના વિસ્તારમાં તેનું નવીનીકરણ કરવાનું, વડોદરા રેલ્વે સ્ટેશનની નજીકમાં ૫૫ એકર વિસ્તારનું રી–ડેવલપમેન્ટના કામોનો તેની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કુલ રકમ માનનીય સભ્યશ્રીએ પૂછી છે તો ૧૬૬૮ કરોડના ૩૩ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પાન સીટી ઘટકોમાં કુલ ૩૪૧ કરોડના ૧૦ કામોમાં ઇ–ગવર્નન્સ, One city mobile application, CCTV, સર્વેલન્સ સહિતની સુવિધાઓનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે અને વડોદરા શહેર માટે કુલ ૨૦૦૯ કરોડના ૪૩ કામોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. Area base development માટે ૧૬૬૮ કરોડના ૩૩ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૪૧ કરોડના બે ટેન્ડર અત્યારે હાલ અપાઇ ગયા છે. એમણે સરોવર અને મેદાનો માટેની વાત કરી તો હું હમણાં જ એક કાર્યક્રમમાં વડોદરા જઇને આવ્યો. આપણા રાજેન્દ્રભાઇ રમત-ગમત ખાતાના મંત્રી પણ છે. ઘણા બધા મેદાનોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને તળાવોનું કામ જીતેન્દ્રભાઇ હતા ત્યારે ચાલુ કર્યું હતું. તળાવોના બ્યુટીફીકેશન, બગીચાઓ અને મેદાનો આ બધા કામોમાં વડોદરાએ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે એમાં હું માનું છું કે બાકી શહેરો પણ આની અંદરથી નવા કામો માટેની પ્રેરણા લેશે.

શ્રી જગદીશભાઇ ઈ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટ સીટી અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સતત ચિંતા કરતા હોય છે અને માનનીય શંકરભાઇ અમારા પ્રભારી મંત્રી છે ત્યારે આ ત્રણેયને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. પૂર્વ વિસ્તારના ધારાસભ્યોની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રીશ્રીએ ૧૦૦ કરોડ રૂપિયા ખારીકટ કેનાલમાં ફાળવ્યા છે તે બદલ લાખ–લાખ અભિનંદન આપુ છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સ્માર્ટ સીટી અંતર્ગત યોજના હેઠળ અમદાવાદ શહેરમાં કયા કામોનું આયોજન કરવામાં આવ્યું છે અને તે કામો કયા સ્ટેજે છે અને ક્યારે પૂરા થશે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે સુરતની વાત થઇ, વડોદરાની વાત થઇ એ પ્રમાણે અમદાવાદની અંદર પણ Area base developmentમાં જે રામાપીરના ટેકરા પાસે ઝૂંપડપટ્ટીનો વિસ્તાર હતો એ બધા વિસ્તારનો Area base તરીકે development કરીને ત્યાં જે લોકો ઝૂંપડાની અંદર રહેતા હતા એ લોકોને અત્યંત આધુનિક તથા સંપૂર્ણ સુવિધા સાથેના મકાનો મળે અને આધુનિક બગીચો પણ develop થાય, બાકીની બસથી લઇ મેટ્રોની સુવિધા, રમત-ગમત માટેની વ્યવસ્થા એમ સંપૂર્ણ સુવિધા સાથે આજની તારીખમાં જોઇએ તો ગઇકાલ સુધી એ સૌથી ગંદો કહેવાય તેવો વિસ્તાર હતો. કચરો, ગટરનું પાણી બધું ત્યાં આવતું હતું. હવે આવનાર સમયમાં ત્યાં કેટલી સ્માર્ટનેસ આવી શકે તેનું ઉદાહરણ અમદાવાદ આપશે. Area base developmentની અંદર ૧૮૭૩ કરોડના કુલ ૪ કામોમાં વાડજ વિસ્તારની ઝૂંપડપટ્ટીની જગ્યાએ ૭૭૦૦ મકાનોનું નિર્માણ કરવા માટેનું ખાતમુહૂર્ત પણ થઇ ગયું છે. કુલ ઘટકોમાં ૬૧૯ કરોડના સાત કામો માટે ઇન્ટરનેટ કનેક્ટીવીટી, બસમાં જવું હોય, મેટ્રોમાં જવું હોય તો એક જ કાર્ડ દ્વારા બધી સુવિધા મળી શકે એ પ્રકારના સ્માર્ટ સીટી કાર્ડ પણ Develop કરવામાં આવ્યા છે જેથી દરેક જગ્યાએ અલગ-અલગ ટીકીટ ના લેવી પડે. Totaly area base development માટે ૧૮૭૩ કરોડના ચાર કામોમાં ૫૪૫ કરોડના બે કામનો વર્ક ઓર્ડર અપાઇ ગયા છે અને પાન સીટી માટે ૬૧૯ કરોડના ૭ કામોમાંથી ૨૯૬ કરોડના ત્રણ કામોના વર્ક ઓર્ડર પણ આપી દીધા છે. જે પ્રમાણે રીવરફ્રન્ટનું development થયું એજ પ્રમાણે આ સ્માર્ટ સીટીના કારણે અમદાવાદની રોનક વધારે સારી બનશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સ્માર્ટ સીટી મિશનમાં અમદાવાદ શહેરમાં ૧૧ કામો માટે ૨૪૯૨ કરોડ રૂપિયાની રકમની ફાળવણી પણ કરવામાં આવી છે. સ્માર્ટ સીટીમાં અલગ અલગ કામોનો ઉલ્લેખ કર્યો જેમ કે, ઝૂંપડપટ્ટીઓ છે ત્યાં મકાનો બનાવવા, રસ્તાઓ, સ્ટ્રીટ લાઇટ, બ્રિજ, સ્વિમીંગ

પુલ, લાઇબ્રેરી વગેરે પરંતુ સૌથી પહેલા સ્માર્ટ સીટીમાં સવારે માણસ ઉઠે ત્યારે એને પીવાનું પાણી જોઇએ. હું અમદાવાદ શહેરનો ધારાસભ્ય છું. અમદાવાદને સ્માર્ટ સીટી કહેવામાં આવે છે જ્યાં મેટ્રો ટ્રેન ચાલવાની છે ત્યારે આજે પણ મારા વિધાનસભા વિસ્તારમાં સવારે માણસ ઉઠે ત્યારે તેને પીવાનું પાણી મળતું નથી અને આ કોર્પોરેશનના ચોપડાના આધારે કહું છું કે, ૨૨૦૦૦ ટેન્કરો દ્વારા મારા વિસ્તારમાં આજની તારીખે પણ પીવાનું પાણી આપવામાં આવે છે. (અંતરાય) સૌરાષ્ટ્રમાં ફેરા કહે છે જયારે અમારા ત્યાં લગ્ન કરે એને અમે ફેરા કહીએ છીએ. એટલે સાહેબ, જે પરિસ્થિતિ છે માનનીય મુખ્ય મંત્રીશ્રીને પણ મેં લેટર લખ્યો છે અને શહેરી વિકાસ મંત્રીશ્રીને પણ લખેલો છે. તો જયારે સ્માર્ટ સીટીમાં આટલાં બધાં કામો લીધાં છે તો આપ પીવાના પાણીની પણ વ્યવસ્થા કરો. કોરપોરેશનની સંકલનની જયારે પણ મિટિંગ હોય, અમદાવાદ શહેરના ધારાસભ્યશ્રીઓ હાજર છે, ત્યારે હું પીવાના પાણી માટેની રજૂઆત કરું છું. તો આ સ્માર્ટ સીટીમાં પહેલું જો પાણી મળી જાય તો જેમ બધા અભિનંદન ભારતીય જનતા પાર્ટીની સરકારને, માનનીય મુખ્ય મંત્રીશ્રીને અને માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીને આપે છેને, તો સાહેબ, હું પણ અભિનંદન આપું પણ મારા વિસ્તારમાં પીવાનું પાણી નથી. માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે, સ્માર્ટ સીટીના માધ્યમથી ટોટલી પીવાનું પાણી બહેરામપુરા બહેર માર્કેટમાં નથી તો માનનીય મુખ્યમંત્રીને કહું છું, માનનીય મુખ્ય મંત્રીશ્રીને બે હાથ જોડીને વિનંતી કરું છું કે, માણસ માટે પીવાના પાણી માટે આ સ્માર્ટ સીટીમાંથી બજેટ જો ફાળવવામાં આવે તો મારા વિસ્તારમાં પીવાનું પાણી ગરીબ માણસ સુધી પહોંચી શકે એવી વિનંતી કરું છું.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટ સીટી અંતર્ગત દર વર્ષે ૨૦૦ કરોડ રૂપિયા રાજય સરકાર અને કેન્દ્ર સરકારના, અને બાકીના અલગ સરકારની વિવિધ યોજનાઓ અને પી.પી. પી. આ બધુ ભેગુ કરીને ટોટલી પાંચ વર્ષોનું જે પ્લાનિંગ છે એમાં ૨૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધારેનો ખર્ચ કરવાનો છે. તે અંતર્ગત એક એક વસ્તુ દા. ત. પાણીને પણ અમે સ્માર્ટ કરવા માગીએ છીએ. અમદાવાદમાં ૮૦-૯૦ ટકા વિસ્તારને પીવાના પાણીની સમસ્યા વર્ષો પહેલાંની હતી એનો ઉકેલ થઇ ગયો છે. હવે એક દાણીલીમડાનો વિસ્તાર પીવાના પાણીની બાબતમાં થોડો પાછળ રહી ગયો હશે તો એનું પણ આયોજન માનનીય શૈલેષભાઇ, પીવાના પાણી માટેનું કરીશું. માનનીય શૈલેષભાઇએ એ બાબતમાં માનનીય મુખ્યમંત્રીનો આભાર માન્યો હોત તો સારૂ હતું કે, ત્યાં શાળાના કામો, બાકીની વ્યવસ્થામાં દાણીલીમડાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ચિંતા કરીને એ વિસ્તારની અંદર બાળકોના શિક્ષણ માટેની ચિંતા કરી છે. ગટર માટેની વ્યવસ્થાની પણ ચિંતા કરી છે અને હવે આવનારા સમયની અંદર પીવાના પાણીની વ્યવસ્થા જયાં પણ ત્રુટી હશે ત્યાં અમે કરી દઇશું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્માર્ટ સીટી અંતર્ગત ગુજરાત લીવેબલ અને લવેબલ બન્યું છે અને એટલા માટે નિવૃત્ત થતા અધિકારીઓ આજે ગુજરાતમાં રહેવાનું પસંદ કરે છે એટલે એ ભાજપ સરકારની દેન છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કયા કયા શહેરોને રાજય સરકારે સ્માર્ટ સીટી અંતર્ગત પસંદ કરેલ છે અને તે પૈકી કેન્દ્ર સરકારે કયા કયા શહેરોનો સ્માર્ટ સીટી પ્લાન મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે અમદાવાદ, વડોદરા અને સુરત, ગુજરાતના આ ત્રણ શહેરોને ભારત સરકાર તરફથી સ્માર્ટ સીટી તરીકે મંજૂર કરવામાં આવ્યા છે અને રાજય સરકારે નવી યાદીમાં રાજકોટ, ગાંધીનગર અને દાહોદને પણ મૂક્યા છે એટલે આ પછી આ શહેરોનો તબક્કો ચાલુ કરવા આગળ વધી રહ્યા છીએ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આપણા વડાપ્રધાને જે સૌ પ્રથમ વખત કેન્દ્ર સરકારમાંથી જે સ્માર્ટ સીટી જાહેર કરી એ બદલ પ્રધાનમંત્રીશ્રીને પણ આપના માધ્યમથી ગુજરાત તરફથી ખૂબ ખૂબ આભાર માનું છું અને સાથે સાથે કેન્દ્ર સરકાર દ્વારા જે સ્માર્ટ સીટી જાહેર કરવામાં આવી અને બીજું અમૃત યોજના, આ બન્ને વચ્ચેનો તફાવત શું છે અને અમૃત યોજનામાં કયા કયા શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે સ્માર્ટ સીટી છે તેવી અમૃત યોજના છે તેમાં અમરેલી, આણંદ, ડીસા, પાલનપુર, કલોલ, ભરૂચ, બોટાદ, દ્વારકા, વેરાવળ, ભૂજ, ગાંધીધામ, મોરબી, નવસારી, ગોધરા, પોરબંદર, ગાંડલ, જેતપુર, સુરેન્દ્રનગર, વાપી, વલસાડ, નડિયાદ, મહેસાણા અને પાટણ શહેરોનો અમૃત સીટીની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે એટલે કે પાયાની સુવિધાઓ આ શહેરોની અંદર મળી રહે તે પ્રમાણે અમૃત સીટી અંતર્ગત જોગવાઇ છે એટલે પ્રાથમિક સુવિધા અહીંથી પૂરી થાય અમૃત સીટીમાં અને સ્માર્ટનેસ એટલે આ શહેરોને પણ સ્માર્ટ સીટી તરીકે ભવિષ્યની અંદર ડેવલપ કરવા હોય તો પ્રાથમિક સુવિધાઓ અહીંયાં આગળ પૂરી થાય અને ભવિષ્યની અંદર એને પણ સ્માર્ટ સીટી તરીકે આગળ મૂકી શકાય.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### તાપી જિલ્લાની જનરલ હોસ્પિટલમાં સીટીસ્કેન મશીનની સુવિધા

* ૩૦૧૪૨ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લાની તાપી જિલ્લા જનરલ હોસ્પિટલમાં સી.ટી.સ્કેન મશીન ઉપલ્બધ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત હોસ્પિટલમાં સીટીસ્કેન મશીન ઉપલબ્ધ કરાવવા સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધા ? | (૨) ભવિષ્યમાં સર્વગ્રાહી આયોજન સમયે આ બાબત પણ ધ્યાને લેવામાં આવશે. |

---------

### અંકલેશ્વર તાલુકાના પીરામણ અને ભડકોદ્રા ગામોને જોડતા રસ્તાનું બાંધકામ

* ૨૯૯૩૭ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંકલેશ્વર તાલુકાના પીરામણ અને ભડકોદ્રા બે ગામોને જોડતા રસ્તાનું બાંધકામ કરવા ૨૦૧૬-૧૭ ના વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા,જી |
| (૨) જો હા, તો ૨૦૧૬-૧૭ના વર્ષમાં કેટલી રકમ મંજુર કરેલ છે,અને | (૨) રૂ।.૧૯૦.૦૦ લાખ મંજુર |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### વડોદરા નર્મદા શાખા નહેર પર સોલાર વીજમથકની ક્ષમતા

* ૩૦૨૧૨ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ નર્મદા યોજના વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની ક્ષમતા કેટલી છે, અને | (૧) નર્મદા યોજના વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની ક્ષમતા ૧૦ મેગાવોટ છે. |
| (૨) ઉક્ત વીજ મથકથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિજળી ઉત્પન્ન થઈ છે ? | (૨) ઉક્ત વીજ મથકથી તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩,૦૬,૭૭,૨૦૨ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે. |

---------

### સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વ્યારા શહેરની પાણી પુરવઠા યોજના

* ૨૯૯૮૭ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વ્યારા શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૬૧૦.૬૦ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતી છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૭૦૧.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. |

(૪) ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાત રાજ્યના પસંદગી પામેલ શહેરો

* ૨૯૯૭૪ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાત રાજ્યના કયા શહેરો તા.૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ની સ્થિતિએ પસંદગી થયેલ છે, અને

(૨) ઉક્ત યોજના અંતર્ગત શહેર મુજબ કેટલી રકમનાં કામોનો સમાવેશ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત તા.૩૧.૧૨.૨૦૧૬ સુધી ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત અને વડોદરા શહેરોની પસંદગી કરવામાં આવેલ છે.

(૨) સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ત્રણેય શહેરોમાં નીચે મુજબના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| શહેરનું નામ | કામોની સંખ્યા | કુલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| અમદાવાદ | ૧૧ | ૨૪૯૨ |
| સુરત | ૩૯ | ૨૫૯૭ |
| વડોદરા | ૪૩ | ૨૦૦૯ |
| કુલ | ૯૩ | ૭૦૯૮ |

---------

અમદાવાદની યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ ખાતે ઉપલબ્ધ તબીબી સેવાઓ

* ૨૯૯૫૧ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદમાં આવેલ યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડીઓલોજી એન્ડ રીસર્ચ ખાતે કયા પ્રકારની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સુવિધાઓનો લાભ રાહત દરે તેમજ વિનામુલ્યે કોને આપવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડીઓલોજી એન્ડ રીસર્ચ ખાતે નીચે મુજબની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

(૧) મેડીકલ ઓ.પી.ડી. (૨) સર્જીકલ ઓ.પી.ડી. (૩) પીડીયાટ્રીક ઓ.પી.ડી. (૩) એરીધીમીયા ક્લીનીકની સેવાઓ (૫) ઈકો (૬) ટીએમટી (૭) એન્જીયોગ્રાફી (૮) એન્જીયોપ્લાસ્ટી (૯) બાયપાસ સર્જરી તેમજ (૧૦) હૃદયરોગની તમામ પ્રકારની આધુનિક સેવાઓ.

(૨) (અ) આ સુવિધાઓનો લાભ ૫૦ ટકાના રાહતદરે નીચે જણાવેલ દર્દીઓને આપવામાં આવે છે.

(૧) અનુસૂચિત જાતિના દર્દીઓ કે, જેમની વાર્ષિક આવક રૂ.૬૮,૦૦૦/– (શહેરી વિસ્તાર) અને ૪૭,૦૦૦/– (ગ્રામ્ય વિસ્તાર)થી વધારે હોય.

(૨) રૂ.૨.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા તમામ કુટુંબના દર્દીઓને.

(૩) વડાપ્રધાન રાહત ફંડમાંથી આર્થિક મદદ મેળવનારા ભારતભરનાં હૃદયરોગનાં તમામ આર્થિક રીતે નબળાં દર્દીઓને.

(બ) આ સુવિધાઓનો લાભ ૩૩ ટકાના રાહતદરે નીચે જણાવેલ દર્દીઓને આપવામાં આવે છે.

(૧) મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આર્થિક મદદ મેળવનારા ગુજરાત રાજ્યનાં હૃદયરોગનાં તમામ આર્થિક રીતે નબળાં દર્દીઓને.

(૩) આ સુવિધાઓનો લાભ વિનામૂલ્યે નીચે જણાવેલ દર્દીઓને આપવામાં આવે છે.

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૮ વર્ષથી નીચેની ઉંમરના દર્દીઓ

(૨) ગુજરાત ઉપરાંત ભારતભરના અનુસૂચિત જન જાતિના તમામ દર્દીઓ

(૩) મુખ્યમંત્રી અમૃતમ(મા) યોજનાના કાર્ડ ધારક દર્દીઓ (વાર્ષિક ખર્ચ રૂ.૨ લાખની આવકની મર્યાદામાં)

(૪) મા વાત્સલ્ય યોજનાના કાર્ડ ધારક દર્દીઓ (વાર્ષિક ખર્ચ રૂ.૨ લાખની આવકની મર્યાદામાં)

(૫) અનુસૂચિત જાતિના વાર્ષિક રૂ.૬૮,૦૦૦/– (શહેરી વિસ્તાર) અને ૪૭,૦૦૦/– (ગ્રામ્ય વિસ્તાર)થી ઓછી આવક ધરાવનાર દર્દીઓને

(૬) ગરીબી રેખા(બી.પી.એલ.) નીચેનાં કુટુંબોની યાદીમાં સામેલ હોય તેવા તમામ દર્દીઓને

---------

## વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં થયેલ એમ.ઓ.યુ.

* ૨૯૯૪૦ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત (પૂર્વ)) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં કુલ કેટલા એમઓયુ થયેલ છે, અને<br>(૨) તેમાં પ્રકારવાર (સેક્ટરવાર) ઉક્ત એમઓયુની સંખ્યા કેટલી છે? | (૧) અને (૨)<br>વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ દરમ્યાન Mo U કરવામાં આવેલ નથી. પરંતુ ૨૬૧ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન અને ૧૪ સ્ટ્રેટજીક પાર્ટનરશીપ કરવામાં આવેલ છે. |

---------

## આહવા–નવાપુરા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૯૯૮૮ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લાનાં મહારાષ્ટ્ર રાજ્યને જોડતાં આહવા–નવાપુરા રસ્તાની કિ.મી.૨૫/૨૦ થી કિ.મી.૪૩/૨૦ની લંબાઇમાં રસ્તાને ૭.૫૦ મી. પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હાજી |
| (૨) જો હા, તો ઉક્ત કામ ઉક્ત સ્થિતિએ કયાં તબક્કે છે, અને | (૨) ટેન્ડર તબક્કે. |
| (૩) ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ઼ા. ૧૮૨૦.૦૦ લાખ |

---------

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ શહેરની પાણી પુરવઠા યોજના

* ૩૦૦૦૫ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૯.૩૯ કરોડ. |

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ.૧૦.૩૭ કરોડ

(૪) ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) કામો પૂર્ણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ અને કચ્છ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૦૦૧૮ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળા કાર્યરત છે તે વાત સાચી છે, | (૧) હા, જી |
| (૨) ઉક્ત પ્રયોગશાળાઓ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ, | (૨) હા |
| (૩) જો હા, તો ઉક્ત પ્રયોગશાળાઓને NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે, અને | (૩) રાજકોટ પ્રયોગશાળાને તા.૦૧–૦૬–૨૦૧૫ થી અને ભૂજ ખાતેની પ્રયોગશાળાને તા.૧૯–૦૮–૨૦૧૧થી NABL પ્રમાણપત્ર મળેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે? | (૪) રાજકોટ પ્રયોગશાળાને ૮૧(એક્યાસી) અને ભૂજ ખાતેની પ્રયોગશાળાને ૫૩ (ત્રેપ્પન) ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે. |

---------

પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઇ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૩૦૦૬૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ–પોરબંદર હાઇવેથી પોરબંદરમાં પ્રવેશતા સ્પ્લીટ ફ્લાઇ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્પ્લીટફ્લાઇ ઓવરબ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારે ક્યારે મંજુરી આપેલ અને તે માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળેલ, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્લીટ ફ્લાઇ ઓવરબ્રીજ નાગરીકોની અવર જવર માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવેલ છે? | (૧),(૨) અને (૩)<br>કેન્દ્ર સરકાર દ્વારા સુધારેલી મંજુરી તા.૧૯–૧૨–૨૦૧૩ના રોજ આપેલ જે અન્વયે આ કામ રૂ૦.૯૭૭૨.૯૩ લાખના ખર્ચે પૂર્ણ થતા તા.૨૪–૨–૨૦૧૭ના રોજ આ ફ્લાઇ ઓવર બ્રીજ નાગરીકોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. |

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રમતગમતના મેદાન બનાવવા માટે અપાતી ગ્રાન્ટ બાબત

* ૨૯૨૨૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રમત–ગમતના મેદાન બનાવવા સારૂ સરકાર દ્વારા કેટલી રકમ મંજુર કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રમત–ગમતના મેદાન બનાવવા સારૂ નીચે પ્રમાણેની રકમ ફાળવવામાં આવેલ છે. |

| વર્ષ | પંચમહાલ (ગોધરા) | દાહોદ (દેવગઢબારીયા) |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ. ૨૫.૦૦ લાખ | રૂ. ૧૦૦.૦૦ લાખ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૨૫.૦૦ લાખ | રૂ. ૩૦૦.૦૦ લાખ |

(૨) રમત ગમતના મેદાનો બનાવવા સારૂ કેટલી અરજી કે દરખાસ્ત ઉક્ત સ્થિતિએ સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કોઈપણ અરજી કે દરખાસ્ત મળેલ નથી.

(૩) ઉક્ત મળેલ અરજી કે દરખાસ્ત અન્વયે શુ કાર્યવાહી કરવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગારીયાધારના નાનીવાવડી વેરડી મોરબા બેલા સરંભડા રોડને પહોળો કરવા બાબત

* ૨૯૯૩૫ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ગારીયાધારના નાનીવાવડી વેરડી મોરબા બેલા સરંભડા રોડને પહોળો કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ કેટલી લંબાઈ માટે કેટલી રકમનું મંજુર કરેલ છે, અને | (૨) ૧૩.૦૦ કિ.મી લંબાઈ માટે રૂ.૪૧૦.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કામ કયા તબક્કા છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

જૂનાગઢ જીલ્લામાં એક લાખ કરતાં વધુ વેટની રકમ વસુલવાની બાકી હોય તેવા એકમો

* ૩૦૪૩૦ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે,

(૧)

<table>
<tr><th>તાલુકાનું નામ</th><th>વસુલવાની બાકી હા કે ના</th></tr>
<tr><td>જુનાગઢ</td><td rowspan="6">હાજી</td></tr>
<tr><td>માણાવદર</td></tr>
<tr><td>કેશોદ</td></tr>
<tr><td>માંગરોળ</td></tr>
<tr><td>વિસાવદર</td></tr>
<tr><td>માળીયા–હાટીના</td></tr>
<tr><td>ભેંસાણ</td><td rowspan="2">નાજી</td></tr>
<tr><td>મેંદરડા</td></tr>
</table>

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કૂલ કેટલી રકમ વેટ પેટે વસુલ કરવાની બાકી છે, અને

(૨)

| એકમ | વસુલ કરવાની બાકી રકમ (કરોડમાં) |
|---|---|
| ૧૧૧ | ૧૧૯.૭૭ |

(૩) ઉક્ત એકમો સમયસર વેટ ચુકવતા ના હોય તો કેટલા એકમો સામે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવી?

(૩) ૩૪ એકમો સામે ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી વસુલ કરવાની રકમ

* ૩૦૧૪૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ વસુલ કરવાની થાય છે, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી ક્યા રાજ્યોએ કેટલી રકમ ચુકવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજ્યો પાસેથી કુલ રૂ.૫૬૩૭.૫૬ કરોડની રકમ વસુલ કરવાની થાય છે જેમાં વિવાદિત અને બિનવિવાદિત બન્ને રકમોનો સમાવેશ થાય છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાગીદાર રાજ્યો પાસેથી નીચે મુજબની રકમ મળેલ છે.

(રકમ રૂ.કરોડમાં)

| રાજ્ય | મળેલ રકમ |
|---|---|
| મધ્યપ્રદેશ | ૧૧.૦૦ |
| મહારાષ્ટ્ર | ૪૮૬.૪૨ |
| રાજસ્થાન | ૫૨.૩૬ |
| કુલ રકમ | ૫૪૯.૭૮ |

---------

### પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૩૦૦૬૯ શ્રી મહંમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ–પોરબંદર હાઈવેથી પોરબંદરમાં પ્રવેશતા સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારે ક્યારે મંજુરી આપેલ અને તે માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ નાગરીકોની અવર જવર માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

કેન્દ્ર સરકાર દ્વારા સુધારેલી મંજુરી તા.૧૯–૧૨–૨૦૧૩ ના રોજ આપેલ જે અન્વયે આ કામ રૂ.૯૭૭૨.૯૩ લાખના ખર્ચે પૂર્ણ થતા તા.૨૪–૨–૨૦૧૭ ના રોજ આ ફ્લાય ઓવર બ્રીજ નાગરીકોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

---------

### ગાંધીનગર–અમદાવાદ મેટ્રો લીંક કંપનીને શેર ફાળા પેટે મળેલ રકમ

* ૩૦૦૪૯ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ માટે મેટ્રો લીંક કંપની લીમીટેડ(મેગા)ને શેર ફાળા પેટે કેંન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર તરફથી સીધી મેગા કંપનીને શેર ફાળા પેટે રૂ.૩૫૧.૨૧ કરોડ મળેલ છે.

(૨) વર્ષ ૨૦૧૫ – રૂ. ૧૦૦ કરોડ
વર્ષ ૨૦૧૬ – રૂ. ૨૫૧.૨૧ કરોડ

(૩) વર્ષ ૨૦૧૫ – રૂ. ૧૦૦ કરોડ
વર્ષ ૨૦૧૬ – રૂ. ૨૫૧.૨૧ કરોડ

---------

## અતારાંકિત પ્રશ્નો

### ભાવનગર જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ

* ૨૯૯૪૬ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ-૧૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ નથી, અને | (૨) ઉક્ત સ્થિતિએ તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કૂલ ૩૮ જગ્યાઓ મંજૂર થયેલ છે. હાલમાં તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કૂલ ૩૮ જગ્યાઓ ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ-૨ ની સેવા ઉપલબ્ધ કરવા સરકારે શા પગલા લીધેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૩૦૦૫૯ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ-પોરબંદર હાઈવેથી પોરબંદરમાં પ્રવેશતા સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારે ક્યારે મંજુરી આપેલ અને તે માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળેલ, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ નાગરીકોની અવર જવર માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવેલ છે ? | (૧), (૨) અને (૩)<br>કેન્દ્ર સરકાર ધ્વારા સુધારેલી મંજુરી તા.૧૯-૧૨-૨૦૧૩ ના રોજ આપેલ જે અન્વયે આ કામ રૂ.૯૭૭૨.૯૩ લાખના ખર્ચે પુર્ણ થતા તા.૨૪-૨-૨૦૧૭ ના રોજ આ ફ્લાય ઓવર બ્રીજ નાગરીકોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. |

---------

### રાજ્યની મેડીકલ કોલેજોમાં બેઠકો વધારવા માટે દરખાસ્ત

* ૩૦૧૩૫ શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં બેઠકો વધારવા માટે કેન્દ્રિય પુરસ્કુત યોજના હેઠળ તા.૧૬-૧૦-૨૦૧૪થી દરખાસ્ત કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી બેઠકો વધારવાની મંજુરી ક્યારે આપવામાં આવી? | (૨) કુલ -૧૭૦ બેઠકો વધારવા ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની તા.૧૩-૮-૨૦૧૫ના રોજ યોજાયેલ બેઠકમાં તાંત્રિક મુલ્યાંકન સમિતીએ ભલામણ કરેલ છે. ભારત સરકારે રૂ.૧૬.૦૬ કરોડની ગ્રાન્ટ ફાળવેલ છે. તેમજ મંજૂરી રાહમાં છે. |

---------

### વલસાડ જિલ્લામાંથી સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૫૫ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૭ ની સ્થિતિએ તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ દરમિયાન વલસાડ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૮૭૮.૧૭ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) કેમીકલ<br>(૨) પેપર<br>(૩) ઑટોમોબાઈલ<br>(૪) લ્યુબ્રીકેન્ટ એન્ડ ઑઈલ<br>(૫) યાર્ન |

---------

સુરત જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૫૯ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૭ ની સ્થિતિએ તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ દરમિયાન સુરત જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૩૭૫૪.૯૦ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) નેચરલ ગેસ<br>(૨) યાર્ન<br>(૩) ડાઈઝ & કેમીકલ<br>(૪) ઑટોમોબાઈલ્સ<br>(૫) આયર્ન સ્ટીલ |

---------

વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમુનાની ચકાસણી

* ૩૦૦૧૭ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૧૭ ની સ્થિતિએ વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવેલ છે, | (૧) ૧૦૭૨૫ નમુનાઓ |
| (૨) ઉક્ત પૈકી કેટલા નમુનાઓ પ્રમાણસર ધોરણના અને કેટલા નમુનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને | (૨) ૧૦૨૭૪ નમુનાઓ પ્રમાણસર<br>૪૫૧ નમુનાઓ અપ્રમાણસર |
| (૩) સન ૨૦૧૬ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં ઉક્ત સ્થિતિએ શું પગલા લેવામાં આવ્યા ? | (૩) સને ૨૦૧૬ના વર્ષ દરમિયાન અપ્રમાણસર દવાના કિસ્સામાં લેવામાં આવેલા પગલાંની વિગતો નીચે મુજબ છે.<br>➢ ૨૪ કિસ્સામાં ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા.<br>➢ ૧૩૩ કિસ્સામાં પેઢીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.<br>➢ અન્ય રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર દવાના ૨૯૪ કિસ્સાઓમાં જે તે રાજ્યના ઔષધ નિયંત્રકને પગલા લેવા માટે રીફર કરવામાં આવેલ છે. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૩૦૦૬૦ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ–પોરબંદર હાઈવેથી પોરબંદરમાં પ્રવેશતા સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારે ક્યારે મંજુરી આપેલ અને તે માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ નાગરીકોની અવર જવર માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવેલ છે ?

જવાબ

(૧), (૨) અને (૩)

કેન્દ્ર સરકાર દ્વારા સુધારેલી મંજુરી તા.૧૯–૧૨–૨૦૧૩ ના રોજ આપેલ જે અન્વયે આ કામ રૂ.૯૭૭૨.૯૩ લાખના ખર્ચે પુર્ણ થતા તા.૨૪–૨–૨૦૧૭ ના રોજ આ ફ્લાય ઓવર બ્રીજ નાગરીકોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

---------

### કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધાઓ માટે ફાળવાયેલ ગ્રાન્ટ

* ૨૯૯૮૨ ડૉ. નિમાબેન આચાર્ય (ભુજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ.૨૩.૬૦ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ.૨૩.૬૦ કરોડ ચૂકવવામાં આવેલ છે જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૨૮.૫૮ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ.૧૯.૫૪ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) ૬૩૮ કામો. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે, | (૩) ૪૩૧ કામો. |

---------

### ડીસા તાલુકામાં રસ્તાઓને જોબ નંબર

* ૩૦૧૫૦ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં વર્ષવાર કેટલા અને ક્યા રસ્તાઓને જોબ નંબર આપવામાં આવ્યા હતા, (૨) તે અન્વયે કેટલા રસ્તાઓ માટે કેટલી રકમ ફાળવી કામો શરૂ કરાયા, અને | (૧) અને (૨) ઉકત સ્થિતિએ *પરિશિષ્ટ મુજબના ૭૪ રસ્તાઓ માટે રૂ.૫૭૭૨.૪૦ લાખની રકમ ફાળવી તે પૈકી ૩૦ રસ્તાઓના કામો શરૂ થયેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા રસ્તાઓને જોબ નંબર આપવાના બાકી છે ? | (૩) તાંત્રિક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ, નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આપવામાં આવતા હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### પાલનપુર અને ડીસાની સિવિલ હોસ્પીટલમાંથી દર્દીઓને દવા ન પુરી પાડવાના કિસ્સાઓ

* ૩૨૦૦૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) પાલનપુર અને ડીસાની સિવિલ હોસ્પીટલમાં દર્દીઓને તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી બહારથી દવાઓ લખી આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ,

(૧) મોટાભાગની દવાઓ જે એસેન્સીયલ ડ્રગ લીસ્ટમાં છે તે અને યોજનાકીય દવાઓ હોસ્પીટલમાંથી નિઃશુલ્ક આપવામાં આવે છે. પરંતુ તેની બહારની દવાઓ જે લખી આપવામાં આવે છે તે મહદઅંશે રોગી કલ્યાણ સમીતી મારફત ખરીદી આપવામાં આવે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇમરજન્સી અને ગંભીર પ્રકારની બિમારીમાં કેટલા દર્દીઓને રોગી કલ્યાણ સમિતિ ફંડમાંથી ઉક્ત વર્ષવાર કેટલી રકમની દવાઓ ખરીદીને આપવામાં આવી, અને

(૨)

| જનરલ હોસ્પીટલ, પાલનપુર | | |
|---|---|---|
| વર્ષ | દર્દીઓની સંખ્યા | રકમ |
| ૨૦૧૫ | ૯૮ | રૂ. ૪૬,૦૩૩/- |
| ૨૦૧૬ | ૧૭૪ | રૂ. ૮૩,૯૧૯/- |

| સરકારી હોસ્પીટલ, ડીસા | | |
|---|---|---|
| વર્ષ | દર્દીઓની સંખ્યા | રકમ |
| ૨૦૧૫ | શુન્ય | નીલ |
| ૨૦૧૬ | ૧૧ | રૂ. ૬૨૫૨/- |

(૩) ઉક્ત સ્થિતિએ દર્દીઓને ઉક્ત હોસ્પીટલમાંથી દવા પુરી પાડવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

(૩) એસેન્સીયલ ડ્રગ લીસ્ટમાં સમાવેશ થયેલ દવાઓની સંખ્યા વધારવાની કાર્યવાહી ચાલુ છે.

---------

### ભાવનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૫૭ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ દરમિયાન ભાવનગર જિલ્લામાંથી રાજ્યને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ. ૫૭૬.૬૭ કરોડ

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે?

(૨) (૧) શીપ બ્રેકર
(૨) ગેસ
(૩) ટોબેકો
(૪) ઑટોમોબાઈલ
(૫) આયર્ન & સ્ટીલ

---------

### વાપી ખાતેની ઇ.એસ.આઇ. હોસ્પીટલ

* ૩૨૫૧૪ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના વાપી ખાતે ઇ.એસ.આઇ. હોસ્પીટલ આવેલ છે તે વાત સાચી છે.

(૧) હા, આ ઇ.એસ.આઇ. હોસ્પીટલનું સંચાલન કામદાર રાજ્ય વીમા નિગમ, નવી દિલ્હી (ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના એકમ) દ્વારા તા.૧-૦૭-૨૦૧૧થી કરવામાં આવે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત હોસ્પીટલમાં આવતા દર્દીને અન્ય હોસ્પીટલમાં રીફર કરવામાં આવે છે કે કેમ, અને

(૨) હા.

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ આવતા કઇ હોસ્પીટલમાં દર્દીને રીફર કરવામાં આવે છે?

(૩) કામદાર રાજ્ય વીમા નિગમ, નવી દિલ્હી સંચાલિત વાપી ઇ.એસ.આઇ. હોસ્પીટલ દ્વારા આપવામાં આવેલ વિગતો મુજબ નીચેની હોસ્પીટલોમાં દર્દીઓને રીફર કરવામાં આવે છે.

–વોકહાર્ટ હોસ્પીટલ, સુરત
–ઓમ શિવમ હોસ્પીટલ, સુરત
–યશફીન હોસ્પીટલ, નવસારી
–ટ્રાઇ–સ્ટાર હોસ્પીટલ, સુરત
–આસુતોશ હોસ્પીટલ, સુરત
–એપોલો અમરીશ ઓન્કોલોજી, ગાંધીનગર
–આરુણી હોસ્પીટલ, રાજકોટ
–કૈલેશ કેન્સર હોસ્પીટલ & રીસર્ચ સેન્ટર, ગોરજ, વડોદરા
–B A A કેન્સર સેન્ટર, નવસારી
–યેશા હોસ્પીટલ, નવસારી
–એચ.સી.જી કેન્સર સેન્ટર અમદાવાદ, વડોદરા, ભાવનગર

---------

સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ

* ૨૯૯૯૫ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ અંતર્ગત કેટલા લોકોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) ૧,૫૩,૨૭૭ કાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૫,૭૧૯ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં પ્રીમીયમ પેટે કેટલી રકમ ચુકવેલ છે? | (૩) રૂ. ૫,૨૫,૪૮,૪૨૩/– ચુકવેલ છે. |

---------

જામનગર જિલ્લાના નોન–પ્લાન રસ્તાઓ

* ૩૧૬૪૮ શ્રી રાઘવજી પટેલ (જામનગર – ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાના (૧) વાણીયાગામ થી ચંદ્રાગા (૨) સુર્યપરા થી નાની બાણુગાર (૩) ખીલોસ (સરદારનગર) થી રાજકોટ હાઇવે (૪) ઢંઢા થી પીપરટોડા (૫) મચાત્રા થી હર્ષદપુર ગામોને જોડતા નોન–પ્લાન રસ્તા તા.૩૧મી ડીસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ મંજુર કરી બનાવવામાં આવ્યા નથી તે હકિકત સાચી છે, | (૧) (૨) અને (૩)<br><br>તાંત્રિક જરૂરિયાત, આંતરિક અગ્રતા ધ્યાને લેતાં હાલ આયોજનમાં નથી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | |
| (૩) ઉક્ત ગામોને જોડતા નોન–પ્લાન રસ્તાઓ ક્યા સુધીમાં બનાવવામાં આવનાર છે? | |

---------

રાજકોટ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૫૬ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ (ગ્રામ્ય)) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ દરમિયાન રાજકોટ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ. ૧૦૫૩.૦૮ કરોડ

(૨) ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટી કઈ છે?

(૨) (૧) વાહન (૨,૩ & ૪ વ્હીલર)

(૨) મશીનરી પાર્ટ્સ

(૩) કોટન

(૪) ફુડ પ્રોડ્ક્ટસ

(૫) આયર્ન & સ્ટીલ

---------

### ભાવનગર જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ ખર્ચ

* ૩૦૯૫૩ શ્રી પ્રવિણભાઇ રાઠોડ (પાણીતાણા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા ખેલાડીઓએ ખેલ મહાકુંભમાં ભાગ લીધો?

(૧) અને (૨)

વર્ષવાર થયેલ ખર્ચ (રૂપિયા) તથા ભાગ લીધેલ ખેલાડીઓ

| વર્ષ | ખર્ચ રૂ | ભાગ લીધેલ ખેલાડીઓ |
|---|---|---|
| ૨૦૧૫ | ૯,૮૨,૮૦૦ | ૮૦,૬૪૬ |
| ૨૦૧૬ | ૧૬,૭૫,૧૬૧, | ૭૭,૪૨૬ |
| કુલ | ૨૬,૫૭,૯૬૧ | ૧,૫૮,૦૭૨ |

---------

### ગાંધીનગર જિલ્લામાં વેટ આકારણીની ફરીયાદો

* ૩૨૨૫૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વેટ આકારણી ખોટી થવા અંગેની કેટલી અપીલો સરકારમાં કરવામાં આવી,

(૧) હકીકત અને અર્થઘટનના મુદ્દે છેલ્લા બે વર્ષમાં ૧૮૪ અપીલો થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા કેટલી અપીલોમાં કેટલું રીફંડ આપવામાં આવ્યું અને કેટલું રીફંડ ચૂકવવાનું બાકી છે, અને

(૨) એ પૈકી ૨૧ અપીલોમાં રૂ. ૧૨,૩૯,૭૦૩/- રીફંડ આપવામાં આવેલ છે અને ૨૧ અપીલોમાં રૂ. ૫૩,૧૧,૨૨૨/-નું રીફંડ ચૂકવવાનું બાકી છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ચુકાદાઓમાં રીફંડ આપવા અંગેની સમય મર્યાદા શું છે?

(૩) અપીલ આદેશ અન્વયે ઉપસ્થિત રીફંડ ચૂકવવામાં કાયદાકીય જોગવાઇથી કોઇ નિયત સમય મર્યાદા નથી.

---------

### જુનાગઢ સિવિલ હોસ્પિટલમાંથી દર્દીઓને દવા ન પુરી પાડવાના કિસ્સાઓ

* ૩૨૦૩૬ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી બહારથી દવાઓ લખી આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે

(૧) હા,જી.

કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇમરજન્સી અને ગંભીર પ્રકારની બિમારીમાં કેટલા દર્દીઓને રોગી કલ્યાણ સમિતિ ફંડમાંથી ઉક્ત વર્ષવાર કેટલી રકમની દવાઓ ખરીદીને આપવામાં આવી, અને

(૨) જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા બે વર્ષમાં ઇમરજન્સી અને ગંભીર પ્રકારની બીમારીમાં દર્દીઓને રોગી કલ્યાણ સમિતિ ફંડમાંથી વર્ષવાર નીચેની દર્શાવેલ વિગતે દવાઓ ખરીદ કરીને દર્દીઓને આપવામાં આવી.

(૧) સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં કુલ ૧૩૨૩ દર્દીઓને રૂા ૫,૧૦,૯૬૦/-

(૨) સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ ૧૫૨ દર્દીઓને રૂા ૫૮,૭૨૫/-

(૩) ઉક્ત સ્થિતિએ દર્દીઓને ઉક્ત હોસ્પીટલમાંથી દવા પુરી પાડવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

(૩) (૧) ઉક્ત સ્થિતિએ સરકારશ્રીએ ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી. મારફતે હોસ્પિટલમાં દવાઓ પહોંચાડવામાં આવે છે.

(૨) વધુમાં છેલ્લા બે માસથી દવાઓ ખરીદી માટેનું ઇન્ડેન્ટ મોકલીને ''દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર્સ'' માંથી ખરીદ કરીને દર્દીઓને દવાઓ પુરી પાડવામાં આવે છે.

(૩) રોગી કલ્યાણ સમિતિના ફંડમાંથી પણ નિયમ મુજબ દવાઓની ખરીદી કરીને દર્દીઓને દવા પુરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતર પર વેટની આવક

* ૩૧૩૦૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાસાયણિક ખાતર પર કેટલા ટકા વેટ લેવામાં આવે છે, અને

(૧)

| વિગત | વેરાનો દર | સેસ |
|---|---|---|
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪% +૧% વધારાનો વેરો | - |
| રાસાયણિક ખાતર(પુન:વેચાણ) | માફી | - |

(૨) ઉક્ત લેવામાં આવતા વેટ અન્વયે બનાસકાંઠા જીલ્લામાંથી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી આવક થઈ?

(૨)

| ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી) |
|---|---|
| શૂન્ય | શૂન્ય |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ટીબી, કેન્સર અને સિકલ સેલના દર્દીઓ

* ૩૦૩૧૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ટી.બી., કેન્સર અને સિકલ સેલના કેટલા દર્દીઓ નોંધાયેલ છે,

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ટી.બી., કેન્સર અને સિકલ સેલના નીચે મુજબના દર્દીઓ નોંધાયેલ છે,

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ | | |
|---|---|---|---|
| | ટીબી | કેન્સર | સિકલસેલ |
| બોડેલી | ૨૬૯ | ૩ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ક્વાંટ | ૪૧૪ | ૦ | ૬ |
| પાવી–જેતપુર | ૨૭૮ | ૦ | ૨૮ |
| સંખેડા | ૧૪૭ | ૦ | ૦ |
| છોટાઉદેપુર | ૪૬૩ | ૦ | ૩૦ |
| નસવાડી | ૧૨૨ | ૦ | ૨૫ |
| કુલ | ૧૬૯૩ | ૩ | ૮૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દર્દીઓને રાજ્ય સરકાર શી સહાય આપે છે?

(૨)

- ટીબીના રોગ માટે પ્રતિમાસ રૂ.૫૦૦/–
- કેન્સરના રોગ માટે પ્રતિમાસ રૂ.૧૦૦૦/–
- સિકલસેલના રોગ માટે પ્રતિમાસ રૂ.૫૦૦/– મુજબ દર્દીઓને સહાય આપવામાં આવે છે.

---------

વડોદરા અને છોટાઉદાપુર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૩૨૨૬૪ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાણિજિયક વેરાની કેટલી આવક થઈ, અને

(૧) (રકમ રૂ. કરોડમાં)

| જિલ્લાનું નામ | કૂલ આવક |
|---|---|
| વડોદરા | ૪૮૭૯.૦૬ |
| છોટાઉદેપુર | ૪૬.૧૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર સૌથી વધુ આવક આપતી દસ કોમોડીટી કઈ છે?

(૨)

| ક્રમ | વડોદરા | છોટાઉદેપુર |
|---|---|---|
| ૧ | ક્રુડ ઓઈલ | કોટન એન્ડ કોટન સીડ્સ |
| ૨ | ઓટોમોબાઈલ્સ & ઓટોપાર્ટસ (૨,૩ &૪ વ્હીલર) | મીનરલ્સ |
| ૩ | કેમિકલ / ડાયઝ | ઓટો મોબાઈલ્સ તેના પાર્ટસ |
| ૪ | ઈલેક્ટ્રીકલ્સ ગુડઝ | દીવેલ |
| ૫ | આયર્ન / સ્ટીલ | પ્લાયવુડ |
| ૬ | મશીનરી એન્ડ પાર્ટસ | પેટ્રોલ / ડીઝલ |
| ૭ | ટોબેકો | ફેબ્રીકેશન જોબવર્ક |
| ક્રમ | વડોદરા | છોટાઉદેપુર |
| ૮ | ફર્ટીલાઈઝર્સ | રેતી |
| ૯ | લ્યુબ્રીકેન્ટસ | સિમેન્ટ |
| ૧૦ | નોન ફેરસ મેટલ & અલોઈઝ | આયર્ન એન્ડ સ્ટીલ |

---------

ધોરાજી નગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ મળેલ ગ્રાંટ

* ૨૯૯૭૮ શ્રી પ્રવિણભાઇ માંકડીયા (ધોરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન

શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજુર કરેલ છે, અને

શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂ. ૮૪,૧૮૪/- ની ગ્રાંટ મંજુર કરેલ છે

(૨) તે પૈકી કેટલી ગ્રાંટ ઉક્ત સ્થિતિએ ચુકવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ રૂ. ૮૪,૧૮૪/- ની ગ્રાંટ ધોરાજી નગરપાલિકાને ચુકવેલ છે.

---------

મહેસાણા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ ફીઝીયોથેરાપીસ્ટની સારવાર

* ૨૯૯૯૦ શ્રી નારાયણભાઇ પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત સારવાર ઉપલબ્ધ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ૧૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૧૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર ઉપલબ્ધ છે.

---------

અમદાવાદ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૬૧ શ્રી રજનીકાંન્ત પટેલ (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાંથી રાજ્ય ને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટી કઈ છે?

જવાબ

(૧) રૂ.૧૫૨૬૪.૦૭ કરોડ.

(૨) (૧) પેટ્રોલ / ડીઝલ
(૨) ઓટોમોબાઈલ & ઓટોપાર્ટસ
(૩) તમાકુ તથા તેની બનાવટ
(૪) મોબાઈલ ફોન
(૫) લુબ્રિકેન્ટસ (અન્ય પેટ્રોલીયમ પ્રોડક્ટ)

---------

રાજકોટ અને બોટાદ જિલ્લામાં પીએચસીના નવા મકાનો

* ૩૦૧૨૯ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો મંજુર કરવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના ૧૧ (અગિયાર) તાલુકામાં ૨૧ (એકવીસ) અને બોટાદ જિલ્લાના ૦૪(ચાર) તાલુકામાં ૦૭(સાત) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો મંજુર કરવામાં આવ્યા છે. *પત્રક-અ અને *પત્રક-બ સામેલ છે.

પત્રક – અ

| ક્રમ | તાલુકો | પ્રા.આ.કેન્દ્રોના નામ | બજેટની વિગત |
|---|---|---|---|
| ૧ | જસદણ | કમળાપુર | નાબાર્ડ |
| ૨ | લોધિકા | પારડી | નાબાર્ડ |
| ૩ | જસદણ | કાનપર | સ્ટેટ બજેટ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વિછીયા | દેવધરી | સ્ટેટ બજેટ |
| ૫ | | મોઢુકા | સ્ટેટ બજેટ |
| ૬ | | વડોદ | સ્ટેટ બજેટ |
| ૭ | | છાસીયા | સ્ટેટ બજેટ |
| ૮ | | અમરાપુર | સ્ટેટ બજેટ |
| ૯ | પડધરી | સાલ પીપળીયા | સ્ટેટ બજેટ |
| ૧૦ | કોટડા સાં. | નારણકા | સ્ટેટ બજેટ |
| ૧૧ | લોધિકા | નગર પીપળીયા | સ્ટેટ બજેટ |
| ૧૨ | રાજકોટ | ખોખડદળ | સ્ટેટ બજેટ |
| ૧૩ | | કસ્તુરબાધામ | સ્ટેટ બજેટ |
| ૧૪ | ઉપલેટા | કોલકી | સ્ટેટ બજેટ |
| ૧૫ | ગોંડલ | ગોમટા | સ્ટેટ બજેટ |
| ૧૬ | જેતપુર | જેતલસર | સ્ટેટ બજેટ |
| ૧૭ | જામ કંડોરણા | સતોદળ | સ્ટેટ બજેટ |
| ૧૮ | | ધોળીધાર | સ્ટેટ બજેટ |
| ૧૯ | ગોંડલ | મોટા દડવા | એન આર એચ એમ |
| ૨૦ | જસદણ | લીલાપુર | એન આર એચ એમ |
| ૨૧ | | કનેસરા | એન આર એચ એમ |

પત્રક – બ

| ક્રમ | તાલુકો | પ્રા.આ.કેન્દ્રના નામ | બજેટની વિગત |
|---|---|---|---|
| ૧ | રાણપુર | ખસ | સ્ટેટ બજેટ |
| ૨ | | ઉમરાળા | સ્ટેટ બજેટ |
| ૩ | બરવાળા | નાવડા | સ્ટેટ બજેટ |
| ૪ | | સારંગપુર | સ્ટેટ બજેટ |
| ૫ | રાણપુર | નાગનેશ | નાબાર્ડ |
| ૬ | ગઢડા | મોટી કુંડળ | નાબાર્ડ |
| ૭ | બોટાદ | તુરખા | એન.આર.એચ.એમ |

(૨) ઉક્ત પૈકી કેટલા મકાનોના બાંધકામ ઉક્ત સ્થિતિ સુધીમાં શરૂ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત પૈકી રાજકોટ જિલ્લાના ૦૪(ચાર) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને બોટાદ જિલ્લાના ૦૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ શરૂ કરવામાં આવેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | પ્રા.આ.કેન્દ્રનું નામ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ગોંડલ | મોટા દડવા |
| ૨ | | જસદણ | કમળાપુર |
| ૩ | | જસદણ | લીલાપુર |
| ૪ | | જસદણ | કનેસરા |
| ૧ | બોટાદ | રાણપુર | ખસ |
| ૨ | | રાણપુર | ઉમરાળ |
| ૩ | | રાણપુર | નાગનેશ |
| ૪ | | ગઢડા | મોટી કુંડળ |

(૩) રાજ્ય સરકારે રાજકોટ અને બોટાદ જિલ્લાને ઉક્ત કામ પેટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવી?

(૩) રાજ્ય સરકારે રાજકોટ જિલ્લાને રૂ.૪૦૦.૦૬ લાખ અને બોટાદ જિલ્લાને રૂ.૫૨૧.૬૬ લાખની ગ્રાન્ટ ઉક્ત કામો

ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

ફાળવવામાં આવેલ છે.

---------

નર્મદા યોજનાની માઇનોર કેનાલ, સબ માઇનોર કેનાલ અને ફીલ્ડ ચેનલની કામગીરી

* ૩૧૭૪૧ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા યોજના આધારીત બનાવવાની માઇનોર કેનાલ, સબ માઇનોર કેનાલ અને ફીલ્ડ ચેનલની લંબાઇ કેટલી છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સરકારશ્રી દ્વારા કરવામાં આવતી કામગીરી અંતર્ગત માઈનોર કેનાલ ૧૫૬૬૯.૯૪ કી.મી. અને સબ માઇનોર કેનાલ ૪૮૩૧૯.૯૪ કી.મી. અંદાજીત લંબાઈમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી કેનાલોની કામગીરી પૂર્ણ થયેલ છે? | (૨) માઇનોર કેનાલ ૧૨૨૫૦.૪૬ કી.મી. લંબાઇમાં પૂર્ણ થયેલ છે.<br>સબ માઇનોર કેનાલ ૨૫૭૪૨.૫૯ કી.મી. લંબાઇમાં પૂર્ણ થયેલ છે. |

---------

અમદાવાદની કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં આપવામાં આવતી તબીબી સેવાઓ

* ૨૯૯૫૩ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ખાતે ક્યા પ્રકારની તબીબી સેવાઓ આપવામાં આવે છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદ ખાતે કેન્સરની સારવાર માટે નીચે મુજબની તબીબી સેવાઓ આપવામાં આવે છે.<br>(૧) ઓ.પી.ડી., (૨) ઈન્ડોર, (૩) ઓપરેશન, (૪) કીમોથેરાપી, (૫) રેડીયોલોજી ઈન્વેસ્ટિગેશન, (૬) પેલીએટીવ મેડીસીન |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સુવિધાઓનો લાભ રાહત દરે તેમજ વિનામુલ્યે કોને આપવામાં આવે છે? | (૨) (અ) આ સુવિધાઓનો લાભ ૫૦ ટકાના રાહતદરે નીચે જણાવેલ દર્દીઓને આપવામાં આવે છે.<br>(૧) અનુસૂચિત જાતિના દર્દીઓ કે, જેમની વાર્ષિક આવક રૂ.૬૮,૦૦૦/– થી વધારે હોય.<br>(૨) રૂ.૨/– લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબના દર્દીઓને.<br>(બ) આ સુવિધાઓનો લાભ વિનામુલ્યે નીચે જણાવેલ દર્દીઓને આપવામાં આવે છે.<br>(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૮ વર્ષથી નીચેની ઉંમરના દર્દીઓ<br>(૨) અનુસૂચિત જન જાતિના દર્દીઓ<br>(૩) મુખ્યમંત્રી અમૃતમ(મા) યોજનાના કાર્ડ ધારક દર્દીઓ(વાર્ષિક ખર્ચ રૂ.૨/– લાખની મર્યાદામાં)<br>(૪) મા વાત્સલ્ય યોજનાના કાર્ડ ધારક દર્દીઓ (વાર્ષિક ખર્ચ રૂ.૨/– લાખની મર્યાદામાં)<br>(૫) અનુસૂચિત જાતિના વાર્ષિક રૂ.૬૮,૦૦૦/– થી ઓછી આવક ધરાવનાર દર્દીઓને<br>(૬) સરકાર માન્ય પત્રકાર |

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

(૭) રાજ્યની જેલના કેદીઓ
(૮) ગુજરાત વિધાનસભાના ધારાસભ્યશ્રીઓ
(૯) સ્વાતંત્ર્ય સેનાનીઓ.

---------

### દહેગામ તાલુકામાં નર્મદા કેનાલનું પાણી ખેડુતોને પિયત માટે આપવા બાબત

* ૩૧૨૮૮ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ દહેગામ તાલુકાના અપ્રુજી નર્મદા કેનાલનું પાણી બારીયા–બારડોલી દેવકરણના મુવાડા કડજોદરાના ખેડુતોને પિયત માટે અપાતુ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે અને પિયત માટે પાણી આપવા સરકારે શુ આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૧૯૯૮માં નક્કી થયેલ નર્મદા કમાન્ડ વિસ્તાર પ્રમાણે દહેગામ તાલુકાના અપ્રુજી, બારીયા–બારડોલી, દેવકરણના મુવાડા, કડજોદરાના ગામોનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થતો ન હોવાથી.

---------

### સાબરકાંઠા જિલ્લાનો પોશીનાથી કલછાવાડ ગૌરીકુલોનો રસ્તો

* ૩૨૫૧૯ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં પોશીનાથી કલછાવાડ ગૌરીકુલો સુધીનો રસ્તો મંજુર થયેલ છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા કિલોમીટરનો રસ્તો ક્યારે મંજુર કરવામાં આવેલ છે,

(૩) વન વિસ્તારમાં ઉક્ત પૈકી કેટલા કિલોમીટરનો રસ્તો આવે છે,

(૪) ઉક્ત સ્થિતિએ વન વિસ્તારમાં આવતા ઉક્ત રસ્તાને વન ખાતાએ અટકાવેલ છે કે કેમ, અને

(૫) જો હા, તો ઉક્ત રસ્તાની ક્યારે મંજુરી આપવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી. વર્ષ ૨૦૦૬–૦૭માં PMGSY યોજના હેઠળ મંજુર થયેલ છે.

(૨) ૩.૬૬૦ કી.મી.

(૩) ૩.૧૮૦ કી.મી.

(૪) હા, જી.

(૫) વન વિભાગ સાથેની જમીન તબદીલની પ્રક્રિયા પૂર્ણ થયેથી.

---------

### પંચમહાલ જિલ્લામાં મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સની કામગીરી

* ૩૨૨૫૦ શ્રી જેઠાભાઇ ભરવા ડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સની કામગીરી અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોહીના કેટલા નમૂના એકત્ર કરવામાં આવેલ,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર એકત્ર કરવામાં આવેલ લોહીના નમૂનાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | તાલુકાનું નામ | એકત્ર કરેલ લોહીના નમૂના | |
|---|---|---|---|
| | | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ |
| ૧ | મોરવા હડફ | ૩૯૦૨૮ | ૪૦૭૯૯ |
| ૨ | શહેરા | ૪૯૮૭૭ | ૫૨૦૩૮ |
| ૩ | ગોધરા | ૮૭૮૧૮ | ૧૦૧૪૨૩ |
| ૪ | ઘોઘંબા | ૪૮૪૮૭ | ૫૩૦૦૬ |
| ૫ | કાલોલ | ૪૧૭૯૧ | ૪૪૨૩૮ |
| ૬ | હાલોલ | ૪૪૮૫૨ | ૪૬૫૯૦ |
| ૭ | જાંબુઘોડા | ૧૦૫૮૯ | ૧૦૪૧૯ |

| કુલ | ૩૨૨૪૪૨ | ૩૪૮૫૧૩ |
|---|---|---|

(૨) ઉક્ત પૈકી કેટલા કેસમાં મેલેરીયા અને કેટલા કેસમાં ફાલ્સીપેરમ જણાઇ આવ્યું અને

(૨) ઉક્ત પૈકી નીચે મુજબના કેસોમાં મેલેરીયા અને ફાલ્સીપેરમ જણાઇ આવ્યું.

| અ.નં | તાલુકાનું નામ | મેલેરીયા કેસ | | ફાલ્સીપેરમ કેસ | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | મોરવા હડફ | ૧૯૨ | ૧૯૯ | ૪૩ | ૪૩ |
| ૨ | શહેરા | ૧૭૭ | ૧૬૨ | ૨૦ | ૨૨ |
| ૩ | ગોધરા | ૪૮૬ | ૫૮૯ | ૮૪ | ૧૧૫ |
| ૪ | ઘોઘંબા | ૩૯૦ | ૬૨૩ | ૧૩૪ | ૧૫૯ |
| ૫ | કાલોલ | ૭૬ | ૬૯ | ૧૬ | ૮ |
| ૬ | હાલોલ | ૧૨૮ | ૧૩૨ | ૧૮ | ૧૩ |
| ૭ | જાંબુઘોડા | ૬૦ | ૪૮ | ૭ | ૭ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા?

(૩) વર્ષ-૨૦૧૫ તથા વર્ષ-૨૦૧૬ દરમ્યાન પંચમહાલ જિલ્લાના કોઇ પણ તાલુકામાં મેલેરીયા અને ફાલ્સીપેરમને કારણે એક પણ દર્દીનું મૃત્યુ નોંધાયેલ નથી.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન યોજનાના લાભાર્થી

* ૨૮૮૪૧ શ્રી ગેંદાલભાઇ ડામોર (સંતરામપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧) હા, જી. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૂક્ષ્મ (Mi c r o) સિંચાઇ યોજના અંતર્ગત ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં લાભ આપવામાં આવેલ લાભાર્થીઓની તાલુકાવાર માહિતી *પત્રક-૧ માં સામેલ છે.

(૨) ઉક્ત યોજનાની કામગીરી ઉક્ત જિલ્લાવાર કઇ એજન્સી દ્વારા કરવામાં આવેલ?

(૨) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઉક્ત યોજના હેઠળ કામગીરી કરનાર એજન્સીઓની યાદી આ સાથેના *પત્રક-૨ અને ૨-અ માં સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં રસ્તાથી વંચિત પેટાપરાઓ

163/p a g e >* ૩૦૧૯૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ તથા બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટાપરાઓ પાકા રસ્તાથી વંચિત છે, અને

(૧)

| પાટણ જિલ્લો | | બનાસકાંઠા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | રસ્તાથી વંચિત પેટાપરાઓ ની સંખ્યા | તાલુકો | રસ્તાથી વંચિત પેટાપરાઓ ની સંખ્યા |
| ચાણસ્મા | ૦ | અમીરગઢ | ૫ |
| હારીજ | ૭ | પાલનપુર | ૧૮ |
| પાટણ | ૦ | દાંતીવાડા | ૪ |
| સરસ્વતી | ૨૪ | ધાનેરા | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| રાધનપુર | ૫ | કાંકરેજ | ૩ |
| સમી | ૦ | દિયોદર | ૭ |
| શંખેશ્વર | ૩ | ભાભર | ૪ |
| સાંતલપુર | ૧૦ | થરાદ | ૪ |
| સિધ્ધપુર | ૧ | વાવ | ૬ |
| | | સુઇગામ | ૪ |
| | | વડગામ | ૧૧ |
| | | દાંતા | ૧૨ |
| | | ડીસા | ૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ સિધ્ધપુર અને સરસ્વતી તાલુકાના પેટાપરાઓમાં ક્યારે પાકા રસ્તા આપવાનું સરકારનું આયોજન છે?

(૨) સરસ્વતી તાલુકાના મંજૂર થયેલ ૫(પાંચ) પેટાપરાઓ બનતી ત્વરાએ અને સિધ્ધપુર તાલુકાના ૧ અને સરસ્વતી તાલુકાના ૧૯ પેટાપરાઓને તાંત્રિક જરૂરીયાત, આંતરિક અગ્રતાક્રમ, નાણાકીય ઉપલબ્ધતા અનુસાર.

---------

સુરત જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની રકમ

* ૨૯૯૭૩ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ દરમિયાન સુરત જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૩૭૫૪.૯૦ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) નેચરલ ગેસ<br>(૨) યાર્ન<br>(૩) ડાઇઝ & કેમીકલ<br>(૪) ઑટોમોબાઈલ્સ<br>(૫) આયર્ન સ્ટીલ |

---------

રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક

* ૨૯૯૨૮ શ્રી જનકભાઇ કાછડીયા (કરંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૩-૨૦૧૬ના રોજ પુરા થતા નાણાકીય વર્ષના અંતે રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક કેટલી છે અને માથાદીઠ દેવું કેટલું છે, અને

(૧) રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનના અંદાજો છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬(ઝડપી અંદાજો) માટે હાલમાં તૈયાર કરવામાં આવેલ છે તે મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ની ચાલુ ભાવે માથાદીઠ આવક રૂ ૧,૩૮,૦૨૩/- અંદાજવામાં આવેલ છે.

માથાદીઠ દેવા અંગેની કોઇ જ માહિતી નિભાવવામાં આવતી નથી, પરંતુ જાહેર દેવાની માહિતી નિભાવવામાં આવે છે. જે તા.૩૧-૩-૨૦૧૬ ના રોજ પુરા થતા નાણાકીય વર્ષના અંતે નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬(સુ.અં) | ૧,૮૨,૦૯૮ |

(૨) ઉક્ત માથાદીઠ દેવામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો વધારો થયો છે?

(૨) માથાદીઠ દેવા અંગેની કોઇ જ માહિતી નિભાવવામાં આવતી નથી, પરંતુ જાહેર દેવાની માહિતી

નિભાવવામાં આવતી હોવાથી તા.૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જાહેર દેવામાં થયેલ વધારો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વર્ષવાર વધારો(રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૩,૯૪૫ |
| ૨૦૧૫-૧૬(સુ.અં) | ૧૮,૬૪૭ |

---------

ઉપલેટા તાલુકાના પાનેલી હરીયાસણ નોન પ્લાન રોડનું બાંધકામ

* ૨૯૯૩૬ શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ-દક્ષિણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં ઉપલેટા તાલુકાના પાનેલી હરીયાસણ નોન પ્લાન રોડનું બાંધકામ મંજૂર થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા જી, |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે ક્યારે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૨) તા.૨-૮-૨૦૧૬<br>રૂ.૬૦૦.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કામ કયા તબક્કે છે? | (૩) નકશા-અંદાજ તબક્કે |

---------

અમદાવાદ મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ મળેલ ગ્રાંટ

* ૨૯૯૮૦ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજૂર કરેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂ. ૩૨,૦૭,૪૨,૬૭૭/- ની ગ્રાંટ મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી ગ્રાંટ ઉક્ત સ્થિતિએ ચૂકવેલ છે? | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૩૨,૦૭,૪૨,૬૭૭/- ની ગ્રાંટ ચૂકવેલ છે. |

---------

કે.જી. બેઝિનમાંથી ગેસનું ઉત્પાદન

* ૩૨૦૫૬ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન માટે કુલ કેટલો ખર્ચ થયો, અને | (૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ કે.જી. બેઝિન પાછળ કુલ રૂ. ૧૪૭૫૮.૪૧ કરોડ ખર્ચ થયેલ છે. (૮૦% જીએસપીસી ના શેર પ્રમાણે) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગેસનું કુલ ઉત્પાદન કેટલું છે? | (૨) કે.જી. બેઝિન બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે (Trial Production) ગેસનું ઉત્પાદન શરૂ કરેલ છે, વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કરેલ નથી. |

---------

માણસા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૩૨૫૪૪ શ્રી અમીતભાઈ ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં કેટલા સામુહિક આ.કેન્દ્રો અને કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે,

(૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર – ૧(એક)
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો – ૫ (પાંચ)

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલો સ્ટાફ નિયુક્ત છે, અને

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર ચરાડાની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-અ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-બ સામેલ છે.

(૩) ઉક્ત પૈકી ખાલી રહેલ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) જે તે સંવર્ગ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

પત્રક-અ

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | ત.અ. વર્ગ-૨ | ૩ | ૨ | ૧ |
| ૩ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | એક્સ-રે ટેકનીશ્યન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૫ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૬ | લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૭ | ઇન્ચાર્જ સ્ટાફનર્સ વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૮ | સ્ટાફનર્સ વર્ગ-૩ | ૭ | ૬ | ૧ |
| ૯ | ફીજીયો થેરાપીસ્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૧૦ | એક્સ-રે આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | હેડ ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૧૨ | સી.ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | જુ.ક્લાર્ક વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ડ્રાયવર વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૧૫ | પટાવાળા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| ૧૬ | વોર્ડબોય વર્ગ-૪ | ૨ | ૦ | ૨ |
| ૧૭ | આયા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| ૧૮ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| ૧૯ | સ્વીપર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| ૨૦ | ધોબી વર્ગ-૪ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | માળી વર્ગ-૪ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | રસોયા વર્ગ-૪ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | વોચમેન વર્ગ-૪ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પા.વોચમેન વર્ગ-૪ | ૨ | ૦ | ૨ |
| ૨૫ | પા.સ્વીપર વર્ગ-૪ | ૨ | ૦ | ૨ |
| | કુલ | ૨૯ | ૧૧ | ૧૮ |

| | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| વર્ગ-૨ | ૪ | ૨ | ૨ |
| વર્ગ-૩ | ૧૪ | ૯ | ૫ |
| વર્ગ-૪ | ૧૦ | ૦ | ૧૦ |
| કુલ | ૨૯ | ૧૧ | ૧૮ |

પત્રક-બ

| અ. નં. | તાલુકો | પ્રા.આ.કે.નું નામ | તબીબી અધિકારી (વર્ગ–૨) | | | લેબૉરેટરી ટેકનીશીયન | | | જુનીયર ફાર્માસીસ્ટ | | | ડ્રાઇવર | | | વોર્ડ આયા | | | વોર્ડ બોય | | | પાર્ટટાઇમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી |
| ૧ | માણસા | બિલોદરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨ | | ઈટાદરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૩ | | મહુડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૪ | | પુંધરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૫ | | વરસોડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | તાલુકાનું કુલ | | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |

નોંધઃ વર્ગ–૪ ની તથા ડ્રાઇવરની જગ્યાઓ આઉટ સોર્સથી લક્કી એન્ટરપ્રાઇઝ એજન્સી મારફત સેવાઓ લેવામાં આવે છે. પાર્ટ ટાઇમ કર્મચારી સ્થાનિક કક્ષાએથી આઉટ સોર્સથી રાખવામાં આવે છે.

| સમરી | | | |
|---|---|---|---|
| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
| વર્ગ–૨ | ૫ | ૫ | ૦ |
| વર્ગ–૩ | ૧૫ | ૧૫ | ૦ |
| વર્ગ–૪ | ૨૦ | ૨૦ | ૦ |
| કુલ | ૪૦ | ૪૦ | ૦ |

---------

તલોદ તાલુકામાં લૂણી નદી પર કોઝ વે

* ૩૨૮૬૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના જોરાજીના મુવાડાથી ઓબજીના મુવાડા રોડ પર લૂણી નદી પરના કોઝવે પર ચોમાસુ દરમ્યાન તેમજ સુજલામ–સુફલામ યોજનાનું પાણી વહેતું હોઇ રસ્તો બંધ થઇ જાય છે, તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ બંધ થઇ જતા રસ્તા પર ઉક્ત જગ્યાએ નવીન બોક્સ કલવર્ટ બ્રિજ બનાવવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે અને ઉક્ત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

---------

પાટણ જિલ્લામાં નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૨૯૯૪૪ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) આરોગ્ય સેવાઓ પુરી પાડવા પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) ૧૧૨ (એકસો બાર) |
| (૨) વર્ષ ૨૦૧૧ ની વસ્તી પ્રમાણે કેટલા પેટા કેન્દ્રો મળવાપાત્ર છે તથા તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલા મંજુર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર - ૩૩૮<br>મંજૂર - ૩૨૨<br>ઘટ - ૧૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) નવા પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

### જી.એસ.ટી.ની પૂર્વ તૈયારી માટે તાલીમ

* ૨૯૯૨૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૦-૦૬-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની પૂર્વ તૈયારીના ભાગ રૂપે રાજ્ય સરકાર દ્વારા કેટલા અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી ? | કુલ ૪૩૦૦. |

---------

### સુત્રપાડા તાલુકાના અનીડા ટોબરા નોનપ્લાન રોડનું બાંધકામ

* ૨૯૯૮૬ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં સુત્રાપાડા તાલુકાના અનીડા ટોબરા નોનપ્લાન રોડનું બાંધકામ મંજુર થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ ક્યારે અને કેટલી રકમનું મંજુર કરેલ છે, અને | (૨) તા.૧૭-૧૦-૨૦૧૬ ના રોજ રૂ.૨૮૫.૦૦ લાખનું. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ તબક્કે. |

---------

### મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૩૦૭૮૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં નગરપાલિકાઓમાં કોઇ ભૂગર્ભ ગટર યોજના મંજુર કરેલ નથી. પરંતુ મહીસાગર જિલ્લાની ૩(ત્રણ) નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ તા.૩૧-૧૨-૨૦૧૪ પહેલા મંજુર થયેલ છે. |
| (૨) ઉક્ત મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કઇ નગરપાલિકામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### મહીસાગર જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૦૧૩૯ પ્રો. હિરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સંવર્ગવાર કુલ કેટલુ મંજુર મહેકમ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ૩૪ (ચોત્રીસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૦૮(આઠ) સામુહિક આરોગ્ય કેન્દ્રો, અને ૦૨(બે) સરકારી હોસ્પિટલો આવેલી છે.

(૨) અને (૩)

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું * પત્રક–અ, સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું * પત્રક–બ અને સરકારી હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું * પત્રક–ક આ સાથે સામેલ છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવાનું આયોજન છે.

( *પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ દ્વારા દર્દીઓને અપાતી તબીબી સેવાઓ

* ૨૯૯૫૨ શ્રી સુરેશભાઇ પટેલ (મણિનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી દર્દીઓને કેટલા આઉટડોર, ઇન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ ૮,૧૯,૫૯૪ દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી નીચે મુજબના દર્દીઓને આઉટડોર, ઇન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

| સારવારની વિગત | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|---|
| આઉટડોર | ૩,૭૮,૮૦૩ | ૩,૯૪,૭૧૨ |
| ઇન્ડોર | ૨૩,૨૦૯ | ૨૨,૮૭૦ |
| કુલ દર્દીઓ | ૪,૦૨,૦૧૨ | ૪,૧૭,૫૮૨ |

ઉક્ત ઇન્ડોર અને આઉટડોર પૈકી સર્જીકલ સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|
| ૧,૭૧,૮૧૫ | ૧,૮૭,૮૭૫ |

---------

### મહેસાણા જિલ્લામાં તાલુકાઓમાં સિંચાઇ માટે આપવામાં આવતું નર્મદા નહેરનું પાણી

* ૩૧૯૭૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ક્યા તાલુકાઓમાં નર્મદા નહેરનું પાણી સિંચાઇ

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી, જોટાણા તથા બેચરાજી તાલુકામાં નર્મદા

માટે આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ક્યા તાલુકામાં નર્મદાનું પાણી સિંચાઇ માટે આપવામાં આવતું નથી અને ઉક્ત તાલુકાને સિંચાઇનું પાણી આપવા માટે સરકારનું શું આયોજન છે ?

નહેરનું પાણી સિંચાઇ માટે આપવામાં આવે છે.

(૨) મહેસાણા જિલ્લાના ખેરાલુ, મહેસાણા, સતલાસણા, ઉંઝા, વડનગર, વિજાપુર તથા વિસનગર તાલુકા નર્મદા કમાન્ડની બહાર હોવાથી નર્મદાનું પાણી સિંચાઇ માટે નહેરથી આપવામાં આવતું નથી. પરંતુ ઉક્ત પૈકી મહેસાણા, ખેરાલુ, વડનગર, વિજાપુર અને વિસનગર તાલુકાઓમાં નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઇપલાઇનો દ્વારા તળાવો ભરીને પૂરક સિંચાઇ અને ભુગર્ભ જળ રીચાર્જ માટે નર્મદાનું પાણી આપવામાં આવે છે. વધુમાં મોઢેરા–ધરોઇ પાઇપ લાઇનમાંથી ભીમપુરા–કૂડા પાઇપલાઇન દ્વારા સતલાસણા અને ખોરસમ માતપુર–બ્રાહ્મણવાડા પાઇપ લાઇનમાંથી ઉંઝા તાલુકાને નર્મદાનું પાણી આપવાનું આયોજન છે.

---------

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરીમાં વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ

* ૨૯૯૫૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઇવાડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ હિસાબ અને તિજોરી નિયામકની કચેરી હેઠળ બિનરાજ્યપત્રિતની કેડર વર્ગ–૩ માં સંવર્ગવાર કેટલી ખાલી જગ્યાઓ છે, અને

(૧)

| સંવર્ગ (વર્ગ–૩) | ખાલી જગ્યા |
|---|---|
| હિસાબનીશ (ગૃપ–૧) | ૨૮૨ |
| નાયબ હિસાબનીશ (ગૃપ–૨) | ૧૩૭ |
| પેટા હિસાબનીશ (ગૃપ–૩) | ૮૦૩ |
| જુનિયર કારકુન (ગૃપ–૪) | ૧૪૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ ભરવા શું આયોજન કરાયેલ છે ?

(૨) દસ વર્ષીય ભરતી કેલેન્ડર અન્વયે સીધી ભરતીની જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત અને બઢતીના કોટાની ખાલી જગ્યા ઉપર પાત્રતા ધરાવતા કર્મચારીઓને બઢતી આપી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

---------

## ડાકોર ખાતે વિશ્રામ ગૃહના નવીન મકાનનું બાંધકામ

* ૩૦૦૦૧ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૧૫–૧–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ડાકોર ખાતે વિશ્રામ ગૃહના નવીન મકાનના બાંધકામ માટે મંજુરી મળેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી મળેલ છે ?

(૨) રૂ. ૫૧૩.૦૦ લાખ

---------

## સોજીત્રા તાલુકાના કાસોર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

* ૩૧૧૨૦ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સોજીત્રા તાલુકાના કાસોર ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે પરંતુ આ આરોગ્ય કેન્દ્ર માટે મકાન તેમજ પૂરતો સ્ટાફ અને દવાઓ પણ ઉપલબ્ધ કરાવેલ નથી તે હકીકત સાચી છે,

(૧) ના જી. તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સોજીત્રા તાલુકાના કાસોર ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયેલ નથી. પરંતુ પેટા આરોગ્ય કેન્દ્ર કાસોર–૧ અને કાસોર–૨ મંજુર અને કાર્યરત છે. જે પોતાના મકાનમાં ચાલે

| | |
|---|---|
| | છે. |
| (૨) જો હા, તો સરકાર આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન ક્યારે બનાવશે, અને | (૨) લાગુ પડતુ નથી. |
| (૩) ઉક્ત કેન્દ્રમાં પૂરતો સ્ટાફ અને જરૂરી દવાઓ ક્યારે ઉપલબ્ધ કરવામાં આવશે ? | (૩) લાગુ પડતુ નથી. |

---------

ગુજરાત વિધાનસભા બિલ્ડીંગના નવિનીકરણ માટેના ટેન્ડર

* ૩૦૮૩૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત વિધાનસભા બિલ્ડીંગના નવિનીકરણ માટે કુલ કેટલી કંપનીના કેટલા ટેન્ડરો શા ભાવે સરકારને છેલ્લા એક વર્ષમાં મળ્યા, અને | (૧) ઉક્ત સ્થિતિએ બે ઈજારદારશ્રીઓ<br>(૧) ક્યુબ કન્સ્ટ્રકશન એન્જી. લી. તથા<br>(૨) પી.એસ.પી. પ્રોજેક્ટ લી.ના અનુક્રમે રૂા. ૧૨૬.૦૨ કરોડ તથા રૂા. ૧૨૪.૦૭ કરોડની રકમના ટેન્ડરો મળેલ છે. |
| (૨) ઉક્ત નવિનીકરણ પાછળ કુલ કેટલો ખર્ચ થશે અને ઉક્ત ખર્ચ બજેટના કયા હેડે મંજુર થયેલ છે ? | (૨) આ કામનો "૪૨૧૭ શહેરી વિકાસ અંગે મુડી ખર્ચ" સદરે અંદાજીત રૂા. ૧૨૦.૯૭ કરોડનો ખર્ચ થનાર છે. |

---------

દેવગઢ બારીયા શહેરની પાણી પુરવઠા યોજના

* ૩૦૦૦૬ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દેવગઢ બારીયા શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૪૨૬.૪૯ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૩૮૭.૬૯ લાખ |
| (૪) ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) કામો પૂર્ણ થયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મોરબી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ

* ૨૯૯૪૭ શ્રી કાન્તિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કુલ-૬ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ નથી,અને | (૨) ઉક્ત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ ૧૮ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ ૧૬ જગ્યાઓ ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ-૨ની સેવા ઉપલબ્ધ કરવા સરકારે શા પગલા લીધેલ છે ? | (૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ-૨ની સેવા ઉપલબ્ધ કરવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

### મહેસાણા જીલ્લામાં રસ્તાના જોબ નંબર

* ૩૦૪૦૬ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા અને કયા રસ્તાના જોબ નંબરો આપવામાં આવ્યા ?

જવાબ

*પરિશિષ્ટ મુજબ

| તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૧૩૬ |
| વિજાપુર | ૫૪ |
| વિસનગર | ૫૨ |
| વડનગર | ૩૮ |
| ખેરાલુ | ૪૪ |
| સતલાસણા | ૧૨ |
| બેચરાજી | ૨૧ |
| કડી | ૮૨ |
| ઉંઝા | ૩૫ |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### જામનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવાયેલ ગ્રાન્ટ

* ૨૯૯૮૩ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૬૪.૦૦ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ. ૬૪.૦૦ કરોડ ચૂકવવામાં આવેલ છે જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ. ૫૬.૭૫ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ. ૪૨.૧૭ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે.

(૨) ૬૧ કામો મંજૂર થયેલ છે.

(૩) ૪૦ કામો પૂર્ણ થયેલ છે.

---------

### પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૩૦૦૬૨ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ–પોરબંદર હાઈવેથી પોરબંદરમાં પ્રવેશતા સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્પ્લીટફ્લાઈ ઓવરબ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારે ક્યારે મંજુરી આપેલ અને તે માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ નાગરીકોની અવર જવર માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવેલ છે ?

જવાબ

(૧), (૨) અને (૩) : કેન્દ્ર સરકાર દ્વારા સુધારેલી મંજુરી તા. ૧૯–૧૨–૨૦૧૩ના રોજ આપેલ જે અન્વયે આ કામ રૂ. ૯૭૭૨.૯૩ લાખના ખર્ચે પૂર્ણ થતા તા. ૨૪–૨–૨૦૧૭ના રોજ આ ફ્લાય ઓવર બ્રીજ નાગરીકોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

---------

### અમદાવાદ જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓ

* ૨૯૯૪૯ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, | (૧) ૩૪,૮૪૨ દાવાઓ મંજુર કર્યા. |
| (૨) ઉક્ત જિલ્લામાં ઉક્ત દાવાઓ પેટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૫૭,૩૬,૯૧,૪૯૭/– ચુકવેલ છે. |
| (૩) ઉક્ત પૈકી, હૃદય, કેન્સર, અને કીડનીનાં રોગોના કેટલા દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે ? | (૩) |

| હૃદય | કેન્સર | કીડની |
|---|---|---|
| ૯,૪૫૬ દાવાઓ | ૧૪,૧૪૫ દાવાઓ | ૧૦,૮૨૧ દાવાઓ |

---------

### અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રોનું મંજૂર મહેકમ

* ૩૨૫૬૫ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ અરવલ્લી જીલ્લામાં આવેલ તાલુકાવાર પ્રાથમિક/સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમના પ્રમાણમાં કેન્દ્રો પ્રમાણે સંવર્ગવાર ઘટ કેટલી છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂર, ખાલી અને ફીક્સ પગારના કર્મચારીઓની વિગત દર્શાવતું *પત્રક–૧ સામુહિક આરોગ્ય કેન્દ્રોની મંજુર, ખાલી અને ફીક્સ પગારના કર્મચારીઓની વિગત દર્શાવતું *પત્રક–૨ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમની સામે સંવર્ગવાર કેટલા કર્મચારીઓ ફીક્સ પગાર વાળા છે ? | (૨) સંવર્ગવાર ફીક્સ પગારવાળા કર્મચારીઓની વિગત નીચે મુજબ છે. |

| અ. નં. | આરોગ્ય કેન્દ્રોની વિગત | સંવર્ગ | મંજૂર મહેકમ | ફીક્સ પગારવાળા કર્મચારીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ફાર્માસીસ્ટ | ૩૫ | ૧૬ |
| | | લેબોરેટરી ટેકનીશીયન | ૩૫ | ૦૮ |
| | કુલ | | ૭૦ | ૨૪ |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | તબીબી અધિકારી વર્ગ–૨ | ૩૨ | ૦૧ |
| | | સ્ટાફ નર્સ | ૭૯ | ૧૨ |
| | | ફીઝીયોથેરાપીસ્ટ | ૦૮ | ૦૪ |
| | | લેબોરેટરી ટેકનીશીયન | ૧૦ | ૦૪ |
| | | ડ્રાયવર | ૧૦ | ૦૨ |
| | | વોર્ડ બોય | ૩૮ | ૦૩ |
| | | સ્વીપર | ૨૫ | ૦૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | | સ્વીપર પાર્ટટાઇમ | ૧૪ | ૦૨ |
| કુલ | | | ૨૧૬ | ૩૦ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વડોદરા જિલ્લાની નગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધાઓ માટે ફાળવાયેલ ગ્રાન્ટ

* ૨૯૯૩૨ શ્રી કેતન ઈનામદાર (સાવલી) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

જવાબ

(૧) અને (૨) : નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૧૪.૦૪ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ. ૧૪.૦૪ કરોડ ચૂકવવામાં આવેલ છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૦.૫૦ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ. ૭.૪૧ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે.

(૩) ૧૮૮ કામો મંજૂર અને તે પૈકી ૧૪૭ કામો પૂર્ણ થયેલ છે.

---------

## સિધ્ધપુર નગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ મળેલ ગ્રાંટ

* ૩૦૦૦૨ શ્રી રજનીકાંત પટેલ (બેચરાજી) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લાની સિધ્ધપુર નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજુર કરેલ છે, અને

(૨) તે પૈકી કેટલી ગ્રાંટ ઉક્ત સ્થિતિએ ચુકવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લાની સિધ્ધપુર નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂા. ૧૨,૮૬,૫૭૩/-ની ગ્રાંટ મંજુર કરેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ રૂા. ૧૨,૮૬,૫૭૩/-ની ગ્રાંટ સિધ્ધપુર નગરપાલિકાને ચુકવેલ છે.

---------

## આણંદ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ

* ૨૯૯૯૭ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ-૨ ની સેવા ઉપલબ્ધ કરવા સરકારે શા પગલા લીધેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ-૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ ૩૭ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ ૩૭ જગ્યાઓ ઉપલબ્ધ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ અને વડોદરા જિલ્લામાં નવા આરોગ્ય કેન્દ્રો બનાવવાનું આયોજન

* ૩૨૫૧૬ શ્રી અમીત ચાવડા (આંકલાવ) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ નાણાકીય

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ આણંદ

વર્ષ ૨૦૧૬–૨૦૧૭માં આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો બનાવવાનું સરકારનું આયોજન છે, અને

જિલ્લાના બોરસદ તાલુકામાં અને આંકલાવ તાલુકામાં એક–એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે જે ઘટ પૂર્ણ કરવા સર્વગ્રાહી વિચારણાના અંતે નિર્ણય કરવામાં આવશે.

આણંદ જિલ્લામાં એક પણ તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્રની ઘટ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં વડોદરા જિલ્લામાં એક પણ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉક્ત નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે ?

(૨) સર્વગ્રાહી વિચારણા બાદ જ્યાં ઘટ છે તેવા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

---------

કચ્છ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૫૮ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ તા. ૧–૪–૨૦૧૬થી તા. ૩૧–૧–૨૦૧૭ દરમિયાન કચ્છ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૧૨૭૯.૪૫ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટી કઈ છે ? | (૨) (૧) આયર્ન & સ્ટીલ<br>(૨) ટીમ્બર<br>(૩) કેમીકલ<br>(૪) સિમેન્ટ<br>(૫) યાર્ન |

---------

ખેડા જિલ્લામાંથી સરકારને મળેલ વાણિજ્યિક વેરાની રકમ

* ૨૯૯૨૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જીલ્લામાંથી રાજ્યને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૨૦૦.૮૮ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) બેવરેજીસ<br>(૨) તમાકુ અને તેની બનાવટો<br>(૩) ઓટો અને તેના ભાગો<br>(૪) પેટ્રોલ ડીઝલ<br>(૫) ટીમ્બર |

---------

પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૩૦૦૬૧ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ–પોરબંદર હાઈવેથી પોરબંદરમાં પ્રવેશતા સ્પ્લીટ ફ્લાઈ | (૧), (૨) અને (૩) : કેન્દ્ર સરકાર દ્વારા સુધારેલી મંજુરી તા. ૧૯–૧૨–૨૦૧૩ના રોજ આપેલ જે અન્વયે આ |

ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્પ્લીટફ્લાઈ ઓવરબ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારે ક્યારે મંજુરી આપેલ અને તે માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ મળેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ નાગરીકોની અવર જવર માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવેલ છે ?

કામ રૂ઼ા. ૯૭૭૨.૯૩ લાખના ખર્ચે પૂર્ણ થતાં તા. ૨૪–૨–૨૦૧૭ના રોજ આ ફ્લાય ઓવર બ્રીજ નાગરીકોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૯૯૪૩ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ કેટલા બાળકોની આરોગ્ય તપાસણી કરેલ છે, અને

(૨) ઉક્ત અંગે આરોગ્ય વિભાગ દ્વારા સારવાર માટે શાં પગલા લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ–૧, ૯૬, ૧૭૦ બાળકોની આરોગ્ય તપાસણી કરેલ છે.

(૨) ઉક્ત અંગે આરોગ્ય વિભાગ દ્વારા સારવાર માટે નીચે મુજબ પગલા લેવામાં આવેલ છે.

(૧) સ્થળ પર સારવાર.
(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા
(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ

* ૨૯૯૫૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ અંતર્ગત કેટલા લોકોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૬૪,૮૮૦ કાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓના ઉક્ત દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૨,૩૧૭ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં પ્રીમીયમ પેટે કેટલી રકમ ચુકવેલ છે ? | (૩) રૂ. ૧,૫૧,૨૨,૮૭૧/– ચુકવેલ છે. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### પાદરા તાલુકાની કણજટ માઈનોર કેનાલની મરામતની કામગીરી

* ૩૦૨૧૭ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન પાદરા તાલુકાની કણજટ માઈનોર કેનાલની મરામતની કામગીરીનું શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ૫.૦૨ કિ.મી. લાંબી કણજટ માઈનોર નહેર તેમજ તેમાંથી ઉદભવતી કુલ ૫.૨૦ કિ.મી. લાંબી ૩ શાખા માઈનોર નહેરમાં મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે અને નહેરના છેવાડા સુધી પાણી વહેવડાવવામાં આવેલ છે.

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૩૨૦૨૪ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સન ૨૦૧૧ની વસ્તીની સંખ્યા એ તાલુકાવાર કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉભા કરવાની જરૂરિયાત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે ક્યાં સુધીમાં ઉભા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી મુજબ તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાતની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તી | નવા પ્રા.આ.કેન્દ્રોની જરૂરિયાત મુજબ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૯૯,૧૬૨ | ૨ |
| ૨ | કલ્યાણપુર | ૧,૭૬,૨૫૬ | ૧ |
| ૩ | ખંભાલીયા | ૧,૭૯,૬૧૯ | ૪ |
| ૪ | ઓખામંડળ | ૫૧,૩૯૫ | ૦ |
| | કુલ | ૫,૦૬,૪૩૨ | ૭ |

(૨) રાજ્યના સામાન્ય વિસ્તાર માટે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં સબકેનાલ બનાવવાની કામગીરી

* ૩૦૮૪૫ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા મુખ્ય કેનાલમાંથી સબકેનાલ બનાવવાની કામગીરી અન્વયે કેટલી કેનાલોના કામ બાકી છે,

(૨) આ કેનાલોનું કામ ક્યાં તબક્કે છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨)

માઈનોર સુધીની ૧૫૪૨.૬૭ કિ.મી. કેનાલોનું કામ પૂર્ણ થયેલ છે અને ૨૦૧.૪૩ કિ.મી. નું કામ બાકી છે. તથા સબમાઇનોરની ૩૨૧૨.૮૧ કિ.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે અને ૮૮૨.૧૯ કિ.મી. લંબાઇમાં કામ બાકી છે.

(૩) મુખ્ય કેનાલમાંથી સબકેનાલ અન્વયે માઇનોર સુધીની ૧૭૬.૪૨ કિ.મી. કેનાલોના બાકી કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે ૨૫.૦૧ કિ.મી.નાં કામો નવો જમીન સંપાદન ધારો, યુટીલીટી ક્રોસીંગની મંજુરી અને ખેડૂતોના વિરોધ જેવા પ્રશ્નો હલ થયેથી વહેલી તકે પૂર્ણ કરવામાં આવનાર છે. તથા સબમાઇનોરની ૮૮૨.૧૯ કિ.મી. લંબાઇમાં બાકી કામ લાભિત ખેડૂતોની સહમતી મળ્યેથી ત્રણ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક

* ૨૯૯૬૦ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાંથી રાજ્યને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૩૮૨.૦૫ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટી કઇ છે ? | (૨) (૧) કોટન/કોટન જીનીંગ<br>(૨) ઓટોમોબાઇલ્સ<br>(૩) ઓઇલ અને ઓઇલ સીડ્સ<br>(૪) ડેરી પ્રોડક્ટ<br>(૫) આયર્ન અને સ્ટીલ |

---------

### ઉના તાલુકાના રાતડ ગામે નાળાનું કામ

* ૩૧૧૧૪ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના રાતડ ગામ પાસે નાળાનું કામ વર્ષ ૨૦૧૫–૧૬માં કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) આ નાળાનું કામ વર્ષ ૨૦૧૩–૧૪માં કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ કેટલા ખર્ચ અને કઇ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે, | (૨) કુલ રૂ.૧૩.૨૭ લાખ.<br>એજન્સીઃ વિશાલ મજુર બાંધકામ સહકારી મંડળી, તા.તાલાલા. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નાળાનું કામ નબળી અને હલ્કી ગુણવત્તાનું કરવામાં આવેલ છે તેવી કેટલી ફરીયાદો સરકારને છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૩) એક. |
| (૪) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) ક્ષેત્રીય અધિકારીઓ પાસેથી અહેવાલ માંગવામાં આવેલ છે. |

---------

### આણંદ જિલ્લામાં જનની સુરક્ષા યોજનાના લાભાર્થીઓ

* ૩૦૧૫૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ જનની સુરક્ષા યોજના હેઠળ આણંદ જિલ્લામાં ક્યા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ અરજી કરેલ છે, અને

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| આણંદ | ૪૦૧૩ |
| આંકલાવ | ૨૨૭૮ |
| બોરસદ | ૫૮૧૦ |
| ખંભાત | ૨૫૯૪ |
| તારાપુર | ૬૧૭ |
| પેટલાદ | ૩૦૪૧ |
| સોજીત્રા | ૧૦૬૦ |
| ઉમરેઠ | ૨૦૦૫ |
| કુલ | ૨૧૪૧૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલાને સહાય ચુકવાયેલ છે અને કેટલાને સહાય ચુકવવાની બાકી અને ઉક્ત બાકીને ક્યા સુધીમાં સહાય ચુકવવામાં આવશે ?

(૨)

| તાલુકાનું નામ | ચુકવેલ સહાયના લાભાર્થીની સંખ્યા | ચુકવવાની બાકી સહાયના લાભાર્થીની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| આણંદ | ૩૮૫૪ | ૩૨૫ |
| આંકલાવ | ૨૪૮૬ | ૫૩૯ |
| બોરસદ | ૫૨૯૦ | ૨૧૭૫ |
| ખંભાત | ૨૫૨૦ | ૦ |
| તારાપુર | ૬૧૭ | ૦ |
| તાલુકાનું નામ | ચુકવેલ સહાયના લાભાર્થીની સંખ્યા | ચુકવવાની બાકી સહાયના લાભાર્થીની સંખ્યા |
| પેટલાદ | ૩૪૨૦ | ૦ |
| સોજીત્રા | ૧૧૩૧ | ૯૩ |
| ઉમરેઠ | ૨૨૫૪ | ૭૯ |
| કુલ | ૨૧૫૭૨ | ૩૨૧૧ |

– લાભાર્થી તરફથી જરૂરી દસ્તાવેજો રજુ થયેથી સત્વરે આર્થિક સહાય સીધા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

---------

અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધાઓ માટે ફાળવાયેલ ગ્રાન્ટ

* ૨૯૯૮૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ.૯.૯૩ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ.૯.૯૩ કરોડ ચૂકવવામાં આવેલ છે જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૬.૭૧ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ.૫.૪૬ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૨) ૬૭ કામો મંજૂર થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) ૨૨ કામો પૂર્ણ થયેલ છે. |

---------

અખિલ ભારત ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા

* ૨૯૯૩૯ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અખિલ ભારત ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં કેટલા યુવક–યુવતીઓએ ભાગ લીધો, અને | (૧) ૭૯૩. |
| (૨) ઉક્ત સ્પર્ધામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૨.૭૬ લાખ. |

---------

ભીલાડ–ધનોલી–ઝનોલી–આંકલાસ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૯૯૩૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ભીલાડ–ધનોલી–ઝનોલી–આંકલાસ રસ્તાને પહોળો કરવા માટેનું કોઇ આયોજન છે કે કેમ, | (૧),(૨) અને (૩) આ રસ્તાની હયાત ૩.૬૫ મી. પહોળાઇને ૭ મી. પહોળો કરવાનું આયોજન છે. જેના માટે રૂ.૭૭૦.૦૦ લાખનો ખર્ચ |

(૨) જો હા, તો ઉક્ત રસ્તો કેટલો પહોળો કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત કામગીરીનો ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ?

અંદાજવામાં આવેલ છે.

---------

અમરેલી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ

* ૨૯૯૪૫ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ-૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ નથી, અને | (૨) ઉક્ત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કૂલ ૩૬ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કૂલ ૩૨ જગ્યાઓ ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ-૨ની સેવા ઉપલબ્ધ કરવા સરકારે શા પગલાં લીધેલ છે ? | (૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ-૨ની સેવા ઉપલબ્ધ કરવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

---------

દ્વારકા યાત્રાધામને જોડતા રસ્તાને નેશનલ હાઇવેમાં સમાવેશ કરવા બાબત

* ૩૦૨૭૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વાડીનારથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા યાત્રાધામને જોડતાં રસ્તાને નેશનલ હાઇવેમાં સમાવેશ કરવા માટે કેન્દ્ર સરકારને ઉક્ત રસ્તાને રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરવા તા.૧૮-૦૬-૨૦૧૫ના પત્રથી માંગણી કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરેલ છે કે કેમ ? | (૨) ભારત સરકારશ્રીના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય નવી દિલ્હીના પત્ર નં.એન.એચ.-૧૪૦૧૨/૧૨/ ૨૦૧૬-પી એન્ડ એમ તા.૧૬-૦૬-૨૦૧૬ દ્વારા માળીયા (રા.ધો.૨૭)-આમરણ-ધ્રોલ-જામનગર-ખંભાળીયા-દ્વારકા -ઓખા રોડ (રા.ધો.૫૧) ને નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. જેમાં વાડીનાર થી દ્વારકાની લંબાઇનો સમાવેશ થાય છે. |

---------

મહુધા નગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ મળેલ ગ્રાંટ

* ૨૯૯૭૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકાની છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજુર કરેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂા. ૬૫,૭૧૨/-ની ગ્રાંટ મંજુર કરેલ છે. |

(૨) તે પૈકી કેટલી ગ્રાંટ ઉક્ત સ્થિતિએ ચુકવેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ રૂા. ૬૫,૭૧૨/-ની ગ્રાંટ મહુધા નગરપાલિકાને ચુકવેલ છે.

---------

વલસાડ તાલુકામાં જુલવણ ખાડી ઉપરના કોઝવે પર સ્લેબ બનાવવા બાબત

* ૩૦૮૧૫ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૦૧-૧૭ની સ્થિતિએ વલસાડ તાલુકામાં વેલવાચ થી કાકડમટી તરફ જતા રસ્તા વચ્ચે જુલવણ ખાડી ઉપર ડુબાઉ કોઝવે ઉપર સ્લેબ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી દરખાસ્તો મળી, અને

(૧) એક દરખાસ્ત મળી.

(૨) ઉક્ત મળેલ દરખાસ્તો અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ શી કામગીરી હાથ ધરી ?

(૨) તાંત્રિક જરૂરીયાત અંગેની ચકાસણી હેઠળ.

---------

જી.એસ.ટી.ની પૂર્વ તૈયારી માટે તાલીમ

* ૨૯૯૨૩ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા. ૩૦-૬-૧૬ થી ૩૧-૧૨-૧૬ દરમ્યાન ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની પૂર્વ તૈયારીના ભાગ રૂપે રાજ્ય સરકાર દ્વારા કેટલા અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી ?

કુલ ૪૩૦૦.

---------

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિને મળેલ રકમ

* ૩૦૧૪૯ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ-પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ મળી,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ.માં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | ૬,૯૯,૫૦,૬૬૬/- |
| ૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૫,૦૩,૬૯,૭૧૩/- |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી રક્મ જમા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ રૂ. ૧૨,૦૩,૨૦,૩૭૯/- જમા છે.

(૩) તે અન્વયે મળેલ રકમમાંથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મુખ્યત્વે કયા કામો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે અન્વયે મળેલ રકમમાંથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેના કામો માટે ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | વર્ષવાર ખર્ચ (રૂ.માં) | |
|---|---|---|---|
| | | ૦૧-૦૧-૧૫થી ૩૧-૧૨-૧૫ | ૦૧-૦૧-૧૬થી ૩૧-૧૨-૧૬ |
| ૧ | આર.કે.એસ. (જી.આઈ.એ.) | ૧,૨૩,૫૨,૯૮૯ | ૨૮,૪૦,૦૦૦ |
| ૨ | જે.એસ.એસ.કે. (એન.આર.એચ.એમ.) | ૨,૬૦,૭૯,૮૪૪ | ૧,૦૪,૫૨,૮૩૯ |
| ૩ | સ્વાઈન ફ્લુ | ૫૮,૬૬,૭૦૨ | ૦૦ |
| ૪ | હિમોફીલીયા | ૧,૩૪,૮૪,૬૯૬ | ૧,૨૩,૬૭,૫૦૦ |
| ૫ | થેલેસીમીયા | ૪,૯૬,૮૦૩ | ૧૩,૪૮,૪૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૬ | આર.કે.એસ.ફંડ | ૦૦ | ૧,૨૪,૮૨,૧૯૭ |
| | કુલ | ૫,૮૨,૮૧,૦૩૪ | ૩,૯૪,૯૦,૯૪૪ |

---------

જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રીન્યુયલ મિશન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટની માંગણી

* ૩૦૩૩૬ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી વર્ષવાર કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૫–૧૬ રૂ. ૫૨.૫૭ કરોડ<br>વર્ષ ૨૦૧૬–૧૭ રૂ. ૨૮.૩૩ કરોડ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટની ફાળવણી વર્ષવાર કરવામાં આવી, | (૨) વર્ષ ૨૦૧૫–૧૬ રૂ. ૦.૦ કરોડ<br>વર્ષ ૨૦૧૬–૧૭ રૂ. ૫૨.૫૭ કરોડ |
| (૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને | (૩) કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ રૂ. ૫૨.૫૭ કરોડ પૈકી સંપૂર્ણ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) જો રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં સ્ટેટ ફુડ સેફ્ટી એપલેટ ટ્રીબ્યુનલની સ્થાપના

* ૩૦૦૧૬ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ રાજ્યમાં "સ્ટેટ ફુડ સેફ્ટી એપલેટ ટ્રીબ્યુનલ" કાર્યરત છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો તે કયા સ્થળોએ કાર્યરત છે, અને | (૨) ફુડ સેફ્ટી એપલેટ ટ્રીબ્યુનલ, બ્લોક નં. ૮, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે એકજ જિલ્લામાં સ્થળે આવેલી છે. |
| (૩) સન ૨૦૧૬ના વર્ષમાં ઉક્ત ટ્રીબ્યુનલમાં કેટલી અપીલો થયેલ છે ? | (૩) ૧૪૫ |

---------

સુરત મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવાયેલ ગ્રાન્ટ

* ૩૦૦૧૨ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષમાં ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૪૮૮.૦૦ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ. ૪૮૮.૦૦ કરોડ ચૂકવવામાં આવેલ છે જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં<br>રૂ.૪૩૩.૫૦કરોડની રકમ ફાળવવામાં આવેલ છે અને રૂ.૩૪૦.૦૧કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૨) ૯૭૦ કામો |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) ૩૯૮ કામો |

---------

ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### તાપી અને ડાંગ જિલ્લાને જોડતો વાંકલા–ઉનાઈ–વઘઈ રસ્તો

* ૩૦૧૪૩ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને ડાંગ જિલ્લાને જોડતા વાંકલા–ઉનાઈ–વઘઈના ૨૪ કી.મી.નો રસ્તો પહોળો કરવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

જવાબ

વાંકલા–ઉનાઈ–વઘઈ રસ્તાની ૨૪ કી.મી. લંબાઈમાં રસ્તાને પહોળો કરવાની કોઈ કામગીરી મંજુર થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### પાદરા તાલુકાની કણજટ માઈનોર કેનાલની મરામતની કામગીરી

* ૩૦૨૧૮ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન પાદરા તાલુકાની કણજટ માઈનોર કેનાલની મરામતની કામગીરીનું શું આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૫.૦૨ કિ.મી. લાંબી કણજટ માઈનોર નહેર તેમજ તેમાંથી ઉદભવતી કુલ ૫.૨૦ કિ.મી. લાંબી ૩ શાખા માઈનોર નહેરમાં મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે અને નહેરના છેવાડા સુધી પાણી વહેવડાવવામાં આવેલ છે.

---------

### ભરૂચ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવા બાબત

* ૩૦૦૨૦ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જીલ્લામાં કુલ ૧૭ સીએનજી સ્ટેશનોની કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- ભરૂચ – ૬ સીએનજી સ્ટેશનો
- અંકલેશ્વર – ૬ સીએનજી સ્ટેશન
- જંબુસર – ૨ સીએનજી સ્ટેશન
- વાલીયા – ૧ સીએનજી સ્ટેશન
- ઝગડીયા – ૧ સીએનજી સ્ટેશન
- વાગરા (દહેજ)– ૧ સીએનજી સ્ટેશન

તે ઉપરાંત વર્ષ ૨૦૧૬–૧૭માં ભરૂચ જીલ્લાના શેરપુરા, વાલિયા તેમજ નેત્રંગ ખાતે નવા ૩ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે.

આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં ભરૂચ જીલ્લાના હિંગાલા, ઉમલ્લા તેમજ ભરૂચ ખાતે વધુ નવા ૩ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ વિસ્તારમાં ભરૂચ, કેલોદ, ઝાડેશ્વર, પાલેજ, અંકલેશ્વર વિસ્તારમાં અંકલેશ્વર, સજોદ, પાનોલી, જંબુસર, વાલીયા વિસ્તારમાં વટેરીયા, ઝગડીયા, વાગરા વિસ્તારમાં દહેજ શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર

* ૨૯૯૯૩ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સિવીલ હોસ્પિટલ અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવું ટ્રોમા સેન્ટર તા. ૨૨–૧૨–૨૦૧૫થી કાર્યરત કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત ટ્રોમા સેન્ટર પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટર માટે કુલ રૂ. ૮૯.૬૩ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

### ખેડબ્રહ્મા મુકામે રેસ્ટ હાઉસ

* ૨૯૯૮૯ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હિંમતનગર જિલ્લામાં તા. ૨૦–૧–૧૭ની સ્થિતિએ ખેડબ્રહ્મા મુકામે રેસ્ટ હાઉસનું કામ મંજુર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજુર થયેલ છે ? | (૨) રૂ. ૩૧૫.૦૦ લાખ. |

---------

### રાજ્યમાં ઉત્પાદિત સિમેન્ટનું આંતર રાજ્ય વેચાણ દ્વારા થતી વેટની આવક

* ૩૨૨૮૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સિમેન્ટ ઉદ્યોગ દ્વારા અન્ય રાજયોમાં બ્રાંચ ટ્રાન્સફર અને આંતર રાજ્ય વેચાણ દ્વારા થતા વેચાણથી રાજ્યની વેટની આવકો ઓછી થાય છે તે હકીકત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાચી છે કે કેમ, અને | (૧) સિમેન્ટ ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત થતા માલ પૈકી તમામ માલનો વપરાશ ગુજરાત રાજ્યમાં થતો ન હોઈ ઉદ્યોગ દ્વારા અન્ય રાજ્યમાં પરપ્રાંત વેચાણ દ્વારા તેમજ પરપ્રાંતમાં પોતાની બ્રાંચ કે એજન્ટને બ્રાંચ ટ્રાન્સફરથી માલ તબદીલ કરવામાં આવે છે, જે કાયદાની જોગવાઈઓ અનુસાર છે. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં સિમેન્ટ ઉદ્યોગ દ્વારા આંતર રાજ્ય વેચાણ તેમજ બ્રાંચ ટ્રાન્સફરની વિગતે રાજ્યની વેટની આવક ઓછી થતી અટકાવવા રાજ્ય સરકારે કઈ સિમેન્ટ કંપની સામે શી કાર્યવાહી કરી ? | (૨) પરપ્રાંત વેચાણ તથા બ્રાંચ ટ્રાન્સફરના વ્યવહારોની માલની મૂવમેન્ટ, મેળવેલ ધારાકીય ફોર્મ્સ, પેમેન્ટના પુરાવા વગેરેની ચકાસણી કરવામાં આવે છે. |

---------

### જૂનાગઢ જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ ખર્ચ

* ૩૦૪૩૧ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખેલ મહાકુંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) વર્ષવાર તાલુકાવાર થયેલ ખર્ચ રૂપિયા

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૮૪,૭૦૦ | ૬૯,૯૦૦ | ૧,૫૪,૬૦૦ |
| ૨ | વંથલી | ૧,૪૨,૯૦૦ | ૨,૨૪,૨૦૦ | ૩,૬૭,૧૦૦ |
| ૩ | માણાવદર | ૪૭,૫૦૦ | ૭૦,૧૦૦ | ૧,૧૭,૬૦૦ |
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ | કુલ |
| ૪ | કેશોદ | ૩,૪૩,૩૦૦ | ૨,૭૪,૬૦૦ | ૬,૧૭,૯૦૦ |
| ૫ | ભેસાણ | ૫૭,૯૦૦ | ૪૬,૦૦૦ | ૧,૦૩,૯૦૦ |
| ૬ | વિસાવદર | ૨,૨૦,૫૦૦ | ૨,૧૧,૩૦૦ | ૪,૩૧,૮૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | માંગરોળ | ૫૦,૫૦૦ | ૫૭,૯૦૦ | ૧,૦૮,૪૦૦ |
| ૮ | મેંદરડા | ૩૪,૧૦૦ | ૩૪,૧૦૦ | ૬૮,૨૦૦ |
| ૯ | માળીયા હાટીના | ૩૪,૧૦૦ | ૯૦,૦૦૦ | ૧,૨૪,૧૦૦ |
| | કુલ | ૧૦,૧૫,૫૦૦ | ૧૦,૭૮,૧૦૦ | ૨૦,૯૩,૬૦૦ |

(૨) ઉક્ત જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર કેટલા ખેલાડીઓએ ખેલ મહાકુંભમાં ભાગ લીધો ?

(૨) વર્ષવાર તાલુકા વાર ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૬,૪૪૮ | ૯,૫૪૪ | ૧૫,૯૯૨ |
| ૨ | વંથલી | ૬,૪૮૯ | ૧૧,૯૩૨ | ૧૮,૪૨૧ |
| ૩ | માણાવદર | ૭,૦૨૧ | ૧૦,૫૪૦ | ૧૭,૫૬૧ |
| ૪ | કેશોદ | ૧૨,૦૫૬ | ૧૬,૮૮૭ | ૨૮,૯૪૩ |
| ૫ | ભેસાણ | ૫,૩૯૮ | ૭,૧૬૩ | ૧૨,૫૬૧ |
| ૬ | વિસાવદર | ૧૦,૬૫૯ | ૧૩,૮૭૩ | ૨૪,૫૩૨ |
| ૭ | માંગરોળ | ૬,૧૨૪ | ૯,૮૮૯ | ૧૬,૦૧૩ |
| ૮ | મેંદરડા | ૮,૨૬૪ | ૧૧,૨૯૬ | ૧૯,૫૬૦ |
| ૯ | માળીયા હાટીના | ૭,૮૨૭ | ૧૧,૬૪૨ | ૧૯,૪૬૯ |
| | કુલ | ૭૦,૨૮૬ | ૧,૦૨,૭૬૬ | ૧,૭૩,૦૫૨ |

---------

## રાજ્યમાં રાંધણગેસના બાટલા ઉપર સેસ

* ૩૦૧૪૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં એલ.પી.જી. રાંધણ ગેસના બાટલા ઉપર કેટલા ટકા વેટ લેવાનું ક્યારથી નક્કી કરેલ છે, અને

(૨) તે અન્વયે સન ૨૦૧૬–૧૭માં રાજ્ય સરકારને વાર્ષિક કેટલી આવક ઉક્ત વેટ પેટે મળવાનો અંદાજ છે ?

જવાબ

(૧) તા. ૧–૧૦–૨૦૧૪ થી ૫% વેટ લેવાનું નક્કી કરેલ છે.

(૨) રૂ. ૯૪.૦૯ કરોડ

---------

## વાંકાનેરની સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ

* ૩૦૦૭૨ શ્રી મહંમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં વાંકાનેર ખાતે આવેલ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) *પત્રક મુજબ

(૨) *પત્રક મુજબ

(૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેન માટેનો ખર્ચ

* ૩૦૦૫૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે છેલ્લા

જવાબ

(૧) વર્ષ ૨૦૧૫ – રૂ. ૪૦૭.૧૮ કરોડ
વર્ષ ૨૦૧૬ – રૂ. ૯૪૬.૮૩ કરોડ

બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી કયા તબક્કે છે અને મેટ્રો ટ્રેન કયાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે, અને

(૨) મેટ્રો ટ્રેનની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે અને બાંધકામની કામગીરી ચાલી રહી છે.

મેટ્રો ટ્રેન તબક્કાવાર કાર્યાન્વિત કરવામાં આવશે, જેમાં પ્રથમ તબક્કાના ભાગરૂપે ઈસ્ટ–વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીનો ૬ કી.મી.નો રૂટ વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત મેટ્રો પ્રોજેક્ટ માટે થનાર ખર્ચ પેટે રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર અને વિદેશની કઈ કંપનીઓ વિદેશી સરકારો મુડી રોકાણ કરનાર છે ?

(૩) મેટ્રો રેલ પાછળ થનાર ખર્ચ પેટે,

- રાજ્ય સરકાર કુલ રૂ. ૨૭૧૭ કરોડનું મૂડીરોકાણ કરશે જેમાં ઈક્વિટી રૂ. ૧૪૧૨ કરોડ અને ૧૩૦૫ કરોડ સબ–ઓર્ડીનેટ ડેબ્ટ તરીકેનો સમાવેશ થાય છે અને,
- કેન્દ્ર સરકાર દ્વારા કુલ રૂ. ૧૯૯૦ કરોડ જેમાં ઈક્વિટી પેટે રૂ. ૧૪૧૨ કરોડ અને રૂ. ૫૭૮ કરોડ સબ–ઓર્ડીનેટ ડેબ્ટ તરીકે આપશે.

આ પ્રોજેક્ટમાં કોઈ વિદેશી કંપનીઓ વિદેશી સરકારો મૂડીરોકાણ કરનાર નથી.

---------

## જુનાગઢ જિલ્લામાં પેવર ન થયા હોય તેવા રસ્તાઓ

* ૩૦૧૧૮ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા ૧૪ વર્ષથી પેવર ન થયા હોય તેવા નોન પ્લાન રસ્તાઓ કેટલા છે, અને | (૧) ૨– રસ્તા |
| (૨) ઉક્ત રસ્તાઓ ક્યારે અને કેટલા સમયમાં પેવર કરવામાં આવશે ? | (૨) બન્ને રસ્તા એમ.એમ.જી.એસ.વાય. વર્ષ ૨૦૧૬–૧૭માં મંજુર કરેલ હોઈ બનતી ત્વરાએ. |

---------

## ઉમરગામ તાલુકાના રસ્તાઓ

* ૩૨૪૨૧ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકાના કલરગામથી હનુમાન મંદિર સુધીના પ્લાન રસ્તાના નળિયા–પૂલિયાના કામો મંજુર થયેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મંજુર થયેલ છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે ? | |

---------

## વ્યારા શહેરની પાણી પુરવઠા યોજના

* ૩૦૦૦૭ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વ્યારા શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમની મંજૂરી | (૧) રૂ. ૬૧૦.૬૦ લાખ |

આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૭૦૧.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) કામગીરી પૂર્ણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વેટની એક લાખ કરતાં વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા એકમો

* ૩૦૧૩૨ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨)

| જીલ્લાનું નામ | ઔદ્યોગિક એકમો/વ્યાપારીગૃહો | બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| અમદાવાદ | ૩૩૪૧ | ૭૧૧૭.૩૧ |
| ગાંધીનગર | ૨૧૮ | ૬૨૦.૯૯ |
| કુલ | ૩૫૫૯ | ૭૭૩૮.૩૦ |

(૩) ઉક્ત એકમો સમયસર વેટ ચુકવતા ના હોય તો કેટલા એકમો સામે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવી?

(૩) અમદાવાદ જિલ્લામાં ૧૨૮૭ કેસોમાં અને ગાંધીનગર જિલ્લામાં ૧૦૨ કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલા લેવામાં આવેલ છે.

---------

રાજકોટ અને કચ્છ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૦૦૧૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળા કાર્યરત છે તે વાત સાચી છે,

(૧) હા, જી.

(૨) ઉક્ત પ્રયોગશાળાઓ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ,

(૨) હા.

(૩) જો હા, તો ઉક્ત પ્રયોગશાળાઓને NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે, અને

(૩) રાજકોટ પ્રયોગશાળાને તા.૦૧–૦૬–૨૦૧૫થી અને ભૂજ ખાતેની પ્રયોગશાળાને તા.૧૯–૦૮–૨૦૧૧થી NABL પ્રમાણપત્ર મળેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે ?

(૪) રાજકોટ પ્રયોગશાળાને ૮૧(એક્યાસી) અને ભૂજ ખાતેની પ્રયોગશાળાને ૫૩(ત્રેપ્પન) ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૦૧૫૧ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા

જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

જિલ્લામાં આવેલ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ડીસા અને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ થરાદની મહેકમની વિગત દર્શાવતુ *પત્રક–૧ તથા બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૨ અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૩ સામેલ છે.

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકારે શા પગલાઓ લીધા?

(૨) હોસ્પિટલ ખાતે વર્ગ–૧ ની તજજ્ઞોની જગ્યા ભરવા માટે દર સોમવારે વોકઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. જેમાં યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી. વર્ગ–૩ ની નર્સીંગ, પેરામેડીકલ, ટેકનીકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા માટે દર અઠવાડીયે વોકઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવાની થાય છે. ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ વોકઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઉમેદવારો પસંદ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવે છે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં વેટની રકમનું રીફંડ

* ૩૨૦૦૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વાણિજ્ય વેરા કચેરી દ્વારા કેટલી રકમના વેટનું રીફંડ કેટલા વેપારીઓને ચુકવવાનુ બાકી છે, અને | (૧) ૮ વેપારીઓને રૂ. ૨૬.૩૭ કરોડનું રીફંડ ચુકવવાનું બાકી છે. |
| (૨) ઉક્ત રકમ ચુકવવાની બાકી રહેવાના શા કારણો છે? | (૨) ચકાસણીની કામગીરી ચાલુમાં હોઈ રીફંડ ચુકવવાનું બાકી છે. |

---------

### જામનગર જિલ્લાનો હડીયાણા વાવડી એપ્રોચ રોડ

* ૩૧૬૪૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના હડીયાણા ગામથી વાવડી એપ્રોચ રોડને જોડતો રીંગ રોડ આશરે દસ વર્ષ જુનો છે અને તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ અતિ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, કે કેમ અને | (૧) અને (૨) રસ્તાને મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે તથા રૂ.૧૧૫.૦૦ લાખનું રીસરફેસીંગનું કામ મંજુર કરેલ છે, જે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદના | |

ઉકેલ માટે શુ આયોજન થયુ છે ?

---------

ગીર સોમનાથ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ

* ૨૯૯૯૯ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ તબીબી અધિકારી વર્ગ–૨ ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત જગ્યાએ તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ કરવા સરકારે શા પગલા લીધેલ છે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં કુલ–૮(આઠ) સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કૂલ ૨૪ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કૂલ ૨૨ જગ્યાઓ ઉપલબ્ધ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેવા ઉપલબ્ધ કરવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં સીએનજી/પીએનજી પર વેટની આવક

* ૩૦૯૫૫ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| વિગત | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સી.એન.જી. | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| પી.એન.જી. | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર (પુનઃવેચાણ) | માફી | – |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ભાવનગર (જિલ્લો) | |
|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૧૬ સુધી) |
| પેટ્રોલ | ૦.૨૯ | ૦.૨૪ |
| ડીઝલ | ૦.૩૫ | ૦.૨૯ |
| સી.એન.જી. | ૦.૦૨ | ૦.૦૨ |
| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય |
| રાસાયણિક | શૂન્ય | શૂન્ય |

---------

ગાંધીનગર જિલ્લામાં દવાઓનો જથ્થો

* ૩૨૨૫૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક

જવાબ

તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં

## અતારાંકિત પ્રશ્નો

આરોગ્ય કેન્દ્રમાં મુખ્યત્વે કઈ દવાઓનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવ્યો ?

મુખ્યત્વે આ સાથે સામેલ પત્રકો* મુજબની દવાઓનો જથ્થો પુરો પાડવામાં આવ્યો છે.

(* પત્રકો સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

### જુનાગઢ જિલ્લામાં રાજ્ય સરકારની સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલો

* ૩૨૦૩૭ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં રાજ્ય સરકારની સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત કઈ હોસ્પીટલોને સન–૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૧૬ ના વર્ષની ગ્રાન્ટ તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ચુકવવાના બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત હોસ્પીટલોને ગ્રાન્ટ નહી ચુકવવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત હોસ્પીટલોને ગ્રાન્ટ ક્યા સુધીમાં ચુકવી દેવામાં આવનાર છે?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં રાજ્ય સરકારની સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત શ્રી વર્ધમાન સેવા સંઘ સંચાલિત શ્રી ન્યાલચંદ મોતીચંદ તથા ભાયચંદ મોતીચંદ ગાઠાણી સાર્વજનિક જૈન આંખની હોસ્પીટલ, વિસાવદર જી. જુનાગઢને ૨૦૧૪–૧૫ ના હિસાબી વર્ષની ગ્રાન્ટ ચુકવવાની બાકી નથી.

પરંતુ,

સને–૨૦૧૫–૧૬ ના હિસાબી વર્ષની એડહોક ગ્રાન્ટ રૂ.૪,૯૦,૦૦૦/– ચુકવાયેલ છે અને રૂ.૬,૧૩,૪૯૭/– ની આખરી ગ્રાન્ટ તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ચુકવવાની બાકી છે.

(૨) રિવાઈઝ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ હોવાથી.

(૩) રિવાઈઝ બજેટમાં અનુદાન ઉપલબ્ધ થયેથી તુર્તજ ચુકવી દેવામાં આવશે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ ખર્ચ

* ૩૧૩૦૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેલમહાકુંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર કેટલા ખેલાડીઓએ ખેલમહાકુંભમાં ભાગ લીધો?

**જવાબ**

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર તાલુકા દિઠ થયેલ ખર્ચ રૂપિયા | | વર્ષવાર તાલુકા દિઠ ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | પાલનપુર | ૧૯૬૪૭૬ | ૨૦૪૫૩૪૪૨ | ૧૮૩૧૯ | ૧૬૧૧૯ |
| ૨ | વડગામ | ૩૩૪૯૮ | ૪૧૨૦૦ | ૧૫૭૮૧ | ૧૨૩૧૮ |
| ૩ | દાંતા | ૪૩૩૦૦ | ૫૧૫૦૦ | ૯૧૪૧ | ૮૦૧૯ |
| ૪ | અમીરગઢ | ૩૮૭૦૦ | ૧૯૬૫૦ | ૬૬૨૯ | ૫૮૪૪ |
| ૫ | દાંતિવાડા | ૩૮૭૦૦ | ૨૪૫૧૪૨ | ૭૭૪૯ | ૬૬૭૧ |
| ૬ | ડીસા | ૨૨૭૨૦૦ | ૨૮૫૨૦૦ | ૧૬૦૯૦ | ૧૬૦૬૬ |
| ૭ | દિયોદર | ૧૮૦૯૧૭૫ | ૩૬૦૭૨૦ | ૧૦૪૫૬ | ૮૭૫૯ |
| ૮ | ભાભર | ૩૮૭૦૦ | ૨૩૧૫૦ | ૪૫૯૭ | ૪૩૮૨ |
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર તાલુકા દિઠ થયેલ ખર્ચ રૂપિયા | | વર્ષવાર તાલુકા દિઠ ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા | |
| | | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૯ | કાંકરેજ | ૧૬૩૨૦૦ | ૨૫૨૯૨૦ | ૮૬૫૧ | ૮૩૪૪ |
| ૧૦ | ધાનેરા | ૨૧૩૦૦ | ૨૬૩૦૦ | ૭૯૬૩ | ૬૩૬૮ |
| ૧૧ | થરાદ | ૩૮૭૦૦ | ૪૨૦૦૦ | ૭૮૯૩ | ૭૪૮૩ |
| ૧૨ | વાવ | ૩૮૭૦૦ | ૩૩૩૪૫ | ૫૪૪૨ | ૪૯૮૭ |
| ૧૩ | લાખણી | ૩૮૭૦૦ | ૪૩૨૦૦ | ૨૨૯૩ | ૧૯૩૯ |
| ૧૪ | સુઈગામ | ૩૮૭૦૦ | ૫૦૦૦ | ૧૨૮૭ | ૧૫૩૭ |

અતારાંકિત પ્રશ્નો

---------

છોટાઉદેપુર જિલ્લાના આરોગ્ય કેન્દ્રોનું મંજુર મહેકમ

* ૩૨૨૬૫ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા સરકારી દવાખાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત સ્થિતીએ તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ૧(એક) જનરલ હોસ્પિટલ, ૪૯(ઓગણપચાસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૨(બાર) સામુહિક આરોગ્ય કેન્દ્રો છે.

(૨) અને (૩)

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર અને જિલ્લામાં જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતુ *પત્રક–અ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ની મહેકમની વિગત દર્શાવતુ *પત્રક–બ અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતુ *પત્રક–ક આ સાથે સામેલ છે.

(૪) જે તે સંવર્ગ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

(* પત્રકો સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

રાજકોટ સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર તબીબી ડોક્ટરોની જગ્યાઓ

* ૩૦૧૩૦ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં આવેલી સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ પૈકી તબીબી ડૉક્ટરોની કેટલી જગ્યા ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે,

જવાબ

તા.૩૧.૦૧.૨૦૧૭ ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ પૈકી તબીબી ડૉક્ટરોની ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૮૮ | ૨૯ | ૫૯ |
| વર્ગ–૨ | ૧૩૬ | ૯૦ | ૪૬ |
| કુલ | ૨૨૪ | ૧૧૯ | ૧૦૫ |

---------

ભાવનગરની સર ટી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૩૧૭૪૪ શ્રી શક્તિસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર ખાતેની સર ટી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ ભાવનગર ખાતેની સર હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

(૨)

| સંવર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| વર્ગઃ ૧ | ૦૧ | ૦૦ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| વર્ગઃ ૨ | ૩૯ | ૨૮ | ૧૧ |
| વર્ગઃ ૩ ( વહીવટી) | ૧૩ | ૧૩ | ૦૦ |
| વર્ગઃ ૩ (પેરામેડીકલ) | ૪૪ | ૪૨ | ૦૨ |
| વર્ગઃ ૩(નર્સીંગ) | ૨૪૨ | ૨૪૨ | ૦૦ |
| વર્ગઃ ૪ | ૨૫૭ | ૨૫૭ | ૦૦ |
| કુલ | ૫૯૬ | ૫૮૨ | ૧૪ |

---------

સાબરકાંઠા જિલ્લામાં જાતીય ગર્ભ પરિક્ષણ

*૩૨૫૨૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગર્ભ પરિક્ષણથી જાતીય પરિક્ષણ થતુ અટકાવવા જિલ્લા આરોગ્ય અધિકારીએ તાલુકાવાર કેટલી તપાસ કરી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા કેસોમાં જાતિય ગર્ભ પરીક્ષણ થતુ પકડાયું છે, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું પગલાં લીધા ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | કરેલ તપાસની સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૧૮ |
| ઈડર | ૪ |
| ખેડબ્રહ્મા | ૧ |
| પ્રાંતિજ | ૨ |
| તલોદ | ૧ |
| વિજયનગર | ૧ |
| મોડાસા | ૫ |
| ભિલોડા | ૧ |
| બાયડ | ૧ |
| મેઘરજ | ૧ |

(૨) જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કરેલ તપાસ દરમ્યાન જાતિય ગર્ભ પરિક્ષણ કરતા કોઈ પકડાયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પંચમહાલ જિલ્લામાં ફાળવેલ હડકવાની રસીનો જથ્થો

* ૩૨૨૫૧ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર હડકવાની રસીનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્રો કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં હડકવાની રસીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફાળવવામાં આવેલ તાલુકાવાર હડકવાની રસીના જથ્થાની વિગત દર્શાવતુ * પત્રક–અ સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્રો કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં હડકવાની રસીના ઉપલબ્ધ જથ્થાનું *પત્રક–બ સામેલ છે.

(* પત્રકો સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પીએચસી/સીએચસી કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૧૧૦૩ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરકારી દવાખાના, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે, (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ સંતરામપુર અને લુણાવાડા તથા પંચમહાલ જિલ્લામાં આવેલ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ગોધરાની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતુ *પત્રક–અ સામેલ છે. – મહિસાગર તથા પંચમહાલ જિલ્લામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતુ *પત્રક–બ સામેલ છે. –પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમ દર્શાવતુ *પત્રક–ક સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) જે તે સંવર્ગવાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી. |

(* પત્રકો સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

નર્મદા યોજનાના મુખ્ય બંધની ઉંચાઇની કામગીરી

* ૩૦૧૯૧ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સરદાર સરોવર (નર્મદા) યોજનાના મુખ્ય બંધની ઊંચાઇના બાંધકામની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સરદાર સરોવર (નર્મદા) યોજનાના મુખ્ય બંધની ૧૪૬.૫૦ મીટર ઉંચાઇ સુધીનું બાંધકામ, પુલનું કામ તથા ગેટ બેસાડવાની કામગીરી પૂર્ણ થયેલ છે આમ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતીએ મુખ્ય બંધની સંપૂર્ણ ઉંચાઇ સુધીનું બાંધકામ પૂર્ણ થયેલ છે. અન્ય આનુસાંગિક કામગીરી તથા વધારાની સગવડો જેવી કે ડેમ ગેલરીમાં મુકવામાં આવનાર સબમર્સીબલ પમ્પની તથા ગેલરીમાં લાઇટીંગની કામગીરી તેમજ ડેમ ઉપર ગેન્ટ્રી ક્રેઇનની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૨) ૩૧–૦૩–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન છે. |

---------

નર્મદા યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા લાંબી મુદતની સિંચાઇ ફંડ

* ૩૦૨૧૫ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા યોજનાં અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઇ ફંડ(LTIF) હેઠળ ઉક્ત યોજનાને કેટલુ નાણાકિય ભંડોળ આપવામાં આવેલ છે? | નર્મદા યોજનાં અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઇ ફંડ (LTIF) હેઠળ રૂ.૪૬૩ કરોડ આપવામાં આવેલ છે. |

---------

રાજ્ય સરકારને પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનની વેટ અને સેસ ની આવક

* ૩૨૦૫૭ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (રકમ રૂ.કરોડમાં) |

વર્ષવાર રાજ્ય સરકારને પેટ્રોલ, ડીઝલ અને કેરોસીન પરની વેટ અને સેસ. ની કુલ કેટલી આવક થઈ ?

| | ૨૦૧૫-૧૬ | | ૨૦૧૬-૧૭ (૩૧-૦૧-૨૦૧૭ સુધી) | |
|---|---|---|---|---|
| ચીજવસ્તુ | વેટ | સેસ | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૩૫૬.૯૮ | ૩૭૭.૩૪ | ૨૩૩૫.૬૬ | ૪૮૮.૧૭ |
| ડીઝલ | ૫૨૪૬.૧૯ | ૮૩૯.૮૭ | ૫૧૯૮.૭૩ | ૧૦૮૬.૫૮ |
| કેરોસીન | ૨.૭૦ | શૂન્ય | ૧૭.૪૯ | શૂન્ય |
| કુલ | ૮૮૨૩.૦૮ | | ૯૧૨૬.૬૩ | |

---------

પ્રાંતિજ અને તલોદ તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૨૫૬૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકાઓમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકાઓમાં આવેલ સા.આ.કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત દર્શાવતું પત્રક-અ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે? | (૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

પત્રક-અ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેનદ્રની મંજુર, ભરેલી અને ખાલી જગ્યાની માહિતી દર્શાવતું પત્રક (તા.૩૧-૦૧-૨૦૧૭ સુધી)

| અ. નં. | સંવર્ગનું નામ | તાલુકો તલોદ | | | | | | તાલુકો પ્રાંતિજ | | | | | | | | | બન્ને તાલુકાઓનું કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સા.આ.કેન્દ્ર તલોદ | | | તલોદ તાલુકાની સમરી | | | સા.આ. કેન્દ્ર પ્રાંતિજ | | | સા.આ. કેન્દ્ર તખતગઢ | | | પ્રાંતિજ તાલુકાની સમરી | | | | | |
| | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ (તજજ્ઞ) | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૪ | ૩ | ૧ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૬ | ૬ | ૦ | ૯ | ૯ | ૦ |
| ૩ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ | ૩ | ૦ | ૩ |
| ૪ | એક્સ રે ટેકનીશીયન વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૨ | ૧ |
| ૫ | લેબ. ટેકનીશીયન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૬ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૭ | સીસ્ટર ઇન્ચાર્જ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૮ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૬ | ૧ | ૧૪ | ૧૩ | ૧ | ૨૪ | ૨૩ | ૧ |
| ૯ | હેડ ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૨ | ૧ |
| ૧૦ | એક્સ રે આસીસટન્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૧૨ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ | ૩ | ૦ | ૩ |
| ૧૩ | જુનીયર વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૦ |

| અ. નં. | સંવર્ગનું નામ | તાલુકો તલોદ | | | | | | તાલુકો પ્રાંતિજ | | | | | | | | | બન્ને તાલુકાઓનું કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સા.આ.કેન્દ્ર તલોદ | | | તલોદ તાલુકાની સમરી | | | સા.આ. કેન્દ્ર પ્રાંતિજ | | | સા.આ. કેન્દ્ર તખતગઢ | | | પ્રાંતિજ તાલુકાની સમરી | | | | | |
| | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧૫ | ડ્રેસર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૨ | ૧ |
| ૧૬ | પટાવાળા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૧૭ | વોર્ડ બોય વર્ગ-૪ | ૬ | ૧ | ૫ | ૬ | ૧ | ૫ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૪ | ૪ | ૦ | ૧૦ | ૫ | ૫ |
| ૧૮ | ધોબી | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૯ | માળી વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૦ | આયા વર્ગ-૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨૧ | સ્વીપર વર્ગ-૪ | ૬ | ૨ | ૪ | ૬ | ૨ | ૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | ૮ | ૩ | ૫ |
| ૨૨ | વોચમેનવ વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | રસોયા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૪ | સ્વીપર (પાર્ટ ટાઇમ) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૨ | ૨ | ૦ | ૪ | ૩ | ૧ | ૪ | ૩ | ૧ |
| ૨૫ | વોચમેન (પાર્ટ ટાઇમ) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૪ | ૪ | ૦ | ૪ | ૪ | ૦ |
| | કુલ | ૪૪ | ૨૫ | ૧૯ | ૪૪ | ૨૫ | ૧૯ | ૩૦ | ૨૫ | ૫ | ૨૯ | ૨૬ | ૩ | ૫૯ | ૫૧ | ૮ | ૧૦૩ | ૭૬ | ૨૭ |

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૪ | ૩ | ૧ |
| વર્ગ-૨ | ૧૨ | ૯ | ૩ |
| વર્ગ-૩ | ૪૯ | ૪૨ | ૭ |
| વર્ગ-૪ | ૩૮ | ૨૨ | ૧૬ |
| કુલ | ૧૦૩ | ૭૬ | ૨૭ |

---------

### મહુધા નગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ મળેલ ગ્રાંટ

* ૩૦૦૦૩ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજુર કરેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂ।. ૬૫,૭૧૨/-ની ગ્રાંટ મંજુર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી ગ્રાંટ ઉક્ત સ્થિતિએ ચુકવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ રૂ।. ૬૫,૭૧૨/-ની ગ્રાંટ મહુધા નગરપાલિકાને ચુકવેલ છે. |

---------

### કડી અને જોટાણા તાલુકામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ

* ૩૨૫૨૩ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી અને જોટાણા તાલુકામાં કેટલા અને કયા સ્ટેટ હસ્તકના અને પંચાયત હસ્તકના રસ્તાઓ મંજુર થયાં છે, અને | (૧) *પરિશિષ્ટ મુજબ સ્ટેટના ૧૫ રસ્તા અને પંચાયતના ૮૯ રસ્તા. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા કામો શરૂ | (૨) ૩૧ કામો પૂર્ણ, ૩૦ કામો પ્રગતિમાં અને ૪૩ |

થયા, કેટલા કામો પ્રગતિમાં છે, અને કેટલા કામો શરૂ કરવામાં આવ્યા નથી ?

કામો શરૂ થનાર.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અમદાવાદ મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ મળેલ ગ્રાંટ

* ૩૦૦૧૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજુર કરેલ છે, અને

(૨) તે પૈકી કેટલી ગ્રાંટ ઉક્ત સ્થિતિએ ચુકવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂા. ૩૨,૦૭,૪૨,૬૭૭/-ની ગ્રાંટ મંજુર કરેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને રૂા. ૩૨,૦૭,૪૨,૬૭૭/-ની ગ્રાંટ ચુકવેલ છે.

---------

અમરેલી શહેરમાંથી પસાર થતા બાયપાસ રોડને લાઠી રોડથી બાબરા રોડનું કામ

* ૩૦૮૩૭ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી શહેરમાંથી પસાર થતાં બાયપાસ રોડને લાઠી રોડથી બાબરા રોડ સુધી જોડવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત કામ માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામને ત્વરિત પૂર્ણ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧), (૨) અને (૩) : જમીન સંપાદન બાબતે નામદાર કોર્ટમાં કેસ દાખલ થયેલ છે જેનો ચુકાદો આવ્યા બાદ આગળનું આયોજન હાથ ધરવામાં આવશે.

---------

મહેસાણા જિલ્લામાં બાળકોના આરોગ્યની ચકાસણી

* ૩૦૪૦૭ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બાળકોની શાળા આરોગ્ય તપાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧) સામેલ *પત્રક મુજબ

| ક્રમ | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | |
|---|---|---|---|---|
| | | | વર્ષ-૨૦૧૬ | વર્ષ-૨૦૧૭ |
| ૧ | મહેસાણા | મહેસાણા | ૧૧૨૨૦૭ | ૧૨૩૩૦૦ |
| ૨ | | વિજાપુર | ૬૬૯૬૦ | ૬૪૮૬૩ |
| ૩ | | ખેરાલુ | ૩૬૭૯૨ | ૩૬૧૩૯ |
| ૪ | | સતલાસણા | ૨૬૧૩૯ | ૨૬૪૨૮ |
| ૫ | | ઉંઝા | ૩૯૮૦૩ | ૩૯૭૩૯ |
| ૬ | | કડી | ૯૮૩૦૪ | ૯૩૧૪૬ |
| ૭ | | બેચરાજી | ૪૭૬૦૫ | ૨૫૧૪૦ |
| ૮ | | વિસનગર | ૬૩૮૩૧ | ૫૮૬૮૦ |
| ૯ | | વડનગર | ૪૧૮૦૨ | ૪૦૪૪૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | | જોટાણા | ૦ | ૧૭૯૫૯ |
| કુલ | | | ૫૩૩૪૪૩ | ૫૨૫૮૩૮ |

નોંધ :– મહેસાણા જિલ્લાનો જોટાણા તાલુકો તા. ૦૧–૦૪–૨૦૧૬ના રોજ અસ્તિત્વમાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાના બાળકોમાં મુખ્યત્વે કઈ બિમારીઓ જણાઈ અને તેમને કેવા પ્રકારની સારવાર અપાઈ ?

(૨) ઉક્ત સ્થિતિએ કુલ–૩૨૨૭ શાળાના બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, હૃદય, કેન્સર અને કિડનીની બિમારીઓ જણાઈ અને તેમને નીચે મુજબ સારવાર આપવામાં આવી.

(૧) સ્થળ પર સારવાર

(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/ જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય રોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ. પી. શાહ કેન્સર હોસ્પટલ, અમદાવાદ |

---------

જામનગર જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો ઉભા કરવા બાબત

* ૩૦૦૨૨ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર–દક્ષિણ) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

જવાબ

(૧) તા. ૩૧–ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ મુખ્ય તાલુકાઓમાં આવેલ છે.

- જામનગર – ૪ સીએનજી સ્ટેશનો
- ધ્રોલ – ૧ સીએનજી સ્ટેશન
- જોડિયા– ૧ સીએનજી સ્ટેશન

આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં જામનગર જીલ્લામાં જામનગર શહેરમાં વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો ઊભુ કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા જામનગર ચેલા, સાપર, હાપા, ધ્રોલ, જોડિયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવા બાબત

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

* ૩૦૦૨૧ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જીલ્લામાં કુલ ૫ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ મુખ્ય તાલુકાઓમાં આવેલ છે.<br>● બોટાદ – ૩ સીએનજી સ્ટેશનો<br>● ગઢડા – ૧ સીએનજી સ્ટેશન<br>● બરવાળા– ૧ સીએનજી સ્ટેશન<br>આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં બોટાદ જીલ્લામાં ઢસા ખાતે વધુ એક નવું સીએનજી સ્ટેશન ઊભુ કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા સામઢિયાળા, બોટાદ, ગઢડા, બરવાળા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

### વડોદરા શાખા નહેર પર સોલાર વીજમથકની ક્ષમતા

* ૩૦૨૧૧ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ નર્મદા યોજના વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની ક્ષમતા કેટલી છે, અને | (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ નર્મદા યોજના વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની ક્ષમતા ૧૦ મેગાવોટ છે. |
| (૨) ઉક્ત વીજ મથકથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિજળી ઉત્પન્ન થઈ છે ? | (૨) ઉક્ત વીજ મથકથી તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩,૦૬,૭૭,૨૦૨ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે. |

---------

### આણંદ જિલ્લાનો કિંખલોડ–કોસીન્દ્રા માર્ગ

* ૩૨૫૧૭ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કિંખલોડ–કોસીન્દ્રા માર્ગ કેટલા ખર્ચે છેલ્લે ક્યારે બનાવવામાં આવેલ છે, | (૧) રૂ. ૨૦૬.૩૭ લાખ<br>તા. ૦૯–૦૧–૨૦૧૬ના રોજ. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તો અનેક સ્થળે ધોવાઈ ગયેલ છે અને ખાડા પડેલ છે, તે હકીકત સાચી છે, અને | (૨) ના જી. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ સંદર્ભે ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક

* ૨૯૯૨૯ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૩–૨૦૧૬ ના રોજ પુરા થતા નાણાકીય વર્ષના અંતે રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક કેટલી છે અને માથાદીઠ દેવું કેટલું છે, અને | (૧) રાજ્યનાં ઘરગથ્થુ ઉત્પાદનના અંદાજો છેલ્લા નાણાકીય વર્ષના ૨૦૧૫–૧૬(ઝડપી અંદાજો) માટે હાલમાં તૈયાર કરવામાં આવેલ છે. તે મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૫– |

૧૬ની ચાલુ ભાવે માથાદીઠ આવક રૂ ૧,૩૮,૦૨૩/- અંદાજવામાં આવેલ છે.

માથાદીઠ દેવા અંગેની કોઇ જ માહિતી નિભાવવામાં આવતી નથી, પરંતુ જાહેર દેવાની માહિતી નિભાવવામાં આવે છે. જે તા.૩૧-૩-૨૦૧૬ ના રોજ પુરા થતા નાણાકીય વર્ષના અંતે નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬(સુ.અં) | ૧,૮૨,૦૯૮ |

(૨) ઉક્ત માથાદીઠ દેવામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો વધારો થયો છે?

(૨) માથાદીઠ દેવા અંગેની કોઇ જ માહિતી નિભાવવામાં આવતી નથી, પરંતુ જાહેર દેવાની માહિતી નિભાવવામાં આવતી હોવાથી તા.૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જાહેર દેવામાં થયેલ વધારો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વર્ષવાર વધારો(રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૩,૯૪૫ |
| ૨૦૧૫-૧૬(સુ.અં) | ૧૮,૬૪૭ |

---------

નડીયાદ તાલુકાના વીણા અને નવાગામ વચ્ચેનો શેઢી નદી પરનો કોઝવે

* ૩૦૪૫૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નડીયાદ તાલુકાના વીણા અને નવાગામ વચ્ચે શેઢી નદી ઉપર કોઝવે બનાવવા કેટલી દરખાસ્તો સરકારને મળી, અને

(૨) ઉકત મળેલ દરખાસ્તો અન્વયે સરકારે ઉકત સ્થિતિએ શાં પગલા લીધા ?

જવાબ

(૧) અને (૨) ઉકત સ્થિતિએ બે વર્ષમાં કોઈ દરખાસ્ત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દેવભૂમિ દ્વારકાના શહેરોમાં ચાયનીઝ/સીન્થેટીક/કાચ મિશ્રીત દોરી અને તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ

* ૨૮૯૬૫ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સમગ્ર રાજ્યમાં પતંગ માટે વપરાતી ચાઈનીઝ પ્રકાર/સીંન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી અને તુક્કલના ઉત્પાદન/ખરીદ વેચાણ અને ઉપયોગ કરવા પર વન અને પર્યાવરણ વિભાગે સને ૨૦૧૦ થી કાનૂની પ્રતિબંધ મુક્યો છે તે હકીકત સાચી છે,

જવાબ

(૧) હા, જી.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ-૫ હેઠળ તા.૧૬-૧૨-૨૦૧૦, તા.૨૧-૧૦-૨૦૧૧, તા.૨૯-૧૨-૨૦૧૬ના રોજ દરેક મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને દરેક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓને પાક્કા દોરા, કે જે પ્લાસ્ટીક અથવા આ પ્રકારના સિન્થેટીક મટીરીયલમાંથી બનાવવામાં આવે છે. જેને સામાન્યતઃ ચાઈનિઝ દોરીના નામે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ અટકાવવા માટે જરૂરી આદેશો કરવામાં આવેલ છે.

જ્યારે તુક્કલથી થતા આગ જન્ય, સ્વાસ્થય તથા પર્યાવરણ સબંધિત સમસ્યાઓને ધ્યાને લઈ તુક્કલનો

અતારાંકિત પ્રશ્નો

ઉપયોગ અટકાવવા દરેક પોલીસ કમિશ્નરશ્રીઓ, મ્યુનિ.કમિનશ્નરશ્રીઓ અને જિલ્લા કલેકટરશ્રીઓને તા.૦૨–૦૭–૨૦૧૫ના રોજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ–૫ હેઠળ જરરી આદેશો કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો તે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા, ભાણવડ તથા દ્વારકા શહેરમાં જાન્યુઆરી–૨૦૧૭ ના ઉતરાયણ તહેવાર પ્રસંગે કેટલી ચાયનીઝ પ્રકાર/ સીન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી તથા તુક્કલો પકડી પાડવામાં આવ્યા અને તે અન્વયે કેટલા સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

(૨) જાન્યુઆરી–૨૦૧૭ના ઉત્તરાયણ તહેવાર પ્રસંગે આ વિસ્તારમાં ચાઈનિઝ પ્લાસ્ટીક દોરી તથા તુક્કલનો વપરાશ કરતા કોઈ પકડાયેલ નથી. જેથી કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

---------

મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૯૯૯૧ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અભ્યાસ કરતા કેટલા બાળકોની વર્ષવાર આરોગ્ય તપાસ કરવામાં આવી, અને

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ મહેસાણા જિલ્લામાં ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળકોને નીચે મુજબ તપાસ કરવામાં આવી.

| | |
|---|---|
| વર્ષ–૨૦૧૫ (તા.૧–૨–૧૪ થી તા.૩૧–૧–૧૫ | ૫,૩૭,૪૪૦ |
| વર્ષ–૨૦૧૬ (તા.૧–૨–૧૫ થી તા.૩૧–૧–૧૬) | ૫,૩૩,૪૪૩ |

(૨) ઉકત કેટલા બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી અને કેટલા બાળકોને નજીકની હોસ્પિટલ/ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રિફર કરવામાં આવ્યા ?

(૨)

| સ્થળ પર સારવાર આપેલ બાળકો | |
|---|---|
| વર્ષ ૨૦૧૫ | ૩૪,૬૬૪ |
| વર્ષ ૨૦૧૬ | ૩૨,૦૧૫ |

| નજીકની હોસ્પિટલ/સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રિફર કરવામાં આવેલ બાળકો | |
|---|---|
| વર્ષ ૨૦૧૫ | ૧,૧૮૬ |
| વર્ષ ૨૦૧૬ | ૮૭૧ |

---------

નગરપાલિકાઓમાં કાયમી કર્મચારીઓની ભરતી પ્રક્રિયા

* ૩૧૧૩૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નગરપાલિકાઓમાં કાયમી કર્મચારીઓની ભરતી કરવા માટે રાજ્ય સરકારની મંજુરી લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૧) ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ–૫૦(૧) ની જોગવાઈ અનુસાર નિયામક, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની મંજુરી લેવાની હોય છે.

(૨) જો હા, તો ગીર સોમનાથ જિલ્લાની ઉના નગરપાલિકામાં સરકારની મંજુરી વિના કાયમી કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે ? તેવી કેટલી ફરીયાદો સરકારને ઉકત સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં મળી,અને

(૨) ૪ (ચાર).

(૩) ઉકત મળેલ ફરીયાદો અન્વયે સરકારે ઉકત સ્થિતિએ શી કાર્યવાહી કરી અને શા પગલાં લીધા ?

(૩) (૧) ઉના નગરપાલિકામાં થયેલ ભરતી માટે નગરપાલિકાના ૪ પૂર્વ પ્રમુખશ્રી સામે પ્રાદેશિક

નિયામકશ્રી, રાજકોટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭૦(૨) હેઠળ કાર્યવાહી હાથ ધરી તા.૨૦-૦૫-૨૦૦૪ ના હુકમથી જવાબદારી નક્કી કરી ૩.૯૭.૮૩ લાખ વસુલ લેવા હુકમ કરવામાં આવેલ છે.

(૨) આ હુકમ સામે જે તે જવાબદાર પદાધિકારીઓ દ્વારા નામ.ડ્રીસ્ટકટ જજ વેરાવળની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ. આ કેસ ઉનાની ડીસ્ટ્રીકટ કોર્ટમાં ટ્રાન્સફર થતા તા.૧૩-૦૭-૨૦૦૭ના હુકમથી પ્રાદેશિક નિયામકશ્રી, રાજકોટના તા.૨૦-૫-૨૦૦૪ ના હુકમથી અમલવારી સ્થગિત કરવામાં આવેલ. અને નામ.અદાલતે તા.૧૯-૪-૨૦૧૨ ના હુકમથી પ્રાદેશિક નિયામકશ્રી, રાજકોટનો તા.૨૦-૦૫-૨૦૦૪નો હુકમ સ્થગિત કરી કેસ રીમાન્ડ કરેલ છે. તે અન્વયે પ્રાદેશિક નિયામકશ્રી, રાજકોટ દ્વારા તા.૩૦-૦૪-૧૫ ની નોટીસથી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ તા.૨૯-૬-૧૫, તા.૨૫-૮-૧૫ અને તા.૨૬-૪-૧૬ ની મુદતે કેસ ચલાવવામાં આવેલ છે.

(૩) જવાબદારો દ્વારા દિવાની પરચૂરણ અરજી નં.૨૭/૨૦૧૨ દાખલ કરેલ છે. જે હાલ નામ.એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ઉનાની કોર્ટમાં પેન્ડીંગ છે.

## આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ માન્ય હોસ્પિટલો

***** ૩૦૧૫૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ખાનગી/સરકારી દવાખાનાઓ ચિરંજીવી યોજના હેઠળ માન્ય છે, અને

(૨) તે અન્વયે ઉકત હોસ્પિટલો અને ખાનગી દવાખાનાઓમાં છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચુકવાઈ ?

**જવાબ**

(૧) સરકારી હોસ્પિટલોમાં પ્રસુતા મહિલાને મફત સારવાર આપવામાં આવતી હોવાથી સરકારી હોસ્પિટલોનો ચિરંજીવી યોજનામાં સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ચિરંજીવી યોજના ખાનગી ગાયનેક હોસ્પિટલો માટે છે. આણંદ જિલ્લામાં તાલુકાવાર ચિરંજીવી યોજના હેઠળ માન્ય હોસ્પિટલોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખાનગી દવાખાનાના નામ |
|---|---|
| આણંદ | ૧. કરમસદ મેડીકલ હોસ્પિટલ, કરમસદ |
| | ૨. એસ.જી.પટેલ આયુર્વેદીક હોસ્પિટલ |
| આંકલાવ | - |
| બોરસદ | - |
| ખંભાત | - |
| તારાપુર | - |
| પેટલાદ | ૧. ચારુસેટ હોસ્પિટલ, ચાંગા. |
| સોજીત્રા | - |
| ઉમરેઠ | - |

(૨)

| તાલુકાનું નામ | ખાનગી દવાખાનામાં ચુકવાયેલ રકમ |
|---|---|

| | |
|---|---|
| આણંદ | રૂ.૧૬,૬૦,૬૦૦/- |
| આંકલાવ | ૦ |
| બોરસદ | રૂ.૨૫,૭૬,૦૦૦/- |
| ખંભાત | રૂ.૬.૯૫,૪૦૦/- |
| તારાપુર | ૦ |
| પેટલાદ | રૂ.૬૮,૪૦૦/- |
| સોજીત્રા | ૦ |
| ઉમરેઠ | રૂ.૧,૪૮,૪૦૦/- |

---------

સાયલા તાલુકાની સુખભાદર નદી પર નાળાનું બાંધકામ

* ૩૦૦૧૧ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં સાયલા તાલુકાના ભડલા નાગડકા રોડમાં આવતી સુખભાદર નદી પર નાળાનું બાંધકામ મંજુર થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૧૮૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયામાં. |

---------

રાજ્યમાંથી આંતરરાજ્ય કક્ષાએ નકલી દવાનું રેકેટ ઝડપવા બાબત

* ૩૦૦૧૫ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા છેલ્લા છ માસમાં રાજ્યમાંથી આંતરરાજય કક્ષાએ નકલી દવા અંગેનું રેકેટ પકડી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉકત અંગે ઉકત સ્થિતિએ શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) છેલ્લા છ માસમાં રાજ્યના ખોરાક અન ઔષધ નિયમન તંત્ર દ્વારા મે.એસ.આર.એન્ટરપ્રાઈઝ, સરખેજ, અમદાવાદ તથા મે.શ્રદ્ધા હેલ્થ કેર, શાહીબાગ, અમદાવાદ ખાતે નકલી દવાઓ બાબતે દરોડા પાડેલ અને આ નકલી દવાઓ અન્વયે સને ૧૯૪૦ નો ઔષધ અને સૌદર્ય પ્રસાધન ધારા હેઠળ દવાઓના નમૂનાઓ લીધેલ અને અન્ય બાકી રહેલ દવાઓનો જથ્થો જપ્ત કરેલ છે. જેની અંદાજિત કિંમત આશરે રૂ.૫૧.૦૦ લાખ થાય છે. આ અંગે બન્ને પેઢીઓ સામે જે તે હદની પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે.<br>તપાસમાં આ નકલી દવાઓની ખરીદી મે.યોગીની ફાર્મા, ગ્વાલીયર, મધ્યપ્રદેશ ખાતેથી કરેલ છે તેવું ધ્યાને આવતાં ડ્રગ કંટ્રોલર મધ્યપ્રદેશને વધુ તપાસ અર્થે જાણ કરવામાં આવેલ છે. તેમજ સમગ્ર કાર્યવાહીની જાણ ડ્રગ કંટ્રોલર જનરલ ઈન્ડિયા, નવી દિલ્હીને કરેલ છે. |

---------

શહેરી વિકાસ યોજના અંતર્ગત જામનગર મહાનગરપાલિકાને ફાળવેલ રકમ

## અતારાંકિત પ્રશ્નો

* ૩૦૨૭૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે જામનગર મહાનગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા કામ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

| વર્ષ | કામનું નામ | ફાળવણી (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનાના કામ | ૬.૦૨ |
| | આંતર માળખાકીય સુવિધાના કામો | ૬૪.૦૦ |
| | રોડ રીસરફેસીંગના કામો | ૧૭.૦૦ |
| | આગવી ઓળખના કામો | ૧૬.૦૦ |
| | કુલ | ૧૦૩.૦૨ |
| ૨૦૧૬–૧૭ | આંતર માળખાકીય સુવિધાના કામો | ૫૬.૭૫ |
| | મુખ્યમંત્રી શહેરી સડક યોજના | ૧૧.૦૦ |
| | આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસના કામો | ૧૬.૮૭ |
| | કુલ | ૮૪.૬૨ |

---------

### વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૦૮૧૬ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી થઈ,

**જવાબ**

(૧) સામેલ *પત્રક મુજબ.

પ ત્ર ક

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | |
|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| ૧ | વલસાડ | વલસાડ | ૯૫૧૬૯ | ૯૧૬૨૯ |
| ૨ | | પારડી | ૪૪૧૬૯ | ૪૫૪૨૫ |
| ૩ | | વાપી | ૮૫૨૧૦ | ૮૬૮૦૭ |
| ૪ | | ઉમરગામ | ૮૦૦૨૬ | ૭૭૬૧૭ |
| ૫ | | ધરમપુર | ૬૮૪૧૭ | ૬૭૧૪૭ |
| ૬ | | કપરાડા | ૮૭૭૨૭ | ૮૮૨૧૬ |

(૨) ઉકત સ્થિતિએ કેટલા બાળકોમાં મુખ્યત્વે કઈ બિમારીઓ જણાઈ, અને

(૨) ઉકત સ્થિતિએ બાળકોમાં મુખ્યત્વે છેલ્લા બે વર્ષમાં નીચ મુજબ બિમારીઓ જણાઈ

| ક્રમ | બિમારીઓ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાંડુરોગ | ૧૬,૪૯૪ |
| ૨ | આંત્રકૃમિ | ૧૧,૨૧૯ |
| ૩ | દાંતની તકલીફ | ૧૨,૧૧૩ |
| ૪ | આંખની તકલીફ | ૨૪૪૨ |
| ૫ | કાન,નાક, ગળાની તકલીફ | ૩૬૫૦ |
| ૬ | પેટની તકલીફ | ૧૮૩૯ |
| ૭ | ચામડી | ૯૬૯૧ |
| ૮ | હ્રદય | ૪૭ |

| | | |
|---|---|---|
| ૯ | કીડની | ૨ |
| ૧૦ | કેન્સર | ૪ |
| | કુલ | ૫૭,૫૦૧ |

(૩) તેમની સારવાર માટે સરકારે ઉકત સમયગાળામાં શા પગલા લીધા ?

(૩) તેમની સારવાર માટે સરકારે ઉકત સમયગાળામાં નીચે પ્રમાણે પગલા લીધા.

(૧) સ્થળ પર સારવાર,
(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા
(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

ભાવનગર જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવા બાબત

* ૩૦૦૩૪ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લામાં કુલ ૭ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- ભાવનગર – ૪ સીએનજી સ્ટેશનો
- તળાજા – ૧ સીએનજી સ્ટેશન
- ઘોઘા – ૧ સીએનજી સ્ટેશન
- શિહોર – ૧ સીએનજી સ્ટેશન

તે ઉપરાંત વર્ષ ૨૦૧૬–૧૭ માં ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે ૧ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે.

આગામી વર્ષ ૨૦૧૭–૧૮ માં ભાવનગર જિલ્લાના ભાવનગર શહેર, મહુવા, ગારિયાધાર તેમજ ઉમરાલા ખાતે વધુ નવા ૬ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉકત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ?

(૨) ઉકત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ભાવનગર, વરતેજ, ચિત્રા, તળાજા, ઘોઘા વિસ્તારમાં માસ્મા, શિહોર શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

નર્મદા યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા લાંબી મુદતની સિંચાઈ ફંડ

* ૩૦૨૧૬ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની

જવાબ

નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ (LTIF) હેઠળ ઉક્ત યોજનાને કેટલું નાણાકિય ભંડોળ આપવામાં આવેલ છે ?

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ (LTIF) હેઠળ રૂ ૪૬૩ કરોડ આપવામાં આવેલ છે.

---------

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારીઓ સામે ગેરરીતિઓની ફરિયાદ

* ૩૨૨૮૮ શ્રી મિતેશભાઈ ગરાસિયા (ઝાલોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા કેટલા અધિકારીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ગેરરીતિઓની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી અને જવાબદારો સામે શાં પગલાં લીધાં ?

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારી સામે તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં અર્થાત તા. ૧–૦૧–૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ દરમ્યાન કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) ઉક્ત વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જુનાગઢ જિલ્લા પ્રાથમિક / સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૦૪૩૨ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં આવેલ સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત જિલ્લામાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૧૦૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં બદરુદીન એલોપેથીક ડીસ્પેન્સરી માંગરોળની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ, સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–બ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત દર્શાવતું *પત્રક–ક સામેલ છે.

(૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યમાં મેડીકલ કોલેજો

* ૩૦૦૫૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી મેડીકલ કોલેજો આવેલ છે,

(૨) તે પૈકી કેટલી સરકારી, કેટલી જીએમઈઆરએસ સંચાલિત, કેટલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, કેટલી ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત અને કેટલી ખાનગી છે ?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ–૨૨ મેડીકલ કોલેજો આવેલ છે.

(૨) તે પૈકી ૬ સરકારી, ૭ જીએમઈઆરએસ, ૩ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, ૧ ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત અને ૫ ખાનગી મેડીકલ કોલેજો કાર્યરત છે.

---------

જુનાગઢ જિલ્લામાં વેટની એક લાખ કરતાં વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા એકમો

* ૩૦૧૨૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ

જવાબ

(૧) હા જી.

વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેટ ચૂકવતા ના હોય તો કેટલા એકમો સામે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવી ?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| કેસની સંખ્યા | બાકી રકમ |
|---|---|
| ૧૧૧ | ૧૧૯.૭૭ |

(૩) ૩૪ એકમો સામે ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ–૧ સામે ગેરરીતિઓની ફરિયાદ

* ૩૧૬૩૦ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા કેટલા અધિકારીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ગેરરીતિની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી અને જવાબદારો સામે શા પગલાં લીધાં, અને

(૩) તે પૈકી જે અધિકારીઓ ઉક્ત સ્થિતિએ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા હોય તો તેને ન બદલવાના કારણો શા છે ?

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારી સામે તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં અર્થાત તા. ૦૧–૦૧–૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ દરમ્યાન કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) ઉપર મુજબ ફરીયાદ મળેલ ના હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૩) ફરિયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પાલનપુર સીવીલ હોસ્પિટલમાં જુદા–જુદા સંવર્ગોમાં ભરતી કરવા બાબત

* ૩૨૦૦૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૨૮–૩–૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૬૪૯૦ (અગ્રતા ૩૬)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સીવીલ હોસ્પિટલમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ગ–૧ની–૫, વર્ગ–૨ની–૧૦, વર્ગ–૩ની ૧૪ જગ્યાઓ પત્રકમાં જણાવ્યા મુજબના સમયથી ખાલી રહેલ જગ્યાઓ પૈકી કઈ જગ્યાઓ કઈ તારીખથી ભરવામાં આવી છે,

(૨) ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ભરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

જવાબ

(૧) *પત્રક મુજબ

(૨) *પત્રક મુજબ

(૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

પત્રક

| ક્રમ નં. | સંવર્ગનું નામ | તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ખાલી જગ્યાની સંખ્યા | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિ | | | રીમાર્કસ/વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી જગ્યાની સંખ્યા | ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાની સંખ્યા | કઈ તારીખથી જગ્યા ભરવામાં આવેલ તારીખ | |
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | – | – બઢતીથી જગ્યા ભરવા અંગેની કાર્યવાહી હાલ સરકારશ્રીમાં ચાલુ છે. |

| ક્રમ નં. | સંવર્ગનું નામ | તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ખાલી જગ્યાની સંખ્યા | તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિ | | | રીમાર્કસ/વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી જગ્યાની સંખ્યા | ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાની સંખ્યા | કઈ તારીખથી જગ્યા ભરવામાં આવેલ તારીખ | |
| | | | | | | – નિવાસી તબીબી અધિકારી વર્ગ-૧ ચાર્જ સંભાળે છે. |
| ૨ | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૩૦-૬-૧૬ | – |
| ૩ | રેડીયોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | – | – |
| ૪ | એનેસ્થેટીસ્ટ વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | – | હાલ ૨-જગ્યાઓ ભરાયેલ છે. |
| ૫ | મનોરોગ ચિકિત્સક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | – | સી.એમ.સેતુ. અંતર્ગત નિમણૂંક આપી સેવા લેવામાં આવે છે. |
| | વર્ગ-૧ કુલ | ૫ | ૧ | ૪ | – | – |
| ૧ | તબીબી અધિકારી | ૯ | ૧ | ૮ | ૧૨-૫-૧૬ | – |
| ૨ | ક્લીનીકલ સાયકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | – | – |
| | વર્ગ-૨ કુલ | ૧૦ | ૧ | ૯ | – | – |
| ૧ | સિનિયર ક્લાર્ક | ૪ | ૦ | ૪ | – | – |
| ૨ | કેસ રાઈટર | ૨ | ૦ | ૨ | – | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |
| ૩ | જુનિયર ફાર્માસિસ્ટ | ૧ | ૦ | ૧ | – | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે |
| ૪ | એક્સ-રે ટેકનીશીયન | ૨ | ૦ | ૨ | – | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે |
| ૫ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | – | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે |
| ૬ | એક્સ-રે આસીસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | – | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે |
| ૭ | મેસ્યોર | ૧ | ૦ | ૧ | – | હોસ્પિટલ ફિઝીયોથેરાપીસ્ટ કામગીરી સંભાળે છે. |
| ૮ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ | ૨૦-૯-૧૬ | – |
| ૯ | સેનેટરી ઈન્સપેક્ટર | ૧ | ૦ | ૧ | – | – |
| | વર્ગ-૩ કુલ | ૧૪ | ૧ | ૧૩ | – | – |
| | વર્ગ-૧ થી વર્ગ-૩ કુલ | ૨૯ | ૩ | ૨૬ | – | – |

સમરી
સિવિલ હોસ્પિટલ, પાલનપુર

| સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૫ | ૧ | ૪ |
| વર્ગ-૨ | ૧૦ | ૧ | ૯ |

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| વર્ગ-૩ | ૧૪ | ૧ | ૧૩ |
| કુલ | ૨૯ | ૩ | ૨૬ |

---------

મોરબી જિલ્લાનો ખાનપરથી કોયલી માર્ગ

* ૩૧૬૫૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લાના ખાનપરથી કોયલી જિલ્લો માર્ગ તદ્દન બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) અને (૨) : રસ્તો મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાને રીકાર્પેટીંગ ન કરવાનાં શાં કારણો છે, અને | |
| (૩) ઉક્ત રસ્તાને ક્યાં સુધીમાં ડામરનો/રીકાર્પેટીંગ કરવામાં આવનાર છે ? | (૩) બજેટ જોગવાઈ ધ્યાને લઈ વિચારણામાં લેવામાં આવશે. |

---------

જામનગર જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો ઉભા કરવા બાબત

* ૩૦૦૨૩ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા. ૩૧-ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.<br>● જામનગર – ૪ સીએનજી સ્ટેશનો<br>● ધ્રોલ – ૧ સીએનજી સ્ટેશનો<br>● જોડિયા– ૧ સીએનજી સ્ટેશનો<br>આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં જામનગર જીલ્લામાં જામનગર શહેરમાં વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા જામનગર ચેલા, સાપર, હાપા, ધ્રોલ, જોડિયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

જુનાગઢ જિલ્લામાં વેટની રકમનું રીફંડ

* ૩૨૦૩૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં વાણિજ્ય વેરા કચેરી દ્વારા કેટલી રકમના વેટનું રીફંડ કેટલા વેપારીઓને ચૂકવવાનું બાકી છે, અને | (૧) ૧૦ વેપારીઓને રૂ. ૧.૧૩ કરોડનું રીફંડ ચૂકવવાનું બાકી છે. |
| (૨) ઉક્ત રીફંડની બાકી રકમ સત્વરે ચૂકવાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધેલ છે ? | (૨) બાકી કેસોમાં વખતોવખત રીવ્યુ કરી સૂચનાઓ આપવામાં આવે છે. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ખેલમહાકુંભ પાછળ ખર્ચ

* ૩૨૨૬૬ શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર ખેલમહાકુંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાઓમાં ઉકત વર્ષવાર કેટલા ખેલાડીઓએ ભાગ લીધો ?

જવાબ

(૧) વર્ષવાર અને જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ.)

| વર્ષ | વડોદરા | છોટાઉદેપુર | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫ | ૧૦,૫૩,૬૮૨ | ૬,૬૭,૮૦૦ | ૧૭,૨૧,૪૮૨ |
| ૨૦૧૬ | ૨૭,૫૬,૪૭૨ | ૧૯,૮૩,૧૮૫ | ૪૭,૩૯,૬૫૭ |
| કુલ | ૩૮,૧૦,૧૫૪ | ૨૬,૫૦,૯૮૫ | ૬૪,૬૧,૧૩૯ |

(૨) વર્ષવાર અને જિલ્લાવાર ભાગ લીધેલ ખેલાડીઓ

| વર્ષ | વડોદરા | છોટાઉદેપુર | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫ | ૮૩,૮૧૯ | ૪૭,૨૮૬ | ૧,૩૧,૨૦૫ |
| ૨૦૧૬ | ૧,૦૩,૭૩૬ | ૪૯,૨૦૨ | ૧,૫૨,૯૩૮ |
| કુલ | ૧,૮૭,૫૫૫ | ૯૬,૪૮૮ | ૨,૮૪,૦૪૩ |

---------

### અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનો નર્મદા યોજનામાં સિંચાઈના પિયત વિસ્તારમાં સમાવેશ

* ૩૧૦૩૫ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનો નર્મદા યોજનામાં સિંચાઈનાં નિયત પિયત વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, તેનાં કારણો શા છે,

જવાબ

(૧) અને (૨) નર્મદા જળવિવાદ પંચ દ્વારા નર્મદા યોજનાના લાભિત રાજ્યોના પિયત વિસ્તાર વર્ષ ૧૯૭૮માં નક્કી કરવામાં આવેલ હતા. જે મુજબ ગુજરાત રાજ્યના નક્કી કરવામાં આવેલ પિયત વિસ્તારમાં કચ્છ જિલ્લાના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ નથી. જેના કારણોમાં પાણીની મર્યાદીત ઉપલબ્ધતા, નર્મદા મુખ્ય નહેરમાં કચ્છ શાખા નહેરના ઉદ્ગમ સ્થાન પાસે મળતું પાણીનું લેવલ, આ લેવલથી આવરી શકાતો ભૌગોલિક વિસ્તાર તથા તેના ટેકનો–ઈકોનોમિક પરિબળો જે તે સમયે ધ્યાને લીધા હોવાનું જણાય છે.

---------

### સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એમ.બી.બી.એસ. ડૉકટરોની ઘટ

* ૩૨૫૨૧ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા એમ.બી.બી.એસ. ડોકટરોની તાલુકાવાર ઘટ છે,

જવાબ

(૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એમ.બી.બી.એસ. ડોકટરોની તાલુકાવાર ઘટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | એમ.બી.બી.એસ. તબીબી અધિકારી વર્ગ–૨ ની વિગત | | | ઘટની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | |
| ૧ | હિંમતનગર | ૯ | ૮ | ૧ | ૧ |
| ૨ | ઈડર | ૧૦ | ૯ | ૧ | ૧ |
| ૩ | વડાલી | ૨ | ૨ | ૦ | ૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૮ | ૭ | ૧ | ૧ |
| ૫ | પોશીના | ૧૧ | ૭ | ૪ | ૪ |
| ૬ | વિજયનગર | ૯ | ૮ | ૧ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | પ્રાંતિજ | ૫ | ૫ | ૦ | ૦ |
| ૮ | તલોદ | ૪ | ૪ | ૦ | ૦ |
| | કુલ ઘટ | ૫૮ | ૫૦ | ૮ | ૮ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત પૈકી કેટલા એમ.બી.બી.એસ. ડોકટરો કોન્ટ્રાકટ બેઝ ઉપર છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત પૈકી ૫ (પાંચ) એમ.બી.બી.એસ. ડોકટરો કોન્ટ્રાકટ બેઝ ઉપર છે.

| ક્રમ | તાલુકાનું નામ | કોન્ટ્રાકટબેઝ ઉપરના એમ.બી.બી.એસ. ડોકટરની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ |
| ૨ | ખેડબ્રહ્મા | ૧ |
| ૩ | વિજયનગર | ૧ |
| ૪ | પ્રાંતિજ | ૧ |
| | કુલ | ૪ |

(૩) ઉકત સ્થિતિએ ઉકત ઘટતા ડોકટરોની જગ્યા ભરવા સરકારનું શું આયોન છે ?

(૩) ઉકત સ્થિતિએ એમ.બી.બી.એસ. ડોકટરોની ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકારે નીચે મુજબ આયોજન કરેલ છે.

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૯૫ એમ.બી.બી.એસ. ની પસંદગી યાદી તૈયાર કરેલ છે. તે પૈકીના ઉમેદવાર ઉપલબ્ધ થતાં જગા નિયમિત એમ.બી.બી.એસ. તબીબી થી ભરી શકાશે.

(૨) દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ યોજવામાં આવે છે. તેમાં એમ.બી.બી.એસ. ડોકટર પસંદગી પામતા ૧૧ માસના કરારના ધોરણે નિમણૂંક આપી ભરી શકાશે.

(૩) સરકારી મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. ઉત્તીર્ણ થયેલ ડોકટરની યાદી ઉપલબ્ધ થતા ૩ (ત્રણ) વર્ષ માટે બોન્ડેડ તબીબો તરીકે નિમણૂંક આપીને ભરી શકાશે.

---------

## રાજ્યનું જાહેર દેવું

* ૩૨૨૯૬ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જાહેર દેવામાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વર્ષવાર વધારો (+) કે ઘટાડો (–) (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | (+) ૧૩૯૪૫ |
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | (+) ૧૮૬૪૭ |

(૩) ઉકત જાહેર દેવા પેટે રાજ્ય સરકાર દ્વારા ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલું મુદ્દલ રકમ પરત કરવામાં આવી અને કેટલું વ્યાજ ચુકવવામાં આવ્યું ?

(૩)

| નાણાકીય વર્ષ | જાહેર દેવા ઉપર ચૂકવાયેલ (રૂ.કરોડમાં) | |
|---|---|---|
| | મુદ્દલ | વ્યાજ |

| | | |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૫૫૦૯ | ૧૩૦૬૧ |
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૬૨૦૫ | ૧૪૪૯૫` |

---------

કલ્પસર પ્રોજેકટને મંજૂરી

* ૩૦૧૯૨ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કલ્પસર પ્રોજેકટ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કલ્પસર પ્રોજેકટના શકયતદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરીને તા.૨૨-૦૧-૨૦૦૩ ના રોજ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત પ્રોજેકટની પ્રગતિ ક્યા તબક્કે છે અને તે અન્વયે કેટલો ખર્ચ થયો ? | (૨) ઉકત સ્થિતિએ કલ્પસર પ્રોજેકટ શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે અને એ માટેના જરૂરી સર્વે/સંશોધનો/અભ્યાસો પૈકી ૨૧ પ્રકારના સર્વે/સંશોધનો/ અભ્યાસો પૂર્ણ થયા છે. ૧૧ પ્રગતિ હેઠળ છે તેમજ ૧૧ આયોજન હેઠળ છે. અને તે અન્વયે રૂ.૯૪.૧૨ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા મથકે આરામગૃહ બનાવવા બાબત

* ૩૨૫૬૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા મથકે સરકાર દ્વારા આરામગૃહ બનાવવાનું આયોજન છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૧) અને (૨) ના, જી. અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવા બાબત

* ૩૦૦૩૨ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જિલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.<br>• હાલોલ - ૨ સીએનજી સ્ટેશનો<br>• કાલોલ - ૧ સીએનજી સ્ટેશન<br>• ગોધરા - ૩ સીએનજી સ્ટેશન<br>આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માં ઘોંઘબા તથા ગોધરા ખાતે વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે. |
| (૨) ઉકત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૨) ઉકત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા હાલોલ, કાલોલ, ગોધરા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

કડી અને જોટાણા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રનું મંજુર મહેકમ

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

* ૩૨૫૨૪ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર થયેલ મહેકમ મુજબ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમ વિગત દર્શાવતું *પત્રક–બ સામેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત ખાલી રહેલ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં ભુગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોર કેનાલના કામો

* ૩૦૨૧૩ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી લંબાઈમાં ભુગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો પુર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૬૧૪.૩૭૩ કી.મી. લંબાઈમાં ભુગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો પુર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૩૮,૩૯૯ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

### આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યરત આરોગ્ય કેન્દ્રો

* ૩૨૫૧૮ શ્રી અમીતભાઈ ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, | (૧) સામેલ *પત્રક–૧ મુજબ. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,<br>(૩) ઉકત સ્થિતિએ ઉકત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) અને (૩) આણંદ અને વડોદરા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–૨ સામેલ છે. આણંદ અને વડોદરા જિલ્લામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–૩ સામેલ છે. |
| (૪) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં કાયમી નિમણૂંકથી ભરવામાં આવશે ? | (૪) જે તે સંવર્ગ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### ગીર સોમનાથ જીલ્લામાં બિસ્માર રસ્તાઓની મરામત

* ૩૧૧૩૩ શ્રી પંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જીલ્લામાં તાલુકાવાર કેટલા અને કયા બિસ્માર રસ્તાઓની મરામતના અને રીસફેસીંગના કામો છેલ્લાં એક વર્ષમાં કરવામાં આવ્યા,

(૧)

| ક્રમ | તાલુકો | રસ્તાની સંખ્યા | |
|---|---|---|---|
| | | મરામત | રીસરફેસીંગ |
| ૧ | ઉના | ૧૩ | ૫ |
| ૨ | તાલાળા | ૫ | ૦ |
| ૩ | કોડીનાર | ૧૬ | ૧૯ |
| ૪ | વેરાવળ | ૨ | ૧૧ |
| ૫ | સુત્રાપાડા | ૩ | ૨ |

(૨) ઉક્ત કામો ખાતાકીયરાહે કરવામાં આવ્યા કે એજન્સી દ્વારા કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત કામો પૈકી ૧૬ કામો ખાતાકીય રાહે તથા ૬૯ કામો એજન્સી દ્વારા કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) રૂ।. ૨૩૫૯.૩૯ લાખ

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં ભુગર્ભ પાઇપ લાઇનથી સબમાઇનોર કેનાલના કામો

* ૩૦૨૧૪ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી લંબાઇમાં ભુગર્ભ પાઇપ લાઇનથી સબમાઇનોરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૬૧૪.૩૭૩ લંબાઇમાં ભુગર્ભ પાઇપ લાઇનથી સબમાઇનોરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) કુલ રૂ।.૩૮,૩૯૯.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુરૂ શિષ્ય યોજના

* ૩૦૯૪૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ગુરૂ શિષ્ય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુરૂ અને શિષ્યને માસિક માનદવેતન આપવામાં આવે છે તે હકીકત સાચી છે.

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ માસિક કેટલુ વેતન આપવામાં આવે છે અને આપવામાં આવતા માનદવેતનમાં છેલ્લા ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૨) ગુરૂને માસિક માનદવેતન રૂ.૧,૫૦૦/- અને શિષ્યને માસિક શિષ્યવૃત્તિ રૂ.૪૦૦/- આપવામાં આવે છે, જેમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી.

(૩) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જીલ્લાવાર કેટલા ગુરૂ અને કેટલા શિષ્યને માસિક માનદ વેતન આપવામાં આવે છે?

(૩) છેલ્લાં બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની કોઇ જ અરજી મળેલ ન હોઇ માનદ વેતન આપવામાં આવેલ નથી.

---------

### વલસાડ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૩૦૮૧૭ શ્રી ઇશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૧) સામેલ * પત્રક મુજબ

| | |
|---|---|
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ નહી ભરવાના કારણો શા છે,અને? | (૨) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા સમયમાં ઉક્ત ખાલી જગ્યાઓ ભરવામાં આવશે? | (૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત રાજય મૂડીરોકાણ નિગમનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ (રા.ક.ના નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( રા.ક.ના નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા ( કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( રા.ક.ના ખાણ ખનીજ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ,હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ના વાર્ષિક અહેવાલો

શ્રી કેશાજી શિ. ચૌહાણ (રા.ક.ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૦૯-૧૦, સન ૨૦૧૦-૧૧ અને સન ૨૦૧૧-૧૨ના વાર્ષિક

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા (રા.ક.ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની,

(૧) તા. ૧૭/૦૧/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક : કેપી/૨૦૧૭નો૧/પઆરસીએચ/૧૦૨૦૧૦ /જીઓઆઇ/૪૩/જી

(૨) તા. ૦૮/૦૨/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક : કેપી/૨૦૧૭નો૬/પીઆરસીએચ/ ૧૦૨૦૧૦/જીઓઆઇ/૪૩/જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

માગણી ક્રમાંક. ૬૬

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૧,૪૧,૧૦,૭૨,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૪,૮૭,૪૭,૦૪,૦૦૦ની માગણી ક્રમાંક–૬૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૬૬ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

માગણી ક્રમાંક. ૯૮

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૮૬,૮૯,૬૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮૫,૯૯,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૯૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧૭-૩-૨૦૧૭ (સાતમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં ૬૬ | | |
| ૧ | ૨૭૦૧- મધ્યમ સિંચાઈ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧ - નિર્દેશ<br>રૂ. ૨૨,૬૩,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ-૧)<br>પાના નં. ૬૫ અને ૬૬ | ૧૦૦ | નર્મદાના પાણી બીજી નદીઓમાં ઠાલવતા પહેલાં નદીઓની સફાઇ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર (જોઈતાભાઈ પટેલ, હર્ષદકુમાર રીબડીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૨ | ,, | ૧૦૦ | ડેમોના દરવાજાની સમયાંતરે ચકાસણી કરી યોગ્ય મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા (ધીરૂભાઈ ભીલ, શ્રીમતી કામીનીબા રાઠોડ, પ્રો. હીરાભાઈ પટેલ) |
| ૩ | ,, | ૧૦૦ | ડેમોમાં ભરાયેલ કાંપને સમયાંતરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા (પુંજાભાઈ વંશ, ચંદ્રીકાબેન બારીયા, મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૪ | ૨૭૦૧- મધ્યમ સિંચાઈ<br>૦૩ - સચિવશ્રી, જળસંપત્તિ ..........સચિવાલય<br>રૂ. ૩, ૩૨,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ-૧)<br>પાના નં. ૬૭ અને ૬૮ | ૧૦૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની અગત્યની જગ્યાઓ કાયમી ધોરણે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ (વજેસિંગભાઈ પણદા, ગ્યાસુદ્દીન શેખ, નિરંજન પટેલ) |
| ૫ | ,, | ૧૦૦ | અનેક રજૂઆતો છતાં વિભાગ હેઠળની જીલ્લાની કચેરીઓ દ્વારા ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરૂં ન પાડવા સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રનિલ રાજ્યગુરૂ (અશ્વિન કોટવાલ, નટવરસિંહ ઠાકોર, પૂનમભાઈ પરમાર) |
| ૬ | ૨૭૦૧- મધ્યમ સિંચાઈ<br>૦૩ - સચિવશ્રી, જળસંપત્તિ ..........સચિવાલય<br>રૂ. ૩, ૩૨,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ-૧) | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓ દ્વારા સિંચાઈ માટેની વ્યવસ્થા અંગે રજૂઆતો કરવા છતાં તેના પર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (આનંદભાઈ ચૌધરી, શૈલેષ પરમાર, પરેશ ધાનાણી) |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૬૭ અને ૬૮ | | | |
| ૭ | ૪૭૦૧– મધ્યમ.........જોગવાઈ ૭૦– ઉત્તર ગુજરાત...યોજનાઓ ૮૦૦– અન્ય ખર્ચ રૂ. ૧,૯૩,૬૩,૦૦૦ અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧) પાના નં. ૧૬૫ | ૧૦૦ | ઉત્તર ગુજરાતના ખેડૂતોને સિંચાઇ માટે ડેમોમાંથી જરૂરીયાતના સમયે નિયમીત પાણી મળે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (ગોવાભાઈ રબારી, મહેશકુમાર પટેલ, રામસિંહ પરમાર) |
| ૮ | ૪૭૦૧– મધ્યમ......જોગવાઈ ૭૧– સૌરાષ્ટ્ર પ્રદેશ ........પાણી ૮૦૦– અન્ય ખર્ચ રૂ. ૧૭,૦૬,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧) પાના નં. ૧૬૬ | ૧૦૦ | સૌરાષ્ટ્ર પ્રદેશમાં સિંચાઈ અને ભૂગર્ભમાં જળ પુન: પ્રભારણ માટે એક મીલીયન એકર ફીટ પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઈ ચાવડા (ભોળાભાઈ ગોહેલ, ડૉ. તેજશ્રીબેન પટેલ, માનસિંહ ચૌહાણ) |
| રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ માગણી નં ૯૮ | | | | |
| ૯ | ૨૨૦૪– ખેલકૂદ... સેવાઓ ૦૦૧– નિર્દેશ અને વહીવટ ૦૧– યુવક સેવાઓ..... નિયામક રૂ. ૧,૮૯,૨૫,૦૦૦ અં. પ્ર. નં. ૨૫ પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | વિદ્યાર્થીઓને પ્રાથમિક કક્ષાએથી જ રમતગમતની વિશેષ તાલીમ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા (ધારશીભાઈ ખાનપુરા, પ્રહલાદભાઈ પટેલ, ડૉ. અનિલ જોષીયારા) |
| ૧૦ | ’’ | ૧૦૦ | રાજયની શાળાઓમાં નિષ્ણાંત કોચની ઘટ પૂરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી (પ્રવિણભાઈ રાઠોડ, ધીરૂભાઈ ભીલ, ગેંદાલભાઈ ડામોર) |
| ૧૧ | ’’ | ૧૦૦ | ગરીબ રમતવીરોને યોગ્ય આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા ` | શ્રી બાબુભાઈ વાજા (રાઘવજી પટેલ, બળદેવજી ઠાકોર, મેરામણભાઈ આહીર) |
| ૧૨ | ’’ | ૧૦૦ | ખેલમહાકુંભમાં ખેલાડીઓને રહેવા–જમવાની સારી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કરમશીભાઈ પટેલ (પુનાભાઈ ગામીત, આનંદભાઈ ચૌધરી, વજેસિંગભાઈ પણદા) |
| ૧૩ | ૨૨૦૫ – કલા અને સંસ્કૃતિ ૧૦૨ – કલા..........ઉત્તેજન ૦૧– ART –8 સંગીત.......પ્રવૃતિઓ રૂ. ૧૨,૮૫,૦૫,૦૦૦ અં. પ્ર. નં. ૨૫ પાના નં. ૨૭ | ૧૦૦ | સંગીત, નૃત્ય અને નાટય અકાદમીઓની સાંસ્કૃતિક પ્રવૃતિઓને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહંમદજાવીદ પીરઝાદા (કાન્તીભાઈ ખરાડી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ૨૨૦૫ – કલા અને સંસ્કૃતિ<br>૧૦૩ –<br>પુરાતત્વવિદ્યા......મોજણી<br>૦૧– ART –૭ પુરાતત્વ વિકાસ<br>રૂ. ૩,૨૦,૬૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૩૩ અને ૩૪ | ૧૦૦ | પુરાતત્વીય સાઈટસની યોગ્ય માવજત અને જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. મિતેશ ગરાસીયા<br>(અમીત ચૌધરી,<br>છનાભાઈ ચૌધરી,<br>મહેન્દ્રસિંહ વાઘેલા ) |
| ૧૫ | ૨૨૦૫ – કલા અને સંસ્કૃતિ<br>૧૦૫ – જાહેર ગ્રંથાલયો<br>૦૧ – ART –૨ ગ્રંથાલય વિકાસ<br>રૂ. ૨૧,૯૫,૨૯,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૩૮ અને ૩૯ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પ્રાથમિક સુવિધા પૂરી પાડીને પુસ્તકોની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(ગૌતમભાઈ ચૌહાણ,<br>મંગળભાઈ ગાવિત,<br>રાજેન્દ્રસિંહ પરમાર) |
| ગુજરાત વિધાનસભા સચિવાલય<br>ગાંધીનગર | | | | ડી. એમ. પટેલ<br>સચિવ<br>ગુજરાત વિધાનસભા |

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઇ ટીકા ટિપ્પણમાં પડવું નથી પરંતુ મારી લાગણી એટલી જ છે કે સમગ્ર ગુજરાત રાજયનો ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટરનો વિસ્તાર જયારથી ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી અનેક તળાવોના કામો, સિંચાઇ યોજનાઓ, મધ્યમ કક્ષાની, મોટી સિંચાઇ યોજનાઓ ગુજરાતમાં બની છે. તે તમામ યોજનાઓ વર્ષો પહેલાં જે તે રાજ હતું તે વખતમાં આ તમામ સિંચાઇ યોજનાઓ ગુજરાતમાં બની છે અને તેના આધારે ગુજરાતમાં માત્ર ૨૩ ટકા જેટલી સિંચાઇ વધી. એ સરકારની કામગીરીના કારણે ૨૩ ટકા સિંચાઇ વધી છે અને આ સિંચાઇ યોજનાઓ બની છે તે પણ મોટાભાગે આદિવાસી વિસ્તારોમાં જ બની છે. તે વિસ્તારના આદિવાસી ખેડૂતોએ આ જમીનો સ્વેચ્છાપૂર્વક તે જમાનામાં આ યોજનાઓ બનાવવા માટે આપી હતી. આ સિંચાઇ યોજનાઓ બનવાના કારણે ખેતીમાં ક્રાંતિ થઇ છે. મારી એટલી લાગણી છે કે ભલે નર્મદા યોજના બની પણ એટલું તો સ્વીકારો કે આદિવાસી ખેડૂતોએ એમાં જમીન આપી છે. તે વખતે હું પણ ધારાસભ્ય હતો, ૧૯૭૨થી અત્યાર સુધી ધારાસભ્ય તરીકે ચાલુ છે અને મારી એટલી લાગણી છે કે નર્મદા યોજના બની તે વખતે પણ હું ધારાસભ્ય તરીકે હતો. નર્મદા યોજનાનું ૮૫ મીટર સુધીનું કામ સ્વ.ચીમનભાઇ પટેલે કરેલું એમાં તો કોઇ બેમત નથી. મૂળ કેનાલનું કામ – કેવડીયાથી સૌરાષ્ટ્રના જેતપુર સુધીનું કામ તેમણે કરેલું. મારી એટલી લાગણી છે કે જે લોકોના ભોગે આ નર્મદા યોજના બની એ વિસ્તારના લોકોને જે સિંચાઇનો લાભ મળવો જોઇએ એ સિંચાઇનો લાભ ત્યાંના ખેડૂતોને મળતો નથી. ચાલીસ–પિસ્તાળીસ કે પચાસ ટકા સુધીના લોકોને મળતો નથી. હફેશ્વર તાલુકો, નસવાડી તાલુકો, સંખેડા તાલુકો, ડભોઇ તાલુકો, વાઘોડીયા તાલુકો, આ બધા તાલુકાઓના ખેડૂતોને સિંચાઇનો પૂરેપૂરો લાભ મળતો નથી. એવી જ રીતે આ નર્મદા યોજનાનું પાણી સમગ્ર ગુજરાતમાં જ્યારે મળવાનું હોય ત્યારે અમારી લાગણી એવી છે કે આદિવાસી વિસ્તારની પ્રજાને પણ આનો લાભ મળવો જોઇએ. છોટાઉદેપુર જિલ્લો બન્યો પણ છોટાઉદેપુર જિલ્લામાં સિંચાઇની કોઇ સુવિધા નથી. અમે ૧૯૭૯માં ૩૫ ગામ ડુબાડીને સુખી સિંચાઇ યોજના બનાવી. એ સુખી સિંચાઇ યોજના જ્યારે બની અને જ્યારે પૂરી થઇ ત્યારે લગભગ ૫૦૦૦૦ એકર જમીનને પાણી મળતું હતું. પરંતુ આજે ૩૭ વર્ષના અંતે આ સુખી સિંચાઇ યોજનાની કેનાલ અને આખો સિંચાઇ યોજનાનો ડેમ કાંપ ભરાવાના કારણે જે પાણીનો સંગ્રહ થતો હતો એ બંધ થઇ ગયો છે. જેના કારણે અત્યારે ફક્ત ૧૧૦૦૦ એકર જમીનમાં જ સિંચાઇ થાય છે. એટલે મારી સરકારશ્રીને વિનંતી છે કે આ કાંપ દૂર કરવામાં આવે. મેં ૨૦૧૪માં પ્રશ્ન પૂછ્યો હતો. એમાં મેં માગણી કરી હતી કે સિંચાઇની કેનાલ, શાખા, પ્રશાખા અને ડેમને રિપેર કરી આપવામાં આવે. એટલે એમણે ૫૨.૫ કિ.મી.ની કેનાલ રિપેર કરી આપી અને એનો ખર્ચ રૂ.૮,૪૨,૮૪,૦૦૦/– નો થયો. હવે બાકીની ૩૦ કિ.મી.ની કેનાલ રહી ગઇ છે. એના માટે રૂ.૫,૮૧,૦૦,૦૦૦/– નો ખર્ચ થાય તેમ છે એ ખર્ચ કરીને પણ આ કેનાલ રિપેર કરવી જોઇએ. આ રિપેર કરવા માટેનો સરકારે મને જવાબ આપેલો છે. પરંતુ એ કેનાલ આજ સુધી રિપેર ન થવાના કારણે ત્યાં સિંચાઇ થવી

જોઇએ એ સિંચાઇ થતી નથી. મારી એટલી લાગણી છે કે સરકારશ્રીને દરખાસ્ત પણ કરેલી ૨૦૧૬માં, કાર્યપાલક ઇજનેરશ્રી, સુખી સિંચાઇ યોજના જમણા કાંઠાની મુખ્ય નહેરની સાંકળ ૩૮૦૭૫ મીટર સુધીની મરામત કરવા માટે નકશા અંદાજો કુલ ૨ કરોડ ૬૮ લાખ, સરકારશ્રીમાં વહીવટી મંજૂરી અર્થે વર્તુળ કચેરીના જાવક નંબરઃ સિંચાઇ, વપીબી–૨ સુખી સિંચાઇ યોજના ૪ સુખી જમણા કાંઠાનુ મુખ્ય સ્ટ્રકચર મરામતની ૧૧૧૪ અને ૨૦૧૬, તારીખ ૩–૧૨–૧૬થી સાદર કરવામાં આવી છે. હવે આ દરખાસ્તની મંજૂરી આજ સુધી ગુજરાત સરકારે આપી નહીં તેના કારણે સુખી સિંચાઇ યોજનામાં જે વિશાખા પ્રશાખા અને કેટલાક જે સાયફન અને કેટલાક ગેટ તુટી ગયા છે એને રીપેર કરવા માટે આ તાત્કાલિક કાર્યવાહી સિંચાઇ વિભાગ કરે અને આ જે રકમની માગણી કરી છે અને ૫ કરોડ ૮૧લાખની પણ જે માગણી કરી છે તે મંજૂર કરવા પણ મારી નમ્ર વિનંતી છે. એવી જ પરિસ્થિતિ આદિવાસી વિસ્તારના લગભગ ૧૩ તળાવો એ ૧૩ તળાવમાં અમલવાંટ સિંચાઇ તળાવ અને શીંગલા સિંચાઇ તળાવ એ કવાંટનું છે અને છોટા ઉદેપુર તાલુકાના ૪ તળાવો છે. કુંદનપુર બોડેલી તાલુકાનું ૧ છે. જેતપુર–પાવી તાલુકાના ૪ તળાવ છે, નસવાડી તાલુકાના ૨ તળાવ છે એમ કુલ ૧૩ તળાવ છે એ ૧૩ તળાવો ૧૯૭૫થી ૧૯૮૪માં બનેલા. આ તળાવોની કુલ સિંચાઇ ક્ષમતા ૪૮૬૯ હેકટરમાં સિંચાઇ થવાની હતી અને આ તળાવો બન્યા ત્યારે આટલી સિંચાઇ થતી હતી પરંતુ આ તળાવોનું આજ સુધી રીપેરીંગ કરવા માટે જે કાપ ભરાઇ ગયો છે, જે શીલ્ટીંગ થયું છે તેને કાઢવા માટે અનેક વખત રજૂઆતો કાર્યપાલક ઇજનેર સિંચાઇ દ્વારા સરકારશ્રીમાં કરી પરંતુ અત્યારે જે આ તળાવો છે એમાં ૯૧૮ હેકટરમાં જ સિંચાઇ થાય છે એ સિવાય છોટા ઉદેપુર જિલ્લામાં બીજો કોઇ વિકલ્પ નથી અને જે નર્મદાનું પાણી એ છોટા ઉદેપુર જિલ્લામાં મળવાનું નથી તો આ ૧૩ તળાવોને માટે સરકારે ગ્રાન્ટ ફાળવી ૪૫ લાખ ૪૦ હજાર. આમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ૧ કરોડ અને ૧૨ લાખ ફાળવ્યા પણ આ રકમ પણ મળી નથી એટલે મારી સરકારને લાગણી છે કે જે કાર્યપાલક ઇજનેરે આર.આર. માટે રજૂ કરેલી દરખાસ્ત ૧૧ કામોની એ ૧૩,૭૦,૪૪,૦૦૦ની આ ૧૩ તળાવોને રીપેર કરવાની માગણી કરી છે એ મંજૂર કરવા પણ મારી વિનંતી છે અને છેલ્લે મારી એ પણ લાગણી છે કે છોટા ઉદેપુર નગરપાલિકાએ ૩૫ હજારની વસ્તી ધરાવતી નગરપાલિકા છે એમાં સિંચાઇ યોજનાનો ચેકડેમ બનાવીને આખા નગરને પાણી પૂરું પડે એટલા માટે તા.૩–૩–૧૪ના રોજ મેં માગણી કરેલી એ વખતે ૪,૮૮,૫૯,૦૦૦ના નકશા અંદાજો તૈયાર કરીને વહેલી તકે કામગીરી પૂરી કરવાનું આયોજન કરેલ હતું અને એ કામ ૨૦૧૬માં મેં પ્રશ્ન પૂછ્યો કે તમે આ ચેકડેમ જેમ દેવગઢબારીયા દાહોદ નગરપાલિકાને સરકારે મફત ચેકડેમ કરી આપ્યા એવી રીતે છોટા ઉદેપુરમાં પણ મને કરી આપો તો એમણે ૨૦૧૬માં મને કીધું કે અંદાજ રૂ.૬,૦૮,૨૭,૦૦૦ એ વહીવટીની પ્રક્રિયા હેઠળ છે. આજે ૨૦૧૭ થયા. ૧૪ની મારી માગણી હતી પરંતુ આ સિંચાઇનો ચેકડેમ, આડબંધ બાંધીને ૩૫હજાર લોકોને પીવાનું પાણી મળે એવી કાર્યવાહી તાત્કાલિક કરવા માટે મારી માગણી છે અને વહેલી તકે આ કામ પૂરું થાય અને પીવાના પાણી માટે છોટાઉદેપુર જિલ્લાના ૮ તાલુકાના ૮૦૮ ગામો માટે એક હજાર હેન્ડપંપ અને ૩૨૬ જેટલી મીની પાણીની ટાંકીની પણ માગણી કરી છે એ રકમ વહેલી મંજૂર થાય અને આ વખતે પીવાના પાણીની અત્યારથી જ શોર્ટેજ છે. થેંકયુ સર.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઇ મંત્રીશ્રી વર્ષ ૨૦૧૭–૧૮ની મહેસૂલી ખર્ચ માટે ૧૧૪૧ કરોડ અને મૂડી ખર્ચ માટે ૩૪૮૭.૪૭ કરોડની માગણી લઇને આવ્યા છે એને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બીશ્રી મોહનસિંહ રાઠવા સાહેબનું પ્રવચન હું સાંભળતો હતો ત્યારે મને એમ લાગ્યું કે એમની સ્થિતિ મહાભારતના ભિષ્મ પિતામહ જેવી છે. જેવી રીતે મહાભારતમાં તે વખતના કૌરવો ડૂબી ગયા હતા અને એમને બચાવવા માટેના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા એમ મોહનસિંહભાઇની સ્થિતિ એવી છે. એમની માગણી મંત્રીશ્રી જરૂર ધ્યાનમાં લેશે. એમની કોંગ્રેસનો ઇતિહાસ મારે કહેવો છે. ગુજરાતની ધરતી એમણે એવી સ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીને આપી હતી કે બંજર બની ગઇ હતી. કોઇપણ ધરતી બંજર બને તો એની કોઇ કિંમત રહેતી નથી. જેવી રીતે પાણી વગરના ઘોડાને કોઇ ખરીદવા આવતું નથી અને કહે કે ઘોડામાં કાંઇ પાણી નથી. પાણી વગરનો માણસ હોય તો એની પણ કોઇ કિંમત હોતી નથી. એ પ્રમાણે જમીનમાં પણ જો પાણી ન હોય તો એ જમીનની કોઇ કિંમત રહેતી નથી. સમગ્ર ગુજરાતને આપે જે સ્થિતિમાં અમને આપ્યું હતું એમાં દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતનો અમુક વિભાગ બાદ કરતાં બંધાયેલા ડેમોના આધારે નાગરિકો માટે પાણીની વ્યવસ્થા થતી હતી. પરંતુ તે સિવાયનો વિસ્તાર કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની સ્થિતિ કેવી હતી તે મોહનસિંહજી આપ જાણો છો કે ત્યાંના લોકોને સ્થળાંતર કરવું પડ્યું હતું. મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને છેક મુંબઇ સુધી સ્થળાંતર કરી તેઓ પોતાના પરિવારોને લઇને ચાલ્યા ગયા હતા. મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે જે જમીનને પાણી આપવામાં આવે છે એ પાણીના ફળ સ્વરૂપે વળતર મળે છે. કોંગ્રેસના મિત્રો એમ કહે છે કે અમે ડેમો બાંધ્યા, જરૂર બાંધ્યા પરંતુ ડેમોમાં પાણી છે કે નહીં એ એમણે જોયું નથી. ડેમો બાંધ્યા પછી તમે ઉત્તર ગુજરાતનો કોઇ ડેમ જુઓ, સૌરાષ્ટ્રનો કોઇ ડેમ જુઓ તો ગેરેંટેડ પાણી અંદર રહ્યું નથી. અમારી સરકારે જે કર્યું છે તે એના પાણીની વ્યવસ્થા, એ ડેમ ભરવાની વ્યવસ્થા અમારી આ સરકારે કરી છે. ગેરંટી કે તેમાં પાણી હોવું જોઇએ. મારે એમની યોજનાઓ વિશે કહેવું છે કે કોંગ્રેસની સરકાર યોજનાઓ બનાવતી હતી કે અમારે પાણીનું બજેટ બનાવવું છે. ૧૯૮૫ થી ૧૯૯૫ સુધીનું એમનું ૧૦ વર્ષનું બજેટ ૧૮૩૫ કરોડનું હતું. દર વર્ષે ગુજરાતની સિંચાઇના પાણીની વ્યવસ્થા માટે તેઓએ ૧૮૩ કરોડ એવરેજ આપ્યા. અમારું ૨૦૦૭–૦૮ થી ૨૦૧૭–૧૮નું બજેટ ૩૨,૧૭૩ કરોડ રૂપિયાનું. આ ભારતીય જનતા પાર્ટીનું બજેટ છે અને ૩૨,૧૭૩

કરોડથી પણ વધારાનું બજેટ આ સરકારે આપ્યું છે. પાણી ન હોય તો ખેતીની આવક કેવી રીતે થાય? હું પણ એ વખતે મંત્રી હતો એટલે મને ખબર છે કે ૧૯૯૪-૯૫ની ખેડૂતોની સિંચાઇ થકી ખેતીમાંથી થતી આવક ૯ હજાર કરોડ રૂપિયા આખા ગુજરાતની કુલ આવક હતી. ૨૦૧૬-૧૭માં દોઢ લાખ કરોડ રૂપિયાની આવક આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ વ્યવસ્થાઓના કારણે ખેતીમાંથી થઇ છે. અમારી વ્યવસ્થાની પધ્ધતિ અને તમારી દ્રષ્ટિ જુદી છે. અમારી સિંચાઇ વ્યવસ્થા હતી. અમે વિચારતા હતા કે આ બધું થોડું ઘણું ઇન્ફ્રાસ્ટ્રકચર થયું છે એને જીવંત કરવું જોઇએ અને એના માટે આપણે એની વ્યવસ્થા ગોઠવતા હતા. મારે સિંચાઇની જે વ્યવસ્થાઓ થઇ એમાં એક ફિગર મારે આપને આપવી છે. ૧૨૫ લાખ હેક્ટર જમીન ઉપર સિંચાઇ થઇ શકે એવું ગુજરાત છે. તમારા વખતે જે તૂટી-ફૂટી સિંચાઇ થતી હતી એ ૩૨ લાખ હેકટર સુધી તમે પહોંચ્યા હતા. ઇટ વોઝ હાર્ડલી ૩૦%. અમારી વ્યવસ્થા અત્યારે ૬૯ લાખ -૬૨ લાખ અને ૨૫ હજાર હેકટર સુધી સિંચાઇમાં અમે પહોંચ્યા છીએ. કારણ તમે ડેમ નથી બાંધ્યા એવા મેણા તમે મારો છો પણ ડેમોને જીવંત કરનારી આ સરકાર હતી. તમોએ નર્મદા ડેમની શરૂઆત કરી. આજે અમે નર્મદા ડેમને પૂરો કરવા તરફ જઇ રહ્યાં છીએ. એ ઉપરાંત બીજા બધા ડેમ છે હાથમતી, ગોહાઇ, મેશ્વો, વાત્રક, ધરોઇ સૂકા ડેમ પડ્યા છે પણ અમારી સરકારે જોયું કે પાણી ક્યાંથી આપવું? તો ૩ મિલિયન એકર ફીટ પાણી આપણે નર્મદામાંથી ઉપાડ્યું. ૧ મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્રને મોકલ્યું, ૧ એકર મિલિયન ફીટ પાણી કચ્છને અને ૧ મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને આપ્યું. આ પાણી ક્યાં નાખવાનું હતું? આ પાણી તમારા જૂના જે ડેમ છે ને એ સૂકાભઠ્ઠ પડ્યા હતા એના માટે ૧૦૦-૧૦૦ કિલો મીટર પાઇપ લાઇનો નાખી છે. ઉદ્વહન કરીને, પંમ્પિગ કરીને, જીવંત કરીને ખેડૂતોના ખેતરો સુધી પાણી નાખવા ઇન્ફ્રાસ્ટ્રકચર કરવાનું, રસ્તામાં આવતા તળાવો ભરવાનું આ બધી જ વ્યવસ્થા કોણે કરી? ૩ મિલિયન એકર ફીટ પાણી એટલે શું? નર્મદા આખા ડેમની પાણીની કેપેસિટી ૪.૨૭ મિલિયન એકર ફીટ છે. અમે ૩ મિલિયન એકર ફીટ પાણી તો વધારાનું નદીમાંથી ઉપાડી લીધું. આપણો મહી ડેમ છે, કડાણા ડેમ છે એમાં પાણી ઉભરાઇ જતું હતું. આજે હું આપનું ધ્યાન દોરું કે જે ડેમમાં ગયેલું પાણી છે એનાથી ૪ ગણું પાણી દરિયામાં વહી જાય છે. એમાંથી અમે સૂજલામ્ સૂફલામ્ યોજના બનાવીને ૩૩૫ કિલો મીટરની કેનાલમાંથી ૨૦૦૦ ક્યૂસેક પાણીને ડાયવર્ટ કરીને ૭ જિલ્લાઓને જીવંત કર્યા. ઘણાં એમ કહે છે કે આ કાચી કેનાલ છે. અમે એ કાચી કેનાલ જ બાંધી છે એને મોકલવાનો હેતુ ૩૩૫ કિલો મીટર આવતા તમામ જિલ્લાઓમાં એનું રિચાર્જીંગ થવાથી ખેડૂતો એના કુવા અને બોરમાંથી પાણી ખેંચી શકે અને એની સિંચાઇ કરે. તમે એમ કહો છો કે આ તો કાચી કેનાલ છે. અમે કાચી કેનાલ જ કરી છે. રિચાર્જીંગ કેનાલ છે પણ અમારો વ્યૂહ એવો હતો કે ઉપરથી વરસાદનું પડતું પાણી રોકો. નદીઓ, નાળાઓ અને વહેળામાં વહી જતા પાણીને રોકો. ચેક ડેમો બાંધ્યા ત્યારે તમે હસતાં હતાં. અમે બોરીબંધો કર્યો તો તમે હસતાં હતાં. અમે ટેમ્પરરી આડશ ઉભી કરીને પણ રિચાર્જીંગ કરો અને ધરતીના પેટાળમાં જતું પાણી ખેડૂતોના ઉપયોગમાં આવે એટલા માટે અમે બોરીબંધ કર્યા. આ અમારું વિજ્ઞાન છે અને આ અમારી સમજ છે એના આધારે ખેડૂતો પોતાનું પાણી લઇ શકે એવી સ્થિતિમાં આવ્યા. અમારું સાયન્સ એ છે કે આ કેનાલો કરી છે, દક્ષિણ ગુજરાતમાં કાચી કેનાલો કરી છે. કેનાલોમાં વહેતું પાણી છેક સ્ટેન્ડ સુધી પહોંચતું નથી. મને કહેતા આનંદ થાય છે કે અમારા એન્જિનિયરીંગ વિભાગે, અમારા મંત્રીએ અને અમારી સરકારે ૫૦ દિવસમાં ૪૧૩ કિલો મીટરની કેનાલોનું લાઇનિંગ કર્યું. ૩૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. છેક સ્ટેન્ડ સુધી પાણી પહોંચાડ્યું. ૬૦ દિવસ કેનાલો બંધ કરી ત્યાં બારમાસી ખેતી ચાલે છે. ખેડૂતોને સાથે બેસાડીને પાણી બે મહિના બંધ કર્યું અને છેક સ્ટેન્ડ સુધી પાણી પહોંચાડ્યું છે આ છે આ સરકારનું સાયન્સ. તે સિવાય કરજણ ડેમ છે તેમાં પણ ઉદ્વહન સિંચાઇ વ્યવસ્થા કરી આદિવાસી વિસ્તારને પાણી આપવા માટે અમે પ્રયત્ન કર્યો છે. નર્મદા, ભરૂચ અને સુરત જિલ્લામાં એનું આયોજન કર્યું અને આદિવાસીઓને પહોંચાડવાની વ્યવસ્થા કરી છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ૬૦૦ કરોડની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન વ્યક્ત કરું છું.

રમત ગમત અને વ્યાયામ ક્ષેત્રે ગુજરાતે નવા ખેલાડીઓને શોધી અને એને ઝળકાવવા માટે અલગ અલગ ઘણી પ્રવૃત્તિઓ કરી છે. એમાં રમત ગમત સંકુલોનું બાંધકામ, શિક્ષકોને તાલીમ, છાત્રાલયોનું બાંધકામ, ખેલ મહાકુંભ વગેરે જેવી કેટલીય પ્રવૃત્તિઓ સરકાર કરે છે અને આપના માધ્યમથી હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપીશ કે, આના માટે ખેલકૂદ નીતિ-૨૦૧૬ આ વર્ષે જાહેર કરી.

મારા મત વિસ્તાર મણીનગરના ખોખરા વિસ્તારમાં એક ખૂબ મોટો પ્લોટ હતો અને પહેલાં એમાં વર્ષોથી ગંદકી અને કચરો લોકો નાખતા એના કારણે આજુબાજુની ઘણી બધી સોસાયટીઓને નુકસાન થતું હતું. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને જ્યારે અમારા ધારાસભ્ય હતા તે વખતે એમણે જેમ અમારું કાંકરિયા ઘરેણું બન્યું એવું એક રાષ્ટ્રીય અને વિશ્વમાં હરિફાઇઓ થઇ શકે એવું એનું ડેવલપમેન્ટ કર્યું અને અત્યારે હાલ આખા ગુજરાતમાં એ અગ્રેસર છે.

બીજું, અમારા મણીનગરમાં એક એ.એમ.સી.એ ટેનીસ એકેડેમીની પણ શરૂઆત કરી અને ૨૦૦૭માં માનનીય મુખ્યમંત્રીશ્રી એ વખતના અને અમારા ધારાસભ્ય આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ એનું લોકાર્પણ કર્યું અને અત્યારે એસ.એ.જી.(સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત)એ ખૂબ સુંદર રીતે, આયોજનબદ્ધ બાળકોને ટેનીસમાં તૈયાર કરી રહ્યા છે. અમારા ખોખરાના આ સંકુલમાં ટેનીસ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, વોલીબોલ, કબ્બડી, ખો-ખો જેવી રમતો રમાય છે અને એમાં ૩૦૦ ખેલાડીઓ અત્યારે રમી રહ્યા છે. ટેનીસ કોર્ટમાં ૪૬૦થી વધારે ખેલાડીઓને આઠ કલાક કોર્ચીંગ આપવામાં આવે છે અને ૬૦ ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષામાં તેઓ ભાગ લઇ શકે અને પરિણામ વધારે સારું આવે એના માટે ટ્રેનીંગ આપવામાં આવે

છે. અને એના ફળસ્વરૂપે ટેનીસ, કબ્બડી અને કુસ્તીમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ચાર ગોલ્ડ, સાત સુવર્ણ અને ત્રણ બ્રાન્ઝ મેડલો એમ મળીને કુલ ચૌદ મેડલો અમારા સંકુલમાં ટ્રેનીંગ લેતા રમતવીરોને મળ્યા છે.

બીજુ, માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા રમત ગમત મંત્રીશ્રીએ ઇન્ડોર કોમ્પ્લેક્ષ અને એક અદ્યતન સ્વીમીંગ પુલ, વૈશ્વિક કક્ષાનું બનાવવા માટે નવ કરોડ અને વીસ લાખનું ટેન્ડર પણ બહાર પાડી દીધું છે એના માટે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, અમારા મણીનગર વિસ્તાર માટે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત એસ.એ.જી. આપણે જેને કહીએ છીએ એની સ્થાપના આઝાદી મળ્યા પછી છેક ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે ૧૯૯૫માં કરી. આગળની સરકારોએ રમતગમતમાં એટલું ધ્યાન આપ્યું નહીં અને તેથી આપણે દેશમાં પાછળ રહયા. મને આદરણીય નરેન્દ્રભાઇની એક પંક્તિ યાદ આવે છે કે માના કી અંધેરા ઘના થા, લેકીન દીયા જલાના કહાં મના થા? આટલા વર્ષો પછી સ્પોર્ટસ ઓથોરીટીની રચના કરી અને આદરણીય નરેન્દ્રભાઇએ મુખ્યમંત્રી બન્યા પછી ખેલ મહાકુંભ શરૂ કર્યો અને ખેલ મહાકુંભમાં ૪૦,૦૪,૦૬૦ જેટલા લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું અને એમાં ૩૦,૬૪,૩૧૯ લોકોએ ભાગ લીધો. આખું ગુજરાત રમતમય બન્યું. *(×××) કોંગ્રેસમાં એક રાજકીય સમજશક્તિ નથી અને એક પાચન શક્તિ નથી. નરેન્દ્રભાઇ જે કરે એને સમજી શકતા નથી અને *(×××) અને પાચન શક્તિ નથી અને એના કારણે ૩૦,૦૦,૦૦૦ લોકો જયારે ગુજરાતનું આખું અપ ટુ ડેટ વાતાવરણ બન્યું હોય અને *(×××) કહે પછી લોકો એમને કદી મત આપે?

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર વિભાગ અને રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. અહીંયા નમામિ દેવી નર્મદે, સર્વદે નમામિ દેવી નર્મદે આ યોજના જેને રાષ્ટ્રીય યોજના કહેવાય એવી યોજનાના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને સરદાર સાહેબે એના બીજ વાવ્યા હતા. આ યોજના એ ખરેખર સિંચાઇ વિસ્તારનો ૭૫ ટકા વિસ્તાર દુષ્કાળના વિસ્તાર અને રણ વિસ્તારમાં વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લીધો છે. નર્મદા યોજના એ ખરેખર ગુજરાતની જીવાદોરી સમાન છે. ૧૮,૦૦,૦૦૦ હેકટર જેટલી ગુજરાતની ધરતીને સિંચાઇનો લાભ મળશે. આ સ્થિતિએ બંધનું અને મૂળ કેનાલ સહિતનું મોટાભાગનું કામ પૂર્ણતાને આરે છે. નર્મદા યોજના પૂર્ણ કરવાની બાબતમાં કોઇ રાજકારણ નથી પણ એટલા માટે કે વર્ષોથી જે પરંપરા રહી છે કે આ યોજના માટેનું બજેટ જે કંઇ હોય એ બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે એમાં આ પક્ષ કે તે પક્ષ એવું રાખવામાં આવતું નથી એટલા માટે નર્મદા એ ખરેખર આ ગુજરાતની અંદર અને આ દેશની અંદર હરિયાળી ક્રાંતિ લાવવાનું કામ કર્યું છે. જે વખતે નર્મદા યોજના બીજ વાવ્યા હશે એ વખતે બહુ દીર્ઘદ્રષ્ટિ રાખી હશે કારણ કે આ ભારતમાં, ગુજરાતમાં નદીઓ, પહાડો આ બધું મળીને જળસંપત્તિ જેને કહેવાય એવી આ સંપત્તિને ભેગું કરવાનું કામ અને ખેડૂતોને એની સિંચાઇ માટે સીધું ખેતરમાં પાણી મળે એ રીતે આ નર્મદા યોજના શરૂ કરી છે. એટલા માટે જેમ આપણે કહીએ આ ગુજરાતમાં અને ખેડા જિલ્લામાં શ્વેત ક્રાંતિના બીજ સરદાર સાહેબ, ચીમનભાઇ પટેલ અને ડો.કુરિયને વાવેલા અને એ પેટર્ન હેઠળ આજે આખા ગુજરાતમાં દૂધના સંઘો થકી આજે ગુજરાતના સામાન્ય ખેડૂતો પોતાનું જીવન–ધોરણ ચલાવે છે. એ રીતે હરિયાળી ક્રાંતિ આ દેશમાં થાય એના માટે આ બીજ જવાહરલાલ નહેરૂએ વાવ્યા હતા. કેટલાંક કારણોસર આ યોજના અટવાઇ, પણ જેમ કહેવામાં આવ્યું કે આ યોજના આપણા દેશના વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ એમણે આ યોજનાના દરવાજા ૧૭ દિવસમાં લાવ્યા. સારી વાત કહેવાય. અભિનંદન પણ આપું છું. પણ અહીયા નર્મદા યોજનાનાં કામ છે, એ લગભગ ૪૦ ટકા જેટલા મુખ્ય નહેરો, શાખા નહેરો, વી–શાખા,પ્ર–શાખા અને પ્ર પ્ર શાખાનાં કામ હજુ સુધી બાકી છે. આ યોજનાના જો ૧૭ દિવસમાં દરવાજા મંજૂર થતા હોય તો આ યોજના૧૭ વર્ષમાં કેમ પૂરી ન થઇ? આ યોજના પૂરી થવી જોઇતી હતી. અને એટલા માટે થઇને વાત કરું છું કે આ યોજના પૂરી થઇ હોત તો જેમ આ હરિયાળી ક્રાંતિની વાત વડાપ્રધાન નહેરુ આમ તો એમનું નામ પંડીત હતું. એમણે આ દેશમાં પ્રથમ વડાપ્રધાન બન્યા પછી મધ્યમ કક્ષાની અને મોટા કદની યોજનાઓ બનાવી, નહેરો બનાવી, કેનાલો બનાવી અને એના ઉપરથી એમનું નામ જવાહરલાલ નહેરુ અસ્તિત્વમાં આવ્યું. નર્મદા યોજનાના લીધે જે વીજળી પેદા થાય છે, પીવાના પાણી, સિંચાઇનું પાણી આ રાજ્યને મળે છે, પણ બીજા રાજ્યો પાસે જે કઇ લેણાં નીકળે છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ હોય કે રાજસ્થાન હોય એમને આપણી સરકાર કહે કે આ નાણાં ચૂકવે, જેથી કરીને નર્મદાનાં બાકી કામ શાખા, પ્ર શાખા, પ્ર પ્ર શાખાનાં કામ પૂરાં થાય. આ રીતે આપણે જોઇશું તો લગભગ ૩૮ લાખ કિ.મી.ની. લંબાઇ જેટલાં કેનાલનાં કામ બાકી છે અને પૂર્ણ કરવામાં આવે. એ સાથે દરવાજા આવી ગયા તે પણ વહેલામાં વહેલી તકે દરવાજા બંધ થાય. મે–૨૦૧૪ની સ્થિતિએ મુખ્ય નહેર ૪૫૮.૩૩ કિ.મી. અને ૨૬૨.૮૫ કિ.મી. પૂર્ણ કરી છે. શાખા નહેર ૨૫૮૫ કિ.મી. અને એ રીતે ૨૦૦૮.૯૬ કિ.મી. પૂરી કરી છે. વી–શાખાઓ ૫૧૧૩ કિ.મી. અને એ પણ આ રીતે પૂર્ણ કરી છે. પ્ર–શાખાઓ ૧૮,૪૧૩ કિ.મી. અને ૯,૪૩૪ કિ.મી. પૂર્ણ કરી છે. આ રીતે પ્ર પ્ર શાખા ૪૮,૦૫૮ કિ.મી. ની જગ્યાએ ૩૭,૮૪૧ કિ.મી. આ રીતે શાખાનાં કામો પૂરાં થયાં છે. કેનાલો થઇ, પણ નહેરો જૂની થયેલી છે. જેથી કરીને પિયતના પ્રશ્નો અનેક ઊભા થાય છે. તો એનું સ્ટ્રકચર છે. વર્ષો જૂની કેનાલ હોય તેને નુકસાન થયેલ હોય અને હાલની સ્થિતિ જોતા નહેરોનું આધુનિકીકરણ કરવું જોઇએ અને એ ખૂબ જ જરૂરી છે. આ યોજના બની ત્યારે પિયત વિસ્તાર હતો, તે ખરેખર દિવસે દિવસે ઘટતો ગયો. એટલે મૂળ સ્થિતિમાં લાવવા માટે કેનાલોનું આધુનિકીકરણ કરવું જોઇએ. આ રીતે મારા વિસ્તારની કેટલીક વાત

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરીશ. મારા વિસ્તારની અંદર નર્મદા આધારિત જે ઠાસરા તાલુકાના બૈડભાગર અંડરગ્રાઉન્ડ પાઇપલાઇન નાખી અને અરવલ્લી જિલ્લાની મેશ્વો, માઝૂમ, વાત્રક ડેમમાં પાણી નાખવામાં આવ્યું. આ યોજના મંજૂર થઇ ત્યારે બંને બાજુએ ૧-૧ કિલોમીટર તળાવમાં પાણી નાખવાની વાત હતી અને મંજૂરી આપેલી. ફરી બીજી એક કિ.મી.ની આપી છે. તો આ રીતે ૨ કિ.મી.ના બદલે ૪ કિ.મી.ની રેન્જની મંજૂરી બંને બાજુ આપવામાં આવે તો તે વિસ્તારના ખેડૂતો વર્ષોથી રાહ જોઇ રહ્યા છે તેમને ખેતરમાં સિંચાઇ માટે પાણી મળી શકે. આ તળાવો ભરાય કે જેથી સિંચાઇ થઇ શકે. આ રીતે કપડવંજ તાલુકાના તળાવો છે તે તળાવો સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ભરવામાં આવે. ચાર કિલોમીટર સુધી રેન્જ વધારવામાં આવે તો તેને ભરીને આજુબાજુના વિસ્તારમાં સિંચાઇનો લાભ મળી શકે. મુખ્યમંત્રીએ વાત કરી હતી કે રાજયમાં ૫૮ ટકા જમીન સિંચાઇ વગરની છે. અમારી બંને બાજુ કેનાલો જાય છે પણ વચ્ચેનો અમારો ભાગ સિંચાઇ વિહોણો છે. મારા વિસ્તારમાં બહુ મોટા તળાવો છે જેમાં ગુંથળી, જેથોલી, ભમરીયા, કોયડપ, ભવાની ડેમ તળાવ છે, ભાડપુર અને વડદરીનું ખૂબ એક હજાર વિઘા જેટલા મોટા તળાવ છે. આ તળાવોનું આધુનિકીકરણ કરવું જોઇએ અથવા તો તેને ખોદીને ઉંડા કરવા જોઇએ, કારણકે તેમાં સિલ્ટીંગ ઘણુબધું થયું છે. સુજલામ્ સુફલામ્ યોજના અથવા તો ભાદરમાંથી પાણી તેમાં નાખવામાં આવે. જો આ તળાવોનું આધુનિકરણ કરી પાણી ભરવામાં આવે તો આગળના વિસ્તારોને સિંચાઇનો લાભ મળી શકે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ૬૬ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ દેશના વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન દેવા પડે. એના પંદર વર્ષના શાસનમાં જે ટેન્ડર બહાર પડયા તેનો હિસાબ કરો અને એના પહેલાંના વીસ વર્ષના બહાર પડેલ ટેન્ડરનો હિસાબ કરો તો એવું લાગે છે કે આ ઓનલાઇન ટેન્ડર મંગાવવાથી ૩૦ ટકાનો ફાયદો થયો છે. ઓનલાઇન ટેન્ડર બહાર પડે તો લોકો અલગ અલગ ભરતા હોય છે. તેમાં ૩૦ ટકાનો ફાયદો થાય છે. અગાઉ સૌરાષ્ટ્રમાં ગેંગ હતી કે પોરબંદરની ગેંગ એક ટેન્ડર ભર્યા કરે. ત્યારે ૧ રૂપિયાનું કામ ૧.૭૦ પૈસામાં જાય. આ પોઝીશન અમે જોઇ છે. અમે ધારાસભ્ય ન હતા છતાં પણ અમે જોઇ છે. માનનીય બાબુભાઇને પણ ખબર છે કે, આવી ટેન્ડર ભરવાની ગેંગમાં ત્યાંના નેતા પણ જોડાયેલા હતા. આ દેશના વડાપ્રધાન સૌના સાથે અને સૌના વિકાસ સૂત્રની સાથે સૌની યોજના લાવ્યા. આજે રાઘવજીભાઇ નથી પણ મારે તેમને કહેવું પડે કે અમે પાણીના પાઇપ રાઘવજીભાઇ ચાલે તો અડે નહીં તેવા નાખ્યા છે. હવે તો ખેતર માટે તેવા પાઇપ નાખીએ છીએ. સૌથી યોજના ૧૦૮૬૧ કરોડની યોજના છે. તે વખતે આટલું તો સિંચાઇનું બજેટ પણ ન હતું. તેનું અત્યારે કામ ચાલુ છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને દેશના વડાપ્રધાન જયારે ધ્રોલ આવીને તેનો કાર્યક્રમ મચ્છુ-૨ માં પાણી નાખ્યું તેના આધારે અમારા સૌરાષ્ટ્રના ખેડૂત ખુશ છે. ખેડૂત માટે ડેમમાં પાણી ભરવા માટેની વ્યવસ્થા કરી છે. હું સરકાર અને નર્મદા વિભાગના અધિકારીઓને અભિનંદન આપુ છું કે હવે જે કેનાલ બનવાની છે તેમાં ખેતરે ખેતરે પાઇપથી પાણી આપવાના છે. પાઇપ તમે જુઓ અને હમણાં શંકરભાઇ કહેતા હતા કે કાળું દેખાય છે. આ પાઇપની જાડાઇ તમે જુઓ તો તેની ઉપર ટ્રેકટર ચાલે તો પણ તૂટે નહીં. તેના માટે અમારા ખેડૂતે અઢી ટકા પૈસા ભરવાના થાય છે. તેના માટે અમે કોન્ટ્રાકટરને બોલાવ્યા અને કહ્યું કે આ ખેડૂતો અઢી ટકા પૈસા નહીં ભરે અને આ તમારે ૧૦૦ ટકા કામ કરવાનું છે. એ કામ આ કોન્ટ્રાકટરો કરી દે છે. અગાઉ સાહેબ ટકાવારી હતી. ટકાવારી કેવી તો એક ટકો રાજયના મુખ્યમંત્રીનો હોય, એક ટકો અધિકારીનો હોય. આ સિસ્ટમથી જે ચાલતું હતું તે બધુ બંધ થઇ ગયું છે. સૌની યોજના છે તેમાંથી ચાર લિન્ક બનાવીને પાણી નાખવાનું છે. તેમાં એક મચ્છુ-૨, લીંબડી ભોગાવોમાં નાખવાનું છે. આ ચારેય લિન્કથી ૧૧૫ ડેમ ભરવાના છે. ડેમ તો ભરાશે પણ આજુબાજુના વોકળા હોય, તળાવો હોય તેનાથી ખેડૂતને પાણી મળશે અને પાણીના તળ પણ ઉંચા આવશે. આ વિચાર કયારે આવે? જેને દેશ માટે પ્રેમ હોય તેને આવો વિચાર આવે. અગાઉના લોકોને દેશ માટે પ્રેમ ન હતો તેમના માટે હતો. મને યાદ છે કે અમને બધાને તગેડીને બે જ વર્ષ સરકાર ચાલી હતી. તેમાં જે ડેમના કામ ટેન્ડરથી જતા હતા તે ૧૭૦ ટકા ઓન જતા હતા. સાબીતી છે અમારી પાસે. બધુ મળશે. પ્રજાના પ્રતિનિધિ તરીકે સાચો સહયોગ કયારે કહેવાય કે જયારે સારી રીતે કામ થાય. કોંગ્રેસે ડેમ બાંધ્યા હતા તેમાં મચ્છુ ડેમ તૂટયો તો ચાર હજાર માણસ મરી ગયા. આવા ડેમ બાંધ્યા હતા. દેખાડો ભારતીય જનતા પાર્ટીએ કોઇ ડેમ બાંધ્યો હોય અને તૂટયો હોય તો. હું અભિનંદન આપું છું. ડેમ તમે બનાવ્યો હતો અને તે તૂટયો તો તેમાં મોરબીના અમારા ચાર હજાર ભાઇઓ મૃત્યુ પામ્યા છે, તેવા તો તમે પાપ કરો છો. તે પાપ પછી કાયમ માટે સામે બેસવાનું આવ્યું છે. પ્રજાનો ભોગ લીધા પછી આ સિસ્ટમથી બેસવું પડ્યું. હું અભિનંદન આપુ છું સિંચાઇ વિભાગના અધિકારીઓને અને સરકારને કે અમારી મચ્છુ નદી છે, ટીકર રણની નદી છે એમાં અલગ અલગ ચેકડેમ બાંધ્યા છે અને અમને મચ્છુ-૩ આપી એ કેવી યોજના આપી એની મારે એક ચોખવટ કરવી છે, મચ્છુ-૩ બનાવી એ ૩૨ કરોડની યોજના હતી અને એની જે કેનાલ બનાવી છે એના માટે મારે સામે બેઠેલા અધિકારીશ્રીઓને અભિનંદન આપવા છે કે ગુજરાતમાં પહેલી એવી કેનાલ છે કે મારા વિસ્તારના સામા કાંઠાના ૧૮ ગામ છે એને પાણી નથી મળતું, એ ડેમમાંથી ૩૦ ફૂટ ઉંડી પાઇપ નાંખશે અને આગળ ૭ ગામને પાણી આપવામાં આવશે અને એ પાઇપની જે યોજના છે એ પણ ૬૨ કરોડ રૂપિયાનું કામ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને અતિ આનંદ થાય છે કે, મારા ઘણાં મિત્રો મને એમ કહે છે કે તમે પાંચ ટર્મથી ચૂંટાઇ આવો છો છતાં તમને મંત્રી શા માટે નથી બનાવતા? મંત્રી બનવા માટે નથી આવ્યા અમારા વિચારો દેશ માટેના છે અને સ્વપ્નમાં પણ વિચાર્યું નથી મંત્રી બનાવે એવું, પણ સ્વપ્નમાં એ વિચાર્યું છે કે અમારા કામ સો ટકા થવા જોઇએ અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. ૩૦ ફૂટ પાઇપ અંદર નાંખી અને આગળ જયારે સરવર અને બરાડ નીકળશે ત્યારે ૪ ફૂટની પાઇપ હશે. માનનીય

અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇને અભિનંદન આપુ છું કે ૧૫મી ઓગસ્ટે મોરબી આવ્યા ત્યારે મચ્છુ–૪ મંજૂર કરી, મચ્છુ–૪ એટલે ક્યાં? માળિયા પાસે. ત્યાં નથી અમારા મતદારો, પાંચ ચૂંટણીથી હું લડું છું માત્ર દસ ટકા મત મળે છે પણ અમે એવો વિચાર નથી કરતા કે આ મતદારો અમારા નથી તો ત્યાં ડેમ ન બનાવીએ. મચ્છુ–૪ મંજૂર કરી એ પણ એ રીતે કેનાલથી પાણી આગળ મળે એવી આ યોજના છે. એ તો વાત સાચી છે કે ડેમો તો બનાવ્યા, કેનાલ બનાવી પણ જૂની કોંગ્રેસની સરકારે જે કેનાલો બનાવી હતી એમાં અમારી મચ્છુ–૨ ની કેનાલના ૧૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એક બે મારે રજૂઆત કરવાની છે જે રજૂઆત મેં કાગળ ઉપર તો કરી જ છે પણ આ ગૃહમાં પણ કહેવું છે કે, જે મચ્છુ–૨ ની કેનાલ છે એ મોરબી શહેર વચ્ચેથી નીકળે છે એ કેનાલ ખુલ્લી છે એમાં અત્યાર સુધીમાં લગભગ બેથી ત્રણ છોકરાઓના ડૂબી જવાથી મૃત્યુ થયા છે તો એ કેનાલ પાકી બને તો મોરબી શહેર વચ્ચે રસ્તાની પણ જગ્યા મળે અને મોરબી શહેરને મોટો ફાયદો થાય. બીજું આ જે કેનાલો ડ્રીપ ઈરીગેશનથી કરવાથી ઘણો બધો મોટો ફાયદો થશે કેમ કે અમારી જે જમીન છે એ ખારવાળી છે એ ખાર ઉભરાય નહીં અને પાઇપથી જો પાણી જતું હોય તો ખેડૂતને પણ ફાયદો થાય. માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રો મારી સાથે આવે અને જુએ ગામે ગામ પહેલા ગામમાં એક મોટરસાઇકલ ન હતું આજે ગામે ગામ ૧૦૦ ટ્રેક્ટર છે, ૫૦ ગાડી છે, ઘરે ઘરે મોટરસાઈકલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે અમારા ખેડૂત ખેતર જાય ને તો ફોનથી ટીફીન મગાવે છે, ખેડૂતના બહેનો ઘરે રાંધતા નથી, કામ કરવા ખેતરે જાય તો ગામમાં ટીફીન કહી દે કે આટલા જણાનું ટીફીન ખેતરે મોકલજો એ ખેતરે કામ કરવા ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપુ છું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા (હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, જળસંપતિ વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં મારી બહેનો ગાતી હતી કે, " ઓશીકે હિંઢોણો મારી પાંગતિયે સિંચણીયું છે સહિયર, વહેલી તે પરોઢે પાણીરા સિંચવાને લોલ વાગડમાં ના દેશો રે મારી સહિયર." આ પાણીનો વિચાર ભૂતકાળની સરકારોએ કર્યો નહીં પણ તત્કાલીન મુખ્ય મંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી જે અભુતપૂર્વ જળક્રાન્તિ ગુજરાતમાં થઇ અને આપણે જાણીએ છીએ તેમ નર્મદા ડેમ અને પંજાબનો ભાખરા નાગલ ડેમ, આ બંને યોજનાનું ખાત મુહૂર્ત એક જ વર્ષે થયું ત્યાર પછી પંજાબમાં હરિયાળી ક્રાન્તિ થઇ અને ગુજરાતમાં એ ડેમની કામગીરી ખૂબ મંદ ગતિએ જે તે વખતની સરકારોએ કરેલી. પંજાબની ક્રાન્તિ અને ગુજરાત હરિયાળુ ન થાય એ દિશામાં જેણે રોળા નાંખવાનું કામ કર્યું એ આપ સૌ જાણો છો. નર્મદા ડેમનું નામ આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ સાથે જોડાયેલું હતું એટલે આ કામગીરીમાં વિક્ષેપ પહોંચાડેલો. તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને નર્મદા માટે જ્યારે ઉપવાસ ઉપર ઉતરવું પડે એનાથી વધારે કમનસીબી બીજી કઇ હોઇ શકે. ૨૦૦૧માં જ્યારે આપણી પાસે સિંચાઇની સુવિધાઓ ઓછાં પ્રમાણમાં ઉપલબ્ધ હતી તે વખતે ૩૮ લાખ હેક્ટર જમીનમાં સિંચાઇ થતી હતી. સરકારના પ્રયાસોથી આપણી સિંચાઇની સુવિધા આપણે લગભગ ડબલ એટલે ૬૨ લાખ હેક્ટર જમીનમાં ઉપલબ્ધ કરાવી શક્યા છીએ, એ ભારતીય જનતા પાર્ટીની દેન છે. ઉત્તર ગુજરાતની હું વાત કરું તો ઉત્તર ગુજરાતમાં લગભગ મોટાભાગનો સૂકોભઠ્ઠ વિસ્તાર, જળસ્ત્રોતો ઉંડા, ત્યાં સિંચાઇની સુવિધાઓ બહુ ઓછાં પ્રમાણમાં હતી, વારંવાર દુકાળ પડવો, રણ વિસ્તાર અને સૂકાં પ્રદેશોમાં હરિયાળી ક્રાંતિ આ જળસંચય સુવિધા દ્વારા જળસંપત્તિ વિભાગ દ્વારા કરવામાં આવી છે એનો મને આનંદ છે. ઘણી વખતે વિપક્ષના સભ્યશ્રીઓ ટીકા કરતા હોય છે કે નર્મદાનું પાણી ઉદ્યોગોને આપી દેવામાં આવે છે. આપણી પાસે ૭.૯૪ એકર મિલિયન ફીટ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે અને ઉદ્યોગો માટે આપણે ફક્ત ૦.૨૦ એકર મિલિયન ફીટ આપવાનું હતું અને એ પણ એમ.એલ.ડી.ના સ્વરૂપમાં કહીએ તો ૨૫૦ એમ.એલ.ડી. જ આપણે ઉદ્યોગોને આપીએ છીએ. બાકી મોટાભાગનું પાણી સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં અને સમગ્ર ગુજરાતના અઢાર હજાર ગામડાંમાં પીવાનું પાણી જે પહેલાં ડોલ દ્વારા, ટેન્કર રાજ, ટ્રેન રાજ એ એમના સમયમાં હતું અને હવે આપણે સમગ્ર ગુજરાતને ચોખ્ખું પીવાનું પાણી અને સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીએ છીએ. વારંવાર એમ કહેવાય છે કે આ સરકાર ઉદ્યોગપતિઓની માલિકીની સરકાર છે. આ સરકારે ખેડૂતોની ચિંતા કરી છે. હું સાબરકાંઠાની વાત કરું તો અમારી ધરોઇ, ખેડવા, ગુહાઇ, ઇન્દ્રાસીની આ બૃહદ સાબરકાંઠામાં આવેલી યોજનાઓ થકી સૂકો ભઠ્ઠ જે વિસ્તાર હતો એ વિસ્તારમાં આજે જે ખેતીવાડી ક્ષેત્રે ક્રાંતિ કરી છે એના કારણે આપણે જોઇ શકીએ છીએ કે મગફળીના ઉત્પાદનમાં અને કપાસના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં આપણે પ્રથમ નંબરે છીએ તો એના મુળમાં આ ભારતીય જનતા પાર્ટીની નીતિ અને આદરણીય વિજયભાઇ અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના પ્રયાસો છે અને એના કારણે આપણે આ બધી સફળતાઓ પ્રાપ્ત કરી શક્યા છીએ. હું માનનીય નાનુભાઇ વાનાણી સાહેબને અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇને અને નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલને એક વિનંતી કરવા માગું છું કે, માધવની મુવાડી જ્યાં તલોદમાં સુજલામ્–સુફલામ્ ની કેનાલ છે એમાંથી હિંમતનગર તાલુકાના લગભગ ૪૨ ગામોની ૪ હજાર હેકટર જમીનમાં સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમ છે ગયા વરસે આ સરકારે અમારા પ્રયાસોથી પ્રાથમિક સરવે કરાવ્યો અને ૨૧૪ કરોડ રૂપિયાની

યોજના માટેનો સરવે થયો છે અને આ સરવેની સૈદ્ધાંતિક માગણી સ્વીકારી અને એને વહીવટી મંજૂરી ઝડપથી મળે એ દિશામાં આગળ વધવા માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને જળસંપત્તિ વિભાગના મંત્રી શ્રી નાનુભાઇ વાનાણી સાહેબને વિનંતી કરું છું. એ સિવાય પણ હિંમતનગર તાલુકાના કાનરા, જોરાપુર, મહાદેવપુરા અને ખેરાવાડા જેવા કેટલાક ગામોમાં પણ આ પ્રમાણેની સિંચાઇની સુવિધાઓ આ સરકાર આપે એવી મારી માગણી છે. અમારો એજન્ડા જીતે ગુજરાત એવો માત્ર ચૂંટણીનો નારો નથી પણ ગુજરાત માટે શ્રેષ્ઠત્તમ કરી છૂટવા માટેનો જે અમારો સંકલ્પ પત્ર છે તે કરવા માટેનો અમારો પ્રયત્ન છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરના ૧૧–૦૦ કલાકે મળશે.

(વિરામ ૧૦–૩૦ થી ૧૧–૦૦)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમત ગમત અને નર્મદાની જે માગણીઓ લઇને આવ્યાં છે તેમાં કેટલાંક મારા વિચારો રમત ગમત તરફ રજૂ કરું છું. રમત ગમતમાં રાજકારણ ના હોય અને રાજકારણમાં રમત ના હોય આ બાબતનો બરોબર ખ્યાલ કરી અને કોઇ પણ સરકાર હોય તો ઉત્તરોત્તર રમતની પ્રગતિ થાય, લોકો રમતા થાય, રમીને રમશે ગુજરાત, જીતશે ગુજરાત નહીં પણ રમતનો ખ્યાલ તે સાર્વજનિક રીતે દરેક રીતે તેનો વ્યાપ વધે એ ખૂબ જરૂરી છે અને એટલે જ કહ્યું છે કે, '' શરીર માધ્યમ ખલુ સાધનમ્'' ''પહેલું સુખ તે જાતે નર્યા '' અને તંદૂરસ્ત શરીરની અંદર તંદુરસ્ત મનનું ઘડતર થાય છે. એટલે આ બાબતને ખ્યાલમાં રાખી રમત ગમતનો જેટલો વધારે વિકાસ થાય એ માટે સરકારશ્રીએ સારી રીતે એનું આયોજન કરવુ જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ની અંદર હમણાં મારા મિત્રએ કહ્યું કે S.A.G. ની સ્થાપના તો ૧૯૯૩ની અંદર S.A.G.ની સ્થાપના કરવા માટેનો ઠરાવ થઇ ગયેલો હતો અને ત્યાર પછી ૧૯૯૫ની અંદર અમલવારી થઇ. આ રમત ગમત એક એવો વિષય છે કઇ સરકાર શું કરે છે તે અગત્યનું નથી પણ રમત ગમતના development માટે શું થાય છે તે અગત્યનું છે. રમત ગમતની અંદર હાલની પરિસ્થિતિ વિશે કેટલીક બાબતો માનનીય મંત્રીશ્રી આપના ધ્યાન ઉપર રાખું છું. ૧૯૯૫ પછી આપણાં રાજયની અંદર રમત ગમતની અંદર જે સંસ્થાઓ હતી તે C.P.Ed., B.P.Ed., BPE આ બધી સંસ્થાઓ ધીરે ધીરે જેટલી યુનિવર્સિટી હતી યુનિવર્સિટીઓને માન્યતા આપી દીધી. જે કંઇ સંચાલકોએ માગ્યુ એ પ્રમાણે તેમને માન્યતા આપી દીધી. કાળક્રમે એટલો બધો ફૂગાવો થયો કે ગુજરાતની અંદર જેને સારી રમત ગમતની સંસ્થા કહેવાય છોટુભાઇ પુરાણી હોય, સી.એન.વિદ્યાલય હોય, અડાલજની અંદર બહેનો માટેનું હોય, હમણાં અમારા આ ખોખરાની અંદર પણ એક શારીરિક શિક્ષણ જે સી.પી.એડ નો કોર્ષ કરતી આવી સંસ્થાઓ હતી. સૌ પ્રથમ એટલી બધી સી.પી.એડની સંસ્થાઓ થઇ ગઇ કે ૧૯૯૫ પછી સી.પી.એડમાં ખૂબ સંસ્થાઓ ખોલી નાંખી એટલે ઘણાં બધા જ વિદ્યાર્થીઓ ખૂબ બહાર પડયા પણ તે વખતે C.P.Ed. એ આજે NCPC નો અભ્યાસક્રમ હતા તેના D.P.Ed. કરેલો અને ત્રણ વર્ષનો કોર્ષ કરેલો. હવે આપણી જે સરકાર તેને આ ખ્યાલ રહ્યો નહીં અને આના કારણે જે ગુજરાતનું જે ઉપર માનવ સંશાધન વિકાસ ખરું જે શિક્ષણ વિભાગ એ યોગ્ય સમયે આપણી દરખાસ્ત ના મોકલી તેના કારણે જે C.P.Ed. વિદ્યાર્થીઓ થયા તે વિદ્યાર્થીઓ બહાર પડયા પછી TAT અને TET અંદર તે વિષય માન્ય થવો જોઇએ એ વિષય માન્ય થયો નહીં અને આના કારણે કેટલાંય C.P.Ed. થયેલા વિદ્યાર્થીઓ કાળક્રમે બેકાર થઇ ગયા. અને બેકાર થઇ ગયા એ પછી તો B.P.Ed.ધીરે ધીરે લગભગ ૨૦૦૭ અને ૨૦૦૯ પછી તો મોટાભાગની સંસ્થાઓ બંધ થઇ ગઇ. એક બાજુ સ્કૂલની અંદર વ્યાયામ શિક્ષક નથી બીજી બાજુ સ્કૂલની અંદર મેદાન નથી અને બીજી બાજુ આપણે ખેલ મહાકુંભ લાવ્યાં છીએ. ખેલ મહાકુંભની અંદર ગામડાંના વિદ્યાર્થીઓ હોય કે શહેરના વિદ્યાર્થીઓ હોય તે રમે છે તે ખૂબ સારી વાત છે. રમત રમી અને તેમને ઇનામ પણ આપે છે તે પણ બાબત ખૂબ સારી છે. પણ ખેલ મહાકુંભની અંદર ખૂબ ખર્ચ થાય છે એનું રજિસ્ટ્રેશન ઘણાં બધા વિદ્યાર્થીઓ કરે છે પણ જેટલું રજિસ્ટ્રેશન થાય છે એટલા વિદ્યાર્થીઓ મેદાનની અંદર રમવા આવતાં હોતાં નથી. બીજી વસ્તુ એ છે કે, વ્યાયામ શિક્ષકોના અભાવે જે રીતે સુનિયોજીત અને નીતિ–નિયમો મુજબનું જે આયોજન થવું જોઇએ એની અંદર પણ કેટલીક તકલીફ રહે છે અને ખેલાડીઓને રહેવાની, જમવાની અને જે વ્યવસ્થાઓમાં જે ખામી હોય છે તેના કારણે પણ કેટલીક તકલીફો ઉભી થાય છે. એટલે રમત ગમતની અંદર સ્કૂલ લેવલે તે ૧૨ વર્ષથી જે સિનિયર, જુનિયર અને મહિલા રમતોત્સવ આ બધી જુદી જુદી રમતો યોજાતી હોય છે. જુનિયર હોય તો જુનિયર રમતો થાય છે. એ રમતો જે સ્કૂલ લેવલે થાય છે એ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં થતી હોય છે. આ બધી રમતોને ખેલ મહાકુંભ સાથે જોડી દેવી જોઇએ. માત્ર ખેલ મહાકુંભ કરો છો એનો કોઇ ફાયદો થતો નથી. કારણ કે, ખેલ મહાકુંભનું સર્ટીફીકેટ ક્યાંય પ્રવેશ માટે કે નોકરી માટે કામમાં આવતું નથી. જો આ ખેલ મહાકુંભની રમતોને શાળાની રમત–ગમત પ્રવૃત્તિ સાથે જોડી દેવામાં આવે અને તેમાં ભાગ લેવાનું ફરજિયાત બનાવી દેવામાં આવે તો વધારેમાં વધારે વિદ્યાર્થીઓ ભાગ લેશે તો ખેલ મહાકુંભ યોગ્ય દિશામાં જતો હશે એવું લાગશે. શાળાની અંદર જે બાળકો તાલુકા, જિલ્લા, રાજ્ય કે નેશનલ લેવલે નંબર લાવતા હોય એમને ફાયદો થવો જોઇએ. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આપ આ CPR, DPR, BPE, TAT, TET ના શિક્ષકોનો સમાવેશ કરો અને મેદાનો બનાવો. હવે હું થોડી મારા મત વિસ્તારની જળસંપત્તિની વાત કરું તો મહેમદાબાદની અંદર શહેરી સિંચાઇ યોજના દ્વારા જુદા જુદા ડિસ્ટ્રીબ્યુટરો દ્વારા

આખા તાલુકાને પાણી પહોંચાડવામાં આવે છે. પણ ૨૦૦૫ની અંદર જ્યારે ખૂબ વરસાદ આવ્યો હતો ત્યારે ૨૦૦૫થી નહેર તૂટી ગઇ છે એ આજદિન સુધી રીપેર થઇ નથી અને આને કારણે છેવાડાના વિસ્તાર સુધી પાણી જતું નથી અને લાખો ખેડૂતોની જમીન બંજર થઇ ગઇ છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી રમત–ગમત અને સિંચાઇની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સિંચાઇ માટે આ બજેટમાં રૂ.૫૭૭૫ કરોડનો વધારો કરવામાં આવ્યો છે અને ગયા બજેટ કરતાં ૪૭૯ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. ૨૦૦૦ના વર્ષમાં ૩૮ લાખ હેક્ટર જમીનને સિંચાઇ મળતી હતી જ્યારે આજની તારીખમાં ૬૨ લાખ હેક્ટર જમીનને સિંચાઇ મળે છે. આથી આ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે જે જહેમત ઉઠાવી છે તે બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. રાજ્ય સરકારના વર્ષ ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષ માટે સરકારના જુદા – જુદા વિભાગો તરફથી બજેટ જોગવાઇમાં અનુદાન માટેની જે કાંઇ માગણીઓનો સમાવેશ થયો છે તે પૈકી આજના સાતમા દિવસની ચર્ચામાં સરકારના જળસંપત્તિ, રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની જે માગણીઓ છે અને જે જોગવાઇ થયેલ છે એ ગુજરાત રાજ્યના ખેતી ઉપર નિર્વાહ કરનાર તમામ પરિવારો માટે વધુ લાભદાયી છે અને ઉપલબ્ધ ભૂમિગત અમલથી સાકાર કરવામાં આવેલ છે તે માનનીય શ્રી નાનુભાઇ વાનાણી સાહેબે પોતાની આગવી કોઠાસૂઝ, વિભાગના અધિકારીઓના સહકાર અને દીર્ઘદ્રષ્ટિના આયોજન પરથી રાજ્યના ખૂણે ખૂણા માટે અને જ્યાં અનિયમિત અને અપૂરતા વરસાદના કારણે પ્રજાજીવન પર માઠી અસર પડે છે તે પૈકીના દૂધાળા પશુઓને પાણી તથા ઘાસચારાની તંગીના કારણે જે અગવડતા પડતી તે કાયમીપણે હલ થઇ શકે તેવી ઉપલબ્ધ જળસંપત્તિનો જુદી – જુદી યોજના દ્વારા પાણી પહોંચી શકે તેવી નક્કર અને વાસ્તવિક યોજનાનો અમલ કર્યો છે. મારા મતવિસ્તારમાં આવતા રાણપુરા તાલુકાના ૧૨ ગામ, બોટાદ શહેર અને તાલુકાના ૧૦ ગામો સુધી નર્મદાના પૂરના અને વરસાદના પાણીમાંથી ઘણો જથ્થો ફાળવેલ છે જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. વિતેલા વર્ષોમાં સૌની યોજનાની લાઇનનું કામ ચાર લીંક કેનાલ જે બનાવવામાં આવ્યું છે એ મોટા ભાગે પૂર્ણ કરીને એમાંથી સૌરાષ્ટ્રના મોટા ભાગના ડેમો અને તળાવો જે અપૂરતા વરસાદના કારણે ખાલી પડ્યા રહે છે જેને ભરવાનું શરૂ કરી આગામી ઉનાળામાં પાણીના અભાવે કોઇ મુશ્કેલી ના પડે તેવું અભિનંદનને પાત્ર કાર્ય કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને મારી લાગણી વ્યક્ત કરતાં હર્ષ થાય છે કે, મોટા ડેમ અને તળાવો દક્ષિણ ગુજરાતમાં આવેલ નર્મદા યોજનાના પાણીનો જથ્થો ૭૦૦ થી ૧૨૦૦ કિલોમીટર સુધી દૂર કાયમી સૂકા અને ઉંચાણવાળા જિલ્લાની ભૂમિ સુધી પાણી પહોંચાડવાનું કામ જે તે સમયે, રાજા ભગીરથે તપ કરીને સ્વર્ગમાંથી ગંગાજીનું અવતરણ કરાવ્યું હતું અને વરદાન મેળવી અને બાદમાં શિવ દ્વારા સહારો લઇ અને આકાશમાંથી અવતરણ કરાવનાર માતા ગંગાને ઝીલવા માટે ભોળાનાથ શંભુએ પ્રસન્ન કરી, રાજી કરેલ તેવા અતિ વિકટ કાર્યક્રમ જેવું અને ૧૫–૨૦ વર્ષ પહેલાં આવી કોઇ આવી કલ્પના ન કરી હોય તેવા નર્મદાના પાણીથી સૌની યોજના લીંક કેનાલમાંથી લિફ્ટીંગ દ્વારા તળાવો અને ડેમો ભરવા માટે ભૂગર્ભ જળ સંપત્તિ લાવવા માટે વિચાર કરેલ.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોને પીવાનું પાણી પહોંચાડવા કે ખેત ઉત્પાદન વધારવા માટે જે કાર્ય કર્યું છે તે અભિનંદનને પાત્ર છે. સૌની યોજનાની અંદર મોટા ભાગે ગત વખત કરતાં ૧૬૯૮ કરોડ રૂપિયા વધારે ફાળવવામાં આવ્યા છે. જળ સંપત્તિનો કુલ મહત્વનો ઉપયોગ કાયમી અછતવાળા વિસ્તારોમાં પહોંચાડીને વિકાસનો સુવિધા પંથ બનાવેલ છે જે અંતર્ગત ભૂતકાળમાં જે રીતે વેઠેલી મુશ્કેલીઓ વ્યક્ત કરું તો સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં જયાં જયાં જમીનમાં ઉંડે સુધી પાણી નથી ત્યાં ઉંડા ઉંડા કૂવાઓ ખોદવા માટે ખેડૂતોને ઘણો ખર્ચ કરવો પડ્યો હતો અને ૧૦૦ ફૂટ જેટલા ઉંડા કૂવા ખોદવાની ભૂતકાળમાં મેં અને મારા પરિવારે પણ મજૂરી કરેલ છે, છતાંય જળ–પાણી મળેલ નથી, ખૂબ ખર્ચ કરેલ છે આ વિતેલા વર્ષોની જો વાત કરું તો વાસ્તવિકતા હું સાચી સમજું છું તે દિવસો ભૂતકાળ બની ગયેલ છે. ગુજરાતમાં દૂર દૂર સુધી જળ સંપત્તિની વિવિધ યોજનાની જરૂરવાળા વિસ્તારમાં પહોંચાડવા માટે જે બજેટમાં જોગવાઇઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું, પણ આજના યુગની અંદર આ હાલના તબક્કે આ બધા જોઇ શકતા નથી પણ આ ગુજરાતની અંદર હે.. હવે લીલાલહેર છે, આ ભાજપની મહેર છે, નર્મદાના નીરથી હવે લીલા લહેર છે. હવે લીલા લહેર છે, આ ભાજપની મહેર છે રૂપાણીના રાજયમાં હવે લીલાલહેર છે. મોદીજીના રાજયમાં ભારતને લહેર છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય લાલજીભાઇને અભિનંદન આપું કે, સરસ મજાની પોતાના પંક્તિ બોલીને બધાને હસાવી દીધા. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ જળ સંપત્તિ વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર– ૬૬ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇનો આ વિભાગ, તેનું કાર્યફલક વિશાળ છે અને આ જળ સંપત્તિ વિભાગના બાંધકામ થયા પછી એનું મરામત અને જાળવણીનું મોટું કાર્ય આ વિભાગ દ્વારા કરવાનું હોય છે.
હું વાત કરું તો રાજ્યનો કુલ ખેતી લાયક વિસ્તાર ૧ કરોડ ૨૫ લાખ હેકટર જેટલો છે. એમાંથી અગાઉની સરકારો તથા અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારો દ્વારા જે સિંચાઇ વિસ્તાર નક્કી કર્યો હતો અને એમાંથી કેટલા વિસ્તારને પાણી આપી શકયા છીએ એની હું આ તબક્કે માહિતી આપવા માગુ છું.

સરદાર સરોવર ડેમમાંથી ૧૮ લાખ હેક્ટર વિસ્તારને પાણી આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો એમાંથી અત્યાર સુધીમાં ૧૩ લાખ ૩૧ હજાર હેક્ટરને પાણી આપી શકયા છીએ. એ સિવાય બીજા ૧૯ મોટા બંધો આવેલા છે જેના દ્વારા ૧૨ લાખ હેક્ટર જમીનને પાણી આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો એમાંથી અત્યારે ૧૧ લાખ ૭૬ હજાર હેક્ટરને પાણી પહોંચાડી શકયા છીએ. મધ્યમ કક્ષાના ડેમોની વાત કરીએ તો કુલ ૭૩ ડેમો આવેલા છે એના દ્વારા ૫ લાખ ૮૪ હજાર હેક્ટરમાં સિંચાઇ કરવાનું નક્કી કર્યું હતું. એમાંથી આજની તારીખે ૫ લાખ ૧૨ હજાર હેક્ટરમાં પાણી પહોંચાડી શકયા છીએ. એવી જ રીતે જે નાના નાના બંધો ૯૬૪ જેટલા આવેલા છે એના દ્વારા ૩ લાખ ૧૧ હજાર હેક્ટરને પાણી આપવાનો લક્ષ્યાંક હતો એમાંથી આપણે અત્યાર સુધીમાં ૨ લાખ ૫૨ હજાર હેક્ટરમાં પાણી પહોંચાડી શકયા છીએ. એ સિવાય બીજા જે નાના નાના તળાવો તથા ઉદ્વહન સિંચાઇ યોજના છે એના દ્વારા ૯ લાખ ૬૯ હજાર હેક્ટરને પાણી પહોંચાડવાનું હતું એના બદલે આપણે ૯ લાખ ૫૦ હજાર હેક્ટર સુધી જ પાણી પહોંચાડી શકયા છીએ. ત્યારબાદ કૂવા, પાતાળ કૂવા અને બીજી યોજનાઓ છે એના દ્વારા ૨૦.૦૪ લાખ હેક્ટરમાં પાણી આપવાના છીએ. એમ કુલ મળીને જોઇએ તો આપણો જે લક્ષ્યાંક ૬૮ લાખ ૬૯ હજાર હેક્ટરનો હતો એની સામે આપણે અત્યાર સુધીમાં ૬૧ લાખ ૯૪ હજાર હેક્ટરને પાણી આપી શકયા છીએ અને એના દ્વારા ખેડૂતો પાક લઇ શકે છે એના માટે હું સરકારને અભિનંદન આપુ છું.

પાણીના વપરાશની વાત કરીએ તો આપણા જે જળસ્ત્રોત છે એના માટે સિંચાઇ સિવાય અલગ અલગ વપરાશ કરીએ છીએ. પાણીનો પૂરો વપરાશ જોઇએ તો પીવાના પાણી માટે આપણે ૪૧,૮૬૩ એમએલડી આપીએ છીએ. હમણાં જ માનનીય રાજેન્દ્રભાઇએ કહ્યું કે આ સરકાર જનતાને પીવાનું પાણી આપવાને બદલે એ ઉદ્યોગોને આપી દેવામાં આવે છે. ઉદ્યોગ એ આપણું અંગ છે. માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબે બજેટ રજૂ કર્યું ત્યારે ત્રણ સેકટરોની વાત કરી હતી એમાં એક સામાજિક અને બીજુ ઔદ્યોગિક એમ કુલ મળીને ત્રણ એન્ગલો આવેલા છે. એમાં ઉદ્યોગ માટે ફકત ૨૫૦ એમ.એલ.ડી. જ પાણી આપીએ છીએ. જયારે સિંચાઇ માટે અત્યારે ૪ લાખ ૬૨ હજાર ૧૩૦ ઘનમીટર પાણી આપીએ છીએ એમ કુલ મળીને ૫ લાખ ૨૧ હજાર ૩૫૨ ઘન મીટરનો વપરાશ છે. આ પાણીને ખેતરો સુધી પહોંચાડવા માટે આ રાજય સરકારે અથાગ પ્રયત્નો કર્યા છે જે ન કહી શકાય ન ભૂતો ન ભવિષ્યતિ. પાણીનો પૂરેપૂરો ઉપયોગ કરીને, પાઇપ લાઇનનું નેટવર્ક ઉભું કરીને ઉત્તર ગુજરાતમાં ૧૧ જેટલી પાઇપ લાઇનોના કામો પૂર્ણ કરીને ૭૪ હજાર હેક્ટરને પાણી પહોંચાડેલ છે.

સૌરાષ્ટ્રની વાત કરીએ તો ત્યાં આગળ ચાર લીંક યોજના દ્વારા અત્યારે હાલ ૬૭ હજાર હેક્ટરમાં પાણી પહોંચાડી શકયા છીએ. આવનાર સમયમાં આ રાજય સરકાર સૌરાષ્ટ્રનો એક પણ ખેડૂત બાકી ન રહે એના માટે પૂરેપૂરા પ્રયત્નો કરવાની છે. અગાઉના માનની મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને કોઇ ખેડૂત કહેવા માટે નહોતો ગયો કે અમને સિંચાઇનુ પાણી આપો. પરંતુ પોતાની કોઠાસૂઝથી અને ગામડે ગામડે જઇને લોકોને શું તકલીફો પડે છે એ જોઇ. એમને લાગ્યું કે સૌરાષ્ટ્રનો ખેડૂત પથ્થરમાંથી પાક પેદા કરવાની તાકાત ધરાવે છે પરંતુ એ પાણી વગર બિચારો થયો છે. પોતે જોયું હતું અને તેમણે આ અધિકારીઓ દ્વારા નર્મદાનું જે પાણી બચતું હતું તેને કેવી રીતે આપી શકાય, તેના માટે જે ચાર લીંકલાઇન બનાવી અને મને ગૌરવ છે કે જેને જાહેર કરી, નરેન્દ્રભાઇએ તેનું ખાતમુહૂર્ત કર્યું અને સપ્ટેમ્બર મહિનામાં ૧૦ ડેમ મારા વિસ્તારમાં અને અન્ય ૪ ડેમ એમ કરીને ૧૪ ડેમોમાં લીંકલાઇન દ્વારા જે પાણી પહોંચાડી શક્યા છીએ તેનો ગર્વ છે અને આવનારા સમયમાં આ લીંક ફેઝ–૧ના કામો લગભગ પૂરા થવામાં છે. બીજાં ૯૬૬ કરોડના ટેન્ડરની પ્રક્રિયા છે, આવનારા સમયમાં સૌરાષ્ટ્રમાં આ પાણીથી ખેડૂતોને જે ફાયદો થવાનો છે. પહેલાં અમારું સુત્ર હતું કે હર હાથ કો કામ. હર ખેત કો પાની. દેશના વડાપ્રધાને હર સર કો ઘર, હર હાથ કો કામ. હર ખેત કો પાની. આ ડેમ અને રીચાર્જ છે તો મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને કાપદરખાસ્તો પાછી ખેંચે એવી વિનંતી કરું છું.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અનુદાનો માટેની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે તેમાં માગણી નં. ૬૬ અને ૬૭ ઉપર મારા વિચારો રજૂ કરું છું. નર્મદા બંધનું કામ પૂર્ણ કરવામાં રાજય સરકારની •(×××) ભાજપ સરકારે નર્મદા યોજના ૨૦૧૦માં પૂરી કરવા અંગે જાહેરાત કરેલી. ૨૦૧૭માં પણ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : આ યોજના પૂરી કરી શકી નથી. તો હજી કેટલા સમયમાં પૂરી કરવા માગે છે એ સભાગૃહના માધ્યમથી પ્રજાને જણાવે. રાજય સરકાર માટે આજે કોઇ મહત્વની યોજના હોય તો તે નર્મદા યોજના છે, એન.ડી.એ. સરકારની નર્મદાના ગેટ મૂકવા માટે વાહ–વાહ કરો છો તો નાની, મોટી, મધ્યમ નહેરો માટેના કામ બાકી છે તેના માટે કેન્દ્ર અને રાજય સરકારમાં *(×××) અગાઉ રાષ્ટ્રીય યોજના જાહેર કરવાની માગણી કરતા હતા. આજે કેન્દ્રમાં અને રાજયમાં પણ ભાજપની સરકાર છે, ત્યારે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરતા કોણ રોકે છે? કયારે જાહેર કરવા માગો છો?

રાજય સરકાર દર વર્ષે બજેટમાં નર્મદા યોજના માટે મોટી મોટી રકમની જોગવાઇ કરી હોવાના દાવા કરે છે, પરંતુ છેલ્લા ત્રણ બજેટમાં આશરે ૯૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ નર્મદા માટે કરેલી જોવા મળે છે. આ વર્ષે રાજય સરકારે માત્ર રૂ. ૭૮૨ કરોડ જેટલો જ નહિંવત વધારો કરીને નર્મદા યોજનાની અને પ્રજાજનોની મશ્કરી કરી છે. ૫૪ તાલુકાઓમાં ૧૫,૫૦૦

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કિલોમીટર લાંબી ભૂગર્ભ પાઇપ લાઇન પૂર્ણ થયા બાદ તે દિશામાં આગળની કામગીરી હાથ ધરવાની વાત સરકાર કરી રહી છે. આમ વર્ષના અંતે ખરેખર બે વર્ષ પહેલાંના બજેટમાં કુલ ૭૪,૧૬૮ કિલોમીટરની લંબાઇની નહેરો પૈકી ૫૦,૮૦૩ કિલોમીટરની લંબાઇની નહેરોનું કામ બાકી હતું. આ બાકી ૫૦,૮૦૩ કિલોમીટરની નહેરો પૈકી ગત વર્ષમાં માત્ર ૨,૩૫૨ કિલોમીટરની લંબાઇની નહેરોનું કામ થયું છે. આ વર્ષે નહેરોનું કામ કેટલું બાકી છે તેનો કોઇ ઉલ્લેખ જોવા મળતો નથી. આમ નર્મદા યોજનાની બાબતમાં ભાજપ સરકારની •(×××) જોવા મળે છે.

ઉપાધ્યક્ષશ્રી : ફરીથી એનો એ જ શબ્દ? પ્રહલાદભાઇ, રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : ભાજપ સરકારે નવા અભિગમ અને ખેડૂતોની રજૂઆતની આડશ લઇ નર્મદા યોજનાની નહેરો હવે ભૂગર્ભ પાઇપ લાઇનથી અને તે પણ લોકભાગીદારીનો નવો તુક્કો લઇને આવી છે જેમાં અમોને ભ્રષ્ટાચારની બૂ આવે છે. છેલ્લા પાંચેક વર્ષથી નર્મદાની કેનાલમાં પડતાં ગાબડાંથી ખેડૂતોના ખેતરો અને આજુબાજુના રહીશોને પડતી પારાવાર મુશ્કેલીઓ ભાજપ સરકારની નાણાકીય ગેરરીતિઓ અને બેદરકારી છતી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સદગત શ્રી રાજીવ ગાંધી દ્વારા ગુજરાતના વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત કરનાર ડો. સામ પિત્રોડાના ટેકનોલોજી મિશનનાં વોટર મિશન દ્વારા ભારતમાં સેટેલાઇટ સરવે દ્વારા શુદ્ધ પીવાના પાણીની અછત ભોગવતા વિસ્તારોમાં ગુજરાતના ૮૦૦૦ ગામડાં અને ૧૬૫ શહેરો શોધી કાઢ્યા હતા. આ ગામો માટે પાણીનો સોર્સ નક્કી થયે યોજના બનાવાય તેની જાણકારી થતા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇ પટેલે નર્મદા કંટ્રોલ ઓથોરીટી પાસેથી સરદાર સરોવરમાં સ્ટૉરેજ થતા ૯ મિલિયન એકર ફીટ નર્મદા નીરમાંથી દસ લાખ સાઇઠ હજાર એકર ફીટ પાણી પીવાના હેતુ માટે ફાળવવા મંજૂર કરાવ્યું હતું અને આ મંજૂરી મળ્યે ગુજરાતના ૮૦૦૦ ગામ અને ૧૬૫ શહેરમાં નર્મદાનું અમૃતસમ પીવાનું પાણી પહોંચાડવાનું શક્ય બન્યું હતું. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કુશળ ઇજનેરો દ્વારા જ ૮૦૦૦ ગામડાં અને ૧૬૫ શહેરોમાં નર્મદા નીર પહોંચાડવાના નકશા અંદાજો ૧૯૯૬ પહેલા તૈયાર કરાયા હતા. તેમજ ૧૯૯૭માં ૯મી પંચવર્ષીય યોજનામાં પ્લાનીંગ કમિશનના વાઇસ ચેરમેન દ્વારા ગુજરાત સહિત દેશના તમામ રાજ્યોને યોજનાની વધેલ સાઇઝમાંથી ૫૦ ટકા સામાજીક સેવામાં ફાળવવાની સલાહે ગુજરાતની ૮મી પંચવર્ષીય યોજનાની સરખામણીએ ૯મી પંચવર્ષીય યોજના રૂ.૧૩૦૦૦/– કરોડથી વધી રૂ.૨૮૦૦૦/– કરોડની થતા રૂ.૧૫૦૦૦/– કરોડના વધારા પેટે રૂ.૭૫૦૦/– કરોડ સામાજીક સેવામાં મંજૂર રહેતા પીવાના પાણી માટે ૮મી પંચવર્ષીય રૂ.૪૮૦/– કરોડની યોજનામાં ફાળવણી થતા ૯મી પંચવર્ષીય યોજના રૂ.૩૦૦૦/– કરોડની બની અને વર્ષ ૧૯૯૭–૯૮ના બજેટમાં રૂ.૬૦૦/– કરોડની ફાળવણી થતા નર્મદા પેયજળ ગુજરાતના ગામડે પહોંચાડવાની નાણાકીય સગવડ સદગત શ્રી રાજીવ ગાંધી અને શ્રી ચીમનભાઇ પટેલના ગુજરાતની પ્રજાને શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના સ્વપ્નની સાકારતા શરૂ થઇ. ૧૯૯૭–૯૮ના રૂ.૬૦૦/– કરોડની ફાળવણી પછીના વર્ષોમાં વધતી રહી હતી. આજે પણ ગુજરાતના ત્રીજા ભાગના ગામડાં ૨૦ વર્ષે પણ રૂ.૭૦૦/– કરોડની સામે રૂ.૨૦,૦૦૦/– કરોડના ખર્ચ છતાં નર્મદાનું પીવાનું પાણી મળતું નથી તે વિચાર માગી લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નહેર દ્વારા પાણી વહન કરવાની સસ્તી સરળ પદ્ધતિ ઉપલબ્ધ હોવા છતા મોંઘી પાઇપ લાઇનો નાંખી ખેતીની કિંમતી જમીનોને ખેતી રહીત બનાવવાની પદ્ધતિ અપનાવી પાઇપ ફેક્ટરીઓ ચલાવવા માટેના *(×××) કારણે, વિભાગની નિષ્ફળતાના કારણે, છતા પાણીએ પ્રજા પાણી વિના તરસે મરે છે. કોર્પોરેશન દ્વારા અપાતા કોન્ટ્રાક્ટરોમાં વિલંબ અને ગેરરીતિ સબબે થતી રજૂઆતો પર ધ્યાન અપાતું નથી. ગુજરાત બહાર રાજસ્થાનમાં લાંચ લેવાના કૌભાંડોમાં તે સરકાર પગલા લેતી હોય તો ગુજરાતની ભાજપ સરકાર કેમ અચકાય છે, કોની શેહ શરમ નડે છે, કોની રાહ જુએ છે ! સરદાર સરોવર યોજનાના સિંચાઇ વિસ્તાર તો ૭૫ ટકા વિસ્તાર દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અને રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવેલ વિસ્તાર છે. કુલ સિંચાઇ વિસ્તાર ૧૮.૪૫ લાખ હેક્ટર પૈકી ૫.૦૮ લાખ હેક્ટર દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અને ૮.૭૩ લાખ હેક્ટર વિસ્તાર રણ વિસ્તારમાં આવે છે. રણ વિસ્તારમાં પાણીની સ્થિતિ તથા એકંદર પરિસ્થિતિ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર કરતાં પણ વધારે ખરાબ છે. એવું ગુજરાત સરકારે કેન્દ્ર સરકારની કેબિનેટ કમિટિ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર આગળ વધારે ફંડ મેળવવા સ્પષ્ટ જણાવેલ છે. આમ ગુજરાત દુષ્કાળ અને રણ વિસ્તારવાળું છે તેમ ગુજરાત સરકાર પોતે જ કબૂલે છે. હું મારા વિસ્તારની વાત કરું તો ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં પાણી પહોંચ્યું નથી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
પોઇન્ટ ઓફ ઓર્ડર

પોઇન્ટ ઓફ ઓર્ડર
કામગીરી અંદાજપત્ર સમયસર મળવા અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર ખર્ચ ઉપર વિધાનસભાના અંકુશો શ્રી કાંતિલાલ પંચાલ લીખિત પુસ્તક, પાન. ૧૯, પાંચમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના તેના નવમા અહેવાલમાં કરેલી ભલામણ અનુસાર ૧૯૭૬–૭૭થી કામગીરી અંદાજપત્ર રજૂ કરવાનું શરૂ થયું. અંદાજ સમિતિની ભલામણ અનુસાર નીચેથી પાંચમી લાઇન, પાન. ૧૯ ઉપર, અંદાજ સમિતિની ભલામણ અનુસાર અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કરવામાં આવે તેની સાથોસાથ કામગીરી અંદાજપત્ર પણ રજૂ કરવામાં આવતું હતું પરંતુ છાપકામમાં મુશ્કેલી પડતી હોવાથી નાણામંત્રીશ્રીની દરખાસ્ત ઉપરથી છઠ્ઠી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેમના ૨૫મા અહેવાલમાં કરેલી ભલામણ અનુસાર ૧૯૮૩–૮૪થી કામગીરી અંદાજપત્રના પ્રકાશનો અંદાજપત્ર રજૂ થાય તે દિવસે આપવાના બદલે માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન શરૂ થાય તે પહેલાં આપવામાં આવે છે I will pause here for a moment, Mr Speaker, Sir. અંદાજ સમિતિની ભલામણ અનુસાર ૧૯૮૩-૮૪થી કામગીરી અંદાજપત્રો બજેટ પ્રકાશનોની સાથે નહીં પરંતુ માગણીઓ પરની ચર્ચા શરૂ થાય એના પહેલા આપી દેવા પડે આ અંદાજ સમિતિની ભલામણ છે. માનનીય અધ્યક્ષશ્રી શશીકાંતભાઇ લાખાણીએ જે નિર્ણય આપેલો સન ૧૯૮૫ થી ૨૦૦૨ના માનનીય અધ્યક્ષશ્રની નિર્ણયો પાના નં. ૧૪, અહીં માત્ર રીલેવન્ટ ચાર લાઇન જે પાના નંબર ૧૫ ઉપર છે. માનનીય અધ્યક્ષશ્રીએ ઉપરોકત બાબતે માનનીય સભ્યશ્રીઓ તથા કાયદા અને ઉદ્યોગ વિભાગના મંત્રીશ્રી શશીકાંત લાખાણીના મંતવ્યો સાંભળ્યા બાદ નીચે મુજબ નિર્ણય આપ્યો. માનનીય મનોહરસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો એ ખૂબ વ્યાજબી અને તાર્કિક છે. મેં પણ અંદાજ સિમિતનો નવમો અને પચ્ચીસમો અહેવાલ આજે જ જોયેલો છે. નવમા અહેવાલ મુજબ કામગીરી અહેવાલ અંદાજપત્રની સાથે આપી દેવાતો હતો પરંતુ પ્રિન્ટીંગ અને બીજી મુશ્કેલીઓને લક્ષમાં લેતા પચ્ચીસમા અહેવાલમાં તેમાં ફેરફાર કરીને માગણી રજૂ થાય તેની પૂર્વે ૨, ૪ કે ૮ દિવસ પૂર્વે આપવા પ્રબંધ છે એટલે માગણી રજૂ થાય તેના પહેલા એટલે કે ૨, ૪ કે ૮ દિવસ પહેલા આ આપવા માટેનો માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. અંદાજ સમિતિની ભલામણ તો માગણીઓ પરની ચર્ચા થાય એના પહેલા જ આપી દેવી જોઇએ. ૯ માર્ચે માગણીઓ શરૂ થઇ , આજે જોવામાં આવે તો માગણીઓ ઉપરની ચર્ચાનો નવમો દિવસ છે અને આજે જે માગણી છે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની. હું બપોર પછી રીસેસમાં ગયો ત્યારે મારું પીજીયન બોકસ ચેક કરીને ગયો. મને કામગીરી અંદાજપત્ર મારા પીજીયન બોકસમાં ગઇ કાલે રીસેસ સુધી નહોતું મળેલું અને આજે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે અને આજે મારા પીજીયન બોકસમાં સવારમાં મને એ જ વિભાગનું કામગીરી અંદાજપત્ર મળે છે જે અંદાજ સમિતિની ભલામણોથી વિપરીત છે, ભૂતપૂર્વ માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયોથી વિપરીત છે અને અમારો અધિકાર હોય છે, જે માગણીઓ ઉપર અમે બોલીએ ત્યારે અંદાજ સમિતિમાં બંન્ને પક્ષના સભ્યશ્રીઓએ જે વાત કરી છે બહુ સમજપૂર્વક આ ગૃહે રીપોર્ટ સ્વીકાર્યો છે ત્યારે આપનું રક્ષણ ઇચ્છુ છું. અમારા અધિકાર ઉપરની બાબતોને બહુ જ હળવાશથી સરકાર ના લે. અમારા અધિકારો ઉપર કયાંય તરાપ પડે તો અમારા રક્ષક માનનીય અધ્યક્ષશ્રી આપ છો એટલે આપનો દુરોગામી અસર પડે એવો નિર્ણય આવે એવી પ્રાર્થના સાથે વિરમુ છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર માટે ગૃહના બધા જ સભ્યો સરખા છે. કોઇને પણ અન્યાય કરવાનો રાજય સરકારનો કોઇ આશય નથી હોતો, વિરોધ પક્ષ હોય કે સત્તા પક્ષ. માનનીય સભ્યશ્રીએ જે રજૂઆત કરી છે એ સંપૂર્ણ રીતે હું ચકાસી લઇશ. તો વિભાગને સૂચના આપીને એને કરેક્ટ કરાવી લઇએ અને હું આપને પણ કહું છું કે જરૂર જણાય ત્યાં આપ પણ અમને માર્ગદર્શન આપશો. એ પ્રમાણે રાજ્ય સરકાર એ ચેક આઉટ કરશે અને આપણે એમાં સુધારો કરી લઇશું.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહે જે વાત કરી છે એ ખૂબ સારો મુદ્દો છે. આની અંદર શરતચૂક થઇ છે એ સ્વીકારવું રહ્યું અને એટલા માટે જે સમયસર થવું જોઇએ એના કરતા જે મોડું થયું છે એના માટેની હું તાકીદ કરું છું અને હવે પછી કોઇપણ વિભાગ આવી ભૂલ ન કરે એવી એમને વિનંતી પણ કરું છું. આપે સંસદીય બાબતોના મંત્રી તરીકે પણ ઉદારતાથી વાત સ્વીકારી છે એટલે માનનીય સભ્યશ્રીને પણ હું સહાનુભૂતિપૂર્વક કહું કે હવે પછી એ દિશામાં સરકાર પોતાની કામગીરી કરશે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:)

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમત–ગમત વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

ફાલ્ગુન ૨૬, ૧૯૩૮ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મંત્રીમંડળનો આ એક એવો વિભાગ છે કે જે રાજ્યની સાંસ્કૃતિક યુવા પેઢી અને એની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટેની ગ્રંથાલય પ્રવૃત્તિઓ દ્વારા સુસંસ્કૃત સમાજ ઉભો થાય, સુસંસ્કૃત વ્યક્તિત્ત્વનું નિર્માણ થાય એના માટે આ રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે. એમાં ખાસ તો ગ્રંથાલય પ્રવૃત્તિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા રાજ્યનું ઘડતર, વ્યક્તિત્વનું નિર્માણ થાય એના માટે મારા વિચારો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી આપણા હાલના વડાપ્રધાન અને જે તે સમયના આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે માનનીય નરેન્દ્રભાઇએ આખા દેશમાં કોઇ મુખ્યમંત્રીને વિચાર ન આવ્યો હોય એવો વાંચે ગુજરાત, એનો પ્રોજેક્ટ લઇ આવી અને છેક ગામડાં સુધી વાંચે ગુજરાતના વિચારનું પ્રસારણ અને જનજાગૃતિ થકી વ્યક્તિ વાંચે તો સુસંસ્કૃત બનશે એના માટે જે અભિયાન લઇ આવ્યા હતા એ અન્વયે અત્યારે ગ્રંથાલય પ્રવૃત્તિ ખૂબ સારું કામ કરી રહી છે. આપણે ત્યાં ગ્રંથાલય પ્રવૃત્તિની વાત આવે ત્યારે આપણને મહારાજા સયાજીરાવ ગાયકવાડની યાદ આવે. તેઓએ આખા રાજ્યમાં અનેક ગ્રંથાલયો ઉભા કરી રાજ્યને સુસંસ્કૃત બનાવવાનો સારો પ્રયાસ કર્યો હતો. એમની સાથે મોતીલાલ અમીન અને એ પછી દાતાશ્રેષ્ઠી જામનગરના મેઘજી પેથરાજ આવે. સૌરાષ્ટ્રના ગામડે ગામડે કબાટો, ફર્નિચર, પુસ્તકો આપી ગામડાંના લોકોને વાંચતા કર્યા હતા. આ બધી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઇ, એવા કેટલાક રાજવીઓ થયા સયાજીરાવ જેવા, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ગોંડલના મહારાજા ભગવતસિંહજી, એમણે તો સાહિત્યની જે સેવા કરી છે એ કદાચ જ્યાં સુધી ગુજરાતી ભાષા જગત ઉપર અજર અમર રહેશે ત્યાં સુધી મહારાજા ભગવતસિંહજી અજર અમર રહેશે. એમણે ભગવદગોમંડળનું પ્રકાશન કરીને દુનિયાની બધી ભાષાઓની સામે ગુજરાતી ભાષા કેટલી ઉંચી છે એ બતાવ્યું. આ બધી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઇ ગ્રંથાલય પ્રવૃત્તિમાં જે બજેટ ફાળવ્યું છે એમાં ઉત્તરોત્તર વધારો કરી તાલુકા અને જિલ્લા કક્ષાના ગ્રંથાલયો સમર્થ બને એના માટે માનનીય મંત્રીશ્રીએ ઘણો સારો પ્રયાસ કર્યો છે અને બજેટ પણ ખૂબ સારું ફાળવ્યું છે. કેટલાક જિલ્લામાં જિલ્લા ગ્રંથાલયો છે એના મકાનો બનાવવા માટે, જેમ કે છોટાઉદેપુર જિલ્લા ખાતે સરકારી પુસ્તકાલય છે એનું પોતાનું મકાન બનાવવા માટે ૧૫ લાખ ફાળવ્યા છે. કેટલાક તાલુકા અને જિલ્લાની લાયબ્રેરીઓને મોર્ડન બનાવવા માટે મોડાસા, લુણાવાડા, બોટાદ, વેરાવળ અને સરકારી જિલ્લા પુસ્તકાલયો શરૂ કરવા ૫૧ લાખ જેવી ગ્રાન્ટની જોગવાઇ પણ કરી છે. દેવભૂમિ દ્વારકા અને મોરબી ખાતે કાર્યરત સરકારી પુસ્તકાલયના અપગ્રેડેશન માટે વધારાની ગ્રાન્ટ તરીકે લગભગ પોણા બે લાખ જેવી ગ્રાન્ટ દરેક પુસ્તકાલયને આપવામાં આવી છે. આ રીતે પુસ્તકાલય ભવનો બનાવવા માટે એમાં ખાસ ડીસા માટે ૪૦ લાખ ૮૨ હજાર રૂપિયા જેવી રકમ ફાળવી છે. દાતા ખાતે પણ ૪૨ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. રાજ્યની જે ગ્રંથાલય પ્રવૃત્તિઓ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રવિણભાઇ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : સાહેબ, એક મિનિટમાં શું થાય? હજુ તો મારે ગ્રંથાલય પ્રવૃત્તિઓ ઉપર ઘણું બધું બોલવાનું છે. અમારા માનનીય મંત્રીશ્રીએ કેટલુંય લખીને આપ્યું છે અને સાહેબ, આ વિષય એવો છે તાલુકા સુધી ગ્રંથાલય પ્રવૃત્તિ જે અમારા માનનીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ લઇને આવ્યા છે એમાં આપણે ત્યાં ૩૦૦૦ જેટલા ગ્રામ્ય ગ્રંથાલયો છે આને સમૃદ્ધ કરવા માટે પણ સરકારે સારી એવી રકમ ફાળવી છે અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : આભાર. માનનીય હર્ષદભાઇ, પૉઇન્ટ ઓફ ઓર્ડર આવ્યો એટલે બધાની એક એક મિનિટ ઓછી થશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. અમારો જૂનાગઢ જિલ્લો અને સૌરાષ્ટ્રની અહીંયા બહુ વાતો થાય છે. ભારતીય જનતા પાર્ટીના ૨૨ વર્ષના શાસનમાં આ જિલ્લાની અંદર કોઇ એવો મોટો ડેમ બાંધવામાં આવ્યો નથી કે કોઇ એવી મોટી નર્મદાની મોટી કેનાલ ત્યાં નીકળી નથી. આ જિલ્લામાં સિંચાઇની કોઇ સરકારની એવી યોજના ૨૨ વર્ષના શાસનમાં આવી નથી. ત્યાંના ખેડૂતો પોતાના ખર્ચે કૂવા અને બોર બનાવીને પોતાની સિંચાઇથી ધાન્ય પેદા કરે છે અને આ ધાન્યની કાલે વાતુ થાતી હતી કે આ પેદા કરેલ ધાન્યના ભાવ આવતા નથી અને ટેકાના ભાવની વાતો કરતા હતા. તુવેરની કાલે વાત થાતી હતી. તુવેરની ખરીદી આજે વિસાવદરની અંદર જૂનાગઢ જિલ્લાની અંદર જુઓ તો તમારા આગેવાન ત્યાં ઉદ્ઘાટન કરી ગયા અને ૧૨૦૦-૧૨૦૦ ટોકન આપ્યા હજી સુધી ખરીદી થઇ નથી ખેડૂતો રાહ જોઇને બેઠા છે. ખેડૂતોને વેચવા પણ નથી દેતા અને ટેકાના ભાવે ખરીદીની વાતો કરો છો. •(×××) પેપરમાં આવે છે હજી કોઇ જાતની તપાસ કરવામાં આવતી નથી અને ટેકાના ભાવે મગફળીની વાતો કરવાની તો આને પણ ખુલ્લા પાડવા જોઇએ એવી મારી વિનંતી છે. તમે બહુ વાતો કરો છો કે અમે ખેડૂતોને આમ સિંચાઇ આપી, આમ ભાવ આપીએ. ગઇ સાલ ખેડૂતોએ પોતાની સિંચાઇ પોતાના બોર આધારિત પાણીથી ખેતર પાઇને મગફળીના ૧૫૦૦ ભાવ હતા અત્યારે ૭૨૫ થઇ ગયો આને વિકાસ કહેવાનો? બટાકાના ૧૪૦ હતા અત્યારે ૭૦ થઇ ગયા આ વિકાસ? તુવેરના ૨૦૦૦ રૂપિયા હતા અત્યારે ૭૫૦માં કોઇ ધણી નથી આને વિકાસ કહેવાનો? ચણામાં ૨૦૦૦ રૂપિયા હતા આજે ૮૦૦ થઇ ગયા, અડદમાં ૨૩૦૦ હતા આજે ૬૦૦માં કોઇ ધણી નથી થાતો. ઘઉં એક મહિના પહેલા ૪૦૦ રૂપિયા હતા અત્યારે ૩૦૦માં કોઇ લેવાવાળો નથી. ડુંગળી ૨૦૦ રૂપિયા હતી આજે ૨૫ રૂપિયા ભાવ થઇ ગયા આ દુ:ખની વાત કહેવાય. સિંચાઇ કરીને ખેડૂતો.. (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : હર્ષદભાઇ એક મિનિટ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો દૂર કરવા અંગે

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય સન્માનનીય સભ્યશ્રી ગૃહ સમક્ષ એવી વાત કરી કે *(×××) આવી કોઇ માહિતી અમારા સમક્ષ આવી નથી. કદાચ આપની પાસે માહિતી હોય અને પુરાવા હોય તો આપજો તો તપાસ કરીશું.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રદ કરીએ છીએ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો રદ ના થાય. રોજ છાપામાં આવે છે અને અમે પણ રજૂઆત કરી છે. વિસાવદરની માહિતી રોજેરોજ છાપામાં આવે છે. અમે રજૂઆત પણ કરી છે પણ કૌભાંડની કોઇ જાતની તપાસ આજ દિવસ સુધી થઇ નથી. કોંગ્રેસના શાસનમાં બનેલા ડેમો ઉબેણ, ત્રાફડ, આંબાજળ, ઝાંઝરશ્રી, ઓઝત, મધુવંતી, વ્રજ અને હિરણ  આ કોંગ્રેસના શાસનમાં અમારે ત્યાં ડેમો બનેલા છે. તમે તો ખાલી બોરી બંધો જ બનાવ્યા છે અને વિકાસની વાતો કરવા નીકળ્યા છો. હું એ કહેવા માગુ છું કે, ખરેખર જો આપણે જુનાગઢ જિલ્લો અને સૌરાષ્ટ્રના ખેડૂતોને પાણી આપ્યું હોય તો આ અમારા બનાવેલા જે ડેમો છે એમાંથી કાંપ કાઢવો પડે એમ છે. અડધા ઉપર આ ડેમ પુરાઇ ગયા છે, એટલે જો આમાં કાંઇક તમે એવી યોજના કરો તો સારું. તમે કાંપ કાઢો છો પણ ક્યારે ? ચોમાસાને એક મહિનાની વાર હોય એટલે કાંપ કાઢવા નીકળે અને પેલો કોન્ટ્રાક્ટર, ત્યાં પાણી ભરાઇ ગયું હોય એટલે બીલ બનાવીને નીકળી જાય છે. જો ખરેખર તમારે કાંપ કાઢવો હોય તો સરકાર એના ખર્ચે ખેડૂતોના ખેતરો સુધી જો એ કાંપ પહોંચાડે તો ખેડૂતના ખેતરની ફળદ્રુપતા વધશે અને ખેડૂતને પણ કાંઇક ફાયદો થશે. આ બાબતે પણ અમે અવારનવાર રજૂઆતો કરીએ છીએ પણ કોઇ ધ્યાને લેતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજના, હું એક દિવસ ટી.વી.માં જોતો હતો તો મોદી સાહેબે ત્યાં બટન દબાવ્યું, તો મેં જોયું કે આ શું છે? તો કહે કે, સૌની યોજના. દસ હજાર કરોડ રૂપિયા આ સૌની યોજના પાછળ ખર્ચવામાં આવ્યા છે અને ૧૧૫ ડેમો ભરવાની વાત કરે છે. હું અમારા વિસાવદરના ધ્રાફડ ડેમની તમને વાત કરું તો, અમારો વિસાવદરનો ધ્રાફડ ડેમ લીંક–જમાંથી આ લોકો કહે છે કે, અમે ભરવાના છીએ. બધાને ખબર પડે છે, તમે વિસાવદર આવજો ક્યારેક સત્તાધાર કે સાસણ જતા હોય ત્યારે, પહેલાં અમારી ધ્રાફડ નદી આવે પછી વિસાવદરની અંદર એક કોપરડી નદી આવે એની આજુબાજુમાં એક મહિયારો નદી આવે, અમારે ત્યાં કાબરો, ભમતાળો, રાયણારો અને ભઢિયો આટલા વોંકળા આવે, આ ડેમમાં બધું પાણી જાય છે. અમારા ગામડાંના કોઇ માણસને પૂછજો, ગોઠણે ગોઠણે આ બધી નદીઓ અને વોંકળામાં પાણી જતું હોય તો પણ અમારો ધ્રાફડ ડેમ ભરાતો નથી અને તમે એમ કહો કે, અમે પાઇપ લાઇનથી ભરી દઇશું? આ વાત વાજબી નથી. કોઇક દિવસ ગામડાંનો કોઇ માણસ લીમડા નીચે બેઠો હોય અને એને પૂછો ત્યાં આવીને કે, બાપા અમે આ પાઇપ લાઇનથી પાણી ભરવાના છીએ, આ ડેમ ભરાય? કોઇ ખેડૂતને પૂછજો, મશીન હોય એમાં ડિલેવરી એકનું પાણી આવે, એન્જિનની અંદર ડિલેવરી આવે પાછળ પાણીની, એ કોઇ ખેડૂતને પૂછજો કે, આ ડિલેવરીની પાઇપ લાઇન તમે શાહમાં કે કેરામાં મૂકો એ ક્યારે તમારો કેરો ભરાય એટલે એ તમને કહેશે. એ કોઇ દિવસ ન ભરાય.

અધ્યક્ષશ્રી : હર્ષદભાઇ મારા ખર્ચે અને જોખમે આવી જજો, મારો ધરોઇ ડેમ તમને બતાવીશ. મારા ખર્ચે અને જોખમે આવજો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : હા, હું આવી જઇશ. આ ધ્રાફડ ડેમની વાત કરું છું, ધ્રાફડ ડેમમાં એ એમ કહે છે કે, અમે નદીમાં પાણી નાખીશું અને ત્યાંથી તમારા પાટિયા સુધી પહોંચાડીશું. સાહેબ, એ શક્ય જ નથી. નદી પાણી ચૂસી જાય આ તમારી પાઇપ લાઇનનું અને ડેમના પાટિયા સુધી પાણી ન પહોંચે. તમારે જો અમારા સૌરાષ્ટ્ર માટે કરવું જ હોય તો નવા મોટા ડેમો બનાવો, તમે ચેક ડેમો બનાવો, તળાવો ઊંડા કરો અને તૂટી ગયેલા જે તળાવો છે એને રિપેર કરો તો પણ સૌરાષ્ટ્રના ખેડૂતોને એનો સિંચાઇનો લાભ મળશે. અહીંયાથી ઘણી વાતો ચેક ડેમોની થાય છે પણ બોરી બંધો સિવાય આપણે કાંઇ કર્યું નથી. અમારે ત્યાં મહિ–પરિએજ યોજના પીવાના પાણી માટે આવી છે કેશુબાપ વખતે, અમારા બાપા લાવ્યા છે ત્યાં. તમે તો એને ગણતા જ નથી પાંચ વર્ષથી શાસન છે. મહિ–પરિએજ યોજનામાં આજના દિવસે(અંતરાય) બાપાનું શાસન તો ક્યાંય ગણવામાં જ નથી આવતું?

અધ્યક્ષશ્રી : ના, ના. બાપાને તો તમે બહુ સાચવ્યા. પેલો દસ વર્ષનો છોકરો આવીને તમારો મેન્ડેટ લઇ ગયો. તો પણ તમે કેટલું મોટું ઉદાર દિલ રાખેલું, એટલે એના માટે તો કહેવું પડે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : મહિ–પરિએજ યોજના લાવ્યા, આજની તારીખમાં એમાં મહીનું પાણી નાખવામાં નથી આવ્યું, વચ્ચેથી ક્યાંક ખોડિયાર ડેમનું પાણી નાખવામાં આવે છે. પીવાના પાણીનો પણ એટલો જ પ્રશ્ન છે. એ વિસ્તારની અંદર અમારા ડેમો બનાવેલા છે પણ પીવાના પાણી માટે એ ડેમોમાં અડધી જગ્યા રાખવામાં આવે છે એટલે સિંચાઇ માટે એનું પાણી મળતું નથી. તો મારી વિનંતી છે આ ગૃહને કે અમારા જુનાગઢ જિલ્લા માટે તમે કાંઇક કરો માનનીય મંત્રીશ્રી. કારણ કે, પાણીનો આટલો મોટો પ્રશ્ન છે, સિંચાઇનો આટલો મોટો પ્રશ્ન છે અને ખેડૂત બીચારો તમારી રાહ જોઇને બેઠો છે કે,કે ઘરના પૈસે બોર અને કૂવાનું પાણી કાઢી કાઢીને પિયત કરીને પકાવે અને ભાવ નથી આવતા આના માટે તમે કાંઇક કરો તો સારું નહીંતર

આવનારા દિવસોમાં ખેડૂત અત્યારે રાહ જોઇને બેઠો છે. અત્યારે ભલે તમે ગમે તે વાતો કરો પણ ૨૦૧૭માં તમને ખબર પડશે.

અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી જળસંપત્તિ વિભાગની માગણી ક્રમાંક-૬૬ લઇને આવ્યા છે એમના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણીસાહેબ, નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ પટેલસાહેબ, સૌનો સાથ સૌનો વિકાસ આ મંત્ર લઇને અમારી સરકારે વિકાસના અનેક કામો કર્યા છે. એમાં એક કામ છે જળસંચયનું. આ સૃષ્ટિ ઉપર ત્રણ ભાગનું પાણી છે અને એક ભાગની પૃથ્વી છે. જળ એ જીવન છે. આ સૃષ્ટિમાં જીવવા માટે ત્રણ વસ્તુની ખાસ જરૂરિયાત હોય છે. હવા, પાણી અને ખોરાક. ખોરાક વગર જીવ મહિનાઓ સુધી, વર્ષો સુધી જીવી શકે છે. પાણી વગર મહિનાઓ અને દિવસો સુધી જીવી શકે છે પણ હવા એવી વસ્તુ છે જે ના મળેતો મિનિટોમાં જીવનું મરણ થાય છે. પાણી એ અગત્યની વસ્તુ છે. અમારી સરકારે છેલ્લા ૧૦ વર્ષની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે જળસંચયના અનેક કામો કર્યા છે. ચેકડેમો હોય, તળાવો ઉંડા કરવાના હોય અને અનેક વિકાસના કામો કરીને કૂવાના તળ ઉંચા આવે એના માટેના અનેક કામો સરકારે કર્યા છે. ખેતીમાં ટપક પદ્ધતિથી પાણી આપવા માટે સરકારે અનેક યોજનાઓ મૂકી છે. ખેતરોમાં વહી જતા પાણીને બાંધવા માટે જમીનમાં પાળાબંધી કરીને પાણીને રોકયું છે. નાના કોતરો ઉપર નાના નાના ચેકડેમો બનાવ્યા છે. મોટી નદીઓ ઉપર મોટા ચેકડેમ બનાવી પાણીનો સંચય થાય, ભૂગર્ભ જળ ઉપર આવે અને ખેડૂતોને ફાયદો થાય એના માટે અમારી સરકારે અનેક કામો કર્યા છે. ગ્રામ પંચાયત વિસ્તારમાં જમીન વધારે હોય અને મોટી જમીન હતી ત્યાં નવા તળાવો પણ સરકારે બનાવ્યા છે. અમારી સરકાર આવ્યા પછી અનેક તળાવો ઉંડા કર્યા છે અને આજે જળસંચયના કામો થયા છે. મારા પંચમહાલ જિલ્લાની વાત કરું તો મારા વિસ્તારની અંદર કરાડ મધ્યમ પ્રકારની સિંચાઇ યોજના આવેલી છે. જેનાથી કાલોલ તથા ઘોઘંબા તાલુકાના ૬૧૯૦ હેકટર વિસ્તારને સિંચાઇની સુવિધા પ્રાપ્ત થાય છે. પાનમ જળાશય યોજના મુખ્ય નહેરથી કુલ લંબાઇ ૧૦૦ કિલોમીટર તથા ૮૦૦ કિલોમીટરનું નેટવર્ક છે. જેમાં ગત વર્ષે ૨૦૧૬-૧૭માં ૧૦.૧૯ કરોડની નહેર સુધારણાના કામો ડી.આર.એમ. યોજના અંતર્ગત હાથ ધરવામાં આવેલા છે. પાનમ મુખ્ય નહેરના છેવાડાના વિસ્તાર સુધી પાણી પહોંચાડવા જે પૈકી રવિ પાકમાં ૨૦૧૬-૧૭માં ૧૫૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ થયેલી છે. કરાડ મુખ્ય નહેરની લંબાઇ ૨૫ કિલોમીટર તથા નેટવર્કની લંબાઇ ૭૬ કિલોમીટરની છે જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૨૦૪૧ કરોડના નહેર સુધારણાના કામો થયેલા છે. છેવાડાના વિસ્તાર સુધી પાણી સરળતાથી મળી રહે. એના માટે ચાલુ વર્ષે વરસાદ ઓછો પડ્યો છે, પણ અત્યારે નહેરોમાં પાણી ચાલુ છે. પાનમ યોજનામાં ૧.૫ કિ.મી. નહેરની લંબાઇમાં મોટા બેન્કિંગવાળા ભાગમાં ખાતાકીય મશીનરીથી નહેરોનાં મજબૂતીકરણનાં કામો હાથ ધરેલ છે. મારા પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૦ મોટા ચેકડેમો બનેલ છે. જુદા જુદા તાલુકાની વાત કરીએ, તો શહેરમાં ધામોદમાં ચાલુ વર્ષે ચેકડેમ બનાવવાનો છે. મોરવાહડફમાં કરસનપુરા આગળ નવો ચેકડેમ બનાવવાનો છે. ગોધરા તાલુકામાં દહીવડાકોટમાં ૯૫૧ લાખના ખર્ચે નવો ચેકડેમ બનવાનો છે. ઘોઘંબા તાલુકામાં કાલુપુર ૩૦૭ લાખના ખર્ચે નવો ચેકડેમ બનવાનો છે. દેવગઢબારિયામાં મેદરા નદી આગળ ૫૫૨ લાખના ખર્ચે નવો ચેકડેમ બનવાનો છે. મારા કાલોલ તાલુકાની અંદર હાલ સરકારશ્રીએ ૬ ચેકડેમો મંજૂર કર્યા છે એમાં ૪ ની વહીવટી મંજૂરી આપેલી છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી લઇને માનનીય સિંચાઇ મંત્રીશ્રી આ ગૃહમાં આવ્યા છે, તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

તેરમી ગુજરાત વિધાનસભામાં જ્યારથી ચૂંટાઇને આવવાની તક મળી ત્યારથી વિધાનસભાની અંદર જિલ્લાના વિકાસ માટે રજૂઆત કરવાની જ્યારે જ્યારે મને તક મળી, ત્યારે આપના મારફત યોગ્ય રીતે મેં વિધાનસભાની અંદર જિલ્લાની બધા માટેની રજૂઆત કરી છે. મારી આપને પ્રાર્થના છે કે આપનું રક્ષણ માગું છું કે બનાસકાંઠા જિલ્લાની ભૌગોલિક, આર્થિક અને સામાજિક પરિસ્થિતિથી આપ સંપૂર્ણપણે વાકેફ છો. આપ જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે રહી ચૂકેલ છો. આપના મારફત માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીને વિનંતી છે કે એમણે બજેટની અંદર બનાસકાંઠા જિલ્લાને નર્મદાના પાણી મળે એવી જોગવાઇ કરવી જોઇતી હતી તે કરી નથી. એની અંદર એમણે વાત કરી છે કે બનાસકાંઠા જિલ્લામાં થરાદ, શીપુ અને કસરા દાંતીવાડા ઉદવહન સિંચાઇ માટે પાઇપલાઇનના સર્વેક્ષણ માટે અમુક રકમ ફાળવી છે. મારો સ્પષ્ટ અભિપ્રાય છે કે પાઇપલાઇનથી ૪૦ કિ.મી. દૂર નર્મદાની નહેરો ચાલે છે. ત્યાંથી પાઇપલાઇન મારફતે દાંતીવાડા અને શીપુ ડેમને ભરાવવાનું શક્ય નથી. આનંદીબેન મુખ્યમંત્રી હતા, તે વખતે ૬૦૦ કરોડ રૂપિયાનો પાઇપલાઇનનો ખર્ચ કર્યો અને પાઇપલાઇનનું ઉદઘાટન કર્યુ ત્યારે ડેમની અંદર પાણી આવ્યું નહિ અને ૬૦૦ કરોડ રૂપિયા એળે ગયા. જેની નાનુભાઇ સાહેબ આપ તપાસ કરાવજો. નર્મદાનું પાણી દાંતીવાડા અને શીપુની અંદર પાઇપલાઇન મારફતે નાખવું ટેકનિકલ રીતે શક્ય નથી. મારી વારંવાર આ ગૃહમાં માગણી છે કે બનાસકાંઠા જિલ્લો આર્થિક રીતે પછાત, શૈક્ષણિક રીતે પછાત હોવાથી એમાં જે કામગીરી કરવી જોઇએ એ થઇ નથી. જિલ્લાની અંદર ખેતી સિવાય બીજા કોઇ ઉદ્યોગો નથી. તો ઉપરવાસથી કેનાલ કાઢી દાંતીવાડા અને દાંતીવાડાથી શીપુ, શીપુમાંથી કેનાલ કાઢીને રાજસ્થાનની બોર્ડરે બાપલા ગામ આવેલું છે ત્યાં મોટું તળાવ છે, તેના ઉપર ડેમ બાંધી આખા બનાસકાંઠા જિલ્લાને સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય તેવા સંજોગો છે. તો સૌનો સાથ સૌનો વિકાસ એ રીતે બીજા જિલ્લાનો વિકાસ કર્યો તો બનાસકાંઠા જિલ્લા તરફ સરકાર દ્રષ્ટિ ફેરવે, એના ઉપર અમીદ્રષ્ટી રાખે. હૃદયમાં રામ વસાવીને કામ

કરજો. ઇશ્વરે તમને જે આપ્યું છે તે લોકોમાં વહેંચો તેવી આપના મારફત મારી માગણી છે. બનાસકાંઠા જિલ્લામાં સિંચાઇની સુવિધા કરવી જરૂરી છે તેમાં હડમતીયા સિંચાઇ યોજના છે તે દાંતીવાડા તાલુકાની અંદર આવેલ છે. દાંતીવાડા તાલુકામાં બે ડેમ છે. એક સીપુ અને બીજો દાંતીવાડા. જયારે હડમતીયા નાનો ડેમ છે. દાંતીવાડા પથરાળ વિસ્તાર છે એટલે બીજી કોઇ જગ્યાએ સિંચાઇનું પાણી નથી. તો હડમતીયા સિંચાઇ યોજનાનું અમૂક કામ ફૉરેસ્ટ વિસ્તાર લાગે છે તેના કારણે બાકી છે તો તેના માટે ફૉરેસ્ટ વિભાગની મંજૂરી મેળવી તે કામ પૂર્ણ કરી ડેમને પૂર્ણ કક્ષાએ મૂકવો જોઇએ. બીજો ગંગાસાગર એક નાનો ડેમ બનાસકાંઠા જિલ્લામાં આવેલ છે. તે નવાબી શાસન વખતનો બાંધેલો ડેમ છે. તે ડેમની કેનાલો અને બાકીના નાના નાના કામ છે તે વર્ષોથી તૂટી ગયા છે અને તેને રિપેર કરવા માટે વારંવાર રજૂઆતો કરી છે તો તે પૂર્ણ કક્ષાએ રિપેરીંગ થવું જોઇએ તે થયેલ નથી. બાકીની દાંતીવાડા તાલુકાની અંદર ગાંગુવાડા નાની સિંચાઇ યોજના આવેલ છે. તે સિંચાઇ યોજનાનું કામ શરૂ થયેલ પણ તેમાં આ કામ થયા પછી પાણી ડેમમાં રહેતું નથી અને જમીનમાં ઉતરી જાય છે. તેના માટે આજના વૈજ્ઞાનિક યુગની અંદર તે ડેમનો ફરીથી સરવે કરાવીને તેની અંદર માટી નાખીને કે બીજુ જે કંઇ કરવું જોઇએ તે કરીને તે ડેમનો લોકોને લાભ મળે તેવી મારી રજુઆત છે. સુજલામ્ સુફલામ્ યોજના જયાં જરૂર નથી ત્યાં લંબાવવામાં આવે છે અને જયાં જરૂર છે ત્યાં આપવામાં આવતી નથી. રાહથી નેનાળા સુધી સુજલામ્ સુફલામ્ યોજના લંબાવવા માટે અમે વારંવાર રજૂઆતો કરી છે તો પણ તે વિસ્તારને આ યોજનાનો લાભ આપવામાં આવેલ નથી. જયાં જરૂર નથી, જયાં સિંચાઇની કેનાલો જાય છે તે વિસ્તારની અંદર સુજલામ્ સુફલામ્ યોજનાની કેનાલો લંબાવવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના લોકોની સુખાકારી માટે વધુમાં વધુ પાણી કેવી રીતે ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવું જોઇએ. જિલ્લાની અંદર જયાં પર્વતો આવેલા છે અને કોતરાળ વિસ્તાર છે તેના માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે રાજસ્થાન સરકારમાં આપણા અધિકારીઓ મોકલી રાજસ્થાન સરકારે જે ઢબે પાણી સંચયની કામગીરી કરી છે તે ઢબે તેમની પાસેથી શીખી આપણે કરીએ.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે કુલ ૬૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી છે. ૨૦૧૭-૧૮ માટેની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓએ તેમના મંતવ્યો રજૂ કર્યા છે. માનનીય સભ્યશ્રીઓ દ્વારા કેટલાક મૌલિક સૂચનો પણ થયા છે, જેની મેં નોંધ લીધી છે. આ ચર્ચામાં જે તમામ આદરણીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેમનો હું આભાર વ્યક્ત કરું છું. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કુલ દસ વિભાગ આવેલા છે. કમિશ્નરશ્રી યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ, એસએજી(સ્પોર્ટસ ઓથોરિટિ ઓફ ગુજરાત), સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી વિગેરે વિગેરે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ અને પ્રેરણાથી ૨૦૧૦માં ખેલ મહાકુંભ શરૂ થયો. એક એવો શબ્દ પર્યાય આપ્યો કે જે જગતના કોઇ શબ્દકોશમાં ન જડે. ખેલ મહાકુંભનો જે પ્રારંભ થયો તેને હું મહાપ્રારંભ કહીશ. ત્યારથી સતત લાગલગાટ સાત વર્ષથી સફળ આયોજન આપણે કરતા આવેલા છીએ. આવુ કોઇ રમત ગમતનું આયોજન હિન્દુસ્તાનમાં અન્યત્ર કયાંય જોવા નહીં મળે. એ માટે આપણને સૌને આ બાબતનું ગૌરવ હોવું જોઇએ. ખેલ મહાકુંભ કાર્યક્રમનો વ્યાપ એટલે નવ વર્ષથી નીચેની વયજૂથનો સમાવેશ કર્યો છે. ચાલુ વર્ષે ખેલ મહાકૂંભમાં ૩ નવી રમતો ઉમેરીને કુલ ૩૦ રમતોનો સમાવેશ કર્યો છે. જે કાપ દરખાસ્ત નં.૯ મૂકી છે માનનીય શ્રી અમિતભાઇ ચાવડાએ કે, પ્રાથમિક કક્ષાએ રમત-ગમતનું શું? એનો આ જવાબ છે કે ૯ વર્ષથી નીચેના વયજૂથનો આપણે સમાવેશ કરેલો છે. ગત વર્ષે ખેલ મહાકૂંભમાં સમગ્ર રાજયમાંથી જેમ આગળ અમારા મિત્રશ્રીએ કહ્યું કે, ૩૦,૬૪ લાખ ખેલાડીઓ વિવિધ સ્પર્ધામાં રમ્યા, ના એ કોંગ્રેસ રમેલી ના એ ભારતીય જનતા પાર્ટી રમેલી એ ગુજરાત રમેલું અને એનું ગૌરવ આપણને સૌને હોવું જઇએ. આઇ.આઇ.એમ.નો વિષય હોય આ મેનેજમેન્ટનો વિષય છે, ૩૦ લાખથી વધુ ખેલાડીઓ જ્યારે રમતા હોય ગુજરાતમાંથી ત્યારે એનું સંકલન કરવું, એમને રમાડવા એ આયોજન અદભૂત છે હું એ બદલ વિભાગને ધન્યવાદ આપુ છું. આ બાબતનું આપણને ગૌરવ હોવું જોઇએ કારણ કે, જગતમાં ક્યાંય તમે સાંભળ્યું નહીં હોય કે ૩૦ લાખ રમતવીરો રમ્યા હોય! અને રમતા હોય એના મેનેજમેન્ટની કે બીજી કોઇ ફરિયાદ ન આવે. આ કાપ દરખાસ્ત નં.૧૨ છે એનો જવાબ છે. ગૌરવની વાત મારી બહેનોએ એ લેવા જેવી છે કે, ૩૦ લાખમાં ૧૩.૩૦ લાખ બહેનો રમી છે, મહિલા ખેલાડીઓ રમ્યા છે અને આ સ્ત્રી સશક્તિકરણનું ઉદાહરણ પણ છે. આખા હિન્દુસ્તાનમાં આટલી મોટી સંખ્યામાં બહેનો રમેલી ક્યાંય જોવા નહીં મળે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ આવે છે કે, ઓલમ્પિકમાં હું માનુ છું કે, ૭-૮ હજાર રમતવીરો રમતા હશે એનાથી વધારે નહીં. ઓલમ્પિકનું કમ્પેરીઝન હું નથી કરતો પણ ૭-૮ હજાર માટે કરોડોનો ખર્ચ થાય છે, જયારે અહીંયા ૩૦ લાખથી વધુ રમતા હોય અને એને લીધે આખું ગુજરાત રમતું થયું છે અને જીવનમાં રમતનું મહત્વ શું છે એ આપણે સૌ જાણીએ છીએ. આ ખેલ મહાકૂંભની અદભૂત સફળતાને ધ્યાને લઇને કેન્દ્ર સરકારે ખેલો ઇન્ડિયાનો સ્વીકાર કર્યો છે જે આપણા ગુજરાતના ગૌરવની વાત છે. આદરણીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં પરંતુ દિવ્યાંગ ખેલાડીઓ માટે ૧૦ કરોડની જોગવાઇ કરેલી છે. ખેલ મહાકૂંભ માટે ૫૮.૫૦ કરોડની જોગવાઇ કરેલી છે. ટ્રાયબલના હેડ હેઠળ ૧૩.૧૦ કરોડ, શિડ્યુલ કાસ્ટ એસ.સી., એસ.ટી. હેડ હેઠળ ૫.૪૦ કરોડ એમ મળીને કુલ ૭૭.૧૦ કરોડનું બજેટ જોગવાઇ સૂચવેલી છે. આખાય હિન્દુસ્તાનમાં અન્ય કોઇ રાજયમાં આજ દિન સુધી રમતવીરો માટે ૪૨ કરોડ રૂપિયા પુરસ્કાર રૂપે આપતા હોઇએ તો માત્ર ગુજરાત આપે છે. કાપ દરખાસ્તમાં ક્યાંક કહ્યું છે કે, રમતવીરોના પ્રોત્સાહન માટે શું? ૪૨ કરોડ ઓછા હોય તો કાપ દરખાસ્ત મૂકવા કરતા વધારાની કોઇ દરખાસ્ત લાવવી જોઇતી હતી. ખેલાડીઓ અને ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના અમલમાં છે એમાં ૧૦ હજારથી માંડી ૫ કરોડ સુધીના પુરસ્કાર

જાહેર કરવામાં આવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, શક્તિદૂત યોજના જાણવા જેવી છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર ખેલાડીને પ્રતિવર્ષ પ્રતિ ખેલાડી ૨૫ લાખની મર્યાદામાં નીડ બેઈઝડ સહાય આપણે આપીએ છીએ અને એને માટે ૨૬૪ લાખની જોગવાઇ કરી છે. સ્વામી વિવેકાનંદ બિન નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર અંતર્ગત ૧૪૦૦ ખેલાડીઓને ખેલાડી દીઠ ૬૪,૮૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ ન્યુટ્રિશન, ટ્રાવેલિંગ, સ્પોર્ટસ કીટ વગેરે આપવાની યોજના કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને રમતના સમન્વય વાળી જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ ડી.એલ.એસ.એસ.ની તો એવી માગ થઇ છે કે, જે અંતર્ગત શાળાની ફી, પૂસ્તકો, સ્ટેશનરી, શાળાનો ગણવેશ, હોસ્ટેલ ફી, ભોજન, ન્યુટ્રિશન, સ્પોર્ટસ કીટ, સ્ટાઇપેન્ડ, રમતના અદ્યતન સાધનો, નિષ્ણાત કોચીસ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપીએ છીએ. ખેલ મહાકૂંભમાં અંડર ઇલેવન અને ચૌદ વર્ષથી નાની ઉંમરના લગભગ ૧૮ લાખ ખેલાડીઓએ ભાગ લીધો છે, આ ગુજરાત નોંધ લઇ રહ્યું છે. અઢાર લાખ ખેલાડીઓ જ્યારે આ ઉંમરના હોય અને ખેલ મહાકુંભના માધ્યમથી જિલ્લા અને રાજ્ય કક્ષાએ રમતા હોય, એમાંથી ૧૧૦૦ ખેલાડીઓ કે જેમણે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હોય એમને પસંદ કરીએ છીએ અને એમને સ્પોર્ટસ સ્કૂલની અંદર પ્રવેશ આપવાની પ્રક્રિયા કરી છે. આ વખતે એ રીતે ૧૧૦૦ ખેલાડીઓને આપણે આમેજ કર્યા છે. ખેલાડીઓને ઘનિષ્ઠ પ્રશિક્ષણ મળે એ માટે સ્પોર્ટસ ઓથોરિટિ ઓફ ગુજરાત દ્વારા ત્રણ દિવ્યાંગ  કોચ સહિત કુલ ૧૨૨ કોચની આપણે ભરતી કરી છે અને એ પણ હિંદુસ્તાનના શ્રેષ્ઠ કોચ આપણે પસંદ કર્યા છે. ટૂંક સમયમાં બીજા ચાળીસ કોચ હજી આપણે લેવાના છીએ. ૩૦ રમતો કે જે ઓલમ્પિકની રમતો છે એના માટે આપણે આ કોચની ભરતી કરવાના છીએ. ૨૦૧૭-૧૮માં રમતગમતના સંકુલો બનાવવા માટે ૧૯૨૫ લાખ રૂપિયાની જોગવાઇ કરેલી છે અને એમાં રાજકોટ, મહેસાણા, કરનાળી, ભાવનગર, આદિજાતિ વિસ્તારનું નસવાડી, વ્યારા ખાતે જિલ્લા કક્ષાના સંકુલ તથા રાજ્યના પાંચ તાલુકામાં એમાં આદિવાસી વિસ્તારના ત્રણ તાલુકામાં સ્પોર્ટસ કોમ્પલેક્સનું નિર્માણ કરવા આપણે જઇ રહ્યા છીએ અને એના માટેની સુવિધાનું આયોજન કર્યું છે. દિવ્યાંગ ખેલાડીઓ માટે ૫૦૦ લાખ રૂપિયાની જોગવાઇ, સ્કૂલ સ્પોર્ટસ કોન્ટેક્ટ પ્રોગ્રામ માટે ૧૦૦૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. જે અન્વયે રાજ્યની એક હજારથી વધુ શાળાઓ જેમણે ખેલ મહાકુંભમાં સરસ પ્રદર્શન કર્યું હોય તેવી શાળાઓના પી.ઇ. ટીચરોને જરૂરી તાલીમ અને અભ્યાસક્રમ માટે આપણે સાધનો પૂરા પાડીએ છીએ. વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવા માટે, રાજ્યની ખેલ પ્રતિભાને વિકસાવવા માટે આપણે એમને તમામ સુવિધા આપીએ છીએ. ૨૦૧૬-૧૭ દરમિયાન રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય સ્પર્ધામાં, આ ખાસ જાણવા જેવું છે અને આપણે ધ્યાનમાં લેવા જેવું છે કે ગત વરસે ૩૭ ગોલ્ડ મેડલ સાથે કુલ ૧૯૪ મેડલ આપણા ગુજરાતને મળ્યા હતા, તે વખતે આપણો ક્રમ દસમો હતો. આ વખતે ગોલ્ડ ૬૦, સિલ્વર મેડલ ૮૬, બ્રોન્ઝ મોડલ ૧૬૦ મળીને કુલ ૩૦૬ મેડલ આપણે મેળવ્યા છે અને સમગ્ર દેશમાં ગુજરાતે ગૌરવ લેવા જેવી વાત છે કે આપણે છઠ્ઠા ક્રમે આવ્યા છીએ. ગજબની પ્રગતિ કરી છે આ વિભાગે અને તેનું કારણ છે ખેલ મહાકુંભ એનો સાચો યશ કોઇને આપવો હોય તો આ તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીને આપવાનો થાય છે. તેઓ જશને પાત્ર છે. આઠમી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ગયો. મને જણાવતા આનંદ થાય છે અને મારી બહેનોને વિશેષ ખુશી થશે કે જે ૬૦ ગોલ્ડ મેડલ આપણને મળેલા એમાંથી ૩૭ ગોલ્ડ મેડલ બહેનોએ મેળવ્યા છે. જે ગૌરવની વાત છે. વીર નિશાનબાજ પૃથ્વીરાજ ચૌહાણ યાદ આવે છે. ચંદ ભારતે મહંમદ ઘોરીના દરબારની અંદર સંકેત કર્યો હતો કે ચાર બંશ, ચોવીસ ગજ, અંગૂલ અસ્ત પ્રમાણ, તાકે પર સુલતાન હૈ મત ચૂકે ચૌહાણ અને એ તિરંદાજીએ જે સનનન કરીને તીર છોડેલું અને મહંમદ ઘોરી વિંધાઇ ગયેલો. આપણે ત્યાં નિશાનબાજોની કોઇ કમી નથી. પૃથ્વીરાજ નામનો સોળ વરસનો એક બાળક એ હજી તો યુવાનીમાં પ્રવેશે છે એ કચ્છનો છે એણે આ વખતે શૂટીંગની અંદર તિરંદાજીમાં એણે જે પોઇન્ટ મેળવ્યા એ હમણાં રિયો ઓલમ્પિકની અંદર જેને ગોલ્ડ મેડલ મળ્યો એના જેટલા પોઇન્ટ હતા એટલા પોઇન્ટ નેશનલ અંદર હતા. સ્વીમીંગની ખેલાડી માના પટેલ સતત ત્રીજીવાર પ્લેયર ઓફ ધ ઇવેન્ટ, બહેનો માટે આ જાણકારી બહુ મહત્વની છે. કુમારી સાયની ગેમ્સ વર્લ્ડ ડીફ ટેબલ ટેનિસ ચેમ્પીયનશીપમાં પણ ગોલ્ડ મેડલ મેળવેલો છે. વનબંધુ વિસ્તારમાં પંચમહાલની કુમારી પ્રેમીલા બારિયા તિરંદાજીમાં સ્પોર્ટસ ઓથોરિટિ ઓફ ગુજરાતની નડિયાદ એકેડેમીમાં એશિયન ચેમ્પીયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના અંતરીયાળ ગામના ખેલાડીશ્રી મુરલી ગાવિત તેણે વિયેતનામની અંદર યોજાયેલ જુનિયર એશિયન એથલેટીક ચેમ્પીયનશીપની અંદર પાંચ હજાર મીટરની દોડમાં રાષ્ટ્ર માટે  bronze મેડલ મેળવ્યો છે. આદરણીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાના મહાદેવપુર ગામની ૮ ખેલાડી બહેનોએ રાજયની ખેલો ઇન્ડિયાની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ફૂટબોલની અંદર bronze  મેડલ મેળવ્યો છે.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ બાકી છે તમારે કંઇ જાહેરાત કરવાની હોય તો એ પહેલાં કરી દો.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : રાજયના રમતવીરોની સિદ્ધિઓને પ્રોત્સાહિત કરવા માટે છેલ્લાં બે વર્ષમાં ૭૦૪ મેડલ મેળવ્યાં છે અને એમાં ૧ કરોડ ૬૭ લાખ ૬૪ હજાર રૂપિયાના આપણે પુરસ્કાર આપ્યાં છે. તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ વિચાર મંથનથી ૨૦૧૧માં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરી. અને આ સ્પોર્ટસ યુનિવર્સિટીએ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાણ કર્યુ છે. આ સ્પોર્ટસ યુનિવર્સિટીને સરકારે વડોદરા જિલ્લાના દેસર તાલુકામાં ૧૩૨ એકર જમીન ચાલુ વર્ષે ફાળવી છે. ૨૦૧૭-૧૮માં આ જમીન ઉપર ગર્લ્સ અને બોયઝની હોસ્ટેલ બાંધવા માટે ૪૦૦ લાખ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીને સહાયક અનુદાન માટે રૂપિયા ૧૦૦ લાખની વધુમાં જોગવાઇ સૂચવેલી છે.

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

આદરણીય અધ્યક્ષશ્રી, કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની કચેરી પણ સતત કાર્યશીલ છે. વાયબ્રન્ટ નવરાત્રી આદરણીય મોદીજીના જન્મસ્થળ વડનગરનો તાનારીરી મહોત્સવ હોય, મોઢેરાના સૂર્યમંદિરનો મહોત્સવ ઉત્તરાર્ધ હોય, જુનાગઢમાં આર.જી.હકુમતની ઉજવણી હોય આપણાં યોગી વડાપ્રધાન આદરણીયશ્રી મોદીજીએ યુનોમાં ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરાવ્યો અને સમગ્ર વિશ્વને યોગમય કર્યું. અને વધુ આનંદની વાત તો એ છે કે, ગુજરાતની અંદર ગુજરાતના ભાઇઓ–બહેનોએ એક કરોડથી વધુની સંખ્યામાં તે દિવસે યોગ કર્યા હતા આ એક ગુજરાતના નાગરિકોની ગૌરવની વાત છે. યાત્રાધામ દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોરનો સાંસ્કૃતિક મહોત્સવ હોય કે વડોદરાનો રાજયકક્ષાનો આદિજાતિ મહોત્સવ હોય, ગાંધીનગરના સંસ્કૃતિ કુંજની અંદર ૧૨ દિવસ ચાલેલો વસંતોત્સવ હોય, હરિયાણાના રોહતક ખાતે શીઘ્ર વકૃત્વમાં શ્રી રાજવિરાનીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલુ જે રાજકોટનો ભાઇ છે. આ વિભાગે જે કર્યુ છે ના ભૂતો ના ભવિષ્યતિ ખેલ મહાકુંભ તો રમત માટે છે પણ કલા માટે શું ? તો હું એમ કહીશ આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજી અને નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ સાહેબ એમના માર્ગદર્શન નીચે રચાશે કલા મહાકુંભ. અને આ કલા મહાકુંભ માટે એક કરોડ, બે કરોડ નહીં પણ પૂરાં દસ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આ કલા મહાકુંભની અંદર આવો વિચાર કયારેય કોઇને નહીં આવે ગુજરાત સિવાય જે કંઇ થાય છે તે ગુજરાતમાંથી થાય છે અને ગુજરાતથી દિલ્હી જાય છે.

આદરણીય અધ્યક્ષશ્રી, આ કલા મહાકુંભમાં કુલ ૨૮ કલાકૃતિઓનો સમાવેશ કરવામાં આવેલો છે. સાંસ્કૃતિક વર્કશોપ માટે રૂપિયા ૧૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. આ સરકારનું વિસરાતી જતી રમતો પ્રત્યે પણ ધ્યાન છે ગિલ્લી દંડા પણ રમાડવાના છીએ, સાતોડીયુ પણ રમાડવાના છીએ. એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ છત્તીસગઢ સાથે એમ.ઓ.યુ.કર્યુ છે અને એની ટીમને ગિલ્લી દંડા રમાડવા માટે બોલાવવાના છીએ. (અંતરાય) લખોટી પણ રમીશું. અખાડાની કામગીરી માટે વ્યાયામવીરને કે જેણે જીવન સમર્પિત કર્યુ છે તેને ૫૧ હજાર રૂપિયાનો વ્યાયામ જયોતિર્ધર અંબુભાઇ પુરાણી પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. અખાડાઓને સાધના માટે રૂપિયા ૭૫ લાખ ૩૦ હજારની નવી જોગવાઇ સૂચવવામાં આવી છે. દુર્ગમ પહાડો, વિકટ દરિયાઇ માર્ગો, જોખમી હવાઇ અને સાહસિક પ્રવૃત્તિ માટે ૨૦૦ લાખની નવી જોગવાઇ કરી છે. આપણી સરહદ ઓળખો એ હેઠળ દસ દિવસના કેમ્પમાં ૧૯૦૦ કિલોમીટર જેટલી સરહદોથી માહિતગાર કરવામાં આવે છે. ૨૦૧૭–૧૮માં ગ્રંથાલયના વિકાસ માટે અમારા વડીલ મિત્રએ ખૂબ સારી માહિતી આપી છે. પ્રવિણભાઇ માકડિયા સાહેબે ગ્રંથાલયના સંદર્ભમાં આગળ વાત કરી હતી એટલે હું એને repeat નથી કરતો. એમણે ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન અને આદર્શ નિવાસી શાળાઓને ૮૦ લાખના ખર્ચે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્ય યુવા વાચક વર્ગને મળી રહે એ માટે સૂચન કરેલ છે. સાહિત્ય રત્ન ચિંતક પ્રશ્નશ્રી ગુણવંત ભાઇ શાહને ૨૦૧૬માં આપેલ છે અને ૨૦૧૭ માટે ભગવતી શર્માને પણ આ પારિતોષિક જાહેર કરેલ છે. ગુજરાતી ભાષાના હાસ્ય સાહિત્ય ક્ષેત્રે મૂલ્યવાન યોગદાન આપવામાં શ્રી વિનોદ ભટ્ટને ૨૦૧૬ માટે અને ૨૦૧૭ માટે તારક મહેતાને આ પારિપોષિક એમની હયાતિમાં જાહેર કરવામાં આવેલ છે. મારા સાથી પક્ષે કહ્યું કે રાજકારણમાં રમત હોઇ શકે પણ રમતમાં રાજકારણ ન હોઇ શકે. હું એમ કહું છું કે, ''હું હાથ જોડનારો માણસ છું માનો તો ઠીક નહિ તો રમી લેનારો માણસ છું.'' કબટ્ટીની રમતમાં આદરણીય નરેન્દ્ર મોદી સાહેબના પ્રયત્નથી ૧૧–૧૧ રાષ્ટ્ર અમદાવાદમાં કબટ્ટી રમ્યા, આપણી ભાતીગળ રમત રમ્યા. અહીંયા કોઇ પક્ષ રમતો નથી, પણ ગુજરાત રમતું હોય છે એ વાતને ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ અને માટે હું વિનંતી કરું છું કે, આ ૩૦ લાખ લોકો જોઇ રહ્યા છે કે રમતના પક્ષે કોણ છે અને રમતની વિરુદ્ધમાં કોણ છે. કાપ દરખાસ્ત રમતની વિરોધમાં આપવામાં આવે એ લોકો જોતા આવ્યા છે અને એટલે હું કહું છું કે, રમતવીરોને અમે તો રમાડ્યા પણ તમે લોકોને રમાડશો નહિ. રમતવીરોને રમવા દો. હું વિનંતી કરું છું કે, જેમ નર્મદા યોજનામાં સાથ આપો છો એમ રમતમાં પક્ષાપક્ષી ન કરો અને આ રમતની કાપદરખાસ્ત પાછી ખેંચી લો. આ માગણીને સર્વાનુમતે મંજૂર કરવા માટે હું સભાગૃહને વિનંતી કરું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ વિભાગની માગણી ક્રમાંક – ૬૬ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું લઇને આવ્યો છું. જીવનની કેટલીક પ્રાથમિકતાઓ હોય છે અને એ પ્રાથમિકતાઓમાં કઇ વસ્તુનું કયું સ્થાન છે એ સ્થાનના આધાર ઉપર એ વસ્તુનું મહત્ત્વ સમજાતું હોય છે. જીવનમાં સૌથી મહત્ત્વની અને પહેલી પ્રાથમિકતા હવા છે અને બીજી પ્રાથમિકતા પાણી છે. આ રાજ્ય સરકારે જીવનના આ બીજી પ્રાથમિકતાને મહત્ત્વ આપીને બજેટની અંદર જે જોગવાઇઓ કરી છે એ માગણીઓ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યો છું. જગતની મોટાભાગની સમસ્યાઓના ઉદ્ભવનું કારણ અને એના મહત્ત્વના પરિબળો ત્રણ હોય છે. (૧) દુષ્કાળ (૨) રોગ અને (૩) યુદ્ધ. દુષ્કાળના કારણે અનેક સમસ્યાઓ ઊભી થાય અને દુષ્કાળનું એકમાત્ર નિવારણ પાણી હોય છે. આપણો દેશ ઇ.સ. ૧૯૪૭માં આઝાદ થયો ત્યારપછી આપણા દેશ પૂરતું એક ચોથું પરિબળ કે જે આ માનવ સમાજની સમસ્યાઓમાં ઉમેરાયુ અને એ પરિબળ ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી વચ્ચેનો થોડો સમય બાદ કરતાં આ દેશમાં રહ્યું અને ગુજરાતની અંદર ૧૯૯૫ સુધી રહ્યું. ગુજરાતના સદ્ ભાગ્યે ૧૯૯૫માં આ કોંગ્રેસ નામનું જે પરિબળ છે એ ગુજરાતમાંથી ગયું ત્યાર પછી આ રાજય સરકારે મહત્વના એવાં પાણી માટે જે પગલાં લીધાં એ હું આંકડા સાથે અહીં વાત કરવા માગું છું. વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૫ના વર્ષોમાં, એ દસ વર્ષના સમય ગાળા માટે જળ સંપત્તિના કામો માટે આ કોંગ્રેસના શાસનની અંદર બજેટની ફાળવણી થઇ એ કેટલી થઇ? ૧૮૩૫ કરોડ રૂપિયાની ફાળવણી થઇ એ પણ દસ વર્ષમાં ૧૯૮૫ થી ૧૯૯૫ સુધીમાં, દર વર્ષે સરેરાશ ૧૮૩ કરોડ રૂપિયાની થઇ. પાણી જેવી મહત્વની બાબત, માત્ર એક વર્ષની અંદર ૧૮૩ કરોડ રૂપિયાની ફાળવણી થઇ છે જયારે ગુજરાતની અંદર ભારતીય જનતા

પાર્ટીનું શાસન આવ્યું તો છેલ્લા દસ વર્ષની અંદર કેટલી ફાળવણી થઇ? ૨૦૦૭–૦૮ થી ૨૦૧૭ –૧૮ સુધીના જળ સંપત્તિના કામોની ફાળવણી ૩૨૧૭૨ કરોડ રૂપિયા, દર વર્ષે કોંગ્રેસના શાસનમાં એક વર્ષની અંદર ૧૮૩ કરોડ રૂપિયાની ફાળવણી જયારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં દર વર્ષે છેલ્લા દસ વર્ષમાં એવરેજ ૩૨૧૭ કરોડ રૂપિયાની ફાળવણી, તો ક્યાં ૧૮૦ કરોડ અને ક્યાં ૩૨૧૭ કરોડ રૂપિયા. અગાઉની સરકારોની સરખામણીમાં આ ફાળવણી છે એ સત્તર ઘણો વધારો કરવામાં આવ્યો છે એ જ બતાવે છે કે, આ રાજય સરકાર પાણીની બાબતમાં કેટલી ચિંતિત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો જળ સંપત્તિ વિભાગ પાણીની બાબતમાં રાજયની અંદર ખેડૂતોને સમતોલ વહેંચણી થાય એ બાબતમાં સતત કાર્યશીલ છે અને ચિંતિત પણ છે. મારે કુદરતની દ્રષ્ટિએ રાજયની અંદર પાણીની વહેંચણી થયેલ છે. એમાં દક્ષિણ ગુજરાતની અંદર કે જયાં ત્રીસ ટકા જમીન છે ત્યાં ૬૯ ટકા પાણી, ઉત્તર ગુજરાતની અંદર ૧૧ ટકા પાણી, સૌરાષ્ટ્રની અંદર ૧૭ ટકા અને કચ્છની અંદર ૩ ટકા. મારા સન્માનનીય સભ્યશ્રી જોઇતાકાકા સાચી જ વાત કરતા હતા કે, ઉત્તર ગુજરાત એ પાણીથી અછતવાળો વિસ્તાર છે અને એમાં પણ બનાસકાંઠા જિલ્લાની અંદર વધારે સમસ્યા છે. મને એ વાત ન સમજાણી કે મારા સાથી પક્ષના બે સભ્યશ્રીઓ ઉભા થયા, બીજા સભ્યશ્રીઓ ઉભા થયા પણ બે સભ્યોની વિરોધાભાસની વાત હું કરવા માગું છું. માનનીય પ્રહલાદભાઇ જયારે ઉભા થયા ત્યારે એમણે એમ કહ્યું કે, પાઇપલાઇન યોજના હોવી ન જોઇએ. એ જમીન રોકે છે, જમીન ખૂબ રોકે છે. જયારે માનનીય જોઇતાભાઇએ એમ કહ્યું કે, અમને પાઇપલાઇન દ્વારા પાણી આપો. તો પહેલાં તમે અમને એ તો સમજાવો કે, કોંગ્રેસની નીતિ શું છે? ભારતીય જનતા પાર્ટીની નીતિ તો સ્પષ્ટ છે કે જયાં અસમાન પાણી કુદરતે આપ્યું છે ત્યાં ખેડૂતોને સમાન ધોરણે પાણી વહેંચણી કરવા માટે રાજય સરકાર કટિબધ્ધ છે. રાજયમાં પાણીનો જે વપરાશ થાય છે એમાં પીવા તથા ઘર વપરાશ માટે આઠ ટકા, ઉદ્યોગો માટે માત્ર સાડા ત્રણ ટકા, જયારે સિંચાઇ માટે સાડી અઠ્યાસી ટકા, સિંચાઇ માટે ખેડૂતોના પાણીના ઉપલબ્ધ જથ્થામાંથી સાડી અઠ્યાસી ટકા પાણી ખેડૂતોને આપવામાં આવે છે. આ જ બતાવે છે કે, રાજય સરકાર ખેડૂતો માટે કેટલી પ્રતિબધ્ધ છે. આ રાજય સરકાર એટલાથી અટકી નથી પણ (અંતરાય) બજેટની જે ફાળવણી કરવામાં આવી છે એનો થોડોક બ્રેકઅપ અહીં આપની સમક્ષ મૂકવા માગું છું. દરેક કામને પ્રાધાન્ય આપ્યું છે પાણી વહેંચણી સમતોલ થાય, દરેક ખેડૂતના ખેતર સુધી પાણી મળી એ માટે રાજય સરકારે જે બજેટ ફાળવણી કરી છે એમાં નહેર સુધારણા અને આધુનિકીકરણ માટે ૪૫૪ કરોડ, સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનની કામગીરી માટે ૫૦ કરોડ, સૌરાષ્ટ્રની નાની નાની યોજનાઓ માટે ૪૭.૯૯ કરોડ, પાઇપ લાઇન યોજનાના કામો માટે ૨૩૫૨ કરોડ, ડેમ સેફ્ટીના કામો માટે ૭૦ કરોડ, જળસંચયના કામો માટે ૨૯૮ કરોડ, પાઇપ લાઇનની મરામત માટે ૩૨૫ કરોડ, કાંસ સફાઇ, દરિયાઇ ધોવાણ, ક્ષાર પ્રવેશ નિયંત્રણ, પૂર નિયંત્રણ અને કચ્છના એક મિલિયન એકર ફીટ માટે ૨૩૬ કરોડ, જમીન સંપાદન જંગલ ખાતાને ચૂકવણી ૫૮ કરોડ, પ્રેશર સિંચાઇ પદ્ધતિ અને ઉદ્વહન સિંચાઇ યોજના માટે ૩૦ કરોડ નેશનલ હાઇડ્રોલોજી પ્રોજેકટ માટે દસ કરોડ, મોટી મધ્યમ અને નાની યોજના માટે ૧૪૨ કરોડ, કલ્પસર માટે ૧૧૦ કરોડ, નેશનલ ગ્રાઉન્ડ વોટર માટે ૫૦ કરોડ એમ આખે આખી બજેટની ફાળવણીમાં પ્લાન અને નોન પ્લાન સદરે ટોટલ માગણી નંબર ૬૬ અન્વયે સિંચાઇ વિભાગની ૫૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

સૌ પ્રથમ પાઇપ લાઇનની વાત કરવા માગું છું. પાઇપ લાઇનનો પ્રોજેકટ ભારતીય જનતા પાર્ટીએ મૂકયો ત્યારે સાથી પક્ષના સભ્યો એમ કહેતા હતા કે પાઇપ લાઇન તો ભલે નાખે પણ આ પાઇપ લાઇનમાં પાણી નહિ આવે એમાંથી હવા આવશે. જાહેર સભાની અંદર અનેક જગ્યાએ કહેવામાં આવેલ કે પાઇપ લાઇનમાંથી પાણી નહિ આવે પણ હવા આવશે. મારે કોંગ્રેસના મિત્રોને અભિનંદન આપવા છે, માનનીય જોઇતાભાઇને અભિનંદન આપવા છે કે પાઇપ લાઇનમાંથી પાણી નહિ આવે હવા આવશે આવી જયોતિષીએ આગાહી કરેલી આ જયોતિષીની આગાહી પાણીની દ્રષ્ટિએ સાચી ન પડી પાઇપ લાઇનમાં પાણી તો આવ્યું પણ ૨૦૧૪ની ચૂંટણીમાં એવી હવા આવી કે આખે આખી કોગ્રેસને તાણીને લઇ ગઇ.

મેં શરૂઆતમાં વાત કરી કે ગુજરાતમાં પ્રકૃતિએ અસમતોલ પાણીની વહેંચણી કરી છે એને સમતોલ કરવા માટે જે નર્મદાનું ત્રણ મિલિયન એકર ફીટ પાણી જે પૂર દરમિયાન દરિયામાં વહી જતું હતું એનો યોગ્ય ઉપયોગ કરવા માટે ત્રણ એકર મિલિયન એકર પાણીમાંથી એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્ર અને એક મિલિયન એકર ફીટ કચ્છને આપ્યું.

મારે ઉત્તર ગુજરાતની વાત કરવી છે એક મિલિયન એકર ફીટનો ઉપયોગ આ રાજય સરકારે કયાં કર્યો. એક કડાણાથી ઉત્તર ગુજરાતને ચીરતી એક મોટી સુજલામ સુફલામ સ્પ્રીન્ડીંગ કેનાલ બનાવી અને બીજું ૧૧ પાઇપ લાઇનો પૂર્ણ કરી અને ચાર પાઇપ લાઇનોના અત્યારે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. ૧૧ પાઇપ લાઇનો જે પૂર્ણ કરેલ છે એ જલુન્દ્રાથી માધવગઢ, જલુન્દ્રાથી હાથમતી, પીયજથી ધરોઇ, આદુંદ્રાથી ખેરવા, મોઢેરાથી મોટીદાવ, ઓરસંગ સરસ્વતી, મોઢેરાથી ધરોઇ, ઓરસંગથી માતપુર, માતપુરથી ડીંગરોળ, ચાંગા દાતીવાડી અને કરણનગર થી ધાધુસણા. જે ચાર પાઇપ લાઇનો અત્યારે ટેન્ડર સ્ટેજે છે એક પીયજથી ઉણાદ, ધાધુસણ રેડ લક્ષ્મીપુરા, ભાસરીયા થી સામેત્રા અને ચોથી રસુલપુર થી વરસંગ તળાવ. હમણાં હર્ષદભાઇ એમ કહેતા કે આટલી પાઇપ લાઇનમાં પાણી કેટલુંક આવે? મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે સુજલામ સુફલામની પાઇપ લાઇન દ્વારા પાણીનો અત્યારે સુધીમાં ૨૭૩૬૩ એમસીએફટી જથ્થો ઠાલવવામાં આવ્યો છે. તે ખેડૂતોને મળ્યો છે. જે ઉત્તર ગુજરાતના મોટા ડેમ ધરોઇ કરતા પણ વધારે પાણીની ક્ષમતા થઇ. તો આ પાઇપ લાઇન દ્વારા ખેડૂતોને કેટલું પાણી આપવામાં આવ્યું છે અને અમે તો આટલુંય કર્યું, તમે શું કર્યું છે એ હું છેલ્લે કહેવાનો છું. આ

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

સુજલામ્ સુફલામની કેનાલ દ્વારા પાણી આપવામાં આવ્યું, ઉપરાંત બીજું મિલિયન એકર ફીટ પાણી જે આપવામાં આવ્યું તે સૌની યોજનાના માધ્યમ દ્વારા સૌરાષ્ટ્રમાં. સૌરાષ્ટ્રમાં જયારે સૌની યોજનાનું ભૂમિપૂજન કર્યું તે વખતે અમારા મિત્રો તેની ટીકા કરતા હતા કે આ કામ કંઇ થાય નહીં. હમણાં અમારા કાંતિભાઇ કહેતા હતા કે પાઇપ લાઇન તો કેવડી? ૧૦ ફૂટ ડાયામીટરની. એવી એક પાઇપ લાઇન નહીં, એક અને બાજુમાં બીજી. જોડે જોડે બે પાઇપ લાઇન જાય એવી પાઇપ લાઇનની યોજના અને સૌની તબક્કો–૧. અત્યારે કામગીરી પૂર્ણતાના આરે છે. તેના કારણે ૧૪ જળાશયો અને ૫૫ ચેકડોમોમાં પાણી ભરવામાં આવેલ છે અને તેમાંથી ૬૭,૦૦૦ હેક્ટર વિસ્તારને ફાયદો થશે. સૌની તબક્કો–૨ જે ૪ લીંક યોજનાથી ૧૦ જિલ્લાના ૬૩ જળાશયો ભરવાનું આયોજન છે. તેનાથી ૧,૯૪,૦૦૦ હેક્ટર વિસ્તારને ફાયદો થશે અને ૬૨૦૦ કરોડના તેના ટેન્ડરો પણ બહાર પડી ગયા છે. તેમાં એક પેકેજનું કામ જે આજી ડેમમાં પાણી નાખવાનું છે તેનું કામ પણ શરૂ થઇ ગયું છે. આ કામ પૂરૂં થશે ત્યાર પછી રાજકોટ શહેરની પીવાના પાણીની સમસ્યા ભૂતકાળ બની જશે. સૌરાષ્ટ્ર વિસ્તાર માટે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજના–સૌનીની કામગીરીનો પ્રથમ ભાગ ૨૦૧૬–૧૭માં પૂર્ણતાના આરે છે. આ પ્રથમ તબક્કાના લીંક–૧ના કામોનું લોકાર્પણ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા. ૩૦–૮–૨૦૧૬ના રોજ કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કાના કામોને લીધે ૧૩ જળાશયોમાં પાણી અપાયેલ છે અને લગભગ ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધાઓ સુદ્રઢ બનેલ છે. આ યોજનાને આગળ ધપાવવા સૌની યોજના તબક્કા–૨ના મચ્છુ–૧થી આજી–૧ની પેકેજની કામગીરી અગ્રતાના ધોરણે શરૂ કરી દેવામાં આવેલ છે. જેના લીધે આજી–૧ ડેમ મારફતે રાજકોટ શહેરનો પીવાના પાણીનો પ્રશ્ન મહદ્અંશે હલ થશે અને આજી–૧ ડેમની લાલપરી, પીળીભીમળાદ અને આંકડીયા જળાશયો આગામી વર્ષે ભરવામાં આવશે. આ ઉપરાંત સૌની યોજનાના તબક્કા–૨ના બાકીના ૧૧ પેકેજોના ટેન્ડર માગવામાં આવેલ છે. જેના માટે રૂ. ૧૬૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૦ જીલ્લાના ૬૧ જળાશયોના ૧,૯૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા સુદ્રઢ થશે. સૌરાષ્ટ્ર વિસ્તારના ૬૦ જળાશયો છે તેમાં લીંક તબક્કા–૧માં લીંક–૧માં મોરબી જિલ્લાના ૪, રાજકોટ જિલ્લાના–૨, જામનગર જિલ્લાના ૪, લીંક–૨થી બોટાદ જિલ્લાનું ૧, લીંક–૩થી સુરેન્દ્રનગર જીલ્લાના ૨, લીંક–૪થી સુરેન્દ્રનગરનું ૧ અને વઢવાણનું ૧ એમ પહેલા તબક્કામાં ટોટલ ૧૬ જળાશયો, બીજા તબક્કામાં લીંક–૧ દ્વારા જામનગર જિલ્લાના ૧૫, દેવભૂમિ દ્વારકાના ૫, બોટાદના ૨, ભાવનગરના ૫, સુરેન્દ્રનગરનો ૧, મોરબીનો ૧, રાજકોટના ૧૧, જામનગર ૨ અને પોરબંદર ૧. લીંક–૪ દ્વારા રાજકોટના ૭, બોટાદ ૧, અમરેલી ૨, જુનાગઢ ૯ એમ કુલ તબક્કા–૨માં ૬૧ ડેમો ભરવાનું આયોજન છે. સૌની યોજનાના તબક્કા–૩માં લીંક–૨ દ્વારા ભાવનગરના ૫, અમરેલીના ૪, લીંક–૩ દ્વારા રાજકોટના ૩, જામનગરના ૩, દેવભૂમિ દ્વારકાના ૬, પોરબંદરના ૨, લીંક–૪ દ્વારા રાજકોટના ૨, અમરેલીના ૬, જુનાગઢના ૪, પોરબંદર ૧, ગીર–સોમનાથ ૨ અને સુરેન્દ્રનગરના ૨ એમ કુલ તબક્કા–૩માં ૩૯ ડેમો ભરવામાં આવશે. આમ, સૌની યોજના જયારે પૂરી થશે ત્યારે ૧૧૫ ડેમો ભરવાનું આયોજન રાજ્ય સરકારનું છે. આ બજેટમાં ત્રીજું એક મિલિયન એકરફીટ પાણી છે. ઉત્તર ગુજરાતને એક, સૌરાષ્ટ્રને એક અને કચ્છને એક. તો કચ્છની કામગીરી પણ હવે શરૂ કરવામાં આવશે. કચ્છ જિલ્લાને ફાળવણી કરવામાં આવેલ નર્મદા યોજનાના પૂરના વધારાના એક મિલિયન એકર ફિટ પાણી માટે હાથ ધરાયેલ પ્રાથમિક મોજણી અને અભ્યાસ મુજબ નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલથી જુદી જુદી સાત જગ્યાએ નીચે દર્શાવ્યા મુજબ લીંક કેનાલોમાં વહન કરી સંગ્રહ અને વિતરણ કરવાનું આયોજન છે. જે સાત લીંક કરવાની છે એમાં લીંક ૧. સારણ, લીંક ૨. બન્ની, લીંક ૩ સધર્ન, લીંક ૪ નોર્ધન, લીંક ૫ હાઇ કન્ટૂર સ્ટોરેજ, લીંક ૬ હાઇ કન્ટૂર કેનાલ, લીંક ૭ લીંક એક્ટેન્સન ઓફ કેબીસી અને ડાયરેક્ટ ફીલીંગ. આ કામગીરી માટે પ્રાથમિક અંદાજ મુજબ રૂ.૪૯૭૫.૪૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. જેનાથી કચ્છ જિલ્લાના ૧૦૧ જળાશયો ભરવાનું આયોજન છે. આ યોજના કાર્યાન્વિત થયેથી નવો ૧૭૯૨૬૫ હેક્ટર તથા હયાત ૧૫૫૮૨૯ હેક્ટર મળી કુલ કચ્છ જેવા સુક્કા ભઠ્ઠ વિસ્તારમાં ૩૩૫ ૦૯૧ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવચનની શરૂઆતમાં મેં વાત કરી કે આ રાજ્યની અંદર અસમતોલ પાણીની વહેંચણી કુદરત દ્વારા થયેલ છે. પરંતુ આ રાજ્ય સરકાર એને સમતોલ રીતે વહેંચણી કરવામાં માને છે. હમણા શ્રી મોહનસિંહભાઇ વાત કરતા હતા કે આદિવાસી વિસ્તારની અંદર પિયત માટે સિંચાઇ યોજનાઓ નથી. પણ મોટાભાગના ડેમો છે એ આદિવાસી વિસ્તારમાં આવેલા છે. પરંતુ પાણી જે છે એ પ્રકૃતિની રીતે ઢાળ નહીં મળવાના કારણે આદિવાસી વિસ્તારની અંદર આપણે પહોંચાડી શકતા નથી. એટલે આ રાજ્ય સરકારે પાઇપલાઇન દ્વારા ગ્રેવિટિથી પાણી નહીં જતું હોવાથી પાઇપ લાઇન દ્વારા પાણી આપીને આ યોજનાઓ બનાવી છે એમાં આદિજાતિ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો માટે કુલ રૂ.૮૩૬/– કરોડની માતબર રકમની જોગવાઇ સૂચવેલ છે. નીચે જણાવેલ ચાર યોજનાઓની જાહેરાત માનની પ્રધાનમંત્રી દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૬માં કરવામાં આવેલ છે. આ ચાર યોજનાઓ છે એમાં રૂ.૧૦૫૫/– કરોડના ખર્ચવાળી મહિસાગર અને દાહોદ જિલ્લા માટે કડાણા જળાશય આધારીત ડ્રીપ ઈરીગેશન પ્રોજેક્ટ માટે રૂ.૨૨૫/– કરોડની જોગવાઇ રૂ.૪૧૮/–ના અંદાજિત ખર્ચવાળી વાલીયા, ઝઘડીયા અને માંગરોળ વાડી વિસ્તારના સિંચાઇથી વંચિત આદિવાસી વિસ્તારને લાભ આપવા માટે કરજણ જળાશય આધારીત નવી ઉદવહન યોજના માટે રૂ.૧૦૦/– કરોડની જોગવાઇ, રૂ.૪૬૫/– કરોડના અંદાજીત ખર્ચવાળી કાકરાપાર, બોડઘા વડ સુધીની નવી ઉદવહન સિંચાઇ યોજના માટે રૂ.૧૦૦/– કરોડની જોગવાઇ અને રૂ.૩૬/– કરોડના અંદાજીત ખર્ચવાળી ઘીણોજ થી બોડીત્રા સુધીની નવી ઉદવહન સિંચાઇ યોજના માટે રૂ.૧૩/– કરોડ કે જેનાથી ૧૮૦૦ હેક્ટર જમીનને સિંચાઇ યોજનાનો લાભ મળશે. આ ઉપરાંત આદિવાસી વિસ્તારમાં નદી, કેનાલ અને જળાશયો

આધારીત ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે રૂ.૯/– કરોડ, આદિવાસી વિસ્તાર કડાણા,કરજણ, ઉકાઇ વગેરે જળાશયોના હયાત કેનાલ માળખાના સુદ્દઢીકરણ માટે ૧૬૮૦૦ હેક્ટર જમીનની સુધારણા માટો રૂ.૮૪/– કરોડ, જળાશયોના કમાન્ડ વિસ્તારમાં સહભાગી વ્યવસ્થાપના માટે રૂ.૧૬/– કરોડ અને નાના મોટા ચેકડેમો તથા તળાવો ઉંડા કરી જળ સંચયનો વ્યાપ વધારવા માટે રૂ.૬૦/– કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા વિસ્તારો છે પણ સમયના અભાવે હું કહી શકતો નથી. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની અંદર ડેમો છે, પાણી થોડુ એના પ્રમાણમાં છે. પરંતુ એ પાણીનો મહત્તમ ઉપયોગ કેવી રીતે થઇ શકે એ માટે રાજ્ય સરકારે નવો અભિગમ અપનાવ્યો છે અને હયાત જે ફ્લો ઈરીગેશનથી પાણી આપવામાં આવે છે એમાં ખેડૂતો પણ જાગૃત થયા છે અને ખેડૂતોની સામેથી માગણી આવી કે આ ફ્લો ઈરીગેશનને બદલે જો કટીંગ કેનાલ કરવામાં આવે તો એ કટીંગ કેનાલથી નાના નાના કૂવાઓ અને કુંડીઓમાં મશીન અને મોટર મૂકીને લિફ્ટ કરીને અમે પાણી આપીશું. રાજય સરકારે ખેડૂતોની આ માગણીને સ્વીકાર કર્યો છે અને સૌરાષ્ટ્રની ટોટલ ૨૫ એવી નાની અને મધ્યમ પ્રકારની સિંચાઇ યોજનાઓ છે એમાં કટીંગ કેનાલના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. ચાર યોજનાઓના કામ પ્રગતિ હેઠળ છે. ટેન્ડર મંજૂર થયા હોય એવા બે કામો છે અને વહીવટી મંજૂરી આપેલ હોય એવા બાર કામો છે જયારે ખેડૂતોની માગણી આવી હોય અને વહીવટી મંજૂરીની પ્રક્રિયામાં હોય એવી ૩૦ યોજનાઓ છે. અમારા સૌરાષ્ટ્રના ખેડૂતોએ અત્યારે હવે સંકલ્પ કર્યો છે કે અમારે કટીંગ કેનાલ મારફત જ પાણી લઇ અને પાણીનો મહત્તમ ઉપયોગ કરવો છે. નહેર સુધારણા દ્વારા ખુબ મોટુ કામ આ રાજય સરકારે કર્યુ છે એમાં ઉત્તર ગુજરાતમાં ધરોઇ, દાંતીવાડા, સીપુ, ખારીકટ અને ફતેવાડી એમાં ૧,૧૧,૯૦૮ હેકટર વિસ્તારમાં એ કેનાલનું પાણી પહોંચે છે એનું સુદ્રઢીકરણ કર્યુ છે. મધ્ય ગુજરાતની અંદર મહી અને કડાણા, દક્ષિણ ગુજરાતની અંદર ઉકાઇ અને કાકરાપાળ, સૌરાષ્ટ્રની અંદર ભાદર અને શેત્રુંજી. દક્ષિણ ગુજરાતમાં ઉકાઇ અને કાકરાપાળની જો હું વાત કરું તો ૩૬૦ કરોડના ખર્ચે હમણાં તાજેતરમાં જ નહેર સુધારણાનું કામ કર્યુ અને ૫૦ દિવસના રેકોર્ડ સમયમાં એ કામ આ રાજય સરકારે પૂરું કર્યુ છે. આ ઉપરાંત નહેર સુધારણાના જે કામો થયા એમાં ધરોઇ, દાંતીવાડા, સીપુ, વાત્રક, હાથમતી, પાનમ, દમણગંગા, કડાણા, ફતેવાડી અને ખારીકટ, ભાદર–૧, મચ્છુ–૧, મહી, કરજણ, ઉકાઇ, શેત્રુંજી આ જે મોટી યોજનાઓ છે, મધ્યમ યોજનાઓ છે, હમણાં અમારા મોહનસિંહભાઇ રાઠવા કહેતા હતા કે સુખી કેનાલમાં કંઇ રીપેરીંગનું કામ થયું નથી, મોહનસિંહભાઇ આ ગૃહના સન્માનનીય સભ્ય છે, તો મારે જણાવવાનું કે સુખી યોજનામાં પણ ૪,૬૩૭ હેકટર વિસ્તારની અંદર સુદ્રઢીકરણના કામ થયા છે અને બાકીના કામો છે જે એ અત્યારે પ્રગતિમાં છે, ટેન્ડર સ્ટેજે છે, એ કામ પણ બાકીના થઇ જશે અને મધ્યમ સિંચાઇ યોજના અને નાની સિંચાઇ યોજના, મોટી સિંચાઇ યોજના આ બધી જ યોજનાઓ થઇ ૭,૪૭, ૬૧૮ હેકટરમાં સારી રીતે ખેડૂતોને પાણી મળે એ માટે કેનાલ સુધારણાના કામો કર્યા છે અને ખેડૂતોને હવે સારી રીતે આ વિસ્તારની અંદર પાણી મળી રહ્યું છે. કુદરતનું પાણી પહેલા ખેતરમાં પડતું, ખેતરમાંથી વોંકળામાં જતું, વોંકળામાંથી નદીમાં જતું અને નદીમાંથી દરીયામાં વહી જતું. આ પાણીને બચાવવા માટે રાજય સરકારે કુલ ૯૨,૫૬૧ ચેકડેમો બનાવ્યા. નવા તળાવો ઉંડા કર્યા. હમણાં તાજેતરમાં જ આ પક્ષના અને આ પક્ષના બંન્ને પક્ષના ધારાસભ્યશ્રીઓએ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ સમક્ષ અને નાયબ મુખ્યમંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલસાહેબ સમક્ષ રજૂઆત કરી કે સાહેબ, વરસાદના કારણે બનેલા ચેકડેમો તૂટી ગયા છે. જો આ ચેકડેમને રીપેર કરવામાં આવે તો એમાં પાણી ભરાય અને એમાં ખર્ચ ઓછો છે. રાજય સરકારે ધારાસભ્યોની ખેડૂતલક્ષી આ માગણીનો સ્વીકાર કરીને જેટલા ચેકડેમો તૂટી ગયા હોય અને રીપેરેબલ હોય એવા તમામ ચેકડેમો રીપેર કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. એવી જ રીતે તળાવોની અંદર કાંપ કાઢવાની જે યોજનાઓ છે એમાં અત્યારે કામ ચાલી રહ્યું છે. માનનીય હર્ષદભાઇ એમ કહેતા કે કાંપ કાઢવામાં આવતો નથી. હવે ૨૦૧૪માં તો ઘણો કાંપ નીકળી ગયો, ૨૦૧૭માં બાકીનો કદાચ કયાંક તળીયામાં કયાંક રડયો ખડયો પડયો હશે તો ૨૦૧૭માં નીકળી જવાનો છે અને આ યુ.પી.માં, ઉત્તરાખંડમાં તો તળીયા ઝાટકીને કાંપ કાઢી નાખ્યો સાહેબ. ગુજરાતમાં પણ કાઢી નાખવાના છીએ એટલે કાંપની ચિંતા હવે અમારા સાથી પક્ષના સભ્યોના કરે. એ કાંપ કાઢવાની ચિંતા ૨૦૧૭માં ગુજરાતની જનતા કરવાની છે. અત્યારે કર્ણાટક અને પંજાબ બે રહ્યા છે. હવેની ચૂંટણીમાં કર્ણાટક નથી રહેવાનું. એટલે નજર ન લાગે એ માટે કાળા ટીલા રૂપે પંજાબમાં એક છે. (અંતરાય) આ બજેટમાં ચેકડેમ રિપેરીંગ માટે ૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ચેકડેમોના ડી–સિલ્ટીંગ માટે ૧૫ કરોડ, નવા ચેકડેમો માટે ૧૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણા રાજ્યની અંદર ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. આ દરિયાકિનારામાં નદીઓનું પાણી દરિયામાં વહી જતું હતું એ પાણીને બંધારા બાંધીને રોકીને આ રાજ્ય સરકારે પાણીનો ખૂબ સારો ઉપયોગ કર્યો છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકારે બંધારા અને ટાઇડલ રેગ્યુલેટરના ૧૦૦ કામો પૂર્ણ કર્યા છે. સ્પ્રેડીંગ કેનાલ અને રેડિયલ કેનાલના ૫૦૫ કિલોમીટરના કામો પૂર્ણ કર્યા છે. ચેકડેમોના ૧૩૫૬ના કામો પૂર્ણ કર્યા છે. રિચાર્જ જળાશયોના ૫૯ ના કામો કર્યા છે. રિચાર્જ કૂવા ૧૨૪૪ના કામો પૂર્ણ થયેલા છે. ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામોમાં આશરે દોઢ લાખ હેકટરને ફાયદો થયો છે. અહીંથી વારંવાર કહેવામાં આવે છે કે અમારા સમયમાં અમે બધું કર્યું. પણ મારે આંકડા સાથે કહેવું છે કે વર્ષ ૨૦૦૦માં આ રાજ્યમાં મધ્યમ યોજનાઓ ૫૯ હતી જે અત્યારે ૮૭ થઇ, અમારા શાસનમાં ૨૮નો વધારો થયો છે. નાની યોજનાઓ ૯૪૨ હતી, જે ૯૬૪ થઇ અને એમાં ૨૨ નો વધારો થયો છે. ચેકડેમો માત્ર ૧૮,૩૫૬ હતા જે અમારા શાસનમાં ૧ લાખ ૬૮ હજાર ૩૦૦ થયા એટલે કે દોઢ લાખ ચેકડેમોનો વધારો અમારા શાસનમાં થયો છે. ખેત તલાવડી ૧ લાખ ૭૪ હજારનો અમારા શાસનમાં વધારો થયો. અનુશ્રવણ તળાવો અને તળાવો ઉંડા કરવાના

કામો તમારા સમયમાં ૭,૩૧૦ થયા હતા ત્યારે અમારા શાસનમાં ૩૨,૬૪૬ છે. કુલ ૨૫,૩૩૬ તળાવો ઉંડા કરવાના કામો થયા અને પાઇપલાઇનના કામો તમારા શાસનમાં ઝીરો હતા જ્યારે સૌની યોજનાના પાઇપલાઇનના ૨૨૨ કિલોમીટરના કામો અમારા શાસનમાં થયા, ઉત્તર ગુજરાતમાં ૬૮૮ કિલોમીટર, એલ.આઇ. ની સ્કીમો ૯૮૯ અત્યારે છે એમાંથી ૮૫૪ અમારા સમયમાં થઇ છે. ભરતી બંધારા ૧૦૦ છે એમાં ૪૪ અમારા સમયમાં થયા છે. સ્પ્રેડીંગ અને રેડિયલ કેનાલો ૫૦૫ છે એમાં ૨૬૯ અમારા સમયમાં બની છે. કૂવાઓ અને પાતાળકૂવાઓ ૨૫,૩૫૮ અત્યારે છે એ અમારા સમયના છે. કેનાલ રિનોવેશનના કામ ૨,૪૨૧ અમારા સમયમાં થયા છે. કટીંગ કેનાલો ૧૭૦ બની છે જે તમારા વખતમાં ઝીરો હતી. ૨૦૦૦ના સમયમાં આ રાજ્યમાં ૩૮ લાખ હેક્ટર વિસ્તારમાં પિયત થતું હતું જ્યારે અત્યારે ૬૨ લાખ હેકટરમાં થાય છે એટલે કે ૨૬ લાખ હેક્ટરમાં પિયતનો વધારો અમારા શાસનમાં જ્યારે થયો છે. હું સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું કે, પાણી જેવી જીવન જરૂરિયાતની વસ્તુ છે અને જ્યારે ગુજરાતના ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર આ માગણીઓ લઇને આવી છે ત્યારે મારા સાથી પક્ષના બધા સભ્યોને હું વિનંતી કરું છું કે, તેઓ તેઓની કાપ દરખાસ્તો પાછી ખેંચે અને આ માગણીઓને ટેકો આપીને મંજૂર કરે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભાગૃહની બેઠકો મળવાના દિવસોમાં ફેરફાર અંગે.

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે સરકારે ચેટીચાંદની રજા તા. ૨૮-૩-૨૦૧૭ના બદલે તા. ૨૯-૩-૨૦૧૭ના રોજ જાહેર કરી હોવાથી સભાઓની તારીખવાર યાદીમાં ફેરફાર કરવા બન્ને પક્ષના દંડકશ્રીઓ તરફથી મને લેખિતમાં રજૂઆત મળી છે. આ બન્ને પક્ષના દંડકશ્રીઓએ જે ફેરફાર સૂચવ્યા છે તેને મંજૂરી આપવામાં આવે છે અને સૂચવેલ ફેરફાર મુજબનું કામકાજ નીચે મુજબ રહેશે.

બુધવાર, તા. ૨૨મી માર્ચ ૨૦૧૭ના દિવસે સભાગૃહની બે બેઠકો રાખવામાં આવે.

પહેલી બેઠક : સરકારી વિધેયકો

બીજી બેઠક : માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

ગુરુવાર, તા.૨૩મી માર્ચ : (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)
(૨) બિન સરકારી વિધેયકો

શુક્રવાર, તા. ૨૪મી માર્ચ : માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શનિવાર, તા. ૨૫મી માર્ચ : રજા

રવિવાર, તા. ૨૬મી માર્ચ : રજા

સોમવાર, તા. ૨૭મી માર્ચ : બેઠક નથી

મંગળવાર, તા.૨૮મી માર્ચ : બેઠક નથી

બુધવાર, તા.૨૯મી માર્ચ : જાહેર રજા (ચેટીચાંદ)

ગુરુવાર, તા. ૩૦મી માર્ચ સભાગૃહની બે બેઠકો રાખવામાં આવે

પહેલી બેઠક : (૧) તા.૨૯-૦૩-૨૦૧૭ના દિવસની પ્રશ્નોત્તરી (૨) વિનિયોગ વિધેયકો અને અન્ય સરકારી વિધેયકો

બીજી બેઠક : (૧) તા.૩૦-૦૩-૨૦૧૭ના દિવસની પ્રશ્નોત્તરી (૨) સરકારી વિધેયકો અને સરકારી કામકાજ
(૩) બિન સરકારી સંકલ્પો

શુક્રવાર, તા. ૩૧મી માર્ચ : (૧) સરકારી વિધેયકો અને સરકારી કામકાજ (૨ ) છેલ્લા દિવસનો પ્રસ્તાવ

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે અમારા સાબરકાંઠા અને અરવલ્લી બંન્ને જિલ્લાઓ અલગ થતા અરવલ્લી જિલ્લાના ભિલોડામાં જે ડેમો હતા ઇન્દ્રાસી, હાથમતી અને મેશ્વો એનું સંચાલન અત્યારે સાબરકાંઠા જિલ્લાવાળા સંભાળી રહ્યાં છે તો જ્યારે જિલ્લાનું વિભાજન થઇ ગયું છે ત્યારે જે આ ત્રણ ડેમો છે ઇન્દ્રાસી, હાથમતી અને મેશ્વો એની કામગીરી અરવલ્લી જિલ્લાને સોંપવાના છો કે કેમ? અને એ કામગીરી ના કરવાના લીધે અત્યારે ત્યાં કાંપ બહુ ભરાઇ ગયો છે. ઇન્દ્રાસી ડેમમાં તો પાણી જ નથી રહતું તો આ કામગીરી કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ એક વહીવટી નિર્ણય છે. આમ તો સામાન્ય રીતે જિલ્લાઓનું વિભાજન થાય એમાં વ્યવસ્થાઓ જે છે એમાં બહુ મોટું પરિવર્તન આવતું હોતું નથી. તેમ છતાંય આપે જે સૂચન કર્યુ છે એ સૂચન ઉપર અભ્યાસ કરીશું અને જો વહીવટી અનુકૂળતા હશે તો સરકાર એ દિશામાં આગળ વધશે અને સરકારનું મન ખુલ્લું છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું કે પાણીની સમાન વહેંચણી થઇ નથી. મંત્રીશ્રી પાસે મારી માગણી છે કે બનાસકાંઠા જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ અને આર્થિક રીતે પછાત છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપું ડેમમાં કેનાલથી પાણી સરકાર નાખવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા કેનાલનો વિભાગ મારી પાસે નથી એટલે એ પ્રશ્નનો જવાબ હું નહિ આપી શકું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો વધારે કોઇ સાહેબ પૂછવું નથી પણ મારી એક જ લાગણી છે કે છોટાઉદેપુર જિલ્લાના ૧૩ તળવો ૧૯૭૫ થી ૧૯૭૮માં બનેલા એ ૧૩ તળાવોમાં ૪૮૭૯ હેક્ટર પિયત થતું હતું. એ તળાવો બધા પુરાઇ ગયા અને એના માટે એસ્ટીમેન્ટ પ્લાન બનાવીને ૧૭ કરોડ રૂપિયાથી વધારે રકમની માગણી કરી છે તો

આ તળાવો તાત્કાલિક બનાવીને તે વિસ્તારની પ્રજાને, કારણ કે નર્મદાનું પાણી છોટાઉદેપુરમાં ટીપું ય મળવાનું નથી. આ કેનાલોથી પણ આ પાણી આવવાનું નથી.(અંતરાય)

શ્રી પંકજભાઇ દેસાઇ : ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, માગણીઓ ઉપરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? ( થોડીવાર બાદ)

અધ્યક્ષશ્રી : માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનું કામકાજ લંબાવવામાં આવે છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : તો આ રકમ મંજૂર કરીને સુખી સિંચાઇ યોજનામાં ૫ કરોડ ૮૧ લાખ રૂપિયા ફળવાય તો ૩૦ કિલોમીટર કેનાલો પૂરી થાય અને સાફ-સફાઇ થાય અને હાલ જે ખાલી ૧૦ હજાર એકરમાં ખાલી પિયત થાય છે એની અંદર ૫૦ હજાર એકરનું પિયત થાય એટલા માટે આ રકમ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રશ્ન બરાબર સમજાયો એટલા માટે નથી કે, તમે સુખીની વાત કરી કે બીજી કોઇ યોજનાની વાત કરી ? (અંતરાય) ૧૩ તળાવોની અત્યારે મારી પાસે હાલમાં વિગતો નથી. હું એ વિગત મેળવી અને એમાં કેવી રીતે થઇ શકે એમ છે આપના સુચન પ્રમાણે એમાં હકારાત્મક રીતે આગળ વધીશું.

અધ્યક્ષશ્રી : સીધા મોહનસિંહભાઇને જાણ કરશો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જલોદરાથી જે માધવગઢ એક પાઇપ લાઇન છે એ પાઇપ લાઇન જે સુજલામ સુફલામમાં છોડી દેવામાં આવી છે. એ પાઇપ લાઇન સુજલામ સુફલામથી જો કોઝણ ડેમ સુધી લંબાવવામાં આવે તો ત્યાં ગોરઠિયા ચેક ડેમ, ટીંબા યોજના અને કોઝણ ડેમ ભરી શકાય તેમ છે. તો આપ એ યોજનાને ઝડપથી વહીવટી મંજૂરી આપવા માગો છો કે કેમ? અને

બીજો સાહેબ મારા મતવિસ્તાર પ્રાંતિજ તાલુકામાં ખારી નદી ઉપર બાદરજીના મુવાડા ગામ પાસે એક ચેક ડેમનો પ્રશ્ન છે અને મેં પ્રશ્ન પૂછેલો એમાં વહીવટી પ્રક્રિયામાં છે એવું આપ્યું છે, તો ક્યાં સુધીમાં એને મંજૂર કરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ જે પાઇપ લાઇનની વાત કરી એ સુજલામ સુફલામની અગિયાર મુખ્ય અને બીજી ચાર યોજનાઓ જે છે એ ઉપરાંતની યોજના છે. સરકારનું લક્ષ અત્યારે એ છે કે, જે યોજનાની અંદર સમાવેશ થયેલ હોઇ, એ પાઇપોના કામો પહેલાં પૂર્ણ કરવા અને એ પૂર્ણ થયા પછી જે એક્સટેન્શનની માગણી અનેક આવી છે, એમાં પાણીની ઉપલબ્ધતા અને વાયેબલીટી આ બંને જોઇ અને કામગીરી આગળ કરવામાં આવશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય ટીકા ટિપ્પણથી પર રહીને માનનીય મંત્રીશ્રીને કાંપ બાબતે પૂછવા માગુ છું કે, ખરખેર કાંપ આપણે મંત્રીશ્રી ડેમોમાંથી કાઢવો પડે એવી સ્થિતિ છે. આ ડેમો, તમે મારી સાથે આવો આપણે બધા ડેમોની મુલાકાત લઇએ, અડધા ઉપર પુરાઇ ગયા છે અને કાંપ કઇ રીતે કાઢવાનું હું આપને કહું છું કે, આપણે જ્યારે કાંપ કાઢીએ ત્યારે ચોમાસાને એકાદ મહિનાની વાર હોય છે ત્યારે કાંપ કાઢવા નીકળીએ છીએ. ખરેખર અત્યારથી જો એ કાંપ કાઢવામાં આવે અને કાંપને ખેડૂતોના ખેતર સુધી આપણે પહોંચાડવા માગીએ છીએ કે કેમ? દા.ત. ખેડૂતને એક રૂપિયાનો ખર્ચ ન થાય, કોન્ટ્રાક્ટર પણ આપણો, ટ્રેક્ટર પણ આપણું, ડમ્પર પણ આપણું અને ખેડૂતના ખેતર સુધી દસ-પંદર કિલોમીટર સુધી જો કાંપ પહોંચાડીએ તો ખેડૂતને ફાયદો થાય, તો આ કરવા માગો છો કે કેમ? અને

બીજો મારો પ્રશ્ન એ છે કે, જે જગ્યાએ ખેડૂતોને સિંચાઇનો કોઇ લાભ નથી મળતો, કોઇ યોજનાનો લાભ નથી મળતો, ત્યાં કેનાલ પણ નથી આવતી તો આવા ખેડૂતો માટે આપ કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે એ પ્રકારની જ કામગીરી અત્યારે ચાલી રહી છે. ખેડૂતો સ્વ ખર્ચે જો કાંપ કાઢવા માગતા હોય તો તરત એને મંજૂરી આપવામાં આવે છે અને સ્વ ખર્ચે ન કરવાનું હોય અને માત્ર એમ કહે ખેડૂતો કે, ટ્રેક્ટરો-વાહનો અમારા મૂકીએ અને અમને તમે ભરી દો, તો એ રીતે પણ છે અને જે જગ્યાએ વાહનોની ઉપલબ્ધતા ન હોય ત્યાં સરકાર એની નાણાકીય મર્યાદાઓને ધ્યાનમાં રાખી અને ભરીને સીધું આપે છે.

અધ્યક્ષશ્રી : જે હર્ષદભાઇએ કહ્યું એ પ્રમાણે આપણે વ્યવસ્થા કરીએ છીએ એમ, પેલા મામલતદારો ટ્રેક્ટર પકડે છે અને એવું થાય છે એટલા માટે એમનું કહેવું છે કે, ખેતર સુધી પહોંચે એમ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : આવી કોઇ ફરિયાદ આવી નથી છતાં આવુ કાંઇ હોય તો કહેજો.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે પૂછવા માગુ છું કે, છોટાઉદેપુર શહેરને પીવાના પાણી માટે જે ચેક ડેમ મંજૂર થયેલો છે ૨૦૧૪માં, એ ચેક ડેમ વહેલી તકે કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, હેરણ યોજનામાં જે માયનોર કેનાલો બનેલી છે વર્ષોથી બનેલી છે તો એને રિપરીંગ કરવા માટેનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : છોટા ઉદેપુરના ચેક ડેમની વાત કરીને તમે? મોહનસિંહભાઇની કાયમ પહેલેથી માગણી છે.

અધ્યક્ષશ્રી : આમ તો તપાસ જ કરવાની હોય, પ્રશ્નમાં આખું વિભાગ યાદ ન હોય આટલું બધું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ના, ના. એમાં ૬૦૮ કરોડની માગણી મંજૂર થઇ ગઇ છે અને હવે રાજય સરકાર....

## તા.૧૭મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : એ તો ચેક કરીને જ કહેવું પડે. અત્યારે હાલ તો આખો વિભાગ મોઢે બધાને ન હોય.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં જે વાત કરી તો પહેલાં જ જવાબ આપી દીધો થોડો ઘણો, તો પણ ખરેખર જે આ ખોદકામ કરીને લઇ જાય એમાં જેસીબી હોય, બે–ચાર ટ્રેકટર હોય પછી ઘણી વખતે આવા ટ્રેકટરોને આ લોકો પકડે

અધ્યક્ષશ્રી : એ ના પાડી એમણે.

શ્રી બાબુભાઇ કા. વાજા : તો આ ના થાય અને તાત્કાલિક એની મંજૂરી માગવી પડે તો મામલતદાર સાહેબ પાસે આ મંજૂરી માગવી પડે તો પણ વાંધો નહીં. જે તે વિસ્તાર. (અંતરાય) મારી વાત તો સાંભળો, માંડ માંડ ઉભા થયા હોઇએ, અમારી રજૂઆત હોય એટલે અમારે દોડવાનું થઇ જાય.

અધ્યક્ષશ્રી : માંડમાંડ નહીં, ઓફીશીયલી તમને હા પાડી કે બોલો. માંડમાંડ શું કરવા? ખુલીને ઉભા થાવ.

શ્રી બાબુભાઇ કા. વાજા : અમારા વિસ્તારમાં નદીઓ છે અને એ છીછરી નદીઓ છે, એ નદીમાં પથ્થરો હોય છે. (અંતરાય) હસોમાં, માંડમાંડ ઉભો થયો છું.

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, તમે મારી સામે જોઇને બોલો ત્યાં ગોંટે ચડી જશો.

શ્રી બાબુભાઇ કા. વાજા : એટલે જે નદી છે અમુક વિસ્તારમાં એનું તળ છીછરું હોય, એમાં પથ્થર હોય એ પથ્થર કાઢવા માટે તાત્કાલીક ધોરણે ખાણ, ખનીજવાળા અથવા મામલતદાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાછું ગોંટે ચડાવ્યું તમે આમાં કયાં ખાણ ખનીજ આવે?

શ્રી બાબુભાઇ કા. વાજા : તકલીફ છે એટલે તો કહીએ છીએ સાહેબ. અમારે માંડમાંડ બોલવાનો વારો આવે, અમારી રજૂઆતો કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : તમે માંડ માંડ બોલો, માંડ માંડ ઉભા થાવ. મેં કહ્યું ખુલીને બોલો.

શ્રી બાબુભાઇ કા. વાજા : આ પથ્થર કાઢવા માટે તાત્કાલીક ધોરણે જો એને મંજૂરી આપે, કેમકે એ નદીમાંથી જ કાઢવાના હોય છે તો એ નદી સુધી આવી જાય અને એને બંધ બાંધવાનો હોય તો પણ મેળ પડે તો આવું કંઇક દયા ખાઇને કરો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નદીઓમાંથી પથ્થર કાઢવાનું મારા વિભાગમાં નથી આવતું. અમારે તો માત્ર એન.ઓ.સી. જ આપવાની આવે.

અધ્યક્ષશ્રી : હું પહેલેથી જ કહેતો હતો તમે ગોંટે ચડાવશો. બધું ભેગું કરોને એમાં ગોંટે ચડી જવાય છે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અમારા લુણાવાડા તાલુકાની અંદર પડઘરી ગામે સ્ટેટ વખતનું એક સુરસાગર તળાવ છે. ૯૯૯ વિઘામાં અને ૨૦૦૦ હેકટર જમીનને પાણી અત્યારે પણ આપે છે. એની થોડીક સુધારણા કરવામાં આવે અને કેનાલ લંબાવવામાં આવે તો બહુ ઓછા ખર્ચે ૩૦૦૦ હેકટર જમીનને પાણી મળી શકે તેમ છે અને આ દરખાસ્ત રાજય સરકારમાં આવેલી છે તો એ અંગે કામ કરવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ દરખાસ્ત સરકારમાં આવેલી છે, એના ઉપર પોઝીટીવ, હકારાત્મક રીતે સરકાર વિચારી રહી છે. આ એક જ યોજના નહીં પરંતુ પાણી જયાં વર્તમાન છે એનો વધારેમાં વધારે મહત્તમ કેવી રીતે સારી રીતે ઉપયોગ થઇ શકે એવી દરેક યોજનામાં રાજય સરકારનું મન ખુલ્લુ છે.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ એક સાથે મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૬૬ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૮ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૨૯, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### સઇજ, હાજીપુર કાંસ તથા પાનસર, વાવોલ કાંસની મરામત/જાળવણી અને સફાઇ પાછળનો ખર્ચ

* ૩૨૨૫૯ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સઇજ-હાજીપુર કાંસ તથા પાનસર-વાવોલ કાંસની મરામત, જાળવણી અને સફાઇ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાંસ ઉપરથી ખેતરમાં જવા આવવા માટે તથા ખેતરનું ધોવાણ અટકાવવા માટે નાળાની જરૂરીયાત સંદર્ભે સરકારને કેટલી ફરીયાદો મળી છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સમયગાળામાં શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં,
(૧) સઇજ-હાજીપુર કાંસની મરામત, જાળવણી અને સફાઇ પાછળ કુલ રૂ.૮.૭૧ લાખ અને
(૨) પાનસર-વાવોલ કાંસ (સઘર્ન કાંસ)ની મરામત, જાળવણી અને સફાઇ પાછળ કુલ રૂ.૨૨.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૨)

| | | |
|---|---|---|
| ખેતરમાં આવવા જવા માટે | : | ૮ |
| ખેતરનું ધોવાણ અટકાવવા | : | ૧ |
| કુલ | : | ૯ |

(૩)

| | | |
|---|---|---|
| વહીવટી મંજુરીની પ્રક્રિયા હેઠળ | : | ૧ |
| સૈધ્ધાંતિક મંજુરીની પ્રક્રિયા હેઠળ | : | ૩ |
| તાંત્રિક દ્રષ્ટિએ ગ્રાહ્ય ન રાખેલ | : | ૧ |
| પૂર્ણ કરવામાં આવેલ | : | ૧ |
| પ્રગતિ હેઠળ | : | ૧ |
| અન્ય વિભાગને તબદીલ કરેલ | : | ૨ |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, એમણે મારા પ્રશ્ન નંબર-૨ના જવાબમાં જણાવ્યું છે કે કુલ ૯ ફરિયાદો ખેતરમાં આવવા-જવા માટેની તથા ખેતરનું ધોવાણ અટકાવવા માટેની એક ફરિયાદ મળી છે. આ બાબતે સરકારે શું પગલા ભર્યા? મારો બીજો પ્રશ્ન છે કે સઇજ-હાજીપુર કાંસ ઉપર પલસાણા ગામમાં ખેતરોમાં જવા આવવાના નાળા બાબતમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. આ અંગે લોકસંવાદમાં પણ રજૂઆત કરવામાં આવી છે તો એ નાળુ ક્યારે બનાવવામાં આવશે અને હાજીપુર ભીમાપુર મહુડી પાસેનું નાળું બનાવવા માટે ખેડૂતો દ્વારા ૨૫ વર્ષથી અવાર નવાર માગણી કરવામાં આવી છે તો એ નાળુ બનાવવા માટે સરકાર શું કરવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે સઇજ-હાજીપુર કાંસ માટેના નાળા અને જમીન ધોવાણ બાબતનો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એમાં બે પેટા પ્રશ્નો માનનીય સભ્યશ્રીએ પૂછ્યા છે. પલસાણાના નાળા બાબતે અંદાજપત્ર બનાવીને વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. હાજીપુર ગામે ઇસ્ટન કાંસની સાંકળ ૩૫,૪૯૦ મીટરની બાજુમાં સઇજ હાજીપુર કાંસ ઉપર નવું નાળુ બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી માટેની દરખાસ્ત પ્રક્રિયા હેઠળ છે. છત્રાલ જી.આઇ.ડી.સી. ફેઝ-૪ ના પાછળના ભાગમાં આવેલ પાઇપ ગરનાળાની જગ્યાએ નવુ નાળુ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો ગ્રામ પંચાયત પાસેથી મેળવી સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની પ્રક્રિયા હેઠળ છે. થોળ તળાવના ઇન્સન્ટ કાંસની સાંકળ ૩૮,૯૫૦ મીટર પરનું નવુ નાળુ બનાવવા માટેની દરખાસ્ત સૈદ્ધાંતિક મંજૂરી માટેની પ્રક્રિયા હેઠળ છે. પાનસર-વાવોલ કાંસ જે સઘન કાંસ પરથી ખેતરમાં જવા-આવવા માટેની એક ફરિયાદ મળી છે. જે અન્વયે સ્થળ સ્થિતિ તપાસતા તાંત્રિક દ્રષ્ટિએ માગણી

ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. ઉનાવા–રાંધેજા–વાવોલ કાંસ ઉપરથી ખેતરમાં જવા–આવવા માટે વર્ષ ૨૦૧૬–૧૭માં એક ફરિયાદ મળેલ છે. જે અનુસંધાને અવર–જવર માટે રસ્તો બનાવી દીધેલ છે. ધણપ–મુઠીયા કાંસમાં ખેતરનું ધોવાણ અટકાવવા માટે વર્ષ ૨૦૧૬–૧૭માં એક ફરિયાદ મળેલ છે. આ માટે ખેતરનું ધોવાણ અટકાવવા માટે ઇનલેટ નાળાનું બાંધકામ પ્રગતિમાં છે. સઇજ–હાજીપુર કાંસ પર ઓ.એન.જી.સી.ની બાજુમાં હાઇવે રોડ પાસે આવેલ નાળા બાબતની રજૂઆત સ્ટેટ હાઇવે ઓથોરિટીને લગત હોઇ, તેમને રજૂઆત કરવા સરપંચશ્રીને જણાવેલ છે અને છેલ્લે ધાનજ તરફ જતા રોડ પર હાલમાં હયાત પાઇપ કલ્વટમાંથી ચોમાસા દરમિયાન વરસાદી પાણી વહન કરવા માટે નવા નાળાની જરૂરિયાત બાબતે માર્ગ અને મકાન વિભાગને રજૂઆત કરવા સરપંચશ્રીને જણાવેલ છે. એટલે પલસાણાનું ને એ બધું આમાં આવી ગયું છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લો છે એમાં તાલુકાવાર કયા કયા કાંસ પસાર થાય છે અને એની લંબાઇ કેટલી છે? ખેડૂતોને જવા–આવવા માટે આ કાંસ ઉપર જો નાળા ન હોય તો તકલીફ પડતી હોય છે તો અવર–જવર માટે તાલુકાવાર કેટલા નાળા બનાવવામાં આવ્યા છે એ જાણવું છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીએ ગાંધીનગર જિલ્લાની તાલુકાવાર કાંસની વિગતો માગી છે. કેટલા નાળા છે અને એની લંબાઇ કેટલી છે એ જાણવા માગ્યું છે તો સ્વભાવિક છે કે એક તાલુકામાંથી બીજા તાલુકામાં રીપિટ થવાની સંભાવના છે છતાં હું ટૂંકમાં જણાવીશ. કલોલ તાલુકામાં કુલ ૭ કાંસ પસાર થાય છે. સાંતેજ રણછોડપુરા છે એના ઉપર ૨૧ નાળા છે. સઇજ–હાજીપુરમાં ૧૮ નાળા અને ઇસ્ટર્ન કાંસ ૨૨ નાળા, રાજપુર પીયજ કાંસ ૧૦ નાળા, વેસ્ટ વિયર કાંસ ૧૦ નાળા, આરસોડિયા કાંસ ૪ નાળા, ડીંગુચા–ડાંગરવા કાંસ ૬ નાળા એમ કુલ બધા જ કાંસની લંબાઇ ૮૬.૪૪૬ કિલોમીટર અને નાળાની સંખ્યા ૯૧ છે. ગાંધીનગર તાલુકાની અંદર ૬ કાંસ પસાર થાય છે. એમાં નારદીપુર સરઢવ કાંસ છે એના ઉપર ૨૧ નાળા છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જ્યાં જ્યાં નાળાની જરૂરિયાત હોય ત્યાં નાળાઓ બનાવવામાં આવ્યા છે. દા.ત. આ નારદીપુર–સરઢવ કાંસ છે ત્યાં એની લંબાઇ માત્ર ૪.૮૦ કિલો મીટર જ છે. તેમ છતાં તેની ઉપર ૨૧ નાળા બનાવવામાં આવ્યા છે. રૂપાલ–સરઢવ કાંસ એની ઉપર ૨૦ નાળા, સઘન કાંસ ૩૯ નાળાકાંસ, ઉનાવા–રાંધેજા ૨૩ કાંસ, ભોંયણ–રાઠોડ કાંસ ૬ નાળા, ધણપ–ઉપજા કાંસ ૨૧ નાળા એમ ગાંધીનગર જિલ્લામાં ૬ કાંસની કુલ લંબાઇ ૭૮.૯૮ કિલોમીટર અને એની ૧૩૦ નાળા બનાવવામાં આવ્યા છે. જ્યારે દહેગામ તાલુકાની અંદર ૨ કાંસ છે. ઉદણ–સાપા કાંસ જેની ઉપર ૨૨ નાળા અને ખાતરી બા કાંસ એની ઉપર ૨૩ નાળા એમ ૨ કાંસની કુલ લંબાઇ ૫૬ કિલો મીટર છે અને ૪૫ નાળા બનાવવામાં આવ્યા છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કેટલા નાળાની રજૂઆત મળી અને તે બાબતે શું કાર્યવાહી કરી અને બીજું મારે એ જાણવું છે કે કોઇ પણ કાંસ આવેલો હોય એના લીધે પાળાની નજીકમાં ધોવાણ થતું હોય છે તો એ ધોવાણ અટકાવવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પહેલો જે પ્રશ્ન હતો એમાં ૯–૯ કાંસની વિગત મેં આપી દીધી છે એટલે હું એનું પુનરાવર્તન કરતો નથી પરંતુ જ્યાં કાંસના પ્રવાહના કારણે પાળા બનાવવાની જરૂરિયાત હોય કારણ કે, ખેતર ધોવાતા હોય તો જ્યાં જ્યાં જરૂરિયાત હોય એ ટેકનીકલ દ્રષ્ટિએ અને જો જમીન સંપાદન કરવાની હોય તો એ કાર્યવાહી પણ કરે છે અને પાળો જરૂરિયાત પ્રમાણે બનાવવામાં આવે છે.

### કચ્છ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૩૦૬૭૭ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવોની ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) ૮૮ તળાવો. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ૩.૬૮૮.૬૫ લાખ. |
| (૩) આ કામો પૂર્ણ કરવાથી કેટલા મિલિયન ઘનફૂટ પાણીનો વધારાનો સંગ્રહ થયેલ છે ? | (૩) ૧૦૨૩.૦૪૯ લાખ ઘનફૂટ. |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર સરકારશ્રીની વિવિધ યોજનાઓના માધ્યમથી અનેક તળાવો બનાવવામાં આવ્યા છે અને તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. તેનો ખૂબ મોટો લાભ ત્યાં ખેડૂતો જીરૂ, ઇસબગુલ અને એરંડા પકાવીને લઇ રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે કચ્છ જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ માં ૧૦ તાલુકાઓ છે એની તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને આ તળાવો ઉંડા કરવાની અંદર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આ તળાવો ઉંડા કરવાથી પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે રીતે ફાયદો થતો હોય છે તો પરોક્ષ રીતે કેટલા હેકટર સિંચાઇની અંદર અને કેટલા ખેડૂતોને ફાયદો થયો હશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર ૨૦૧૫ ની અંદર ૫૦ અને ૨૦૧૬ ની અંદર ૩૮ તળાવો ઉંડા કરવામાં આવ્યા એ મેં મારા જવાબની અંદર લેખિત આપ્યું છે. ૨૦૧૫ ની અંદર ૫૦ તળાવો ઉંડા કરવામાં

આવ્યા એમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તો મારી પાસે તાલુકાવાઇઝ વિગત છે પણ એમણે જનરલ વિગત માગી છે તો ટોટલ ૨૦૧૫ માં ૪૨૯.૯૯ લાખ અને ૨૦૧૬ માં ૨૫૮.૬૬ લાખ. બીજો એમનો પ્રશ્ન છે કે, કેટલા હેકટરની અંદર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળ્યો છે તો તળાવ ઉંડા કરવામાં પ્રત્યક્ષ સિંચાઇનો લાભના હોય પણ પરોક્ષ હોય છે તો વર્ષ ૨૦૧૫ માં ૨૫૦ હેકટર અને વર્ષ ૨૦૧૬ માં ૧૯૦ હેકટરમાં પરોક્ષ સિંચાઇ ઉત્પન્ન થયેલ છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માંગુ છું કે, તળાવો ઉંડા કરવા અને પાણી સંગ્રહ કરવાની ખાસ જરૂર હોય છે આ તળાવો ઉંડા કરવાની કામગીરી અન્વયે તકેદારી માટે વિભાગ કક્ષાએથી કેવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે અને તળાવો ઉંડા કરવાની કામગીરી કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આમાં જે ચિંતા વ્યક્ત કરી છે કે તળાવો ઉંડા કરવામાં જો આપણે તકેદારી ના રાખીએ તો ગેરરીતિ થવાની પૂરી સંભાવનાઓ હોય છે. ગેરરીતિ થાય નહિ અને પ્રમાણિકતાપૂર્વકનું કામ થાય એ સરકારના અને પ્રજાની પાયે પાયની હિસાબ અને એનું બરાબર કામ થાય એ માટે રાજ્ય સરકાર દ્ધારા તળાવો ઉંડા કરવાની કામગીરી અન્વયે તકેદારીના ભાગરૂપે અમલીકરણ અધિકારીઓને તળાવ ઉંડા કરવાની કામગીરી શરૂ કરતા પહેલા લેવલ તથા કામગીરી પૂર્ણ થયા બાદ આખરી લેવલનું ક્રોસ ચેકીંગ થર્ડ પાર્ટી તરીકે ગુણવત્તા નિયમનના અધિકારીશ્રી અથવા અ.ઇ.શ્રી દ્ધારા આંતરિક વ્યવસ્થા કરીને ચેકીંગ કર્યા બાદ જ હાથ ધરવા બાબતે આ કામો ૩૧મી મે, પહેલાં જે તે તબક્કે બંધ કરી કામગીરીના માપો લેવા અંગે સ્થાઇ સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

એમનો જે બીજો પ્રશ્ન છે કે, એની કામગીરી કેવી રીતે અંગેનો, તો તળાવો ઊંડા કરવાની કામગીરી જિલ્લાના નોડલ અધિકારી દ્ધારા પ્રતિ વર્ષ જાહેર વિજ્ઞાપ્તીથી યુનિટ રેટ માગીને સૌથી ઓછા યુનિટ રેટ મુજબ કરવામાં આવે છે.

### સુરત જિલ્લામાં નહેર સુધારણાના કામો

* ૩૦૬૮૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં કાકરાપાર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઇમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને | (૨) કાકરાપાર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ-૧૬૨.૧૩ કી.મી. નહેરની લંબાઇમાં નહેર સુધારણાના કામો અંદાજીત રૂ.૧૩૮૩૨.૪૬ લાખના ખર્ચે કરવાનું આયોજન છે. |
| (૩) આ કામો થવાથી સુરત જિલ્લાના કેટલા સિંચાઇ વિસ્તારને લાભ થશે ? | (૩) ૧,૦૩,૪૯૯ હેક્ટર. |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સુરત જિલ્લાની અંદર જીવાદોરી સમાન જે ઉકાઇ ડેમ આવેલો છે એ ઉકાઇ ડેમની અંદર આજે જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર અહીંયા આવી છે ત્યારથી ઉકાઇ ડેમ ખાલી નથી રહ્યો, હંમેશા ભરાયેલો જ રહ્યો છે. ૧૯૬૮થી બનેલ કેનાલ અને અમારા સુરત જિલ્લાની અંદર લગભગ એક લાખ હેકટરથી વધુ જમીનો આ કેનાલથી પિયત કરે, એ જમીનની અંદર પહેલાં ૧,૮૦૦ કયુસેક પાણી વહેતું હતું જેનાથી કાયમ લોકો વચ્ચે ઝઘડાઓ થતા હતા, ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણી હોવા છતાં આપી શકતા નહતા. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ધન્યવાદ આપું છું. કારણ કે, ૧,૫૦૦ કરોડ રૂપિયાના કામો મંજૂર કરાવ્યા અને જેના કારણે આજે ૧,૮૦૦ ક્યુસેકની જગ્યાએ ૩,૫૦૦ ક્યુસેક પાણી વહી રહ્યું છે. આ સરકારને અભિનંદન એટલા માટે આપું છું કે, મારા ઓલપાડ તાલુકાની અંદર જે ઊનાળુ ડાંગર ૩,૫૦૦ હેકટર પાકતી હતી તે આજની તારીખે ૭,૫૦૦ હેકટર ડાંગર પાકે છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાજ્ય સરકાર દ્ધારા સુરત જિલ્લામાં નહેરના આધુનિકીકરણના કામો કેટલા અને કેમ હાથ ધરવા પડ્યા?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે હરખ વ્યક્ત કરતા હતા એ હરખ એકદમ વાસ્તવિક છે અને એ હરખ માત્ર સભ્યશ્રીનો નથી પણ આ ખેડૂતોનો હરખ છે અને ખેડૂતોનો હરખ અહીં વ્યક્ત કરે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે, આધુનિકીકરણના કામો કેટલા કર્યા અને ટૂંકા સમયની અંદર, જે કરવામાં આવ્યા એમાં ઊકાઇ-કાકરાપાળ યોજનામાં બાર માસી સિંચાઇ થતી હોવાથી નહેરોમાં બારે માસ સિંચાઇ માટે પાણી વહેતું હોય છે. કમાન્ડ વિસ્તારમાં મહદ અંશે શેરડી તથા ખરીફ ઊનાળુ ડાંગરનું વાવેતર થાય છે. આથી જો નહેરો લાંબો સમયગાળો બંધ રાખીને કામો હાથ ધરવામાં આવે તો ખેડૂતો બે સિઝન પાક લઇ શકે નહીં અને એક વર્ષ માટે શેરડીનું વાવેતર સદંતર બંધ કરવાનું થાય, જેથી ખેડૂતોને ખૂબ જ મોટું આર્થિક નુકસાન જાય. આથી શિયાળાના સમયગાળામાં શેરડીનું વાવેતર પૂર્ણ થયા બાદ ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં પાકોને પાણીની જરૂરિયાત ન્યૂનતમ હોય તે સમયગાળામાં નહેરો બંધ રાખીને કામો પૂર્ણ કરવામાં આવે તો ખેડૂતોને કોઇ પણ જાતનું આર્થિક નુકસાન થાય નહીં, તેથી રાજ્ય સરકારે આ કામો પચાસ દિવસમાં પૂર્ણ

કર્યા છે અને કેનાલ રિપેરીંગનું કામ જે છે એ તબક્કાવાર આપણે ૨૦૦૧થી શરૂ કર્યું છે અને હજી એક–બે વર્ષની અંદર ટોટલ ૪,૫૦૦ કિલોમીટર કરતાં વધારે કેનાલ છે, બધા જ પ્રકારની મુખ્ય કેનાલ, બ્રાંચ કેનાલ, માયનોર અને સબ–માયનોર એ તબક્કાવાર આપણે ટૂંક સમયની અંદર આપણે પૂર્ણ કરીશું.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૬૦ કરોડ રૂપિયાની આ યોજના માત્ર ૫૮ દિવસમાં પૂર્ણ કરવા બદલ સમગ્ર વિસ્તાર વતી હું માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

હું એ જાણવા માગુ છું કે, આ યોજનાની આધુનિકીકરણની કામગીરી ઇમરજન્સી, પચાસ દિવસના ટૂંકા સમયમાં પૂર્ણ કરવા પાછળનું કારણ શું હતું અને કેટલી એની ડિમાન્ડ હતી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલા જવાબની અંદર મેં થોડોક આછો ઉલ્લેખ કર્યો છે પણ છતાંય મુકેશભાઇનો વિસ્તાર જેમ લાગે છે એવી જ રીતે મારા પ્રફુલભાઇ આમ સુરત શહેરમાંથી આવે છે પરંતુ કામરેજ તાલુકો ઉકાઇ અને કાકરાપાર કમાન્ડનો એક બહુ મોટો હિસ્સો હોઇ તેઓ પણ આમાં હરખ વ્યકત કરે એ સ્વાભાવિક છે. એમનો જે પ્રશ્ન છે એમાં ઉકાઇ કાકરાપાર યોજનાની સુરત જિલ્લામાં ૧૯૦૭ કિલોમીટરની લંબાઇની નહેરો આવેલ છે જેમાંથી ૧૧૬૦.૪૮ કિલોમીટર લંબાઇની નહેરો લાઇનીંગ વગરની કાચી છે. સુરત જિલ્લામાં છેલ્લા ૪૦ વર્ષથી કમાન્ડ વિસ્તારમાં બારમાસી પાકોનું વાવેતર વધુ હોઇ નહેરોમાં ચોમાસામાં વરસાદના સમયગાળા સિવાય સતત પાણી વહેતું રહે છે જેથી નહેરો તથા સ્ટ્રકચરો જર્જરીત થઇ ગયેલા હતા અને લીકેજ સીપેઝ વધી ગયેલ હોવાથી નહેરોના છેવાડાના વિસ્તારમાં ખેડૂતોને સમયસર સિંચાઇનું પાણી પહોંચાડવામાં મુશ્કેલી થતી હતી આમ ખેડૂતોને સમયસર જરૂરીયાતના સમયે સિંચાઇનું પાણી મળી રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા આધુનિકીકરણના કામો હાથ પર લીધેલ છે.

### સુરત જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

* ૩૧૭૨૨ શ્રી કિશોરભાઇ કાનાણી (વરાછા રોડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માંતા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને | (૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૦૫–૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં ૨૮,૬૮,૨૨૧ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે. |

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું ગૃહમંત્રીશ્રી માનનીય પ્રદિપસિંહ સાહેબનો આભાર વ્યકત કરવા માગુ છું કે મારા વિસ્તારનો જે પ્રશ્ન હતો એ મેં એમના ધ્યાન ઉપર મૂકયો, એમણે તાત્કાલિક પોલીસ કમિશ્નરશ્રીને સૂચના આપી, પોલીસ સ્ટેશનોમાં સ્ટાફનો વધારો કરવામાં આવ્યો, વધારે વાહનો આપવામાં આવ્યા અને સઘન પેટ્રોલીંગ કરી અને કડકમાં કડક કાર્યવાહી એક જ દિવસમાં શરૂ થઇ એમનો હું આભાર માનુ છું. માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે સુરત જિલ્લામાં તા.૧૫–૩–૨૦૧૭ની સ્થિતિએ એલ.ઇ.ડી. બલ્બ, ટયુબલાઇટ અને પંખાનું તાલુકાવાર કેટલું વેચાણ થયું છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે સુરત જિલ્લાની અંદર એલ.ઇ.ડી. બલ્બ બારડોલી તાલુકાની અંદર ૨,૧૩,૭૬૨, એલ.ઇ.ડી. ટયુબલાઇટ ૫૯૩૯ અને પંખા ૧૪૯૪, ચોર્યાસી તાલુકાની અંદર ૧૦,૮૧,૪૧૧, ટયુબલાઇટ ૩૦,૧૩૩, પંખા ૭,૬૫૧, સુરત સીટીની અંદર ૧૩,૯૮,૫૭૦, ટયુબલાઇટ ૩૯,૪૪૭ અને પંખા ૯૮૫૫, કામરેજની અંદર ૨,૬૫,૧૨૦, ટયુબલાઇટ ૭,૩૬૭, પંખા ૧૮૫૩, મહુવાની અંદર ૯૭૨૬૮, ટયુબલાઇટ ૨૭૦૨ અને પંખા ૬૭૯, માંડવી તાલુકાની અંદર ૧,૨૨,૦૬૯, ટયુબલાઇટ ૩૩૯૨ અને પંખા ૮૫૩, માંગરોળમાં ૧,૨૬,૯૬૭ એલ.ઇ.ડી. બલ્બ, ટયુબલાઇટ ૩૫૨૮, પંખા ૮૨૭ ઓલપાડની અંદર બલ્બ ૧,૦૨,૩૨૭, ટયુબલાઇટ ૨૫૮૨, પંખા ૬૪૯, ઉમરાળાની અંદર ૫૨,૨૩૪ બલ્બ અને ટયુબલાઇટ ૧૧૭૩, પંખા ૨૯૫, આમ સુરત જિલ્લાની અંદર ૩૫,૫૨,૬૬૪ બલ્બનું વેચાણ થયું અને ટયૂબલાઇટનું વેચાણ ૯૮,૭૧૭ અને પંખાનું વેચાણ ૨૪,૮૩૩નું થયું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એલ.ઇ.ડી. બલ્બ એ પાવર સેવીંગ માટે હોય છે. એક જુદાજુદા જાહેર સાહસોમાંથી બનેલું એક જાહેર સાહસ, એના માધ્યમથી જે એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ થાય છે અથવા એલ.ઇ.ડી. લાઇટનું વિતરણ થાય છે એ પોતે મેન્યુફેકચરીંગ કરતા જ નથી. અને પરચેઝીંગ માટેની વીજીલન્સ કમિશનની સૂચનાઓથી વિપરીત જઇને. માત્ર પોતાની સાઇટ ઉપર ઇ ટેન્ડરિંગ કરીને જે રીતે પ્રોક્યોર કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એ પણ જાણવા માગું છું કે આવી ફરિયાદો વિજિલન્સ કમિશનને થાય અને વિજલન્સ કમિશને સરકારને આમાં ભ્રષ્ટચાર માટે કોઇ ઇ–પ્રોક્યોરમેન્ટ માટે તમારે જે પ્લેટફોર્મ ઉપર મુકાવું જોઇએ ત્યાં નહિ, પણ પોતાની વેબસાઇટ ઉપર મૂકીને એલ.ઇ.ડી. બલ્બની ક્વોલિટીના સંદર્ભમાં ચાઇનીઝ ફિલામેન્ટ લાવીને એ પ્રકારે વિતરણ થાય કે જેનાથી લાઇટનું સેવિંગ નહિ, પણ જોખમ વધે છે. મોર્ડન મેડિકલ સાયન્સમાં એ પણ કહ્યું છે કે જો

એલ.ઇ.ડી. બલ્બમાં પ્રોપર કેર ન લેવામાં આવે તો આંખો માટે નુકસાનકારક થાય છે અને પાવર બચતો નથી. આ સંદર્ભમાં થર્ડ પાર્ટી તપાસ કરાવીને ખરેખર જે આશયથી એલ.ઇ.ડી. બલ્બ મૂક્યા છે, તેના બદલે જુદુ ચાલે છે. તો આ બાબતે કોઇ થર્ડ પાર્ટી ઇન્વેસ્ટીગેશન કરાવવા માગીએ છીએ કે કેમ? અને બીજું એ જ્યારે પોતે મેન્યુફેક્ચરિંગ કરતા નથી, પણ બહારથી લાવવામાં આવે છે તેમાં ખૂબ ગંભીર ફરિયાદો ઊભી છે. તે બાબતમાં સરકાર કંઇક કરવા માગે છે કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે મણીપુર રાજ્યની અંદર બિરેનસિંહે ૩૩ મતોથી બહુમતિથી હાંસલ કરી તે બદલ હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપના માધ્યમથી માનનીય શક્તિસિંહજીનો પ્રશ્ન છે કે આ એલ.ઇ.ડી. બલ્બ છે, એ બલ્બની અંદર વ્યાપક ફરિયાદો મળે છે, ત્યારે સભ્યશ્રીને જણાવવાનું કે આપણે એલ.ઇ.ડી. ટ્યૂબલાઇટ હોય, એલ.ઇ.ડી.બલ્બ હોય કે એલ.ઇ.ડી. પંખા હોય આ બધી જ ભારત સરકારની કંપની છે. એ ઇ.ઇ.એસ.એલ. કંપની દ્વારા ખરીદી કરી અને વેચાણ કરવામાં આવે છે. આ કંપનીના બલ્બ, ટ્યૂબલાઇટ અને પંખાની અંદર ફરિયાદો મળે છે, ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે સામાન્ય રીતે બજારની અંદર આવા બલ્બ, ટ્યૂબલાઇટ અને પંખાનું વેચાણ થતું હોય એની એક વર્ષની ગેરંટી, વોરંટી હોય છે, જ્યારે આ વેચાણની અંદર ૩ વર્ષની ગેરંટી આપવામાં આવે છે. જેના પરિણામે ગ્રાહકને કોઇ નુકસાન થતું નથી.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું માનનીય વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રીશ્રી એમના દ્વારા જે ઉજાલા યોજના ચાલુ કરી છે એના અંતર્ગત જ્યારે બે–ત્રણ મહિના પહેલાં ઊજાલા યોજના ચાલુ કરી હતી, એના દ્વારા મારા વિસ્તારમાં મારી ઓફિસ પાસે આનો એક સ્ટોલ ચાલુ કરેલ હતો, એમાં ૬ થી ૬.૫ લાખ જેટલા એલ.ઇ.ડી. બલ્બ એજન્સી દ્વારા વેચાયા હતા એ માટે હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એલ.ઇ.ડી. બલ્બના વિતરણની કામગીરી કોના દ્વારા અને કયાં થાય છે? એલ.ઇ.ડી. બલ્બ ખરીદવા માટે કયા કયા પુરાવા જરૂરી છે? અને એલ.ઇ.ડી. બલ્બના વપરાશથી શું ફાયદો થાય છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : એલ.ઇ.ડી. બલ્બ વિતરણની કામગીરી અંગે એનર્જી એફિસિયન્સ સર્વિસ લિ. નિયુક્ત કરેલ એજન્સીના માણસો દ્વારા એલ.ઇ.ડી. બલ્બના વિતરણની કામગીરી રાજ્યના તમામ ૩૩ જિલ્લામાં વિજ વિતરણ કંપની, સબ ડિવિઝન કચેરીમાં કાર્યરત ૬૬૮ કાઉન્ટર દ્વારા કરવામાં આવી રહેલ છે. એલ.ઇ.ડી. બલ્બ ખરીદવા માટે પુરાવા આપવા માટે છેલ્લા લાઇટ બિલની ઝેરોક્સ કોપી, ફોટો આઇ.ડી. ની ઓરિજનલ તેમજ ઝેરોક્સ આપવાની હોય છે. એલ.ઇ.ડી. બલ્બના વપરાશના ફાયદાની વાત કરીએ તો રાજ્યમાં એલ.ઇ.ડી. બલ્બ વિતરણ યોજના ૧૫–૩–૧૭ સુધીમાં અંદાજે ૩ કરોડ ૧૦ લાખ એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. એલ.ઇ.ડી. બલ્બના વપરાશમાં ૪૦૯૪ એમ.યુ. વીજળી વાર્ષિક બચત થાય તેવો અંદાજ કરવામાં આવેલ છે. જેમાં રૂપિયા ૧૬૩૮ કરોડની વાર્ષિક બચત થાય છે. મેગાવોટની વાત કરીએ તો ૮૦૦ મેગાવોટ ફીકસ ડિમાન્ડની અંદર ઘટાડો થાય તેમ છે. ૩૩ લાખ ટન કાર્બન ડાયોકસાઇડના ઉત્સર્જનમાં વાર્ષિક ઘટાડો થાય તેવો અંદાજ કરવામાં આવ્યો છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૮ લાખ ૬૮ હજાર ૨૦૦ એલઇડી બલ્બનું વિતરણ કરવું સાહેબ અઘરું નથી, પણ વિતરણ કર્યા પછી તેનો શું ફાયદો થયો તે જોવું મહત્વનું છે. આ ૨૮ લાખ બલ્બનું વિતરણ થયું તેમાં ખર્ચ શું થયો અને તેમાંથી ફાયદો શું થયો તે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય જવાહરભાઇને જણાવવા માગીશ કે હમણાં જ મેં ઉત્તર આપ્યો તે મુજબ એલઇડી બલ્બ અને ટયુબલાઇટનું વેચાણ કરીએ છીએ તેની માત્ર વ્યવસ્થા કરી આપેલ છે. ઇઇએસએલ કેન્દ્ર સરકારની કંપની છે તે કંપની દ્વારા આ બલ્બનું વેચાણ કરવામાં આવે છે. તેના વેચાણથી જે ફાયદો થયો તેની વાત કરી તેમાં ૪૦૯૪ મિલિયન યુનિટસની વાર્ષિક બચત થશે તેવો અંદાજ કરવામાં આવ્યો છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી બચત થઇ સાહેબ?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ તો હવે આંકડા કઢાવીએ ત્યારે ખબર પડે. બહુ કલીયર છે. મારી વાત સાંભળો દા.ત. ૪૦ વોલ્ટની ટયુબલાઇટ હોય અને તેની અંદર ૧૫ વોલ્ટનો ચૉકનો હોય છે. એટલે ૫૫ વોલ્ટની સામે માત્ર ૨૦ વોલ્ટની ટયુટબલાઇટ આપણે લગાવીએ તો તેમાં જે તફાવત રહે તે મુજબ જે રીતે બલ્બ અને ટયુબલાઇટનું વેચાણ કર્યું છે તે મુજબ બચત થાય તે સ્વાભાવિક છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિઋષિ વેદવ્યાસજીએ મહાભારતના શાંતિપર્વમાં લખ્યું છે કે, અસતો મા સદગમય એટલે કે અસત્ય તરફથી મને સત્ય તરફ લઇ જા. તમસો મા જયોતિર્ગમય એટલે કે ઉંડા અંધારેથી મને અજવાળા તરફ લઇ જા અને મૃત્યુર્મા અમૃતગમય એટલે કે મૃત્યુ તરફથી અમૃત તરફ લઇ જા. આ શાસ્ત્ર છે તેને ચરિતાર્થ કરતી યોજના એટલે ઊજાલા ભારત અને ઊજાલા ગુજરાત યોજના. આદરણીય અધ્યક્ષશ્રી, આદરણીય જવાહરભાઇએ ફાયદાની વાત કરી તો અનેક ગરીબ પરિવારોના ઘરમાં આ યોજનાના માધ્યમથી રોશની થઇ છે તે આનો ફાયદો છે. બીજી વાત કરીને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઊજાલા યોજનાની શરૂઆત કેવી રીતે થઇ અને આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ શું છે?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઊજાલા યોજનાની શરૂઆતની વાત કરું તો વીજ ઉત્પાદન જેટલું જ મહત્વ વીજ બચતને આપીને સમગ્ર દેશના તમામ ગામડાંને વીજળી પહોંચતી કરવાના ભાગરૂપે ભારત સરકાર દ્વારા

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

દેશના ૧૦૦ શહેરમાં દેશવ્યાપી ડોમેસ્ટીક એફીસીયન્સ લાઇટીંગ પ્રોગ્રામ એટલે કે ડીઇએલપી શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાત રાજયમાં તારીખ ૨૯મી મે ૨૦૧૬ના રોજ ઊજાલા કાર્યક્રમ હેઠળ લાઇટ એમીટીંગ ડાયોડ એટલે કે એલઇડી બલ્બ વિતરણનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ જોઇએ તો કાર્યક્ષમ એલઇડી લાઇટના ઉપયોગ થકી વીજ બચત અંગે લોકજાગૃતિ લાવવાનો છે. તેના થકી લોકોને વીજ બીલમાં રાહત મળી શકે છે અને સાથે સાથે પર્યાવરણને પણ બચાવવામાં મદદરૂપ થઇ શકે છે.

નર્મદા, તાપી અને ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણો

* ૩૧૭૩૧ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નર્મદા, તાપી અને ભરૂચ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નર્મદા, તાપી અને ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નર્મદા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૬૭૨ | ૨૭.૦૧ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૫૫૭ | ૧૯.૯૭ |
| કુલ | ૧૨૨૯ | ૪૬.૯૮ |
| તાપી જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૩૭૨ | ૧૩.૦૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૬૬૫ | ૨૩.૨૮ |
| કુલ | ૧૦૩૭ | ૩૬.૩૦ |
| ભરૂચ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૩૭૭ | ૧૩.૪૯૫ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૪૨૪ | ૧૪.૮૪૦ |
| કુલ | ૮૦૧ | ૨૮.૩૩૫ |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ઘર વપરાશના વીજ જોડાણ માટે કુટિર જયોતિ વીજ જોડાણ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી હતી અને તેમાંથી કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇને કહું કે, નર્મદા જિલ્લાની અંદર તાલુકાવાઇઝ કુટિર જયોતિ યોજના અંતર્ગત કેટલા કનેકશન આપ્યા તો તેમાં નર્મદા જિલ્લાની અંદર નાંદોલ તાલુકાની અંદર વર્ષ ૨૦૧૫–૧૬માં ૫૯ કનેકશન આપવામાં આવ્યા છે. ૨.૮૩ લાખ ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૫ કનેકશનો આપવામાં આવ્યા ખર્ચ ૦.૧૮ લાખ થયો, ગરુડેશ્વરમાં ૨૦૧૫–૧૬માં ૩૬૭ કનેકશનો આપવામાં આવ્યા ૧૩.૮૫ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૫૧૨ કનેકશનો આપવામાં આવ્યા ૧૮.૪૦ લાખનો ખર્ચ થયો, તિલકવાડામાં ૨૦૧૫–૧૬માં ૯૦ કનેકશનો આપવામાં આવ્યા ૩.૭૩ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૧૦ કનેકશનો આપવામાં આવ્યા ૦૦.૩૫ લાખનો

ખર્ચ થયો, ડેડિયાપાડામાં ૨૦૧૫–૧૬માં ૩૫ કનેક્શનો આપવામાં આવ્યા ૧.૪૫ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૬ કનેક્શનો આપવામાં આવ્યા ૦.૨૧ લાખનો ખર્ચ થયો, સાગબારામાં ૨૦૧૫–૧૬માં ૧૨૧ કનેક્શનો આપવામાં આવ્યા ૫.૧૫ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૨૪ કનેક્શનો આપવામાં આવ્યા ૦.૮૪ લાખનો ખર્ચ થયો. તાપી જિલ્લાની વાત કરું તો તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૨૦ કનેક્શનો આપવામાં આવ્યા ૦.૭૦ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૧૦૦ કનેક્શનો આપવામાં આવ્યા ૩.૫૦ લાખનો ખર્ચ થયો, સોનગઢ તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૬૬ કનેક્શનો આપવામાં આવ્યા ૨.૩૧ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૧૭૨ કનેક્શનો આપવામાં આવ્યા ૬.૭૨ લાખનો ખર્ચ થયો, ઉચ્છલ તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૧૩૭ કનેક્શનો આપવામાં આવ્યા ૪.૮૦ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૮૦ કનેક્શનો આપવામાં આવ્યા ૨.૮૦ લાખનો ખર્ચ થયો, નિઝર તાલુકામાં કોઇ માગણી ન હતી. વાલોડ તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૧૫૦ કનેક્શનો આપવામાં આવ્યા ૫.૨૧ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૪૩ કનેક્શનો આપવામાં આવ્યા ૧.૫૧ લાખનો ખર્ચ થયો, ડોલવાણ તાલુકામાં ૨૦૧૬–૧૭માં ૨૫૦ કનેક્શનો આપવામાં આવ્યા ૮.૭૫ લાખનો ખર્ચ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાની વાત કરું તો કુટિર જ્યોત યોજનામાં ત્રણ તાલુકાનો સમાવેશ થાય છે એમાં વાલિયામાં વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૧૦ અરજીઓ આવી ૩.૮૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે અને ૨૦૧૬–૧૭માં ૮૭ અરજીઓ આવી ખર્ચ ૩.૪ લાખનો થયો છે, ઝગડીયામાં વર્ષ ૨૦૧૫–૧૬માં ૯૦ અરજીઓ આવી ૩.૪૫ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૧૬૫ અરજીઓ આવી ૫.૭૭ લાખનો ખર્ચ થયો છે, નેત્રંગમાં ૨૦૧૫–૧૬માં ૧૭૭ કનેક્શનો આપવામાં આવ્યા ખર્ચ ૬.૧૯ લાખનો થયો અને ૨૦૧૬–૧૭માં ૧૭૨ કનેક્શનો આપવામાં આવ્યા અને ખર્ચ ૬.૨ લાખનો કરવામાં આવ્યો. આ રીતે કુટિર જ્યોત યોજનામાં કનેક્શનો આપવામાં આવ્યા છે અને આ જિલ્લામાં એક પણ અરજી પડતર નથી, જેટલી અરજીઓ આવી એટલા કનેક્શનો આપી દેવામાં આવ્યા છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, નર્મદા, તાપી, ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોત યોજના સિવાય ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશ વીજ જોડાણ મેળવવા માટે અન્ય યોજના અમલમાં છે કે કેમ? જો હા, તો આ જિલ્લામાં આ યોજના હેઠળ ૩૧.૧૨.૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલા વીજ જોડાણ આપેલ છે અને, તે માટે કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય ગૃહને મારે જણાવવાનું છે કે, કુટિર જ્યોતિ યોજના ઉપરાંત ઝૂપડપટ્ટી યોજના રાજયમાં અમલમાં છે અને આ યોજના અંતર્ગત નર્મદા, તાપી અને ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોત યોજના સિવાયના ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ મેળવવા માટે ઝૂપડપટ્ટી યોજનામાં ૩૧.૧૨.૨૦૧૬ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ની અંદર ૨૦૩ અરજીઓ આવેલી અને તેની પાછળ ૯.૬૭ લાખ રૂપિયાનો ખર્ચ થયેલો અને વર્ષ ૨૦૧૬–૧૭માં ૭૧ અરજીઓ આવેલી અને ૨.૪૮ લાખ રૂપિયાનો ખર્ચ થયેલો. તાપીમાં ૨૦૧૫–૧૬માં ૯૩ અરજીઓ આવેલી અને ૩.૨૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ. ૨૦૧૬–૧૭માં ૮૫ કનેકશન આપવામાં આવ્યા અને એમાં ૨.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ભરૂચની અંદર ૯૫૩ માગણીઓ આવી અને એમાં ૪૮.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને ૨૦૧૬–૧૭માં ૭૭૮ની માગણી આવી અને ૨૭.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. આમ કુલ મળીને ૧૭૩૧ કનેક્શનો ઝુંપડપટ્ટી યોજનાની અંદર આપવામાં આવ્યા અને ૭૬ લાખ ૬ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે આ યોજનાની અંદર તમામ જ્ઞાતિના લોકોને કનેકશનો આપવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફતે પુછવા માગું છું કે, આ જે યોજના છે એમાં માત્ર એક પોઇન્ટ મીટર, ૧૮ થી ૨૦ વોલ્ટેજ અને સી.એ.એલ.એફ. બલ્બ વાપરવાની છૂટ આપવામાં આવે છે. સરકાર જ્યારે એને કનેકશન આપે જ છે અને એ પરિવારને આટલું જ આપવામાં આવે છે અને બિલ તો એ પોતે જ ભરે છે તો સરકાર આમાં છૂટછાટ આપવા માગે છે કે કેમ? આ યોજનાની સૌથી મોટી ખામી આ જ છે અને લોકો નથી આવતા એનું કારણ માત્ર આ જ છે કે આ યોજનામાં શરત છે કે આ યોજનાના જે લાભાર્થી હોય એને આટલું જ વાપરી શકાય, વધારાનું વાપરી ન શકાય તો બિલ તો એ લોકો પોતાની રીતે ભરે જ છે તો આપ એમાં છૂટછાટ આપીને સંપૂર્ણપણે લાભ મળે એવું કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રી બલવંતસિંહજીને જણાવવાનું કે, તેઓ જણાવે છે કે આ યોજનાની અંદર ખામી છે તો માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે આ યોજનામાં કોઇ ખામી નથી આ કુટિર જ્યોતિ યોજના અને ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત આવા જે કોઇ લાભાર્થી હોય અને એ લાભાર્થીને વીજળીનું કનેકશન ન હોય અને એમણે માગણી કરી હોય તો આવા લાભાર્થી કોણ હોય કે જેમણે કોઇ દબાણ કરેલું હોય અથવા ટૂંકી જગ્યાની અંદર નાનું ઝુંપડુ કર્યું હોય અને એમાં કનેકશનની માગણી કરી હોય ત્યારે વિભાગ તરફથી એમને કનેકશન આપવામાં આવે છે અને એક બલ્બ અને બોર્ડની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. પણ આમ છતાં આવો લાભાર્થી વધારાના કોઇ લોડનો ઉપયોગ કરતો હોય તો એના માટેની કોઇ મર્યાદા નથી.

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા જિલ્લામાં મેશ્વો નદી પરનો કોઝવે

* ૩૦૩૮૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાઠાં જિલ્લાના તલોદ તાલુકાના રણાસણથી નવા તરફ જતા રસ્તા ઉપર મેશ્વો નદી ઉપરનો કોઝવે ખરાબ હાલતમાં છે ઉક્ત કોઝવેને નવીન બનાવવા સરકારને છેલ્લાં બે વર્ષમાં કેટલી દરખાસ્તો મળેલ છે, | (૧) ૧, (એક) |
| (૨) ઉક્ત મળેલ દરખાસ્તો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) માર્ગ અને મકાન વિભાગને દરખાસ્ત મોકલી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કોઝવે કેટલા ખર્ચે ક્યાં સુધીમાં નવો બનાવવામાં આવશે? | (૩) માર્ગ અને મકાન વિભાગ નકશા અંદાજ બનાવે તેટલી કિંમતની મંજૂરી મેળવી કાર્યવાહી તે વિભાગ દ્વારા કરવામાં આવશે. |

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ પ્રશ્ન પુછવાનો આશય મારા મત વિસ્તાર તલોદ તાલુકાના રણાસણથી મોઢુકા, નવા, પુંસરી, ગુંદિયા, કઠવાડા, નવાનગર, લક્ષ્મીપુરા સહિતના અનેક ગામો આ રસ્તા ઉપર જોડાયેલા છે અને આ તમામ લોકોને અવરજવર કરવા સારું હિંમતનગર જિલ્લા મથકે જવું પડે છે. વર્ષ ૧૯૭૮માં આ મેશ્વો નદી ઉપર કોઝવે બનેલો અને આ કોઝવે હાલ સંપૂર્ણ રીતે ખરાબ થઇ ગયેલો છે એક સાધન હોય તો બીજું સાધન ક્રોસ કરી શકતું નથી, તેનાથી આગળ એક ગોરઠીયા ચેકડેમ બન્યો છે એનું પાણી પણ બેક મારી અને પરત આવે છે જેના કારણે અહીંયા અવરજવર કરવાની ખૂબ મુશ્કેલી છે ત્યારે મેં આ પ્રશ્ન માર્ગ અને મકાન મંત્રીશ્રીને પુછેલો અને તારીખ ૧૬–૨–૨૦૧૭ના રોજ માર્ગ અને મકાન વિભાગે સિંચાઇ વિભાગને ૩–૩–૨૦૧૭ના રોજ મોકલવામાં આવેલ અને સિંચાઇ વિભાગ દ્વારા જવાબ આપવામાં આવશે એવું લખેલું છે પણ મને જવાબ જે મળ્યો છે એમાં માર્ગ અને મકાન વિભાગ આ કામ કરશે એવું જણાવવામાં આવ્યું છે ત્યારે મારા આ વિસ્તારનો ખૂબ અગત્યનો પ્રશ્ન હોઇ અને અહીંયા સિંચાઇ મંત્રીશ્રી અને માર્ગ મકાન મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી પણ હાજર છે ત્યારે મારી ખાસ વિનંતી છે કે આ રણાસણથી નવા તરફ જતો પંચાયત હસ્તકનો જે રસ્તો છે એના ઉપર કોઝવે કેટલા સમયમાં બનશે અને કોઇ ચોક્કસ સમય મર્યાદામાં કયા વિભાગ દ્વારા બનાવવામાં આવશે એ હું જાણવા માગું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માગણી મૂકી છે એ એકદમ વાજબી છે એમાં કોઇ ઇન્કાર થઇ શકે તેમ નથી અને મને આ સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, સિંચાઇ વિભાગ અને માર્ગ મકાન વિભાગ વચ્ચે કોઇ રસ્તાઓ કે કોઇ કોઝવે કે કોઇ બ્રીજની બાબતમાં ઘણી વખત આ પ્રકારની અસમંજસ રહે છે. પરંતુ આ અસમંજસ ના રહે તે માટે માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીએ જયારે તેમના વિભાગની ચર્ચા પરનો જવાબ આપ્યો ત્યારે તેમણે જાહેરાત કરેલી કે બીજા કોઇ પણ વિભાગે રસ્તાઓ કે પુલો બનાવ્યા હોય કે કોઝવે બનાવ્યા હોય તે બધા જ હવે માર્ગ અને મકાન વિભાગ હસ્તક તેમની જવાબદારીમાં આવશે એટલે હવે પછી આવો પ્રશ્ન કયારેય આવશે એવુ મને લાગતું નથી. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તે વાત સાચી છે કે ૧૯૭૮માં જયારે આ કોઝવેની મંજૂરી આપી, જયારે બન્યો ત્યારે સિંચાઇ વિભાગે બનાવેલો કારણ કે મેશ્વો નદીની અંદર મેશ્વો ડેમમાંથી આપણે જયારે પાણી છોડીએ ત્યારે આડકતરી રીતે સિંચાઇ આપવા માટે આ પાણી છોડવાનું હતું ત્યારે આ ગ્રામ્ય માર્ગ હતો અને બહુ મર્યાદિત પ્રમાણમાં માણસોની અવર જવર હતી અને ટ્રાફિક બિલકુલ નહોતો. હવે આ ઓડીઆરમાં આવી ગયો છે રસ્તાઓ બન્ને બાજુના છેડાના તે માર્ગ અને મકાન વિભાગ હસ્તક છે. માત્ર કોઝવે તે સિંચાઇ વિભાગ હસ્તક છે તો હવે માર્ગ અને મકાન વિભાગ હસ્તક આ રસ્તો આપી દેવાનો છે અને ટૂંક સમયની અંદર જ માર્ગ અને મકાન વિભાગ આ રસ્તો કરશે કારણ કે રસ્તો ઘણો લાંબો છે અને માત્ર ચાર મીટર જ પહોળો છે એટલે માનનીય સભ્યશ્રીની ચિંતા એકદમ વાજબી છે અને આ સરકાર માનનીય સભ્ય આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય દરેકની ચિંતાનો ઉકેલ લાવવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે મેશ્વો નદી ઉપરના કોઝવે મા.અને મ. વિભાગને સોંપવા સિંચાઇ વિભાગ દ્વારા કયા કયા વર્ષમાં તેની દરખાસ્ત કરવામાં આવેલ છે ? અને છેલ્લી સૂચના મુજબ આપ સાહેબે વાત કરી કે માર્ગ અને મકાન વિભાગ કાર્ય કરશે તો હું જાણવા માગુ છું કે આ દરખાસ્તો કેટલી વખત કરવામાં આવી ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેશ્વો નદી પરનો કોઝવે સિંચાઇ વિભાગે માર્ગ અને મકાન વિભાગને સોંપવા માટે ૧૯૯૭, ૧૯૯૮ અને ૨૦૦૭ના વર્ષમાં દરખાસ્તો કરેલ. સરકારશ્રીની છેલ્લી સૂચના મુજબ નદી પરના

કોઝવેની કામગીરી પંચાયત માર્ગ અને મકાના વિભાગ હસ્તક કરવાનું નક્કી થઇ ગયેલ છે એટલે હવે આ પ્રશ્ન રહેતો નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયાએ જે ચિંતા વ્યકત કરી છે વિસ્તાર માટેની અને માનનીય મંત્રીશ્રી સિંચાઇએ પણ તે વાત સ્વીકારી છે કે હવે આ રસ્તો એ ઓડીઆર કક્ષાનો થયેલો છે તે સંજોગોમાં આ કામ થવુ અત્યંત આવશ્યક છે. કારણ કે માનનીય મંત્રીશ્રી સિંચાઇ પાસે હવે આ વસ્તુ નથી એમણે કહ્યું કે નવી નીતિ પ્રમાણે માનનીય મંત્રીશ્રી મા.અને મ. પાસે છે. હું આપના મારફતે વિનંતી કરીશ માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીને કે જયારે બન્ને પક્ષથી આ વસ્તુની ચિંતા સેવાય છે ત્યારે ૧૯૭૮માં બનેલો કોઝવે છે અને જો ઓડીઆર રસ્તો છે તે સંજોગોમાં આપ કોઇ ચોક્કસ સમય–મર્યાદા કે આને અગ્રતા આપીને, ટોપ પ્રાયોરિટી આપીને કોઇ ચોક્કસ સમય–મર્યાદામાં સરકાર આ કામ પૂરું કરવા માગે છે કે કેમ ?

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર તો પ્રગતિશીલ અને સંવેદનશીલ સરકાર છે. ગુજરાતમાં સિંચાઇ વિભાગના આવા સેંકડો સ્ટ્રકચરો, સેંકડો બાંધકામો એવા છે કે જે અગાઉ સિંચાઇ વિભાગે એની જરૂરિયાત પ્રમાણે નિર્માણ કરેલા અને તેની માવજત પણ સિંચાઇ વિભાગ કરે છે. પણ સ્વભાવિક છે કે સિંચાઇ વિભાગ પાસે મુખ્ય કામ સિંચાઇનું હોઇ, કેનાલોની જાળવણી માટેનું હોય, બધું કરવા માટે એમનું મોટાભાગનું બજેટ એ ખેડૂતલક્ષી બજેટ અમારા સિંચાઇ વિભાગમાંથી અમે ફાળવીએ છીએ. એટલે અમે માર્ગ અને મકાન વિભાગનું આ વખતે બજેટ તૈયાર કરતા હતા એ જ વખતે સામા પગલે મારા તરફથી મેં અધિકારીઓને, અમારા સચિવશ્રીઓને બધાને કહ્યું કે આપણે સિંચાઇ વિભાગના બધા સ્ટ્રકચરો આવા લઇ લઇએ તો કેવું રહે ? એટલે અધિકારીઓએ એમાં ટેકનિકલી બધી ચર્ચા કરીને એમણે કહ્યું કે થોડું બજેટ વધારે ફળવાય તો આપણે આ કામ કરી શકીએ, એટલે નાણામાંત્રી તરીકે બંને બાબત મારી પાસે આવવાના કારણે મેં એમાં સંમતિ આપી અને આખા ગુજરાતમાં કોઇપણ સિંચાઇ વિભાગના Structure જે publicને રસ્તાઓ સાથે જોડતા હોય, અવર–જવર માટે જરૂરી અને ઉપયોગી હોય અને જૂના થઇ ગયા હોય અને નવા કરવાના હોય, રોડ અને પુલની પહોળાઇ વધારવાની હોય તો મારા માર્ગ અને મકાનના બજેટમાં મેં મંજૂર કરેલ છે. મહેન્દ્રસિંહ ભાઇએ મને અલગ રીતે પણ રજૂઆત કરેલ છે. ત્યાંના બીજા કાર્યકરો તરફથી પણ રજૂઆત આવેલ છે. આ બધાની લાગણીઓ સ્વીકારી અને આ વર્ષે આપણે એ કામ શરૂ કરાવી દઇશું.

આણંદ જિલ્લાઆમાં ટીસ્યુ કલ્ચર લેબૉરેટરી બનાવવા માટે સહાય

* ૩૦૬૨૩ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ટીસ્યુ કલ્ચર લેબૉરેટરી બનાવવા માટે આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | ૧(એક) લાભાર્થી રૂ.૨૯,૦૬,૦૦૦/– (ઓગણત્રીસ લાખ છ હજાર પુરા) |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતો સમૃદ્ધ બને એના માટે પરંપરાગત ખેત પદ્ધતિના બદલે ગુજરાતનો ખેડૂત વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતો થાય એના માટે રાજ્ય સરકાર કૃષિ વિભાગ દ્વારા એનું માર્ગદર્શન અને એ માટેની સહાય આપવામાં આવે છે. મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, આણંદ જિલ્લાની અંદર ટીસ્યુ કલ્ચર લબૉરેટરી બનાવવા માટે એક જ ખેડૂતને રૂ.૨૯,૦૬,૦૦૦/– જેટલી માતબર રકમની સહાય આપવામાં આવી છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, અત્યાર સુધી આણંદ જિલ્લાની અંદર કેટલી ટીસ્યુ કલ્ચર લેબૉરેટરીઓને કેટલી સહાય આપવામાં આવી અને ક્યારે આપવામાં આવી?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રી સંજયભાઇને જણાવવાનું કે, આણંદ જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૧–૧૨માં એક સીધી પ્લાન્ટેક, મહાથીપુરા, આંકલાવ, જિ.આણંદ ખાતે આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૫–૧૬માં મેસર્સ નેશનલ લાઇફ સાયન્સ, સર્વે નં–૯૨૪, સાણસા, ખાનપુર રોડ ખાતે આપવામાં આવી છે અને વર્ષ ૨૦૧૬–૧૭માં ગામ–સાણસા, તા.આણંદ ખાતે આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫–૧૬માં નેશનલ ફાઇલ સાયન્સને રૂ.૨૯,૦૦,૦૦૦/–ની સબસીડી આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૨૯.૬ લાખની સબસીડી આપવામાં આવી છે અને એ જ રીતે વર્ષ ૨૦૧૧–૧૨માં આણંદ જિલ્લામાં રૂ.૧૬ લાખની સબસીડી આપવામાં આવી છે.

શ્રી જીતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, આ ટીસ્યુ કલ્ચાર એટલે શું અને ટીસ્યુ કલ્ચર રોપાના લાભો જણાવવા કૃપા કરશો જેથી અમારી જાણકારી વધે.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જીતુભાઇને જણાવવાનું કે, ટીસ્યુ કલ્ચર પેશી સંવર્ધન એટલે સારા ઉચ્ચ ગુણવત્તાવાળા માતૃ છોડમાંથી કોષ/પેશી લઇ તેને કૃત્રિમ ખોરાક ધરાવતા કાચના પાત્રમાં

નિયંત્રિત અને જીવાણું મુક્ત વાતાવરણમાં ઉછેરી તેમાંથી માતૃ છોડ જેવા જ ગુણધર્મોવાળા છોડ પ્રયોગશાળામાં ઉત્પન્ન પદ્ધતિને ટીસ્યુ કલ્ચર પેશી સંવર્ધન પદ્ધતિ કહે છે. જેના લાભોની વાત કરું તો જનીનિક રીતે એક સરખા છોડ વાવેતર માટે ઉપલબ્ધ થાય છે. જેથી એક સાથે પાક મેળવી શકાય છે. તંદુરસ્ત અને રોગ તથા જીવાણુ મુક્ત છોડ ઉપલબ્ધ થાય છે. કોઇ પાકમાં નર અને માદા છોડ જુદા-જુદા હોય તો ટીસ્યુ કલ્ચર પદ્ધતિમાંથી માત્ર માદા છોડ ઉત્પન્ન કરવાનું શક્ય બને છે. ટીસ્યુ કલ્ચર પદ્ધતિથી સમગ્ર વર્ષ દરમિયાન પ્લાન્ટિંગ મટીરીયલ રોપા ઉત્પન્ન કરી શકાય છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે ટીસ્યુ કલ્ચર લેબૉરેટરીની વાત થઇ એમાં સબસીડી આપવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલી અરજીઓ આવી અને એમાંથી કેટલી મંજૂર કરી, બીજું એ કે પ્રોજેક્ટ કોસ્ટના કેટલા ટકા સબસીડી આપીએ છીએ અને ત્રીજુ કે જે લેબને સબસીડી આપીએ એ લેબમાંથી ખેડૂત જ્યારે રોપા ખરીદે છે તો ખેડૂતને એ રોપાની કિંમતમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાની અંદર સહાય માટેની જે અરજીઓ ટીસ્યુ કલ્ચર માટેની આવી છે એ સહકારી સંસ્થા હોય કે ખાનગી વ્યક્તિ હોય આવા કોઇ અરજદાર માગણીદાર થતા હોય તો આપણે એને મંજૂરી આપીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, એ માટે કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી? કેટલા ટકા સહાય આપી અને સહાય આપેલી લેબ કોઇ ખેડૂતોને રાહત દરે રોપા આપે છે કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ લેબૉરેટરીને સહાય પૂરી પાડવા માટે અમદાવાદની અંદર બે સંખ્યા છે અને ચૂકવાયેલ સહાય છે એ ૫૦ લાખ રૂપિયા છે. આણંદની અંદર ત્રણ છે, ( અંતરાય) ખેડૂત સહાય માટે ૫૦ ટકા સહાય રોપાની અંદર આપવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, ખેડૂતોને રાહત દરે કોઇ રોપા આપે છે કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એના ભાવ નિયત કરેલા છે. માનનીય અધ્યક્ષશ્રીના માધ્યમથી સન્માનનીય સભાગૃહને મારે જણાવવું છે કે, સામાન્ય રીતે આપણી કોઇ સહકારી સંસ્થા હોય અને આવી લેબ સ્થાપતા હોય તો એને સો ટકા ગ્રાન્ટ આપવમાં આવે છે અને આવી સહકારી સંસ્થાના માધ્યમથી જે લેબની અંદર રોપા ઉત્પન્ન થતા હોય અને એ રોપાની અંદર આજે મારે ઉદાહરણ દેવું હોય તો, ખાનગી કંપનીની અંદર રોપા લગભગ ૩૫૦૦ થી ૪૦૦૦માં ટીસ્યુ કલ્ચરના રોપા વેચાતા હોય તો આપણી આણંદ યુનિવર્સિટી માત્ર ૧૮૦૦ રૂપિયામાં રોપા આપે છે એટલે ખૂબ રાહત દરેથી ખેડૂતોને રોપા ઉપલબ્ધ થાય છે.

### તારાપુર અને સોજીત્રા તાલુકા મથકમાં વીજ સબસ્ટેશનો ફાળવવા બાબત

***** ૩૧૧૧૬ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તારાપુર અને સોજીત્રા તાલુકા મથકે વીજ સબસ્ટેશન ફાળવેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તારાપુર અને સોજીત્રા તાલુકા મથકે વીજ સબસ્ટેશન ફાળવેલ નથી તે હકીકત સાચી છે. |
| (૨) જો હા, તો આ બંને તાલુકા મથકને સબ સ્ટેશનો ક્યારે આપવામાં આવશે? | (૨) હાલમાં ૬૬ કે.વી. નાર સબસ્ટેશનમાંથી તારાપુર તાલુકા મથકને પૂરતા વીજ દબાણથી ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે, જે તારાપુરથી આશરે ૫ કિ.મી.ના અંતરે આવેલ છે. અને ૬૬ કે.વી. લીંબાલી સબસ્ટેશનથી સોજીત્રા તાલુકા મથકને પૂરતા વીજ દબાણથી ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે, જે સોજીત્રાથી આશરે ૪ કિ.મી.ના અંતરે આવેલ છે. જેટકો દ્વારા ગુજરાત રાજ્ય ખાતે વીજ વિતરણ કંપનીઓની વીજ માંગને સંતોષવા માટે તેમજ પૂરતા વીજ દબાણથી ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડવા વીજ વિતરણ કંપનીઓની જરૂરિયાત અનુસાર ૬૬ કે.વી.ના સબસ્ટેશનો પ્રસ્થાપિત કરવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, સદર સબસ્ટેશનની જરૂરિયાત અંગેની વીજ વિતરણ કંપનીની દરખાસ્ત આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તારાપુર અને સોજીત્રાની અંદર વીજ સબસ્ટેશન ફાળવેલ નથી તે હકીકત સાચી છે? તો જવાબમાં લખ્યું છે કે, હા,જી. તો મારા

મતવિસ્તારની અંદર તારાપુર તાલુકાની અંદર અન્ય  તાલુકામાંથી વીજ પુરવઠો આપવામાં  આવે છે. તારાપુર તાલુકાની અંદર વીજ સબસ્ટેશન છે નહીં. તારાપુર ભાલ વિસ્તારના ગામોની અંદર માતર તાલુકાના લીંબાલીથી વીજ પુરવઠો આપવામાં આવે છે. આ લીંબાલીથી જયારે તારાપુર તાલુકાને વીજ પુરવઠો આપવામાં આવે છે ત્યારે ૧૫ કિલોમીટર દૂરથી વીજ પુરવઠો આપવામાં આવે છે, એટલે જયારે બગડે છે ત્યારે આ બોર્ડના અધિકારીઓ રિપેરિંગ જલદી કરી શકતા એટલે ત્રણ ત્રણ દિવસ સુધી અંધારપટ્ટની અંદર અમારા ભાલ વિસ્તારના લોકોને રહેવું પડે છે. તો તારાપુર તાલુકાની અંદર તારાપુર એ તાલુકા પ્લેસ છે. તો ત્યાં  સબસ્ટેશન બનાવવા માગો છો કે કેમ? એવોને એવો બીજો પ્રશ્ન મારો સાજીત્રા તાલુકાનો છે. સાજીત્રા તાલુકાની અંદર પણ નડિયાદ જિલ્લામાંથી કાસલોર, પીટલી, દેવાવાટજ, દેવાતરપલજ એવાં ઘણાં ગામોની અંદર નડિયાદ જિલ્લામાંથી વીજળી આપવામાં આવે છે અને  સોજીત્રાની અંદર પણ સબસ્ટેશન નથી. તો તાલુકા પ્લેસની અંદર  સબસ્ટેશન કરવા માગે છે કે કેમ અને આ વીજ પુરવઠો પૂરતો નથી મળતો એની જે ફરિયાદ છે એ ફરિયાદનું નિવારણ કરવા માગો છો કે કેમ?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે, તારાપુર તાલુકાની અંદર ૬૬ કે.વી. સબસ્ટેશન એક આવેલું છે અને સાજીત્રાની અંદર ૪૦૦ કે.વી. સબસ્ટેશન તાલુકાની અંદર એક આવેલ છે અને ૬૬ કે.વી. સબસ્ટેશન બે આવેલાં છે. આમ, તારાપુર અને સાજીત્રા તાલુકા મથકના બન્ને ગામો હોવા છતાં ૬૬ કે.વી. સબસ્ટેશન ત્યાં બનાવવામાં આવેલ નથી એ વાત ખરી છે, પણ માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે, તારાપુર અને સાજીત્રા ગામે સબસ્ટેશન નથી,  પરંતુ પૂરતા વોલ્ટેજથી બાજુના સબસ્ટેશનમાંથી પાવર સપ્લાય આપવામાં આવે છે. આ બન્ને તાલુકાની અંદર માત્ર  ચાર થી પાંચ કિલોમીટરના અંતરે આવેલા ૬૬ કે.વી સબસ્ટેશનમાંથી આ બન્ને તાલુકાઓને વીજ પ્રવાહ ઉપલબધ કરાવવામાં આવે છે  અને બાજુના તાલુકામાંથી વીજ પ્રવાહ ઉપલબ્ધ કરાવવામાં આવે છે એના વોલ્ટેજ બરાબર લે છે. ઓછો લોડ એક પણ ફીડરમાં નથી. તેમ છતાં આવી કોઇ માગણીઓ આવશે  ઓવરલોડ ફીડર હશે  તો ચોક્કસ સરકારની નીતિ છે કે ૧૫૦ એમ.પી.આર.થી ચાલતું કોઇ પણ  ફીડર હોય તો એ ફીડરને બાયફેરગેશન કરવું, જરૂર જણાય તો નવુ ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવું. આમ છતાં  સભ્યશ્રીની વારંવાર ફોલ્ટ આવવા અંગેની આ પ્રશ્ન દ્વારા મને માહિતી મળી એટલે તરત  જ મેં મારા વિભાગના અધિકારીઓને સૂચના આપી અને આવા તાલુકા મથક પર વારંવાર જો ફોલ્ટ આવતા હોય તો એ લાઇનનું મરામત કરવાનું થતું હોય તો તાકીદે મરામત કરીને એક પણ ફોલ્ટ ન આવે આવી સૂચના આપવામાં આવી છે એટલે જેના પરિણામે ટૂંક સમયમાં એનું મરામત કામ થશે અને જેથી કરીને આપની જે સમસ્યા છે એ દૂર કરીશું.

શ્રી સંજયકુમાર ર. પટેલ : લોકોને પૂરતા વીજ દબાણથી વીજ પુરવઠો મળી રહે એ માટે આ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવે છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે આણંદ જિલ્લાની અંદર તાલુકાવાર કેટલા સબસ્ટેશનો કાર્યરત છે?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : આણંદ જિલ્લાની અંદર કેટલા સબસ્ટેશનો આવેલા છે એ જણાવું તો આણંદ તાલુકામાં ૨૨૦ કેવી સબસ્ટેશન બે છે, ૧૩૨ કે.વી.નું ૧ છે અને ૬૬ કે.વી.ના ૧૧ છે એમ કુલ મળીને ૧૪ સ્થાપવામાં આવેલ છે. આંકલાવ તાલુકામાં ૬૬ કે.વી.ના ૩, ઉમરેઠ તાલુકામાં ૬૬ કે.વી.ના ૨, ખંભાત તાલુકામાં ૧૩૨ કે.વી.ના ૧, ૬૬ કે.વી.ના ૩ એમ કુલ ૪ સ્થાપવામાં આવેલ છે. તારાપુર તાલુકામાં ૬૬ કે.વી.નું એક સબસ્ટેશન છે. પેટલાદ તાલુકામાં ૬૬ કે.વી.ના પાંચ સ્થાપવામાં આવેલ છે. બોરસદમાં ૩ અને સોજીત્રામાં ૪૦૦ કે.વી.નું એક અને ૬૬ કે.વી.ના બે આમ કુલ ૩ સબસ્ટેશન સ્થાપવામાં આવેલ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૬૬ કે.વી.નું એક સબસ્ટેશન સ્થાપવા  પાછળ કેટલો ખર્ચ થાય છે અને એના લીધે ગ્રાહકોને  કયા કયા ફાયદા થાય છે, અને જે સબસ્ટેશન સ્થાપવામાં આવે છે એનું ફાઉન્ડેશન હલકી  કક્ષાનું થાય છે તેવી કોઇ ફરિયાદ મળી છે કે કેમ?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય સભ્યશ્રીએ ૬૬ કે.વી.ના એક સબસ્ટેશન પાછળ ખર્ચની વાત કરી છે તો એની પાછળ અંદાજે પાંચથી છ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. આ સબસ્ટેશન સ્થાપવાની કામગીરી વિભાગના ચીફ એન્જિનીયરની દેખરેખ નીચે થતી હોય છે.  એટલે આવી કોઇ ગરબડની ફરિયાદ થઇ હોય તેવું અમારા ધ્યાન ઉપર આવ્યું નથી. તેમ છતાં નવા સબસ્ટેશનોની કામગીરી ગુણાવત્તાવાળી થાય એના માટે  વખતો વખત સૂચનાઓ આપવામાં આવે છે.

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

જામનગર જિલ્લામાં સિંચાઇ યોજનાઓમાં તળાવો તથા ચેકડેમોમાં ભરાયેલ કાંપ

* ૩૧૯૮૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા નાની સિંચાઇ યોજનાઓ, તળાવો તથા ચેકડેમોમાં ભરાયેલ કાંપ સ્વૈચ્છિક રીતે ખેડૂતો ઉપાડી શકે છે તેવી પરવાનગી આપતો સરકારી ઠરાવ/પરીપત્ર તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ ક્યારે પ્રસિધ્ધ થયેલ છે.

(૧)

| ક્રમ | વિભાગનું નામ | ઠરાવ કર્યાની તારીખ |
|---|---|---|
| ૧ | ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ | તા. ૧૮/૦૭/૨૦૦૧(મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજના માટે) |
| ૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | તા.૨૦/૦૧/૨૦૦૭(તળાવો ઉંડા કરવા માટે) |
| ૩ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | તા.૧૭/૦૪/૨૦૧૩ (ચેકડેમ અને બંધારા ઉંડા કરવા માટે) |

(૨) ઉપરોક્ત ઠરાવ/પરીપત્રથી જોગવાઇ કર્યા મુજબ ખેડૂતો ઉક્ત સિંચાઇના સ્ત્રોતમાંથી કાંપ ઉઠાવે ત્યારે સરકારી સત્તાવાળાઓ જામનગર જિલ્લામાં ખેડૂતોને અટકાવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો ઉક્ત ફરીયાદના નિવારણ માટે સરકારે કરેલ જોગવાઇની બહોળી પ્રસિધ્ધિ માટે લીધેલા પગલાની મુખ્યત્વે શી વિગતો છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર વારંવાર જાહેરાતો કરે છે કે ચોમાસા પછી તળાવમાં પાણી ન હોય ત્યારે એ તળાવની માટી ખેડૂતો વગર મંજૂરીથી ઉપાડી શકશો. પરંતુ હકીકત એવી છે કે જયારે ખેડૂતો ટ્રેકટરો દ્વારા કે બીજા વાહનો દ્વારા માટી લઇ જતા હોય ત્યારે પોલીસ ખાતુ, રેવન્યુ ખાતુ, ખાણ ખનીજ ખાતુ તથા સિંચાઇ ખાતાવાળા ખેડૂતોને હેરાન કરે છે. કયાંક કયાંક ખેડૂતો પાસેથી પૈસા પડાવવાની પ્રવૃત્તિ કરે છે અને કયાંક કયાંક ખોટા કેસો કરે છે એના પરિણામે ખેડૂતો ખૂબ હેરાન થાય છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેડૂતો પાસે આવા ઠરાવની નકલ હોતી નથી તો તમારા સિંચાઇના સબ ડિવિઝનોમાં નોટિસ બોર્ડ ઉપર માટી ઉપાડવાની મંજૂરીની નકલ રાખવા માગો છો કે કેમ,અને ખેડૂતોને ગેરકાયદેસર અટકાવીને ભ્રષ્ટાચાર કરતા અધિકારીઓ સામે પગલાં ભરવા માટે છે કે કેમ?

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

સૌની યોજનાના ઉંડ–૧ માં પાણી ઠાલવવા બાબત

* ૩૦૯૧૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સૌની યોજનાના પ્રથમ તબક્કાનું લોકાર્પણ ઉંડ–૧ માં પાણી ઠાલવીને તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યારે કરવામાં આવેલ, અને

(૧) તા.૩૦–૦૮–૨૦૧૬.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિ સુધી ઉંડ–૧ માં દૈનિક કેટલા એમએલડી પાણી ઠાલવવામાં આવ્યું છે ?

(૨) ૩૮૦૦ મિલિયન લિટર.

---------

વલસાડ જિલ્લામાં ખેતી પાકનું વાવેતર

* ૩૩૧૯૮ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા હેક્ટરમાં ખેતી પાકનું

(૧)

| ક્રમ | તાલુકાનું | વાવેતર | વાવેતર |
|---|---|---|---|

તાલુકાવાર વાવેતર કરવામાં આવેલ હતું, અને

| | નામ | વિસ્તાર (હેક્ટરમાં) વર્ષ ૨૦૧૫ | વિસ્તાર (હેક્ટરમાં) વર્ષ ૨૦૧૬ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૭૦૧૩ | ૧૯૭૬૧ |
| ૨ | ધરમપુર | ૨૧૧૮૪ | ૨૨૯૮૪ |
| ૩ | પારડી | ૧૫૦૪૯ | ૧૫૨૨૫ |
| ૪ | કપરાડા | ૨૫૫૮૨ | ૨૮૭૩૨ |
| ૫ | ઉમરગામ | ૧૪૪૮૧ | ૧૫૪૪૭ |
| ૬ | વાપી | ૫૫૪૬ | ૪૪૮૫ |
| | જિલ્લાનું કુલ | ૯૮૮૫૫ | ૧૦૬૬૩૪ |

(૨) તે પૈકી કેટલા હેક્ટરમાં કઇ પ્રકારનું વાવેતર કરેલ છે?

(૨) સદરહુ વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે.

પત્રક : ૧

વર્ષ ૨૦૧૫ વલસાડ જિલ્લાના ઋતુવાર, તાલુકાવાર, પાકવાર વાવેતર વિસ્તારની વિગત (હેક્ટરમાં)

| ક્રમ. | જિલ્લો. | તાલુકા | રવિ -૨૦૧૫ | | | | | | | | ઉનાળુ -૨૦૧૫ | | | ખરીફ -૨૦૧૫ | | | | | | | | | ૨૦૧૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જુવાર | મકાઈ | ચણા | અન્ય કઠોળ | રાઈ | શેરડી | ડુંગળી | મરચાં | મગફળી | ડાંગર | મગ | ડાંગર | જુવાર | મકાઈ | રાગી | મગ | અડદ | તુવેર | મગફળી | તલ | કુલ |
| ૧ | વલસાડ | વલસાડ | ૧૨ | ૭ | ૪૩૨ | ૬૩૯ | ૦ | ૨૧૧૦ | ૦ | ૩૦ | ૦ | ૨૦૫ | ૦ | ૧૨૪૨૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૦૦ | ૫૫૪ | ૦ | ૦ | ૧૭૦૧૩ |
| | | ધરમપુર | ૭ | ૨ | ૪૫૦ | ૯૯૫ | ૦ | ૧૩૫ | ૧૫ | ૦ | ૯ | ૦ | ૧ | ૧૩૩૫૦ | ૧૫ | ૦ | ૧૮૬૦ | ૦ | ૨૧૪૫ | ૨૦૮૨ | ૧૧૮ | ૦ | ૨૧૧૮૪ |
| | | પારડી | ૦ | ૦ | ૨૧૫ | ૨૩૦૭ | ૧ | ૧૯૫૦ | ૦ | ૧૫ | ૦ | ૪૮૮ | ૫ | ૯૩૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦૮ | ૫૪૦ | ૦ | ૦ | ૧૫૦૪૯ |
| | | કપરાડા | ૨ | ૧ | ૨૯૭ | ૬૯૭ | ૦ | ૧૧૭ | ૭ | ૪૨ | ૨ | ૩૨ | ૦ | ૧૫૨૮૦ | ૨૪૧ | ૩ | ૩૦૫૩ | ૧ | ૨૮૭૪ | ૨૭૩૮ | ૧૯૩ | ૨ | ૨૫૫૮૨ |
| | | ઉમરગામ | ૦ | ૦ | ૨૮૫ | ૬૪૧ | ૦ | ૨૧૭૫ | ૦ | ૧૨ | ૦ | ૧૩૦ | ૦ | ૯૨૫૪ | ૦ | ૧૦ | ૦ | ૧૦ | ૬૩૦ | ૧૩૩૦ | ૨ | ૨ | ૧૪૪૮૧ |
| | | વાપી | ૦ | ૦ | ૭૫ | ૧૩૮૦ | ૦ | ૬૮૫ | ૦ | ૧૦ | ૦ | ૨૩૭ | ૪ | ૨૮૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૫ | ૨૧૦ | ૦ | ૦ | ૫૫૪૬ |
| | જિલ્લાનું કુલ | | ૨૧ | ૧૦ | ૧૭૫૪ | ૬૬૫૯ | ૧ | ૭૧૭૨ | ૨૨ | ૧૦૯ | ૧૧ | ૧૦૯૨ | ૧૦ | ૬૨૪૭૮ | ૨૫૬ | ૧૩ | ૪૯૧૩ | ૧૧ | ૬૫૫૨ | ૭૪૫૪ | ૩૧૩ | ૪ | ૯૮૮૫૫ |

વર્ષ ૨૦૧૬ વલસાડ જિલ્લાના ઋતુવાર, તાલુકાવાર, પાકવાર વાવેતર વિસ્તારની વિગત (હેક્ટરમાં)

| ક્રમ. નં. | જિલ્લો. | તાલુકા | રવિ -૨૦૧૬ | | | | | ઉનાળુ -૨૦૧૬ | | ખરીફ -૨૦૧૬ | | | | | | | | ૨૦૧૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જુવાર | મકાઈ | ચણા | અન્ય કઠોળ | શેરડી | ડાંગર | મગ | ડાંગર | જુવાર | રાગી | અન્ય કઠોળ | અડદ | તુવેર | મગફળી | તલ | કુલ |
| ૧ | વલસાડ | વલસાડ | ૧૪ | ૫ | ૭૨૫ | ૫૨૩ | ૨૨૩૫ | ૪૧૨ | ૧૬ | ૧૪૫૫૬ | ૦ | ૦ | ૦ | ૬૨૫ | ૬૫૦ | ૦ | ૦ | ૧૯૭૬૧ |
| | | ધરમપુર | ૨૫ | ૨ | ૭૬૫ | ૧૦૧૩ | ૫૭૫ | ૬૬ | ૧૨ | ૧૫૪૬૫ | ૦ | ૯૩૫ | ૧૩૦ | ૧૮૨૮ | ૨૦૭૮ | ૯૦ | ૦ | ૨૨૯૮૪ |
| | | પારડી | ૦ | ૦ | ૬૩૫ | ૧૬૧૬ | ૧૯૫૦ | ૭૨૫ | ૨૩ | ૯૨૮૬ | ૦ | ૦ | ૦ | ૨૫૦ | ૭૪૦ | ૦ | ૦ | ૧૫૨૨૫ |
| | | કપરાડા | ૧૮ | ૦ | ૬૨૦ | ૭૨૮ | ૩૪૫ | ૪૬ | ૬ | ૧૭૭૬૮ | ૩૧ | ૩૩૬૯ | ૪૮૦ | ૨૫૬૪ | ૨૬૩૨ | ૧૨૫ | ૦ | ૨૮૭૩૨ |
| | | ઉમરગામ | ૨ | ૦ | ૬૪૫ | ૬૦૧ | ૧૭૩૫ | ૧૦૫ | ૮ | ૧૦૫૫૨ | ૦ | ૦ | ૦ | ૪૬૦ | ૧૩૩૦ | ૨ | ૭ | ૧૫૪૪૭ |
| | | વાપી | ૦ | ૦ | ૧૨૦ | ૧૪૦ | ૪૪૦ | ૧૮૫ | ૦ | ૩૨૯૦ | ૦ | ૦ | ૦ | ૧૦૦ | ૧૨૦ | ૦ | ૦ | ૪૪૮૫ |
| | જિલ્લાનું કુલ | | ૫૯ | ૭ | ૩૫૧૦ | ૪૬૨૧ | ૭૨૮૦ | ૧૫૩૯ | ૬૫ | ૭૦૯૧૭ | ૩૧ | ૪૩૦૪ | ૬૧૦ | ૫૮૨૭ | ૭૬૪૦ | ૨૧૭ | ૭ | ૧૦૬૬૩૪ |

વાવેતર વિસ્તારની વિગતો તાલુકા વિકાસ અધિકારીશ્રીના પાક વર્તારા મુજબ છે.
રવિ ૨૦૧૫ માટે રવિ ૨૦૧૪-૧૫ ઋતુનો માર્ચ ૨૦૧૫ અંતિત અને રવિ ૨૦૧૬ માટે રવિ ૨૦૧૫-૧૬ ઋતુનો માર્ચ ૨૦૧૬ અંતિત રીપોર્ટ

---------

## અતારાંકિત પ્રશ્નો

### મહેમદાવાદ ડીવીઝન બારેજડી તથા હલધરવાસ સબડીવીઝન ખાતે કૃષિવિષયક વીજ જોડાણ

* ૩૦૮૪૭ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | | ૧૮.ભાદ્રોલીખુર્દ ગામ તળાવ | ૨.૩૫ |
| | | ૧૯. કાનોડ ગામ તળાળ | ૨.૧૯ |
| | | ૨૦. પિંગળી ગામ તળાવ | ૩.૭૫ |
| | | ૨૧. નેસડા ગામ તળાવ | ૦ |
| | | ૨૨. બેઢીયા ગામ તળાવ | ૦ |
| | | ૨૩. દેલોલ ગામ તળાવ | ૦ |
| | | ૨૪. ખેડા વ્યાસડા ગામ તળાવ | ૦ |
| | | ૨૫. ખડકી ગામ તળાવ | ૦ |
| | | ૨૬. નદીસર ગામ તળાવ | ૪.૮૬ |
| | | ૨૭. રતનપુર ગામ તળાવ | ૧.૦૭ |
| | | ૨૮. ફાંટા તળાવ | ૨૧.૮૯ |
| | | ૨૯. સિંઘવાવ તળાવ | ૫.૪૪ |

| | | | |
|---|---|---|---|
| | | ૩૦. ખોડીયારપુરા તળાવ | ૩.૭૦ |
| | | ૩૧. કોટામેઈડા તળાવ | ૪૩.૦૪ |
| | | કુલ | ૧૧૮.૩૬ |

---------

વલસાડ અને સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૧૭૨૮ શ્રી નરોતમભાઈ પટેલ (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫−૧૬ અને ૨૦૧૬−૧૭માં તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વલસાડ અને સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વલસાડ અને સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૫−૧૬ અને ૨૦૧૬−૧૭માં તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વલસાડ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫−૧૬ | ૮૩૫ | ૨૯.૨૨૫ |
| ૨૦૧૬−૧૭ (તા.૩૧−૧૨−૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૨૮.૭૦૦ |
| કુલ | ૧૬૫૫ | ૫૭.૯૨૫ |
| સુરત જિલ્લો | | |
| ૨૦૧૫−૧૬ | ૨૧૨ | ૭.૪૨ |
| ૨૦૧૬−૧૭ (તા.૩૧−૧૨−૨૦૧૬ અંતિત) | ૩૯૬ | ૧૩.૮૭ |
| કુલ | ૬૦૮ | ૨૧.૨૯ |

---------

જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ પુર સંરક્ષણ બનાવવા માટેની માંગણીઓ/રજુઆત

* ૩૦૯૦૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ પુર સંરક્ષણ બનાવવા માટેની માંગણીઓ મળેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી માંગણીઓ મંજુર

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ખેડૂતોની પુર સંરક્ષણ માટે આવેલ અરજીની સંખ્યા |
|---|---|
| માળીયા | ૧૧ |
| માંગરોળ | ૨૩ |
| કેશોદ | ૪૯ |
| વિસાવદર | ૨ |
| વંથલી | ૧૧ |
| જુનાગઢ | ૫ |
| માણાવદર | ૩૧ |
| મેંદરડા | ૫ |
| ભેંસાણ | ૯ |
| કુલ | ૧૪૬ |

(૨)

કરી અને તાલુકાવાર કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

| તાલુકાનું નામ | મંજુરીની સંખ્યા | ફાળવવામાં આવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| માંગરોળ | ૩ | ૧૦.૭૯ |
| કેશોદ | ૭ | ૩૬.૯૬ |
| વંથલી | ૧ | ૨૯.૮૯ |
| માણાવદર | ૧૧ | ૭૯.૦૯ |
| કુલ | ૨૨ | ૧૫૬.૭૩ |

(૩) તે અન્વયે કેટલી અરજીઓ પડતર છે તથા તે ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ૧૨૪ અરજીઓ પડતર છે. જે પૈકી

- ૧૨૦ અરજી તાંત્રિક રીતે ચકાસતા સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર યોગ્ય માલુમ પડેલ નથી.
- ૪ અરજી ચેકડેમ/તળાવના કારણે નુકશાની હોવાથી ચેકડેમ/તળાવના રીપેરીંગ હેઠળ કરવાની થાય છે.

---------

સાબરકાંઠા જિલ્લાના વણજ ડેમના અસરગ્રસ્તોની પુનઃવસવાટ

* ૩૨૭૩૫ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વણજ ડેમના કેટલા અસરગ્રસ્તોની પુનઃવસવાટ માટેની વ્યવસ્થા કરવાની બાકી છે,

(૨) તે બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) તે અન્વયે ક્યા સુધીમાં ઉકત વ્યવસ્થા કરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) કુલ-૫૪ અસરગ્રસ્ત પરીવારો હતાં જે તમામની પુનઃવસવાટ માટેની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જે પૈકીના ૨૨ પરીવારોએ ફાળવેલ જમીનનો કબજો સંભાળેલ નથી.

---------

વલસાડ જિલ્લામાં પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા ચેકડેમો બનાવવા બાબત

* ૩૦૬૬૪ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ ચેકડેમોથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થયો ?

જવાબ

(૧) ૯૪ ચેકડેમો.

(૨) ૩.૯૯૦.૯૬ લાખ.

(૩) ૪૪૯ હેકટરને આડકતરો લાભ થયેલ છે.

---------

રાજ્યમાં ખેતી હેતુ માટે એક જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છૂટ

* ૩૦૬૦૬ શ્રી વિંછીયાભાઈ ભૂરિયા (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છૂટ આપવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

જવાબ

(૧) અને (૨) : હા, તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડુતોને ખેતી હેતુ માટે એક જ જોડાણમાં કરારિત વીજભારની મર્યાદામાં બે વીજ મોટર વાપરવાની મંજૂરી આપવામાં આવી છે. જેનાં નિયત શરતો/ધારા ધોરણો નીચે મુજબ છે.

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

૧. અરજદાર/ગ્રાહક (દક્ષિણ, મધ્ય, ઉત્તર, પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા હાલની મંજુર કરાયેલ કરારિત વીજભારની મર્યાદામાં અને એક જ સર્વે નંબરમાં/અથવા અરજદારની માલિકીના અડીને આવેલા અન્ય સર્વે નંબરમાં ૨ (બે) વીજ મોટરોનો જ ઉપયોગ કરી શકશે અને તે હેતુ સબબ લાગુ પડતી પેટા વિભાગીય કચેરીમાં જાણ કરવાની રહેશે. કરારિત વીજભારથી વધુ વીજભારની જરૂર હોય તેવા કિસ્સામાં ગ્રાહક અરજી કરી વધુ વીજભાર મંજૂર કરાવ્યા બાદ જ બે મોટરોનો ઉપયોગ કરી શકશે.

૨. કોઈપણ અન્ય લાગુ પડતા કિસ્સામાં, જેમ કે ખેતી વિષયક વીજ જોડાણના સ્થળમાં ફેરફાર, પુનઃ જોડાણ વગેરેમાં, પ્રવર્તમાન પરિપત્ર મુજબના નિયમો/શરતોને આધિન, ખેતી વિષયક વીજ જોડાણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, તેમજ અરજદાર/ગ્રાહક, જો ૨ (બે) વીજ મોટરો ઉપયોગ કરવા માંગે તો નિયત અરજી પત્રકમાં બન્ને મોટરોની તમામ વિગતોનો ક્ષમતા સાથે ઉલ્લેખ કરવાનો રહેશે.

૩. ખેતી વિષયક વીજ જોડાણમાં, કંપનીના હાલના પોઈન્ટ ઓફ સપ્લાય બાદ, વીજ મોટર/મોટરો જોડવા માટેની સંપૂર્ણ સુરક્ષિત, ઈન્સુલેટેડ વાયરીંગની વ્યવસ્થા અરજદાર/ગ્રાહક દ્વારા કરવાની રહેશે અને આવા વાયરીંગની સાર-સંભાળ રખ-રખાવ, તેમજ વીજ-સુરક્ષાની જવાબદારી અરજદાર ગ્રાહકની રહેશે. તેમજ અરજદાર ગ્રાહક દ્વારા આ વાયરીંગની વ્યવસ્થા અરજીમાં દર્શાવેલ સર્વે નંબરમાં કે અડીને આવેલા પોતાની માલીકીના અન્ય સર્વે નંબરમાં જ કરવાની રહેશે.

૪. બન્ને વીજ મોટરોનાં પ્રસ્થાપન, વાયરીંગ વગેરે માટેનો જરૂરી નવો ટેસ્ટ રીપોર્ટ, નિયત ફી સાથે રજુ કરવાનો રહેશે. સદર ટેસ્ટ રીપોર્ટમાં, નિયમાનુસાર કરેલ બંને મોટરોના વાયરીંગ, કુવા કે બોર સુધીના વાયરોની લંબાઈ, વાયરોનો પ્રકાર અને ક્ષમતા, બન્ને કુવા કે બોર વચ્ચેનું અંતર વગેરેના ઉલ્લેખ સાથેનો સ્પષ્ટ આંકનવાળો નકશો સાદા કાગળ પર રજુ કરવાનો રહેશે. તેમજ નિયમાનુસાર જરૂરી માનક અને ક્ષમતા સાથેની RCD/ELCB ફરજીયાત પ્રસ્થાપન કરીને જોડવાની રહેશે જેનો ઉલ્લેખ પણ ટેસ્ટ-રીપોર્ટમાં સ્પષ્ટપણે કરવાનો રહેશે.

૫. અરજદાર ગ્રાહક દ્વારા ૨ (બે) વીજ મોટરોના ઉપયોગ કરવા હેતુ જરૂરી નવા ટેસ્ટ રીપોર્ટ સાથે બીડાણ મુજબનું બાંહેધરી પત્ર સાદા કાગળ પર આપવાનું રહેશે. ટેસ્ટ-રીપોર્ટ સ્વીકાર્યેથી બે મોટરો વાપરવાની મંજૂર થયેલી ગણાશે અને ગ્રાહક તે મુજબ ઉપયોગ કરી શકશે. અન્ય કિસ્સામાં વીજ કંપની દ્વારા દિન ૧૫માં ગ્રાહકને જાણ કરવાની રહેશે.

૬. હોર્સપાવર આધારિત ખેતી વિષયક વીજ જોડાણમાં,

અરજદાર ગ્રાહકને ૨ (બે) વીજ મોટર વાપરવાની પરવાનગી સાથે જે તે લાગુ પડતા ટેરીફ મુજબ વખતો વખત મંજુર થયેલ દરે (દક્ષિણ–મધ્ય–ઉત્તર–પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ બીલ આપવામાં આવશે તે સમયસર ભરપાઈ કરવાનું રહેશે. આમ છતાં અરજદાર ગ્રાહક મીટર ટેરીફ પ્રમાણે વીજ મીટર લગાડવાના વિકલ્પને પસંદ કરી શકશે, તેમજ આ વિકલ્પની પસંદગી કર્યેથી ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા, વખતો વખત મંજુર થયેલ દરે (દક્ષિણ–મધ્ય–ઉત્તર–પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ બીલ આપવામાં આવશે તે સમયસર ભરપાઈ કરવાનું રહેશે.

૭. આવા ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ગ્રાહકને, ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા, વખતો વખત મંજુર થયેલ દરે વીજ બીલ આપવામાં આવશે અને તે ગ્રાહકે ભરપાઈ કરવાનું રહેશે.

૮. આવા ખેતી વિષયક વીજ જોડાણના ગ્રાહક, જો ગેરરીતિના કોઈપણ કિસ્સા જેમ કે વીજચોરી, અનધિકૃત વીજ ભાર/વપરાશ કરવો વગેરે કરતા માલુમ પડે તો, વીજ અધિનિયમ ૨૦૦૩ અને વખતો વખત લાગુ પડતા અન્ય સુધારાઓને આધીન કાર્યવાહી કરવામાં આવશે.

૯. આ યોજના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના તા. ૨૫–૧૦–૨૦૧૬ના પરિપત્ર જાહેર કર્યાની તારીખથી અમલમાં રહેશે અને આ બાબતને લાગુ પડતા અગાઉના પરિપત્રોના નિયમો રદ ગણાશે.

---------

## સુરત જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૩૦૬૧૪ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૪૦,૬૦,૧૧૬/– (ચાલીસ લાખ સાઠ હજાર એકસો સોળ પુરા) |

---------

## ગીર સોમનાથ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૦૬૦૦ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂ.૩૦૯.૨૨ લાખનાં ખર્ચે ૨૩૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### તાપી જિલ્લામાં કેળ પાકના વાવેતર માટે સહાય

* ૩૦૬૪૫ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ કેળ (ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૪,૮૫,૯૬૪/- (રૂપિયા ચોવીસ લાખ પંચ્યાસી હજાર નવસો ચોસઠ પુરા) |

---------

### દાહોદ અને વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણો

* ૩૧૭૩૭ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ અને વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ અને વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| દાહોદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૦૧૩ | ૭૦.૪૬ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૯૪૮ | ૫૯.૯૫ |
| કુલ | ૨૯૬૧ | ૧૩૦.૪૧ |
| વલસાડ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૮૩૫ | ૨૯.૨૨૫ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૨૮.૭૦૦ |
| કુલ | ૧૬૫૫ | ૫૭.૯૨૫ |

---------

### અમદાવાદ અને બનાસકાંઠા જીલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ

* ૩૧૬૭૬ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત અમદાવાદ અને બનાસકાંઠા જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) અમદાવાદ અને બનાસકાંઠા જીલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘરવપરાશના વીજજોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અમદાવાદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર | થયેલ ખર્ચ |

| | વપરાશના વીજ જોડાણો | (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૫૧૮ | ૪૦.૦૩ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૧૧ | ૧૮.૧૦ |
| કુલ | ૯૨૯ | ૫૮.૧૩ |
| બનાસકાંઠા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૫૪૯ | ૪૫.૮૧ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૬૦ | ૪૪.૩૮ |
| કુલ | ૧૩૦૯ | ૯૦.૧૯ |

---------

અમરેલી જિલ્લામાં નર્મદા આધારીત સિંચાઈ માટે પાણી પુરૂ પાડવા બાબત

* ૩૩૨૬૮ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના કોઈ તાલુકામાં નર્મદા આધારીત સિંચાઈ માટે પાણી પુરૂ પાડવાનું કોઈ આયોજન છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા તાલુકામાં અને, ક્યારથી પાણી પુરૂ પાડવાનું સરકારની વિચારણામાં છે ? | (૨) અમરેલી જિલ્લાના (૧) અમરેલી, (૨) બગસરા, (૩) ધારી, (૪) સાવરકુંડલા, (૫) રાજુલા, (૬) ખાંભા, (૭) વડીયા અને (૮) બાબરા તાલુકામાં સૌની યોજનાની કામગીરી તબક્કાવાર પુર્ણ થયે પાણી પુરૂ પાડવાનું આયોજન છે. |

---------

સુરત જિલ્લામાં નહેર સુધારણાના કામો

* ૩૦૬૮૩ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં કાકરાપાર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) -હા- |
| (૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઈમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને | (૨) કાકરાપાર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ ૧૬૨.૧૩ કી.મી. નહેરની લંબાઈમાં નહેર સુધારણાના કામો અંદાજીત રૂ. ૧૩૮૩૨.૪૬ લાખના ખર્ચે કરવાનું આયોજન છે. |
| (૩) આ કામો થવાથી સુરત જિલ્લાના કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે? | (૩) ૧,૦૩,૪૯૯ હેક્ટર |

---------

સુરત જિલ્લામાં ખેતીથી વાવેલા ફળપાકો માટે સહાય

* ૩૦૬૧૫ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૬૪,૭૧,૮૩૫/- (ચોસઠ લાખ એકોતેર હજાર આઠસો પાંત્રીસ પુરા) |

---------

તાપી જિલ્લામાં સોનગઢ બજાર સમિતિ હેઠળ મંજુર રકમ

* ૩૦૬૫૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જીલ્લાની સોનગઢ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦/- લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ? | (૨) રૂ. ૫૦/- લાખ |

---------

ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા સહાય

* ૩૦૯૫૬ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) ૧૧૨ |
| (૨) તે પૈકી મૃતક ખેડૂત દીઠ કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૨) સરકારશ્રીના હાલના ધારાધોરણ મુજબ અકસ્માતે મૃત્યુના કિસ્સામાં મૃતક ખેડૂતના વારસદારને રૂ. ૧,૦૦,૦૦૦/- વીમા સહાય ચુકવવામાં આવે છે. તે મુજબ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ રૂ. ૨૯.૦૦ લાખની રકમ ચુકવવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર થઈ અને તેના કારણો શા છે, અને | (૩) ૭ અરજીઓ નામંજુર થયેલ છે.<br>કારણોની વિગત<br>૧. મૃતકનું મૃત્યુ હાર્ટ એટેકથી થયેલ હોવાથી- ૨ અરજી<br>૨. મૃતક ખાતેદાર ખેડૂતનુ પ્રથમ સંતાન ન હોવાથી- ૩ અરજી<br>૩. મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી- ૧ અરજી<br>૪. મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી- ૧ અરજી |
| (૪) ઉક્ત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર સહાય ચુકવવામાં આવશે ? | (૪) વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ ચુકવવા/નિકાલની કાર્યવાહી કરવામાં આવશે. |

---------

આણંદ અને ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના

* ૩૨૯૨૨ શ્રી અમીતકુમાર ચાવડા (આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ઝુંપડપટ્ટી | (૧) અને (૨) ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૭ની |

વિજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર જિલ્લાવાર તે પૈકી કેટલાને વીજ જોડાણ આપવામાં આવ્યા,

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ અને તે પૈકી વર્ષવાર આપવામાં આવેલ વીજ જોડાણની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| આણંદ | | |
|---|---|---|
| વર્ષ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
| તા.૦૧-૦૨-૨૦૧૫ થી ૩૧-૦૧-૨૦૧૬ | ૨૪૭૯ | ૧૯૭૪ |
| તા.૦૧-૦૨-૨૦૧૬ થી ૩૧-૦૧-૨૦૧૭ | ૫૪૨૭ | ૩૪૯૯ |
| આણંદ કુલ | ૭૯૦૬ | ૫૪૭૩ |
| ખેડા | | |
| તા.૦૧-૦૨-૨૦૧૫ થી ૩૧-૦૧-૨૦૧૬ | ૧૯૦૧ | ૧૫૨૩ |
| તા.૦૧-૦૨-૨૦૧૬ થી ૩૧-૦૧-૨૦૧૭ | ૪૦૮૭ | ૨૯૦૯ |
| ખેડા કુલ | ૫૯૮૮ | ૪૪૩૨ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧૫૩૩ અરજીઓ નામંજૂર થયેલ હોઈ ૯૦૦ અરજીઓ પડતર છે, જ્યારે ખેડા જિલ્લામાં ૭૬૯ અરજીઓ નામંજૂર થયેલ હોઈ ૭૮૭ અરજીઓ પડતર છે

(૪) ઉક્ત બાકીનાને કેટલા સમયમાં વિજ જોડાણો આપવામાં આવશે ?

(૪) બાકીના અરજદારોને નિયમાનુસારની ચકાસણી કરીને બને એટલા ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે

---------

અમદાવાદ અને પાટણ જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના

* ૩૧૬૮૫ શ્રી અરવિંદ કુમાર પટેલ (સાબરમતી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ અને પાટણ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ અને પાટણ જીલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અમદાવાદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૪૧૯ | ૧૨૬.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૨૧૫ | ૯૧.૨૩ |
| કુલ | ૪૬૩૪ | ૨૧૭.૨૭ |
| પાટણ જીલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૦૩૦ | ૭૯.૪૭ |

| | | |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૨૫૮ | ૧૭૯.૩૪ |
| કુલ | ૬૨૮૮ | ૨૫૮.૮૧ |

---------

## અરવલ્લી જિલ્લામાં થ્રી ફેઝ કનેક્શન પકડવા બાબત

* ૩૩૧૮૬ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર-તાલુકાવાર કેટલા ગેરકાયદેસર થ્રી ફેઝ કનેક્શન પકડવામાં આવ્યા ?

જવાબ

અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા. ૩૧-૦૧-૨૦૧૭ સુધીમાં પકડવામાં આવેલ ગેરકાયદેસર થ્રી ફેઝ કનેક્શનની વર્ષવાર, તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | ગેરકાયદેસર પકડાયેલ થ્રી ફેઝ વીજ જોડાણની સંખ્યા | |
|---|---|---|
| | તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ | તા.૦૧-૦૨-૨૦૧૬ થી તા.૩૧-૦૧-૨૦૧૭ |
| ભિલોડા | ૧૧ | ૧૨ |
| મોડાસા | ૦૭ | ૧૯ |
| મેઘરજ | ૧૦ | ૦૩ |
| માલપુર | ૦૩ | ૦૮ |
| ધનસુરા | ૦૨ | ૦૩ |
| બાયડ | ૦૦ | ૦૧ |

---------

## કચ્છ જિલ્લામાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા બાબત

* ૩૦૨૪૭ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલી ક્ષમતાના પવન ઉર્જા વિજમથકો સ્થાપિત કરવામાં આવેલ છે?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે ૨૧૦.૦૦ મેગાવોટ ક્ષમતાના પવન ઉર્જા વિજમથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

---------

## જસદણ વિંછીયા અને બોટાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતીનું ઓડીટ

*૩૦૯૧૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૪-૧૫ અને સને ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષ દરમ્યાન જસદણ, વિંછીયા અને બોટાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી (એ.પી.એમ.સી.) નું છેલ્લે ક્યારે ઓડીટ કરવામાં આવ્યુ.

જવાબ

(૧) બજાર સમિતિ-જસદણ
સને-૨૦૧૪-૧૫ના વર્ષનું તા.૧૦/૧૦/૨૦૧૫ના રોજ ઓડીટ કરવામાં આવ્યુ, અને સને-૨૦૧૫-૧૬ના વર્ષનું ઓડીટ બાકી છે.

બજાર સમિતિ-વિંછીયા
તા.૨૩/૦૨/૨૦૧૫ ના જાહેરનામાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, જસદણમાંથી વિભાજન કરી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી વિંછિયા અસ્તિતત્વમાં આવેલ છે.

જેથી સને–૨૦૧૪–૧૫ના વર્ષનું ઓડીટ કરવાનું રહેતુ નથી. જ્યારે સને–૨૦૧૫–૧૬ના વર્ષનું ઓડીટ બાકી છે.

બજાર સમિતિ–બોટાદ

સને–૨૦૧૪–૧૫ના વર્ષનું તા.૨૫/૦૫/૨૦૧૫ ના રોજ ઓડીટ કરવામાં આવ્યુ, અને સને–૨૦૧૫–૧૬ના વર્ષનું ઓડીટ બાકી છે.

(૨) ઉક્ત ઓડીટ દરમ્યાન કઈ એ.પી.એમ.સી. દ્વારા નાણાકીય ગેરરીતી કે અધિક ખર્ચના કેટલા કિસ્સાઓ સરકારના ધ્યાન પર આવ્યા,

(૨) ઓડીટ દરમ્યાન નાણાંકીય ગેરરીતી કે અધિક ખર્ચ અંગેના કોઈ કિસ્સાઓ સરકારના ધ્યાને આવેલ નથી.

(૩) તે અન્વયે એ.પી.એમ.સી. માં કેટલા જવાબદાર અધિકારી/કર્મચારી સામે શું પગલા ભરવામાં આવ્યા, અને

(૩) લાગુ પડતુ નથી

(૪) ઉક્ત સ્થિતિએ કોઈ પગલા લીધેલ ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતુ નથી

---------

વડોદરા જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો

* ૩૦૬૪૯ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા સંબંધિત યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખેડુત તાલીમ શિબરો યોજવામાં આવી, | (૧) ૩૬ ખેડૂત તાલીમ શિબિરો |
| (૨) સદર તાલીમોમાં કેટલા ખેડુતોએ હાજરી આપી, અને | (૨) ૧૩૩૭ ખેડૂતો |
| (૩) તે પેટે કુલ કેટલી કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૮,૪૭,૮૦૬/– |

---------

અમદાવાદ જીલ્લાની નહેર ઉપરના સર્વિસ રોડને પાકા કરવાની કામગીરી

* ૩૦૬૭૫ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લાની ફતેવાડી નહેરોમાં નવીનીકરણ અને મજબુતીકરણ તથા નહેર ઉપરના સર્વિસ રોડને પાકા કરવાની કોઇ કામગીરી કરવામાં આવેલ છે. | (૧) હા,જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતીએ આ કામગીરી ક્યારે પુર્ણ થશે, અને | (૨) નહેરોની નવીનીકરણ તથા મજબુતીકરણની કામગીરી મહદઅંશે પુર્ણ થયેલ છે જે ૩૧–૦૩–૨૦૧૭ સુધીમાં પુર્ણ કરવાનુ આયોજન છે. સર્વિસ રોડને પાકા કરવાની કામગીરી આયોજન તબક્કે છે. |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ? | (૩) ૩૨૪૩૩ હેક્ટર |

---------

વાંસદા તાલુકામાં જુજ સિંચાઇ યોજનાના બંધની ઉંચાઇ

* ૩૦૬૮૫ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વર્ષ–૨૦૧૬–૧૭ માં નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલ જુજ સિંચાઇ યોજનાના બંધની મરામત કરવામાં આવેલ છે કે કેમ. | (૧) હા |

(૨) જો હા, તો આ કામગીરી પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) રૂ.૩૦૧.૬૦ લાખ

---------

ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૧૬૯૦ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યનાં દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કૂલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં ભાવનગર જિલ્લાના ચાર અને અમદાવાદ જિલ્લાના બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ૨૦૧૫-૧૬ | ભાવનગર | ૨૮.૩૬ | ૧૬૪ | ૩૩.૧૦ |
| | | ઘોઘા | ૫.૨૫ | ૧૪૩ | ૨૨.૧૧ |
| | | તળાજા | ૧૮.૪૦ | ૫ | ૭.૦૯ |
| | | મહુવા | ૧૨૭.૧૫ | ૧૫૧ | ૬૫.૫૧ |
| (૨૦૧૫-૧૬)કુલ | | | ૧૭૯.૧૬ | ૪૬૩ | ૧૨૭.૮૧ |
| ભાવનગર | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ભાવનગર | ૪૭.૯૯ | ૧૭૫ | ૪૫.૬૭ |
| | | ઘોઘા | ૩૨.૬૧ | ૭૦ | ૨૩.૭૦ |
| | | તળાજા | ૧૪૧.૪૦ | ૧૧૧ | ૭૩.૮૮ |
| | | મહુવા | ૪૮.૦૨ | ૮૧ | ૩૧.૫૭ |
| (૨૦૧૬-૧૭ ડિસે.૧૬ અંતિત)કુલ | | | ૨૭૦.૦૨ | ૪૩૭ | ૧૭૪.૮૨ |
| ભાવનગર જીલ્લો કુલ | | | ૪૪૯.૧૮ | ૯૦૦ | ૩૦૨.૬૩ |
| અમદાવાદ | ૨૦૧૫-૧૬ | ધંધુકા | ૧૩.૪૮ | ૯૭૬ | ૩૧.૯૪ |
| | | ધોલેરા | ૯.૬૦ | ૦૦ | ૫.૪૮ |
| (૨૦૧૫-૧૬) કુલ | | | ૨૩.૦૮ | ૯૭૬ | ૩૭.૪૨ |
| અમદાવાદ | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ધંધુકા | ૧.૦૦ | ૧૬૫ | ૭.૦૮ |
| | | ધોલેરા | ૧૧.૦૦ | ૬૪૫ | ૧૯.૮૧ |
| (૨૦૧૬-૧૭ ડિસે.૧૬ અંતિત)કુલ | | | ૧૨.૦૦ | ૮૦૧ | ૨૬.૮૯ |
| અમદાવાદ જીલ્લો કુલ | | | ૩૫.૦૮ | ૧૭૭૭ | ૬૪.૩૧ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ચેકડેમોમાં ડીસીલ્ટીંગની કામગીરી.

* ૩૨૫૩૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા ચેકડેમોમાં ડીસીલ્ટીંગની કામગીરી કરાવવામાં આવી છે, અને

(૨) તે કામગીરી પાછળ ઉક્ત તાલુકાવાર કેટલું ખર્ચ થયુ છે?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન જરૂરીયાતવાળા નીચે મુજબનાં ૧૮ ચેકડેમનું ડીસીલ્ટીંગ કરવામાં આવેલ હોઈ છેલ્લા બે વર્ષમાં આ કામગીરી કરાવેલ નથી.

(૨) ૨૦૧૩ અને ૨૦૧૪ માં થયેલ ખર્ચ

| ક્રમ | તાલુકો | ચેકડેમનું નામ | તાલુકાવાર ખર્ચ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ઈકબાલગઢ–૧ | ૩૬.૫૦ લાખ |
| | | સોનવાડી–૧ | |
| | | ચૌહાણગઢ–૧ | |
| | | ચૌહાણગઢ–૨ | |
| | | અમીરગઢ–૧ | |
| | | અમીરગઢ–૨ | |
| ૨ | દાંતા | ભદ્રમાળ–૧ | ૧૪.૭૭ લાખ |
| | | બેડા–૧ | |
| | | કાંતીવાસ–૧ | |
| | | ઘરેડા–૧ | |
| ૩ | દાંતીવાડા | ઓઢવા–૧ | ૨૪.૭૬ લાખ |
| | | ઓઢવા–૨ | |
| | | ગાગુદ્રા–૧ | |
| | | ગાગુદ્રા–૨ | |
| | | જેગોલ–૧ | |
| ૪ | પાલનપુર | મેરવાડા–૧ | ૨૩.૯૧ લાખ |
| | | કુંભાસણ–૧ | |
| | | હાથીદ્રા–૧ | |

---------

જામનગર જિલ્લામાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા બાબત.

* ૩૦૨૪૬ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલી ક્ષમતાના પવન ઉર્જા વિજમથકો સ્થાપિત કરવામાં આવેલ છે? | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પવનઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે ૪૪.૩૦ મેગાવોટ ક્ષમતાના પવન ઉર્જા વિજમથકો સ્થાપિત કરવામાં આવેલ છે. |

---------

પાટણ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના

* ૩૦૬૩૬ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં ખેડૂત ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૨ |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૩ |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ. ૮૩.૦૦ લાખ |

---------

જામનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૦૬૦૧ શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) અને (૨) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સામાન્ય યોજના હેઠળ રૂ. ૧૧૧૦૭.૬૧ લાખનાં ખર્ચે ૭૦૫૪ |

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

રાજકોટ જિલ્લામાં ગામ તળાવની મળેલ અરજીઓ

*૩૦૬૪૨ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય કૃષી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગામ તળાવ બનાવવા માટે આઈ ખેડૂત પોર્ટલમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨૧ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલા ગામ તળાવ ઉંડા કરવામાં આવ્યા, અને | (૨) ૨૨ ગામ તળાવ |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૯૫.૭૯ લાખ |

---------

દક્ષિણ ગુજરાતની ઉકાઈ-કાકરાપાર યોજનામાં નહેર સુધારણાના કામો

* ૩૦૬૮૧ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં ઉકાઈ-કાકરાપાર યોજનામાં ઉકાઈ-કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, અને | (૧) -હા- |
| (૨) જો હા, તો તે અન્વયે કયા તાલુકામાં કેટલા ગામોમાં આ કામોથી લાભ થશે, અને | (૨) આ કામોથી ઉકાઈ-કાકરાપાર કમાન્ડ વિસ્તારના નીચે મુજબના તાલુકાના ગામોને લાભ થશે. |

| અ.નં. | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧. | બારડોલી | ૩૦ |
| ૨. | પલસાણા | ૧૮ |
| ૩. | કામરેજ | ૧૯ |
| ૪. | ચોર્યાસી | ૭૫ |
| ૫. | મહુવા | ૨૨ |
| ૬. | ઓલપાડ | ૯૯ |
| ૭. | નવસારી | ૫૫ |
| ૮. | ગણદેવી | ૩૦ |
| ૯. | જલાલપુર | ૪૭ |
| ૧૦. | ચીખલી | ૪૬ |
| ૧૧. | વલસાડ | ૫૭ |
| ૧૨. | અંકલેશ્વર | ૩૦ |
| ૧૩. | હાંસોટ | ૫૦ |
| ૧૪. | સોનગઢ | ૧૪ |
| ૧૫. | વ્યારા | ૧૮ |
| ૧૬. | વાલોડ | ૨૫ |
| ૧૭. | ડોલવણ | ૦૯ |
| ૧૮. | વાંસદા | ૦૭ |
| | કુલ | ૬૫૧ |

| | |
|---|---|
| (૩) કુલ કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે ? | (૩) ૨,૨૧,૬૨૨ હેક્ટર |

---------

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ અને આણંદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૧૬૯૬ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં અમદાવાદ જિલ્લાના બે અને આણંદ જિલ્લાના એક તાલુકાનો સમાવેશ થયેલ છે. જેમાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વીજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૫–૧૬ | ધંધુકા | ૧૩.૪૮ | ૯૭૬ | ૩૧.૯૪ |
| | | ધોલેરા | ૯.૬૦ | ૦ | ૫.૪૮ |
| (૨૦૧૫–૧૬) કુલ | | | ૨૩.૦૮ | ૯૭૬ | ૩૭.૪૨ |
| અમદાવાદ | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | ધંધુકા | ૧.૦૦ | ૧૬૫ | ૭.૦૮ |
| | | ધોલેરા | ૧૧.૦૦ | ૬૪૫ | ૧૯.૮૧ |
| (૨૦૧૬–૧૭ ડિસે–૧૬ અંતિત) કુલ | | | ૧૨.૦૦ | ૮૦૧ | ૨૬.૮૯ |
| અમદાવાદ જિલ્લો કુલ | | | ૩૫.૦૮ | ૧૭૭૭ | ૬૪.૩૧ |
| આણંદ | ૨૦૧૫–૧૬ | ખંભાત | ૩૭.૮૩ | ૧૦૫ | ૨૪.૦૩ |
| | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | | ૨૩.૬૨ | ૧૮૮ | ૨૦.૦૯ |
| આણંદ જિલ્લો કુલ | | | ૬૧.૪૫ | ૨૯૩ | ૪૪.૧૨ |

---------

### અમદાવાદ જિલ્લામાં તળાવો ઉંડા ઉતારવા બાબત

* ૩૦૬૭૪ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ કામગીરી કેટલા વિસ્તારને લાભ થશે ?

જવાબ

(૧)

| જિલ્લો | તાલુકો | તળાવોની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ધોળકા | ૧૧ |
| | ધંધુકા | ૪ |
| | દસ્ક્રોઈ | ૫ |
| | બાવળા | ૩ |
| | માંડલ | ૨૧ |
| | બરવાળા | ૩ |
| | વિરમગામ | ૧૪ |
| | દેત્રોજ | ૯ |

(૨) રૂ. ૩૯૫.૬૮ લાખ

(૩) ૨૯૧૬ હેક્ટર

---------

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### બંધ રહેલ સરકારી વીજ મથકો

***** ૩૦૯૨૪ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) **:** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કયા સરકારી વીજ મથકો કેટલા સમય માટે બંધ રહ્યા હતા, અને<br>(૨) ઉક્ત વીજ મથકો બંધ રહેવા પાછળના મુખ્યત્વે કારણો શા છે ? | (૧) અને (૨) : સામાન્ય રીતે ઉક્ત સમયગાળા દરમિયાન તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ રહેલ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસ દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટવાઈ જવું, સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે તેમજ જે તે સમયે સીસ્ટમની જરૂરિયાત પ્રમાણે મેરીટ ઓર્ડરની માર્ગદર્શિકા મુજબ જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન કરવામાં આવતું હોય છે. તેથી જો સીસ્ટમની જરૂરિયાત ન હોય તો મેરીટ ઓર્ડર પ્રમાણે વીજ એકમો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં લો ડિમાન્ડના અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે. |

---------

### દક્ષિણ ગુજરાતની ઉકાઈ–કાકરાપાર યોજનામાં નહેર સુધારણાના કામો

***** ૩૦૬૭૯ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) **:** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ઉકાઈ–કાકરાપાર યોજનામાં ઉકાઈ–કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો તે અન્વયે કુલ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) રૂ. ૩૫૬૩૫.૧૧ લાખ |
| (૩) આ કામો કુલ કેટલા કિ.મી. લંબાઈની નહેરમાં કરવાનું આયોજન છે? | (૩) ૪૧૩.૫૯ કિ.મી. |

---------

### વલસાડ જિલ્લામાં તૂટી ગયેલ ચેકડેમો

***** ૩૦૮૧૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) **:** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો ભારે વરસાદના કારણે છેલ્લા એક વર્ષમાં તૂટી ગયા, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ભારે વરસાદના કારણે નુકશાન પામેલ ચેકડેમોની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| (૧) | વલસાડ | ૧૪ |
| (૨) | પારડી | ૧૧ |
| (૩) | વાપી | ૦૨ |
| (૪) | ઉમરગામ | ૧૧ |

| | | |
|---|---|---|
| (૫) | ધરમપુર | ૫૭ |
| (૬) | કપરાડા | ૪૧ |
| કુલ : | | ૧૩૬ |

(૨) આ તૂટી ગયેલા ચેકડેમોને રીપેર કરવા સરકારે ઉક્ત સમયગાળામાં શી કાર્યવાહી કરી ?

(૨) ચોમાસા–૨૦૧૭ પહેલા મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

---------

## નર્મદા જિલ્લામાં કેળ પાકના વાવેતર માટે સહાય

* ૩૭૬૪૬ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેળ (ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં નર્મદા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૮૮,૯૪,૭૬૧/– (રૂપિયા અઠ્યાસી લાખ ચોરાણું હજાર સાતસો એકસઠ પુરા) |

---------

## નર્મદા કેનાલ આધારિત પીપજ–ઉનાદ પાઈપલાઈનની કામગીરી

* ૩૨૫૪૩ શ્રી અમીતભાઈ ચૌધરી (માણસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા કેનાલ આધારીત પીપજ–ઉનાદ પાઈપલાઈનની કામગીરી કયા તબક્કે છે, | (૧) ટેન્ડર તબક્કે છે. |
| (૨) ઉપરોક્ત પાઈપલાઈનની કામગીરી ક્યાં સુધી પુરી કરવામાં આવનાર છે, | (૨) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૪ માસમાં પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) ઉક્ત પાઈપલાઈનથી કેટલા ગામોને પાણી મળનાર છે, અને | (૩) ૬૧ |
| (૪) ઉક્ત યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ? | (૪) અંદાજીત રૂ. ૫૧૫.૬૧ કરોડ |

---------

## અરવલ્લી જીલ્લામાં બાયડ બજાર સમિતિ હેઠળ મંજુર રકમ

* ૩૦૬૬૦ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જીલ્લાની બાયડ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦.૦૦/– લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૨) રૂ. ૫૦.૦૦/– લાખ |

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ

* ૩૦૯૦૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૧-૨-૧૭ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે,

(૧) તા. ૧-૨-૧૭ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૩૮ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે.

| અ. નં. | તાલુકો | મહિલા મંડળીની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦૮ |
| ૨ | જેતપુર-પાવી | ૦૬ |
| ૩ | ક્વાંટ | ૦૯ |
| ૪ | નસવાડી | ૦૪ |
| ૫ | સંખેડા | ૦૭ |
| ૬ | બોડેલી | ૦૪ |
| | કુલ | ૩૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંડળીઓએ દૂધ ઘરના મકાનો બનાવવા માટે ક્યારે માંગણી કરી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯ (નવ) દૂધ મંડળીઓએ દૂધ ઘરના મકાનો બનાવવા માટે વર્ષ ૨૦૧૫-૧૬માં માંગણી કરી છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી માંગણી મંજુર કરેલ છે, અને

(૩) તમામ ૦૯

(૪) મંજુર થયેલ માંગણી કેટલા મકાનો બન્યા કેટલા બાકી છે?

(૪) ૦૩ મકાનો બન્યા.
૦૬ મકાનો બનવવાના બાકી.

---------

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં મસાલા પાકોની સહાય

* ૩૨૯૧૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મસાલા પાકોની ઉત્પાદન વૃધ્ધિ માટે તાલુકાવાર કેટલા ખેડુતોને કેટલી સહાય ચુકવવામાં આવી,

(૧)

| અ.નં. | ગાંધીનગર | | |
|---|---|---|---|
| | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | સહાય (રૂ.) |
| ૧ | દહેગામ | ૫૦૧ | ૫૮૦૯૧૮૧ |
| ૨ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૩ | માણસા | ૦૨ | ૧૫૬૭૫ |
| ૪ | કલોલ | ૦ | ૦ |

| અ.નં. | મહેસાણા | | |
|---|---|---|---|
| | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | સહાય (રૂ.) |
| ૧ | ઊંઝા | ૦ | ૦ |
| ૨ | કડી | ૦ | ૦ |
| ૩ | ખેરાલુ | ૦ | ૦ |
| ૪ | જોટાણા | ૦ | ૦ |
| ૫ | બેચરાજી | ૦ | ૦ |
| ૬ | મહેસાણા | ૦ | ૦ |
| ૭ | વડનગર | ૦ | ૦ |
| ૮ | વિજાપુર | ૦ | ૦ |
| ૯ | વિસનગર | ૦ | ૦ |
| ૧૦ | સતલાસણા | ૦૧ | ૭૯૭૭ |

(૨) ઉક્ત સ્થિતિએ સહાય મેળવવા ઉક્ત તાલુકાવાર

(૨)

| તાલુકાનું | ગાંધીનગર |
|---|---|

વર્ષવાર કેટલાં ખેડૂતોએ અરજીઓ કરી તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

| નામ | વર્ષ ૨૦૧૫-૧૬ | | | વર્ષ ૨૦૧૬-૧૭ (તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|---|
| | અરજીની સંખ્યા | મંજૂર કરેલ અરજીની સંખ્યા | નામંજૂર કરેલ અરજીની સંખ્યા | અરજીની સંખ્યા | મંજૂર કરેલ અરજીની સંખ્યા | ના મંજૂર કરેલ અરજીની સંખ્યા |
| દહેગામ | ૪૦૮ | ૨૬૬ | ૧૪૨ | ૮૧૨ | ૬૪૯ | ૧૬૩ |
| ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦૫ | ૦૫ | ૦ |
| માણસા | ૦ | ૦ | ૦ | ૦૬ | ૦૬ | ૦ |
| કલોલ | ૦૧ | ૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦ |
| કુલ | ૪૦૯ | ૨૬૬ | ૧૪૩ | ૮૨૫ | ૬૬૨ | ૧૬૩ |

| તાલુકાનું નામ | મહેસાણા | | | | | |
|---|---|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૫-૧૬ | | | વર્ષ ૨૦૧૬-૧૭ (તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ) | | |
| | અરજીની સંખ્યા | મંજૂર કરેલ અરજીની સંખ્યા | નામંજૂર કરવામાં આવેલ અરજીની સંખ્યા | અરજીની સંખ્યા | મંજૂર કરેલ અરજીની સંખ્યા | ના મંજૂર કરવામાં આવેલ અરજીની સંખ્યા |
| ઊંઝા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કડી | ૦ | ૦ | ૦ | ૦૩ | ૦ | ૦૩ |
| ખેરાલુ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જોટાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બેચરાજી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦૨ | ૦ |
| વડનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિજાપુર | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| વિસનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સતલાસણા | ૬૦ | ૦૧ | ૫૯ | ૧૩ | ૦૩ | ૧૦ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જળાશયો ભરવા બાબત

* ૩૦૯૧૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) સૌની યોજના અન્વયે જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાના કયા જળાશયો ભરવાના છે,

(૧)

| જીલ્લો | જળાશયનું નામ |
|---|---|
| જામનગર | ડેમી-૩, આજી-૪, બાલંભા-બંધારા, ઉન્ડ-૨, ઉન્ડ-૧, કંકાવટી, ખીરી ટી. આર, હડીયાણા ટી.આર., રૂપારેલ બારેજા, સપડા, વીજરખી, રણજીતસાગર, વાગડીયા, રંગમતી, સસોઈ, રૂપાવટી, પુના, બેડ બંધારા, કુલઝર-૨, ઉન્ડ-૪, ઉન્ડ-૩, કુલઝર, વોડીસંગ અને કુલઝર (કેબી), કુલ-૨૪ |
| દેવભૂમિ દ્વારકા | મહાદેવીયા, સિહણ, ઘી, ગઢકી, સાની, વેરાડી-૧, વેરાડી-૨, વર્તુ-૨, કાબરકા, વર્તુ-૧ અને સોનમતી. કુલ-૧૧ |

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત જીલ્લાના કયા જળાશયોમાં છેલ્લાં એક વર્ષમાં કેટલું

(૨)

| જીલ્લો | જળાશયનું નામ | પાણીનો જથ્થો |
|---|---|---|

પાણી ઠાલવવામાં આવ્યું, અને

| | | |
|---|---|---|
| જામનગર | ડેમી-૩, આજી-૪, અને ઉન્ડ-૧. | ૫૨૩ એમ.સી.એફ.ટી |
| દેવભૂમિ દ્વારકા | - | - |

(૩) ઉક્ત સ્થિતિએ સૌની યોજના અન્વયે ઉક્ત જીલ્લાના જળાશયો ભરવા મુખ્યત્વે કયા કામ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) પાઈપલાઈન તથા પમ્પીંગ સ્ટેશનની કામગીરી માટે ખર્ચ રૂ.૧૪૭૪.૯૩ કરોડ

---------

કચ્છ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૧૭૧૪ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે?

જવાબ

(૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬-૦૫-૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૮,૭૮,૧૯૧ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

સુરત અને નવસારી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૧૬૮૩ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત સુરત અને નવસારી જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરત અને નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૫૭૩ | ૨૧.૯૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૪૪ | ૮.૫૪ |
| કુલ | ૮૧૭ | ૩૦.૫૨ |
| નવસારી જીલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૦૯ | ૧૦.૮૨ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૯૧ | ૧૭.૧૯ |
| કુલ | ૮૦૦ | ૨૮.૦૧ |

---------

સુરત અને દાહોદ જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ

* ૩૧૯૧૪ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછારોડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને દાહોદ જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ

જવાબ

(૧) અને (૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી.

ખેડુતોના કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?

પરંતુ આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત સુરત અને દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૫૨૯ | ૫૪૦૭.૭૪ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૯૧૭ | ૩૮૭૮.૬૪ |
| કુલ | ૪૪૪૬ | ૯૨૮૬.૩૮ |
| દાહોદ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૧૭૭ | ૭૩૨૯.૩૩ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૪૩૬ | ૨૧૨૫.૧૨ |
| કુલ | ૪૬૧૩ | ૯૪૫૪.૪૫ |

---------

## પ્રાંતિજ તાલુકામાં કેનાલોના રીપેરીંગ તેમજ પાકી કરવાની મંજૂરી

* ૩૨૭૫૦ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી ગુહાઇ -હાથમતી જળાશયોની કેનાલો રીપેરીંગ કરવા તેમજ કાચી કેનાલો પાકી કરવા કેટલી રકમ મંજુર કરવામાં આવી, | (૧) રૂ.૫૦૨.૮૯ લાખ |
| (૨) તે પૈકી કેટલી લંબાઇની કેનાલો પાકી કરવાની બાકી છે, અને | (૨) ૭૯૯૫ મીટર |
| (૩) તે અન્વયે મંજૂર થયેલ રકમ પૈકી કેટલો ખર્ચ થયો, અને કેટલી રકમ બચત રહી? | (૩) રૂ. ૪૯.૧૫ લાખની કામગીરી પૂર્ણ થયેલ છે. રૂ.૫૩.૭૪ લાખના કામો પ્રગતિ હેઠળ અને રૂ. ૪૦૦.૦૦ લાખના કામો ટેન્ડર પ્રક્રીયા હેઠળ હોઇ, બચત રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## આણંદ જિલ્લામાં કોસ્ટલ સેલીનીટી દુર કરવાની કામગીરી

* ૩૦૬૨૬ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં કોસ્ટલ સેલીનીટી દુર કરવા રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શી કામગીરી કરી,અને | (૧) આણંદ જિલ્લામાં કોસ્ટલ સેલીનીટી દુર કરવા રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ૪૧૬૮ હેક્ટર જમીનમાં ૭૪૭૨૦ રનીંગ મીટર રેકલેમેશન બંડ તથા ૩૧૨.૦૦ હેક્ટર વિસ્તારમાં જમીન સમતળ કરવાની કામગીરી કરી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી કામગીરી કરવાની બાકી | (૨) ઉક્ત સ્થિતિએ અંદાજિત ૪૫૦૦ થી ૫૦૦૦ |

છે?

હેક્ટરમાં કામગીરી કરવાની બાકી રહે છે.

---------

જામનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના

* ૩૧૯૯૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં સન-૨૦૧૬ના ખરીફ મોસમમાં મોડો વરસાદ થવાથી સમયસર વાવણી ખેડૂતો કરી શકેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો "મોડું વાવેતર" (prevented sowing)ની સ્થિતિમાં ખડૂતોને રક્ષણ આપવા માટે વરસાદના આંકડા આધારીત ૨૫% વિમા પાત્ર રકમ તત્કાલ ચુકવવાની "પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના"માં થયેલ જોગવાઇનું પાલન તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ થયેલ નથી તે હકીકત પણ સાચી છે, | (૨) હા, જી, પરંતુ યોજનાની ગાઈડલાઇન મુજબ સામાન્ય વાવેતર વિસ્તારની સરખામણીમાં ૨૫% કરતા વધુ વાવેતર વિસ્તાર થયેલ હોઈ પ્રિવેન્ટડ વાવણીનો લાભ મળવાપાત્ર થતો નથી. |
| (૩) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત રકમ ન ચુકવવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કપાસ અને મગફળી મુખ્ય પાકની ઉક્ત જિલ્લામાં મળવાપાત્ર વીમા રકમ ખેડૂતોને ચુકવાય તે માટે સરકારે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ હાથ ધરેલ છે અને ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કાર્યરત ૬૬ કે.વી. સબસ્ટેશન

* ૩૦૮૪૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ખેડા જીલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કુલ કેટલા ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ખેડા જીલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં ૬૬ કે.વી.ના કુલ ૪(ચાર) સબસ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તે પૈકી કેટલા ૬૬ કે.વી. સબસ્ટેશનો નવીન મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નવીન ૬૬ કે.વી.ના સબસ્ટેશનો મંજૂર થયેલ નથી. |
| (૩) ઉક્ત મંજૂર થયેલ નવીન સબસ્ટેશનો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) લાગુ પડતું નથી. |

---------

વલસાડ અને નર્મદા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના

* ૩૧૯૪૦ શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વલસાડ અને નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨)<br>ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વલસાડ અને નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| વલસાડ જિલ્લો |
| --- |

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૮૩૫ | ૨૯.૨૨૫ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૨૮.૭૦૦ |
| કુલ | ૧૬૫૫ | ૫૭.૯૨૫ |
| નર્મદા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૬૭૨ | ૨૭.૦૧૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૫૫૭ | ૧૯.૯૭૦ |
| કુલ | ૧૨૨૯ | ૪૬.૯૮૦ |

---------

રાજ્યમાં વીજ ઉત્પાદિત સરકારી એકમો

* ૩૨૯૪૧ શ્રી અનિલભાઈ જોષીયારા (ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદિત કરતા સરકારી એકમો કેટલા છે,

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબના સરકારી વીજ મથકો વીજ ઉત્પાદન કરવા માટે કાર્યરત છે.

| | પાવર પ્લાન્ટનું નામ | સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો.) | જી.યુ.વી. એન. એલ. નો હિસ્સો (મે.વો.) |
|---|---|---|---|
| અ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૨ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૩ | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ | ૬૩૦ |
| ૪ | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૭૪૦ | ૭૪૦ |
| ૫ | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ | ૨૯૦ |
| ૬ | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૧૦ | ૫૧૦ |
| ૭ | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ | ૫૯૫ |
| ૮ | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ | ૩૦૫ |
| ૯ | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ | ૨૪૨ |
| બ | રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકો | | |
| ૧૦ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિ. ગેસ પાવર સ્ટેશન | ૫૦૭ | ૫૦૭ |
| ૧૧ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. ગેસ પાવર સ્ટેશન | ૩૧૦ | ૪૨ |
| ૧૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. એસ.એલ.પી.પી. | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિગ્નાઈટ | ૨૫૦ | ૨૫૦ |
| ૧૪ | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૦૨ | ૭૦૨ |
| ૧૫ | ભાવનગર એનર્જી કો.લિ. | ૨૫૦ | ૨૫૦ |
| ક | કેન્દ્ર સરકારના મથકો | | |
| ૧૬ | કાવાસ ગેસ આધારિત વીજ મથક | ૬૫૬ | ૧૮૭ |
| ૧૭ | ગાંધાર ગેસ આધારિત વીજ મથક | ૬૫૭ | ૨૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | ન્યુકલીયર પાવર કોર્પોરેશન કાકરાપાર | ૪૪૦ | ૧૨૫ |
| ૧૯ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. | ૧૪૫૦ | ૨૩૨ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા એકમો ચાલુ છે અને કેટલા એકમો બંધ છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ એકમો કેટલા સમયથી બંધ છે અને તે બંધ રહેવાના કારણો શા છે ?

(૨) અને (૩) સામાન્ય રીતે ઉકત સમયગાળા દરમિયાન તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ રહેલ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસ દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઈ જવું, સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે તેમજ જે તે સમયે સીસ્ટમની જરૂરિયાત પ્રમાણે મેરીટ ઓર્ડરની માર્ગદર્શિકા મુજબ જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન કરવામાં આવતું હોય છે. તેથી જો સીસ્ટમની જરૂરિયાત ન હોય તો મેરીટ ઓર્ડર પ્રમાણે વીજ એકમો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં લો ડિમાન્ડના અનિવાર્ય કારણોસર તત્પુરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

---------

મહેસાણા જિલ્લામાં તળાવો ઉંડા ઉતારવા બાબત

* ૩૦૬૭૧ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા, | (૧) ૯૪ |
| (૨) ઉકત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) ૫૮૭.૮૯ લાખ. |
| (૩) ઉકત કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ? | (૩) ૯૪૦ હેકટર. |

---------

ભાવનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૧૭૧૫ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને | (૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬-૦૫-૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉકત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ૯,૬૩,૮૦૮ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

જુનાગઢ જિલ્લામાં ઉ૦ Øûવહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૩૦૯૧૪ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ખેતીલાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉØûવહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં કેટલા હેકટર એરીયામાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી ?

જવાબ

(૧) મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓની કેનાલ તથા ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજનાઓ મારફતે ૪૨,૩૫૯ હેકટર વિસ્તારને પાણી આપવામાં આવે છે.

જવાબ

(૧) અને (૨)

વર્ષ–૨૦૧૫

| તાલુકો અને તળાવની સંખ્યા | ગામ/તળાવનું નામ | થયેલ કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| હિંમતનગર (૫) | કાનડા | ૨.૭૧ |
| | આકોદરા | ૫.૨૦ |
| તાલુકો અને તળાવની સંખ્યા | ગામ/તળાવનું નામ | થયેલ કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
| | રાજપુર (ગાંભોઇ) | ૫.૬૬ |
| | વક્તાપુર | ૫.૬૬ |
| | હડીયોલ | ૫.૫૧ |
| ઇડર (૭) | વીરપુર | ૭.૨૨ |
| | પોશીના | ૯.૧૦ |
| | રૂવચ | ૧૦.૪૬ |
| | વીરપુર | ૧.૧૩ |
| | લાલોડા | ૧.૭૪ |
| | ખાસ્કી | ૫.૪૯ |
| | શેરપુર | ૫.૬૬ |
| વડાલી (૧૧) | ડોભાડા | ૮.૮૫ |
| | ભંડવાલ | ૧૦.૦૨ |
| | અસાઇ (વાસણા) | ૬.૬૬ |
| | કુબાધરોલ કમ્પા | ૬.૨૦ |
| | ગામડી | |
| | કેશરગંજ | ૬.૩૦ |
| | ધામડી | |
| | જામરેલા | ૬.૨૪ |
| | કોદરેલી | |
| | રહેડા | ૩.૪૦ |
| | થેરાસણ | ૫.૪૧ |
| પ્રાંતિજ (૪) | મહાદેવપુરા | ૫.૪૪ |
| | ફતેપુર | ૨.૬૯ |
| | નાનપુર | ૩.૦૭ |
| | વાઘરોટા | ૫.૬૮ |
| તલોદ (૪) | નાની સિંહોલી | ૧.૬૯ |
| | ખેરોલ | ૨.૧૬ |
| | સલાટપુર | ૬.૧૪ |
| | કાબોદ્રી | ૫.૬૦ |
| ખેડબ્રહ્મા (૩) | લક્ષ્મીપુરા | ૩.૩૨ |
| | દામાવાસ | ૫.૬૩ |

| | | |
|---|---|---|
| | દેવીનગર | ૫.૭૫ |

વર્ષ–૨૦૧૬

| તાલુકો અને તળાવની સંખ્યા | ગામ/તળાવ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| હિંમતનગર (૩) | કનાઇ | ૩.૨૮ |
| | વીરાવાડા | ૧.૪૯ |
| | વાંટડા | ૬.૩૯ |
| ઇડર (૧૨) | પોશીના | ૪.૧૮ |
| | ચોટાસણ | ૩.૨૪ |
| | લાલોડા | ૧.૭૬ |
| | દીયોલી | ૦.૭૭ |
| | જાદર | ૪.૧૨ |
| | જુમસર | ૪.૨૮ |
| | દરામલી | ૦.૮૯ |
| | વસાઇ | ૧.૭૪ |
| | ડુંગરી | ૨.૩૫ |
| | રમલેશ્વર | ૬.૫૫ |
| | કાવા | ૩.૦૭ |
| | વીરપુર | ૧.૧૮ |
| વડાલી (૪) | વડગામડા | ૨.૪૦ |
| | ગામડી | ૧૨.૮૪ |
| | કુબાધરોલ | ૫.૧૪ |
| | કેશરગંજ | ૪.૦૨ |
| પ્રાંતિજ (૨) | સીતવાડા | ૦.૬૦ |
| | પોગલુ | ૧.૯૬ |
| તલોદ (૧) | સીમલીયા | ૧.૩૦ |

---------

## વલસાડ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

* ૩૧૭૧૭ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને | (૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૦૫–૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૧૨,૩૭,૦૮૯ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

## દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૧૬૮૮ શ્રી વિછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વિજળીકરણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| દાહોદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૭૯૩ | ૨૮.૩૧ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૫૩૫ | ૨૨.૪૯ |
| કુલ | ૧૩૨૮ | ૫૦.૮૦ |
| પંચમહાલ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૩૮૧ | ૧૮૦.૮૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૨૭૩ | ૫૯.૭૧ |
| કુલ | ૨૬૫૪ | ૨૪૦.૫૯ |

---------

સુરત અને ભરૂચ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૧૬૯૮ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) **:** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યનાં દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ સુરત અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં સુરત જિલ્લાનાં બે અને ભરૂચ જિલ્લાનાં ત્રણ તાલુકાઓનો સમાવેશ થયેલ છે જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| સુરત | ૨૦૧૫-૧૬ | ચોર્યાસી | ૧૬.૩૮ | ૩૪૧ | ૧૦.૧૨ |
| | | ઓલપાડ | ૪૦.૭૬ | ૩૦૦ | ૧૫.૪૪ |
| | | કુલ | ૫૭.૧૪ | ૬૪૧ | ૨૫.૫૬ |
| | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ચોર્યાસી | ૨૭.૭૩ | ૯૮ | ૮.૬૨ |
| | | ઓલપાડ | ૧૨.૦૮ | ૧૨૮ | ૫.૨૭ |
| | | કુલ | ૩૯.૮૧ | ૨૨૬ | ૧૩.૮૯ |
| | સુરત જિલ્લો કુલ | | ૯૬.૯૫ | ૮૬૭ | ૩૯.૪૫ |
| ભરૂચ | ૨૦૧૫-૧૬ | હાંસોટ | ૨.૮૦ | ૬૩ | ૧.૮૧ |
| | | વાગરા | ૧૬.૨૪ | ૧૨૭ | ૬.૨૯ |
| | | જંબુસર | ૪૫.૬૦ | ૧૮૭ | ૧૪.૬૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કુલ | ૬૪.૬૪ | ૩૭૭ | ૨૨.૭૩ |
| | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | હાંસોટ | ૪.૭૦ | ૩૪ | ૧.૭૭ |
| | | વાગરા | ૩૫.૭૪ | ૨૪૪ | ૧૩.૨૦ |
| | | જંબુસર | ૫.૫૦ | ૧૬ | ૧.૬૫ |
| | | કુલ | ૪૫.૯૪ | ૨૯૪ | ૧૬.૬૨ |
| | ભરૂચ જિલ્લો કુલ | | ૧૧૦.૫૮ | ૬૭૧ | ૩૯.૩૫૫ |

---------

ગીરસોમનાથ અને અમરેલી જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

* ૩૧૭૦૫ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગીરસોમનાથ અને અમરેલી જિલ્લાઓમાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે ?

જવાબ

(૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૦૫–૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગીરસોમનાથ અને અમરેલી જિલ્લાઓમાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગીરસોમનાથ અને અમરેલી જિલ્લાઓમાં અનુક્રમે ૪,૫૭,૨૭૬ અને ૯,૬૮,૬૯૨ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

સાબરકાંઠા અને તાપી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૧૭૩૨ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સાબરકાંઠા અને તાપી જિલ્લાઓમાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સાબરકાંઠા અને તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સાબરકાંઠા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૮૨૪ | ૩૦.૩૮ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૨૩૭૭ | ૮૩.૮૮ |
| કુલ | ૩૨૦૧ | ૧૧૪.૨૬ |
| તાપી જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૩૭૨ | ૧૩.૦૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૬૬૫ | ૨૩.૨૮ |
| કુલ | ૧૦૩૭ | ૩૬.૩૦ |

---------

સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

## અતારાંકિત પ્રશ્નો

* ૩૧૭૨૩ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરત જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૧૨ | ૭.૪૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૩૯૬ | ૧૩.૮૭ |
| કુલ | ૬૦૮ | ૨૧.૨૯ |

---------

છોટાઉદેપુર અને સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણો

* ૩૧૭૩૪ શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા (કામરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યાતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૧૪૨૧ | ૯૦.૧૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૭૪૧ | ૯૪.૧૩ |
| કુલ | ૨૧૬૨ | ૧૮૪.૨૫ |
| સુરત જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૨૧૨ | ૭.૪૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૩૯૬ | ૧૩.૮૭ |
| કુલ | ૬૦૮ | ૨૧.૨૯ |

---------

તાપી જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૧૭૧૨ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ તાપી જિલ્લામાં ૩,૧૮,૬૮૭ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય

* ૩૦૯૫૭ શ્રી પ્રવિણભાઇ રાઠોડ (પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) ૧૬૮૭ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડૂતોને સહાય ચુકવવામાં આવી, | (૨) ૬૯૨ અરજીઓ (તા.૨૨-૦૨-૨૦૧૭ની સ્થિતિએ) મંજુર કરી અને ૫૬૪ ખેડુતોને સહાય ચુકવવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના કારણો શા છે, અને | (૩) ૮ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે. તેના કારણો નીચે મુજબ છે.<br>૧) ખેડૂત અરજદારશ્રી દ્વારા ટ્રેક્ટરના માન્ય મોડલની ખરીદી કરેલ નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | (૪) ઉક્ત સ્થિતિએ ૨૩૬ અરજીઓ પડતર હતી, પરંતુ તા.૨૨-૦૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૨૦ અરજીઓ પડતર છે, લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં ચુકવણીની કાર્યવાહી કરવાની રહે છે. |

---------

### આણંદ અને વડોદરા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના

* ૩૨૯૨૬ શ્રી અમીતકુમાર ચાવડા (આંકલાવ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | સમયગાળો | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | આણંદ | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ | ૯૦ |
| ૨ | | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ | ૭૦ |
| કુલ | | | ૧૬૦ |
| ૧ | વડોદરા | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ | ૮૮ |
| ૨ | | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ | ૭૪ |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી અને

(૨)

કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

| અ.નં | જિલ્લાનું નામ | સમયગાળો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ | ૪૭ | ૬ |
| | | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ | ૩૨ | ૦ |
| કુલ | | | ૭૯ | ૬ |
| ૧ | વડોદરા | તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ | ૪૪ | ૫ |
| ૨ | | તા.૧-૨-૨૦૧૬ થી તા.૩૧-૧-૨૦૧૭ | ૨૭ | ૧ |
| કુલ | | | ૭૧ | ૬ |

---------

અરવલ્લી જિલ્લામાં પાતાળ કુવા બનાવવા બાબત

* ૩૩૧૮૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પાતાળ કુવા બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા પાતાળ કુવા બનાવવાની દરખાસ્તો પડતર છે અને કેટલા સમયમાં તે નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઇ પાતાળ કુવા બનાવવામાં આવેલ નથી. પરંતુ હાલ પાતાળ કુવા બનાવવા માટેની શક્યતા ચકાસવાની કામગીરી ચાલી રહેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ જિલ્લામાં ખેતીથી વાવેલા ફળપાકો માટે સહાય

* ૩૦૬૪૪ ડૉ.નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળ પાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં કચ્છ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૨,૧૫,૮૪,૧૮૧/- (રૂપિયા બે કરોડ પંદર લાખ ચોર્યાસી હજાર એકસો એક્યાશી પુરા)

---------

રાજકોટ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતીનું ઓડીટ

* ૩૦૯૨૦ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૪-૧૫ અને સને ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષ દરમ્યાન રાજકોટ ખેતીવાડી ઉત્પાદન બજાર સમીતી(એ.પી.એમ.સી) નું છેલ્લે ક્યારે ઓડીટ કરવામાં આવ્યું,

જવાબ

(૧) સને-૨૦૧૪-૧૫ના વર્ષનું તા.૨૭/૦૬/૨૦૧૫ ના રોજ ઓડીટ કરવામાં આવ્યુ, તથા સને-૨૦૧૫-૧૬ના વર્ષનું ઓડીટ બાકી છે.

(૨) ઉક્ત ઓડીટ દરમ્યાન ઉક્ત એ.પી.એમ.સી દ્વારા નાણાકીય ગેરરીતી કે અધિક ખર્ચના કેટલા કિસ્સાઓ સરકારના ધ્યાન પર આવ્યા,

(૨) ઓડીટ દરમ્યાન નાણાંકીય ગેરરીતી કે અધિક ખર્ચ અંગેના કોઈ કિસ્સાઓ સરકારના ધ્યાને આવેલ નથી.

(૩) તે અન્વયે કેટલા જવાબદાર અધિકારી/કર્મચારી સામે શું પગલા ભરવામાં આવ્યા, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ પગલા લીધેલ ન હોય તો તે પાછળના મુખ્યત્વે શા કારણો છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ

* ૩૧૬૭૩ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘરવપરાશનાં વીજજોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અમદાવાદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર વપરાશનાં વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૫૧૮ | ૪૦.૦૩ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૧૧ | ૧૮.૧૦ |
| કુલ | ૯૨૯ | ૫૮.૧૩ |
| ગાંધીનગર જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૧૦ | ૩૪.૦૯ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૩૨૬ | ૩૧.૯૫ |
| કુલ | ૬૩૬ | ૬૬.૦૪ |

---------

છોટાઉદેપુર અને નવસારી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણો

* ૩૧૭૩૫ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને નવસારી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૧૪૨૧ | ૯૦.૧૨ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૪૧ | ૯૪.૧૩ |
| કુલ | ૨૧૬૨ | ૧૮૪.૨૫ |

| નવસારી જિલ્લો | | |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૭૮૨ | ૨૭.૪૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૬૩ | ૨૬.૭૧ |
| કુલ | ૧૫૪૫ | ૫૪.૧૧ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ગામ તળાવો બનાવવાની અરજીઓ

* ૩૨૫૩૭ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગામ તળાવો બનાવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામ તળાવો બનાવવામાં આવ્યા?

જવાબ

(૧) , (૨) અને (૩) ગામ તળાવો બનાવવા માટે કોઇ અરજીઓ મળેલ નથી પરંતુ વિકલ્પ તરીકે છેલ્લા બે વર્ષમાં કુલ ૭૮ તળાવો ઉંડા ઉતારવામાં આવેલ છે. આ કામગીરીથી ૭૭૬ હેક્ટર સિંચાઇ વિસ્તારને ફાયદો થયેલ છે.

---------

જામનગર અને પોરબંદર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૧૬૯૩ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર-દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં જામનગર જિલ્લાના બે અને પોરબંદર જિલ્લાના એક તાલુકાનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક – અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વીજ વાયરો બદલ્યા (કી.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| જામનગર | ૨૦૧૫-૧૬ | જામનગર | ૧૨૯.૫૬ | ૧૮૦ | ૪૮.૦૯ |
| | | જોડીયા | ૪૬.૮૮ | ૧૩૪૯ | ૩૯.૯૯ |
| | | (૨૦૧૫-૧૬) કુલ | ૧૭૬.૪૪ | ૧૫૨૯ | ૮૮.૦૮ |
| જામનગર | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | જામનગર | ૫૪.૦૬ | ૧૭૬ | ૨૮.૭૪ |
| | | જોડીયા | ૧૪.૨૫ | ૧૩૧ | ૧૦.૫૨ |
| | | (૨૦૧૬-૧૭ ડસિ.૧૬ અંતિત) કુલ | ૬૮.૩૧ | ૩૦૭ | ૩૯.૨૬ |
| | | જામનગર જિલ્લો કુલ | ૨૪૪.૭૫ | ૧૮૩૬ | ૧૨૭.૩૪ |
| પોરબંદર | ૨૦૧૫-૧૬ | પોરબંદર | ૧૫૮.૨૦ | ૧૭૩ | ૫૯.૧૮ |
| | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ | | ૧૪૧.૬૦ | ૨૭૫ | ૫૭.૩૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અંતિત) | | | | |
| | | પોરબંદર જિલ્લો કુલ | ૨૯૯.૮૦ | ૪૪૮ | ૧૧૬.૫૨ |

---------

પાટણ જિલ્લામાં તળાવો ઉંડા ઉતારવા બાબત

*૩૦૬૬૭ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા, | (૧) ૬૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) ૪૧૪.૦૨ લાખ |
| (૩) ઉક્ત કામગીરી કેટલા વિસ્તારને લાભ થશે? | (૩) ૬૬૪ હેક્ટર |

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૩૦૬૪૦ શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૫/૧/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ સિઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે કેટલા કેન્દ્ર ખોલવામાં આવેલ છે, | (૧) ૪ (ચાર) |
| (૨) તા.૨૫/૧/૨૦૧૭ની સ્થિતિએ કેટલી મગફળી ખરીદવામાં આવેલ છે, અને | (૨) ૧૫૭૩૧૮.૩૫ ક્વિન્ટલ |
| (૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે? | (૩) હાલ કેન્દ્ર સરકારશ્રીની સુચના મુજબ તા.૨૩/૦૨/૨૦૧૭ સુધી ખરીદવામાં આવેલ છે. |

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૧૬૮૬ શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘરવપરાશનાં વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ અને મોરબી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ અને મોરબી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| રાજકોટ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૮૯૭ | ૧૨૭.૧૮ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૩૩૩૭ | ૧૪૭.૯૧ |
| કુલ | ૬૨૩૪ | ૨૭૫.૦૯ |
| મોરબી જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૮૩૭ | ૩૮.૫૫ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨– | ૪૮૬ | ૨૪.૭૩ |

| | | |
|---|---|---|
| ૨૦૧૬ અંતિત) | | |
| કુલ | ૧૩૨૩ | ૬૩.૨૮ |

---------

સુરત અને તાપી જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

* ૩૧૭૦૩ શ્રી જનકભાઇ કાછડીયા (કરંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે?

જવાબ

(૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓમાં અનુક્રમે ૨૮,૬૮,૨૨૧ અને ૩,૧૮,૬૮૭ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

ભાવનગર અને પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૧૯૪૫ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘરવપરાશનાં વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ અને ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ અને ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| પાટણ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૦૩૦ | ૭૯.૪૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૨૫૮ | ૧૭૯.૩૪ |
| કુલ | ૬૨૮૮ | ૨૫૮.૮૧ |
| ભાવનગર જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૬૮૮ | ૧૧૭.૬૬ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૩૧૬ | ૯૧.૯૦ |
| કુલ | ૫૦૦૪ | ૨૦૯.૫૬ |

---------

અમદાવાદ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૩૧૭૨૧ શ્રી લાલજીભાઇ કોળી પટેલ (ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા,તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે?

**જવાબ**

(૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૨૭,૪૬,૪૦૪ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

### રાજ્યમાં વિજ માંગ બાબત

* ૩૦૯૨૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વિજ માંગ હતી તે સામે કેટલી વીજળીનું ઉત્પાદન થયું, અને

(૨) ઉક્ત સમયગાળામાં રાજ્યમાં વીજ માંગને પહોંચી વળવા સરકારે કેટલી વિજળી ક્યા ભાવે કોની પાસેથી ખરીદી?

**જવાબ**

(૧) રાજ્ય હસ્તકની વીજ કંપનીઓની વીજ માંગ કેલેન્ડર વર્ષ ૨૦૧૫માં ૮૦૩૭૪ મી.યુ તથા વર્ષ ૨૦૧૬માં ૮૧૦૦૨ મી.યુ હતી જે સંતોષવા માટે પુરેપુરૂ વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સમયગાળામાં વીજમાંગ ને પહોચી વળવા નીચે મુજબ વીજ ખરીદી કરવામાં આવેલ છે.

| વિગત | ૨૦૧૫ | | ૨૦૧૬ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂ./યુનીટ | મી.યુ | રૂ./યુનીટ |
| રાજ્ય સરકારની કંપનીઓ | ૨૧૭૭૮ | ૪.૫૩ | ૨૦૦૧૮ | ૪.૯૧ |
| કેન્દ્ર સરકારની કંપનીઓ | ૨૦૮૭૮ | ૨.૮૬ | ૨૨૮૯૧ | ૨.૮૬ |
| ખાનગી કંપનીઓ | ૩૧૯૯૭ | ૨.૮૧ | ૩૧૮૦૫ | ૨.૮૫ |
| બિનપરંપરાગત સ્ત્રોત અને અન્ય | ૫૭૨૧ | ૫.૯૨ | ૫૯૯૪ | ૫.૮૦ |
| પાવર એક્ષ્ચેન્જ / ટ્રેડર્સ | – | – | ૨૯૪ | ૨.૮૬ |

*ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફિક્સ્ડ કોસ્ટ પણ ચુકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫ માં રૂ. ૧૦૯૯ કરોડ અને વર્ષ ૨૦૧૬માં રૂ. ૯૩૬ કરોડ છે.

---------

### ડાંગ અને સુરત જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણો

* ૩૧૭૩૦ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ડાંગ અને સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)અને(૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ડાંગ અને સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ડાંગ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૪૦૨ | ૧૪.૦૭ |
| ૨૦૧૬–૧૭ | ૨૨૩ | ૭.૮૧ |

| | | |
|---|---|---|
| (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | | |
| કુલ | ૬૨૫ | ૨૧.૮૮ |
| સુરત જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૧૨ | ૭.૪૨ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૩૯૬ | ૧૩.૮૭ |
| કુલ | ૬૦૮ | ૨૧.૨૯ |

---------

વલસાડ જિલ્લામાં નદીઓને જોડી લીંક બનાવવાની કાર્યવાહી

* ૩૦૮૧૧ શ્રી ઇશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને વાંસદા તાલુકામાં સાત નદીઓને જોડીને લીંક બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

જવાબ

આંતર રાજ્ય નદી જોડાણ યોજના હેઠળ પાર, તાપી, નર્મદા લીન્ક બનાવવા તથા રાજ્ય હસ્તકની નદી જોડાણ યોજના હેઠળ દમણગંગા-સાબરમતી લીન્ક બનાવવા અંગેનો વિગતવાર યોજનાકીય અહેવાલ તૈયાર કરવાની કાર્યવાહી કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય જળ વિકાસ અભિકરણ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

નર્મદા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૧૭૨૫ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

આદીજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નર્મદા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૬૭૨ | ૨૭.૦૧ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૫૫૭ | ૧૯.૯૭ |
| કુલ | ૧૨૨૯ | ૪૬.૯૮ |

---------

માણસા તાલુકાના તળાવોમાં નર્મદાનું પાણી ભરવા બાબત

* ૩૨૫૬૧ શ્રી અમીતભાઈ ચૌધરી (માણસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના કેટલા ગામોના તળાવોમાં નર્મદાનું પાણી ભરવામાં આવ્યું છે,

જવાબ

(૧) ૭ ગામોના ૯ તળાવો.

(૨) પાણી ભરવામાં આવેલ ન હોય તો તેના શા કારણો છે, અને

(૨) માણસા ગામના ચંન્દ્રાસણ તળાવ પાઈપલાઈનથી જોડ્યા બાદ માણસા નગરપાલિકા દ્વારા શીફ્ટીંગ થયેલ, જે કાર્યવાહી પૂર્ણ થયેલ નથી જેથી ભરી શકાયું નથી.

(૩) કેટલા સમયમાં આવા તળાવોમાં પાણી ભરવામાં આવશે ?

(૩) માણસા નગરપાલિકા દ્વારા જરૂરી કામગીરી પૂર્ણ થયેથી તળાવમાં પાણી ભરવામાં આવશે.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

* ૩૧૭૦૮ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે ?

જવાબ

(૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૦૫–૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં અનુક્રમે ૨૭,૪૬,૪૦૪ અને ૧,૮૬,૪૫૨ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં કાર્યકારી સહકારી મંડળીઓ

* ૩૦૯૦૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૦૧–૦૨–૨૦૧૭ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ કેટલી નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલી મંડળીઓ તા.૦૧–૦૨–૨૦૧૭ ની સ્થિતિએ કાર્યરત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલી અને તાલુકાવાર કઇ મંડળીઓ ફડચામાં છે ?

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૦૧–૦૨–૨૦૧૭ ની સ્થિતિએ કુલ ૧૬૭ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ નોંધાયેલી છે.

| અ.નં. | તાલુકાનું નામ | વિ.કા.સ.મં. લી. |
|---|---|---|
| ૧ | નસવાડી | ૨૧ |
| ૨ | જેતપુર–પાવી | ૩૧ |
| ૩ | સંખેડા | ૪૮ |
| ૪ | બોડેલી | ૩૫ |
| ૫ | છોટાઉદેપુર | ૧૩ |
| ૬ | ક્વાંટ | ૧૯ |
| | કુલ | ૧૬૭ |

(૨) તા.૦૧–૦૨–૨૦૧૭ ની સ્થિતિએ ૧૫૬ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ કાર્યરત છે.

(૩) (૧) તા.૦૧–૦૨–૨૦૧૭ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ૧૧ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ ફડચામાં ગયેલ છે. જેના તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ફડચામાં ગયેલ કુલ મંડળી |
|---|---|---|
| ૧ | નસવાડી | ૦૦ |
| ૨ | જેતપુર–પાવી | ૦૨ |
| ૩ | સંખેડા | ૦૫ |
| ૪ | બોડેલી | ૦૪ |
| ૫ | છોટાઉદેપુર | ૦૦ |
| ૬ | ક્વાંટ | ૦૦ |

| | | |
|---|---|---|
| | કુલ | ૧૧ |

(૩) (૨) છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ફડચામાં ગયેલ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓની યાદી પરિશિષ્ટ મુજબ.

પરિશિષ્ટ

| અ.નં. | ફડચા મંડળીનું નામ |
|---|---|
| | જેતપુર–પાવી તાલુકો |
| ૧ | મોટીબેજ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.મોટીબેજ |
| ૨ | સાઘલી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.સાઘલી |
| | સંખેડા તાલુકો |
| ૧ | કાળી તલાવડી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.કાળી તલાવડી |
| ૨ | રતનપુર (ક) વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.રતનપુર |
| ૩ | ટીંબી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.ટીંબી |
| ૪ | લાછરસ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.લાછરસ |
| ૫ | પીપેલસટ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.પીપેલસટ |
| | બોડેલી તાલુકો |
| ૧ | કુંદનપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.કુંદનપુર |
| ૨ | વાજપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.વાજપુર |
| ૩ | છત્રાલી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.છત્રાલી |
| ૪ | વડાતલાવ તેલીબીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ, મુ.વડાતલાવ |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતી પાકોને નુકશાનની રકમ

* ૩૨૯૧૮ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અતિવૃષ્ટિ તથા કુદરતી હોનારતને કારણે ખેતીપાકોને કેટલી રકમનું નુકશાન ઉક્ત વર્ષવાર તાલુકાવાર થયું, અને

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નુકશાનની રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| ગાંધીનગર જિલ્લો | | | | |
| ૧ | ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | ગાંધીનગર | કલોલ | ૦.૯૧ |
| | | | માણસા | ૧૯.૩૩ |
| | | | કુલ | ૨૦.૨૪ |
| ૨ | ૦૧–૦૨–૨૦૧૬ થી ૩૧–૦૧–૨૦૧૭ | સદર વર્ષ દરમ્યાન અતિવૃષ્ટી તથા કુદરતી હોનારતને કારણે ૩૩% કે તેથી વધુ ખેતીપાક નુકશાન થયેલ નથી. | | |
| મહેસાણા જિલ્લો | | | | |
| ૧ | ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | મહેસાણા | વિજાપુર | ૨.૭૨ |
| | | | મહેસાણા | ૨૯.૨૮ |
| | | | ઉંઝા | ૪.૩૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જોટાણા | ૭૨.૦૫ |
| | | | વિસનગર | ૦.૬૮ |
| | | | બેચરાજી | ૬૬.૬૦ |
| | | | કડી | ૩૫.૯૬ |
| | | | વડનગર | ૦.૦૯ |
| | | | ખેરાલુ | ૦.૧૮ |
| | | | કુલ | ૨૧૧.૯૦ |
| ૨ | ૦૧-૦૨-૨૦૧૬ થી ૩૧-૦૧-૨૦૧૭ | સદર વર્ષ દરમ્યાન અતિવૃષ્ટી તથા કુદરતી હોનારતને કારણે ૩૩% કે તેથી વધુ ખેતીપાક નુકશાન થયેલ નથી. | | |

(૨) તે અન્વયે ઉક્ત નુકશાનની કેટલી રકમ ઉક્ત સ્થિતિ સુધીમાં ચુકવવામાં આવી ?

(૨) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ રૂ.૨૦.૨૪ લાખ તેમજ મહેસાણા જિલ્લામાં કુલ રૂ.૨૧૧.૯૪ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

---------

જામનગર શહેરમાં ખુલ્લા વાયર તથા ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનોના લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૩૦૯૧૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) જામનગર શહેર અને જીલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનોને લીધે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઇજાગ્રત બની અંગો ગુમાવ્યા,

(૧)વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે,વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે,ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઇંસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

આ સંજોગોમાં, પશ્ચિમ ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં, સને (કેલેન્ડર વર્ષ) ૨૦૧૬ માં,

જામનગર શહેરમાં નાગરિકોના કોઇ વીજ અકસ્માત નોંધાયેલ નથી અને પ્રાણીઓના ૧૭ (સત્તર) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા.

જામનગર જિલ્લામાં, નાગરિકોના ૭ (સાત) પ્રાણઘાતક તથા ૪ (ચાર) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૭ (સત્તર) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા. નાગરિકોના ૪ (ચાર) બીન પ્રાણઘાતક અકસ્માત પૈકીના કોઇપણ કિસ્સામાં વ્યક્તિએ અંગો ગુમાવ્યા નથી.

જ્યારે જામનગર જિલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, સને (કેલેન્ડર વર્ષ) ૨૦૧૬ માં કોઇપણ અકસ્માતનો બનાવ નોંધાયેલ નથી.

(૨) ઉકત બાબતે ઉર્જા કંપનીની બેદરકારી બદલ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવીમાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઇ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં,

અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

- નાગરિકોના કિસ્સામાં કાલાવાડ (વેસ્ટ) પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૫-૧૨-૨૦૧૬ ના રોજ વીજળીઘરના કર્મચારી દ્વારા કચેરીના ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ પાસે ૧૧ કે.વી. બામણગામ ફિડરની લાઇન કલીયર માંગેલ, કચેરીના ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ દ્વારા કોઇપણ પ્રકારની ખરાઇ કર્યા વગર ફિડરની લાઇન કલીયર લઇ આપેલ જેના અનુસંધાને વીજળીઘરના કર્મચારીનું લાઇન પર કામ કરતા હતા ત્યારે વીજ-શોક લાગતાં મૃત્યુ થયેલ છે. તે બાબતે કાલાવાડ (વેસ્ટ) પેટા વિભાગીય કચેરીના ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટને તા.૧૩-૧૨-૨૦૧૬ના રોજ ફરજ મોકૂફ કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રવર્તમાન નિયમ અનુસાર તેમને તા.૨૬-૧૨-૨૦૧૬ના પત્રથી ચાર્જશીટ આપવામાં આવેલ અને કાર્યવાહીના અંતે તેઓને ૨૩-૨-૨૦૧૭ ના રોજ ચેતવણી પત્ર આપેલ છે.

(૩) તે અન્વયે કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઇ, પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી.

(૪) ઉક્ત અસરગ્રસ્તોને વળતર પેટે આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલી રકમ ચુકવવામાં આવી તથા ઉક્ત સ્થિતિએ કેટલી બાકી છે અને તે ક્યાં સુધીમાં ચુકવવવામાં આવશે ?

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઇનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ. ના માર્ગદર્શક સર્કયુલર મુજબ રકમ ચુકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઇલેક્ટ્રીક સાધનોના કારણે તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઇ જવાબદારી રહેતી ન હોઇ, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર નીચે દર્શાવ્યા પ્રમાણેના કેસમાં ચુકવણી કરવામાં આવી. તદ્નુસાર, જામનગર જિલ્લામાં,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ, કુલ ૭ (સાત) નાગરિકોના મૃત્યુના કિસ્સાઓ પૈકી ૫ (પાંચ) કિસ્સામાં પ્રાથમિક સહાય સ્વરૂપે રૂ.૫૦,૦૦૦/- પેટે કુલ રૂ.૨,૫૦,૦૦૦/- સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતા વળતર પેટે, ૧ (એક) કિસ્સામાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઇ બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૪ (ચાર) કિસ્સાઓમાં વારસદારો તરફથી જરૂરી અરજી/ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ અને બાઇનંદા કેસની

માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વળતર ચૂકવી આપવામાં આવશે.

બાકી રહેતા ૨(બે) કિસ્સાઓમાં અકસ્માતનો ભોગ બનનાર નાગરિકોના કોઈ વારસદાર મળેલ ન હોઈ, વળતર ચુકવી શકાયેલ નથી.

(૨) ૧૭ (સત્તર) પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૧૧ (અગિયાર) કિસ્સાઓમાં ૧૦૦% વળતરની રકમ પેટે રૂ.૧,૫૩,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. જ્યારે ૨ (બે) કિસ્સાઓમાં ૫૦% વળતર રકમ પેટે રૂ.૨૨,૫૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. બાકીની ૫૦% રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મળ્યા બાદ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે.

બાકી રહેતા ૪ (ચાર) કિસ્સાઓમાંથી ૨ (બે) કિસ્સામાં પ્રાણીના માલિક દ્વારા વળતર મેળવવાની ના પાડી હોઇ અને ૨ (બે) કિસ્સામાં પ્રાણી બિનવારસી હોઇ, વળતર ચૂકવી શકાયેલ નથી.

---------

## અબડાસા અને માંડવી તાલુકામાં જર્જરીત વીજ વાયરો

* ૩૧૯૫૪ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યનાં દરિયાકાંઠા વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પૂરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા અને માંડવી તાલુકામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા અને માંડવી તાલુકામાં બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લો | તાલુકા | વર્ષ | જર્જરીત વિજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| કચ્છ | અબડાસા | ૨૦૧૫-૧૬ | ૧૨૨.૨૭ | ૬૪૧ | ૪૨.૩૩ |
| | | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ૫૨.૬૦ | ૧૮૯ | ૨૫.૫૨ |
| | | કુલ | ૧૭૪.૮૭ | ૮૩૦ | ૬૭.૮૫ |
| કચ્છ | માંડવી | ૨૦૧૫-૧૬ | ૨૧.૧૦ | ૧૪૧ | ૭.૨૩ |
| | | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ૧૦૮.૫૫ | ૩૨૫ | ૫૩.૬૮ |
| | | કુલ | ૧૨૯.૬૫ | ૪૬૬ | ૬૦.૯૧ |

---------

## પ્રાંતિજ તાલુકામાં પોયડા ગામ પાસે ચેકડેમ બનાવવા બાબત

* ૩૨૭૫૧ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાં પોયડા ગામ પાસે સરકાર દ્વારા ક્યારે ચેકડેમ બનાવવામાં આવેલ, | (૧) વર્ષ–૨૦૦૫ માં. |
| (૨) ઉક્ત ચેકડેમ ઉક્ત સ્થિતિએ કઇ અવસ્થામાં છે, અને | (૨) વર્ષ–૨૦૦૫ માં નદીમાં ભારે પૂરના કારણે આ ચેકડેમ ખેંચાઇ જવા પામેલ. |
| (૩) ઉક્ત સ્થિતિએ જો ચેકડેમ તૂટી ગયેલ હોય તો સરકાર દ્વારા આ જગ્યાએ નવીન ચેકડેમ ક્યારે બનાવવાનું આયોજન છે ? | (૩) ચેકડેમને ભારે પૂરના કારણે થયેલ નુકશાનીના પ્રમાણને જોતાં રીસ્ટોરેશનની કામગીરીના બદલે પોયડા ગામથી નદીમાં ઉપરવાસમાં લાકરોડા વીયર તથા નીચવાસમાં સંત સરોવર બેરેજ જેવા મોટા જળ સંચય/રીચાર્જના કામો કરવામાં આવેલ છે. |

---------

## આણંદ જિલ્લામાં કોલ્ડસ્ટોરેજના લાભાર્થી

* ૩૦૬૫૨ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | સહાય ચૂકવવાપાત્ર ન હોઇ ચૂકવવામાં આવેલ નથી. |

---------

## રાજ્યની બજાર સમિતિઓમાં ચાલતા પ્રાણીઓના ખરીદ વેચાણ પ્રવૃત્તિ કેટલ મારકેટ બંધ કરવા બાબાત

* ૩૧૯૯૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની બજાર સમિતિઓમાં ચાલતા પ્રાણીઓના ખરીદ વેચાણની પ્રવૃત્તિ/કેટલ મારકેટ સંપૂર્ણ પણે બંધ કરવા રાજ્ય સરકારે તા.૧૫–૧૦–૨૦૧૬ ના રોજ લેખીત હુકમ પ્રસિદ્ધ કર્યો છે તે હકિકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ (૧) ઘોઘંબા (૨) લીમખેડા (૩) ક્વાંટ (૪) દાહોદ (૫) ડાકોર ખાતે આવેલ બજાર સમિતિઓમાં પ્રાણીઓના ખરીદ વેચાણ/ કેટલ મારકેટ રાજ્ય સરકારના આદેશ વિરૂદ્ધ સંપૂર્ણ પણે ગેરકાયદે ચાલી રહ્યા છે તે હકીકત સાચી છે કે કેમ, | (૨) ઘોઘંબા, લીમખેડા અને દાહોદ તાલુકામાં તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ હાટ બજારમાં પશુઓનું ખરીદ વેચાણ ચાલતું હતું, તે હકીકત સાચી છે. |
| (૩) જો હા, તો ઉક્ત ગેરકાયદે પ્રવૃત્તિ અને હુકમના ભંગ બદલ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહીઓ કરવામાં આવી છે, અને | (૩) ઘોઘંબા, લીમખેડા અને દાહોદ તાલુકામાં અઠવાડીક ભરાતાં હાટ બજારમાં પશુઓનું ખરીદ વેચાણ થતું હતું. તેમ છતાં, બજાર સમિતિઓમાં આવી પ્રવૃત્તિ ન થાય તે જોવા સુચના આપેલ છે. |
| (૪) ઉક્ત ગેરકાયદે પ્રવૃત્તિ ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ? | (૪) હાલમાં, કોઇ બજાર સમિતિઓમાં પશુ બજાર ચાલતું નથી. |

---------

## રાજ્ય સરકારને ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેંટ ચાર્જ અને સરચાર્જ પેટે આવક બાબત

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

* ૩૨૯૪૨ ડૉ. અનિલભાઇ જોષીયારા (ભિલોડા) **:** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેંટ ચાર્જ અને સરચાર્જ પેટે કેટલી આવક થઇ?

જવાબ

વીજ કંપનીઓના વીજ દરો નક્કી થયા બાદ વીજ ઉત્પાદન માટે વાપરવામાં આવતા બળતણ જેવા કે કોલસો અને ગેસના ભાવોમાં તથા બળતણના પરિવહનના દરોમાં થતા વધારા / ઘટાડા ના કારણે તેમજ તેને લઇને વીજ ખરીદ કિંમતમાં થતાં ભાવ વધારા / ઘટાડા ને કારણે વીજ કંપનીઓ ઉપર જે વધારાનો બોજો આવે છે તે નામદાર વીજ નિયમન આયોગ (GERC) દ્ધારા નક્કી કરવામાં આવેલ પધ્ધતિ મુજબ વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ (EPPPA) રૂપે સરભર કરવામાં આવે છે. આમ, ફ્યુઅલ સરચાર્જ એ ટેરીફનો જ એક ભાગ છે તથા તે રાજ્ય સરકારને થતી કોઇ વધારાની આવક નથી. રાજ્ય હસ્તક ની વીજ કંપનીઓ દ્ધારા ખેતીવાડી સિવાય ના ગ્રાહક પાસેથી ફ્યુઅલ સરચાર્જ પેટે કરવામાં આવેલ રીકવરી ની વિગતો નીચે મુજબ છે.

| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭–પ્રોવીઝનલ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| રૂ કરોડ | ૫૭૦૪ | ૬૬૩૯ | ૬૧૩૮ |
| સરેરાશ રૂ. / યુનિટ | ૧.૩૧ | ૧.૪૫ | ૧.૫૭ |

ખેતીવાડીના ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ લેવામાં આવતો નથી અને તે ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ યુટીલીટીઓને સબસીડીના સ્વરૂપે ચુકવી વહન કરે છે.

---------

### મહેસાણા અને પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૧૬૮૭ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) **:** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશનાં વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા અને પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા અને પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| મહેસાણા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૧૯૨૭ | ૧૪૧.૯૫ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૨૫૯૫ | ૧૭૪.૧૦ |
| કુલ | ૪૫૨૨ | ૩૧૬.૦૫ |
| પાટણ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૨૦૩૦ | ૭૯.૪૭ |
| ૨૦૧૬–૧૭ | ૪૨૫૮ | ૧૭૯.૩૪ |

| | | |
|---|---|---|
| (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | | |
| કુલ | ૬૨૮૮ | ૨૫૮.૮૧ |

---------

દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૧૯૫૦ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ અને અમરેલી જિલ્લાના બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે. જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વીજ વાયરો બદલ્યા (કિ.મી.) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૫-૧૬ | ઓખામંડળ | ૫૦.૦૦ | ૩૩૬ | ૨૩.૨૫ |
| | | ખંભાળીયા | ૨૫૩.૩૦ | ૫૯૫ | ૯૮.૨૯ |
| | | કલ્યાણપુર | ૮૪.૧૦ | ૨૭૨ | ૩૩.૯૫ |
| (૨૦૧૫-૧૬) કુલ | | | ૩૮૭.૪૦ | ૧૨૦૩ | ૧૫૫.૪૯ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | ઓખામંડળ | ૧૯.૫૦ | ૫૩ | ૯.૦૯ |
| | | ખંભાળીયા | ૧૦૨.૫૦ | ૨૭૭ | ૪૮.૮૫ |
| | | કલ્યાણપુર | ૨૫.૧૦ | ૧૫૯ | ૧૪.૩૯ |
| (૨૦૧૬-૧૭ ડિસે-૧૬ અંતિત) કુલ | | | ૧૪૭.૧૦ | ૪૮૯ | ૭૨.૩૩ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો કુલ | | | ૫૩૪.૫૦ | ૧૬૯૨ | ૨૨૭.૮૨ |
| અમરેલી | ૨૦૧૫-૧૬ | રાજુલા | ૫૬.૮૦ | ૨૯૧ | ૨૯.૮૫ |
| | | જાફરાબાદ | ૨૬.૭૦ | ૧૬૧ | ૧૦.૮૦ |
| (૨૦૧૫-૧૬) કુલ | | | ૮૩.૫૦ | ૪૫૨ | ૪૦.૬૫ |
| અમરેલી | ૨૦૧૬-૧૭ (ડિસે-૧૬ અંતિત) | રાજુલા | ૪૮.૦૦ | ૧૧૪ | ૨૬.૩૫ |
| | | જાફરાબાદ | ૬૧.૦૦ | ૮૦ | ૩૨.૪૧ |
| (૨૦૧૬-૧૭ ડિસે-૧૬ અંતિત) કુલ | | | ૧૦૯.૦૦ | ૧૯૪ | ૫૮.૭૬ |
| અમરેલી જિલ્લો કુલ | | | ૧૯૨.૫૦ | ૬૪૬ | ૯૯.૪૧ |

---------

જુનાગઢ જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

* ૩૨૫૮૦ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ

જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે?

જિલ્લામાં ૨૨૭૩૭ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પૈકી જુનાગઢ જિલ્લામાં ૧૪૯૦૦ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રીયા એ સતત ચાલતી પ્રક્રીયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

---------

## છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૩૧૯૨૦ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોના કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. પરંતુ આદિજાતિ વિસ્તારના તમામ લાભાર્થીઓને, તેઓને જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૨૬૯૬ | ૫૦૯૯.૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૨૭૮ | ૩૦૨૬.૭૮ |
| કુલ | ૪૯૭૪ | ૮૧૨૫.૭૮ |
| ભરૂચ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૦૭૦ | ૨૭૫૧.૨૧ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૩૩ | ૧૮૩૮.૭૯ |
| કુલ | ૧૮૦૩ | ૪૫૯૦.૦૦ |

---------

## રાજકોટ અને અરવલ્લી જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ

* ૩૧૯૩૪ શ્રી પ્રવિણભાઇ માંકડીયા (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં

જવાબ

(૧)અને(૨) રાજકોટ અને અરવલ્લી જિલ્લામાં

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત રાજકોટ અને અરવલ્લી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જાતિના લાભાર્થીઓને આપવા આવેલ ઘરવપરાશનાં વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નિચે મુજબ છે.

| રાજકોટ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર વપરાશનાં વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૫૭૩ | ૨૯.૫૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૨૭ | ૧૭.૨૬ |
| કુલ | ૧૦૦૦ | ૪૬.૭૬ |
| અરવલ્લી જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૨૮૦ | ૪૦.૫૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૩૫ | ૨૫.૯૨ |
| કુલ | ૫૧૫ | ૬૬.૪૯ |

---------

રાજ્યમાં ગેસ આધારીત વીજ મથકો બંધ રહેવા બાબત

* ૩૧૬૧૭ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) **:** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ગેસ આધારીત કેટલા વિધુત મથકો ગેસ ના મળવાને કારણે બંધ છે, અને

(૨) આ ગેસ આધારિત વીજ મથકો બંધ રહેવાને કારણે તેનો ખર્ચ વીજ વપરાશકર્તા ગ્રાહકો પર આવે છે તે હકીકત સાચી છે, અને

જવાબ

(૧) એક પણ નહી. રાજ્યનાં તમામ વીજ મથકો હાલ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ યુટીલીટીઓએ નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડર રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતા વીજ મથક પાસેથી વીજ ખરીદી કરવાની રહેતી હોવાથી, ડોમેસ્ટિક ગેસનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ ન હોવાથી અને સ્પોટ ગેસ પર ચલાવવામાં આવે તો મેરીટ ઓર્ડરમાં ન આવતા હોવાના કારણે ગેસ આધારિત વીજ મથકો તથા કોઇક વાર કોલસા આધારિત વીજ મથકો પણ ફરજિયાતપણે આંશિક/સંપૂર્ણ બંધ રાખવા પડે છે. તેમ છતાં હાલમાં સ્થાપિત વીજ ક્ષમતાથી રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતો પુરવઠો આપી શકાય તેટલું વીજ ઉત્પાદન મેળવાઈ રહ્યું છે અને રાજ્યમાં હાલમાં લોડ શેડીંગ કે પાવર કટના પ્રશ્નો નથી.

(૨) રાજ્યના તમામ વીજ મથકો સાથે જી.યુ.વી.એન.એલ. દ્વારા લાંબા ગાળાના વીજ ખરીદીના કરારો કરવામાં આવેલ છે. અને કરારની શરતો મુજબ તેમને ફિક્સ્ડ કોસ્ટની ચૂકવણી કરવામાં આવે છે. આ અંગેનો ખર્ચ ગુજરાત રાજ્ય વીજ નિયમન આયોગ દ્વારા મંજુર કરવામાં આવે છે. થયેલ કરાર મુજબ જે તે કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન માટે વીજ મથકો ઉભા કરેલ હોવાથી જરૂર પડે ત્યારે વીજ ઉત્પાદન કરી શકાય તે માટે વીજ મથકો માટે કરેલ જરૂરી ખર્ચ ભરપાઈ કરવા ફિક્સ્ડ કોસ્ટની ચૂકવણી કરવી જરૂરી બને છે. આમ, ચૂકવવી પડતી ફિક્સ્ડ કોસ્ટ

જેટલી રકમ માટેનો ખર્ચ, વીજ નિયમન આયોગની મંજુરીને આધીન, વીજ વપરાશકર્તા ગ્રાહકોએ વહન કરવો પડે છે તેમ કહી શકાય.

(૩) જો હા, તો તે રદ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી ?

(૩) તમામ ગેસ તથા કોલસા આધારિત વીજ મથકોને જ્યારે ગ્રીડમાં પાવરની જરૂર હોય ત્યારે ચલાવવામાં આવે છે. આમાંથી ગેસ આધારિત પાવર પ્લાન્ટ ગ્રીડ સ્ટેબીલાઈઝેશન (GRID STABILIZATION)માટે ખુબ જ ઉપયોગી બને છે જેથી રાજ્યમાં(Load Shedding) ટાળી શકાય. તમામ ગેસ આધારિત વીજ મથકો તેમની ક્ષમતા મુજબ વીજ ઉત્પાદન કરી શકે તેટલો ગેસ પુરવઠો કે જેમાં સ્પોટ ગેસનો પણ સમાવેશ થાય છે, તે ઉપલબ્ધ છે. તેમાંથી જેટલા પ્રમાણમાં ગેસ પોષણક્ષણ ભાવે મળી રહે તેટલા પ્રમાણમાં વીજ ઉત્પાદન કરવામાં આવે છે.

આમ, પોષણક્ષમ ગેસની પૂરતી ઉપલબ્ધિ ન હોવી તથા કિંમતે કારણે મેરીટ ઓર્ડરમાં ન આવવું, તે લાંબા ગાળાના વીજ ખરીદીના કરારો રદ કરવા માટેના કારણો બની શકે નહી. ઉક્ત વિગતો ધ્યાનમાં રાખી આ પાવર પ્લાન્ટ અંગેના એગ્રીમેન્ટ હાલના તબક્કે રદ કરવાનું હિતાવહ નથી. આ અંગેના કરાર તેની મુદત પુરી થયા બાદ રદ કરવામાં આવશે.

| | | ખંભાળીયા | ૧૦૨.૫૦ | ૨૭૭ | ૪૮.૮૫ |
| | | કલ્યાણપુર | ૨૫.૧૦ | ૧૫૯ | ૧૪.૩૯ |
| | | કુલ | ૧૪૭.૧૦ | ૪૮૯ | ૭૨.૩૩ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો કુલ | | | ૫૩૪.૫૦ | ૧૬૯૨ | ૨૨૭.૮૨ |
| જામનગર | ૨૦૧૫–૧૬ | જામનગર | ૧૨૯.૫૬ | ૧૮૦ | ૪૮.૦૯ |
| | | જોડીયા | ૪૬.૮૮ | ૧૩૪૯ | ૩૯.૯૯ |
| | | કુલ | ૧૭૬.૪૪ | ૧૫૨૯ | ૮૮.૦૮ |
| | ૨૦૧૬–૧૭ (ડિસે–૧૬ અંતિત) | જામનગર | ૫૪.૦૬ | ૧૭૬ | ૨૮.૭૪ |
| | | જોડીયા | ૧૪.૨૫ | ૧૩૧ | ૧૦.૫૨ |
| | | કુલ | ૬૮.૩૧ | ૩૦૭ | ૩૯.૨૬ |
| | જામનગર જિલ્લો કુલ | | ૨૪૪.૭૫ | ૧૮૩૬ | ૧૨૭.૩૪ |

---------

### રાજકોટ અને અમરેલી જીલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ

* ૩૧૯૩૩ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત રાજકોટ અને અમરેલી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) રાજકોટ અને અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘરવપરાશનાં વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| રાજકોટ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર વપરાશનાં વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૫૭૩ | ૨૯.૫૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૨૭ | ૧૭.૨૬ |
| કુલ | ૧૦૦૦ | ૪૬.૭૬ |
| અમરેલી જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૭૫ | ૧૬.૭૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૬૧ | ૯.૬૯ |
| કુલ | ૬૩૬ | ૨૬.૪૬ |

---------

અમદાવાદ શહેર અને જિલ્લામાં ખેડુતોના આપઘાત

* ૩૦૯૨૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા ખેડુતોએ મુખ્યત્વે કયા કારણોસર આપઘાત કર્યા ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં એક પણ ખેડુતે આપઘાત કરેલ નથી.

---------

છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં કૂવાઓનું વિજળીકરણ

* ૩૧૯૨૧ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને નર્મદા જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ ખેડુતોના કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. પરંતુ આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ અંતર્ગત છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો |
|---|

| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૬૯૬ | ૫૦૯૯.૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૨૭૮ | ૩૦૨૬.૭૮ |
| કુલ | ૪૯૭૪ | ૮૧૨૫.૭૮ |
| નર્મદા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૧૦૬૪ | ૨૮૩૨.૪૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૧૯૦૬.૬૧ |
| કુલ | ૧૮૮૪ | ૪૭૩૯.૦૭ |

---------

છોટાઉદેપુર જિલ્લામાં સહકારી મંડળીઓના ગોડાઉન બનાવવા બાબત

* ૩૦૯૦૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૧-૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિવિધ વિકાસ કાર્યકારી સહકારી મંડળીઓએ ગોડાઉન બનાવવા માટે છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી માગણીઓ આવેલ છે,

જવાબ

(૧) છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૨૮ માંગણીઓ નીચેની વિગતે આવેલ છે.

| ક્રમ | તાલુકો | મંડળીની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંખેડા | ૭ |
| ૨ | ક્વાંટ | ૩ |
| ૩ | છોટાઉદેપુર | ૬ |
| ૪ | બોડેલી | ૬ |
| ૫ | જેતપુર પાવી | ૪ |
| ૬ | નસવાડી | ૨ |
| | કુલ | ૨૮ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી માંગણીઓ મંજૂર કરી,

(૨)

| ક્રમ | તાલુકો | મંડળીની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંખેડા | ૭ |
| ૨ | ક્વાંટ | ૨ |
| ૩ | છોટાઉદેપુર | ૫ |
| ૪ | બોડેલી | ૫ |
| ૫ | જેતપુર પાવી | ૩ |
| ૬ | નસવાડી | ૨ |
| | કુલ | ૨૪ |

(૩) તે અન્વયે કઈ મંડળીને તાલુકાવાર કેટલા નાણાં ક્યારે ચુકવ્યા,

(૩) તે અન્વયે તાલુકાવાર નીચે મુજબ સહાયના નાણા ચુકવ્યાં છે.

| અ. નં. | મંડળીનું નામ | તાલુકો | ચૂકવેલ રકમ રૂ. | ચુકવણાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ધી છોટાઉદેપુર ખોસ ગૃપ મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૩,૦૨,૭૨૦/- | ૭/૬/૧૬ |
| ૨ | ધી પુનિયાવાટ ગૃપની મોટા કદની | છોટાઉદેપુર | ૩,૭૮,૪૦૦/- | ૭/૬/૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. પુનિયાવાટ | | | |
| ૩ | ધી રંગપુર (ઝોઝ) મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. રંગપુર (ઝોઝ) | છોટાઉદેપુર | ૭,૩૦૦/- | ૭/૬/૧૬ |
| ૪ | ધી રણછોડપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. રણછોડપુરા | સંખેડા | ૩,૦૨,૭૨૦/- | ૭/૬/૧૬ |
| ૫ | ધી આનંદપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. આનંદપુરા | સંખેડા | ૩,૭૮,૪૦૦/- | ૭/૬/૧૬ |
| ૬ | ધી પાનીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. પાનીયા | સંખેડા | ૩,૦૨,૭૨૦/- | ૭/૬/૧૬ |
| ૭ | ધી હરેશ્વર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. રણછોડપુરા | સંખેડા | ૩,૭૮,૪૦૦/- | ૭/૬/૧૬ |

(૪) ઉક્ત સ્થિતિએ કઈ મંડળીને નાણાં ચૂકવવાના બાકી છે, અને

(૩) એક પણ મંડળીને નાણા ચૂકવવાના બાકી નથી.

(૫) ઉક્ત બાકી નાણાં ક્યારે ચૂકવાશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભાગૃહની કાર્યવાહીમાંથી વાંધાજનક ઉચ્ચારણો દૂર કરવા અંગે

ઉપાધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. આ સભાગૃહના સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ તેમના તા. ૧૦-૩-૧૭ના પત્રથી તા. ૨૮-૨-૧૭ના રોજ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં ભાગ લેતી વેળાએ તેમણે આપેલા વકતવ્યને અલગ રીતે ટાંકીને સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે તા. ૯-૩-૨૦૧૭ ના રોજ બિન-સરકારી વિધેયક પરની ચર્ચા દરમ્યાન કરેલા ઉલ્લેખો, સત્યથી વેગળા અને સભાગૃહને ગેરમાર્ગે દોરનાર હોઇ સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલા ઉલ્લેખો સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા વિનંતી કરેલ છે.

આ સંદર્ભમાં સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ તા. ૨૮-૨-૧૭ના રોજ આપેલ વકતવ્ય અને માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે તેને ટાંકીને તા. ૯-૩-૧૭ના રોજ કરેલા ઉલ્લેખો મેં ચકાસ્યા છે. સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલા ઉલ્લેખો સત્યથી વેગળા અને સભાગૃહને ગેરમાર્ગે દોરનાર હોવાનું મને જણાયેલ હોવાથી માનનીય સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીની રજૂઆત હું ગ્રાહ્ય રાખું છું અને સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલા ઉલ્લેખો વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૨) મુજબ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરું છું.

તદુપરાંત સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે તેમના તા. ૧૫-૩-૧૭ના પત્રથી તા. ૨૮-૨-૧૭ના રોજ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે કરેલા કેટલાક ઉચ્ચારણોને ટાંકીને તે ઉચ્ચારણો અસંસદીય હોવાથી કાર્યવાહીમાંથી દૂર કરવા વિનંતી કરેલ છે.

માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે જે ઉચ્ચારણો દૂર કરવા મને વિનંતી કરેલ છે તેને મેં તારીખ ૭-૩-૧૭ના મારા આદેશથી અગાઉ દૂર કરી દીધેલા છે. જેની હું વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૨) ના સંદર્ભમાં જાહેરાત કરું છું.

ભવિષ્યમાં કોઇપણ પ્રકારના વાંધાજનક, આક્ષેપાત્મક કે અસંસદીય ઉચ્ચારણો ન કરવા અને આપણા સન્માનનીય ગૃહની ઉચ્ચ પરંપરા જાળવવા મારી દરેક સભ્યશ્રીને વિનંતી છે. (અંતરાય) માનનીય શક્તિસિંહજી, અધ્યક્ષે નિર્ણય કરી દીધેલો છે એટલે તેના ઉપર ખુલાસો ન હોય. (અંતરાય) માનનીય શક્તિસિંહજી, અધ્યક્ષનો નિર્ણય થાય પછી તેમાં ચોખવટ કરવાની ન હોય. (અંતરાય) અધ્યક્ષે નિર્ણય આપી દીધો છે શક્તિસિંહજી. (સતત અંતરાય)

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જે નિયમથી જોગવાઇ છે તેની મારી માગણી છે. (અંતરાય)

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭
માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, મને ચેમ્બરમાં મળી ખુલાસો કરજો. શક્તિસિંહજી, મને ચેમ્બરમાં મળજો. નેક્સ્ટ.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો આઠમો, નવમો, દસમો, અગિયારમો, બારમો અને તેરમો અહેવાલ

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના આઠમો, નવમો, દસમો, અગિયારમો, બારમો અને તેરમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક. ૭૦

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમુહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૯,૩૮,૩૩,૭૩,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક ૭૧

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા ( રા.ક.ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૭,૮૫,૬૪,૨૭,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૧ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક. ૭૪

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા ( રા.ક.ના બંદરો અને વાહનવ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહનવ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫,૦૯,૩૮,૦૪,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૨૬,૩૨,૬૮,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૪ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સન ૨૦૧૭–૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા.૨૦–૩–૨૦૧૭ (આઠમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>માગણી નં. ૭૦ | | |
| ૧ | ૨૫૧૫ – અન્ય.......કાર્યક્રમો<br>૧૦૧ – પંચાયતી રાજ<br>રૂ. ૫,૨૨,૬૬,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૪૮ થી ૫૨ | ૧૦૦ | પંચાયતોના દબાણો સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જવાહરભાઈ ચાવડા (બળદેવજી ઠાકોર) |
| ૨ | ’’ | ૧૦૦ | રાજ્ય પંચાયત કાઉન્સિલની રચના કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ વાજા |
| ૩ | ’’ | ૧૦૦ | પંચાયતના ભંડોળ ઉપર નિયંત્રણો મૂકાતા વિકાસના કામો ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| *૪ | ૨૫૧૫ – અન્ય.......કાર્યક્રમો<br>૧૦૨ – સમૂહ વિકાસ<br>૦૧ – CDP– વિકાસ આયુકત<br>રૂ. ૬,૭૩,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૫૩ અને ૫૪ | ૧૦૦ | પંચાયતના સભ્યોને ગેરલાયક ઠરાવવાની કામગીરી સમયસર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| *૫ | ’’ | ૧૦૦ | વિકાસ આયુકત દ્વારા તટસ્થ નિર્ણયો લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રનિલ રાજ્યગુરૂ |
| ૬ | ’’ | ૧૦૦ | જિલ્લા પંચાયતોની ગ્રાન્ટના ખર્ચ પર નિયંત્રણો લદાતાં જિલ્લાના વિકાસ કામો પર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૭ | ’’ | ૧૦૦ | સરકાર દ્વારા પંચાયતોના હક્કો પર હસ્તક્ષેપથી સ્વભંડોળના ખર્ચની કામગીરી પર પડતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| *૮ | ’’ | ૧૦૦ | જિલ્લા પંચાયતોમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઘારશીભાઈ ખાનપુરા |
| ૯ | ૨૫૧૫ – અન્ય.......કાર્યક્રમો<br>૧૦૨ – સમૂહ વિકાસ<br>૦૧ – CDP– વિકાસ આયુકત<br>રૂ. ૬,૭૩,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૫૩ અને ૫૪ | ૧૦૦ | વિકાસ આયુકત દ્વારા સમયસર નિર્ણયો લેવાતા નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ |
| ૧૦ | ’’ | ૧૦૦ | પંચાયતના તલાટીઓની ખાલી રહેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |
| | | માગણી નં. ૭૧ | | |
| ૧૧ | ૨૨૧૬ – આવાસન<br>૦૩ – ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨ – ભૂમિહીન.....જોગવાઈ<br>રૂ. ૨૭,૩૩,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૧૮ થી ૨૦ | ૧૦૦ | પંચાયતોના ઘરથાળના પ્લોટો અને તેના આવાસો માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઈતાભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ,, | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના ભૂમિહીન મજૂરોને ઘરથાળની જમીન ઉપર બાંધકામ માટે જરૂરીયાત મુજબની રકમ સમયસર ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગેંદાલભાઈ ડામોર |
| ૧૩ | ૨૨૧૬ – આવાસન<br>૦૩ – ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૫–ઈન્દિરા આવાસ યોજના (કે.પુ.યો.)<br>રૂ. ૫,૮૦,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૨૨ | ૧૦૦ | ઈન્દિરા આવાસ યોજનાના લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૪ | ,, | ૧૦૦ | ઈન્દિરા આવાસના લાભાર્થીઓને સમયસર આર્થિક સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીલાલ વાઘેલા |
| *૧૫ | ૨૫૦૧ – ગ્રામીણ.....કાર્યક્રમો<br>૦૬ – સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૨–CDP-1 ગ્રામ વિકાસ આયુકત<br>રૂ. ૩,૯૫,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૩૬ અને ૩૭ | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા પરિવારોનો સરવે કરાવી તેમાં સાચા પરિવારોનો સમાવેશ થાય તેવું સુનિશ્ચિત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૬ | ,, | ૧૦૦ | રાજીવ ગાંધી આવાસ કેન્દ્રોના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. મિતેશભાઈ ગરાસીયા |
| ૧૭ | ,, | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકતના તાબાની કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર |
| ૧૮ | ૨૫૦૧ – ગ્રામીણ.....કાર્યક્રમો<br>૦૬ – સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૨–CDP-1 ગ્રામ વિકાસ આયુકત<br>રૂ. ૩,૯૫,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૩૬ અને ૩૭ | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકત દ્વારા ગ્રામીણ વિકાસના કાર્યો પરત્વે ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઈ ગોહેલ |
| *૧૯ | ,, | ૧૦૦ | ગ્રામીણ વિકાસના કામો ઝડપથી મંજૂર કરીને સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ રાઠોડ |
| ૨૦ | ,, | ૧૦૦ | શૌચાલયો બનાવવાની યોજનામાં થતી ગેરરીતિઓની ફરિયાદો પર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચૌધરી |
| ૨૧ | ,, | ૧૦૦ | ગ્રામસભાઓમાં રજૂ થતા પ્રશ્નોનો સમયસર ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ |
| ૨૨ | ,, | ૧૦૦ | પૂરના પાણીથી રક્ષણ થાય તે માટે નદી તટના ગામોમાં સંરક્ષણ દિવાલો બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૩ | ૨૫૦૫– ગ્રામીણ રોજગાર<br>૦૨ – ખાસ રોજગાર કાર્યક્રમ<br>૧૦૧–રાષ્ટ્રીય....કાર્યક્રમ (કે.પુ.યો.)<br>રૂ. ૩,૧૮,૯૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાનં નં. ૪૨ અને ૪૩ | ૧૦૦ | મનરેગાના કામોમાં થતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| ૨૪ | ’’ | ૧૦૦ | મનરેગા અન્વયે થયેલા કામોની ગુણવત્તાની સમયસર ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૫ | ’’ | ૧૦૦ | ગ્રામીણ કક્ષાએ મનરેગા દ્વારા રોજગારી ઉભી કરી સ્થાનિકોનું સ્થળાંતર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| *૨૬ | ’’ | ૧૦૦ | મનરેગામાં ખોટા બિલો રજૂ કરી નાણાની ઉચાપત રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| | | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માંગણી નં. ૭૪ | | |
| *૨૭ | ૨૦૪૧– વાહનો પર કર<br>૧૦૨ મોટર.........નિરીક્ષણ<br>૦૧ – મોટર.......નિરીક્ષણ<br>રૂ. ૨,૦૬,૩૯,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓની કામગીરીને એજન્ટો વગર જ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (પરેશ ધાનાણી) |
| *૨૮ | ’’ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીમાં લોકોના કામો નિશ્ચિત સમય મર્યાદામાં થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર (શૈલેષ પરમાર) |
| ૨૯ | ૨૦૪૧– વાહનો પર કર<br>૧૦૨ મોટર.........નિરીક્ષણ<br>૦૧ – મોટર.......નિરીક્ષણ<br>રૂ. ૨,૦૬,૩૯,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | વાહનચાલકો દ્વારા પસંદગીનો નંબર મેળવવા માટે ભરાતા નાણા નંબર ન ફળવાતા પરત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પૂનમભાઈ પરમાર (ગ્યાસુદ્દીન શેખ) |
| ૩૦ | ’’ | ૧૦૦ | ચેકપોસ્ટો પર સી.સી.ટી.વી. કેમેરા સતત કાર્યરત રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (નિરંજન પટેલ) |
| ૩૧ | ’’ | ૧૦૦ | ચેકપોસ્ટો પર ખાનગી વ્યક્તિઓને ગેરકાયદેસર રીતે નાણા ઉઘરાવતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઈ ખાનપુરા (સી.કે.રાઉલજી) |
| ૩૨ | ’’ | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર ગેરરીતિ કરનાર અધિકારીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી (અમિત ચાવડા) |
| ૩૩ | ૩૦૫૫ – માર્ગ પરિવહન<br>૧૯૦ – જાહેર.........સહાય<br>રૂ. ૩,૦૧,૧૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૧૪ | ૧૦૦ | મુસાફરોની જરૂરિયાત મુજબ એસ.ટી. બસોના સમયપત્રકોનું ચૂસ્તપણે પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ (રાઘવજી પટેલ) |
| ૩૪ | ’’ | ૧૦૦ | ખોટમાં ચાલતા એસ.ટી. તંત્રની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી (કરમશીભાઈ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | ,, | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં મોટાભાગના એસ.ટી. બસોના રૂટો બંધ થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૩૬ | ,, | ૧૦૦ | રીક્ષા – ટેકસીઓમાં ફ્લેગ મીટર ફરજીયાત રીતે લગાવાય તેનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગોવાભાઈ રબારી) |
| ૩૭ | ,, | ૧૦૦ | મુસાફરોની રજૂઆતો પરત્વે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ (ડૉ.તેજશ્રીબેન પટેલ) |
| ૩૮ | ,, | ૧૦૦ | એસ.ટી. તંત્રના કર્મચારીઓને સાતમા પગાર પંચનો સમયસર લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ (મોહનસિંહ રાઠવા) |
| ૩૯ | ,, | ૧૦૦ | એસ.ટી. તંત્રને ખાનગી બસ સર્વિસ સમકક્ષ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાંતિભાઈ ખરાડી (મહેશકુમાર પટેલ) |
| ૪૦ | ,, | ૧૦૦ | સીનીયર સીટીઝનોને એસ.ટી. બસોમાં રાહત દરે મુસાફરીની સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ (કામીનીબા રાઠોડ) |
| ૪૧ | ,, | ૧૦૦ | નારાયણનગર – સચિવાલય અને વિધાનસભા – સારંગપુર રૂટની પોઈન્ટ બસોની અનિયમિતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા (રમેશભાઈ ચાવડા) |
| ૪૨ | ,, | ૧૦૦ | વાહનચાલકોને હાઈસિકયુરીટી નંબર પ્લેટો મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ (હર્ષદકુમાર રીબડીયા) |

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ઉપાધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપદરખાસ્તો બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ ઉપર હું મારા વિચારો વ્યકત કરુ છું પણ મને આશા હતી કે મંત્રીશ્રી માંગણીઓ રજૂ કરે પછી થોડું સાંભળે તો સારું.(અંતરાય) આવી જવાના છેને? રાજયની ૫૭.૪ ટકા વસ્તી ગામડાંમાં વસવાટ કરે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારની ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટેની ઉદાસીન નીતિ અને ઈચ્છાશકિતના અભાવને કારણે આજે ગુજરાતના ગામડાં ખાલી થઇ રહ્યા છે અને લોકોની શહેરો તરફની દોટ વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની વાત હોય, આવાસની વાત હોય, પૂરતી વીજળી, રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણની સુવિધાની વાત હોય, તમામ ક્ષેત્રમાં આજે પૂરતા પ્રમાણમાં સુવિધા નહીં હોવાને કારણે લોકો આજે રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એની બજેટની ફાળવણીથી નારાજ છે. ભા.જ.પ.ની સરકારોએ એ ગોકૂળીયા ગામની વાત હોય, રૂરબંધની વાત હોય કે સ્માર્ટ વિલેજના નામે લલચામણા નામો આપીને જાહેરાત કરવામાં આવી પણ જયારે લોકો વાસ્તવિકતાથી માહિતગાર થયા ત્યારે ખરેખર એમણે જે અસંતોષ હતો, જે આક્રોશ હતો એને ગત તાલુકા–જીલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાન રૂપે બહાર લાવી અને ભા.જ.પ.ને જાકારો આપ્યો છે. આ વિભાગની બજેટની જોગવાઇ હોય, ફાળવણી હોય, કાગળ ઉપરની યોજનાઓ હોય, એમની કાર્યપદ્ધતિથી લોકો નારાજ છે પણ આ વિભાગના હાથપગ કહી શકાય એવા એના હજારોની સંખ્યામાં કર્મચારીઓ આજે છેલ્લા એક અઠવાડિયાથી હડતાલ ઉપર છે. આ વિભાગમાં કામ કરતા કોન્ટ્રાકટ આધારીત કર્મચારીઓ હોય કે રોજમદાર કર્મચારીઓ હોય, ફીકસ પગારના કર્મચારીઓ હોય કે નાના મોટા અલગ અલગ સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓ હોય એ પોતાના ફીકસ પગારથી આઉટ સોર્સીંગના નામે જે શોષણ થઇ રહ્યું છે એના વિરોધમાં પોતાનો અવાજ રજૂ કરવા માટે અહીંયા અનેક વખત રજૂઆત કરવા છતાં એનો યોગ્ય નિકાલ નહીં થવાને કારણે

## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

આજે હડતાલ ઉપર ઉતર્યા છે. સમાન કામ સમાન વેતન, સમાન નોકરીની સુરક્ષાની માગ સાથે આ કર્મચારીઓ હડતાલ ઉપર ઉતર્યા છે તો મારી તો સરકારને વિનંતી છે કે અકકડ વલણ રાખવાને બદલે આ તમારા જ કર્મચારીઓ છે જેના ભરોસે, જેના કામકાજને કારણે આજે તમને જાહેરાતો કરવાનો, વાહવાહી કરવાનો મોકો મળેલ છે ત્યારે એમની યોગ્ય લાગણી, માગણી સમજી એમને ચર્ચા માટે બોલાવી અને એમની સમસ્યાઓનું નિરાકરણ લાવીએ. એમને ન્યાય અપાવીએ એવી મારી લાગણી છે. આ ગૃહમાં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓને આ કર્મચારીઓએ ઘેર જઇને આવેદનપત્રો આપ્યા છે. એમની લાગણી, માગણીની વાત કરી છે ત્યારે એમના આવેદનપત્રની છેલ્લી લીટીનો એક હાર્દ છે એ સરકારે ખરેખર સમજવાની જરૂર છે. આવેદનપત્રમાં છેલ્લી લીટીમાં લખવામાં આવ્યું છે, હવે તો મારો અધિકાર, મારો મત અને મારી સરકાર. જો સરકાર આ હાર્દ નહીં સમજે, આ ગર્ભિત વાત નહીં સમજે તો આવનારા સમયમાં સરકારને આનો અંજામ ભોગવવાનો વારો આવવાનો છે. કોંગ્રેસ પક્ષના એક જવાબદાર ધારાસભ્ય તરીકે ગૃહના માધ્યમથી ગુજરાતના તમામ કર્મચારીઓને કહેવા માગું છું કે, જે કર્મચારીઓ રાત–દિવસ મહેનત કરીને આ ગુજરાતની પ્રજા અને ગુજરાતના વિકાસ માટે કામ કરી રહ્યા છે તેવા તમામ ફીક્સ પગારના કર્મચારીઓ હોય, કોન્ટ્રાક્ટના કર્મચારીઓ હોય, આઉટ સોર્સમાં કામ કરનારા કર્મચારીઓ હોય કે રોજમદાર તરીકે કામ કરનાર કર્મચારીઓ હોય, એ તમામ કર્મચારીઓની જે માગણી છે એની સાથે કોંગ્રેસ પક્ષ સંમત છે, એને સમર્થન આપે છે અને આવનારા સમયમાં એમની માગણીઓ અને લાગણીઓ તેમજ એમના ન્યાય માટે કોંગ્રેસ સતત પ્રયત્નશીલ રહેવાની છે. ૨૦૧૨ની ચૂંટણી આવી ત્યારે ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસે જે ઘરના ઘર આપવાની વાત કરી હતી એનાથી ગભરાઇ જઇ તાત્કાલિક આખા ગુજરાતમાં સરવે કરાવ્યો. તમામ ગામડાંમાં કાચા ઝૂંપડાના ફોટાઓ પડાવ્યા અને સરકારી ચોપડે લખવામાં આવ્યું કે ૫૦ લાખ જેટલા કાચા ઝૂંપડા નોંધાયેલા છે. દરેકને આશા હતી કે આ સરકાર આવી છે એટલે અમને એક–બે વર્ષમાં આવાસ મળશે. આજે પાંચ વર્ષ થયા તેમ છતાં પણ ગામડાંના લોકો આ ફોટા સાથે તમારી રાહ જોઇને બેઠા છે. કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર આવી છે. જૂની યોજનાઓ ચાલતી હતી એવી ઇન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના, સરદાર આવાસ યોજના–૨ એ તમામ યોજનાઓના બજેટમાં કાપ મૂકવામાં આવ્યો અને આડકતરી રીતે આ બધી યોજનાઓને બંધ કરી દેવામાં આવી. પ્રધાનમંત્રી આવાસ યોજનાની છેલ્લા એક વર્ષથી જાહેરાતો કરવામાં આવી. એક વર્ષથી જાહેરાત થઇ હોવા છતાં પણ આજદિન સુધી એક પણ વ્યક્તિને આ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો છે ખરો? પ્રધાનમંત્રી આવાસ યોજના માટે જે સરવે કરાવી લાભાર્થીઓનું લિસ્ટ બનાવવામાં આવ્યું, મારો સ્પષ્ટ આક્ષેપ છે કે જે લોકોને અગાઉ લાભ મળી ગયો છે એવા સેંકડોની સંખ્યામાં લોકોના નામ આ લાભાર્થીની યાદીમાં રાખવામાં આવ્યા છે અને જે વંચિતો છે, જે ગરીબો છે, જેની પાસે કાચા ઝૂંપડા છે એવા અનેક લોકોના નામ આ યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. સરકારને મારી વિનંતી છે કે જો ખરેખર ગરીબ અને વંચિતોની વાત કરતા હોય અને આવાસ આપવાની આપની લાગણી અને ઇચ્છાશક્તિ હોય તો ફરીથી સરવે કરાવવામાં આવે. અગાઉના જે પણ લોકો આવાસથી વંચિત હોય એવા તમામ લોકોનો યાદીમાં સમાવેશ કરીને એને આવાસની યોજનાનો લાભ આપવામાં આવે. ગઇકાલે રાત્રે હું પંચાયત વિભાગની વેબસાઇટ જોતો હતો. માનનીય જયંતિભાઇનો ફોટો હતો અને નીચે લખવામાં આવ્યું કે મંત્રીશ્રીનો સંદેશો. મને એમ થયું કે સરકાર બદલાઇ, ગતિશીલ સરકારમાંથી પ્રગતિશીલ સરકાર થઇ તો કંઇક નવો સંદેશો હશે. જ્યાં ક્લીક કર્યું ને જોયું તો હજુ ૨૦૧૬નો જૂની સરકારનો સંદેશો જ આ પ્રગતિશીલ સરકારમાં ચાલે છે. એટલે હું માનું છું કે આ પ્રગતિશીલ સરકાર બની એને આજે છ મહિના જેટલો સમય થયો પણ આ સરકારના મંત્રીશ્રી પાસે કે વિભાગ પાસે કોઇ આપવાપાત્ર સંદેશો નહીં હોવાના કારણે જૂનો સંદેશો જ રાખેલો છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે આપણી પ્રગતિશીલ સરકારના મંત્રી હોય તો પ્રગતિશીલ સરકારનો નવો સંદેશો બદલશો તો આનંદ થશે. ઘણા બધા ગામોને આપણે ગ્રામ પંચાયતનો અલગ દરજ્જો આપ્યો છે. મારા વિસ્તારમાં ૧૯૯૦–૯૪ માં જે ગ્રામ પંચાયતનો દરજ્જો મળ્યો છે એવી અનેક ગ્રામ પંચાયતોને આજે પણ રેવન્યુ જુદી ન પડવાના કારણે રેવન્યુ વિલેજનો દરજ્જો મળી શકતો નથી. આખા ગુજરાતમાં હજારો એવી પંચાયતો છે કે જેને આજે પણ રેવન્યુ વિલેજનો દરજ્જો મળ્યો નથી. મંત્રીશ્રીને વિનંતી છે કે તાત્કાલિક આ બધાની ચકાસણી કરીને રેવન્યુ વિલેજનો દરજ્જો આપવા કાર્યવાહી કરવામાં આવે. આજે અનેક વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારોમાં વસતિ વધી, વિકાસ થયો, દરેક ગામના ગામતળ વધારવાની જરૂર છે. આ સરકારે ગામતળ વધારવા બાબતની નીતિમાં ક્યારેય સુધારો કર્યો નથી. એ માટે કોઇ કાર્યવાહી કરી નથી ત્યારે આ માધ્યમથી સરકારને વિનંતી કરીશ કે જ્યાં ગામતળ વધારવાની જરૂર હોય ત્યાં ગામતળ તાત્કાલિક વધારવા માટેની કાર્યવાહી કરવામાં આવે. આપણે ગરીબોને આવાસ આપીએ છીએ. એમની પાસે જમીન ન હોય, પ્લોટ ન હોય તો એના માટે ઘરથાળના પ્લોટ આપવાની યોજના છે. અનેક એવી ગ્રામ પંચાયતો છે કે જ્યાં સરકારી કે પંચાયતની જમીન નથી અને જમીન છે તો નીમ કરાઇ નથી એવી પંચાયતોને પણ આપણે ઝુંબેશ સ્વરૂપે લઇને દરેક ગામ માગે ત્યારે ઘરથાળના પ્લોટ ઉપલબ્ધ થાય એવી કાર્યવાહી કરવી જોઇએ. જે ગામમાં સરકારી જમીન ઉપલબ્ધ ના હોય એ ગામોમાં સરકારે જમીન સંપાદન કરીને પણ ગરીબોને પ્લોટ આપવા જોઇએ એવું મારું સ્પષ્ટ માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની વાત કરીએ તો અમારા આણંદ જિલ્લામાં ૨૦૧૧માં જિલ્લા પંચાયતનું ભવન બનાવવાની યોજનામાં સરકારે ગ્રાન્ટ ફાળવી. ૨૦૧૧માં મંત્રીશ્રીના હાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. મંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કરતા કહ્યું કે, ત્રણ માળ છે એટલે એક માળ વધારે બનાવજો એટલે ડી.આર.ડી.એ. ની કચેરી પણ ત્યાં બેસે. ધીમે ધીમે આખી બિલ્ડિંગ બની ગઇ. હમણાં મુખ્યમંત્રી ઉદ્ઘાટન કરવા આવવાના હતા અને તપાસ કરાવી તો ત્રણ માળની જ મંજૂરી હતી.

ચોથો માળ મંજૂરી વગર બનાવી દેવામાં આવ્યો હતો અને ૧૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. આજે ૫ વર્ષ થયા તેમ છતાં ૧૩ કરોડમાંથી ૪ કરોડ રૂપિયા જેટલી ગ્રાન્ટ એને આપવામાં આવતી નથી. એ વખતે કોઇ કૉંગ્રેસની જિલ્લા પંચાયત ન હતી ભારતીય જનતા પાર્ટીની જિલ્લા પંચાયત હતી તેમ છતાં ૫ વર્ષમાં તમારાથી એક પણ બિલ્ડિંગ પણ પૂરું ના થયું અને તમારી જિલ્લા પંચાયતનો ત્યાં લોકોને લાભ મળી શક્યો નહિ. મારી સરકારને વિનંતી છે કે તાત્કાલિક એમાં ઘટતું કરવામાં આવે અને બિલ્ડિંગનો પ્રજાને અને લોકોને લાભ મળે એવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી અહીંયા ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ છે. કૉંગ્રેસની સરકાર કેન્દ્રમાં હતી. સમગ્ર વિશ્વમાં ઐતિહાસિક કહી શકાય એવો સૌથી વધારે રોજગારી આપનારો મનરેગાનો કાયદો કેન્દ્રની કૉંગ્રેસની સરકાર લાવી. કાયદામાં જોગવાઇ છે કે જે તે ગામના ગ્રામજનો ગ્રામસભા બોલાવીને એના ગામમાં કયા વિકાસના કામો કરવા છે, કયા કયા કામો આગળ લઇ જવા છે એ તમામ બાબતના ઠરાવ કરીને મંજૂરી મેળવીને કામ થતા હતા પણ છેલ્લા બે-એક વર્ષથી આપના વિભાગોએ કોઇ ઝૂંબેશ કરી હોય કે કોઇની સૂચના હોય ગ્રામસભા મોકલે એ કામોને પ્રાથમિકતા, અગ્રતા આપવાના બદલે પોતે જે નીતિ નક્કી કરી હોય એ મુજબના કામો કરાવવાની પદ્ધતિ અમલમાં આવી છે અને છેલ્લા બે વર્ષથી અનેક જિલ્લામાં બીજા તમામ કામો બંધ કરીને મનરેગાના પૈસા ફક્ત ને ફક્ત શૌચાલયો પાછળ ખર્ચવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ આક્ષેપ છે કે ૧૨૦૦૦ રૂપિયાના શૌચાલયમાં ૮૦૦૦ રૂપિયા મટિરિયલ ખાતે વપરાય છે ૪૦૦૦ રૂપિયા લેબર ખાતે વપરાતા હોય તો જે આ કાયદામાં ૬૦:૪૦નો રેશિયો જાળવવાની જોગવાઇ છે એ રેશિયો આ કામમાં જળવાતો નથી અને લોકોને બીજા કામ કરવા છે એ રોકીને આપણે શૌચાલયમાં પૈસા વાપરીએ છીએ એ આપણી નીતિ કે સૂચના હોય તો ખોટી છે. આપણે શૌચાલય બનાવવા હોય તો એમાં ના નથી પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગતની ગ્રાન્ટમાં જ બનાવવા જોઇએ, મનરેગાના પૈસા એમાં વાપરવા જોઇએ નહિ. માનનીય અધ્યક્ષશ્રી, કૉંગ્રેસે ૨૦૦૪થી દરેકને ઘેર ઘેર શૌચાલય મળે, સ્વચ્છતા વધે એ માટે નિર્મળ ભારત અભિયાન અને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટોથી આ યોજનાની શરૂઆત કરી હતી પણ એન.ડી.એ.ની સરકાર આવી ને રાતો રાત બધું થઇ જશે એવી વાત કરવામાં આવી. પહેલા ગાંધીજીના ચશ્મા પાછળ ઝાડું લઇને ફોટા પડવ્યા. ફોટા પડાવીને લોકોને આશા જગાવી કે તાત્કાલિક સ્વચ્છતા થઇ જશે, બધું સુંદર અને સ્વર્ગ સમાન થઇ જશે આજે વાસ્તવિકતા શું છે? એ આપણે બધા સૌ જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ઝાડું પકડીને પ્રસિદ્ધિ થઇ. હવે બીજી એક હરિફાઇ ચાલે છે કે ઓ.ડી.એફ. જાહેર કરવાની. ઘેર ઘેર શૌચાલયો બનાવીએ વાંધો નથી પણ આપણી સરકાર નક્કી કરે કે આ તારીખે અમારે ઓ.ડી.એફ. જાહેર કરી દેવો છે અને જમીની હકીકતમાં એવું ના થયું હોય તેમ છતાં પણ પેપર પર ઓ.ડી.એફ. જાહેર કરવાની જે વાતો છે. (અંતરાય) હું કહું છું કે અમારી સરકાર લાવી હતી પણ તમારી સરકારમાં ઉપર બેઠેલા અધિકારીઓ પોતાને એવોર્ડ લેવો હોય કે તમારે પ્રસિદ્ધિ કરાવવા માટે ઉપરથી વિડિયો કોન્ફરન્સીંગમાં, પરિપત્રોથી મિટિંગોમાં સૂચના આપે કે ભલે ગ્રાઉન્ડ રિયાલિટીમાં ના બન્યા હોય પણ પેપર પર રિપોર્ટ બનાવીને મોકલો અમારે ઓ.ડી.એફ. જાહેર કરવા છે. દેશમાં ઓ.ડી.એફ. જિલ્લાની ક્લબ બની છે એમાં આપણા જિલ્લાનો સમાવેશ કરવો છે. ગમે તેમ કરીને ઓ.ડી.એફ. જાહેર કરે તેવું દબાણ ઉપરથી કરવામાં આવતું હોય છે. સાહેબ, નીચેના અધિકારીઓ કહે કે અમારે શૌચાલય સારી ગણવત્તાના બનાવવા છે અને જે લોકોને જ્યાં જરૂરિયાત છે ત્યાં બનાવવા છે. ઉપરથી દબાણ કરવામાં આવે, સમય મર્યાદા આપવામાં આવે એને કારણે મારો સ્પષ્ટ આક્ષેપ છે કે હલકી ગુણવત્તાવાળા, ભ્રષ્ટાચારવાળા શૌચાલયો આજે ગુજરાતમાં બની રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાલી આ શૌચાલયોના ભ્રષ્ટાચારની વાત કરીએ, અહીં બેઠેલા તમામ ધારાસભ્યો પોતાના વિસ્તારમાં તપાસ કરાવશે તો એક શૌચાલય પાછળ ઓછામાં ઓછા બે હજાર રૂપિયા આપણી કચેરીઓ કમિશન પેટે લે છે. મેં ગઇ કાલે આંકડો જોયો તો સરકારે એક વર્ષમાં ૧૨,૭૪,૦૦૦ શૌચાલયો બનાવ્યા, મેં ગુણાકાર કર્યો તો ૨૫૪ કરોડ રૂપિયાનું કમિશન તો આ સરકારમાં એક જ વર્ષમાં ખાલી શૌચાલયમાંથી લેવામાં આવ્યું.

અહીંયા ઇ-ગ્રામ, વિશ્વ ગ્રામ યોજનાની વાતો થઇ. મેં પહેલાં પણ કહ્યું હતું કે, આ યોજના લોકોને ટેકનોલોજીનો લાભ આપવા માટે શરૂ કરવામાં આવી હતી પણ કેટલીક માનીતી એજન્સીઓને લાભ કરાવવા માટે એના કોન્ટ્રાક્ટની જે શરતો હતી, ટેન્ડરની જે શરતો હતી એમાં ફેરફાર કરવામાં આવ્યો. અમુક જ એજન્સીઓ લાભ લઇ શકે એટલા માટે એની પદ્ધતિ કરવામાં આવી, ટેન્ડર ટૂંકી મુદતનું હોય એના બદલે ટેન્ડર પાંચ-પાંચ વર્ષનું કરવામાં આવ્યું. કેટલીય કંપનીના અધિકારીઓ એની કંપનીમાંથી પણ પગાર લે અને રાજ્ય સરકારમાંથી પણ પગાર લે એવું આ જ્યારે આ ચાલતું હોય ત્યારે માનનીય મંત્રીશ્રી તપાસ કરે એવી મારી વિનંતી છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગના મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની જે માગણી નંબર ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે, એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

હમણાં જ મારા મિત્ર શ્રી અમિતભાઇએ આ વિભાગ ઉપર એમના વિચારો વ્યક્ત કરતા હતા. બેઠા બેઠા મનમાં પ્રશ્ન એ થતો હતો કે, આઝાદીના ૭૦ વર્ષોમાંથી ૫૦ વર્ષો સુધી તો સામે બેઠેલા મિત્રોએ શાસન કર્યું છે. પ્રામાણિકતાથી એટલું સ્વીકાવું જોઇએ કે, આપણા દેશની આઝાદી પછી, દેશનું જે બંધારણ બન્યું, આપણે સ્પષ્ટપણે કહીએ છીએ કે, તંદુરસ્ત લોકશાહીની જે કોઇ ધરોહર હોય તો એ પંચાયત એટલે કે તીસરી સરકાર છે. એ ત્રિસ્તરીય વહીવટ દ્વારા આ તંદુરસ્ત લોકશાહીનું જતન કરવાનો અવસર પચાસ વર્ષ સુધી એમને મળ્યો હતો. આટલા વર્ષો સુધી આપણે જોયું કે, પંચાયત વિભાગ

એ માંગણા વિભાગ તરીકે હોય એ પ્રમાણેનું એનું સ્વરૂપ રહ્યું હતું. પંચાયત વિભાગ એટલે વાસ્તવિક સ્થિતિએ જોઇએ તો, સમગ્ર સરકારનું એ હૃદય છે અને એ હૃદયને કેવી રીતે ધબકતું રાખવું એ હૃદયને કેવી રીતે તંદુરસ્ત રાખવું એની જવાબદારી સરકારમાં બેઠેલા પ્રજાએ મોકલેલા પ્રતિનિધિઓની હોય છે. સ્વતંત્રતા પછી આપણા પૂજ્ય ગાંધી બાપુનું પણ એક સ્વપ્ન હતું, એમના પણ વિચારો હતા કે, આઝાદીના મળ્યા પછી સમગ્ર વિશ્વની અંદર આ એક માત્ર ભારત દેશ એવો છે કે અનેક વિશેષતાઓથી ભરેલો છે. આ દેશની અંદર પશુપાલન, કૃષિ, પરંપરાગત વ્યવસાય અને રોજગારી મેળવતો, અનેક વિવિધ પહેરવેશ અને બોલીવાળો આ દેશ હોવાથી એમનું સ્વપ્ન હતું કે, સામાજિક સમરસતા દ્વારા આ દેશની અંદર સ્વરાજ પછી સુરાજ્ય સ્થપાય એ પ્રમાણેનું શાસન આપવું જોઇએ એવું એમનું વર્ષો સુધી એક સ્વપ્ન અધુરું હતું. વર્ષો સુધી આપણે જોતા આવ્યા છીએ કે, પંચાયત વિભાગની જે પણ નીતિઓ બનવી જોઇએ, જે નિયમો બનવા જોઇએ એ નીતિ અને નિયમો સરકારે બનાવેલી જે યોજનાઓ છે એને મૂળ સ્વરૂપની અંદર જમીન ઉપર જો ઉતારવી હોય તો એ સરકારની નીતિ અને યોજનાઓ એ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મારફતે ઉતરતી હોય છે અને એટલા જ માટે મારે કહેવું છે કે, આઝાદીના પચાસ–પચાસ વર્ષો સુધી એ સામે બેઠેલા મારા મિત્રોએ જે શાસન કર્યું, એમના શાસનમાં આ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો અને હમણાં પણ ખુશી લે છે કે અત્યારે પણ અમારી છે એમ એટલે એ પ્રમાણે એમનું શાસન રહ્યું છે. આપણી કમનસીબી એ રહી છે કે સમગ્ર સરકારના જે કર્મચારીઓ છે, અધિકારીઓ છે એમાં એક માત્ર પંચાયત વિભાગ એવો છે કે જેના ૪૫ ટકા કર્મચારીઓ અને અધિકારીઓ એ આ વિભાગ સાથે સંકળાયેલા છે અને તેમ છતાં પણ જે પ્રમાણે ગામડાંનો વિકાસ થવો જોઇએ અને હમણા જ અમિતભાઇ કહેતા હતા કે તોડવાનું પાપ થયું. અમારી સરકાર પાછળના ૨૦ વર્ષથી શાસનમાં છે પણ અગાઉના વર્ષોમાં જે ગામડા તુટયા એનું સંશોધન કે ચિંતા આટલા વર્ષો સુધી કોઇએ નથી કરી. આ વિભાગ એવો છે કે સોએ સો ટકા ગામડાંમાં એનો કર્મચારી હોય છે અને સો એ સો ટકા ગામડાંમાં એનો કર્મચારી હોવા છતાં પણ ગામડાંનું જે સામર્થ્ય જોઇએ, જે શક્તિ જોઇએ, એના વિકાસની ચોકકસ દિશા જોઇએ એ દિશામાં સરકારની વર્ષો સુધીની એમની ઇચ્છા શક્તિ ન હોવાના કારણે અથવા તો યોગ્ય આયોજન ન કરવાના કારણે ગુજરાતનાં ગામડાંને તુટવાનો અવસર આવ્યો. ગામડાંમાં રહેનારા દરેકે દરેક લોકો એક પરંપરાગત વ્યવસાયથી જોડાયેલા હતા એમને જે પ્રમાણેની સુવિધાઓ મળવી જોઇએ એ પ્રમાણેની સુવિધાનો વર્ષો સુધી અભાવ રહ્યો. એ પછી એ પશુપાલન કરનારો હોય કે ગામડાંનો ખેડૂત હોય તો એમને જે પ્રમાણેનો અવસર મળવો જોઇએ એ અવસર એ વખતની સરકારોએ ન આપ્યો. જેના કારણે ગુજરાતના ગામડાંને તુટવાનો અવસર આઝાદી પછી તરત જ એ અવસર આ શાસન કરનારા લોકોને કારણે થયો હતો. સમગ્ર દેશની અંદર ૫૦ ટકા શક્તિ, સામર્થ્ય અથવા તો જનસામર્થ્ય એ મહિલાઓનું છે અને એ ૫૦ ટકા મહિલા સામર્થ્યને એમના માન, સન્માન અને સ્વાભિમાન સાથે ગૌરવ વધે, એમની પણ વહીવટીતંત્રમાં ભાગીદારી બને એટલા માટે સ્ત્રીસશક્તિકરણ દ્વારા આજે ગુજરાતની અંદર પંચાયતી રાજમાં ૫૦ ટકા અનામત આપવાનો અવસર અમારી સરકારે આપ્યો છે. સમગ્ર દેશની અંદર એક માત્ર ગુજરાત રાજય એવું છે કે જેણે મહિલાઓનું માન અને સન્માન સાથે ગૌરવ વધાર્યું છે. આટલું બધું સામર્થ્ય હોવા છતાં પણ સંકલ્પ શક્તિના અભાવના કારણે અથવા તો પરિવર્તનના સમયની સાથે તાલ મિલાવી ન શકવાને કારણે ગુજરાતના ગામડાંનો સર્વાંગી વિકાસ ન થયો. ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષના સત્તા પરિવર્તન પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર બનતાં સરકારના સબળ નેતૃત્વ અને સંવેદનશીલ સરકાર ગ્રામ્ય પ્રજાલક્ષી શાસન આપવાનો સંકલ્પ અને ગરીબોના મસીહા એવા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને આ દેશના હાલના પ્રજાલક્ષી માનનીય વડાપ્રધાન શ્રદ્ધેય નરેન્દ્રભાઇના નેતૃત્વ નીચે ગ્રામ્ય સંસ્કૃતિ, પરંપરાગત ધંધા રોજગાર ગ્રામ્ય ખેડૂતના જીવનને ઉજાગર કરીને ગ્રામ્ય જીવનને ધબકતું કરી ગામમાં વસતા દરેક વ્યક્તિ અને સમાજના સર્વગ્રાહી વિકાસની કેડી કંડારવાનો અવસર અમારી સરકારે આપ્યો છે. અનેકવિધ આયોજનો અને યોજનાઓ દ્વારા ગામડાંમાં એક વિશ્વાસ ઉભો કરીને સૌના સહિયારા પુરુષાર્થ અને સહભાગીદારી દ્વારા રાજયના તુટતા ગામડાંને બચાવવાનો મહાયજ્ઞ અમારી સરકારે આદર્યો છે અને એના કારણે એ વખતના ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ હોય, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હોય, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન હોય તથા વર્તમાન સરકારનું નેતૃત્વ કરતા માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ નીચે સરકારની અવિરત ચાલતી યોજનાઓનું અક્ષરશઃ અમલીકરણ કરીને, રાત દિવસ પરિશ્રમ કરીને ગુજરાતના ગામડાંમાં એક નવો વિશ્વાસ પ્રગટ કર્યો છે. ગુજરાતના ગામડાંને મજબૂત બનાવવા માટે અને ગુજરાતના ગામડાંમાં વસતા દરેકેદરેક સમાજનો સર્વાંગી વિકાસ થાય એ માટે અમારી સરકારે અનેકવિધ યોજનાઓ, સમયાંતરે કાર્યક્રમો યોજીને ગુજરાતના ગામડાંને સામર્થ્યવાન બનાવવાની તક આ સરકારે લીધી છે. જયોતિગ્રામ હોય, ગુણોત્સવ હોય, પશુ આરોગ્ય મેળા હોય. ખેલમહાકુંભ હોય, ઇ–ગ્રામ વિકાસ હોય, ગ્રામ સભા, દત્તક ગામ, તીર્થ ગામ, સાગર ખેડુ, શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ, આરોગ્ય મેળા, ભરતી મેળા, સ્માર્ટ વીલેજ, એ.ટી.વી.ટી., સમરસ ગામ, ગોકુળિયું ગામ આ બધી જ...

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડિયા વાહનવ્યવહારની માગણી લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું. ઘરના ઘરની વાતે અનેક લોકોને ઘર ભેગા તો કરી દીધા. પરંતુ એ હજુ ઘર નથી ભૂલી શકતા. આજે ઘરની વાતો કરે છે. એ ઘરની વાત કદાચ જ્યારે કોંગ્રેસની સરકાર હતી અને આ દેશના વીર શહીદોની વિધવા માટે આદર્શ ફ્લેટ બનાવવામાં આવેલ. એ આદર્શ ફ્લેટનું આખું કૌભાંડ કરીને આ વીર શહીદોના વિધવાના ફ્લેટો પચાવી પાડ્યા. એ લોકો આજે ઘરના ઘરની વાતો કરે છે. સાધારણ રીતે દરેક રાજ્ય સરકારની પોતાના રાજ્યમાં એના

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

જનમાનસમાં એક પ્રકારનાં નામ હોય છે અને એક પ્રકારની એની ઓળખ હોય છે. આપણે ઉત્તરપ્રદેશ જઇએ તો ગુંડારાજથી ઓળખાતું હોય છે. બિહારમાં એ જ પરિસ્થિતિ છે. દિલ્હી રાજ્ય સરકારની વાત કરીએ તો બોલ બચ્ચન સિવાય કઇ નહીં. આજે હું ખૂબ આનંદથી કહી શકું વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇ સાથે સરકાર ચાલે છે. જેને ગુજરાતની જનતા ગરીબોની સરકાર કહે છે. પારદર્શક વહીવટની સરકાર કહે છે. કોઇપણ રાજ્યમાં એનો આર.ટી.ઓ. વિભાગ એટલે કે વાહન વ્યવહાર વિભાગ ખૂબ મહત્વનો હોય છે. જે પ્રકારે શહેરીકરણ વિકસિત થઇ રહ્યું છે. શહેરોમાં જે પ્રકારે બહારના રાજ્યમાંથી લોકો આવે છે. હું ગુજરાતના સુરતની વાત કરું તો હજારો લાખોની સંખ્યામાં બહારના લોકોની સંખ્યા અમારા શહેરમાં આવે છે. જે પ્રકારે શહેરીકરણનાં લીધે વાહનોની લે–વેચ વધી રહી છે. રાજ્ય સરકારે જે પ્રકારે કાયદો કડક કર્યો અને લોકજાગૃતિના કાર્યક્રમના હિસાબે અનેક જનમાનસ લાઇસન્સ રાખવાની ઇચ્છા ધરાવે છે, ત્યારે રાજ્ય સરકારે ખૂબ મોટા પાયે ગુજરાતમાં નવી આર.ટી.ઓ.નું નિર્માણ કર્યુ. આર.ટી.ઓ. જૂની હતી, એના આધુનિકીકરણનું નિર્માણ કર્યુ. આર.ટી.ઓ. વાહન વ્યવહારના વ્યવસ્થાના વિકેન્દ્રીકરણ કર્યુ અને એની અંદર ટેકનોલોજીના માધ્યમને એડ કર્યુ, જેના કારણે ખૂબ મોટા પાયે ઉપયોગી સુવિધા મળી ચૂકી. ભૂતકાળમાં સરકારમાં જે આર.ટી.ઓ. કચેરી હતી, જેમાં એક એક રૂમ ભાડાના મકાનમાં હતા. આપણે જે ટોઇલેટની વાત કરીએ છીએ, તો આર.ટી.ઓ.માં ટોઇલેટ નહોતા. આજે રાજ્ય સરકારે જે પ્રમાણે આર.ટી.ઓ. બનાવેલ છે. કોઇ માણસ લાઇસન્સ લેવા માટે, આર.સી. બુક લેવા માટે કે ગાડી પાસિંગ કરાવવા માટે જાય છે, ત્યારે આર.ટી.ઓ. માં બેસે છે તો ફાઇવ સ્ટાર હોટલની લોંજમાં બેઠો હોય તેવું ફીલ થાય છે. આ રીતની સુવિધા રાજ્ય સરકારે ઊભી કરી છે. રાજ્ય સરકારે જે રીતે પ્રજા માટે પૈસા ખર્ચેલ છે તે પૈસા ઊગી નીકળવા માટેનો પ્રયાસ કર્યો છે, જે ખૂબ જ આનંદની વાત છે. ભૂતકાળમાં તો આર.ટી.ઓ. કચેરીઓ ચોપડે ઘણી હતી. સ્થળ ઉપર જઇએ તો એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતની જનતાને મળી નથી, પણ સમાન પ્રકારની વ્યવસ્થાયુક્ત આર.ટી.ઓ. કચેરી બનાવવા માટે સરકારે તમામ પ્રયત્નો કરેલ છે. સંપૂર્ણપણે આધુનિકીકરણ કરવા માટે જે પ્રકારનાં પગલાં લેવાં જોઇએ જે ભૂતકાળના અમારા મંત્રીશ્રીએ અને હાલના મંત્રીશ્રીએ લીધેલ છે. એક સમય એવો હતો કે ધારાસભ્યશ્રી હોય, મંત્રી હોય, મોટા વેપારી હોય તેને પોતાના ઘરની બહાર જઇને આર.ટી.ઓ. કચેરીની લાઇનમાં ઉભા રહેવાની કોઇ દિવસ જરૂર પડતી ન હતી. કારણકે તે પ્રકારનો વહીવટ ત્યાં થતો હતો. કોઇ ફોટો મોકલી આપે તો તેનું લર્નિંગ લાઇસન્સ આવી જતું હતું. હું આપને કહેવા માગુ છું કે, હું ધારાસભ્ય બન્યો ત્યારે મારું લર્નિંગ લાઇસન્સ માટે જોઇતું હતું તો હું તો પોતે લાઇનમાં ઉભો રહ્યો અને તે લર્નિંગ લાઇસન્સ મેળવવું પડયું. આધુનિકીકરણના હિસાબે માત્ર પાંચ જ મિનિટમાં કોમ્પ્યુટર ચાલુ કરી તેની એકઝામ આપો અને તે જ કોમ્પ્યુટર તમને રિઝલ્ટ આપે. ભૂતકાળમાં કયા પ્રકારના અધિકારીઓ ત્યાં બેઠા હોય, તેના પોતાના મૂડ પર ચાલતું હતું. તેનો પોતાનો મૂડ હોય તો લર્નિંગ લાઇસન્સ પાસ થતું હતું નહીં તો કેન્સલ થતું હતું. ગરીબ માણસને પોતાનો નોકરી, ધંધો છોડી આખેઆખો દિવસ ત્યાં ઉભા રહેવું પડતું હતું. આ તમામ પ્રકારની મુશ્કેલી હતી તેને દૂર કરવા માટે રાજય સરકારે ઓનલાઇન વ્યવસ્થા કરી છે. જેના કારણે મારા જેવા અનેક યુવાનોને તેનો લાભ મળે છે અને પોતાનો સમય બચે છે. જેના માટે હું વાહન વ્યવહાર વિભાગનો આભાર માનવા માગું છું. આવનારા દિવસોમાં આઠ નવી આર.ટી.ઓ. કચેરીઓ બનાવવાની છે. ત્યાંના જિલ્લાના લાખો લોકોને દૂર દૂર જવું પડતું હતું તેના માટે સરકારે આ નવા આઠેઆઠ જિલ્લાની અંદર નવી કચેરી બનાવવાનો નિર્ણય લીધેલો છે. જેમાં અરવલ્લી, બોટાદ, છોટાઉદેપુર, ગીર સોમનાથ, દેવભૂમી દ્વારકા, મહિસાગર અને બાવળા જેવી જગ્યા પર લોકોને પોતાના ઘર આંગણે આર.ટી.ઓ. કચેરી મળશે. જેના કારણે તેઓ પોતાનો સમય બગાડયા વગર અને નોકરી ધંધો છોડયા વગર નજીકમાં જ આર.ટી.ઓ.કચેરીની સુવિધા મેળવશે. હું દક્ષિણ ગુજરાતમાંથી આવુ છું. ત્યાં ભિલાડ ચેકપોસ્ટ નામની એક ચેકપોસ્ટ છે. વર્ષોથી ગુજરાતમાં આ ચેકપોસ્ટ એટલે એવી ચેકપોસ્ટ કે જે કોઇ મંત્રી હોય, ભૂતકાળમાં કોઇ મંત્રી હોય તેના સગા જ ભિલાડ ચેકપોસ્ટ પર કામ કરતા હતા. પરંતુ આ સરકાર દ્વારા આઇઆઇએમ અમદાવાદ દ્વારા આધુનિકીકરણ કરીને તેની ઓનલાઇન વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૯૯૬–૯૭માં ૩૨ કરોડની આવક હતી તે વધીને આજે ૨૭૫ કરોડની થઇ છે. ખાલી આર.ટી.ઓ. નહીં પરંતુ વાહનોની અવર જવર શહેરમાં ઓછી થાય, ટ્રાફીક સોલ્યુશન આવે, પોલ્યુશન ઓછું થાય તેના માટે આ સરકારે મારા સુરત મહાનગરને ખૂબ મોટો ૧૮ કિલોમીટર જેટલો રૂટ લેવાના હતા તેની જગ્યાએ ડબલ રૂટ બંને ફેઇઝ એક સાથે મેટ્રો આપવાનો નિર્ણય લીધેલો છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય નીતિનભાઇ પટેલનો સુરત શહેરની જનતા વતી આભાર માનું છું. હું વિનંતી કરું છું કે જયારે આપણે અપેક્ષા રાખતા હોઇએ કે રાજયમાં અનેક સુવિધાઓ ઉભી થાય. તો આ સુવિધાની સામે કાપ દરખાસ્તો કયારેય ન હોય. એટલે હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને સૌ સાથે મળીને અનુમોદન આપીએ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી પંચાયત વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું તેમાં મારા વિચારો રજૂ કરું છું. અત્યાર સુધી બધી વાતો કરી કે, સામેવાળાએ ૨૦ વર્ષ કે ૪૦ વર્ષ સત્તા ભોગવી અને કંઇ કર્યુ નથી. તો ભાઇ તમે શું કર્યુ? જયારે ગુજરાતમાં વીસ વર્ષ પહેલાં દર મહિને લેન્ડ કમિટી તાલુકા પંચાયતમાં ભરાતી હતી અને ૧૦૦ વારના પ્લોટ ગરીબ લોકોને આપી તેમાં મકાન બનાવતા હતા. તે આપતા હતા તે યોજના તમે સદંતર બંધ કરી છે. ખરેખર સામાન્ય અને ગરીબ વર્ગને તમે નુકસાન કર્યુ છે. બીજું કે, લેન્ડ કમિટી જે ભરાતી હતી તેમાં જે ગામમાં સરકાર પડતર જમીન હોય તે લેન્ડ કમિટી ભરી જે ખેડૂતોને ચાર એકરથી ઓછી જમીન હોય તેવા ખેડૂતોને બીજી આઠ એકર જમીન પ્રાંત ઓફીસર હુકમ કરી આપતા હતા. તે પણ તમે બંધ કરી દીધું છે. સીધી જ ઉદ્યોગપતિઓને આ

જમીનો તેમાં ગૌચર હોય કે સરકારી પડતર હોય, ખરાબાની જમીનો હોય તે આપવાનું નકકી કર્યુ છે. એ તમે ઉદ્યોગપતિઓને આપવાનું નક્કી કર્યું, આ તમારી સરકારે કર્યું. (અંતરાય) તલાટીઓ તો જે કરે છે એ કરવાના જ છે. બીજું પંચાયત વિભાગમાં અત્યારે પંચાયતના કેટલા નમૂના છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે. પંચાયત મંત્રીશ્રીને એ પણ ખબર નહીં હોય કે પંચાયતના કેટલા નમૂના છે? એ નમૂનાવાર મને વિગત આપે. બીજું અત્યારે હાલ જે ગ્રામ પંચાયતો છે એ ગ્રામ પંચાયતોની વસુલાત અત્યારે લગભગ નીલ છે. ગ્રામ પંચાયતમાં તલાટીને વસુલાત કરવાની હોય, મહેસૂલ, લોકલ ફંડ, શિક્ષણ, ઈરીગેશન અને પંચાયત કરવેરા. આ પંચાયત વેરાની વસુલાત માટે કોઇ પણ અધિકારીને કોઇ પણ જવાબદારી સોંપવામાં આવતી નથી અને આજની તારીખે મારે એ જાણવું છે કે ગુજરાતમાં અને એમાંય અમારા અમદાવાદમાં દરેક ગ્રામ પંચાયતની કેટલા ટકા વસુલાત થઇ છે એ મને વિગતવાર માહિતી આપે. આપણે જઇને પૂછીએ કે આજે શું કામ છે? તો કહે આજે ગુણોત્સવ, બીજે દિવસે કહીએ તો કહે પ્રવેશોત્સવ આવા ઉત્સવોમાંથી ઉંચા આવતા નથી એટલે સરકારી કર્મચારીઓ–અધિકારીઓ આ ઉત્સવોમાં રચ્યા પચ્યા રહે છે અને જે કામ કરવાનું છે એ કામ થતું નથી. બીજું આ વસુલાત ન થાય એટલે ગ્રામ પંચાયતના વિકાસનું જે ભંડોળ હોય એ વિકાસની ગ્રાન્ટ ન આવે. જો પંચાયત સારી વસુલાત કરે તો એની ગ્રાન્ટ આવે મહેસૂલની હોય કે અન્ય ગ્રાન્ટ આવે અને એ ગ્રાન્ટમાંથી જે તે ગ્રામ પંચાયત પોતાના જે કાંઇ વિકાસના કામો કરવાના હોય એ કરી શકે. આવું બીજું કશું જ નથી. બીજું દર વર્ષે એક જિલ્લા પંચાયત કે બે જિલ્લા પંચાયત અલગ પાડવામાં આવે છે ત્યારે અલગ પાડ્યા પહેલા એનો વિચાર કર્યો કે ખરેખર આ જિલ્લા પંચાયત માટે કેટલો સ્ટાફ જોઇશે? આ બોટાદ જિલ્લા પંચાયત નવી કરી એ નવી કર્યા પછી એની અંદર સ્ટાફ કેટલો જોઇશે? પછી એનું રેકોર્ડ કઇ રીતે રાખવાનું એ બધું જોયા પછી એ પ્રમાણે એના અધિકારીઓ કેટલા જોશે? એક જિલ્લા વિકાસ અધિકારી, વગેરે જે મહેકમ હોય એ મહેકમ પણ આજની તારીખે બોટાદ જિલ્લામાં નથી. એ રીતે મહેકમ ન હોય તો ખેડૂતોના કામ કઇ રીતે થઇ શકે? માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આવી રીતે પૂરતો સ્ટાફ ન હોય અને જિલ્લા પંચાયત જૂદી પાડે એ યોગ્ય નથી. રાણપુર તાલુકાના અને બરવાળા તાલુકાના ખેડૂતોને કોઇ માહિતી જોઇતી હોય તો એ અમદાવાદ આવે અને અમદાવાદ જિલ્લામાં એની માહિતી ન મળે અને બોટાદ જાય તો એમ કહે કે અહીં હજુ કંઇ વિગતો આવી નથી. એટલે આ રીતે ખેડૂતોને હેરાન કરવાનું જ એક કાવતરુ છે એવું મને લાગે છે. તો ખરેખ આપણે કોઇ પણ તાલુકો કે જિલ્લો જુદો પાડીએ તો પહેલા વિચાર કરવો જોઇએ કે આપણે આ તાલુકો કે જિલ્લો જુદો પાડીશું તો આટલા અધિકારીઓ, આટલા કર્મચારીઓ વગેરે જોઇશે. પણ આ તો આ બધો વિચાર કર્યા વગર સીધા જ તાલુકા–જિલ્લા જુદા પાડી દેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતની હું વાત કરું તો ગ્રામ પંચાયતોમાં જે મકાનો હોય એની આકારણી દર ચાર વર્ષે કરવાની થાય છે પણ આજની તારીખમાં અમદાવાદ જિલ્લામાં જ નહીં પણ આખા ગુજરાતમાં ચાર વર્ષે આકારણી કરવામાં આવતી નથી અને અમૂક જગ્યાએ તો ૨૦–૨૦ વર્ષ થયા તેમ છતાં આકારણી કરેલ નથી. આકરણી ના કરે એટલે પંચાયતની આવક ન વધે, પંચાયતની આવક ન વધે એટલે પંચાયતનો વિકાસ ન થાય તો ખરેખર આવી આકારણી પણ સમયસર કરવી જોઇએ. બીજુ ખરેખર દરેક ગ્રામ પંચાયત પોતાના ૩૧ માર્ચે હિસાબ બંધ કરતા હોય છે એ પણ આજની તારીખમાં કોઇપણ ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયત કચેરીએ હિસાબો સમયસર બંધ થતાં નથી. ખરેખર આ જે હિસાબબંધ કરવાના હોય એ હિસાબ બંધ પણ તાલુકા લેવલે જે તે ગ્રામ પંચાયતના થતાં નથી અને એના કારણે જોરદાર ભૂલો થતી હોય છે. વિસ્તરણ અધિકારી, પંચાયત હોય એ પહેલી એપ્રિલના રોજ કઇ ગ્રામ પંચાયતની કોણ તપાસણી કરશે, કયા અધિકારી તપાસણી કરશે, કયા ટી.ડી.ઓ. કે ડી.ડી.ઓ. તપાસણી કરશે એવું નક્કી થતું હોય છે. એ તપાસણી પણ આજની તારીખે ભૂલાઇ ગઇ છે. મને તો ખબર છે ત્યાં સુધી છેલ્લાં વીસ વરસથી કોઇપણ ગ્રામ પંચાયતની આવી તપાસણી કરવામાં આવતી નથી. એટલે ખરેખર જે વહીવટ હતો એ એકદમ ખાડામાં ગયેલ હોય એવું લાગે છે. એટલે તપાસણી કરવામાં આવે તે પણ જરૂરી છે.

શ્રી ગોવિંદભાઇ વ. પરમાર(તાલાળા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારના પંચાયત અને ગૃહ નિર્માણના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું. હમણાં કરમશીભાઇ બોલતા હતા કે, લેન્ડ કમિટીની મિટિંગો મળતી એ આ સરકારે બંધ કરી છે, પણ તેમણે આ વિભાગમાં નોકરી કરી છે, મેં પણ આ વિભાગમાં નોકરી કરી છે, મને પણ ખબર છે અને એમણે પણ ખબર હશે કે લેન્ડ કમિટિમાં કોને પ્લોટ ફાળવવામાં આવતા? જે ખેડૂતોની જમીન આપવામાં આવતી એ કોને જમીન આપવામાં આવતી હતી? એમાં ભ્રષ્ટાચાર થતો હતો એટલા માટે અમારી સરકારે થોડુંક ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. આ યોજના બંધ નથી કરી. બીજું કરમશીભાઇ તમે વાત કરતા હતા એટલે તમને કહી જ દઉં આ પંચાયતોમાં કોઇ ફંડ નથી ભંડોળ નથી એમ તમે કહેતા હતા, તમે નોકરી કરી હશે ત્યારે પંદરમી ઓગષ્ટ હોય કે છવ્વીસમી જાન્યુઆરી હોય સ્કૂલના આચાર્ય સરપંચ પાસે આવતા કે સરપંચ છોકરાંઓને ચોકલેટ વહેંચવા માટે શું કરવું જોઇએ. તો એમાં કાં તો તમે ઉઘરાણી કરતા હશો એમાંથી ફાળો લઇ જતા હશે અથવા તો ગામમાંથી ફાળો કરવો પડતો હશે, આજે તમે પંચાયતોના ભંડોળ જોઇ લો ગમે તેવી નાનામાં નાની પંચાયત હોય તો પણ. આ સરકારે ગામડાંને લક્ષમાં લીધું છે. અમિતભાઇ આપ કહેતા હતા એ હું બેઠો બેઠો સાંભળતો હતો કે ગામડું આ બજેટમાં નથી. અમીતભાઇ, કઠણાઇ આ દેશની કે તમારી સરકારોએ દેશ આઝાદ થયા પછી પચાસ પચાસ વરસ સુધી આ દેશ ઉપર રાજ કર્યું છે. ૧૯૯૫ પછી ગામડું માત્ર બજેટમાં આવ્યું છે ક્યાંય ના જોયું હોય તો જોઇ લેજો. આજે તમે ગામડાંમાં જાઓ, આવો અમારા છેવાડાના ગામડાંમાં પણ. ગામની અંદર રોડ, પાણી અને લાઇટ છે. મારે નામ નહિ લેવું જોઇએ પણ અમીતભાઇ આપના બાપુશ્રી ૧૯૯૫ની અંદર ત્યાં આવ્યા હતા પ્રચારમાં. એમને પણ ખબર છે કે કેવી પરિસ્થિતિ અમારા

વિસ્તારમાં તે સમયે હતી અને આજની પરિસ્થિતિ તમે જૂઓ. આ કોંગ્રેસના મિત્રોને માત્ર ટીકા કરવા સિવાય કંઇ સૂઝતું નથી. જ્યારે અમારી સરકાર અને અમારા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી જે સ્વચ્છતા મિશન લઇને આવ્યા છે, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના, એમાં પણ અમીતભાઇ કહેતા હતા કે ગાંધીજીના ચશ્મા અને ઝાડું રાખીને ફોટા પડાવવામાં આવે છે. હું એ વિસ્તારમાંથી આવું છું કે દક્ષિણ બાજુ દરિયો છે અને ઉત્તર બાજુ ગીરની બોર્ડર છે. તે વિસ્તારની મારી બહેન દીકરીઓની આ વાત છે. ભલું થાજો મોદી સાહેબનું, ભલું થાજો આ ભારતીય જનતા પાર્ટીની સરકારનું કે શૌચક્રિયા કરવા જવા માટે સાંજ પડે, અંધારું થાય તેની રાહ જોઇને મારી બહેન-દીકરીઓ બેસી રહેતી. જંગલી પ્રાણીઓના ત્રાસથી ચાર-પાંચ બહેનોને સાથે લઇને જવું પડે, તેનો સથવારો કરવો પડે ત્યારે આ શૌચક્રિયા કરવા જઇ શકતા. જયારે આજે આ સરકારે ૨૦થી વધુ જિલ્લાઓ જે ભાઇ કહેતા હતાં ઓડીએફ કે શૌચક્રિયા મુકત જાહેર કર્યા છે આ અમારી સરકારની કામગીરી છે. આપણાં સૌના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨ ઓકટોબર, ૨૦૧૯ની ગાંધીજીની દોઢસોમી જન્મ જયંતીના દિવસે આ દેશને સ્વચ્છ મુકત જાહેર કરવાનું નક્કી કરેલ છે. અમારી આ રાજય સરકારે તેના પહેલાં પગલા લઇ અને ૨૦ જિલ્લાઓને જાહેર કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીએ સૂત્ર આપ્યું હતું કે, ''સ્વચ્છ ભારત કોંગ્રેસ મુકત ભારત.'' કોંગ્રેસને સંકેલી લેવાનું કામ ગાંધીજીએ જે સૂચના આપી હતી પણ ન કરી શકયા તે અમારા નરેન્દ્રભાઇ મોદી કરી રહ્યાં છે અને આપ સૌ એ બાબતના સાક્ષી છો. ૨૦૧૬-૧૭ના વર્ષના સ્વચ્છતાના બજેટમાં અમારી સરકારે ૨૨૫૮.૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલી. ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૨૯૧૧.૪૯ કરોડની જોગવાઇ કરી અને ગયા વર્ષ કરતાં ૨૮.૮૯ ટકા આ બજેટમાં વધારો કરેલ છે તે બદલ અમારા માનનીય નાણામંત્રીશ્રી અને અમારા પંચાયત મંત્રીશ્રી, અમારા મુખ્યમંત્રીશ્રીની સરકારને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૧૩.૬૯ લાખ વ્યકિતગત શૌચાલયનું બાંધકામ કરવામાં આવેલું છે. આ અમારી સરકારે શૌચાલયનું બાંધકામ ઝડપથી વધારે થાય તે માટે ખૂબ પ્રયત્નો કરેલા છે તે માટે આ સરકારને અભિનંદન આપું છું. વધીને રાજયની ગ્રામ્ય વિસ્તારની સખી મંડળની બહેનોને પણ આ સ્વચ્છતા અભિયાનમાં આ સરકારે જોડી છે કારણ કે તેને તકો મળી રહે, તેને રોજગારીની તકો મળે, તેને કડિયાકામ શિખવડાવવામાં આવ્યું છે. ૧૨૭૨૦ થી વધુ બહેનોને આ સરકારે કડિયા તાલીમ આપી અને સ્વચ્છતાના શિલ્પી જાહેર કર્યા છે. અને આ શિલ્પી બહેનોએ તાલુકા પંચાયત સાથે એમ.ઓ.યુ.કરી આ કામગીરીમાં વધારો કરેલો છે. ગુજસેટના માધ્યમ થકી મન બનાવો, શૌચાલય બનાવો ના સૂત્ર સાથે ગામે ગામ શૌચાલય બાંધવા ગ્રામજનોમાં જાગૃતિ લાવવામાં આવી છે. ગ્રામ પંચાયતનું સ્વચ્છતાનું સ્તર ઉંચુ લઇ જવા માટે, ગામ લોકોના આરોગ્યમાં સુધારો કરવા માટે, સમાજ જીવનનું નિર્માણ કરવા માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત કચરાનું ડોર ટુ ડોર કલેકશન થાય અને ગ્રામ્ય વિસ્તારની શેરીઓમાં સ્વચ્છતા રહે તે હેતુથી અમારી સરકારે સ્વચ્છતાને પ્રોત્સાહિત કરવા માટે ૨૦૦૧ થી ૫૦૦૦ની વસતિ ધરાવતાં ગ્રામ પંચાયતને વ્યકિતદીઠ માસિક રૂપિયા ૨/-ની સહાય આપવાના ધોરણો લાગુ કર્યા છે.

શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણની નંબર-૭૧ માનનીય મંત્રીશ્રી જયંતિભાઇ કવાડિયા લઇને આવ્યાં છે ત્યારે હું તેમાં મારો ટેકો આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. અને કુલ વસતીના ૭૦ ટકા વસતી જ્યારે ગામડાંમાં રહેતી હોય ત્યારે આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ સાહેબ અને પંચાયત વિભાગના મંત્રીશ્રી જયંતિભાઇ કવાડિયા સાહેબ ગામડાંના વિકાસ માટે જે માગણીઓ લઇને આવ્યા છે એમને હું ખરેખર અભિનંદન આપુ છું. અત્યારે આપણે ૨૧ મી સદીમાં જઇ રહ્યા છીએ ત્યારે ગામડાંની અંદર પંચાયત ઘર સારા હોવા જોઇએ એ એના માટે આપણા મંત્રીશ્રી વસતીના ધોરણોના આધારે જે માગણી લઇને આવ્યા છે તેમાં જ્યાં પાંચ લાખની વસતી હોય ત્યાં ૧૪ લાખ રૂપિયા, પાંચ હજારથી ઉપરની વસતી હોય ત્યાં ૧૮ લાખ રૂપિયા અને એનાથી વધુ વસતી હોય ત્યાં ૨૨ લાખ રૂપિયાની ગ્રામ પંચાયત ઘર બાંધવા માટે જોગવાઇ કરવામાં આવી છે. આ પંચાયત ઘરમાં તલાટી પણ રહી શકે છે. ગામડાંના લોકો માટે ખરેખર સારી પંચાયત બને એવો અભિગમ આ સરકારે અપનાવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં નવીન પંચાયતો માટે ૯૯૦૦ લાખ રૂપિયા અને જર્જરિત પંચાયતો માટે ૫,૦૦૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. 'સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ' અને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત રૂ.૧૦,૦૦૦ લાખની જોગવાઇ આ બજેટની અંદર કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા જે સફાઇ વેરો ઉઘરાવવામાં આવે છે તેના ૨૦૦ ટકાની સહાય સરકાર દ્વારા આપીએ છીએ. ગામડાંની અંદર Door to Door કચરો ઉઘરાવીને ગામને સ્વચ્છ રાખવા માટે આ સરકાર પહેલ કરી રહી છે. એ જ રીતે દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સ્માર્ટ સીટીની જાહેરાત કરી ત્યારે ખૂબ આનંદ થયો. આપણા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ અને પંચાયત મંત્રી આદરણીય જયંતિભાઇ કવાડિયા સાહેબે પણ સ્માર્ટ વિલેજની જાહેરાત કરી અને એ સ્માર્ટ વિલેજ માટે વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૦ હજાર લાખની જોગવાઇ કરવામાં આવી છે જેના કારણે ગામડાંના લોકો શહેરની અંદર જતા અટકશે અને ગામડાંની અંદર આ સુવિધાઓ ઊભી થવાના કારણે વધુને વધુ લોકો ગામડાંમાં વસતા થશે. એ જ રીતે ૧૪મા નાણાપંચની વાત કરું તો આદરણીય નરેન્દ્ર ભાઇને ખબર પડી કે નાણાપંચને જે રકમ આપવામાં આવતી હતી એ જિલ્લા પંચાયત દ્વારા સગેવગે થઇ જતી હતી અને વ્હાલા-દવલાની નીતિ અપનાવાતી

હતી. એના બદલે સીધી ગ્રામ પંચાયતને રકમ મળે અને વ્યક્તિ દીઠ ૪૮૮ રૂપિયા દિલ્હીથી સીધા પંચાયતને મોકલવામાં આવે અને પંચાયતની અંદર સરકાર દ્વારા જમા થવા લાગ્યા. જેના કારણે પંચાયતને કોઇપણ જરૂરિયાત હોય તો એ કામ પ્રાયોરીટીથી કરી શકે. બાકી અગાઉ આપણે જોયેલું છે કે, ૧ રૂપિયો મોકલીએ તો ગામડાંમાં જતા જતા ૧૫ પૈસા થઇ જતા હતા. એના બદલે હવે આ રકમ સીધેસીધી પંચાયતને મળશે અને ગામના કામ સારી રીતે થઇ શકશે. એ જ રીતે રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૯-૧૦થી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવાનું શરૂ કર્યુ અને ચાલુ વર્ષે પણ ૧૦૫ મેળા યોજીને ૧૪૯૦ લાખ લાભાર્થીઓને રૂ.૩૮૬૪.૪૧ કરોડની નાણાકીય સહાય કરવામાં આવી છે. એમાં પણ ગરીબ કલ્યાણ મેળા યોજીને ગરીબને સીધો લાભ મળે અને વચેટીયા લાભ લઇ ન જાય એના માટે આ સરકારે ગ્રાન્ટ સીધી ગરીબને મળે એટલા માટે સરકારના ખર્ચે આ મેળામાં બોલાવીને બધાની વચ્ચે આ લાભ સધો ગરીબને મળે એવું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭-૧૮ માટે પણ રૂપિયા ૧૦૦૦ લાખની જોગવાઇ આ ગરીબો માટે આ સરકારે કરેલી છે. એ જ રીતે આ સરકારે સમરસ ગ્રામ પંચાયતો માટેની જાહેરાત કરી છે. હમણાં જ માનનીય સભ્યશ્રી અમીતભાઇ વાત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોના પરિણામની કરતા હતા પણ એ પરિણામો પછીની વાત નથી કરતા કે ત્યાર પછી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઇ, એમાં ૯૦ ટકા સરપંચો ભારતીય જનતા પાર્ટીની તરફેણના આ ગ્રામ પંચાયતોની અંદર ચૂંટાયા છે. આ સમરસ યોજનાની અંદર ગામડાંની અંદર કોઇ વાદ નહીં, વિવાદ નહીં, પરંતુ સમરસ રીતે આ પંચાયતો ચાલે, ગામડાંની અંદર એકતા જળવાય એના માટે આ સરકારે યોજના મૂકી અને જે પંચાયત પહેલી વખત સમરસ થાય એને બે લાખ રૂપિયા મળે અને મહિલા સમરસ થાય એને ત્રણ લાખ રૂપિયા મળે. ઉત્તરોત્તર દર વર્ષે એમાં વધારો કરીને છેલ્લા ચાર વર્ષમાં સમરસ યોજનાની અંદર પંચાયત ચોથી વખત સમરસ થઇ હોય એને ચાર લાખઅને વધારાના ત્રણ લાખ એમ કરીને સાત થી આઠ લાખ રૂપિયા એ પંચાયતોને આપવાનું આ સરકારે નક્કી કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગત ડિસેમ્બરની અંદર ૧૦૨૬૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી થઇ એ પૈકી ૧૩૮૪ ગ્રામ પંચાયતો સમરસ થઇ અને તેમાં પણ મહિલાઓની ૫૮૪ જેટલી મહિલાઓ બિન હરીફ થઇ ગઇ ત્યારે આ રાજયની અંદર આ પંચાયતો સમરસ થવાના કારણે ગામડાંની અંદર ઝઘડા બંધ થઇ ગયા અને કોંગ્રેસની જે નીતિ હતી કે ભાગલા પાડો અને રાજ કરો એ નીતિ હવે બંધ થઇ ગઇ અને આ સમરસ યોજનાને કારણે ગામડાંમાં એકતા વધી છે. એ જ રીતે ૨૦૧૬-૧૭ની અંદર ૯૦૦ લાખ રૂપિયાની જોગવાઇ કરેલી છે અને ૨૦૧૭-૧૮ની અંદર ચાલુ વર્ષે પણ ૯૦૦ લાખ રૂપિયા ઉપરાંત, નવી બાબત તરીકે (અંતરાય) પણ બહુ જ જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી માગણી નંબર ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત રાજની સ્થાપના સ્વ. બળવંતરાય મહેતાએ ગામનો વ્યક્તિ ગામનો જ વહીવટ કરે તે માટે ત્રિસ્તરીય પંચાયતી રાજની ખાસ સ્થાપના કરેલી પરંતુ આજે મારા જિલ્લા અરવલ્લી જિલ્લાની વાત કરું તો, અરવલ્લી જિલ્લો એ ટ્રાઇબલ અને પછાત જિલ્લો છે. સમગ્ર ગુજરાતની વાત કરું તો, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી છે અને હું મારા જિલ્લાની વાત કરું તો મારા જિલ્લામાં મહેકમ મુજબ બે જિલ્લા નાયબ વિકાસ અધિકારીની જગ્યાઓ છે એ બન્ને જગ્યાઓ ખાલી છે. ગુજરાતના ૩૩ જિલ્લાઓ પૈકી એવું હશે કે, મારા જિલ્લામાં અત્યારે આ બન્ને જગ્યાઓ ખાલી છે. અમારા જિલ્લાના ૬ તાલુકાઓ છે. એ ૬ તાલુકાઓ પૈકી બે તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરેલી છે અને ચાર તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ આજની તારીખે ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતની સરકારમાં અરવલ્લી જિલ્લાની કુલ ગ્રામ પંચાયતો ૩૧૮ની સામે મંજૂર મહેકમ ૨૫૧ છે અને એમાં ભરાયેલી જગ્યાઓ ફક્ત ૧૮૪ છે અને ૬૭ જગ્યાઓ ખાલી છે અને જે પંચાયતોમાં સેજા મંજૂર થયેલ છે અને વિભાજન કરી અલગ પંચાયત આપેલી છે તેવી ૮૧ પંચાયતોની છે તે હાલ તલાટી વગરની ખાલી છે. આવી વિભાજિત થઇ અલગ પંચાયતો દરજ્જો મળેલ છે તેવી આખા ગુજરાતની અંદર ઘણી બધી પંચાયતો છે એનું મહેકમ મંજૂર કરવા માટેની મારી ખાસ વિનંતી છે.

આજે ગામડાંથી અંદર તલાટીની ખૂબ જ જરૂરિયાત છે. તલાટી વગર આવકનો દાખલો હોય, વિવિધ યોજનાઓ હોય, ખેતી વિષયક ધિરાણ હોય, ૭/૧૨નો ઉતારો લેવાનો હોય, કોઇને જાતિનો દાખલો લેવાનો હોય, તો ધરમધક્કા ખાઇને વાલીઓ અને ખેડૂતોને એ લીધા સિવાય પરત આવવું પડે છે ત્યારે સરકારશ્રીને મારી નમ્ર વિનંતી છે કે, તલાટીઓની જગ્યાઓ સત્વરે ભરાય જેનાથી નાના અને મધ્યમ વર્ગના લોકોને ચિંતા આની ઓછી થાય. એવી જ રીતે ગ્રામ સેવકોની વાત કરીએ તો, અમારા જિલ્લાની અંદર ગ્રામ સેવકોની ઘણી બધી જગ્યાઓ ખાલી છે. મારા મત વિસ્તારના તાલુકાની વાત કરું તો, અમારા બન્ને વિસ્તારમાં બે-બે જ ગ્રામ સેવકો છે. ખેડૂત વિષયક ધિરાણ માટેની ઘણી બધી યોજનાઓ છે. એ યોજનાઓ છેવાડાના ખેડૂત સુધી પહોંચે એ કામ ગ્રામ સેવક વગર થઇ શકતું નથી ત્યારે સરકારશ્રીને મારી નમ્ર વિનંતી છે કે, આવી ગ્રામ સેવકોની જગ્યાઓ જલદી ભરે જેનાથી આગળનું કામ થઇ શકે. અત્યારે લાખો યુવાનો નોકરી વગર બેઠા છે અને બીજી બાજુ હજારોની સંખ્યામાં જગ્યાઓ ખાલી છે ત્યારે સરકાર કરાર આધારિત, કોન્ટ્રાક્ટ સિસ્ટમથી તથા આઉટસોર્સીંગથી જગ્યાઓ ભરે છે. કાલે જ મને બધા કર્મચારીઓનું પ્રતિનિધિ મંડળ મળવા આવેલા એમણે એમની વ્યાથા રજૂ કરી. અમારી અત્યારે ૩૫ થી ૪૦ વર્ષ થયા સરકાર અમને કરાર આધારિત રાખે છે. એમના મોટા અધિકારીઓ જુદી જુદી રીતે દમદાટી આપીને છૂટા કરવાની ધમકી આપે છે ત્યારે આવા કર્મચારીઓને સુપ્રીમકોર્ટે આદેશ આપ્યો છે એ મુજબ એમને કાયમી કરવા વિનંતી છે.

## ફાલ્ગુન ૨૯, ૧૯૩૮ શાકે
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

આજે હું યાદ કરું છું દેશના યુવા વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીને કે દેશને તથા પંચાયતી રાજને મજબૂત કરવા વિશાળ સત્તા આપી છે. અત્યારે ગતિશીલ ગુજરાતની સરકાર જુદી છે. અત્યારે જિલ્લા તાલુકા પંચાયતના પમુખો અને ચેરમેનો પાસેથી વિશાળ કદ ધરાવતી શાખાઓ જેવી કે કૃષિ, પશુપાલન, શિક્ષણ સિચાઇ વિભાગની વહીવટી સત્તા સરકારે છીનવી લીધી છે જે એમણે પરત આપવી જોઇએ. આજે જિલ્લા પંચાયત પ્રમુખ હોય કે તાલુકા પંચાયતના પ્રમુખ હોય એમની પાસે કોઇ સત્તા રહેવા દીધી નથી ફક્ત ગાડી, ઓફિસ અને મકાન જ આપવામાં આવેલ છે ત્યારે એમની પાસે પહેલા જે સત્તા હતી એ સરકાર પાછી આપે એવી વિનંતી છે.

પંચાયતોમાં ૭૦ ટકાથી વધારે ગામોમાં નાણાકીય સગવડ ન હોવાને કારણે સ્ટ્રીટ લાઇટો બંધ છે. માનનીય શંકરસિંહ બાપુએ એક જ ઝાટકાની અંદર પંચાયતના વારિગૃહના બિલો માફ કરી નાખ્યા હતા એ જ રીતે આ સ્ટ્રીટ લાઇટના બિલો રાજય સરકાર તરફથી ભરવામાં આવે. પૈસાના અભાવે સ્ટ્રીટ લાઇટો ચલાવી શકતા નથી એના લીધે રાત્રીના સમયે ક્રાઇમ થાય છે, ગુના થાય છે, નવા નવા બનાવો બને છે એ બંધ થાય એ માટે એના વીજળીના બિલો સરકારશ્રીએ ભરવા જોઇએ એવી મારી રજૂઆત છે.

ગ્રામ વિકાસની વાત કરું તો સરદાર આવાસ, ઇન્દિરા આવાસ બનવવામાં આવે છે. પરંતુ મારા મત વિસ્તાર ધનસુરા અને મોડાસામાં વર્ષ ૨૦૧૨–૧૩માં મકાનો મંજૂર થયેલા હતા, એમને ફક્ત પહેલો જ હપ્તો જ આપવામાં આવેલ છે. વારંવાર મેં પણ રજૂઆત કરી છે, સંકલાનમાં પણ આ પ્રશ્ન લીધો છે કે લાભાર્થીઓને ફક્ત એક જ હપતો આપેલ છે, આમાં વિધવા બહેનો પણ છે. આજે મોડાસા તાલુકાના સબલપુર, સિક્કા પંચાયતમાં વિધવા બહેનો આવેલી છે એમને પહેલો હપ્તો આપવામાં આવ્યો છે ચાર વર્ષ થવા આવવા છતાં હજી બીજો હપ્તો આપવામાં આવ્યો નથી. સરકારને મકાનો બનાવવાની ચિંતા હોય તો આવા ગરીબ માણસોને સત્વરે હપ્તો ચૂકવાય એ માટે વિનંતી કરું છું.

આજે ગામડાંમાં ૭૦ ટકા મકાનો માટીના અને દેશી નળીયાવાળા છે. નીચે નમીને અંદર જવું પડે છે. ઘણા બધા ગામોમાં લાભાર્થીઓના નામ ન હોવાને કારણે એ વિકાસથી વંચિત રહ્યા છે. લાભાર્થી યાદી બનાવવામાં એવા માણસો પાસે સરવે કરાવે છે કે જે સગાવાદ ચલાવે છે અને જેને ખરેખર જરૂરિયાત છે, વિધવા બહેનો છે એવા લોકોનો લાભાર્થી યાદીમાં સમાવેશ કરવામાં આવતો નથી એના લીધે આજે ૭૦ ટકાથી વધારે લોકો ગામડાંમાં પોતાના મકાન વગર રહ્યા છે ત્યારે મારે સરકારશ્રીને વિનંતી છે કે જે સરવે કરાવ્યું છે એ ફરીથી કરાવે અને લાગવગશાહી દૂર કરીને જે ખરેખર જરૂરિયાતમંદ છે એવા લોકોને આનો લાભ મળે તેવી મારી સરકારશ્રીને વિનંતી છે.

મારા વિસ્તારમાં રાજીવ ગાંધી ભવન બનાવેલા છે. મેં સંકલનમાં પણ રજૂઆત કરી બંને તાલુકામાં બનાવેલ છે. મોડાસા તાલુકામાં ૧૪ જેટલા બનાવેલ છે. આમાંના ચારથી પાંચ સિવાય બાકીના ભવનોમાં ગાંડા બાવળો ઉગેલા છે. આજે લોકો શૌચાલય તરીકે ઉપયોગ કરે છે. ત્યારે જે કોન્ટ્રાકટર છે જે એજન્સીને કામ સોંપેલ છે એને પૂરતા નાણાં ચૂકવાઇ ગયા છે અને કામ બાકી છે તો આવી એજન્સીઓ સામે યોગ્ય પગલાં લઇ તેમની પાસેથી નાણાં પરત લેવા સરકારશ્રીને વિનંતી છે.

સ્વચ્છતા અભિયાનની અંદર અમારા વિસ્તારમાં શૌચાલયો બનાવવામાં આવેલ છે. હમણાં હું કઉ ગામમાં ગયેલો કાગળના પુંઠાની પાણીમાં તરતી હોય તેવી ઇટો દ્વારા કેમીકલથી ચોટાડીને શૌચાલયો બનાવેલા છે એ એકદમ હલકી કક્ષાના બનાવેલ છે તો જેણે આ બનાવ્યા છે એની સામે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી વિનંતી છે. એના સિવાય વાત કરું તો એના નોમ્સ બનાવેલ છે એ પ્રમાણે એક પણ શૌચાલય બનાવેલ નથી. ઘર આગળ જાણે ડબ્બો હોય તેવા શૌચાલયો બનાવેલ છે ત્યારે સરકારશ્રીને અનુરોધ કરું છું કે શૌચાલયો વ્યવસ્થિત બને એના માટે સરકાર પુરતું ધ્યાન આપવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય ધારાસભ્યશ્રીએ રાજીવ ગાંધીને યાદ કર્યા. હું તેમને કહું છું કે રાજીવ ગાંધીએ કહ્યું હતું, સતિષભાઇએ કહ્યું કે હું ૧૦૦ રૂપિયા મોકલું છું. ઘસાતા ઘસાતા લાભાર્થીને ૧૫ રૂપિયા મળે છે. એ કહેવાનું તમે ભૂલી ગયા છો. એવી પરિસ્થિતિ થતી હતી કે લાભાર્થીઓને લાભ મળતો નહોતો. આપણાં વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ કલ્યાણ મેળા કર્યા જેમાં સીધેસીધો લાભ લાભાર્થીને આપ્યો. બીજી વાત કરું. માનનીય કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હતા. ગામડાંની ચિંતા એમણે કરી. તેમણે ગોકુળીયું ગામ બનાવ્યું. આપણે પહેલાં જતા હતા. કેવી પરિસ્થિતિ હતી? ગામના રસ્તાઓની ચિંતા એમણે કરી. સરકારે ઇ ગ્રામ–વિશ્વગ્રામ, વૃંદાવન ગ્રામ, સ્માર્ટ ગામ, તીર્થ ગ્રામ, પાવન ગામ, પંચવટી યોજના, સમરસ યોજના, સ્વસ્થ ગામ અને સ્વચ્છ ગામ યોજના જેવી અનેક યોજનાઓ ગામડાંના વિકાસ માટે કરી છે. રાજેન્દ્રભાઇ, ૧૯૯૦ પહેલાં પાણી વગર ટળવળતું ગામડું અને હવે નર્મદાના નીરથી ભીંજાતું ગામડું થયું છે. રોડ–રસ્તા વગર રડતું ગામ, હવે ગામડે ગામડે, શેરીએ શેરીએ રસ્તાવાળું ગામડું થયું છે. લાઇટ વગર બુઝાતું ગામડું હવે જયોતિગ્રામથી ઝળહળતું ગામડું થયું છે. સૂકાઇ ગયેલી ધરતીવાળું ખેતી વગરનું ગામડું. તમારી પાસે એ વખતે કેનાલો નહોતી ત્યારે અમે કેનાલો કરી. હરિયાળી ખેતીવાળું લીલુંછમ ગામડું થયું છે. ગરીબીમાં તરફડતું ગામડું હવે માલામાલ ગામડું થયું છે. એક એક ખેડૂત મોટર સાઇકલ ઉપર જાય છે. ભય અને આતંકથી ગભરાતું ગામડું અવે સમરસતાના સંતોષથી નિર્ભય ગામડું થયું છે. ભણતર વગરનું ગામડું હવે જ્ઞાનગંગામાં વહેતું ગામડું થયું છે. આરોગ્ય વગરનું ગામડું હવે ૧૦૮, માં અમૃતમ્ કાર્ડ, માં વાત્સલ્ય કાર્ડથી ધબકતું ગામડું થયું છે. આમ, ગામડાંનો દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસ થયો છે. પહેલાં ગામડું એટલે ઉકરડો એવું કહેવાતું. હવે નિર્મળ ગામ થયું છે. કોંગ્રેસની સરકારે પાવર ઓફ પીપલની

ખાલી વાતો કરી હતી. અમારી સરકારે ખરા અર્થમાં લોકોને પંચાયતમાં ગ્રામસભા મારફતે સંપૂર્ણ સત્તા આપી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાય ૭૫,૦૦૦ હતી તેની ૧,૨૦,૦૦૦ કરી છે. અમિતભાઇ, તમે કહેતા હતા જોગવાઇ નથી. સમરસ યોજનાથી ગામડાંમાં સમરસતા, ભાઇચારાનું વાતાવરણ. કુલ ૧૩૮૪ સમરસ પૈકી ૧૮૭ મહિલા સમરસને વધારાની ગ્રાન્ટ આપી. છેક ૧૯૭૨થી તલાટી અને મંત્રી કેડરની તમે વાતો કરતા હતા જુદા પાડવાની. આ સરકારે જુદી પાડી છે. અલગ કરી છે. તમે તો વાતો જ કરી છે. તલાટીઓની ખાલી જગ્યાઓનું અમે કેલેન્ડર બનાવ્યું છે. મોટા ભાગના તલાટી ભર્યા છે અને ટૂંક સમયમાં તલાટીની જગ્યાઓ સંપૂર્ણ ભરાઇ જશે. પંચાયતની તમામ કેડરોની ભરતી થઇ છે. આગામી દિવસોમાં બીજી ભરતી થવાની છે. દરેક ગ્રામપંચાયતનું વીજળીકરણ થયું છે. તમારા વખતે અંધારપટ હતો. શ્રી કરમશીકાકા, તમારા શ્રી શંકરસિંહ બાપુ જિલ્લા અને તાલુકા જુદા પાડીને જતા રહ્યા ત્યારે બધો વહીવટ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો, ગ્રાન્ટ ફાળવી, જિલ્લા પંચાયતના મકાનો બનાવ્યા, તાલુકા પંચાયતના મકાનો બનાવ્યા, કર્મચારીઓ ભર્યા. સ્વાગત ઓન લાઇનના કાર્યક્રમને કારણે લોકોના પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ થઇ રહ્યો છે. સ્વસ્થ ભારત ગ્રામીણ મિશન–૨૦૧૭ અંતર્ગત વર્ષમાં પાંચ લાખ શૌચાલય બનાવવા માટે રૂ. ૮૨૫/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સરકારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું વિભાજન કર્યું. ૨૦૧૭–૧૮ના વર્ષમાં નવા પંચાયત ઘર તથા જર્જરીત પંચાયત ઘરના મકાનોની મરામત માટે રૂ. ૧૪૫.૫૦ કરોડની જોગવાઇ કરી. ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૧૭૨૦ તલાટી આવાસો બનાવ્યા છે તેમાં ૩૦૪ આવાસો ટ્રાયબલ વિસ્તારમાં બનાવ્યા છે. નવીન જલ્લા અને તાલુકા પંચાયતના મકાનો બનાવવા માટે તથા જર્જરીત મકાનોના રિપેરીંગ માટે કુલ રૂ. ૧૩૬૭૧.૬૫ લાખની જોગવાઇ કરી છે. આ સરકારે સરપંચોની ૫૦ ટકા સીટો મહિલાઓ માટે અનામત રાખી છે. તમામ ગ્રામ પંચાયતોને કમ્પ્યુટર ફાળવવામાં આવ્યા છે અને તેમને બ્રોડ બેન્ડ કનેક્ટીવીટીથી જોડવામાં આવ્યા છે. જેના કારણે લોકોને ૭/૧૨, ૮–અ, ચરિત્રના દાખલા, આવકના દાખલા વગેરે ગામડાંમાં તરત જ મળે છે. હવે ગ્રામ પંચાયતોને સીધી ગ્રાન્ટ મળવા માંડી છે ત્યારે તમારા પેટમાં બળતરા થવા માંડી છે. આ માટે ૧૪મા નાણા પંચ હેઠળ ૨૦૧૭–૧૮માં રૂ.૧૮૧૯/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સરકાર સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત માટે કટિબદ્ધ છે અને એના માટે આ ગ્રાન્ટ ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જિલ્લા પંચાયત જુદી પાડી, જિલ્લા જુદા પાડ્યા, તાલુકા પંચાયત જુદી પાડી, તાલુકા જુદા પાડ્યા. તો અલાઉદ્દીનનો જાદુઇ ચિરાગ નથી કે એક જ દિવસમાં બધુ થઇ જાય. એના માટે બજેટ ફાળવવું પડે, એના માટે કર્મચારીઓની વહેંચણી કરવી પડે. આ બધુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. તમે મોટા સિદ્ધાંતોની વાત કરો છો. પણ કોઇ દિવસ અમલવારી કરી નથી. ૧૯૯૫ પહેલા તમારી જ્યારે સરકાર હતી ત્યારે આપણે બધા ગામડાંમાં જતા હતા. આપણા પેન્ટ હોય, આપણા લેંઘા હોય એ ઉંચા કરીને જવું પડતું હતું. કોઇ જગ્યાએ ગટરની વ્યવસ્થા ન હતી. આજે ગટરની વ્યવસ્થા, રસ્તાની વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે, સર્વાંગી વિકાસની વિચારધારા હેઠળ કરી છે. આ સરકાર આવી ત્યાં સુધી દરેક જગ્યાએ અંધારપટ હતો. ગામડાંમાં જતા ત્યારે લોકો કહેતા. શહેરોમાં ૨૪ કલાક વીજળી મળે છે. અમારે ત્યાં નથી મળતી. કોઇક બિમાર પડ્યું હોય તો શું ? ત્યારે આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા અને તેમણે જ્યોતિ ગ્રામ યોજના અમલમાં મૂકી અને બધાને વીજળી મળતી થઇ. આ માગણીઓને સમર્થન આપું છું. આભાર.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક–૭૦, ૭૧ અને ૭૪ પંચાયત, ગ્રામ ગૃહ નિર્ણમાણ અને ગ્રામ વિકાસ તથા વાહન વ્યવહારને લગતી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે અને માગણીઓને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત અને ગુજરાતની અંદર આ સરકારની રચનાની અંદર આપણે સૌ જોઇએ છીએ. આપણને જ્યારે આઝાદી મળી ત્યારે આ દેશની પરિસ્થિતિ કેવી હતી? આઝાદી મળી ત્યારે ગામડાં કેવા હશે? આ કલ્પના જે તે વખતે પૂજ્ય ગાંધીજીએ જે વિચાર કરેલા અને એના આધાર ઉપર આજે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ આગળ વધી રહ્યા છે મને આ હાઉસની અંદર એ કહેતા ખૂબ આનંદ થાય છે કારણ કે ગ્રામ વિકાસનો મુદ્દો પણ આજે છે, અમારા ઉમરગામ તાલુકો વિધાનસભાની અંદર છેલ્લો તાલુકો છે. ૧૮૨ની સીટ ધારણ કરુ છું. અમારે ત્યાં દમણગંગા સુગર ફેક્ટરીનો પ્રશ્ન હતો. અમે વચ્ચે દિલ્હી જઇને માનનીય મંત્રીશ્રીને પણ મળ્યા. આપણા મોહનભાઇ કુંડારિયા કૃષિ મંત્રીશ્રી હતા એ વખતે એમને મળ્યા અને તાત્કાલિક એ કામ હાથ પર લીધું અને અમને ૧૧૧ કરોડ રૂપિયાની ટમ લોન એટલે દમણગંગા સુગર ફેક્ટરીનો જે મહત્વનો પ્રશ્ન હતો, ૧૯હજાર ખેડૂતોનો પ્રશ્ન હતો એ મંજૂર કર્યો છે અને એટલા માટે આપણા સરકારના માનનીય મુખ્યમંત્રી માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબને અને નાણા મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલને અને સહકાર મંત્રી ઇશ્વરભાઇ પટેલ સાહેબને અને કૃષિ મંત્રી માનનીય મંત્રીશ્રી ચીમનભાઇને હું ખુબ ખુબ અભિનંદન આપુ છું કે લોકોની લાગણી આ સરકારમાં જે પ્રતિત થાય છે એનો આ સીધો દાખલો હું રજૂ કરું છું. આજે જયારે સમગ્ર ગુજરાતની અંદર આપણી ૮ મહાનગરપાલિકા છે અને ૧૬૨ જેટલી નગરપાલિકાઓ છે. ૩૩ જેટલી જિલ્લા પંચાયત છે. ૨૪૭ તાલુકા પંચાયત છે અને ૧૪૦૧૭ ગ્રામ પંચાયત છે. એનું તંત્ર વિકાસના બજેટના આધાર ઉપર આખું રચાતું હોય છે. એને સુવિધા આપવી, વ્યવસ્થા ગોઠવવી આ સરકારની જવાબદારી છે અને સરકારની આ પ્રકારે જવાબદારી હોવાને કારણે આપણે ૧૯૯૫થી અત્યાર સુધી જે રાજકીય પરિવર્તન થયું છે એમાં વ્યવસ્થિત રીતે ગામડાંને ડેવલપ કરવાનો વિચાર ભારતીય જનતા પાર્ટીની અંદર મુકાયો છે અને એટલા માટે ચોકકસ હું એ વાત કહીશ કે જે તે વખતે ગામડાંની અંદર જનસંખ્યા ખૂબ મોટી હતી પણ ગામડાં

તૂટતા હતા. એનો વિચાર જે તે વખતે કોઇએ કર્યો નહીં પણ પહેલી વખતે માનનીય નારાણભાઇએ જે વાત કરી કે એ વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇએ વિચાર કર્યો કે આપણે ગામડાંની યોજના મૂકવી જોઇએ અને ગોકુળગામ યોજના દ્વારા ગામની અંદર વિકાસ કરવાની પહેલી શરૂઆત થઇ હતી અને એના કારણે આજે આપણે ગામડાંની અંદર ખૂબ આગળ વધી રહ્યા છીએ. ગામડાંની અંદર ચૌદમા નાણા પંચની અંદર બ્લોક બેસાડવાની વાત આવે છે, ત્યારે હું ઉમરગામ તાલુકાનો થોડોક ચિતાર આપું. માજી મુખ્યમંત્રી માનનીય આનંદીબહેન પટેલ સાહેબ પણ બેઠા છે. એમના હસ્તક અમારે ૩૫ કરોડ રૂપિયાનો એક રસ્તો મંજૂર થયો. આજે આખા ઉમરગામ તાલુકાની અંદર ૩૮૧ રસ્તાઓ Hot List ના સારા સુવિધાઓ વાળા બન્યા છે. આ ગામડાંની આટલી વ્યવસ્થા થઇ છે. અમારા ગામડાંની અંદર થોડી પંચાયતો તૂટી ગઇ હતી. ગયા વર્ષે મેં રજૂઆત કરી તો ૬૧૧ જેટલા ગામડાંની અંદર છે અને એનું અમલીકરણ જો ગ્રામ પંચાયત દ્વારા કરવું હોય તો પહેલું સ્થાન પંચાયતનું હોવું જોઇએ અને પંચાયતના મકાન બનાવવા જોઇએ. બજેટની અંદર પહેલી જોગવાઇ કરી અને આ વખતે ઉમરગામ તાલુકાની અંદર ૧૧ જેટલી ગ્રામ પંચાયતો મંજૂર કરવામાં આવી છે. એક આખી સુવિધા થઇ છે. આખા ગુજરાતની અંદર ૪૧ લાખ કુટુંબો ગરીબ છે. અત્યાર સુધી સરકારો જાહેરાત કરતી હતી પણ એ જાહેરાતના નકકર પરિણામ દ્વારા એ ગરીબી રેખાથી ઉપર લાવવા માટેની વ્યવસ્થા કરવી જોઇએ એ થઇ નહીં. પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની અંદર આ ૪૧ લાખ કુટુંબો જે ગુજરાત રાજયની અંદર ગરીબ છે એમને આવાસો આપવા માટે શરૂઆતમાં ૧૬ સ્કોર સુધીના આવાસો એ આપણે પૂર્ણ કર્યા, ત્યાર પછી ૨૨ સ્કોર સુધીના આવાસો પણ લેવામાં આવ્યા અને હવે જે કાચા ઘર હોય સરદાર–ટુમાં જે કાચા ઘર હોય એને પાકા બનાવવા માટે વડાપ્રધાન આવાસ યોજના જે બની છે ૧ લાખ ૨૦ હજાર રૂપિયા સુધીની જોગવાઇ કરવામાં આવી છે. દરેક તાલુકામાંથી આ પ્રકારે દરખાસ્ત રાજય સરકારને મોકલવામાં આવી છે. તબકકાવાર એ પણ સારા થઇ જશે એટલે રહેવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા ગામડાંની અંદર આ ભારતીય જનતા પાર્ટીમાં થઇ રહી છે. ત્યાર પછી ગરીબોને માટે અન્નની વ્યવસ્થા, તો આપણે જોઇએ છીએ આજે ભલે નાગરિક પુરવઠા વિભાગની માગણી નથી પરંતુ ગામડાં આવે છે ત્યારે આપણે એ વસ્તુ પણ લેવી જરૂરી છે. આજે ૪૧લાખ કુટુંબો હતા એ ૪૧ લાખ કુટુંબોને સસ્તા ભાવે અનાજ મળે એવી વ્યવસ્થા પણ કેન્દ્ર સરકારે જાતે કરી છે. એમાં અન્ન ફુડ બિલ જે દાખલ થયું એના કારણે આજે દરેક ઇસમોને સારી ગુણવત્તાવાળું અનાજ મળી રહ્યું છે. એનાથી ગામડાંની અંદર જે ગરીબાઇ હતી એ દુર થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : રમણભાઇ આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરના ૩–૧૫ કલાકે મળશે.

( વિરામ બપરોના ૨–૩૦ થી ૩–૧૫ )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : બન્ને દંડકશ્રી, કોરમ થાય છે કે નહીં? દંડકશ્રીઓના ભાગમાં કંઇ આવે છે કે નહીં?

શ્રી રમણલાલ ના. પાટકર (ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ ઉપર મેં મારા વિચારો અગાઉ આપ્યા છે. હું સમજું છું ત્યાં સુધી કદાચ ત્રણ મિનિટ બાકી હશે. કેટલાક સૂચનો બંદર વિભાગ ઉપર કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતમાં અમારા દેહરી ગુસાડાથી સ્ટાર્ટ કરીને કચ્છ ભુજ સુધી ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારોછે. એમાં બોમ્બે બંદર ઉપર જે ટ્રાફિકનું ભારણ વધે છે એના કારણે ગુજરાતને પણ આર્થિક ફાયદો થાય એવો વિચાર કરીને વાણિજ્ય બંદર નારગોલ ખાતે ચાલુ કરવા માટે એન.ઓ.સી. આપવામાં આવેલ છે. એમાં પબ્લિક હીયરીંગ પણ થયેલ છે. પરંતુ ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા એન.ઓ.સી.નો પ્રશ્ન પડતર છે. હું માનું છું કે આર્થિક દ્રષ્ટિએ આ દરિયાકિનારાનો વધારેમાં વધારે સદુપયોગ થાય એના માટે મારું સૂચન છે કે પર્યાવરણની એન.ઓ.સી. મેળવી અને આ કામ હાથ ઉપર લેવું જોઇએ. એવી જ રીતે મારું સૂચન છે કે ઉમરગામ તાલુકામાંથી અંદાજે ૪ હજાર જેટલી બોટો ખલાસીઓ સાથે માછીમારીના ધંધાર્થે પોરબંદર, ઓખા, દ્વારકા, ભાવનગર અને બોમ્બે જાય છે. એમાં પણ જ્યારે સરકાર આ દરિયાકિનારાનો વાણિજય ઉપયોગ કરવા માગે છે ત્યારે ભૂતકાળમાં કેશુભાઇ પટેલની સરકારમાં ત્યાં એક માછીમારીની જેટી મંજૂર કરવામાં આવી હતી. પરંતુ તે વખતે આ વાણિજ્ય બંદરનો ગામ લોકોને વિરોધ હતો એના કારણે માછીમારી બંદરના કામનું સરવે કરવા દેવામાં આવેલ નથી. મારી વિનંતી છે કે ૪ હજાર જેટલી બોટો સૌરાષ્ટ્રના દરિયાકિનારા સુધી દક્ષિણ ગુજરાતની બોટો જતી હોય તો આ વિસ્તારમાં વાણિજ્ય બંદર ઉભું થાય અથવા જે હયાત જેટી છે એને નવી કરી આપવામાં આવે તો નાની બોટના માછીમારોને ફાયદો થાય એવી મારી નમ્ર રજૂઆત છે. ઇ–ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના હેઠળ ગામડાંમાં લોકોને જે ફાયદો મળતો રહ્યો છે એમાં એક જ ગામમાં ગુગલ ઉપર સર્ચ કરીને કોઇપણ ખેડૂત ગમે ત્યાં પણ હોય પણ પોતાના ૭/૧૨ અને ૮–અના ડોક્યુમેન્ટ અને પુરાવા મેળવવાના હોય તો એ તરત જ મળે છે. ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ ગામડાં આજે સીધી રીતે ગાંધીનગર સાથે જોડાઇ ગયા છે. એના કારણે નાના ગામડાંને ખૂબ મોટો ફાયદો થઇ રહ્યો છે. બીજું, તીર્થગ્રામ યોજના ગામની અંદર ૫ વર્ષ સુધી કોઇપણ જાતનો વાદ–વિવાદ કે સરકારી કચેરીમાં, પોલીસ સ્ટેશનમાં કે અન્ય કોઇ સરકારી કચેરીમાં અરસ–પરસનો ગુનો નોંધાયો ન હોય અને સાધારણ ગુનો થયો હોય તો ભૂતકાળમાં બ્રીટીશ વ્યવસ્થા હતી એ પ્રમાણે પંચ ત્યાં પરમેશ્વર એ ન્યાયે ગામના લોકો ભેગા થઇને ગમે તે વિવાદ થયો હોય એ ગામમાં પતાવટ થતી એ રીતે આ યોજના ખૂબ સારી નીવડી છે. એના કારણે બીજો ફાયદો માનનીય નરેન્દ્રભાઇએ ખૂબ સારી રીતે બતાવ્યો છે કે ગામમાં

ચૂંટણીઓ આવે, સામાન્ય રીતે ચૂંટણીઓ ૫ વર્ષે થતી હોય છે પણ ગામની અંદર કોઈપણ વેરભાવ વગર સમરસ ચૂંટણીઓ થાય તો એને મોટો ફાયદો થાય છે. ગામને વિકાસ માટે વધારે નાણા મળે છે. ગામના વિકાસના કામો સારી રીતે થઈ શકે છે. આ માગણીઓ ઉપર મારા વિચારો કરી માગણીઓને હું મારું સમર્થન આપું છું.

શ્રી અરવિંદભાઈ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે અનુદાનો માટેની માગણી ઉપર મારા વિચારો વ્યકત કરી ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયા સાહેબ લાવ્યા છે એમને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતની હાલની ભાજપ સરકાર પંડિત દીન દયાળ ઉપાધ્યાય સાહેબના વિચારોને વરેલી સરકાર છે જે ગરીબો, પીડિતો, શોષિતોને ગરીબીમાંથી ઉગારીને સાચા અર્થમાં રોટી, કપડા ઓર મકાનની જરૂરિયાત પૂરી પાડવાવાળી સરકાર છે. ફક્ત વાતો કરવાથી કાંઈ નહિ આવે. ગરીબોની ફક્ત ચિંતા અને વાતો કરવાથી નિરાકરણ નહિ આવે તેના માટે ગુજરાત અને ભારતની સરકાર હાલ જે નક્કર પધ્ધતિથી કામ કરે છે એ કામ કરવું પડશે અને તો જ આપણે એમને ગરીબીમાંથી ઉગારી શકીશું. સરદાર આવાસ યોજના, ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના, ગરીબ કલ્યાણ મેળા, સ્માર્ટ વિલેજ યોજના, સ્વચ્છ ભારત–સ્વસ્થ્ય ભારત યોજના, તીર્થ ગામ–પાવન ગામ યોજના, ગ્રામ પંચાયત ભવન બનાવવાની યોજના, શ્યામા પ્રસાદ મૂખર્જી રૂબર્ન મિશન યોજના કે પછી પ્રધાન મંત્રી આવાસ યોજના હોય આવી અનેક યોજનાઓ મારફતથી ગુજરાત સરકાર અને ભારત સરકાર કામ કરી રહી છે. સરદાર આવાસ યોજનાની અંદર તા.૧–૪–૨૦૯૭ની સ્થિતિએ ઘરવિહોણા કુટુંબોને પાકું મકાન આપવા માટેની યોજનામાં શરૂઆતમાં ૨૦,૦૦૦થી ચાલુ કરીને ૨૦૧૦ના ઠરાવના અનુસંધાને ૪૫૦૦૦ રૂપિયા સહાય કરવાની યોજના કરેલ. આ મકાન બનાવવા માટે સામાન્ય પરિવારો પાસે પૈસા ના હોય એટલા માટે એમને ૩ ભાગે ૩ હપતેથી પૈસા આપવામાં આવે. પહેલો એમનું મકાન મંજૂર થયે ૨૧૦૦૦નો હપતો આપવામાં આવે, બીજો એમને ૧૫૦૦૦નો લીન્ટલ લેવલનો હપતો આપવામાં આવે અને એમનું મકાન પૂર્ણતાના આરે હોય ત્યારે એમને ૯૦૦૦નો હપતો આપવામાં આવે છે. રાજ્યમાં ૧૭ થી ૨૦ના ગુણાંકના મોટાભાગના લાભાર્થીઓને ઝૂંબેશ સ્વરૂપે ૨૦૧૩માં ૪,૨૯,૯૦૦ આવાસો મંજૂર કરીને આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૨૦૧૬માં ૮,૭૨,૯૭૧ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં રૂપિયા ૧૦૦૦લાખની જોગવાઈ કરવામાં આવેલ છે અને ડીસેમ્બર અંતિત ૭૨૧ લાખ રૂપિયા વાપરવામાં આવેલ છે. સરદાર આવાસ યોજના નંબર ૨. આ યોજના જે લોકો પાસે બી.પી.એલ. કાર્ડ નથી અને જે ગરીબી રેખા હેઠળ ૨૧ થી ૨૮ના ગુણાંકમાં જીવતા હોય તો એ કુટુંબો માટે એક લાખ રૂપિયા મકાન બનાવે તો ૪૦,૦૦૦ની સહાય. આ આવાસો બનાવવા લાભાર્થીઓ માટે ૩ હપતેથી એમને પૈસા આપવામાં આવે છે. ૧૦,૦૦૦નો પહેલો હપતો એમને આપવામાં આવે છે, ૨૦,૦૦૦નો બીજો હપતો એમને આપવામાં આવે છે અને એમને ૧૦,૦૦૦નો ત્રીજો હપતો આપવામાં આવે છે આવા મકાનો ગુજરાતની અંદર ૩,૨૭,૨૩૩ પૂર્ણ કરવામાં આવ્યા છે જેમાં ૮૪ હજાર ને ૬૬ લાખ રકમ રોકાયેલ છે. આ સહાય દ્વારા ગુજરાત સરકાર ગરીબોનું ભલું કરવાનું કામ કરે છે અને માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પણ અત્યાર સુધી ઈન્દિરા આવાસ યોજના ચાલતી હતી. ૨૦૧૭–૧૮ની અંદર 'પ્રધાનમંત્રી આવાસ યોજના' નામ આપીને આવાસની અંદર ૧,૨૦,૦૦૦ની માતબર રકમની જાહેરાત કરી છે. આ યોજના દ્વારા ઘર વિહોણા અને કાચા આવાસો ધરાવતા ગરીબ કુટુંબોને આવાસોની સુવિધા પૂરી પાડવા માટે કેન્દ્ર સરકાર તરફથી ૬૦% અને ગુજરાત સરકાર તરફથી ૪૦%ના ગુણાંકમાં ૧,૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ ૧,૨૦,૦૦૦ની સહાયથી વધારે ૧૨,૦૦૦ની ટોયેલેટની સહાય અલગથી આપવામાં આવે છે અને મનરેગા યોજનામાં કન્વર્ઝન કરી મકાન બાંધકામ મજૂરીના ૧૬,૦૦૦ રૂપિયા એમને આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા આવાસો બનાવવા માટે ગરીબો પાસે પૂરતા નાણા ન હોય એટલે ચાર હપ્તે એમને પૈસા આપવાના હોય છે. ચાર હપ્તામાં પહેલો હપ્તો ૩૦,૦૦૦ નો જયારે વહીવટી મંજૂરી હોય ત્યારે, બીજો હપ્તો ૫૦,૦૦૦ નો જયારે બાંધકામ લીન્ટલ લેવલે પહોંચ્યું હોય ત્યારે, ત્રીજો હપ્તો ૩૦,૦૦૦ નો જયારે બાંધકામ રૂફ ટોપ લેવલે પહોંચ્યુ હોય ત્યારે અને છેલ્લો હપ્તો એમનું કમ્પ્લીશન સર્ટીફીકેટ મળી જાય ત્યારે આપવાનો હોય છે. આ રીતે ગુજરાત સરકાર ગરીબોના અને જરૂરિયાતમંદોના આવાસો બનાવવાનું, ગામડાંનો વિકાસ કરવા માટે, ગામડાંની અંદર મુખ્ય ગામડાંને ફરતે સુવિધા પથ આપવામાં આવે છે. આ ગામડાંના વિકાસ માટે, ગામડાંમાં અત્યાર સુધી આપણે જતા તો ઘણા વર્ષો પહેલા આપણે ગામડે પહોંચવું હોય તો એના ખાડાવાળા ખરબચડા રોડ હોય, અત્યારે ગામડાંને ફરતે સુવિધા પથના રોડ આપવામાં આવે છે. મારા ૯૬ ગામડાંમાંથી ૬૦ ગામડાંની અંદર સુવિધા પથના રોડનું નિર્માણ થઈ ગયું છે. આવી રીતે ગામડાંને મુખ્ય એક માર્ગ જોડવાની પહેલા યોજના હતી. આ ગામડાંને એક માર્ગથી જોડીને ગુજરાતના ૧૮૬૦૦ ગામડાં જોડવામાં આવ્યા પણ વિશેષમાં આ ગામડાંને બીજો માર્ગ મળે એટલા માટે આ ગુજરાત સરકારે હાલમાં જ ટુંક સમય પહેલા નિર્ણય લઈ અને નોન પ્લાન રસ્તાઓને પ્લાનમાં લઈ અને દરેક ધારાસભ્યોને ૧૦–૧૦ કરોડના એક ધારાસભ્યોને રોડ એટલે આ ગામડાંના રસ્તા બનાવવા માટે ગ્રાન્ટની ફાળવણી કરી છે. ૨૫૦૦ કરોડનું આયોજન કર્યું છે અને આ યોજના અંતર્ગત સુવિધા પથના રસ્તા બન્યા છે એવી રીતે આ ગામથી ગામને જોડતા રસ્તા બનશે એટલે લોકોને ખૂબ સુવિધા મળવાની છે. મારા ખેડૂતભાઈઓને રસ્તાઓની મુશ્કેલી હોય તો એ પણ મળવાના છે અને બીજા ગામડાં સુધી રસ્તાઓ પણ પહોંચવાના છે. આ ગામડાંને મજબૂત બનાવવા માટે અને ગામડાંનો વિકાસ કરવા માટે, ગામડાંનો વસવાટ ઘટે નહીં, ગામડાંની અંદર એ જ જગ્યાએ પૂરેપૂરું શિક્ષણ પ્રાપ્ત થાય, ગામડાંની પ્રાથમિક શાળાની અંદર પૂરેપૂરું શિક્ષણ મળે, પૂરેપૂરો સ્ટાફ હોય અને ગામડાંની અંદર શાળાઓ હોય, જયારે અમે પહેલા ગામડાંની અંદર જતા ત્યારે ગામડાંની

અંદર કોઇ રૂમ હોય શાળામાં જઇએ તો ઓરડા હોય તો ટીચર ન હોય, અત્યારે ગામડાંની અંદર શાળામાં જઇને કોઇપણ સારામાં સારું મકાન જોઇએ તો એ શાળાનું મકાન હોય, સરકારી મકાન હોય, સરકારી શાળાની અંદર અત્યારના જમાનાનું એમને એજયુકેશન આપવા માટે કોમ્પ્યુટરાઇઝ શાળા કે જેની અંદર કોમ્પ્યુટર આપવામાં આવે, તલાટી પહેલા કંઇપણ કામ હોય અને પહોંચો બનાવતા એ રીતે નહીં, પણ હવે સીધું શાળામાં કોમ્પ્યુટરના માધ્યમથી ઓન લાઇન શિક્ષણ આપવામાં આવે છે. સારામાં સારી રીતે શાળાની અંદર શિક્ષણ આપી અને મારા વિસ્તારની અંદર ૯૬ ગામડાંમાંથી ૪૫ નવા બિલ્ડીંગોવાળી શાળા બની છે. ખૂબ સારામાં સારી શાળા બની અને વિદ્યાર્થીઓ આપણે જઇએ તો ખુશ થઇ જાય કે સારામાં સારું ભણતર પણ અહીંયા મળે છે અને ગામડાંનો સારામાં સારો વિકાસ થયો છે. આ પહેલા સરકારે કયારેય સરકારી કોઇ કચેરીઓ હોય, સહકારી સંસ્થાઓ હોય, તાલુકા પંચાયતના બિલ્ડીંગો હોય, મામલતદાર કચેરી હોય, ડેપ્યુટી કલેકટર કચેરી હોય કે જિલ્લા પંચાયત કચેરી હોય, ૪૦ વર્ષમાં મેં એકેય કચેરી નવી બનતા જોઇ નથી. મેં છેલ્લા ૨૦ વર્ષની અંદર આ શાળાઓની કચેરીઓના, પંચાયતના અને જિલ્લા પંચાયતોના બિલ્ડીંગ જુઓ તો કોર્પોરેટ ઓફિસ જેવા લાગે. આ કોર્પોરેટ જેવી ઓફિસોની અંદર આપણે કામ માટે જઇએ તો આપણને બેસવાનું મન થઇ જાય. વિશ્રામ ગૃહની પણ પૂરી સુવિધા હોય, વેઇટીંગ રૂમ પણ હોય, સારામાં સારી ટોઇલેટ, બાથની સુવિધા હોય અને સારામાં સારી એ.સી.ની વ્યવસ્થા ઓફિસોમાં આપવામાં આવે છે. ગુજરાતના ગામડાંને શહેરીકરણ ન થાય અને ગામડાંના માણસો ગામડાંમાં જ રહે એ માટે સ્માર્ટ વિલેજ યોજનાથી સ્વરાજયથી સુરાજય સુધી ગામડાંને પહોંચાડવાનું કામ આ સરકારે કર્યું છે. ગુજરાત સરકારની અંદર ૧૫૦ થી ૪૦૦ ગામડાંની પસંદગી કરી મારા તાલુકાની અંદર સ્માર્ટ વિલેજના ચાર ગામડાં પસંદ કરવામાં આવ્યા છે. સ્માર્ટ ગામ કેવું હશે તેની આપણે વાત કરીએ. પણ કેવું હશે એનો ખ્યાલ એક નમૂનો આપું તો સ્માર્ટ ગામની અંદર ૧૦૦ ટકા રસીકરણ, ઝીરો ટકા ડ્રોપ આઉટ રેશિયો હોય, ઓ.ડી.એફ. વીલેજ, ૯૦ ટકા વેરા વસૂલાત, ફરજિયાત ડોર ટુ ડોર ઘન કચરાનો નિકાલ, ઇ–ગ્રામ સેન્ટર ખાતે એ.ટી.વી.ટી. સેવાઓનું વિતરણ, છેલ્લા ગુણોત્સવનો શાળાનો જે ગ્રેડ હોય તેનાથી એક ગ્રેડ અપગ્રેડેશન લઇ આવવા માટે ફરજિયાત ૧૦૦ ટકા વ્યક્તિગત રીતે શૌચાલય ધરાવતું ગામ હોવું જોઇએ. કુપોષણ કોઇપણ બાળક રેડ ઝોનમાં ન હોવું જોઇએ. વર્ષમાં ૪ વખત ગ્રામસભા ભરતું હોવું જોઇએ. સરકારી સહાય ૧૦૦ ટકા લાભાર્થીના એકાઉન્ટમાં સીધી જમા થતી હોય, આંગણવાડીની ૧૦૦ ટકા બાળકોની ભરતી થતી હોય, મહેસૂલી ગ્રામ પંચાયત રેકોર્ડ અદ્યતન રીતે કોમ્પ્યૂટરાઇઝ્ડ રાખવામાં આવતો હોય, ગામના મુખ્ય માર્ગ ઉપર વૃક્ષરોપણ થતું હોય, ૧૦૦ ટકા વાઇફાઇ વીલેજ હોય આવા ગામડાંની અંદર..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

હર્ષ સંઘવીએ સરસ વાત કરી હતી કે અમારી સરકાર જ્યારે હતી ત્યારે આર.ટી.ઓ. ઓફિસમાં ટોઇલેટ નહોતા. સાચી વાત છે, પણ નહોતા એનું કારણ હતું. તે વખતે આર.ટી.ઓ. ઓફિસમાં ભય નહોતો કે ટોઇલેટની જરૂર પડે. અમારું કામ સ્પીડમાં થઇ જતું હતું. વેઇટિંગ સિસ્ટમ હતી નહીં. ટોઇલેટની જરૂર પડતી નહિ. અત્યારે સરકારે સિસ્ટમ બનાવી છે, એમાં સ્માર્ટ કાર્ડની વાત કરવી છે. છેલ્લાં ૮ વર્ષમાં જે ડ્રાઇવિંગ લાઇસન્સ આપવામાં આવે છે, તેની ફીમાં ૨૦૦ થી ૩૦૦ ગણો વધારો કરી દીધો છે. સ્માર્ટ કાર્ડ આપી દીધા પછી રીડિંગ સિસ્ટમ કોઇ જગ્યાએ મોજૂદ નથી. જેના કારણે સ્માર્ટ કાર્ડ આપ્યા પછી ફાયદો નથી લઇ શકતા. આર.સી. બુકમાં સ્માર્ટ કાર્ડ આપી દીધું, એનું પણ રીડર કયાંય છે નહીં. હાઇ સિક્યોરિટી નંબર પ્લેટ આપવામાં આવે છે. આટલી મોંઘી નંબર પ્લેટ આપ્યા પછી પણ જ્યારે ૧૫ દિવસમાં, મહિનામાં જો તૂટી જતી હોય તો ખર્ચ શા માટે કર્યો છે તે પ્રશ્ન ઊભો થાય છે. વાહન વ્યવહાર ખાતા હેઠળ શું શું આવી શકે? ટ્રાન્સપોર્ટમાં એર ન આવી શકે, પાણી ન આવી, પણ જમીન ઉપરની રેલ્વે કે બસ સર્વિસ આમાં આવી શકે છે. છેલ્લા ૨૦૦૦ ની સાલના આંકડા જોવા બેસીએ તો ગુજરાતની અંદર વાહનોની સંખ્યા ૫૨ લાખની હતી. ૧૫ વર્ષ પછી ૨ કરોડ ૧૪ લાખ વાહનો થઇ ગયા છે. છેલ્લાં ૩ વર્ષની અંદર ૧૧ લાખ ૨૨ હજાર વાહનોની સંખ્યા વધી છે. ટૂંકમાં દર વર્ષે ૪ લાખ વાહનો વધે છે. રોજના હજારો વાહનોની સંખ્યા વધે છે. આ વાહન વધવાથી પરિસ્થિતિ શું પેદા થઇ તેની વાત કરવી છે. વાહનો વધવાથી એક્સિડંટની સંખ્યા વધવા લાગી છે. અત્યારે ગુજરાતની અંદર દર કલાકે એક મૃત્યુ રોડ ઉપર થાય છે. વર્ષે ૮૦૦૦ ઉપર મૃત્યુ આપણા ગુજરાતમાં થાય છે. દર કલાકે એક મૃત્યુ આ ટ્રાન્સપોર્ટ સિસ્ટમની અવ્યવસ્થાના કારણે થયેલ છે. ગુજરાતની પ્રજાને વાહન વ્યવહાર વિભાગ ઉપર વિશ્વાસ રહ્યો નથી. બસસ્ટેશને જાય છે તો તે માણસ ત્યાં ઊભો રહે છે. તેને ખબર જ નથી કે બસ ૩ દિવસ માટે ગરીબ કલ્યાણ મેળામાં ગઇ છે. ગરીબ કલ્યાણ મેળો એ ગોધરામાં હોય અને અમરેલી ડેપોમાંથી બસ નીકળે. આખો દિવસ નીકળી અને ગોધરા પહોંચે. અને ત્યાંથી ૩ પેસેન્જર લઇ ગોધરા શહેરમાં પહોંચે. ત્યાં કામ પૂરું કરી ત્રીજા દિવસે અમરેલી બસ પહોંચે છે. ૪ પેસેન્જર માટે ૧૨૦૦ કિ.મી. એક એક બસ ચાલે છે. આના કારણે અવ્યવસ્થા થઇ ગઇ છે. બાળક સ્કૂલે જતો હોય, આરોગ્યનો પ્રશ્ન હોય, ગામડાંમાં રાહ જોઇએ તો બસો આવતી નથી. એક્સિડંટ ઓછા કરાવવા હોય તો એક જ રસ્તો છે કે વાહન વ્યવહાર સિસ્ટમ સુધારીએ. સિસ્ટમ ફુલપ્રુફ એવી બનાવવી પડે કે ૮–૩૦ વાગ્યાનો સમય હોય ૮–૩૦ વાગ્યે સ્ટેન્ડ ઉપર હોવી જ જોઇએ.૮.૩૫ મિનિટે બસ ઉપડી જ જવી જોઇએ. આવી સિસ્ટમ જો આપણે ગોઠવી શકીએ તો જ આપણું ગુજરાત ભવિષ્યમાં પ્રગતિ કરી શકશે, નહીં તો એકસીડન્ટમાં પ્રગતિ થવાની છે. આપણે જોઇ રહ્યા છીએ કે, દર કલાકે એક

મૃત્યુ થાય છે. આખા ભારતમાં ૬ ટકા એકસીડન્ટનો જે આંકડો છે તેમાં ગુજરાત નંબર વન આવે છે. દરવર્ષે નવી બસો આપણે લઇએ છીએ. ગામડાંમાં કયાંય બસો વધતી નથી. ગામડાંના રૂટ રોજ કપાઇ જાય છે. રોજ ફરિયાદ આવે છે કે પચ્ચીસ વર્ષ પહેલાં ગામડાંમાં ચાર બસ આવતી હતી. અત્યારે એકપણ બસ નથી આવતી. આપણે આ નવી બસો લઇએ છીએ પણ તે જાય છે કયાં તે અમે ગામડાંના લોકો સમજી શકતા નથી. હું હવે રેલવેની વાત કરું તો મારા માણાવદર મત વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલાં ૨૩૯ કરોડ રૂપિયા મેં રેલવે માટે મંજૂર કરાવ્યા હતા. સ્પેશિયલ નવી રેલવે લાઇન માટે મંજૂર કરાવ્યા હતા. શાપુર–સરાડીયાથી માંડીને પોરબંદર સુધી રેલવે માટે મંજૂર કરાવ્યા હતા. હમણાં મારા ધ્યાનમાં આવ્યું કે આ રેલવે ધીરે ધીરે ફરી ઉપડીને મધ્યપ્રદેશ તરફ વહી જાય છે. આપણા વડાપ્રધાન હોય, આપણી સરકારો હોય અને ગુજરાતને અન્યાય સાહેબ? આના માટે મને વિચાર આવતો હતો કે, કયાંય મારી ભૂલ તો નથી થતી ને. ત્યારે મને યાદ આવ્યું વેસ્ટર્ન રેલવે માટે કેટલા વખતથી આપણે લડીએ છીએ. ૮૦ ટકા વેસ્ટર્ન રેલવેની લાઇન ગુજરાતમાં છે. ગુજરાતમાં વેસ્ટર્ન રેલવે માટે હબ આપણે માગીએ છીએ. સરકાર આપણી હોવા છતાં કેમ આપણને આપતી નથી. હવે વાત કરું પંચાયતની.

અધ્યક્ષશ્રી : દસ વર્ષ સુધી આપી ત્યારે ખબર નહોતી ભાઇ?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : અત્યારે સાહેબ તમારી તમે કહો છો એટલે કહીએ છીએ. ફરજિયાત બની જાય છે.

અધ્યક્ષશ્રી : તમારી અમારી ન હોય. આપણા...

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : અમે લઇ આવ્યા હતા, મંજૂર કરાવી હતી.

અધ્યક્ષશ્રી : આપણે ગુજરાત સરકારની વાત કરો.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : અમે મંજૂર કરાવી હતી અને તે ફરે છે એટલે કહું છું.

અધ્યક્ષશ્રી : આપણે ગુજરાત સરકારની વાત કરવાની નહીંતર આખું પ્રવચન કેન્સલ કરીશ. ફકત ગુજરાતની વાત કરવાની.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : હું શેની વાત કરું છું? હું મહારાષ્ટ્રની વાત નથી કરતો.

અધ્યક્ષશ્રી : ફકત ગુજરાત સરકારની વાત કરો. કેન્દ્રની વાત કરવાની જરૂર નથી. આગળ વધો.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : આપણે હમણાં વખાણ કરતા હતા કે ઉપર આપણું ઉપર આપણું સારુ છે, ઉપર આપણું સારુ છે તે સાંભળીએ જ છીએ અમે.

અધ્યક્ષશ્રી : તે મને ખબર પડે છે. મને સલાહ આપવાની જરૂર નથી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : હવે પંચાયતની વાત કરું છું. શહેરમાં પેશકદમી થતી હતી. શા માટે થતી તો ગામડાંમાંથી માણસ શહેરમાં આવ્યો અને તેને રહેવાની વ્યવસ્થા નથી હોતી. ગામડાંમાં ૨૫ વર્ષ પહેલાં કોઇ જગ્યાએ પેશકદમી ન હતી. છેલ્લા પંદર વર્ષની અંદર અત્યારે કોઇ એવું ગામ નહીં હોય કે જયાં પેશકદમી ન થઇ હોય. શા માટે ગામડાંમાં આ પેશકદમી થાય છે? છેલ્લા પંદર વર્ષથી ૧૦૦ ચો.વાર ના પ્લોટ આપવાનું આપણે બંધ કરી દીધું છે. તેના કાયદા એવા કડક કરી દીધા છે કે જેના કારણે ત્યાં કોઇને પ્લોટ આપી શકતા નથી. પ્લોટ ન આપવાને કારણે ગામડાંમાં વસતિ વધે છે, તેનો એક છોકરો જુદો જાય છે તેના કારણે પેશકદમી કરીને મકાન બનાવે છે. અત્યારે દરેક ગામ એવું હશે કે જેમાં સો–સો મકાન મિનિમમ પેશકદમીના કારણે ઉભા છે. ભવિષ્યમાં બંધ કરવું હોય તો તેના માટે એક સિસ્ટમ આપણે ગામડાં માટે બનાવવી ફરજિયાત બની રહેશે. ૧૦૦ વારનો પ્લોટ જેને મકાન નથી, રહેવા માટે કંઇ નથી તેને પ્લોટ આપવો જોઇએ તેવો સૈદ્ધાંતિક સ્વીકાર સરકારે કરી લેવો પડશે. તો જ ભવિષ્યમાં ગ્રામ્ય લેવલમાં પેશકદમી નહીં થાય તેવી પરિસ્થિતિ ઉભી થશે. વાહન વ્યવહાર માટે વાત કરતો હતો તો તેમાં સિસ્ટમ સુધારવી આપણા માટે ફરજિયાત બની ગઇ છે. એટલે બની ગઇ છે કે ભવિષ્યની અંદર જે યુગ આવે છે તેમાં આપણે કદમ મિલાવવા હશે તો સમય સાચવવો તે ફરજિયાત બની રહેશે. અત્યારે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે સમય વધારે જાય છે. અહીં પ્રાઇવેટ સાધનોની સંખ્યા વધતી જાય છે એટલે સમય વધારે જાય છે. દુનિયામાં જેટલા વિકાસશીલ દેશ છે તેમાં એક સિસ્ટમ છે કે એક ગામથી બીજા ગામ જવા માટે પ્રાઇવેટ કાર નથી વાપરતા. તેઓ પબ્લીક ટ્રાન્સપોર્ટ વાપરતા હોય છે. પબ્લીક ટ્રાન્સપોર્ટ સુધારી નહીં શકીએ તો ભવિષ્યમાં આપણી પ્રગતિ રોકાશે તેવો મારો વિચાર છે. એટલું જ કહી બેસું છું. આભાર.

શ્રી મેરામણભાઇ મા. આહીર(ખંભાળિયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. અમારા દેવભૂમિ દ્વારકામાં આજુબાજુના ગામની ગૌચરની જમીનો પર ગેરકાયદેસર દબાણ કરેલ છે. તે ગૌચરની જમીનમાંથી માટી ઉપાડી ખાડા પૂરી દે છે. જેના લીધે પશુઓના ચરિયાણનો નાશ થાય છે. આમ છતાં સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. અમે ઘણી વખત ફરિયાદ સમિતિમાં રજૂઆતો કરી છે, ફરિયાદો કરી છે પણ કોઇ પગલાં ભરવામાં આવતા નથી. જો આ કંપની વિરુધ્ધ અરજી કરવામાં આવે, વધુમાં સાથે રહીને ચોરી પકડાવવામાં આવે તો પણ એકબીજાને નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવે છે અથવા લાંબા સમય સુધી તપાસ જ ચાલ્યા કરે છે. તો હું જાણવા માગુ છું કે, નિયમોનુસાર કાર્યવાહીનો અર્થ એવો તો નથી ને કે માત્ર તપાસ જ કરવી પણ પગલાં કોઇ લેવા નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘણી ગૌચરની જમીનો આવેલ છે, પરંતુ આ સરકાર આવ્યા પછી માત્ર કંપનીઓને જ પ્રાધાન્ય આપ્યું છે. આ કંપનીને વિવિધ સહાયો આપવામાં આવે છે, તેમના લેણાં પણ માફ કરવામાં

આવે છે, પછી ભલેને આ કંપનીઓ દ્વારા દબાણ કરી પશુઓના ચરીચાણનો પણ નાશ કરવામાં આવતો હોય તો પણ આ સરકાર એમને સહાય કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહમાં આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ સરકારે જે ગૌચર સુધારણાનું કામ હાથ ધરેલ જેમાં ભાણવડ તાલુકામાં ખાસ કરીને જે ગામોમાં કામો થયેલ નથી, પરંતુ બિલ પાસ કરી ગૌચર સુધારણામાં ભ્રષ્ટાચારનું કામ ખૂબ જ સારી રીતે કરવામાં આવેલ છે. તો આ બિલ કઇ રીતે પાસ કરેલ છે? અને હકીકતમાં આ ગૌચર સુધારણાનું કામ હાથ ધરવામાં આવેલ હતું કે તેના નામે ભ્રષ્ટાચારનું કામ હાથ ધરાયેલ હતું?

માનનીય અધ્યક્ષશ્રી, મારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘણા ગામોમાં ગ્રામ પંચાયતની જગ્યામાં સુઝલોન કંપની દ્વારા ગૌચરની જમીનોમાં ૩૨ કે.વી.ની ઇલેક્ટ્રીક લાઇનો નાંખવામાં આવેલ છે પરંતુ આ હાઇપાવરની લાઇનમાં જે સેફ્ટી નિયમોનું કાયદાકીય રીતે પાલન થવું જોઇએ એ નિયમોને નેવે મૂકીને કંપની દ્વારા દબાણ કરી લાઇનો નંખાયેલ છે અને તેમ છતાં આ કંપની સામે કોઇ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં ગૌચરના પ્રશ્નો છે, પરંતુ સરકાર ખોટા બહાના કરીને આંકડાઓ સંતાડે છે, એ હકીકત છે. આજે સરકારે કંપનીઓ પર રહેમ નજર રાખી તેની માત્ર ૧૦ ટકા કામગીરી ગૌચર માટે કરી હોત તો આજે ગૌચરની આટલી ખરાબ પરિસ્થિતિ ન હોત. ખાસ કરીને નાના માંઢા અને સોઢા, તરઘડી અને સોઢા તરઘડી ગામોમાં ગૌચર સુધારણાની કામગીરી કરવાનો નામદાર હાઇકોર્ટનો આદેશ હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો જિલ્લો શિક્ષણની દૃષ્ટિએ ખૂબ જ પછાત જિલ્લો છે. હકીકતે જે લોકો સદ્ધર છે તેમની પાસે બી.પી.એલ. કાર્ડ છે અને જે લોકો ખરેખર ગરીબ છે અને લાભાર્થી છે અને જેમને બી.પી.એલ.નો લાભ મળવો જોઇએ તે તો સરકારી કચેરીઓના ધક્કા જ ખાય છે. મારા માનવા મુજબ ગરીબ લોકોને સહાય આપવા માટે આ યોજના નથી એવું મને લાગે છે કારણ કે, આ તો એવું થાય છે કે સદ્ધરને વધુ સદ્ધર બનાવો છો અને ગરીબો આર્થિક ભીંસથી કંટાળી આત્મહત્યા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પણ પૂછવા માગુ છું કે, હાલમાં ડી.આર.ડી.એ.ના કરાર આધારિત કર્મચારીઓ હડતાલ ઉપર છે તેઓ કાયમી કર્મચારી કરતાં વધારે અને રજાના દિવસોમાં પણ કામ કરે છે તેમને કાયમી કરવા અંગે સરકાર દ્વારા કોઇ પગલાં લેવાયા નથી, તો તેમના માટે કોઇ પગલાં લેવામાં આવેશે કે માત્ર વાયદાઓ જ આપવામાં આવશે?

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૈ ાચાલય બનાવવામાં આવે છે, પરંતુ તેમાંથી ઘણા શૌચાલય તો વપરાશલાયક જ નથી, નબળા બનાવ્યા છે. ઘણા શૌચાલય અસ્વચ્છ અને ખરાબ પરિસ્થિતિમાં છે અને તેની આજુબાજુમાં રોગચાળો ફેલાવાનો ભય રહેલો છે. મને એવું લાગે છે કે, આ યોજના અંતર્ગત માત્ર દેખાવ જ કરવાનો હતો જેથી શૌચાલય બનાવવામાં આવ્યા પરંતુ સ્વચ્છતા તરફ કોઇનું ધ્યાન ગયું જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાહન વ્યવહાર બાબતમાં પણ વાત કહેવી છે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, અમારો નવરચિત દેવભૂમિ દ્વારકા જિલ્લો જામનગરથી અલગ થયાને ત્રણ વર્ષ જેટલો સમય થયો છે અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં ૧૩નું મહેકમ મંજૂર થયેલ છે તેમ છતાં હાલમાં પણ માત્ર ૬ જગ્યાઓ જ ભરેલી છે અને ૫૫ ટકા જેટલી જગ્યઓનું મહેકમ મંજૂર હોવા છતાં હજુ સુધી ભરવામાં આવેલ નથી. હમણા જેમ અમારા હર્ષદભાઇ કહેતા હતા કે આ આર.ટી.ઓ.ની ઓફિસ બહુ સારી છે પણ અમારે ત્યાં આ કચેરી ભાડાના મકાનમાં ચાલે છે અને આટલો લાંબો સમય થવા છતાં એ કચેરીનું પોતાનું મકાન બનેલ નથી કે પૂરતું મહેકમ ભરેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીના મુખ્ય અધિકારી એ.આર.ટી.ઓ. ની પોસ્ટ હાલમાં બીજા જે તે અધિકારીને ચાર્જ સોંપી ચલાવવામાં આવે છે અને વધુમાં નવરચિત જિલ્લાને આટલો બધો લાંબો સમય થવા છતાં આર.ટી.ઓ. કચેરીની જેમ બાકીની ઘણી કચેરીઓમાં પણ મુખ્ય અધિકારીઓની પોસ્ટ ચાર્જ સોંપી ચલાવવામાં આવે છે, તો હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગીશ કે, 'એકને ગોળ અને એક ખોળ' જેવી નીતિ અપનાવી અમારા જિલ્લાને અન્યાય ના કરો.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં સરકાર દ્વારા લાયસન્સ તથા અન્ય ફીમાં ૩૦૦ ટકા જેટલો ધરખમ ભાવ વધારો કરવામાં આવ્યો છે તેમ છતાં આપણે સૌના સાથ સૌના વિકાસની વાતો કરીએ છીએ ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ સરકારે સૌનો સાથ, મોંઘવારીનો વિકાસ સાબિત કર્યું છે એવું મને લાગે છે, કારણ કે આ તો માત્ર પ્રજાને લૂંટવાનો જ સરકારનો ઇરાદો લાગે છે.

દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં વધારે પડતી સરકારી પરિવહન સેવાઓ માત્ર મુખ્ય રોડ પર જ પૂરી પાડવામાં આવે છે, જ્યારે મુખ્ય રસ્તાથી પાંચ–છ કિલોમીટર અંદર ગાળે આવેલા ગામડાંમાં કોઇ પરિવહન સેવા નથી એસ.ટી. બસ પણ જતી નથી. આ બાબતે રજૂઆત કરવામાં આવે છે છતાં ગામડાંના રસ્તાઓની હાલત ખરાબ છે. તો આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગીશ કે આ બાબતે સરકારશ્રી દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવશે કે પછી અમારા જિલ્લાના ગામડાં સરકારી પરિવહન સેવાથી વંચિત જ રહેશે?

મારા વિસ્તારમાં લાયસન્સ બનાવવા માટે લોકો ગામડે ગામડેથી ધક્કા ખાઇ, ડોક્યુમેન્ટ તૈયાર કરી, બધી કસોટીઓ પાસ કરે તેમ છતાં લાયસન્સ સાત દિવસમાં મળવું જોઇએ એને બદલે બે મહિને મળે છે. ફરિયાદ કરવામાં આવે તો કહે છે કે,

લાયસન્સ પોસ્ટમાં મોકલવામાં આવેલ છે. પોસ્ટને રજૂઆત કરે તો ઉડાઉ જવાબ આપવામાં આવે છે. આ બાબતે સરકાર કોઇ કાર્યવાહી કરશે કે પછી ગામડાંની પ્રજાને ધક્કા જ ખવડાવશે?

આર.ટી.ઓ. કચેરીઓમાં નેટ કનેક્ટિવિટી અઠવાડિયામાં બે ત્રણ દિવસ બંધ હોય છે. જેથી કચેરીઓમાં મહિનામાં કામના બાવીસ–ચોવીસ દિવસમાંથી માત્ર પંદર દિવસ જ કાર્યરત હોય છે. તો આ રીતે પ્રજાના કામો ટલ્લે ચડાવી મહિનાના દિવસો જ ઓછાં કરવાના કે કામ પણ કરવાનું છે એ અમને સમજાતું નથી. સરકારના નવા નિયમ મુજબ એચ.એસ.આર.પી. નંબર પ્લેટ આર.ટી.ઓ. કચેરી તરફથી ફાળવવામાં આવે છે. તે સારી વાત છે. પરંતુ આ નંબર પ્લેટોની ગુણવત્તા પણ સરકારની વાતો જેવી જ છે, કારણકે નંબર પ્લેટ લગાડ્યા પછી થોડા સમયમાં જ નંબર પ્લેટમાંથી નંબર ઝાંખા થઇ જાય છે અને સફેદ થઇ જાય છે. મારી સરકારને ખાસ વિનંતી છે કે આ નંબર પ્લેટ માટેની એજન્સી બીજા કોઇને પણ આપવામાં આવે.

શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ માગણી નંબર ૭૦, સમૂહ વિકાસની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯૩૮.૩૪ કરોડની અને માગણી નંબર–૭૧, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૭૫૮.૬૪ કરોડની માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ચૂંટણી સમયે આપવામાં આવેલ ભારતીય જનતા પાર્ટી તરફથી વચનોમાં એક સર્વ સમાવેશક વિકાસ. ગયા એક દાયકામાં ગુજરાતમાં વિકાસની હરણફાળને લીધે મધ્યમવર્ગીય પરિવારોની સંખ્યા વધી છે. આ નવોદિત મધ્યમ વર્ગની પરિભાષા નક્કી કરીને ખાસ કલ્યાણકારી યોજના બનાવશે. બીજું વચન એ હતું કે, મારા વિસ્તારમાં મારું મકાન, જન–જનનું એ સપનું સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રી ગૃહ સમૃદ્ધિ યોજના. ત્રીજું વચન એ હતું કે ગરીબલક્ષી કાર્યક્રમ, રોજગારી, કૃષિ, ઉદ્યોગમાં દેશમાં મોખરે. આમાંનું કંઇ અત્યારે જોવા મળતું નથી. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ અંતર્ગત જોગવાઇ અને ખર્ચ રૂપિયા કરોડમાં જોઇએ તો સન ૨૦૧૦–૧૧માં જોગવાઇ ૨૨૨૯.૪૫૨૩, સુધારેલ અંદાજ ૨૩૮૦.૪૭૭૮, ખરેખર ખર્ચ ૨૪૪.૮૪૦૯ જોગવાઇ સામે ખર્ચમાં વધઘટ પ્લસ ૧૭૫.૩૮૮૬ અને જોગવાઇ સામે ખર્ચનું પ્રમાણ ટકાવારીમાં ૧૦૭.૮૭. એ જ રીતે સને ૨૦૧૧–૧૨માં જોગવાઇ ૨૧૧૭.૭૦૯૪, સુધારેલ અંદાજ ૨૨૧૦.૯૫૪૪, ખરેખર ખર્ચ ૨૧૩૩.૦૨૪૩, જોગવાઇ સામે ખર્ચમાં વધઘટ પ્લસ ૧૫.૩૧૪૯ અને જોગવાઇ સામે ખર્ચનું પ્રમાણ ટકાવારીમાં ૧૦૦.૭૨. એ જ રીતે ૨૦૧૨–૧૩માં જોગવાઇ ૨૪૭૫.૫૨૮૧, સુધારેલ અંદાજ ૨૮૯૪.૬૪૦૩, ખરેખર ખર્ચ ૨૫૩૫.૭૩૧૪ જોગવાઇ સામે ખર્ચમાં વધઘટ પ્લસ ૬૦.૨૦૩૩ અને જોગવાઇ સામે ખર્ચનું પ્રમાણ ટકાવારીમાં ૧૦૨.૪૩. એ જ રીતે ૨૦૧૩–૧૪માં જોગવાઇ ૩૧૦૩.૪૫૯૬, સુધારેલ અંદાજ ૩૨૬૭.૮૦૩૯, ખરેખર ખર્ચ ૩૦૨૧.૮૦ જોગવાઇ સામે ખર્ચમાં વધઘટ માઇનસ ૮૧.૬૫ અને જોગવાઇ સામે ખર્ચનું પ્રમાણ ટકાવારીમાં ૯૩.૯૭. એ જ રીતે ૨૦૧૪–૧૫માં ૪૪૨૪.૮૫૩૦, સુધારેલ અંદાજ ૪૦૧૦.૬૦૧૦, જોગવાઇ સામે ખર્ચમાં વધઘટ માઇનસ ૪૧૪.૨૫ અને જોગવાઇ સામે ખર્ચનું પ્રમાણ ટકાવારીમાં ૯૦.૬૪. ૨૦૧૬–૧૭માં, આમ વર્ષ ૨૦૧૩–૧૪માં જોગવાઇ સામે ૮૧.૬૫ કરોડનું ઓછું ખર્ચ કરેલ છે. ૨૦૧૪–૧૫માં જોગવાઇ સામે ૪૧૪.૨૫ કરોડની રકમો ઓછી ખર્ચાશે. આનો અર્થ એ થાય કે ગ્રામ વિકાસ અને પંચાયત સ્તરે વિકાસમાં ખર્ચ ઓછો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ ગૃહ નિર્માણ માગણી નંબર–૭૦ હેઠળ ગ્રામ ગૃહ નિર્માણની પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં અંદાજીત રૂપિયા ૪૮૫ કરોડ ૬૮ લાખ ૫૯ હજારની જોગવાઇ કરવામાં આવેલ છે. ભૂમિહીન માટે ઘરથાળની જોગવાઇ ૪૬૩.૨૧૪૮, ૨૦૧૪–૧૫નો અંદાજ ૪૯૯.૪૯૯૬, ૨૦૧૪–૧૫નો સુધારેલો અંદાજ ૪૨૮.૨૧૬, ૨૦૧૫–૧૬નો અંદાજ ૩૬૨.૩૦૦૯, ૨૦૧૪–૧૫ના અંદાજ સામે સુધારેલા આંકડાની ટકાવારી ૮૫.૭૩, આવાસ બોર્ડને સહાય ૧૫.૩૦, ૧૫.૪૬૭૫, ૧૫.૪૬, ૨૦૧૫–૧૬નો અંદાજ ૧૫.૫૮૫૦, ટકાવારી ૧૦૦ અન્ય ખર્ચ ઇન્દિરા આવાસ યોજના ૨૯.૪૩૨૬, ૯૦.૮૬૮૪, ૮૨.૩૪૪૯, અને ૨૦૧૪–૧૫માં ૧૦૭.૮૦ અને અંદાજ સામે સુધારેલ ૯૦.૬૨.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામિણ વિકાસ માટેના ખાસ કાર્યક્રમ તેમાં આ સદર અંતર્ગત ૨૦૧૪–૧૫માં ૧૦૦૯ કરોડ ૪૯ લાખ ૭ હજારની જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ વર્ષના અંતે ૨૮૩ કરોડ ૩૭ લાખ એટલે કે ૨૮.૦૭ ટકા જેટલી રકમો ઓછી ખર્ચવામાં આવશે તેવું સુધારેલ અંદાજમાં સૂચવવામાં આવેલ હતું. સ્વરોજગારી કાર્યક્રમોની પ્રવૃત્તિઓ કરવા માટે ૨૦૧૪–૧૫માં રૂપિયા ૧૦૦.૬૮ કરોડની જોગવાઇ સામે વર્ષના અંતે ૫૫.૨૧ કરોડની રકમો સુધારેલ અંદાજમાં સૂચવવામાં આવેલ છે. આમ, સ્વરોજગારી કાર્યક્રમ સાથે સંકળાયેલ વહીવટને સંગીન બનાવવા માટે ૪૫ કરોડ ૪૬ લાખનો ઓછો ખર્ચ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મિત્રો કહે છે કે જોઇને, વાંચીને બોલે છે. પણ આ સરકાર ગતિશીલ, વિકાસશીલ, સૌનો સાથ સૌનો વિકાસ એ વાતો કરવાવાળી આ સરકાર. છેલ્લા છ વર્ષ પહેલાં મારા તારાપુર ગામની અંદર મારા મત વિસ્તારની વાત કરું તો માનનીય મંત્રીશ્રી સાક્ષી છે. ઓછામાં ઓછાં આઠથી દસ વખત હું તેમને રૂબરૂ મળ્યો અને દર વર્ષે આ ગૃહની અંદર રજૂઆત કરું, પ્રશ્નોત્તરી કરું મારા ગામની રર્બન ડેવલપમેન્ટની ભૂગર્ભ ગટર યોજના આજે છ વર્ષ થયા પણ પરિસ્થિતિ એની એ જ છે ૨૫ ટકા કામ થયુ હજુ ૭૫ ટકા કામ આજની તારીખે બાકી છે. મને એ સમજાતું નથી કે આ ગતિશીલ ગુજરાત કોણે નામ આપ્યું ? એણે આ ગુજરાતનો, આ સરકારનો કોઇ અભ્યાસ કર્યા વગર જ આ નામ આપ્યું. આ કામ નહીં થવા પાછળ કોનો વાંક છે, કોનો ગુનો છે તેની તપાસ મંત્રીશ્રીએ કરવી જોઇએ. આ મંત્રીશ્રીએ જે કોન્ટ્રાકટર છે તે કોન્ટ્રાકટરની સામે પગલાં લેવા જોઇએ એ પણ પગલાં લીધાં નથી તો આપણે શું સમજવું ? તેને બ્લેક લીસ્ટ કરવો જોઇએ અને

અધિકારીઓનો વાંક હોય તો અધિકારીઓની સામે પગલાં લેવાં જોઇએ. આ છ વર્ષથી હજુ કામ પૂર્ણ ના થતું હોય અને આ નવી રકમની જે માગણીઓ લઇને આવ્યાં છે તે આ ગૃહ માટે એક શરમજનક બાબત છે. માનનીય મંત્રીશ્રી જાણે છે એટલે મંત્રીશ્રી મને જવાબ આપશે. દર વર્ષે મને કહે છે કે, આ વર્ષે કામ પૂરું થઇ જશે, હમણાં થઇ જશે. છ મહિનામાં થઇ જશે પણ આજ દિન સુધી અર્બન ડેવલપમેન્ટનું કામ થયું નથી. એ સત્ય હકીકત છે અને એ સ્વીકારવું પડશે. છ વર્ષ પહેલા ખાતમૂહુર્ત થયું છે અને હજુ સુધી કામ થયું નથી. સ્વરોજગારી કાર્યક્રમ સાથે સાંકળી વહીવટને સંગીન બનાવવા માટે ગ્રામીણ રોજગારમાં વર્ષ ૨૦૧૪–૧૫માં મનરેગા માટે ૫૦૪.૬૬ કરોડની જોગવાઇ સામે ૨૬૬ કરોડ ટકાવારીમાં જોઇએ તો ૫૨.૭૨ ટકા નો ખર્ચ અને રૂ.૨૩૮.૫૮ કરોડ ટકાવારીમાં જોઇએ તો ૪૭.૨૮ ટકા રકમો વણવપરાયેલ રહેવા પામેલ છે અને આ આપણું પ્રગતિશીલ ગુજરાત છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કેન્દ્ર પુરસ્કૃત વર્ષ ૨૦૧૪–૧૫નું ૫૦૪ કરોડ ૬૬ લાખ ૮૯ હજાર, વર્ષ ૨૦૧૪–૧૫ના સુધારેલ અંદાજ ૨૬૬ કરોડ ૮ લાખ ૩૦ હજાર છે. સને ૨૦૧૫–૧૬માં ૨૪૬ કરોડ ૬૦ લાખ છે. મિશન મંગલમ અને સખીમંડળનું ૨૦૧૪–૧૫ નું ૮ કરોડ ૩૫ લાખ ૭૩ હજાર, વર્ષ ૨૦૧૪–૧૫ના સુધારેલ અંદાજ ૮ કરોડ ૩૫ લાખ ૭૩ હજાર અને ૨૦૧૫–૧૬માં ૧૪ કરોડ ૭૯ લાખ ૫૨ હજાર છે. રાષ્ટ્રીય ગ્રામિણ રોજગારી બાહેંધરી યોજનાનો વહીવટ વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૮ કરોડ, વર્ષ ૨૦૧૪–૧૫ના સુધારેલ અંદાજ ૫ કરોડ ૩૫ લાખ અને વર્ષ ૨૦૧૫–૧૬માં ૨૦ કરોડ છે. કુલ ૫૪૧ કરોડ ૨ લાખ ૬૨ હજાર, સુધારેલ અંદાજ ૨૭૯ કરોડ ૭૯ લાખ ૩ હજાર અને વર્ષ ૨૦૧૫–૧૬માં ૨૮૧ કરોડ ૩૯ લાખ ૫૨ હજાર છે. મનરેગાના કામોની ચકાસણી કરી તેની ગુણવત્તા સુધારવામાં તંત્ર નિષ્ફળ ગયેલ છે. રાજ્યમાં મનરેગા યોજના હેઠળ ૫૮૨૮ ગ્રામ પંચાયતોમાં ખર્ચ શૂન્ય નોંધાયો છે. મનરેગા અંતર્ગત ૧૦૦ દિવસની રોજગારી બાહેંધરી કાયદા હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોને કાયદાની અંદર ૧૦૦ દિવસની રોજગારી મળી રહે તેના અધિકાર સ્વરૂપે બાહેંધરી આપવામાં આવેલ છે. ૨૦૧૪–૧૫માં રાજ્યના કુલ ૧૪૩૧૯ ગ્રામપંચાયતોમાંથી મનરેગા હેઠળ કુલ ૫૮૨૮ ગ્રામ પંચાયતો શૂન્ય ખર્ચ કરનારી પંચાયતો હતી. રાજ્યમાં ડાંગ જ એક એવો જિલ્લો છે કે જ્યાં દરેક ગ્રામ પંચાયતમાં મનરેગા હેઠળ રોજગારી જોવા મળી પરંતુ દાહોદમાં ૧૧ ટકા, નર્મદામાં ૯.૫૦ ટકા, નવસારીમાં ૪.૫૬ ટકા અને પંચમહાલમાં ૨.૨૩ ટકા ગામોમાં શૂન્ય ખર્ચ નોંધવામાં આવેલ આંકડા જોવા મળેલ છે. મનરેગા હેઠળ છેલ્લાં છ વર્ષમાં રોજગારી આપતા કુલ કામો શરૂ કરવામાં આવેલ તે પૈકી પૂરા કરેલ કામો અને તેની ટકાવારી વર્ષ ૨૦૧૪–૧૫માં સૌથી ઓછી ૨૬.૫૩ ટકાના કામો થયા છે. વર્ષ ૨૦૦૯ – ૧૦માં શરૂ કરેલ ૧,૫૧,૦૨૩ કામો પૈકી ૧,૪૦,૧૨૪ કામો પૂરા કરેલ છે અને સંપૂર્ણ રીતે પૂરા કરેલ કામોની ટકાવારી ૯૨.૭૮ ટકા છે. વર્ષ ૨૦૧૦ – ૧૧માં શરૂ કરેલ ૫૪,૪૫૭ કામો પૈકી ૪૮,૬૭૨ કામો પૂરા કરેલ છે અને સંપૂર્ણ રીતે પૂરા કરેલ કામોની ટકાવારી ૮૯.૩૭ ટકા છે. વર્ષ ૨૦૧૧–૧૨માં શરૂ કરેલ ૫૫૬૯૧ કામો પૈકી ૪૬૧૬૯ કામો પૂરા કરેલ છે અને સંપૂર્ણ રીતે પૂરા કરેલ કામોની ટકાવારી ૮૨.૯૦ છે. વર્ષ ૨૦૧૨–૧૩માં શરૂ કરેલ ૫૬૭૫૭ કામો પૈકી ૪૩૬૦૧ કામો પૂરા કરેલ છે અને સંપૂર્ણ રીતે પૂરા કરેલ કામોની ટકાવારી ૭૬.૮૨ ટકા છે. વર્ષ ૨૦૧૩–૧૪માં શરૂ કરેલ ૪૧,૩૫૮ કામો પૈકી ૨૧,૮૭૦ કામો પૂરા કરેલ છે અને સંપૂર્ણ રીતે પૂરા કરેલ કામોની ટકાવારી ૫૮.૮૮ છે. આ બધા જ આંકડા તા. ૧૧/૩/૧૫ની સ્થિતિએ મનરેગાની વેબસાઇટ પરથી લીધેલ છે અને વાસ્તવિકતા એ છે કે, માનનીય અધ્યક્ષશ્રી,વાસ્તવિકતા એ છે કે, ગુજરાતના તાલુકા અને જિલ્લામાં પંચાયત પ્રમુખોની મુદત ઘટાડીને અઢી વરસની કરવામાં આવશે. પંચાયતોની ચૂંટણીમાં રાજકીય ફાયદો લેવાનું ગણિત છે. આગામી આઠેક માસમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે, ભાજપે તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખોની મુદત અઢી વરસની કરીને રાજકીય સોગઠી મારવાનો મનસૂબો ઘડ્યો છે અને આવું કરીને ભાજપના કાર્યકરો અને આગેવાનોને પ્રમુખપદની લાલચ આપી શકાય અને તેઓનો અસંતોષ ડામવા માટે પણ આ નિર્ણય કરેલ હોય તો તેમાં નવાઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા વિકાસ અધિકારીઓ સમક્ષ ધારાસભ્યશ્રીઓને કરેલ રજૂઆતોનો સમયસર નિકાલ કરવામાં આવતો નથી અને અરજીઓના ઢગલા થતા જાય છે. આથી, જિલ્લા અધિકારીઓની કામગીરીને સંગીન બનાવવાની જરૂરિયાત છે. ઘરથાળની જમીન પર મકાન બાંધવા માટે સત્વરે રકમ ફાળવવામાં આવતી ના હોવાથી પ્લોટ આપવા છતાં રકમો ના મળવાને કારણે કાર્યવાહી ધીમી ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ભૂમિહીન ગરીબોને વિનામૂલ્યે જમીન આપવામાં ખૂબ જ વિલંબ કરવામાં આવે છે. સરદાર આવાસ યોજના હેઠળ ઘરથાળના પ્લોટો ઉપર સહાયની રકમોમાં વધારો કરીને સમયસર ફાળવવામાં તંત્ર તદ્દન નિષ્ફળ ગયેલ છે. ગરીબ માટે બાંધવામાં આવતા મકાનોનો લક્ષ્યાંક નક્કી કરી લાભ આપવામાં થતો વિલંબ નિવારવામાં પણ તંત્ર તદ્દન નિષ્ફળ ગયું છે. ગ્રામ ગૃહ નિર્માણને પૂરતા બજેટની ફાળવણી કરી વિકાસના કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્ર બિલકુલ નિષ્ફળ ગયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસોના બાંધકામો નબળી ગુણવત્તાના કરવામાં આવેલ છે જેને સુધારવાની રાજય સરકારને કોઇ જ પડી નથી. આ ઉપરાંત, આ આવાસોનો લક્ષ્યાંક સિધ્ધ કરીને કેન્દ્ર સરકારની આવતી ગ્રાન્ટનો ૧૦૦ ટકા ઉપયોગ કરવામાં આવતો નથી. ગ્રામિણ વિકાસના કામો અંગેના બિલોની ચૂકવણી કરવામાં આવતી નથી. આ ઉપરાંત ગ્રામિણ વિસ્તારોમાં ગુણવત્તાયુકત શૌચાલયો બનાવવામાં આવેલ નથી અને છતાંય પ્રગતિશીલ ગુજરાત કહેવામાં આવે છે તો આ આપણા સૌના માટે શરમજનક બાબત છે, તમે તો માત્રને માત્ર ભાજપના વખાણ જ કરો છો, સારૂ જ બોલવાનું તો મારા

સાથી મિત્રોને એટલો અધિકાર નથી કે, પોતાના મત વિસ્તારના પ્રશ્નો રજૂ કરી શકતા નથી. ટિકિટોની લાલચમાં પોતાના મત વિસ્તારના પ્રશ્નો તમે રજૂ નથી કરી શકતા.

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા ( રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિભાગની માગણીઓ લઇને સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારા વિભાગની માગણીઓના સમર્થનમાં અને સૂચનોમાં માનનીય શ્રી હર્ષ સંઘવી, માનનીય શ્રી જવાહરભાઇ ચાવડા અને માનનીય મહેરામણભાઇએ જે મારા વિભાગમાં ભાગ લીધો છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રગતિશીલ આદરણીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ પારદર્શકતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાના નારા સાથે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આ સરકાર પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ દેશનું પ્રગતિશીલ રાજય છે. આ રાજયના ઉદ્યોગ ધંધામાં વિકાસના પરિણામે રાજયના લોકોની ખરીદ શક્તિમાં અને ભૌતિક સુખ સુવિધામાં વધારો થયો છે. ૨૦૦૧ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, રોડ રસ્તાઓ સારા થયા, સારાં વાહનો પણ આવ્યાં ત્યાર પછી જે વાહનોમાં વધારો થયો છે. ૨૦૦૧માં ૬૦ લાખ ૮ હજાર વાહનો હતાં તે વધીને રાજયમાં આજે કુલ નોંધાયેલા વાહનોની સંખ્યા ૨ કરોડ ૧૮ લાખ જેટલી થવા થઇ રહી છે. વાહન વ્યવહાર ખાતુ એ ગુજરાત સરકારનું આવકની અને નાગરિકોની સગવડની દ્રષ્ટિએ એક મહત્વનું ખાતુ છે. વાહન નોંધણી, વાહન કર અને જુદા જુદા પ્રકારની ફી અને દંડની રકમના સ્વરૂપે વર્ષ ૨૦૧૬-૧૭ના ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં આ ખાતાની આવક રૂપિયા ૨૭૩૬ કરોડની થયેલ છે. વાહન વ્યવહાર ખાતાની જિલ્લા અને શહેર ખાતાની આર.ટી.ઓ અને એ.આર.ટી.ઓ. કચેરી ૩૭ છે, ૧૭ ચેકપોસ્ટ આવેલ છે એમાં અધિકારીઓ કર્મચારીઓ કામ કરે છે એ કહું તો વાહનોની ચાલુ વર્ષમાં નોંધણી ૧૪ લાખ ૭ હજાર ૬૨૨ થયેલ છે. લર્નીંગ લાઇસન્સ ૬ લાખ ૨૦ હજાર ૮૭૫, ડ્રાઇવીંગ લાઇસન્સ ૯,૪૮,૭૩૨, આર.સી.બૂક ૨૫,૨૪,૩૯૮, સુપ્રીમ કોર્ટના આદેશથી હાઇ સિક્યોરીટી નંબર પ્લેટ આ વર્ષમાં ૧૭,૮૨,૮૯૭ લગાડવાની કામગીરી કરવામાં આવેલ છે. સાથે સાથે એનફોર્સ ટીમ દ્વારા ૭૮,૫૫૫ કેસ કરીને ૩૯ કરોડ ૭૪ લાખ ૨૨ હજાર ૫૪૩ની આ વર્ષમાં વસુલાત કરવામાં આવેલ છે. આ તમામ કામગીરી સંદર્ભમાં વાહન વ્યવહાર વિભાગની ક્ષેત્રીય કચેરીમાં વાહનોના રજીસ્ટ્રેશન, લાઇસન્સ અને વાહન કરને લગતા જુદા જુદા કામો માટેના રોજના અંદાજે ૧૫ હજારથી વધુ લોકો મુલાકાત લેતા હોય છે. આ તમામ લોકોને એકજ દિવસમાં મોટા ભાગે કામગીરી પૂર્ણ કરી આપવાના ધ્યેય સાથે વન ડે ગવર્નસનો અભિગમ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન નીચે આ વિભાગ દ્વારા અપનાવેલ છે. રાજયમાં સ્માર્ટકાર્ડના રૂપમાં ડ્રાઇવીંગ લાઇસન્સ અને આર.સી.બૂક તેમજ વાહનોની ચોરી અને દુરૂપયોગ અટકાવવા માટે નામદાર સુપ્રીમ કોર્ટના આદેશથી હાઇ સિક્યોરીટી નંબર પ્લેટ અદ્યતન ટેકનોલોજીથી પૂરી પાડવા ગુજરાત રાજય દેશમાં અગ્રેસર છે. સમગ્ર દેશમાં ડ્રાઇવીંગ લાઇસન્સ ત્રણ દિવસમાં રજીસ્ટર એ.ડી.થી અરજદારના ઘરે પહોંચાડવામાં આવે છે. માનનીય સભયશ્રી મેરામણભાઇ કહેતા હતા કે ત્રણ દિવસમાં મળતું નથી પરંતુ અરજદારના ઘરે પહોંચાડવા ત્રણ દિવસથી વધારે સમય થતા નથી.આ રીતે આર.સી.બૂક અને નંબર પ્લેટ વન્ડે સર્વિસનો અભિગમ સરકારે અપનાવ્યો છે. હમણાં જ નંબર પ્લેટ માટે માનનીય સભ્યશ્રી જવાહરભાઇ અને મેરામણભાઇ કહેતા હતા કે નંબર પ્લેટ તૂટી જાય છે કલર નીકળી જાય છે તો એના માટે રાજય સરકાર તરફથી વિના મૂલ્યે લગાવી આપવામાં આવે છે.

વાહન વ્યવહાર ખાતાને લગતી કામગીરીના અમલીકરણ માટે વહીવટી અને ટેકનિકલી જુદા જુદા સંવર્ગની કુલ મંજૂર થયેલ ૨૨૧૦ જગ્યાઓ પૈકીની ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે છેલ્લા પાંચ વર્ષમાં મોટર વાહન નિરક્ષકની ૭૨, સહાયક મોટર વાહનની ૨૬૪ અને જુનિયર કલાર્કની ૨૩૧ જગ્યાઓ મળી કુલ ૫૬૭ જગ્યાઓ ભરવામાં આવેલ છે. આ ઉપરાંત હાલમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ-૨ની ૨૬, મોટર વાહન નિરક્ષકની ૧૫૦ સહાયક મોટર વાહન નિરીક્ષકની ૧૬૦, જુનિયર કલાર્કની ૯૮ અને મોટર વાહન પ્રોસિક્યુટરની ૭ જગ્યા મળીને કુલ ૪૪૧ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

માનનીય મેરામણભાઇ કહેતા હતા કે અમારી કચેરી જૂની છે નવી બનાવતા નથી. એ પણ આ વર્ષના બજેટમાં લેવાઇ ગયેલ છે. ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીમાં રોજબરોજની કામગીરીમાં લોકોને અગવડ ન પડે એના માટે અદ્યતન સુવિધાવાળી આર.ટી.ઓ. કચેરીઓના બાંધકામની કામગીરી પણ સરકારે હાથ ધરી છે જેમાં નવરચિત સાત જિલ્લાઓ પૈકી બોટાદ અને અરવલ્લીમાં મકાન બાંધકામની કામગીરી પૂર્ણ કરેલ છે. મહીસાગર, છોટાઉદેપુર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને મોરબી ખાતે મકાન બાંધકામની કામગીરી જુદા જુદા તબક્કે પ્રગતિમાં છે.માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭-૧૮માં આણંદ, જામનગર, બારડોલી, ડાંગ અને અમદાવાદ ખાતે આર.ટી.ઓ. કચેરીના આધુનિકીકરણ માટે આયોજન છે. આ ઉપરાંત જાહેર જનતાની સુવિધાઓ માટે પૂર્વ કચ્છ જિલ્લામાં અંજાર ખાતે નવી આર.ટી.ઓ. અને સોલા અમદાવાદ ખાતે અદ્યતન આર.ટી.ઓ. ઓફિસનું નિર્માણ કરવામાં આવનાર છે. તેના માટે આ બજેટમાં ૨૦ કરોડ ૮૬ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટનું આધુનિકીકરણ. ચેકપોસ્ટ પરની કામગીરીમાં માનવીય હસ્તક્ષેપ નહિંવત્ રહે, એટલે માણસના હાથ લગાવ્યા વગર પણ ટેકનોલોજીથી કામગીરી ચાલે, પારદર્શકતા જળવાય તેના માટે શામળાજી

ચેકપોસ્ટનું ઓટોમેટેડ વેહિકલ મેજરમેન્ટ સિસ્ટમ દ્વારા આધુનિકીકરણ કરવામાં આવેલ છે. ઓટોમેટેડ વેહિકલ મેજરમેન્ટ સિસ્ટમમાં વાહનના વજન, ઉંચાઇ, લંબાઇ અને ઓવરલોડની ગણતરી સેન્સર અને કોમ્પ્યુટરની મદદથી આપમેળે થઇ જાય છે. આગામી સમયમાં રાજયની બાકી રહેલ અમીરગઢ, ભીલાડ, સોનગઢ વગેરે ચેકપોસ્ટને સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ કરવાથી ચેકપોસ્ટના સંચાલનમાં કાર્યક્ષમતા, જવાબદારી અને પારદર્શકતાના નવા આયામો પ્રસ્થાપિત થશે તેમજ ઓવરલોડ અને ઓવર ડાયમેન્શનના કિસ્સાઓ નિયંત્રણમાં આવશે. રોડ પરનું ભારણ સુનિશ્ચિત કરી શકાશે અને રાજયના માર્ગો ઉપર વાહન વ્યવહારનું યોગ્ય નિયમન કરી શકાશે. હમણાં માનનીય સભ્યશ્રી કહેતા હતા કે લાયસન્સ લેવા માટે દૂર દૂર જવું પડે છે. તો તેના માટે પણ રાજ્ય સરકારે એક વિચારણા કરેલી છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના લોકોને લર્નીંગ લાયસન્સ લેવા માટે જિલ્લા મથકે આવવાની સમસ્યાના નિરાકરણ માટે રાજય સરકારે ગુડ ગવર્નન્સનો અભિગમ અપનાવી લર્નિંગ લાયસન્સ તાલુકા કક્ષાએ આવેલ આઇ.ટી.આઇ. ખાતેથી ભણતરને અવરોધ બન્યા સિવાય અઠવાડિયામાં બે દિવસ ૯–૦૦થી ૧–૦૦ વાગ્યા સુધી કામગીરી કરવાનું આયોજન કરેલ છે અને કલોલ ખાતે આઇ.ટી.આઇ.માં આ કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. ભારતમાંથી પ્રવાસન માટે ઘણાં લોકો પરદેશમાં જતા હોય છે. તેમને અહીંથી પરદેશમાં વાહન ચલાવવા માટેનું લાયસન્સ લેવું પડતું હોય છે. તેના માટે પહેલાં હાથથી લખીને બુક ફોર્મેટમાં લાયસન્સ આપવામાં આવતું હતું. તેને સાચવવામાં ઘણી તકલીફ રહેતી હતી તેમજ મેન્યુઅલ લાયસન્સ કાયદેસર રીતે ઇસ્યુ કરવામાં આવેલ હોય તો પણ તેની વિશ્વસનિયતા રહેતી નહીં. ફોરેનમાં એવું લાગે કે આ તો કાગળ ઉપર છાપીને લાવ્યા છે. આપણાં નાગરિકોએ વિદેશની ધરતી ઉપર ક્ષોભની સ્થિતિમાં ન મૂકાવું પડે. રાષ્ટ્રીય સ્વમાનનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો. આ પરિસ્થિતિના નિવારણ માટે સ્માર્ટ કાર્ડ આધારિત ઇન્ટરનેશનલ ડ્રાઇવીંગ પરમિટ ઇસ્યુ કરનાર રાજ્ય ગુજરાત એક માત્ર છે. ઇન્ટરનેશનલ ડ્રાઇવીંગ પરમિટ માટે ફી તરીકે ૧,૦૦૦/– રૂપિયા જ લેવામાં આવે છે. આમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોમર્શીયલ વાહનો ડ્રાઇવીંગ માટે અત્યારે જોઇએ તો ડ્રાઇવરોની ઘણી અછત જ હોય છે. સારું ડ્રાઇવીંગ જાણનારા માણસો માટે નોકરીની તકલીફ પડતી નથી. કારણ કે ઘરઘરાઉ પણ ઘણાં લોકો ડ્રાઇવર રાખતા હોય છે. તેના માટે થઇને વાહન હાંકનારની પ્રાથમિક લાયકાત તરીકે ગુણવત્તાયુક્ત ડ્રાઇવીંગ જરૂરી છે. આ માટે હાલ ગુજરાત રાજયની જુદી જુદી આર.ટી.ઓ. કચેરીમાં ફોર વ્હીલરના ૨૦ અને ટુ વ્હીલરના ૨૧ ટ્રેક કાર્યરત છે. ગુજરાતના આવા કોમ્પ્યુટરાઇઝ ટ્રેકની નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પણ નોંધ લેવામાં આવી છે. અન્ય રાજયોને પણ ગુજરાત જેવા ટ્રેક બનાવવા માટે સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે અને ગુજરાતના કોમ્પ્યુટરાઇઝ ડ્રાઇવીંગ ટ્રેકને ભારતના ૧૦૦ ટોપ પ્રોજેક્ટ પૈકીના એક પ્રોજેક્ટ તરીકે કોસ્ટ ઓર્ડર ઓફ મેરિટનો એવોર્ડ પણ આ વર્ષે ગુજરાતને મળ્યો છે. દ્વિચક્રી અને ચાર પૈડાવાળા વાહનોના ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેકની સફળ અમલવારી પછી ડ્રાઇવીંગ ટ્રેક બાદ હવે સરકારે કોમર્શીયલ વાહનોના ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક નિર્માણની કામગીરી હાથ પર લીધેલ છે. હાલમાં રાજ્યમાં બાવળા ખાતે, કચ્છમાં અંજાર ખાતે, રાજકોટમાં ખોખળતલ ખાતે, સુરતમાં માસમાં, વડોદરામાં વેમાલીમાં આ બધા જિલ્લાઓમાં કોમર્શિયલ ડ્રાઇવીંગ ટ્રેકનો નિર્ણય કર્યો છે. ગુજરાત રાજ્યમાં પ્રત્યેક વિભાગ દ્વારા ટેકનોલોજીના ઉપયોગ થકી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહેલી છે. ભારત સરકારના એન.આઇ.સી. દ્વારા વાહનોની નોંધણી માટેના અને લાઇસન્સ ઇસ્યૂ માટેના વાહન–૨ અને સારથી–૨ સોફ્ટવેર વિકસાવવામાં આવ્યા છે. જેનો ઉપયોગ સમગ્ર દેશમાં કરવામાં આવે છે. હાલમાં આ સોફ્ટવેરનું દ્વિતિય કક્ષાનું વર્ઝન અમલમાં છે. પરંતુ તા.૩૦–૪–૨૦૧૭થી એટલે આવતા મહિનાના અંતથી સમગ્ર ગુજરાતમાં એન.આઇ.સી. દ્વારા તૈયાર કરવામાં આવેલ વાહન–૪ અને સારથી–૪ અમલમાં મૂકવામાં આવનાર છે. વાહન–૪માં સર્વરની જરૂરિયાત પડતી નથી. જેથી સર્વર બંધ થવાના કિસ્સા ઘણી વખત આપણે કહીએ છીએ કે સર્વર બંધ હતું, બે દિવસ બંધ રહ્યું, આરટીઓ કચેરીમાં બંધ રહ્યું. હવે વાહન–૪ આવવાથી આ મુશ્કેલીમાંથી આપણે બહાર નીકળી શકીશું. આ સોફ્ટવેર દ્વારા કામગીરી પારદર્શક, કાર્યક્ષમ અને નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ થશે. વાહનનું ઉત્પાદન કરતી કંપનીઓએ વાહનના ડેટા બેઝ રાખવાના રહેશે. જેમાં વાહનનો ચેચીસ નંબર, એન્જિન નંબર, વજન ભરવાની ક્ષમતા, એક્સેલ વગેરે જેથી ડીલર કે આરટીઓ કક્ષાએ તેમાં કોઇ ફેરફાર થઇ શકશે નહીં. આ ઉપરાંત આ સોફ્ટવેર દ્વારા ઓન લાઇન ટેક્સ ભરવાની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે. આ સોફ્ટવેર અંતર્ગત એન્ફોર્સમેન્ટના કેસ ઇ–ફાઇલથી મોબાઇલ એપમાં તૈયાર થશે અને તેનો ડેટા બેઝ ઓફિસમાં કાયમી ધોરણે જળવાઇ રહેશે. પરમિટ, ફિટનેશ અને રસીદ એન્ક્રીપ્ટેડ ક્યુ આર કોડથી ઇસ્યૂ કરવામાં આવે છે. જેથી આ દસ્તાવેજની યોગ્ય રીતે ખરાઇ થઇ શકશે. નંબરની હરાજી ઇ–ઓક્શનથી કરવામાં આવનાર છે. ઇ–ઓક્શન કરવાથી સરકારની આવકમાં વધારો થશે. તેમજ પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રહેશે. જ્યારે વાહન–૪ અને સારથી–૪ દ્વારા અરજદાર લાઇસન્સ માટે ઘરે બેઠા ઓન લાઇન રજિસ્ટ્રેશન અરજી, પેમેન્ટ, એપોઇન્ટમેન્ટ, અરજીનું સ્ટેટસ જાણી શકશે. આ અદ્યતન સોફ્ટવેરથી લોકોમાં વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોડ સેફ્ટી માટે ઘણી વાતો થાય છે. ઘણા અકસ્માતો થાય છે. એના માટે પણ સરકારે કેન્દ્રના માર્ગદર્શન નીચે અકસ્માત કેમ ઓછા થાય એના માટે માર્ગ સલામતી નીતિની અમલવારી કરવાનું આયોજન કરેલ છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૦માં ૩૦૧૧૪ અકસ્માત થયેલ, ૨૦૧૧માં ૩૦૨૦૫, ૨૦૧૨માં ૨૭૯૦૪, ૨૦૧૩માં ૨૫૩૯૧ અને ૨૦૧૪માં ૨૩૭૧૨ અકસ્માતો થયેલ. આ વર્ષે ૨૦૧૫માં ૨૩૧૮૭, અકસ્માતો થયેલા. વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૧૬ સુધીના વર્ષોમાં

રાજ્ય સરકારે માર્ગ સલામતી નીતિ અને પ્રયાસોના કારણે અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું છે. રાજ્યમાં માર્ગ અકસ્માતના વધતા પ્રમાણ અંગે સરકાર ખૂબ જ ચિંતિત છે. રાજ્યમાં અકસ્માતનું પ્રમાણ ઘટે તે માટે સતત પ્રયત્નશીલ છે. જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી વાહનવ્યવહાર વિભાગનો હવાલો સંભાળતા હતા ત્યારે આ દિશામાં વિચારણા કરીને માર્ગ સલામતી નીતિ ૨૦૧૬ જાહેર કરેલ. માર્ગ સલામતી નીતિ અંતર્ગત વર્ષ ૨૦૨૦ સુધીમાં અકસ્માતનું પ્રમાણ ૫૦ ટકા સુધી ઘટાડવાનું આયોજન છે. ગુજરાત રાજ્યના દરેક જિલ્લાઓમાં રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકો યોજવામાં આવી રહી છે. માર્ગ સલામતીના ભાગરૂપે નવી પેઢીને ટ્રાફિકનું શિક્ષણ અને ટ્રાફિકની જાગૃતિ આપવાના હેતુસર ટીમ વાનનો નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ ટીમ વાન એટલે કે ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેશ મોબાઇલ વાન છે. આ ટીમ વાન દ્રશ્ય અને શ્રાવ્ય સાધનો અને એક ટ્રેનરથી સજ્જ છે જે નિયત કાર્યક્રમ અનુસાર શાળાઓ કોલેજોમાં જઇ વિદ્યાર્થીઓને ટ્રાફિક અંગેનું શિક્ષણ અને જાગૃતિ પૂરી પાડે છે. હાલ રાજયના ૧૧ જિલ્લાઓ જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભુજ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, ગોધરામાં ટ્રાફિક શિક્ષણની જાગૃતિ ઝૂંબેશ ચાલુ રહી છે. આ ઉપરાંત થીયેટર, એફ.એમ. રેડીયો, ઓલ ઇન્ડિયા મારફતે આ જાહેરાતો કરવામાં આવે છે. આ સમસ્યાના નિવારણ માટે થઇ રોડ સેફ્ટીના અમલીકરણ માટે ૨૦૧૭-૧૮માં. રૂ.૭૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. હું વાહન વ્યવહાર વિભાગની આર.ટી.ઓ.ની જે માગણીઓ લઇને આવ્યો છું તો માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આ કાપ દરખાસ્ત પાછી ખેંચે અને સર્વાનુમતે આ માગણીઓ મંજૂર કરે તેવી વિનંતી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું વાહન વ્યવહાર વિભાગમાં આવતા એસ.ટી. નિગમની વાત કરીશ. ગુજરાત રાજયની સ્થાપના બાદ છેલ્લા ૫૬ વર્ષથી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ એસ.ટી. પ્રજાને સરળ, ઝડપી અને આરામદાયક મુસાફરીની સુવિધા પૂરી પાડી રાજયના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસમાં સિંહફાળો આપી રહેલ છે. રાજયના ૯૮ ટકા ગામડાં અને ૯૯ ટકા વસ્તીને આવરી લઇને એસ.ટી. નિગમ કુલ ૭૧૭૨ વાહનો કુલ રોજના ૨૮ લાખ કિલોમીટરનું સંચાલન કરે છે. પૃથ્વીથી ચંદ્રનું અંતર ૩,૮૪,૪૦૦ કિલોમીટર છે. આ અંતરના સાત ગણા કિલોમીટરથી પણ વધારે અંતરનું દૈનિક સંચાલન એસ.ટી. નિગમ દ્વારા થાય છે. રાજયમાં દૈનિક આશરે ૨૩ લાખ મુસાફરોને પરિવહનની સેવા પૂરી પાડે છે. તેમાં ૧૨,૨૨,૧૭૨ વિદ્યાર્થી ભાઇ-બહેનો વિદ્યાર્થી રાહતનો પાસ મેળવે છે. જેના પેટે રાજય સરકાર રૂ. ૫૫૦ કરોડનો ખર્ચ ભોગવે છે. એસ.ટી. નિગમ રાજય સરકારના સહયોગથી સેવાની સાથે કેટલીક સામાજિક જવાબદારી પણ નિભાવી રહેલ છે. રોજિંદા મુસાફરોને માસિક, ત્રિમાસિક પાસ દ્વારા ૫૦ ટકા ભાડા રાહત આપવામાં આવે છે. એક મહિનાનું ભાડુ ભરો અને બે મહિના એસ.ટી.માં મુસાફરી કરો. પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગને એક સહાયક સાથે મફત મુસાફરી નિગમની તમામ પ્રકારની બસોમાં આપવામાં આવે છે. દિવ્યાંગ વ્યકિતને મફત મુસાફરી નિગમની તમામ પ્રકારની બસોમાં, સ્વાતંત્ર સેનાનીઓ અથાવા તેમની વિધવાઓને મફત મુસાફરી, કેન્સર, થેલેસેમીયા તથા સિકલસેલ એનીમીયાના દર્દીઓને ભાડામાં ૫૦ ટકા રાહત. પ્રેસ, રેડીયો, ટી.વી.ના રીપોર્ટરોને ગુજરાતમાં મુસાફરી માટે સો ટકા ભાડા રાહત આપવામાં આવે છે. આ વર્ષના બજેટમાં સીનીયર સીટીજન શ્રવણ તીર્થ દર્શન યોજના એસ.ટી.ના ભાડાના ૫૦ ટકા જાહેર કરેલ છે. હમણાં નવા ૩૨ બસ સ્ટેન્ડો પણ આ વર્ષમાં બનાવવાનું આયોજન છે એના માટે પણ નાણાની જોગવાઇ આ બજેટમાં થયેલ છે. વધુ બસ, સારી બસ માટે થઇ અને રોજની અમદાવાદ-બરોડા અડધો અડધો કલાકે, અમદાવાદ-સુરત અડધો કલાકે આ બધી બસોની સુવિધા કરેલ છે. આ જે હું માગણીઓ લઇને આવ્યો છું એમાં આ માગણીઓ જે દર વર્ષે સરકાર ૧૬૦૦ બસ નવી આપે છે. અત્યારે ૧૬૦૦ બસ આપવાનું અત્યારે આયોજન ચાલુ છે. આ બજેટમાં પણ ૪૧૦ કરોડના ખર્ચે નવી ૧૬૦૦ બસ આપવાનું આયોજન છે અને આ નવી બસો આવવાથી લોકોને વધારે પ્રમાણમાં સુવિધા અને લાભ થશે માટે દરેક સભ્યોને વિનંતી કરુ છું કે મારી માગણીઓ મંજૂર કરે, આભાર.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓ ઉપર આ સન્માનનીય ગૃહના ૧૩ સભ્યોએ ભાગ લીધો છે. એમાં ઘણા લોકોએ સમર્થન આપ્યું છે, ઘણા લોકોએ વિચાર રજૂ કર્યો છે અને ઘણા લોકોએ ટીકાઓ પણ કરી છે. હું ટીકા કરનાર વ્યકિતઓનું પણ સન્માન કરું છું. એટલા માટે કે એમાંથી કંઇક જાણવા મળશે. હું ગ્રામીણ વિસ્તારમાંથી એક ખેડૂતના દીકરા તરીકે આવ્યો છું. નાનો હતો ત્યારથી આ ગામડાં સુખ, સગવડ અને સુવિધાસભર હોય તેવી મારી અપેક્ષાઓ હતી. આજે જ્યારે મને રાજ્યના પંચાયત મંત્રી તરીકે અને ગામડાંની અને ગ્રામ્ય પ્રજાની સુખાકારી માટે ચિંતા કરવાની મને મારી પાર્ટીએ તક આપી છે, મારી કલ્પના મુજબ છેલ્લા ચાર વર્ષથી આ વિભાગ માટે હું કાર્ય કરી રહ્યો છું. રાજ્યની કુલ ૫૫ ટકા કરતા વધારે વસતિ ગામડાંમાં વસે છે ત્યારે ગામડાં સાથે સીધી રીતે સંકળાયેલ મારો વિભાગ છે. અન્ય કોઇપણ વિભાગ કરતા વધારે લોકોને સંબંધકર્તા આ વિભાગ છે. ગામડું સમૃદ્ધ થાય, સુખાકારી મળે તો રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ થાય છે તેવા આશય સાથે પૂજ્ય બાપુ અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ જોયેલ સ્વપ્ન મુજબ ગામડું સમૃદ્ધ બને, ગામડાંમાં પૂરતી આજીવિકા અને તકો મળે એના માટે આ રાજ્યના મુખ્યમંત્રી, માર્ગદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકારના સંનિષ્ઠ પ્રયાસો રહ્યા છે. એમાં હું ક્યાંકને ક્યાંક મારો સૂર પુરાવી રહ્યો છું. ૨૦૦૬-૦૭માં મારા વિભાગની બજેટ જોગવાઇ ૧૩૨૦ કરોડ હતી, જ્યારે ૨૦૧૬-૧૭માં ૬૭૨૯ કરોડ હતી. આજે હું જ્યારે મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું ત્યારે એ ૬૭૦૦ કરોડની માગણીઓ લઇને આવ્યો છું એટલે કોઇને કોઇ મને એમ પૂછે કે આમાં ૨૯ કરોડની માગણીઓ ઓછી છે. મારે આ સન્માનનીય ગૃહનું

ધ્યાન દોરવું છે કે ગઇ વખતે મારી માગણીઓ હતી એમાં મનરેગાની ૭૫૫ કરોડની માગણી હતી અને એ વખતે ભારત સરકાર ૧૦૦ ટકા રૂપિયા ગુજરાતને આપતી હતી. આ વખતે વેતનની ચૂકવણી આઇ.એમ.પી.એસ. મુજબ કોઇપણ લાભાર્થીના ખાતામાં સીધા દિલ્હીથી આવે છે. માત્રને માત્ર આ પહેલી વખત માલ–સામાનની ૩૯૦ કરોડની જોગવાઇ કરી છે. આની સાથે ગણીએ તો ૩૦૦ કરોડના વધારા સાથે હું માગણીઓ લઇને આવ્યો છું. ૨૦૦૬–૦૭થી ૧૦ ગણા વધારા સાથે હું માગણીઓ લઇને આવ્યો છું. મને આ સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે અમારો વિભાગ એવો વિભાગ છે કે રાજ્યના ૯ વિભાગો સાથે સંકલિત થયેલ છે. એ ૯ વિભાગોની કામગીરી પંચાયત વિભાગ સંભાળે છે. એની બજેટ જોગવાઇઓ ગણું તો ૧૯,૫૫૨ કરોડની પંચાયત વિભાગની જોગવાઇ છે. આ ૯ વિભાગો ગણીએ તો કૃષિ વિભાગ પંચાયત સંભાળે છે, ગ્રામીણ વિસ્તારનું આરોગ્ય પંચાયત વિભાગ સંભાળે છે. મારા ઘણા સાથી સભ્યો અહીંયા બેઠા છે, મારે એમને એમ પૂછવું છે કે અમારો જિલ્લા પંચાયતનો આત્મા પ્રોજેક્ટ છે, તમારી છાતી ઉપર હાથ મૂકીને તમારા આત્માને પૂછો કે ૨૦૦૦ પહેલાનું મારું ગામ અને આજનું મારું ગામ, ૨૦૦૦ પહેલાનું મારું રાજ્ય અને આજનું મારું રાજ્ય એની સાથે સરખાવીએ. મારે વિરોધપક્ષના સભ્યો બેઠા છે એમને કહેવું છે કે આજે ૧૪મું નાણાપંચ છે. ૧૦માં નાણાપંચની હું યાદી આપવા માગું છું. ૧૦માં નાણાપંચની અંદર ૧૯૨ કરોડ રૂપિયા ગુજરાતના હતા. ૧૦મું નાણાપંચ ૧૯૯૫ થી ૨૦૦૦. ૨૦૦૧ થી ૨૦૦૫ ૧૧મું નાણાપંચ ૩૪૮ કરોડ રૂપિયા પછી ૧૨મું નાણાપંચ ૨૦૦૬ થી ૨૦૧૦ ૯૩૧ કરોડ રૂપિયા ગુજરાતના ત્યાર પછી ૧૩મું નાણાપંચ ૨૦૧૧ થી ૨૦૧૫ ૧૭૯૭ કરોડ રૂપિયા ગુજરાતના હતા. આ ચારેય નાણાપંચની અંદર સન્માનનીય સભાગૃહના બધા સભ્યો અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તો જાણે છે ૫૦% પંચાયતને મળતા હતા, તાલુકા પંચાયતને મળતા હતા, બીજા જિલ્લા પંચાયતને મળતા હતા પણ મારે આપની વચ્ચે એ કહેવું છે કે જેને ગામડાંની ચિંતા હોય, જેને ગામડાંની લાગણી હોય, ગામડાંનો વિકાસ જેના મન સાથે જોડાયેલો હોય એવી વ્યક્તિ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ૧૪મું નાણાપંચ ડિકલેર કર્યું. કેટલા રૂપિયા? કરમશીભાઇ સાંભળો. ૧૪મું નાણાપંચ આ દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્રને જાહેર કરવાનો દેશે જનાદેશ આપ્યો છે. ૮૬૩૪ કરોડ રૂપિયા ૧૪મું નાણાપંચ અને ૧૩મું નાણાપંચ કેટલું?

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

મેં હમણાં કીધું ૧૭૯૨ અને આમાં બીજો સુધારો એ છે કે ૧૦૦ એ ૧૦૦% સીધા પંચાયતને, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતને નહિ માત્ર ને માત્ર ગામડાંમાં સીધા ગ્રામ પંચાયતને. માનનીય અધ્યક્ષશ્રી, હું હિસાબ સાથે સન્માનનીય ગૃહને કહેવા માગુ છું કે, પાંચ વર્ષની અંદર ૩ કરોડ ૬૬ લાખની ગ્રામીણ જનતા ૨૩૪૬ રૂપિયા પાંચ વર્ષની અંદર એક વ્યક્તિને આપવાના થશે. ૧૪૨૬૫ ગ્રામ પંચાયત અને એક ગ્રામ પંચાયતને ૧૨ મહિને ૧૨ લાખ રૂપિયા એવરેજ, જનસંખ્યા ઉપર પૈસા દેવાના છે પણ એવરેજ હું કહી રહ્યો છું અને ૧૪માં નાણાપંચની અંદર પૈસા આવતા અને એમાં માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટપણે કહું છું કે જેને ગામડાંના હિતની અને ગામડાંની લાગણી હોયને એ જ દેશના વડાપ્રધાન આવો નિર્ણય લઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહું છું કે પંચાયત ભવન, હમણાં અમારાં સભ્ય કરમશીભાઇ એમ કહેતા હતા કે, વિભાજન કરીએ એટલે માળખાકીય સુવિધાઓ માટે ૭ એ ૭ જિલ્લા પંચાયતમાં ૨૯ કરોડના ટેન્ડર દેવાય ગયા અને કામ ચાલુ છે. ૨૪ તાલુકા પંચાયતના કામ ચાલુ છે. ૨ કરોડ ૪૦ લાખનું તાલુકા પંચાયતનું ભવન, ૨૯ કરોડનું જિલ્લા પંચાયતનું ભવન બધાય કામ ચાલુ છે અને વિશેષ અમરેલીને પણ જિલ્લા પંચાયત ભવનની મંજૂરી આપી છે. કરમશીભાઇ, પંચાયતના ભવનની યોજનાઓ લાવ્યો છું. હમણા મારા સભ્ય એક કહેતા હતા કે પંચાયતની વસ્તી ઉપર છે. પાંચ હજારથી નીચેની ગ્રામ પંચાયત હોય તો ૧૪ લાખ રૂપિયા, પાંચથી દશની વસ્તી હોય તો ૧૮ લાખ રૂપિયા અને ૧૮ થી ઉપરની વસ્તી હોય તો ૨૨ લાખ રૂપિયા. મેં મંજૂર કેટલા કર્યા? ૧૭૨૦ ભવનો આજે મંજૂર થઇ ગયેલા છે પણ એની સાથે એક બીજો વિચાર પણ કર્યો છે કે આજે ગ્રામ પંચાયત હોય, ત્યાંથી એક રેવન્યુ ગામ જુદું હોય અગર તો પરુ હોય એ ૫૦૦ ની વસ્તી ધરાવતું હોય, ૪૦૦ ની વસ્તી ધરાવતું હોય કે ૬૦૦ની વસ્તી ધરાવતું હોય એ ગામમાં પણ મારો સરપંચ, મારો તલાટી મંત્રી જાય તો બેસવાની જગ્યા ન હોય એના માટે મીની પંચાયત ભવન ૬,૫૦,૦૦૦ ના ખર્ચે બનાવવાનું. ભવિષ્યમાં આ ગ્રામ પંચાયત જુદી થાય તો સીધું પંચાયત ભવન, હું એમ કહીશ કે ૩૩ જિલ્લા પંચાયતો, ૩ વર્ષની અંદર ૨૨૦૦૦ કર્મચારીઓની ભરતી કરવા માટે આ દેશનું પ્રથમ રાજય છે. ૨૨૦૦૦ કર્મચારીઓની ભરતી કરમશીભાઇ અને જે સભ્ય એમ કહેતા હતા કે મારે ત્યાં ગ્રામ સેવક નથી એને ત્યાં ગ્રામ સેવક હમણા આવશે. ટૂંક સમયમાં જ ઓર્ડર આપવાના છે. મારા સન્માનનીય સભ્યશ્રી પૂનમભાઇ પરમારે એમ કીધું છે કે મંત્રીશ્રી સાક્ષી છે, પૂનમભાઇ , આપે વાત કરી છે. સો ટકા સમય ગયો છે પણ કામ ત્યાં ગામમાં ને ગામમાં લોકો કરવા નથી દેતા. આજે એ એજન્સીને પૂનમભાઇ, રેકર્ડ ઉપર બોલી રહ્યો છું. આજે એ એજન્સીને બ્લેક લિસ્ટ કરી, બીજી એજન્સીને ઓર્ડર આપ્યો, એ કામ કરવાનું ચાલુ કરશે આ વિષય છે. પછી તમારા ઘરના સરપંચની ચૂંટણીમાં હારી જાય તો અમારી ઉપર દેકારો નો કરાય. ૨૦૦૦ મતે હારી ગયા, હવે અહીંયા બોલે છે. સરપંચમાં ૨૦૦૦ મતે હારી ગયા. મારે વિચારની વાત છે. હવે આવ્યા અમિતભાઇ, એનો જવાબ પણ આપી દઇશ. આ સમરસ યોજના ૨૦૦૧–૦૨માં આવી ત્યાર પહેલા ૯૨માં બીનહરીફ યોજના હતી, ૧૦૦૦ રૂપિયા હતા, એક હજાર રૂપિયા બીનહરીફ થાય એને આપવાના. આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ ૨૦૦૧–૦૨ની અંદર સમરસ યોજના લાવ્યા. સમરસ યોજનાનો આ દેશના વડાપ્રધાનનો એક જ ઉદ્દેશ હતો મારા ગામડાંની અંદર સમાજ સમાજ વચ્ચે, કોમ કોમ વચ્ચે કયાંયને કયાંય પરિસ્થિતિ ખરાબ ન થાય, કોઇ લડે નહીં, સમન્વય રહે અને ગામનો વિકાસ થાય આ નરેન્દ્રભાઇનો ઉદ્દેશ હતો. ૫૦૦૦ થી નીચેની ગ્રામ પંચાયતના ૬૦,૦૦૦, પાંચ હજારથી ઉપરની ગ્રામ

પંચાયતના એક લાખ, ૨૦૦૬ની સાલમાં નરેન્દ્રભાઇએ વધાર્યા, ૬૦૦૦૦ વાળા એક લાખ કર્યા અને બે લાખનો સી.સી. રોડ આપવાની મંજૂરી આપી, એ જ રીતે મહિલામાં ત્રણ લાખ, સી.સી.રોડની મંજૂરી આપી, આજે કોઇ મહિલા ગ્રામ પંચાયત ચોથી વખત સમરસ થાયને તો એને અગિયાર લાખ રૂપિયા મળે. પાંચ હજારથી ઉપરની વસ્તીના ગામને ૧૧ લાખ રૂપિયા મળે. અને આજે ૧૩૮૪ ગ્રામ પંચાયત આ વર્ષમાં થઇ. ૭૩ કરોડ રૂપિયા આ ગ્રામ પંચાયતને ચુકવવાના થશે. અમીતભાઇ પ્રધાનમંત્રી આવાસની વાત કરતા હતા. એમણે કહ્યું હતું કે બધાને લાભ મળતો નથી. કોઇપણ સરકારી યોજનામાં મકાનનો લાભ જેને મળી ગયો હોય એને નથી મળવાનો. બાકી કોઇ રહી ગયા હોય અને નિયમની અંદર કોઇ વ્યક્તિ આવતો હોય તો તે અંગે અમારું ધ્યાન દોરજો. અમારું મન ખુલ્લું છે.

શ્રી અમિત અ. ચાવડા : પહેલા નથી મળ્યો. યાદીમાં નામ નથી એટલે લાભ નથી મળતો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : યાદીમાં નામ ન હોય તો આપજો. અમીતભાઇ, ગરીબ માણસ માટે ભારતીય જનતા પાર્ટી માટે કોઇ પક્ષાપક્ષી નથી. ગરીબને આપવું એ અમારું લક્ષ્ય છે. બીજી વાત કરી મેં પંચાયતની વેબસાઇટ જોઇ એમાં જયંતિભાઇનો જૂનો સંદેશો હતો. જયંતિભાઇનો નવો સંદેશો ૫ રાજ્યમાંથી ૪ રાજ્યમાં જતો રહ્યો. ૫ રાજ્યમાંથી ૪ રાજ્યમાં ભાજપનો સંદેશો ઘરે ઘરે ગયો. ગામતળની વાત કરી. અમીતભાઇ, આધાર સાથે કહી રહ્યો છું ૪ વર્ષમાં ૨૫૦૦૦ લોકોને ઘરથાળના પ્લોટ આપ્યા છે. રેકોર્ડ ઉપર કહી રહ્યો છું કે આખા રાજ્યમાં થઇને આજે અમરેલી જિલ્લામાં અમારા કલેકટરે ૬૪ ગામોમાં ગામતળ બનાવીને જાહેર કાર્યક્રમ કરીને હજારોની સંખ્યામાં વેચ્યા છે. કોણ કહે છે કે બંધ છે? આ બહુ સ્પષ્ટ કિલયર કહી રહ્યો છું. બોલવું સહેલું છે, વાત કરવી સહેલી છે. મારે તમને કહેવું છે કે ૨૦૧૦-૧૧ માં નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા. ૧ લાખ ૯૦ હજાર પ્લોટ આ ગુજરાતની અંદર ગામે ગામે ઝુંબેશ ઉપાડીને ગરીબ માણસોને આપ્યા છે. જે જિલ્લા પંચાયત ભવનની વાત કરતા હતા ત્યાં આગળ ફર્નિચરનું કામ ચાલુ છે. પૈસા આપવાના બાકી નથી. બિલ મોકલે તો પૈસા મળી જશે. ચિંતા ન કરો. તમારે ચિંતા કરવાની જરૂર નથી. કરમશીભાઇ, તમે એમ કહેતા હતા કે અમદાવાદની મહેસૂલી વસૂલાત કેટલી? ૩ કરોડ ૩૬ લાખ. કરમશીભાઇ, છેલ્લે કહું તો ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સત્તાના સૂત્રો સંભાળ્યા પહેલાં જે દિવસે અમને અને ગણપતભાઇને બોલાવ્યા અને કહ્યું મારે પેસા એકટનો નિયમ આદિવાસી માટે તૈયાર કરવો છે અને લાગુ કરવો છે. આની સાથે ૯ વિભાગ જોડાયેલ છે. રાજ્યના મુખ્યમંત્રીએ ૯-૯ વિભાગની અને અમારા પંચાયત વિભાગની સાથે ૪ મીટિંગો કરી અને એમ કહ્યું કે આદિવાસીઓને સાચો હક્ક આપવો છે અને આજે સાચો હક્ક એમ કહી રહ્યો છું કે આ સરકાર રાજ્યની છે. રાજ્યના મુખ્યમંત્રી છે, પણ આદિવાસી ગામનો સરપંચ પણ મીની મુખ્યમંત્રી છે. મારા મિત્ર રાઠવાજીએ એમ પૂછ્યું કે આદિવાસીનો નિયમ બનાવ્યો, પણ પંચાયત બરાબર અમલવારી કરશે? સાચી વાત.મેં તેમને એમ કહ્યું કે કોઇપણ પંચાયત આદિવાસીઓ માટે કોઇ અમલ ન કરે તો હું પંચાયત મંત્રી તરીકે બેઠો છું. સો ટકા મારી જવાબદારી છે. આ જવાબદારી નિભાવીને રહીશ. તેના માટે અમારા ગણતપતભાઇ ઘણુ કહેવાના છે તે કહેશે. સ્માર્ટ વિલેજની ઘણા ચર્ચા કરતા હોય છે. હવે તેની પૂર્ણ તૈયારી થતી જાય છે. બધા લેખાંજોખાં તૈયાર કરીને તેની મિટીંગો થાય છે. તે પહેલાં રાજયના મુખ્યમંત્રીએ વૃંદાવન ગામની એક નવી યોજના દાખલ કરી છે. જેમ અમિતભાઇ કહેતા હતા કે ગામડું ભાંગતુ જાય છે. એ તો તમારા વખતમાં ગામડાં ભાંગી ગયા, તેને બેઠા કર્યા. તેને હવે અમે બેઠા કર્યા છે. આજે સાહેબ રર્બન યોજના છે, ભારતની પેટર્ન મુજબ આજે શ્યામાપ્રસાદ રર્બન મિશન તરીકે ભારત સરકારે એક યોજના દાખલ કરી છે. તેમાંથી ગુજરાતની અંદર નવ પ્રોજેકટ ગામડાંના નક્કી થયા છે. તેમાં નરેન્દ્રભાઇએ વિચાર્યુ છે કે ગામડાંને સક્ષમ બનાવવું છે, ગામડાંને દિશા આપવી છે અને ગામડાંને વિચાર આપવો છે. તે સાથે તેઓ આગળ વધી રહ્યા છે. ગરીબ કલ્યાણ મેળાની ઘણા લોકો ટીકાઓ કરતા હતા. જુદી જુદી રીતે બોલતા હતા. મારે એમ કહેવું છે કે ૧૪૫૩ ગરીબ કલ્યાણ મેળા કર્યા છે. ૨૦ હજારથી વધુ રકમનો ગામડાંમાં ગરીબમાં ગરીબ માણસને હાથોહાથની સહાય આપી છે. હું ગામડાંમાં ગરીબ કલ્યાણ મેળામાં જાઉં છું ત્યારે મારા વહીવટી તંત્રને એમ કહું છું કે, તમને લાભાર્થી શોધવામાં મુશ્કેલી પડે અને કયાંયને કયાંય સાચા લાભાર્થીને શોધવામાં તમારાથી કોઇ ભૂલ થાય અને કોઇ અમીર લાભ લઇ જાય તો અમને વાંધો નથી પણ જો કોઇ ગરીબ આ લાભથી વંચિત રહી જાય તો તેનું અમને દુઃખ છે. ગરીબો માટેની આ સરકાર છે. આપણે ઘણી વખત કહીએ છીએ કે, મનુષ્યનો જન્મ મળવો અને આ ગૃહમાં બેસવું તે નસીબની વાત છે. મોત કોઇના માટે સમયની વાત છે. મૃત્યુ કોઇના માટે સમયની વાત છે. મૃત્યુ પછી આ સમાજ જીવનની અંદર જીવતા રહેવું તે કરેલા કર્મોની વાત છે. તેવા કર્મો કરવા દોરાવવું જોઇએ. તેવી દિશા આપવા માટે આપણે આગળ આવવું જોઇએ. ઘણા લોકોના મનમાં એવું હોય છે કે, આ ચૂંટણી આવે છે એટલે લોકો વચ્ચે જાય છે. ચૂંટણી સિવાય તમે લોકોને યાદ નથી કરતા. ભારતીય જનતા પાર્ટી હોય, તેના મુખ્યમંત્રી હોય, તેના મંત્રી હોય, તેના ધારાસભ્ય કે સંસદસભ્ય હોય, તેના કાર્યકર્તા હોય અમારે ગુજરાતની જનતા માટે કોઇ રાજકીય સંબંધ નથી. અમારે આ ગુજરાતની જનતા માટે પરિવારનો સંબંધ છે. સાડા છ કરોડની જનતા માટે પરિવારનો સંબંધ છે. અમિતભાઇ પ્રધાનમંત્રી આવાસ યોજના,માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાન મંત્રી આવાસ યોજના આપણે બધા લોકો જાણીએ છીએ કે આ દેશના વડા પ્રધાને ૨૦.૧૧.૨૦૧૬ના રોજ આગ્રા ખાતે સમગ્ર દેશમાં લોંચ કરી છે અને અહીંયા કામગીરી ચાલુ કરી છે. અમિતભાઇ એમ કહેતા હતા કે, તમે શૌચાલયમાં જ ધ્યાન આપો છો. સારું એને એવું તો લાગ્યું ને કે શૌચાલયમાં ધ્યાન આપીએ છીએ. પ્રધાન મંત્રી આવાસ યોજનામાં અત્યાર સુધી ૭૦ હજાર રૂપિયા હતા હવે ૧.૨૦ લાખ કર્યા છે. અમિતભાઇ, તમે ચિંતા ન કરો ટૂંક સમયમાં જેમ શૌચાલયનું કામ ઉપડ્યું એવું જ કામ આ ઉપડી રહ્યું છે. ૧.૨૦ લાખ અને ૧૨,૦૦૦ રૂપિયા શૌચાલયના, ૧૬,૨૦૦ રૂપિયા મનરેગામાંથી જેનું મકાન બને એ વ્યક્તિ ઘરે બેઠો

બેઠો પાણી છાંટે, ધૂળ ફેરવે, પાણા આઘા કરે અને ન કરે તો પણ એને ૯૦ દિવસની રોજી લેખે ૧૬,૨૦૦ ચૂકવવાના. માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાન મંત્રી આવાસ યોજના એની અમે ૪૩ ડિઝાઇનો બનાવી છે એ ૪૩ ડિઝાઇનમાંથી ગમે તે ડિઝાઇન બનશે અને એ ડિઝાઇન સાથે આગળ વધી રહ્યા છીએ અને ટૂંક સમયમાં જિલ્લે જિલ્લે એના કાર્યક્રમ કરીને અમે કરવા માગીએ છીએ. જયારે આપણે બધા લોકો વિચારીએ છીએ શોચાલય માટે ત્યારે મારે એમ કહેવું છે કે, અમિતભાઇ, શૌચાલય માટે તમે કાંઇક તો વિચારો, આજે હજુ આપણી બહેન–દીકરીઓને શૌચાલય આપવામાં આપણી સક્ષમતા નથી, હજુ આપણે વિચાર નથી કરતા ત્યારે  મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે પણ ગામડાંમાં આપણી બહેન–દીકરીઓને જેને શૌચક્રિયા કરવા જવું હોય એ રાતના અંધારાની રાહ જોતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ચોક્કસ કહીશ કે, આ દેશના વડા પ્રધાને સમગ્ર દેશમાં ૨.૧૦.૨૦૧૪ના દિવસે અભિયાન ઉપાડીને આખા દેશની અંદર શૌચાલય કરવા માટે ઝૂંબેશ ઉપાડી. મન બનાવો શૌચાલય બનાવો, મન બને તો જ શૌચાલય બને. આજે હું તમને એમ કહી રહ્યો છું કે, આખા દેશમાં ૮૮૬ જિલ્લા છે અને એમાંથી ૧૧૮ જિલ્લા ઓ.ડી.એફ. જાહેર થયા છે એમાંથી ગુજરાતના ૨૬ જિલ્લા છે. માનનીય અમિતભાઇ, તમે જે કહી રહ્યા છોને ત્યારે મારે એમ કહેવું છે કે, ત્રણ વર્ષમાં ૨૮ લાખ શૌચાલય બનાવ્યા અને આજે અમે એમ કહીએ છીએ કે અમારે ૫ થી ૬ લાખ જ શૌચાલય બનાવવાના બાકી છે. પછી જે અમિતભાઇ કહી રહ્યા છેને કે કોઇ જગ્યાએ બાકી છે તો મારે કહેવું છે કે ઓ.ડી.એફ. જાહેર જે અમે કરીએ છીએ એ બહારના દેશના સરવે મુજબ કરીએ છીએ. ત્યાર પછીના જે બનાવવાના છે એના માટે અમારું આખું તંત્ર કામે લાગ્યું છે અને હું તો ધન્યવાદ આપુ અમારા ગ્રામ વિકાસ વિભાગને અને પંચાયત વિભાગને કેમ કે આજે દેશનું મહિલા સરપંચોનું સંમેલન હોય  અને દેશના વડા પ્રધાન ગુજરાત આવતા હોય અને તમામ કાર્યકરો અને દેશના તમામ સરપંચો એક સારો વિચાર લઇને અહીંથી ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, આખા દેશમાં આપણે ચૌદમાં નંબરે હતા આજે શૌચાલયમાં બીજા નંબરે છીએ. ગમે એટલું કામ થાય, ગમે એટલું કરવું પડે પણ ગુજરાતને સુવિધા આપવી છે. જયારે મનરેગાની ઘણા લોકો વાત કરતા હતા અને બે દિવસથી પેપરમાં પણ આવે છે કે, ૧૪૦૦ ગામમાં કામગીરી નથી થઇ. આવો અમારા ભેગા મોરબીના એકેય ગામમાં ન થઇ હોય તો બતાવો મને. તમે એને બીજી રીતે મૂલવો અને એવું ના માનો કે મનરેગાની અંદર રોજગારી નથી આવતી એટલે કામ નબળું છે, આજે ગુજરાતની અંદર રોજગારીને દિશા મળી છે, અનેક ઉદ્યોગોની અંદર રોજગારી મળે છે, અનેક લોકોને રોજગારીમાં ત્યાં વધારે મળે છે એટલે ત્યાં જાય છે, જેના કારણે રોજગારી ઓછી મળતી હોય છે, પણ મારે અમીતભાઇને એમ કહેવું છે કે, ગુજરાતમાં કોઇપણ વ્યક્તિને જેને મનરેગાની અંદર કામ કરવું હોય એના માટે અમારી સો ટકા તૈયારી છે, સાંજે ને સાંજે અમે જોબકાર્ડ આપીને સવારે કામ કરવા લઇ જઇશું અમારી ૧૦૦ ટકા તૈયારી છે. પહેલાં આપણે વિચારીએ, નરેન્દ્રભાઇ દેશના વડાપ્રધાન બન્યા પછી મનરેગાનો રેશિયો જિલ્લાનો રાખવામાં આવ્યો. હવે જિલ્લાનો રેશિયો ગણીએ છીએ. ૬૦ ટકા કૃષિની અંદર કામગીરી કરવા માટે પણ આમાં અમે દાખલ થયા છીએ. હું ચોક્કસ કહીશ વોટરશેડ યોજનાના કારણે આજે ૩૧ લાખ હેક્ટર પિયતનો વિસ્તાર વધ્યો છે. ૪૬૪૬ ગામોની અંદર આ યોજના ચાલુ છે. આ યોજનાના માધ્યમથી સહાય માટે ૧૬૯૦ ખેડૂતોને ૯ કરોડ ૯૫ લાખ આપવામાં આવ્યા છે. આજે હું એમ કહીશ કે ગામમાં રહેતા નાના અને સિમાંત ખેડૂતો અને મહિલા જૂથોને ૨૭ કરોડ રૂપિયાની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. ૩૯૮૬૬ મહિલાઓની વોટરશેડ યોજના સમગ્ર રાજ્યની અંદર ચાલુ છે. એના ૬૧૦ પ્રોજેક્ટો ચાલે છે, યોજનાઓ ચાલે છે. મારે એક બાબત ધ્યાને મૂકવી છે, મારા વિરોધપક્ષના સાથીઓ બેઠાં છે, ઘણી વખત હું પેપરમાં વાંચું છું. જિલ્લા પંચાયતમાં સ્વભંડોળના પૈસા વાપરવામાં પ્રતિબંધ મૂક્યો. કોણ કહે છે? મારો જવાબ છે કે આજે જિલ્લા પંચાયતના સભ્યોને જિલ્લા પંચાયતે જેટલી ગ્રાન્ટ ફાળવવી હોય તેટલી ફાળવે, એની અંદર કામગીરી કરવા માટે કોઇ રોક નથી માત્રને માત્ર સી.સી. રોડ બનાવવા માટે અને સોલાર લાઇટ માટેની બંધી છે. આ બે બંધી કરી એમાં તો હડતાલ ઉપર ઉતરીશું, આંદોલન કરીશું, આ શેના માટે છે? અમીતભાઇ મારે રેકર્ડ સાથે કહેવું છે શક્તિસિંહ અહીંયા નથી, તમે બરોડાની અંદર કોંગ્રેસના સભ્યોને જ ફંડ ફાળવ્યું. ભા.જ.પ. ના સભ્યોને સવા બે કરોડ પૈકી એક રૂપિયો પણ ના આપ્યો. હું રેકર્ડ સાથે બોલી રહ્યો છું. કચ્છની અંદર ભારતીય જનતા પાર્ટીની જિલ્લા પંચાયત છે. ભા.જ.પ.ના તમામ સભ્યોને તેર લાખ રૂપિયા આપ્યા અને કોંગ્રેસના સભ્યોને પંદર લાખ દસ હજાર રૂપિયા આપ્યા છે. આજે પણ એની તપાસ કરી શકો છો. સુરતના ધારાસભ્યો અહીંયા બેઠાં છે, સુરતની અંદર બધા જ સભ્યોને દસ દસ લાખ રૂપિયા આપ્યા છે. કોઇ પક્ષાપક્ષી જિલ્લા પંચાયતની અંદર અમે રાખતા જ નથી. પંચમહાલની  પણ વાત કરતા હતા.  ત્યાં પણ એવું નથી. તમારે દરરોજ આંદોલન કરવું છે. આજે હું ચોક્કસ કહીશ, મને ઘણા લોકો એમ કહે છે કે, આ સ્ટેમ્પ ડ્યૂટીની આવક છે તે સ્વભંડોળની આવક છે. કેવી રીતે છે? કાયદેસર સ્વભંડોળ જિલ્લા પંચાયતની અસ્ક્યામતો છે એની છે. આ તો સ્વભંડોળ નહિ આમાં તો રાજ્ય સરકારનો અધિકાર છે. રાજ્ય સરકાર ધારે ત્યારે સૂચન કરી શકે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જયંતિભાઇ બે મિનિટમાં પૂરું કરો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બાકી બોલવું સહેલું છે કરવુ બહું અઘરું છે. સરકાર બનાવવી સહેલી છે પણ ચલાવવી અઘરી છે અને ૨૦–૨૦ વર્ષ સુધી જે સરકાર ચલાવતા હોય તે ગુજરાતને પરિવાર માને એ તમારું કામ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ઓકટ્રોયનાં વધારા સાથે આગળ વધીએ છીએ અને જે કામગીરી છે તે કામગીરીની અંદર અમે ફરીથી બધા સભ્યોને હું ચોક્કસ કહીશ અહીંયા બેઠેલાં સભ્યોને મારે કહેવું છે કે તમારા ગામમાં, તમારા તાલુકામાં, તમારા જિલ્લામાં જયાં શૌચાલય બનાવવાના બાકી છે તેમાં સો ટકા બધા મદદ કરજો. સારામાં સારું કામ હોય તો શૌચાલય માટેનું કામ છે અને કયાંય અમારું ધ્યાન દોરવા જેવું હોય તો અમારું ધ્યાન દોરજો વિરોધપક્ષના સભ્યોને પણ છૂટ છે અને અત્યાર સુધીમાં મેં ૯ લોકોને સસ્પેન્ડ કરી નાંખ્યા છે અને ૧૮ લોકોની ઇન્કવાયરી ચાલે છે. ખ◌ોટું કરનાર વ્યકિતને કોઇને નહીં છોડું અને આ સરકાર, આ રાજયના મુખ્યમંત્રી પારદર્શક

વહીવટ આપવા માગે છે અને અમારા નીતિનભાઇ અહીંયા બેઠાં છે અમે કિલયર કહીએ છીએ કે અમારે પારદર્શક વહીવટ કરવો છે, કોઇને છોડવા નથી તમે નામ આપજો. ફરીથી આ સન્માનનીય ગૃહને એટલુ તો ચોક્કસ કહીશ કે મારી કાપ દરખાસ્તો જેણે મૂકી હોય તેને એટલી વિનંતી પણ કરીશ કે આ વિભાગ ગરીબો સાથે જોડાયેલો વિભાગ છે, ગરીબોને દિશા આપનારો વિભાગ છે અને એની અંદર કાપ દરખાસ્ત મૂકી છે તો હું વિનંતી કરીશ કે આપ બધા કાપ દરખાસ્ત પાછી ખેંચો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પેલી જાહેર સભાની જેમ બધાને સરસ મજા કરાવી પણ જે મુદ્દા હતા, અમારી જે લાગણી હતી તેનો કયાંય જવાબ ન મળ્યો એવુ લાગ્યું છે ત્યારે મારે પહેલો પ્રશ્ન પૂછવો છે કે પ્રધાન મંત્રી આવાસ યોજનામાં લાભાર્થીની યાદી ૨૦૧૧ના સેન્સસમાંથી લેવામાં આવી છે તેને જિલ્લા કક્ષાએ વેરીફાઇ કરવામાં આવી છે અને લગભગ ૮૦ ટકા લોકો એમાં ડુપ્લીકેશન કાં તો લાભ ના મળી શકે એવા બહાર કાઢવામાં આવ્યાં છે એટલે ૨૦ ટકા જ લાભાર્થી તે યાદીના બાકી રહ્યાં છે. અમારી લાગણી એટલી છે કે ગ્રામ્ય વિસ્તારમાં ૦ થી ૨૦માં હોય એ અને બીજા જે આવાસથી વંચિત ગરીબો છે તેમને માટે કોઇ જાતની સૂચના, પરિપત્ર સરકાર દ્વારા કરવામાં આવેલ નથી તો એક અલગથી પરિપત્ર કરી આવા લોકોને આ પ્રધાન મંત્રી આવાસ યોજનામાં લાભ આપવા માગો છો કે કેમ ? બીજા નંબરે આણંદ જિલ્લા પંચાયત ભવનની વાત કરી ૧૩ કરોડની મંજૂરી મળી હતી, ૯ કરોડ આપવામાં આવ્યાં છે પણ ૪ કરોડ આપવામાં આવતાં નથી જિલ્લા પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી ૫૦ લાખ રૂપિયા આપીને ફર્નિચર બનાવ્યું છે એટલે ઝડપથી ૪ કરોડ આપવા માગો છો કે કેમ ? અને તમારા મંત્રી નરોત્તમકાકાના મૌખિક કહેવાથી એક માળ વધારાનો બની ગયેલો છે તો તેને રીવાઇઝ કરીને વહીવટી મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીએ પૂછયું છે આમાં બીપીએલ યાદી કરતા ૨૦૧૧ની સેન્સેસ યાદી મુજબ સર્વે થાય છે. પણ છતાંય એ જે કહી રહ્યાં છે એનું સ્પષ્ટપણે સૂચન છે કયાંય એવું હશે તો લાગણીથી મોકલે અમે જોઇ લઇશું અને સૂચન તરીકે સ્વીકારીશું. બીજો તેમનો પ્રશ્ન છે કે ૧૩ કરોડ ૯૦ લાખના ખર્ચે ભવન મંજૂર થયુ તેમાં ૪ કરોડ રૂપિયા આપવાના બાકી છે તો એમાં અમારા સચિવશ્રીએ આજે ડીડીઓને કહ્યું છે કે તમે બિલ મોકલો. બિલ વગર નાણાં ચૂકવવા એ બરાબર નથી, તો બિલ મૂકશો તો ચૂકવી દઇશું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, મારા મત વિસ્તારમાં અસંખ્યા ગરીબ લોકો ખાસ કરીને પછાત વર્ગના છે તે લોકોના નામ ગમે તે કારણોસર બીપીએલ યાદીમાં રહી ગયાં છે અને તેના માટે વારંવાર તે લોકો અરજીઓ કરે છે, ફોર્મ ભરે છે, રજૂઆત કરે છે પણ એના માટેની કોઇ કાર્યવાહી થતી નથી એટલા માટે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બીપીએલમાં કોઇ લાભાર્થી અરજી કરે તો એની કેટલા વખતમાં નામ નોંધણીની પ્રક્રિયા પૂરી થાય.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. યાદીમાં ૨૦૧૬માં Diclare થઇ ત્યારે સુપ્રિમ કોર્ટે પહેલી વખત એવો ચૂકાદો આવ્યો છે કે એમાં વધઘટ થઇ શકે છે. માનનીય સભ્યશ્રી જાણે છે કે, તાલુકા પંચાયતમાં સરપંચને તલાટીને અન્યાય થયો હોય તો લખીને આપે પછી તાલુકા પંચાયતમાંથી કોઇ પણ કર્મચારી જઇને એના સ્કેલ ઉપર જોઇને પછી એ નિયામકશ્રી, ગ્રામ વિકાસ એજન્સીને મોકલે છે પછી એજન્સી એને સ્કેન કરવા રાજ્ય સરકારને મોકલે છે પછી એમાંથી જે સ્કેલ એને બી.પી.એલ.માં લાગુ પડે એ એને મળે છે.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧,૨,૩, ૬, ૭, ૯, ૧૦,૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૭૦, ૭૧ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૦૭ કલાકે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તારીખ ૨૧મી માર્ચ ૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૮૧ |
| | અરવલ્લી જિલ્લામાં પોલીસનું મહેકમ | પર |
| | કે.જી. બેઝિનમાંથી ગેસનું ઉત્પાદન | ૧૬૫ |
| | ભીલોડા અને મેઘરજ તાલુકામાં હેન્ડપંપ | ૧૨ |
| | રાજ્ય સરકારને પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનની વેટ અને સેસ ની આવક | ૧૯૩ |
| | રાજ્ય સરકારને ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેંટ ચાર્જ અને સરચાર્જ પેટે આવક બાબત | ૩૪૩ |
| | અરવલ્લી જિલ્લામાં કાંપ કાઢવાની કામગીરી | ૨૫૫ |
| | રાજ્યમાં વીજ ઉત્પાદિત સરકારી એકમો | ૨૯૯ |
| અમિત અ. ચાવડા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૮૧ |
| | સભાગૃહનો સમય લંબાવવા અંગે | ૧૦૮ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ખનિજ ચોરીની ફરિયાદ | ૩૭ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ગૃહ રક્ષક દળ બાબત | ૭૧ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં નવા આરોગ્ય કેન્દ્રો બનાવવાનું આયોજન | ૧૭૪ |
| | આણંદ જિલ્લાનો કિખલોડ–કોસીન્દ્રા માર્ગ | ૧૯૮ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૨૮૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના | ૩૩૦ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યરત આરોગ્ય કેન્દ્રો | ૨૧૨ |
| અમીતભાઈ ચૌધરી | નર્મદા કેનાલ આધારિત પીપજ–ઉનાદ પાઈપલાઈનની કામગીરી | ૨૯૩ |
| | માણસા તાલુકાના તળાવોમાં નર્મદાનું પાણી ભરવા બાબત | ૩૩૭ |
| | માણસા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૧૬૫ |
| અરૂણસિંહ રણા | અંકલેશ્વર તાલુકાના પીરામણ અને ભડકોદ્રા ગામોને જોડતા રસ્તાનું બાંધકામ | ૧૪૫ |
| | રાજ્યની એફ.એસ.એલ.માં નાર્કો એનાલીસીસ | ૪૮ |
| અરવિંદ કુમાર પટેલ | અમદાવાદ અને પાટણ જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૨૮૫ |
| | અમદાવાદ ખાતે ગુજરાત સ્ટેટ જ્યુડિશિયલ એકેડમી મકાનની મંજૂરી | ૬૬ |
| | અમદાવાદની યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ ખાતે ઉપલબ્ધ તબીબી સેવાઓ | ૧૪૬ |
| | આઇ.ટી. ક્ષેત્રમાં યુવા ઉદ્યોગ સાહસિકોને નવી તક | ૩૦ |
| | ખેડબ્રહ્મા મુકામે રેસ્ટ હાઉસ | ૧૮૪ |
| | ટેક્ષટાઈલ પોલીસી અન્વયે અમદાવાદ જિલ્લામાં વ્યાજ સહાય | ૯૧ |
| | નર્મદા યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા લાંબી મુદતની સિંચાઈ ફંડ | ૨૦૪ |
| અરવિંદભાઇ કે. લાડાણી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૯૨ |
| | જુનાગઢ અને અમરેલી જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૩૪૯ |
| | જુનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ | ૧૩૬ |
| | ઉના ખાતે રહેણાંક મકાન | ૬૪ |
| | જૂનાગઢ ખાતે લેબર કોર્ટ બાંધકામની મંજૂરી | ૨૭ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | જુનાગઢ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૫૮ |
| | જૂનાગઢ જિલ્લામાં બિયારણોના નમૂનાઓ | ૩૦૪ |
| | રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર તપાસ એજન્સીને મદદ | ૯૦ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૩૦ |
| | ખેડા જિલ્લામાંથી સરકારને મળેલ વાણિજ્યિક વેરાની રકમ | ૧૭૫ |
| | ગોધરા સબ જેલમાં યોગ દિવસ | ૮૪ |
| | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના | ૩૫૦ |
| | પંચમહાલ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ બાબત | ૩૦૫ |
| | પંચમહાલ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૫૯ |
| | પંચમહાલ જિલ્લામાં ગૌણ ખનિજની આવક | ૧૭ |
| | રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક | ૧૯૮ |
| | પંચમહાલ જિલ્લા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા | ૫૭ |
| અશ્વિન કોટવાલ | તાપી અને સાબરકાંઠા જિલ્લામાં ભૂસ્તરશાસ્ત્રી વિરૂધ્ધ ગેરરીતિની ફરિયાદ | ૪૩ |
| | સાબરકાંઠા જિલ્લાનો પોશીનાથી કલછાવાડ ગૌરીકુલોનો રસ્તો | ૧૬૨ |
| | સાબરકાઠાં અને અરવલ્લી જિલ્લામાં પોલીસ ઓડર્લી દ્વારા ફરીયાદ | ૭૪ |
| | સાબરકાંઠા જિલ્લાના વણજ ડેમના અસરગ્રસ્તોની પુનઃવસવાટ | ૨૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં જાતીય ગર્ભ પરિક્ષણ | ૧૯૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૩૨૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એમ.બી.બી.એસ. ડૉકટરોની ઘટ | ૨૦૯ |
| | સાબરકાઠાં જિલ્લામાં રેતીના લીઝ ધારકો | ૯૬ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચેકડેમો બનાવવા બાબત | ૩૬૫ |
| અશોકકુમાર પટેલ | કલોલ ખાતે રહેણાંક મકાન | ૫૪ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ | ૩૬૦ |
| | ગાંધીનગર જિલ્લામાં ટેકનીકલ ટેક્ષટાઇલ ક્ષેત્રની અરજી | ૧૪ |
| | ગાંધીનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય | 317 |
| | ગાંધીનગર જિલ્લામાં બિયારણના નમૂનાઓ | 270 |
| | પાલનપુર જેલમાં યોગ દિવસ | ૮૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ | ૧૫૫ |
| આનંદભાઈ ચૌધરી | પોરબંદરમાં સ્પ્લીટ ફ્લાઈ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી | ૧૭૨ |
| ઇન્દ્રનીલભાઇ રાજ્યગુરૂ | રાજકોટ શહેર/જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૫ |
| | રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મહેકમ. | ૧૩૪ |
| | રાજકોટ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી. | ૫૧ |
| | રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિને મળેલ રકમ | ૧૮૧ |
| ઈશ્વરભાઇ પટેલ | વલસાડ જિલ્લામાં નદીઓને જોડી લીંક બનાવવાની કાર્યવાહી | ૩૩૭ |
| | વલસાડ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ | ૨૧૩ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ધરમપુર અને કપરાડા તાલુકામાં પાણી પુરવઠા યોજના | ૫૦ |
| | વલસાડ જિલ્લામાં તૂટી ગયેલ ચેકડેમો | ૨૯૨ |
| | વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૨૦૩ |
| | વલસાડ તાલુકામાં જુલવણ ખાડી ઉપરના કોઝવે પર સ્લેબ બનાવવા બાબત | ૧૮૧ |
| ઈશ્વરભાઈ પરમાર | સુરત અને ભરૂચ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૩૨૭ |
| | રાજ્યની એફ.એસ.એલ.માં ધુંધળા સીસીટીવી ફૂટેજ સામે સવલત | ૭૭ |
| | સુરત જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખનનના કેસ | ૪૮ |
| | સુરત જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય | ૨૮૧ |
| ઋષિકેશ ગ. પટેલ | સેવાસેતુ અંતર્ગત યોજાતા લોકપયોગી કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવા બાબત. | ૧૩૦ |
| | મહેસાણા અને રાજકોટ જીલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૩૫૫ |
| | મહેસાણા જિલ્લા જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ | ૯૭ |
| | મહેસાણા જિલ્લામાં આદુંદરાથી ખેરવા પાઈપલાઈનથી તળાવો ભરવાનું આયોજન | ૨૬૪ |
| | મહેસાણા જિલ્લામાં મોટા ચેકડેમ બનાવવાની મંજુરી | ૩૧૨ |
| | મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૨૦૦ |
| | મહેસાણા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની આવક | ૧૭૮ |
| | વિસનગર ખાતે રહેણાંક મકાન | ૪૯ |
| કેતનભાઇ ઇનામદાર | વડોદરા મધ્યસ્થ જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિ | ૯૭ |
| | વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય | ૨૫૭ |
| | છોટાઉદેપુર જિલ્લા અદાલત/સંલગ્ન કોર્ટ સ્થાપવા મંજુરી | ૭૮ |
